


લેખક અને સંપાદક બ્ર. હરિલાલ જૈન * * * સોનગઢ.

SHRI DIGAMBER JA...
...MANDAL BOM...
...DEVI R...
BOMBAY - 400 00...


SHRI DIGAMBER JAIN
MUMUKSHU MANDAL BOMBAY
173-175, MUMBADEVI ROAD,
BOMBAY - 400 002.

સિદ્ધક્ષેત્ર તીર્થ પરમ હૈ ઉત્કૃષ્ટ સુસ્થાન
શિખર સંમેદ સદા નમોં હોય પાપકી હાન.
અગણિત મુનિ જહાંતેં ગયે લોકશિખરકે તીર
તાકે પદપંકજ નમોં નાશે ભવકી પીડ.

## મંગલ

# તીર્થયાત્રા


વીર સં. ૨૪૮૩ (વિક્રમ સં. ૨૦૧૩)માં પૂ. શ્રી કાનજીસ્વામીએ સવાપાંચસો જેટલા યાત્રિકોના વિશાળ સંઘસહિત કરેલી સમ્મેદશિખરજી વગેરે તીર્થધામોની મંગલ યાત્રાનાં ઉર્મિભર્યાં સંસ્મરણો




પ્રકાશક

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ

ભગવાન શ્રી કુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા પુષ્પ : ૮૯



" सिद्धक्षेत्रे महातीर्थे पुराणपुरुषाश्रिते ।
कल्याणकलिते पुण्ये ध्यान-सिद्धि प्रजायते ॥ "

વીર સં. ૨૪૮૯ ઈ. સ. ૧૯૬૩ Nov. વિ. સં. ૨૦૧૯

: પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦

લેખકઃ-
બ્ર. હરિલાલ જૈન-સોનગઢ

કિંમત આઠ રૂપીઆ

મુદ્રક
હરિલાલ દેવચંદ શેઠ
આનંદ પ્રિ. પ્રેસ ભાવનગર



ૐ

સ્વાલંબી ઉપયોગરૂપ સ્વરૂપને સાધીને
જે ક્ષેત્રથી સિદ્ધ થયા તે જ ક્ષેત્ર
સમશ્રેણીએ ઊર્ધ્વ સિદ્ધપણે બિરાજે છે,
તેના સ્મરણના કારણરૂપ
આ તીર્થો નિમિત્ત છે.

## પ્રા....ર્થ....ના

ચંદ્ર કિરણ સમ શીતલ આ,
પામી પ્રભુ તુજ ચરણને,
શાંત ઊર્મિ ઉલ્લસે
તારા ચરણ પ્રસાદથી......
મારું જીવન તુજ છાયમાં
તલસી રહ્યું નિજાત્મને;
નોબત મંગલ ધર્મની
જયનાદથી ગૂંજી રહે......
યત્ન છે દિનરાત જે
હો સફલ તુજ આશીષથી,
ફરી ફરી કરું છું પ્રાર્થના
હરિ હાથ ઝાલી તારવા.




જેમના મહાન પ્રતાપથી હજારો યાત્રિકોને સમ્મેદશિખરજી જેવા પાવન તીર્થોની મહાન પ્રભાવશાળી યાત્રા થઈ, જેમના મંગલ ઉપદેશથી હજારો જિજ્ઞાસુઓ આત્મહિત સાધવા જાગૃત થયા...જેમની મંગલ ચરણછાયામાં આ પુસ્તકની રચના થઈ...જેમના મંગલ આશીર્વાદથી આત્મિકસિદ્ધિના માર્ગ પ્રત્યે આત્મા ઉલ્લાસિત થયો... અને જેમનો મહાન ઉપકાર ભવોભવમાં નહિ ભૂલાય...

એવા પરમકૃપાળુ ગુરુદેવના પાવન ચરણકમળમાં
આ 'મંગલતીર્થયાત્રા'ના પ્રકાશન પ્રસંગે
હૃદયોર્મિથી નમસ્કાર કરું છું.

ઉર્મિભર્યા અંતરે...કરું છું અર્પણ માત!
સ્વીકારી આશીષ દે...પુત્ર થાય ભવપાર.



આ અશરણ સંસારમાં મને માત્ર અઢી વર્ષનો મુકીને જે સ્વર્ગમાં ચાલી ગઇ, અને પછી ત્રીસ વર્ષે એક શુભ સ્વપ્ન દ્વારા દર્શન દઇને જે ધર્માત્મા-સંતોની સેવાનો ઉત્તમ આદેશ આપી ગઈ એવી મારી સ્વર્ગસ્થ માતાને યાદ કરીને ઉર્મિભર્યા હૃદયે આ પુસ્તક સમર્પણ કરું છું.

હે માતા! તું જ્યાં હો ત્યાંથી જરૂર મંગલ તીર્થયાત્રા કરજે.

—તારો પુત્ર.

# પ્રકાશકીય

સં. ૨૦૧૩માં પૂ. ગુરુદેવે વિશાળ સંઘસહિત ભારતના મુખ્ય તીર્થોની જે મહાન યાત્રા કરી તે યાત્રામહોત્સવ અનેરો હતો. એ યાત્રાના મધુર સંભારણાં આ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે તે આનંદનો વિષય છે. એ યાત્રા વખતે ગુરુદેવની સાથે આવવાનું સદ્દભાગ્ય મને નહોતું મળ્યું, પણ એ તીર્થયાત્રાના મધુર-સંભારણાં સાંભળીને એવી ઝંખના થાય છે કે હવે ફરીને ગુરુદેવ એ મહાન તીર્થોની યાત્રાએ પધારે....ને તેઓશ્રીની સાથે પાવન તીર્થોની યાત્રાનો મહાન લાભ મળે. ખરેખર જ્ઞાનીસન્તની સાથે યાત્રા કરતાં ઠેર ઠેર તીર્થનો ખરો મહિમા સમજાય છે, ને જાણે ત્યાંથી સિદ્ધિ પામેલા સાધકજીવોનું આદર્શ જીવન નજરસમક્ષ તરવરે છે;–એ રીતે સિદ્ધદશા પ્રત્યે ને સાધકદશા પ્રત્યે કોઈ અનેરી ઉર્મિ જાગે છે. આવી તીર્થયાત્રામાં જાગેલી ઉર્મિ જીવનમાં ભૂલાતી નથી. આ પુસ્તકમાં તીર્થોનો ઇતિહાસ અને મહિમા, ઠેરઠેર યાત્રામાં તીર્થોપ્રત્યે ગુરુદેવના ઉલ્લાસભર્યા ઉદ્દગારો, તેમજ બેનશ્રી-બેનની ભાવભીની ભક્તિના પ્રસંગો વાંચીને મુમુક્ષુહૃદયમાં તીર્થો પ્રત્યે અનેરું બહુમાન જાગે છે. ખરેખર ગુરુદેવનો મહાન ઉપકાર છે કે આવા તીર્થોનું અને ત્યાંથી સિદ્ધિ પામેલા જીવોનું સ્વરૂપ ઓળખાવીને આવી મહાન તીર્થયાત્રા તેઓશ્રીએ કરાવી છે. આવો મહાન પ્રભાવશાળી યાત્રાસંઘ એ ઇતિહાસમાં વિરલ છે. આવો જ બીજો મહાન યાત્રાસંઘ (સં. ૨૦૧૫ માં) દક્ષિણદેશના તીર્થો બાહુબલી ભગવાન વગેરેની યાત્રાનો પણ નીકળ્યો હતો. શક્ય હશે તો તેનાં સંસ્મરણો પણ તુરતમાં પ્રસિદ્ધ થશે.


આ યાત્રાસંઘમાં ગુરુદેવની સાથે જ રહીને માનનીય ભાઈશ્રી રામજીભાઈએ યાત્રાસંઘનું અધ્યક્ષપદ શોભાવ્યું હતું, તેમજ યાત્રાસંઘને કિંમતી દોરવણી આપી હતી; તથા ભાઈશ્રી નેમિચંદજી પાટની, ચીમનલાલ ઠાકરશી મોદી, હિંમતલાલ છોટાલાલ શાહ, મલુકચંદ છોટાલાલ શાહ વગેરે અનેક ભાઈઓએ જે કિંમતી સેવાઓ આપી હતી, તે સૌનો સંસ્થા આભાર માને છે.

બ્ર. ભાઈશ્રી હરિલાલ જૈન જેઓ વીસ વર્ષથી પૂ. ગુરુદેવની છાયામાં રહે છે ને આ સંસ્થાના સાહિત્ય પ્રકાશનમાં જેમનો મહત્ત્વનો ફાળો છે, તેમણે ખૂબજ પરિશ્રમપૂર્વક ભક્તિભાવથી આ સુશોભિત પુસ્તક તૈયાર કરી આપ્યું છે તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે. આ ઉપરાંત આ પુસ્તકના પ્રકાશન કાર્યમાં ખાસ મદદ કરનાર ભાઈશ્રી મનસુખલાલ છગનલાલ દેસાઈનો, તેમજ ચીવટપૂર્વક સુંદર પ્રીન્ટિંગ કરી આપવા બદલ આનંદ પ્રીન્ટિંગ પ્રેસનો પણ આ સંસ્થા આભાર માને છે.

અંતમાં ગુરુદેવે જે રીતે આ પાવન તીર્થોની યાત્રા કરાવી તે જ રીતે રત્નત્રયરૂપ ભાવતીર્થની પણ મંગલ યાત્રા કરાવીને આપણને આ ભવસમુદ્રથી તારે એવી પ્રાર્થના કરું છું.

તા. ૪-૧૧-૬૩
સોનગઢ

**નવનીતલાલ સી. ઝવેરી** (જે. પી.)
—પ્રમુખ
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ (સોનગઢ)





# નિ...વે...દ...ન

**મંગલરૂપ અનંત સિદ્ધ, સિદ્ધિનાં સહુ ધામ,**
**સિદ્ધિસાધક સન્તને પુનિપુનિ કરું પ્રણામ.**

આત્માનું અંતિમધ્યેય જે સિદ્ધપદ તેને અનંત જીવો પ્રાપ્ત કરી ચૂકયા છે; જે સ્થાનથી જીવો સિદ્ધપદ પામ્યા અને જે સ્થાનમાં સિદ્ધપદસાધક સન્તો વિચર્યા તે સ્થાન સિદ્ધિધામ અથવા તીર્થધામ છે. સમ્મેદશિખરજી મહાતીર્થ એ ભારતનું શાશ્વત સિદ્ધિધામ છે; અનંત તીર્થંકરો ત્યાંથી મુક્તિ પામ્યા છે ને પામશે. સિદ્ધપદપ્રાપ્તિની ભાવનાવાળા જીવોને સિદ્ધિધામની યાત્રાનો ભાવ પણ જાગે છે. પરમ પૂજ્ય ગુરુદેવ જેમ આપણને સિદ્ધિનો માર્ગ દર્શાવે છે તેમ સમ્મેદશિખરજી શાશ્વતસિદ્ધિધામ પણ દેખાડો–એવી ઘણા ભક્તોની ભાવના હતી. એ ભાવના સં. ૨૦૧૩ માં પૂરી થઈ....ને ગુરુદેવ સાથે તીર્થયાત્રાનો એક ભવ્ય ઇતિહાસ રચાયો. આમ તો જ્યારથી શિખરજી મહાતીર્થના દર્શન થયા ત્યારથી જ અતિશય ભક્તિને લીધે હૃદયમાં એવી ઉર્મિ જાગેલી કે આ પૂજ્ય અને પવિત્ર મહા તીર્થના મહિમા સંબંધમાં કાંઇક સાહિત્ય રચાય તો સારૂં ! તેનું કેટલુંક વર્ણન લખેલું; એવામાં પૂ. ગુરુદેવ સાથેની આ મંગલ તીર્થયાત્રાનો મહાન સુયોગ બન્યો, ને તેના અનુસંધાનમાં શિખરજી વગેરે તીર્થોના તથા ત્યાં વિચરેલા આરાધક સંતોના મહિમાને પ્રસિદ્ધ કરતું આ પુસ્તક તૈયાર થયું. આ પુસ્તક તીર્થો પ્રત્યેની અને આરાધક સન્તો પ્રત્યેની પરમ ભક્તિની ઉર્મિઓથી રચાયેલું છે—એટલે એ જ આ પુસ્તકનો મુખ્ય વિષય છે.

ગુરુદેવ સાથે અવનવા તીર્થોની યાત્રા કરતાં ભક્તોને જે આનંદોલ્લાસ થયો, અને એ તીર્થોમાં વિચરતાં ગુરુદેવનેય જે પ્રસન્નતા થઇ તેનો કંઇક આછો ખ્યાલ આ પુસ્તકદ્વારા

આવી શકશે. – બાકી એ પ્રસંગનું પૂરું વર્ણન તો લખાણમાં કેમ આવે ? –આ મંદબુદ્ધિ બાળકમાં એટલી શક્તિ પણ ક્યાં છે ? છતાં, મારા જીવનમાં સૌથી વધુ ઉર્મિભર્યું–ભાવનાભર્યું–ભક્તિભર્યું આ સાહિત્ય છે. અહા, ગુરુદેવ સાથે છ–છ માસ સુધી તીર્થભક્તિનો એ કોઈ અનેરો મહોત્સવ હતો....લેખન વખતે જાણે કે તે–તે તીર્થમાં જ વિચરતા હોઈએ –એવી ઉર્મિ જાગતી. આ પુસ્તક ગુરુદેવ સાથેની યાત્રાના મહાન આનંદને ફરીફરી તાજો કરવામાં સહાયરૂપ થશે અને જેઓ એ લાભ નહિ લઇ શક્યા હોય તેમને એ તીર્થોની યાત્રા કરવાનો ઉત્સાહ જગાડશે. આ યાત્રામહોત્સવની છ હજાર ફૂટ લાંબી ફિલ્મ જોતાં જાણે ફરીને એ તીર્થયાત્રા કરતા હોઈએ–એવો આનંદ થાય છે.

આ યાદગાર યાત્રામહોત્સવમાં ગુરુદેવના સાથને લીધે અને તીર્થોમાં તેમના ભાવભર્યા ઉદ્‌ગારોને લીધે જે આનંદ આવ્યો, ને યાત્રાપ્રસંગમાં ઠેરઠેર પૂ. બેનશ્રી–બેને હૈયાનાં કપાટ ખોલીખોલીને જે ભક્તિરસ રેલાવ્યો, સંઘને સર્વ પ્રકારની દોરવણી આપી તે બદલ બધાય યાત્રિકો અંતરની ભક્તિભરી ઉર્મિથી તેઓશ્રીઓ ઉપકાર માને છે. ગામેગામના જૈનસમાજે સંઘની વ્યવસ્થામાં સાથ આપીને જે હાર્દિક વાત્સલ્ય બતાવ્યું તે કદી ભૂલાય તેમ નથી. યાત્રાસંઘમાં અધ્યક્ષ તરીકે મુરબ્બી શ્રી રામજીભાઇએ, મુખ્યમંત્રી તરીકે ભાઇશ્રી નેમિચંદજી પાટનીએ, સેક્રેટરીઓ તરીકે ભાઈશ્રી હિંમતલાલ છોટાલાલ તથા ભાઈશ્રી ચીમનલાલ ઠાકરશીએ, સંઘની ભોજનસંબંધી વ્યવસ્થા વગેરે માટે ભાઈશ્રી મલુકચંદ છોટાલાલે, અનેકવિધ પૂર્વતૈયારીઓમાં ભાઈશ્રી અમૃતલાલ નરસીભાઈ શેઠે, અનેકવિધ સલાહસૂચનોમાં ભાઈશ્રી વૃજલાલ જેઠાલાલ શાહે તથા ભાઇશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે–તેમજ બીજા અનેક મહાનુભાવોએ યાત્રાસંઘના અનેકવિધ કાર્યોમાં કિંમતી સહકાર આપીને સંઘને શોભાવ્યો છે, તે બદલ યાત્રાસંઘ તે સર્વેનો ખૂબ જ આભારી છે.

જેમની મંગલછાયામાં આ પુસ્તક તૈયાર થયું છે એવા પૂ. ગુરુદેવનો, માત્ર આ પુસ્તકની રચનામાં જ નહિ પણ મારા સમગ્ર જીવનમાં જે અચિંત્ય ઉપકાર છે, અને તે ઉપકારના સ્મરણથી અંતરમાં જે ઉર્મિ વેદાય છે તે અહીં વ્યક્ત કરવાનું અશક્ય છે. અહા, ગુરુદેવ ! આપના પ્રસાદથી જ આ બાળકનું જીવન હિતપંથમાં જોડાયું છે ને આપના પ્રતાપથી જ જીવનમાં આવી તીર્થયાત્રા વગેરેના મંગલપ્રસંગો પ્રાપ્ત થયા છે. આપનો ઉપકાર જીવનમાં ને ભવોભવમાં કદી નહિ ભૂલાય.

આ પુસ્તક તૈયાર થવામાં પહેલેથી છેલ્લે સુધીના બધા કાર્યોમાં ભાઈશ્રી મનસુખલાલ છગનલાલ દેસાઈની અનેકવિધ કિંમતી મદદ છે, તે ઉપરાંત ભાવનગરના આનંદપ્રેસના

ભાઈશ્રી અનુભાઈ, હસુભાઈ અને સ્ટાફે આ પુસ્તકના છાપકામમાં અનેક સુવિધા આપી છે, તથા ઉત્સાહપૂર્વક આ પુસ્તકને શોભાવ્યું છે, રાજકોટના ફૂલછાબ કાર્યાલયે બ્લોકસ તરત જ બનાવી આપ્યા છે, ભાવનગરના પેઈન્ટર ગોહિલે મનપસંદ ચિત્રો કરી આપ્યા છે, મુંબઈના ફોટોગ્રાફર પુનમ શેઠ તરફથી ફોટાઓ માટે સહકાર મળ્યો છે, એ સિવાય અનેક યાત્રિકોની નોંધપોથી તથા ફોટાઓ આ પુસ્તક માટે ખૂબ ઉપયોગી થયા છે,–તે સૌનો, અને બીજા જેમની સહાય હોય તે સૌનો હાર્દિક આભાર માનું છું.

મારા પૂજ્ય ધર્મમાતાઓ—પૂ. બેનશ્રી ચંપાબેન અને પૂ. બેન શાન્તાબેન—એ બંનેના વાત્સલ્યભરેલા અચિંત્ય ઉપકારોનું સ્મરણ થતાં હૃદય ભક્તિથી ગદ્‌ગદ થઈ જાય છે; આ બાળકના જીવનમાં તેઓશ્રીના અપાર ઉપકારોનું કઈ રીતે વર્ણન કરું ! ને કઈ રીતે એનો બદલો વાળું ! અહીં માત્ર ભક્તિભરી ઊર્મિથી તેનું સ્મરણ કરીને જ સંતોષ માનું છું.

મારા હૃદયમાં રહેલી તીર્થો અને સંતો પ્રત્યેની ભક્તિ—જો કે તેમાં અનેકપ્રકારની ક્ષતિ છે તોપણ-તે ભક્તિથી મારા દોષો નષ્ટ થાય ને સમ્યક્‌માર્ગની પવિત્ર આરાધનામાં મારો આત્મા જોડાય એવી ભાવનાપૂર્વક, દેવ–ગુરુ–તીર્થોને નમસ્કાર કરીને, અને આ પુસ્તકના લેખન-પ્રકાશન સંબંધી કાર્યોમાં મારાથી જે કાંઈ ભૂલ થઈ હોય તે બદલ વિનમ્રભાવે ક્ષમાયાચના કરીને નિવેદન સમાપ્ત કરું છું.

વીર સં. ૨૪૮૯ દ્વિ. આસો વદ ૪
તા. ૪–૧૧–૬૩
**સોનગઢ**

—**બ્ર. હરિલાલ જૈન**

---

આ પુસ્તકની મદદમાં નીચે મુજબ રકમો આવેલ છે તેની અહીં સાભાર નોંધ લઈએ છીએ—

૨૫૦૧) સરદાર–શહેરના શ્રી દીપચંદજી શેઠિયા તરફથી સ્વાધ્યાય મંદિરના જ્ઞાનખાતામાં વીતરાગધર્મના પ્રચારાર્થે જે રકમ આવેલી તેમાંથી રૂા. ૨૫૦૧) આ પુસ્તમાં લેવામાં આવ્યા છે.

૨૦૧) શ્રી હેમકુંવરબેન નરભેરામ કામાણી– જમશેદપુર

૧૦૧) શ્રી નિર્મળાબેન હરિલાલ ભાયાણી – ભાવનગર

૧૦૧) શ્રી વૃજલાલ ફૂલચંદ ભાયાણી – મુંબઈ

૨૫) શ્રી ચંદજી પૂજારી (તેમના માતુશ્રીના સ્મરણાર્થે)–સોનગઢ

આ સિવાયની બીજી રકમોની યાદી પૃ. ૭૮–૭૯ની વચ્ચે આપી છે.

# સૂ....ચી.... પ....ત્ર....ક


| સ્થા...ન | પૃ....ષ્ઠ |
| --- | --- |
| મંગલ પ્રસ્થાન .... ... ... | ૧-૪ |
| સોનગઢથી....મુંબઈ ... .... | ૪-૨૪ |
| [વલ્લભીપુર, બરવાળા, ખંભાત, વડવા, આગાસ, વડોદરા, પાલેજ-પ્રતિષ્ઠા, સજોદ, અંકલેશ્વર, સુરત, ભીમડી, શિવ થઈને મુંબઈપ્રવેશ....] | |
| મુંબઈ નગરીમાં .... .... ... | ૨૪-૨૮ |
| મુંબઈથી મંગલ પ્રસ્થાન ... .... | ૨૯-૩૨ |
| ભીમંડી શહેર .... ... .... | -૩૩ |
| ગજપંથા સિદ્ધક્ષેત્ર .... .... | ૩૪-૩૯ |
| માંગીતુંગી-સિદ્ધક્ષેત્ર .... .... | ૪૦-૫૨ |
| રાવલગાંવ, ઇલોરાની ગૂફા, માલેગાંવ .... | ૫૨ |
| ધૂલીઆ શહેર .... .... .... | ૫૩-૫૪ |
| બડવાની-સિદ્ધક્ષેત્ર (બાવનગજા, ચૂલગિરિ) | ૫૫-૬૮ |
| પાવાગીર-ઉન સિદ્ધક્ષેત્ર .... ... | ૬૯-૭૭ |
| ખંડવા શહેર .... ... ... | ૭૮-૮૧ |
| સનાવદ .... .... .... .... | ૮૧-૮૩ |
| સિદ્ધવરકૂટ (નૌકાવિહાર) ... .... | ૮૪-૯૦ |
| સિદ્ધવરકૂટ-સિદ્ધક્ષેત્ર (યાત્રા) .... .... | ૯૧-૧૦૬ |
| ઇન્દોર શહેર .... .... ... | ૧૦૭-૧૨૬ |
| ઉજ્જૈન શહેર .... .... .... | ૧૨૭-૧૨૯ |
| મક્ષી-પાર્શ્વનાથ, સારંગપુર, બ્યાવરા, રાઘવગઢ | ૧૩૦-૧૩૧ |
| સોનકચ્છ, ભોપાલ શહેર .... .... | ૧૩૨-૧૩૪ |
| કુરાના, નરસિંહગઢ, બ્યાવરા, રાઘવગઢ | ૧૩૪-૧૩૫ |
| ગુના શહેર (બજરંગઢ) .... .... | ૧૩૬-૧૩૮ |




| સ્થા...ન | પૃ...ષ્ઠ |
|---|---|
| બદરવાસ, કોલારસ સેસઈ, શિવપુરી | ૧૩૮ |
| ઝાંસી નગરી .... .... ... | ૧૩૯ |
| થુબોનજી, ચંદેરી, દેવગઢ .... .... | ૧૪૦–૧૪૨ |
| બબીના, તાલહબેટ, લલિતપુર ... | ૧૪૨–૧૪૩ |
| સોનાગિરિ સિદ્ધક્ષેત્ર .... ... .... | ૧૪૪–૧૫૮ |
| ગ્વાલીઅર–લશ્કર .... .... .... | ૧૫૯–૧૬૨ |
| ધોળપુર .... .... .... | ૧૬૩ |
| આગ્રા શહેર .... ... .... | ૧૬૪–૧૬૮ |
| શૌરીપુર તીર્થધામ ( બટેશ્વર ) ... | ૧૬૯–૧૭૫ |
| મથુરા સિદ્ધક્ષેત્ર ... ... ... | ૧૭૬–૧૮૫ |
| ફિરોઝાબાદ .... .... ... | ૧૮૬–૧૯૧ |
| મૈનપુરી .... ... ... | ૧૯૨–૧૯૪ |
| કાનપુર .... ... .... | ૧૯૫ |
| લખનો શહેર .... .... .... | ૧૯૬–૧૯૮ |
| રત્નપુરી તીર્થધામ .... ... .... | ૧૯૯–૨૦૧ |
| અનંતા તીર્થંકરોની શાશ્વત જન્મભૂમિ | |
| અયોધ્યાપુરી ... ... ... | ૨૦૨–૨૨૦ |
| બનારસ (કાશી) તીર્થધામ ... ... | ૨૨૧–૨૩૯ |
| ચંદ્રપુરી તીર્થધામ .... ... ... | ૨૨૪–૨૨૫ |
| સિંહપુરી તીર્થધામ .... .... | ૨૨૬–૨૨૮ |
| ડાલમીઆનગર .... .... ... | ૨૪૦–૨૪૫ |
| આરાનગર ( જૈનપુરી ) .... .... | ૨૪૬–૨૫૧ |
| પટના શહેર સિદ્ધક્ષેત્ર ... ... | ૨૫૨–૨૫૬ |
| રાજગૃહીનગરી ... ... ... | ૨૫૭–૨૮૧ |
| કુંડલપુર–નાલંદા ... ... .... | ૨૮૨–૨૮૩ |
| પાવાપુરી સિદ્ધિધામ .... .... | ૨૮૪–૨૯૯ |
| ગૌતમધામ ગુણાવા સિદ્ધક્ષેત્ર ... | ૩૦૦–૩૦૨ |
| ગયા શહેર ... ... ... | ૩૦૩–૩૦૫ |
| સમ્મેદશિખરજી ધામમાં .... ... | ૩૦૬–૩૯૬ |







| સ્થા...ન | પૃ...ષ્ઠ |
|---|---|
| સમ્મેદશિખર શાશ્વત સિદ્ધિધામની **મંગલ તીર્થયાત્રા** (ફા. સુ. ૭) ... | ૩૨૧–૩૭૯ |
| **ચંપાપુરી—મંદારગિરિ તીર્થધામ** ... | ૩૮૦–૩૮૫ |
| શિખરજીની છાયા મધુવનમાં .... | ૩૮૬–૩૯૧ |
| ઋજુવાલિકાને તીરે .... ... ... | ૩૯૨–૩૯૩ |
| પ્રસ્થાન અને પ્રાર્થના ... ... | ૩૯૪–૩૯૫ |
| જમશેદપુર .... .... ... | ૩૯૬ |
| ઝરીઆ તથા ધનબાદ .... .... | ૩૯૭ |
| કલકત્તા શહેર .... ... .... | ૩૯૮–૪૦૧ |
| ખંડગિરિ–ઉદયગિરિ તીર્થની યાત્રા ... | ૪૦૨–૪૦૮ |
| કલકત્તાની રથયાત્રા .... ... | ૪૦૯–૪૧૨ |
| મંગલ યાત્રાના મધુર સંભારણા ... | ૪૧૩–૪૧૪ |
| કલકત્તાથી દિલ્હી તરફ .... ... (ચોપારન, ડાલમીઆનગર, બનારસ, અલ્લાહાબાદ, કાનપુર, ફૂરાવલી, એટા) | ૪૧૫–૪૧૭ |
| હસ્તિનાપુર તીર્થધામની યાત્રા .... | ૪૧૭–૪૧૯ |
| દિલ્હી શહેર .... .... .... | ૪૧૯–૪૨૦ |
| સહરાનપુર (ખતૌલી) ... .... | ૪૨૧–૪૨૨ |
| અલ્વર, આમેર ... .... | ૪૨૨ |
| જયપુર ... .... | ૪૨૩–૪૨૫ |
| અલીગઢ–ટોંક ... ... | ૪૨૬ |
| અજમેર ... ... | ૪૨૬–૪૩૦ |
| લાડનૂ, સુજાનગઢ, કૂચામન ... .... | ૪૩૦–૪૩૧ |
| કિસનગઢ, બ્યાવર, શિવગંજ, જાવાલ .... | ૪૩૧–૪૩૨ |
| આબુ ... ... ... | ૪૩૨–૪૩૩ |
| જાવાલ (પુનરાગમન) ... ... | ૪૩૩–૪૩૫ |
| તારંગા–સિદ્ધિધામ .... ... | ૪૩૬–૪૪૧ |
| અમદાવાદ .... .... .... | ૪૪૧–૪૪૩ |
| સોનગઢ .... .... ... | ૪૪૩–૪૪૪ |
| મંગલતીર્થયાત્રાનો ઉપસંહાર .... | ૪૪૫–૪૪૮ |








## 卐 મંગલ–પ્રસ્થાન 卐

'સ....મ્મે....દ....શિ....ખ....ર !' જેનાં દર્શન કરતાં અનંત સિદ્ધભગવંતોનું સ્મરણ થાય....ને સિદ્ધપદને સાધનારા તીર્થંકરો અને સંતોનો સમૂહ સ્મૃતિસમક્ષ તરવરતો થકો આપણને મોક્ષમાર્ગની પ્રેરણા જગાડે.... એવા એ સિદ્ધિધામની યાત્રા તે મુમુક્ષુજીવનનો એક આનંદપ્રસંગ છે. રત્નત્રયતીર્થપ્રવર્તક તીર્થંકરો અને તેને સાધનારા સંતો જે ભૂમિમાં વિચર્યા....ને એ તીર્થસ્વરૂપ સંતોના પવિત્ર ચરણના પ્રતાપે જે ભૂમિનો રજકણે રજકણ પાવનતીર્થ તરીકે પૂજ્ય બન્યો....એવી ભારતની આ શાશ્વત તીર્થભૂમિની મંગલયાત્રા કરવા માટે ઘણા ભક્તોના હૃદય તલસી રહ્યા હતા....જ્યાંથી માત્ર આ ચોવીસીમાં ૨૦ તીર્થંકરો અને ૧૬૪૮,૦૦૦૧૨૩૧૭૧૭૩૪૭૫ મુનિવરો મોક્ષ પામ્યા તે મોક્ષભૂમિમાં ગુરુદેવ સાથે વિચરવા સૌ ઉત્સુક હતા, ને અવારનવાર વિનતિ કરતા કે 'હે ગુરુદેવ ! જેમ આપ સિદ્ધિનો માર્ગ દર્શાવો છો તેમ એ સિદ્ધિનું ધામ પણ દેખાડો....'




ગુરુદેવના અંતરમાં પણ એ સમ્મેદશિખરજી તીર્થધામને ભેટવાની ઉર્મિઓ જાગતી હતી....સં. ૨૦૧૨ ના શ્રાવણ સુદ એકમની સાંજે ભક્તોને બોલાવીને તેઓશ્રીએ સંઘ સહિત સમ્મેદશિખરજીની યાત્રાએ પધારવાની સ્વીકૃતી આપી....ગુરુદેવના શ્રીમુખથી એ મંગલવધાઈ સાંભળીને ભક્તો અતિ પ્રસન્ન થયા....સોનગઢમાં અને ભારતભરમાં ઠેરઠેર હર્ષ છવાઈ ગયો. જેમ સિદ્ધપદ પામ્યા પહેલાં પણ સાધકના હૃદયમાં તેના આનંદનો ભણકાર આવી જાય છે તેમ ગુરુદેવ સાથે સિદ્ધિધામની યાત્રાનો નિર્ણય થતાં જ, હજી યાત્રા કર્યા પહેલાં પણ ભક્તોના હૃદયમાં યાત્રાનો હર્ષ છવાઈ ગયો....ને આવી રહેલા એ ધન્ય અવસરને માટે સૌ આતુર બન્યા.





* * *

સં. ૨૦૧૩ ના કારતક સુદ ૯ થી ૧૨ સોનગઢના નુતન ભવ્ય જિનમંદિરમાં ભગવાન **શ્રી નેમિનાથ** જિનેન્દ્રની વેદી-પ્રતિષ્ઠાનો મહોત્સવ ઘણા ઉલ્લાસ અને ભક્તિ-પૂર્વક ઉજવાયો....ત્યારબાદ શાશ્વત તીર્થરાજને ભેટવાની જોરદાર તૈયારીમાં બે દિવસ તો ઝડપથી ચાલ્યા ગયા....કારતક સુદ ૧૪ ના પ્રવચનમાં ભાવભીના ઉદ્ગારથી ગુરુદેવે કહ્યું: જુઓ, કાલે તો હવે સમ્મેદશિખરજીની યાત્રા માટે જવાનું છે. અનંતા તીર્થંકરો ત્યાંથી મોક્ષ પામ્યા છે. ભગવંતો જે માર્ગે મોક્ષ પામ્યા તે જ માર્ગ ભગવંતોએ ઉપદેશ્યો. હે સર્વજ્ઞપિતા! આપ કહેનારા....ને અમે ઝીલનારા....આપે કહ્યું તે ઝીલીને અમે પણ આપના પગલે પગલે આપના માર્ગે ચાલ્યા આવીએ છીએ.



સીમંધરપ્રભુનાં દર્શન

જાણે કે વહાલો પુત્ર પિતાજી પાસે મંગલયાત્રા માટે વિદાય લેવા આવ્યો.

## કારતક સુદ પૂર્ણિમા...રવિવાર...અષ્ટાહ્નિકાનો મંગલ દિન

અહા! આજનું પ્રભાત અનેરું છે....પૂ૦શ્રી કહાનગુરુદેવ સમ્મેદશિખરજી વગેરે તીર્થધામોની યાત્રા માટે આજે સોનગઢથી મંગલપ્રસ્થાન કરી રહ્યા છે. જાણે કે સિદ્ધિધામ સાદ પાડી પાડીને સંતભક્તોને બોલાવી રહ્યું છે....પ્રકૃતિનું સૌન્દર્ય જાણે કે આનંદનો ઉત્સવ ઊજવી રહ્યું છે....અને ભક્તજનોના હૃદયમાં હર્ષનો સાગર ઉલ્લસી રહ્યો છે.... સોનેરીસૂર્ય ગુરુદેવના મંગલપંથમાં કુમકુમવર્ષા કરી રહ્યો છે....

સવારના પહોરમાં શ્રી કહાનગુરુ પરમોપકારી શ્રી સીમંધર ભગવાનનાં દર્શન કરવા પધાર્યા....જાણે કે વહાલો પુત્ર પિતાજી પાસે મંગલયાત્રા માટે વિદાય લેવા આવ્યો.... ગુરુદેવ ભાવભીના ચિત્તે હાથ જોડીને વારંવાર સીમંધરપ્રભુને નમસ્કાર કરતા હતા....ને તે વખતે ભક્તજનો પંચપરમેષ્ઠી ભગવાનની મંગલસ્તુતિ બોલતા હતા.

સીમંધરપ્રભુનાં દર્શન બાદ ગુરુદેવ જિનમંદિરના ઉપરના ભાગમાં નેમિનાથ ભગવાનના દર્શને આવ્યા....વૈરાગ્યરસમાં ઝુલી રહેલા એ નાથને ઘડીભર નીહાળ્યા....ને તેમની મુદ્રામાંથી વહેતા વૈરાગ્યના ધોધવડે હૃદયને પાવન કર્યું. પછી આવ્યા સમવસરણમાં....ત્યાં સીમંધર પ્રભુને અને કુંદકુંદાચાર્યપ્રભુને નયનભર નીહાળીને,—

"પ્રભુજી તારા પગલે પગલે મારે આવવું રે..."

ઈત્યાદિ ગાતાં ગાતાં ભક્તોએ ગુરુદેવની સાથે સાથે પ્રદક્ષિણા કરી. તે વખતે ભક્તોના હૃદયમાં એવી ભાવનાઓ થતી કે: 'અહા! ભગવાનના પંથે ગુરુદેવ વિચરી રહ્યા છે....ને અમે પણ ગુરુદેવના પગલે પગલે એ જ પંથે જઈ રહ્યા છીએ.' છેવટે માનસ્તંભના દર્શન કરીને ગુરુદેવ સ્વાધ્યાય-મંદિરમાં આવીને બિરાજ્યા.

બીજી તરફ પૂ. બેનશ્રી-બેન અને મહિલાસમાજ યાત્રાના મંગલગીત ગાતાં ગાતાં આવી પહોંચ્યા....અને—

**આનંદ મંગળ આજ હમારે... આનંદ મંગળ આજ જી...**
**ગુરુદેવ સાથે યાત્રા કરતાં... આનંદનો નહીં પારજી...**
**શાશ્વત તીર્થની યાત્રા કરતાં આતમ ઉલ્લસી જાયજી...**

ઇત્યાદિ પ્રકારે મંગલગીત ગાતાં ગાતાં સ્વાધ્યાયમંદિરને પ્રદક્ષિણા દીધી. ત્યારબાદ સકલસંઘે ગુરુદેવના દર્શન-સ્તુતિ કરીને યાત્રાની સફળતાની ભાવના ભાવી. યાત્રાનિમિત્તે માંગળિકમાં ગુરુદેવે કહ્યું—**દરેક આત્મા સ્વભાવ-ચતુષ્ટયથી પરિપૂર્ણ છે...તેને ઓળખીને અને વ્યક્ત કરીને અનંતા જીવો સિદ્ધપદ પામ્યા છે. અનંતા તીર્થંકરો પોતાના સ્વભાવ-**

ચતુષ્ટય પ્રગટ કરીને સમ્મેદશિખર ધામથી મોક્ષ પધાર્યા...તેની યાત્રા કરવા માટે આ વિહાર થાય છે." આટલું કહીને મુમુક્ષુઓના અપાર હર્ષ અને જયજયકાર વચ્ચે "ૐ અનંત ચતુષ્ટયસ્વરૂપાય નમ:". એવા મંગળવચનપૂર્વક શ્રી કહાનગુરુદેવે શાશ્વત સિદ્ધિધામ પ્રત્યે ઝડપથી પુનિત પગલાં માંડયાં.

સિદ્ધભગવંતોને અને સિદ્ધિપંથપથિક ગુરુદેવને નમસ્કાર હો.

# ૐ સોનગઢથી મુંબઈ ૐ

**ગુરુવર યાત્રા કરવા કાજ વિચરે મંગલકારી...**
**ગુરુવર પ્રતિષ્ઠા કરવા કાજ વિચરે મંગલકારી...**
**ગુરુજીનો વિહાર જયજયકાર...વિચરે મંગલકારી...**


સમ્મેદશિખરજીની યાત્રા અને પાલેજમાં પ્રતિષ્ઠા નિમિત્તે પૂ. ગુરુદેવના આ મંગળ-પ્રસ્થાન પ્રસંગે સુવર્ણપુરીનું વાતાવરણ આનંદ અને ઉલ્લાસથી છવાઈ ગયું હતું....સૌ ભક્તો હર્ષ અને જયજયકારપૂર્વક મંગલ વિદાય આપી રહ્યા હતા....ચાલતાં ચાલતાં બ્રહ્મચર્યાશ્રમ પાસે આવતા ગુરુદેવ ઘડીભર થંભી ગયા....ભક્તો આશ્ચર્યમાં પડયા....ત્યાં તો માનસ્તંભ ઉપરના ભગવાન સામે નજર કરીને ગુરુદેવ બોલ્યા : 'જુઓ, ભગવાન કેવા દેખાય છે !'


—એ દૃશ્ય દેખીને સૌને આનંદ થયો. ગુરુદેવ ભાવપૂર્વક હાથ જોડીને ભગવાનને નીહાળી રહ્યા હતા....જાણે કે યાત્રા માટે જતાં જતાં ભગવાન પાસે વિદાયની આજ્ઞા લેતા હતા....ને ભગવાન મંગલ-આશીર્વાદપૂર્વક વિદાય આપતા હતા.


ચોકમાં માંગલિક સંભળાવીને ગુરુદેવે વલ્લભીપુર તરફ પ્રસ્થાન કર્યું....વચ્ચે ઝાડી અને પહાડીનાં રમણીય દૃશ્યો જોતાં શિખરજીધામનાં દૃશ્યો યાદ આવતા હતા....વિહારમાં ગુરુદેવની સાથે રહેનારા ભક્તો (બ્ર. ભાઈઓ વગેરે) રસ્તામાં શિખરજીને યાદ કરી કરીને ઉમંગપૂર્વક ગાતા હતા કે—

**ચાલો...ચાલો, સૌ હળીમળીને આજ સમ્મેદશિખર જઈએ...**
**ચાલો...ચાલો, શ્રી ગુરુદેવની સાથ...સમ્મેદ-યાત્રા કરીએ...**
**ચાલો...ચાલો, સાધકસંતોની સાથ...મંગલયાત્રા કરીએ...**

—આમ આનંદપૂર્વક વિહાર કરીને દસ વાગે વલ્લભીપુર પહોંચ્યા.









મંગલ તીર્થયાત્રા (૪)

શિખરધામથી અનંતા જીવો સિદ્ધિ પામ્યા છે, તેની નીચે શાશ્વત સ્વસ્તિક 卐 છે....જેવા તે સિદ્ધિગત જીવો છે તેવો જ તારો આત્મા છે, તેને ઓળખીને....હે જીવ! સમ્યગ્જ્ઞાનવડે તારા આત્મામાં માંગળિકના સાથિયા પૂર.'

કારતક વદ છઠ્ઠે ધંધુકાથી ફેદરા તરફ પ્રસ્થાન કર્યું. હવે સૌરાષ્ટ્રદેશની બહાર ભાલ-પ્રદેશમાં આવ્યા.... પ્રવાસમાં ગીચ ઝાડીઓ વચ્ચેથી પસાર થતી વખતે સમ્મેદશિખરની ગીચ ઝાડીઓ યાદ આવતી. ભાલપ્રદેશમાં ભોમિયા વગર ન ચાલે.... આપણે તો આ સંસારરૂપી ભાલપ્રદેશમાંથી બહાર નીકળીને સિદ્ધિધામમાં પહોંચવા માટે પૂ. ગુરુદેવ જ આપણા માર્ગદર્શક–ભોમિયા છે ને આપણે તેઓશ્રીના પગલે પગલે તેમની સાથે જવાનું છે, એવી ભાવનાઓ થતી. વચ્ચે ખડોલ ગામે થોડીવાર રોકાયા, ત્યાં એક શેઠે ગુરુદેવનું સન્માન કર્યું. જેનું નામ પણ ન સાંભળ્યું હોય એવા તદ્દન અજાણ્યા ગામમાં પણ ગુરુદેવનું સ્વાગત કરનાર કોઈને કોઈ સજ્જન નીકળી આવતા.—ખરેખર, ધર્માત્માનો પુણ્યપ્રભાવ શું નથી કરતો!

ખડોલ થઈને ફેદરા પધાર્યા. અહીં બપોરે પ્રવચનમાં ગુરુદેવે વૈરાગ્યમય દૃષ્ટાંતપૂર્વક સુંદર ઉપદેશ આપ્યો.

કારતક વદ સાતમે ફેદરાથી ભોળાદ ગામ તરફ જતાં વચ્ચે ૐકાર નદી આવી, ત્યારે ભક્તોને વિદેહક્ષેત્રની ૐકારનદીના પ્રવાહનું સ્મરણ થયું. એ ૐકારના આનંદજળની મીઠાસ પાસે આ ૐકારનદીનું જળ શરમાઈને ખારું થઈ જતું હતું. જેમ ખારા સંસારને છોડીને મુનિવરો ચૈતન્યના આનંદ–અમૃતનો આસ્વાદ લ્યે છે તેમ ખારાપાણીની નદી છોડીને ગુરુદેવ સાથે તીર્થયાત્રાના આનંદનો સ્વાદ લેવા સૌ આગળ વધ્યા. ગુરુદેવ સાથે જ્ઞાનનૌકામાં બેસીએ ને ઝટઝટ ભવસાગરને તરીએ....એવી સૌની ભાવના હતી.



# 卐 સાબરમતી નૌકાવિહાર 卐



**કારતક વદ આઠમ :** આજે ભોળાદથી ગોલાણા જતાં વચ્ચે નૌકાવિહારનો પ્રસંગ આવતો હોવાથી સૌને હર્ષ હતો...પ્રભાતના ઉપશાંત વાતાવરણમાં ગુરુદેવ સાથે વનજંગલ વચ્ચેથી વિહાર કરતાં ચિત્ત પ્રફુલ્લ થતું. ગુરુદેવ અવારનવાર સમ્મેદશિખરજી ધામને યાદ કરતા અને એ પાવનતીર્થનું નામ સાંભળતાં જ થાકેલા ભક્તોના પગમાં નવું જોમ આવતું. વચ્ચે 'મોટીબોર' નામનું ગામ આવ્યું. ત્યાંથી આગળ જવા માટે હવે નૌકાદ્વારા સાબરમતી પાર કરવાનું આવ્યું. ગુરુદેવ સાથે નૌકામાં બેસવા સૌ હરખભેર ચાલ્યા....નદીકિનારાનું

દૃશ્ય સુંદર હતું. મોટો વિશાળ નદીપટ અને દરિયાને ભેટવા જઈ રહેલી નદીનાં છાતી-સમણાં નીર...જાણે કે મહાપુરુષને માર્ગ કરી આપવા માટે નદીનાં નીર પણ થંભી જતા હોય– એવું શાંત–સ્થિર વહેણ હતું. નદીકાંઠે નૌકા તૈયાર ઊભી હતી. ગુરુકહાનને સુકાની બનાવીને અમે નૌકામાં બેઠા....સુકાનીના ઊંચા સ્થાને ગુરુદેવ બેઠા. જીવનમાં પહેલી જ વાર નૌકામાં બેઠેલા ગુરુદેવને નીહાળીને ઘણો આનંદ થયો. ભક્તોના આનંદકિલ્લોલ વચ્ચે થોડી-વારમાં નૌકા ચાલવા લાગી. અહા ! જીવનમાં પહેલી જ વાર નૌકાવિહાર ! ગુરુદેવ બહુજ પ્રસન્ન હતા ને સૌને આનંદ કરાવતા હતા. ગુરુદેવ સાથે નૌકાવિહાર કરતાં બાળકોને પણ એમ થતું કે અહા ! ધન્ય જીવન....કે ભવસાગરથી પાર કરનાર ગુરુદેવ જેવા નાવીક મળ્યા.



નાવ સર–સર કરતી ચાલી જાય છે ને ભક્તો ગાય છે –

**ચલી રે....ચલી રે....ગુરુ નાવ ચલી રે....**
**ચલી રે ચલી...ભવ પાર ચલી રે...**

લગભગ અડધે પહોંચ્યા...ચારે કોર પાણી....પાણી ! ગુરુદેવના નેતૃત્વમાં નૈયા ચાલી

જાય છે. બસ, હવે તો સંસારથી પાર ઉતરીને ગુરુદેવની સાથે સાથે મુક્તિપુરીમાં જઇ રહ્યા છીએ....એની સાક્ષીરૂપે ચાલતી નૌકામાં ગુરુદેવના હસ્તાક્ષર કરાવ્યા :




મને હવે ગમે નહીં સંસાર....મારે જાવું પેલે પાર....
મને હવે ગમે નહીં સંસાર...ગુરુજી! લઈ જાઓ પેલે પાર...

— આમ ગાતાં ગાતાં, તારણહાર ગુરુદેવ સાથે નૌકાવિહાર કરીને સામે કાંઠે પહોંચ્યા... ને આનંદમય નૌકાવિહારના સમાચાર સોનગઢ પહોંચાડયા. કાંઠે આવ્યા બાદ ગુરુદેવ પ્રસન્નતાથી નૌકાવિહારની ચર્ચા કરતા હતા.

નૌકાવિહારથી સાબરમતી પાર કરીને ગોલાણા પહોંચ્યા. અહીં શેઠ અમૃતલાલ નરસીભાઇના સ્વર્ગવાસના સમાચાર આવતાં વાતાવરણમાં સ્તબ્ધતા છવાઇ ગઈ હતી.

કારતક વદ ૯ ના રોજ ગોલાણાથી ૧૮ માઇલનો વિહાર કરીને ખંભાતનગર આવ્યા. અહીં એક પુરાણા દિ. જિનમંદિરમાં અનેક પ્રાચીન પ્રતિમાઓ બિરાજમાન છે, તે જોતાં અગાઉના વખતમાં આ નગરની જૈનધર્મની જાહોજલાલીનો ખ્યાલ આવે છે. સોનગઢથી વિહાર કર્યા બાદ પહેલવહેલા જિનેન્દ્રદર્શન અહીં થયા. મંદિરમાં મૂળનાયક **વિમળનાથ ભગવાન** છે. દર્શન બાદ ગુરુદેવે વિમળનાથ ભગવાનનું સ્તવન ગવડાવ્યું; બેનશ્રીબેને પણ 'વિમલદર્શન મળી ગયું...' ઈત્યાદિ ભક્તિ કરાવી. ત્યારબાદ શ્રીમદ્ રાજચંદ્રજીની સ્વાધ્યાય શાળા જોવા ગયા હતા. બીજે દિવસે પૂ. ગુરુદેવ વડવા શ્રીમદ્ રાજચંદ્ર-આશ્રમમાં પધાર્યા. આ પ્રસંગે બહારથી સેંકડો જિજ્ઞાસુઓ આવ્યા હતા તેથી આશ્રમનું વાતાવરણ જીવંત જાગૃત ને પ્રફુલ્લિત લાગતું હતું. ગુરુદેવે આખા આશ્રમનું અવલોકન કર્યું, જે વડ નીચે શ્રીમદ્ રાજચંદ્ર વાંચન કરતા તે વડ જોયો, તેમજ બીજા અનેક સ્થાનો જોયા. બપોરે શ્રીમદ્ રાજચંદ્રના એક પત્ર ઉપર પ્રવચન કરતાં 'નિજપદની પ્રાપ્તિ તે જ અનેકાન્તનું ફળ છે'-એ વાત ગુરુદેવે સમજાવી હતી. રાત્રે બેનશ્રીબેને ભક્તિ કરાવી હતી.

કારતક વદ ૧૧ : પૂ. ગુરુદેવ ખંભાતથી બોરસદ પધાર્યા. આજનો પ્રવાસ આનંદકારી હતો કેમ કે પૂ. બેનશ્રીબેન આજે અમારી બસમાં હતા ને વિવિધ ભક્તિ કરાવતા...તેથી યાત્રાસંઘ જેવું જ વાતાવરણ હતું. બોરસદમાં આદિનાથ ભગવાનનું જિનમંદિર છે ત્યાં દર્શનાદિ કર્યા. એક ગૃહચૈત્યમાં સ્ફટિકના અજિતનાથ ભગવાનના પણ દર્શન કર્યા. બપોરે પ્રવચનમાં ગુરુદેવે સમ્યગ્દર્શનની અદ્ભુત વાત સમજાવી હતી.

બીજે દિવસે ગુરુદેવ **અગાસ** પધાર્યા...આજે પણ પૂ. બેનશ્રીબેન અમારી બસમાં બેઠા હોવાથી ભક્તિ વગેરે દ્વારા બાળકોને આનંદ કરાવતા હતા...

**ચાલો ચાલો સૌ હળીમળીને આજ...સમ્મેદશિખર જઈએ....**
**શું છે? શું છે? સમ્મેદશિખર મોઝાર...સમ્મેદશિખર જઈએ...**
**ત્યાં છે... ત્યાં છે...શાશ્વત સિદ્ધિનાં ધામ...સમ્મેદશિખર જઈએ...**
**ત્યાં છે... ત્યાં છે...અનંત તીર્થંકર ધામ...સમ્મેદશિખર જઈએ...**


**ચાલો ચાલો સૌ ભક્તજનો તમે આજ....રાજગૃહીમાં જઈએ...**
**શું છે? શું છે? એ રાજગૃહી મોઝાર...રાજગૃહીમાં જઈએ...**
**ત્યાં છે....ત્યાં છે...શ્રી વીરપ્રભુ દરબાર....રાજગૃહીમાં જઈએ...**
**ત્યાં છે... ત્યાં છે...શ્રી દિવ્યધ્વનિનાં ધામ...રાજગૃહીમાં જઈએ...**

—એ પ્રમાણે સમ્મેદશિખર, રાજગૃહી, પાવાપુરી વગેરે તીર્થોને આનંદપૂર્વક યાદ કરતાં કરતાં **અગાસ** આવી પહોંચ્યા. અહીં ઉપરના ભાગમાં શ્રી **ચંદ્રપ્રભુ ભગવાનનું** દિગંબર જિનમંદિર છે. ગુરુદેવે આવતાંવેંત શ્રી ચંદ્રપ્રભુ વગેરે ભગવંતોના દર્શન કર્યા. ત્યારબાદ શ્રીમદ્રાજચંદ્રજીના આ આખા આશ્રમનું અને આસપાસના સ્થાનોનું અવલોકન કર્યું. બપોરે વિશાળ સ્વાધ્યાયશાળામાં મંગલપ્રવચન કર્યું. અગાસમાં પૂ. ગુરુદેવ પધારતાં આસપાસથી પણ સેંકડો જિજ્ઞાસુઓ આવેલા તેથી વાતાવરણ જીવંત જાગૃત ને પ્રસન્નતામય બની ગયું હતું. ધર્માત્મા જે ભૂમિમાં વિચર્યા હોય તે ભૂમિ પ્રત્યે પણ ધર્માત્માને કેટલો સ્નેહ આવે છે! તે અહીં દેખાઈ આવતું હતું. બીજે દિવસે સવારમાં શ્રી ચંદ્રપ્રભ ભગવાનના દર્શન કરીને ગુરુદેવ ફરીને બોરસદ પધાર્યા... વચ્ચે ઝાડીનાં રમણીયદશ્યો જોઈને પ્રસન્નતા થાય છે. ગુરુદેવ પધારતાં બોરસદમાં ભક્તોએ સ્વાગત કર્યું. બપોરે ગુરુદેવ શ્રીમદ્રાજચંદ્રજીની સ્વાધ્યાયશાળાએ પધાર્યા ને ત્યાં મંગલપ્રવચન કર્યું.

બોરસદ બાદ વાસદ થઈને વચ્ચે મહીસાગરનો નવો પૂલ ઓળંગી **છાણી** ગામે આવ્યા. ત્યાં **ચંદ્રપ્રભ ભગવાનનાં** દર્શન કર્યા.... દૂરદૂર **પાવાગઢ સિદ્ધક્ષેત્રના** પણ દર્શન થતા હતા. અહીં સ્વાગત સુંદર થયું હતું.

માગસર સુદ એકમે પૂ. ગુરુદેવ વડોદરાશહેર પધાર્યા...શ્રી જૈનસંઘે ધામધૂમથી સ્વાગત કર્યું. અહીં બે જિનમંદિર છે ત્યાં દર્શન કર્યા. ચંદ્રપ્રભસ્વામીના મંદિરમાં પાર્શ્વનાથ પ્રભુના ધાતુના પ્રતિમા પણ સુંદર છે. બીજા મંદિરમાં આદિનાથ ભગવાન તથા શાંતિનાથ ભગવાન બિરાજે છે. આ શહેરમાં દિ. જૈનોના ૮૦ ઘર છે. શહેરની વચ્ચે 'સુખસાગર' નામનું સરોવર જોતાં 'આનંદસાગર'નું સ્મરણ થાય છે. અહીંના સંગ્રહાલયમાં અનેક પુરાણા દિ. જિનબિંબો છે. ગુરુદેવના પ્રવચનમાં હજાર જેટલા શિક્ષિત માણસો આવતા. પ્રવચન બાદ પ્રોફેસર નરસીંહભાઈએ ભાષણદ્વારા ગુરુદેવનો ઉપકાર તથા સોનગઢના બ્રહ્મચર્યાશ્રમ વગેરેનો મહિમા વ્યક્ત કર્યો હતો. ગુરુદેવના વડોદરામાં આગમનસંબંધી સરસ અહેવાલ પ્રસિદ્ધ કરતાં અહીંના દૈનિક 'લોકસત્તા'એ લખ્યું હતું કે : "જેમની મુદ્રાના દર્શન થતાં જાણે કોઇ આધ્યાત્મિક વાતાવરણમાં આવ્યા હોઇએ—એવું લાગે છે." રાત્રે સમ્યકત્વના મહિમા સંબંધી સુંદર તત્ત્વચર્ચા થતી.

વડોદરા બે દિવસ રહીને માગસર સુદ ત્રીજે ગુરુદેવ ઇટોલા ગામે પધાર્યા. અહીં વિદ્યામંદિરના શિક્ષકોની વિનતિથી એક વિશાળ વડલાની છાયામાં 'બાળકોને કેવા સંસ્કાર પાડવા' તે સંબંધી સુંદર પ્રવચન ગુરુદેવે કર્યું; એ વખતનું દૃશ્ય બહુ સુંદર હતું,



મોટી કોલેજોના પ્રોફેસરો અને એકડો ઘૂંટતા બાળકો એ બધાય એકસાથે બેસીને પ્રવચન સાંભળતા હતા. અગાઉના વખતમાં વનમાં મુનિવર—આચાર્યો ઉપદેશ આપતા તે પ્રસંગોનું અહીં સ્મરણ થતું હતું. ગુરુદેવે પ્રવચનમાં કહ્યું કે બાળકોને નાનપણથી જ આત્મજ્ઞાનના સંસ્કાર પાડવા જેવા છે, ને એ જ સાચી વિદ્યા છે, કેમ કે 'सा विद्या या विमुक्तये.' ગુરુદેવનું બાલોપયોગી-પ્રવચન સાંભળીને પ્રોફેસરો પણ પ્રમોદિત થયા.

માગસર સુદ ચોથે ગુરુદેવ ઈટોલાથી **મીયાંગામ** પધાર્યા, ભક્તોએ **ઉમંગથી સ્વાગત** કર્યું; જિનેન્દ્રદેવના દર્શન કર્યા. બપોરે શણગારેલા મંડપમાં પ્રવચન થયું. બીજે દિવસે ગુરુદેવ **પાલેજ** પધાર્યા.

## પાલેજપુરીમાં પ્રતિષ્ઠા મહોત્સવ

પૂ. ગુરુદેવ પાલેજપુરીમાં પધારતાં ભક્તમંડળે ઉલ્લાસપૂર્વક સ્વાગત કર્યું. નાનપણમાં વેપાર કરતા ત્યારે ગુરુદેવ દસેક વર્ષ પાલેજ રહ્યા હતા તેથી અહીંના મુમુક્ષુઓ શેઠશ્રી કુંવરજીભાઈ, આણંદજીભાઈ વગેરેએ રૂા. ૪૦,૦૦૦ ના ખર્ચે અહીં દિ૦ જિનમંદિર બંધાવ્યું છે, તેની પ્રતિષ્ઠાનો મહોત્સવ ગુરુદેવની મંગલછાયામાં ઊજવાયો. પાલેજનું રળિયામણું જિનમંદિર તથા **અનંતનાથ, સીમંધરનાથ** વગેરે જિનભગવંતોની મુદ્રા નીહાળતાં ગુરુદેવના હૃદયમાં આનંદની ઉર્મિઓ જાગતી હતી. ૧૩ થી ૨૨ વર્ષની વય સુધી ગુરુદેવ અહીં પાલેજની દુકાને બેસતા, તેમના મોટાભાઈ શ્રી ખુશાલચંદભાઈ પણ અહીં વેપાર કરતા. તેમના ભાગીદાર કુંવરજીભાઈ હજી પણ પાલેજમાં દુકાન ચલાવે છે. માગસર સુદ સાતમે ગુરુદેવ તે હાટડીના થડા ઉપર બેઠેલા ને ભકતોએ તે હાટડીમાં ભક્તિ કરેલી, ત્યારે ગુરુદેવે 'ખોલી હાટ સુજ્ઞાનકી' એ દૃશ્ય ખડું થતું, ને સેંકડો-હજારો ગરાગો એ જ્ઞાન-હાટડીએ ઉમટયા હતા.

માગસર સુદ ૮ થી ૧૧ સુધી વેદી પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો...અઢીદ્વીપ મંડલવિધાન, ઈન્દ્રપ્રતિષ્ઠા, યાગમંડલવિધાન, જલયાત્રા, વેદીશુદ્ધિ વગેરે વિધિવિધાન બાદ ઘણા ઉલ્લાસ પૂર્વક ગુરુદેવે પાવનહસ્તે **અનંતનાથ ભગવાનને** ભક્તિથી વેદી ઉપર બિરાજમાન કર્યા. ઉપરના ભાગમાં **અભિનંદન ભગવાનની** પ્રતિષ્ઠા કરવાની ઊછામણી શ્રી ખુશાલચંદ ભાઈના ધર્મપત્ની ગંગાબેને, મોતીચંદ ગીગાભાઈના નામથી લીધી હતી, અને મોતીચંદભાઈના સુપુત્ર કહાનગુરુદેવે ઘણી ભક્તિપૂર્વક ભગવાનને વેદી ઉપર પધરાવ્યા હતા. આ ઉપરાંત શાંતિનાથ, સીમંધરનાથ, પાર્શ્વનાથ અને અરનાથ ભગવંતોની પણ પ્રતિષ્ઠા થઈ હતી; ને ગુરુદેવ વગેરેએ હીરા-માણેક રત્નોથી ભગવંતોને વધાવ્યા હતા. બાજુમાં 'જ્ઞાનજ્યોતિ-મંદિર' માં શ્રી સમયસારજીની સ્થાપના થઈ હતી.

સુદ ૧૦ ના રોજ સ્ટેશન ઉપર એક વેગન આવ્યું; વેગનમાં શું સામાન આવ્યો છે? તે જોવા માટે ભક્તો ગયા, અને જોયું તો વેગનમાંથી હાથી ઉતરતો હતો. પ્રતિષ્ઠામહોત્સવ માટે વડોદરાથી વેગનમાં હાથી આવ્યો હતો. પ્રતિષ્ઠા બાદ હાથી ઉપર ભવ્ય રથયાત્રા નીકળી, ગજરાજ ઉપર જિનરાજ અતિશય શોભતા હતા. સાંજે હાથીએ પગમાં ઘૂઘરા બાંધીને નૃત્ય કર્યું, સૂંઢથી વાજાં વગાડયા, ને પુષ્પમાળાથી સન્માન કર્યું. રાત્રે જિનમંદિરમાં

પૂ. બેનશ્રીબેને અદ્ભુત ભક્તિ કરાવી હતી.–આ રીતે ગુરુદેવની મંગલ છાયામાં પાલેજમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો.

માગસર સુદ ૧૨ ની સવારમાં અનંતનાથ ભગવાનની સ્તુતિ કરીને અને અભિનંદન–સ્વામીને અભિનંદીને ગુરુદેવે પાલેજથી ભરૂચ તરફ પ્રસ્થાન કર્યું. ભરૂચમાં પાલેજથી અનેક ભક્તો આવ્યા હતા. રાત્રે ઘણી સરસ તત્ત્વચર્ચા થઇ હતી, તેમાં સમ્યગ્દર્શન અને જાતિસ્મરણજ્ઞાન વગેરેનું સ્વરૂપ ગુરુદેવે સુંદર રીતે સમજાવ્યું હતું.

સમ્મેદશિખરજી વગેરે તીર્થધામોની યાત્રા માટે વિચરતાં ગુરુદેવ જ્યાં જ્યાં પધારે છે ત્યાં ત્યાં આત્મા અને પરમાત્માની ચર્ચાના નાદ ગૂંજી ઊઠે છે, ને નગરીનું વાતાવરણ અધ્યાત્મમય બની જાય છે; સેંકડો ને હજારો લોકો ગુરુદેવના શ્રીમુખથી જૈનધર્મનો પાવન સન્દેશ સાંભળીને ખૂબ પ્રસન્ન થાય છે. આ રીતે કલ્યાણની વર્ષા કરતા કરતા ગુરુદેવ મંગલ તીર્થયાત્રા માટે વિચરી રહ્યા છે.

માગસર સુદ ૧૩ ના રોજ ભરૂચથી અંકલેશ્વર તથા સજોદ તરફ પ્રસ્થાન કર્યું. ભરૂચ પાસે નર્મદાનદી ઉપર એક માઇલ લાંબો પૂલ આવ્યો, ગુરુદેવ સાથે તે પૂલ ઓળંગતા જાણે સમ્યક્ત્વરૂપી સેતુદ્વારા આ ભવસાગરને જ ઓળંગતા હોઇએ–એવી ભાવનાઓ જાગતી. પછી જેમ જેમ અંકલેશ્વર નજીક આવતું ગયું તેમ તેમ ધરસેનાચાર્ય અને પુષ્પદંત–ભૂતબલિ–મુનિવરો સ્મૃતિસમક્ષ તરવરવા લાગ્યા. અહા! મહાન શ્રુતધરસન્તો જે ભૂમિમાં વિચર્યા તે ભૂમિમાં ગુરુદેવ સાથે જતાં જતાં એ સંતત્રિપુટીનું સ્મરણ થાય છે ને જાણે કે અત્યારે પણ એવી જ સંતત્રિપુટીની સાથે વિચરી રહ્યા હોઇએ એવો આનંદ થાય છે. જે ભૂમિમાં મહાન શ્રુતધરસન્તો પૂર્વે વિચર્યા તે ભૂમિમાં અપૂર્વ શ્રુતધર વર્તમાન સન્તો સાથે વિચરતાં સમ્યક્ શ્રુતની તીવ્ર ભાવનાઓ જાગે છે. વચ્ચે વચ્ચે હજારો તાડવૃક્ષના વનના સુંદર દૃશ્યો જોઇને વનવાસી સંતો પ્રત્યે સહેજે ભક્તિની ઉર્મિઓ જાગે છે, ને એ તાડવૃક્ષને પૂછાઈ જવાય છે કે—

મને કો'ને પુષ્પદંત સ્વામી કેવા હશે!
મને કો'ને ભૂતબલિ સ્વામી કેવા હશે!
કેવા હશે, ક્યાં રહેતા હશે!
ક્યાં રહેતા હશે, શું કરતા હશે!....મને૦

અને, જાણે કે એ વૃક્ષો જવાબ આપે છે–

અહીં રહેતા હતા, ધ્યાન ધરતા હતા,
ને આગમની રચના કરતા હતા....
—એ મુનિભગવંતો એવા હતા.

આમ મુનિવરોનું સ્મરણ અને ભક્તિપૂર્વક વિચરતાં છા વાગે અંકલેશ્વર આવ્યા; ત્યાંથી સીધા સજોદ ગામે શીતલનાથ ભગવાનના દર્શન કરવા ગયા. વચ્ચે ગુરુદેવ કહે : સજ્જોત ( –સતની જ્યોત ) અહીં પ્રગટી તેથી 'સજ્જોત' નામ હશે ને તેનું અપભ્રંશ સજોદ થઈ ગયું હશે ! 'અંકલેશ્વર' નામ બાબત પણ એમ કહ્યું કે અંક અહીં લખાયા —શાસ્ત્રો અહીં અંકિત થયા તેથી અંકલેશ્વર નામ પડયું હશે ! કે પછી મુનિવરો અકલના ઈશ્વર ( શ્રુતજ્ઞાનના દરિયા ) હતા તે ઉપરથી અકલેશ્વર નામ થયું હશે !

## 'શીતલધામ' સજોદ

નવ વાગે સજોદમાં આવતાંવેંત ભગવાન શીતલનાથ પ્રભુનાં દર્શન કર્યા. વિપત્તિકાળમાં રક્ષા માટે પ્રતિમાજીને ભોંયરામાં બિરાજમાન કરેલા છે. ભોંયરામાં પ્રવેશીને જિનમુદ્રાના દર્શન કરતાં જ ગુરુદેવ 'જે ભગવાન' કહેતાંક ભગવાનની સામે ઘડીભર આશ્ચર્યથી થીજી ગયા. આ શીતલનાથ ભગવાનની પ્રતિમા અત્યંત સૌમ્ય વીતરાગ મુદ્રાધારી અને ઘણી પ્રાચીન છે; જાણે ચોથાકાળની હોય એવી લાગે છે ને સન્મુખ બેસતાં જ આત્મધ્યાનની પ્રેરણા જાગે છે. પ્રતિમાની કળા પણ વિશિષ્ટ છે ને ભોંયરાનું વાતાવરણ શીતલ છે. ઉપશાંત—શીતલ વાતાવરણમાં શીતલનાથ ભગવાનનું ઘણા ભક્તિભાવે ગુરુદેવે અવલોકન કર્યું, પ્રસન્નતાથી વારંવાર ભાવપૂર્વક ભગવાનને સર્વાંગેથી નીહાળ્યા...થોડીવાર ધ્યાન ધરીને ભગવાન સન્મુખ બેસી ગયા, ને પછી સ્તવનમંજરી પૃ. ૧૯૦માંથી શીતલનાથ ભગવાનની સ્તુતિ કરાવી—



સહેજે શીતળ શીતળ જિન તણી
શીતળ વાણી રસાળ જિણંદજી.......
વદનચંદ્ર બરાસ અધિક સુણી,
સમજે બાળ—ગોપાળ જિણંદજી... સહેજે શીતળ૦

* * *

ભવ દવ તાપ નિવારો નાથજી !
દ્યો શીતળતા રે સાર જિણંદજી...
શ્રી જિનરાજ તણો દાસ કહે,
જિમ લહું સુખ અપાર જિણંદજી... સહેજે શીતળ૦

ગુરુદેવ ભક્તિ ગવડાવતા હતા ત્યાં બેનશ્રી–બેન પણ અંકલેશ્વરથી આવી પહોંચ્યા. ગુરુદેવે ભાવથી સ્તવન ગવડાવ્યું ને સૌ ભક્તોએ ઝીલ્યું. ભક્તિ બાદ ગુરુદેવે પ્રતિમાજીની સાતિશયતા તરફ સૌ ભકતોનું ધ્યાન ખેંચતા કહ્યું : " જુઓ, ભગવાનની મુદ્રા કેવી અદ્દભુત છે ! સામે બેસતાં જાણે કે ધ્યાનની પ્રેરણા જગાડે છે. " આમ ભગવાનના દર્શનથી ગુરુદેવને અને સૌ ભકતોને ઘણો હર્ષોલ્લાસ થયો. દર્શન અને સ્તુતિ બાદ પૂ. બેનશ્રી-બેન વગેરે સૌ હાથમાં અર્ઘ લઇને ભગવાનને ચડાવતા હતા... ત્યાં ગુરુદેવને પણ ભગવાનની પૂજા કરવાની ભાવના જાગી અને હાથમાં અર્ઘ લઇને ભગવાનને ચડાવ્યો. આ દૃશ્ય જોઇને સૌને આનંદાશ્ચર્ય થયું, અને આ શીતલનાથ ભગવાનની વિશેષતામાં આ એક વધારો થયો કે ગુરુદેવે જીવનમાં ૬૭ વર્ષે પહેલીજવાર અર્ઘ ચડાવવાની શરૂઆત અહીંથી કરી. ગુરુદેવ કહેતા હતા કે " આ ભગવાનના દર્શન કર્યા ને અર્ઘ ચડાવ્યો તે પ્રસંગ યાદ રહી જશે. "

આમ, સમ્મેદશિખરજી તીર્થધામની યાત્રાએ જતાં જતાં વચ્ચે સજોદગામે ગુરુદેવ સાથે આનંદપૂર્વક શીતલનાથ ભગવાનના દર્શન–સ્તવન ને પૂજન કરીને સૌ અંકલેશ્વર આવ્યા.

## શ્રુતધામ અંકલેશ્વર

સાડા અગિયાર વાગે પૂ. ગુરુદેવ અંકલેશ્વર પધારતાં ભકતમંડળે બેન્ડવાજાં સહિત સ્વાગત કર્યું. આ અંકલેશ્વર તે 'શ્રુતભૂમિ' છે. પરંપરાએ ભગવાન વર્દ્ધમાન તીર્થંકરની દિવ્યવાણી સાથે સંબંધ ધરાવતું જે અપૂર્વ શ્રુતજ્ઞાન ધરસેનાચાર્યદેવે ગીરનારની ગુફામાં પુષ્પદન્ત તથા ભૂતબલિ મુનિવરોને આપ્યું હતું, તે શ્રુતરચનાની પૂર્ણતા અહીં થયેલી અને સર્વજ્ઞની વાણીરૂપ આવું મહાનશ્રુત ટકી રહ્યું તેના હર્ષોપલક્ષમાં ચતુર્વિધ સંઘે જેઠ સુદ પાંચમના રોજ શ્રુતજ્ઞાનની પૂજાનો ઘણો મોટો ઉત્સવ અહીં ઊજવ્યો હતો. એવી આ પાવન શ્રુતભૂમિમાં મહાનશ્રુતપ્રભાવક શ્રી કહાનગુરુ પધાર્યા.

અંકલેશ્વર ગામમાં લગભગ વીસ હજારની વસતી છે, દિગંબર જૈનોના ૨૦ જેટલા ઘર છે, ને ચાર જિનમંદિરો છે. બપોરે પૂ. ગુરુદેવ જિનમંદિરોના દર્શને પધાર્યા. પહેલા જિનમંદિરના ભોંયરામાં ખૂબ પ્રાચીન અને વિશાળ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા હતી. ભક્તિથી ભગવાનને પુષ્પાંજલિ ચડાવી. અહીં બીજી પણ અનેક પ્રતિમાઓ હતી. તેમાં મુનિરાજની ખડ્ગાસન પ્રતિમા પણ ( હાથમાં કમંડલ મોરપીંછી સહિત ) હતી; તે ઉપરાંત પુલાક, બકુશ, નિર્ગ્રંથ વગેરે મુનિચરણોની સ્થાપના હતી. બીજો જુનો ખંડિયેર વૈભવ પણ ઘણો હતો, જેના ઉપરથી પ્રાચીનકાળમાં અહીંની ધાર્મિક જાહોજલાલી કેવી હશે તેનો ખ્યાલ આવતો હતો.

પહેલા મંદિરમાં દર્શન કરીને ગુરુદેવ બીજા મંદિરે પધાર્યા. આ મંદિરના ભોંયરામાં આદિનાથ ભગવાનના અતિ પ્રાચીન અને કળામય પ્રતિમાના દર્શન કર્યા. ત્રીજા મંદિરમાં કમલાસને જાણે કે ચાર આંગળ ઊંચે બિરાજતા હોય એવા ચૌમુખી ભગવાનનું દૃશ્ય સુંદર હતું, ને બાજુમાં નાનકડા ચરણપાદુકા હતા. કેટલીક પ્રતિમા તો અતિશય નાની—માત્ર ૦I ઈંચની હતી. ત્યાં દર્શનાદિ કરીને ચોથા મંદિરે આવ્યા. આ મંદિર મહાવીર ભગવાનનું છે ને તે અહીંનું મુખ્ય મંદિર ગણાય છે. શ્રી ભૂતબલિસ્વામીએ શ્રુતરચના(ષટ્ખંડાગમ)ની પૂર્ણતા અહીં કરી હતી–એમ કહેવાય છે. મંદિરના એક પ્રાચીન ચિત્રમાં દેવોદ્વારા આચાર્ય—મુનિરાજની પૂજાનું દૃશ્ય છે, સંભવ છે કે શ્રુતરચનાની સમાપ્તિ પ્રસંગે ભૂતબલિ મુનિરાજની પૂજાનું એ દૃશ્ય હોય. મંદિરમાં મહાવીર ભગવાનના પ્રતિમાજી બિરાજમાન છે. એક ગોખમાં શાસનસ્તંભની સ્થાપના છે પરંતુ તેની પાછળનો હેતુ શો છે—તે બાબત કાંઈ ઇતિહાસ કે માહિતી મળતી નથી. મંદિરમાં સ્ફટિકના ચૌમુખી વગેરે અનેક પ્રતિમાઓ હતા. પ્રતિમા-જડિત એક ચાંદીની વીંટી પણ હતી,—એ ભક્તો કેવા લાગણીપ્રધાન હશે કે જેણે આ કરાવેલ હશે! ગુરુદેવે એ વીંટી હાથમાં લઇને જોઈ અને સૌને બતાવી. આ રીતે ગુરુદેવ સાથે અંકલેશ્વરના ચારે જિનમંદિરોના દર્શન કર્યા અને શ્રુતધર સન્તોની સાથે શ્રુતભૂમિના વૈભવના દર્શન કરતાં સૌને આનંદ થયો. ગુરુદેવ સાથે આ શ્રુતધામ નીરખતાં બેનશ્રીબેન પ્રસન્નતાથી કહે કે બસ, હવે અહીંથી જાત્રાની શરૂઆત થઈ. ખરેખર શ્રુતધર સન્તોની આ પાવનભૂમિ તેમને બહુ વહાલી લાગતી હતી. જે ભૂમિમાં શ્રુતનો મહાન ઉત્સવ ઊજવાયો અને જ્યાં મહાન શ્રુતધર સંતમુનિવરો વિચર્યા તે શ્રુતભૂમિમાં આજે ગુરુદેવ જેવા શ્રુતધરસંતોને વિચરતા દેખીને સૌ ભક્તો બહુ આનંદિત થતા હતા....ને ધરસેન—પુષ્પદંત—ભૂતબલિ જેવી શ્રુતધરત્રિપુટી પ્રત્યે હૃદય નમી પડતું હતું.

**સૌરાષ્ટ્રમાંથી લાવેલું શ્રુતજ્ઞાન સંતોએ જ્યાં શાસ્ત્રારૂઢ કર્યું...**
**ને જ્યાં શ્રુતજ્ઞાનનો મોટો ઉત્સવ ઉજવાયો એવી**
**પાવન શ્રુતભૂમિની ગુરુદેવ સાથેની યાત્રા અમને ભાવશ્રુત આપો.**

જિનમંદિરોના દર્શન બાદ બપોરે ગુરુદેવનું અદ્‌ભુત પ્રવચન થયું....શુદ્ધાત્માની અનુભૂતિ કરવી તે સર્વ શ્રુતનો સાર છે—એ વાત સમજાવીને ગુરુદેવે શ્રુતધામમાં શ્રુતનું રહસ્ય ખોલ્યું. ત્યારબાદ જિનમંદિરમાં ભકિત થઇ. મહાવીર ભગવાનની સ્તુતિ બાદ જિનવાણીમાતાની અને આચાર્ય ભગવંતોની બહુજ ભાવભીની ભકિત બેનશ્રીબેને કરાવી :

જય જિનવાણી જય જિનવાણી જય જિનવાણી માતા...
મહિમા તોરી અગમ અપારા હમ નહિ પાવે પારા....જય૦

જય ધવલરાજ જય ધવલરાજ જય ધવલરાજ દેવા...
જય ધરસેન જય ભૂતબલિ જય શ્રી પુષ્પદંત દેવા....જય૦

અંકલેશ્વરમાં અંક લખાયા મહિમા અપરંપારા....
અંકલેશ્વરમાં આગમ લખાયા મહિમા અપરંપારા જય૦

ઇન્દ્રનરેન્દ્રે મુનિવર પૂજ્યા વંદન આજ અમારા....
ઇન્દ્રનરેન્દ્રે શાસ્ત્રો પૂજ્યા મહિમા અપરંપારા....જય૦

ઐસે મુનિવર કૈસે દેખું શાસ્ત્રો રચે અપારા....
અંકલેશ્વરકો તીર્થ બનાયા ધન ધન એ મુનિરાયા....જય૦

સ્વાનુભૂતિ આનંદ કે ઝુલે તું ઝુલાવનહારી....
આતમગીત સુનાકર માતા! નિંદ નશાવનહારી....જય૦

લાલન પાલન કરતી માતા બોધિ સમાધિ દાતા....
બાલક તારા મુક્તિ પામે એવી મારી માતા...જય૦

તુજ હૈયાનાં હાર્દ પ્રકાશે ગુરુવર કહાન હમારા...
મહિમા સારી જગમાં ફેલાવે એવા નંદન તારા...જય૦

આ રીતે શ્રુતધામમાં ભગવતી માતાઓએ જિનવાણી માતાજીની અદ્‌ભુત ભક્તિ કરાવી....ને શ્રુતભૂમિની યાત્રાનો કાર્યક્રમ સમાપ્ત થયો.

શ્રુતધર સંતોને અને શ્રુતદેવીમાતાને નમસ્કાર હો.
શ્રુતધામની યાત્રા કરાવનાર શ્રુતદાતાર કહાનગુરુદેવને નમસ્કાર હો.

માગસર સુદ ૧૪ની સવારમાં ગુરુદેવે અંકલેશ્વરથી કીમ તરફ પ્રસ્થાન કર્યું. અંકલેશ્વરભૂમિમાં વિચરેલા ને વિચરતા સંતોના જીવનનું સ્મરણ કરતાં કરતાં અને આત્મહિતની

ભાવના ભાવતા ભાવતા ગુરુદેવ સાથે અંકલેશ્વરભૂમિમાંથી પસાર થયા. અંકલેશ્વરની આસપાસના ક્ષેત્રમાં આજે પણ લાખો તાડવૃક્ષો એ વાતની સાક્ષી પુરતા ઊભા છે કે મુનિવરોએ અહીં તાડપત્રોમાં શાસ્ત્રો લખ્યા હતા. અંકલેશ્વર પછી કોશંબા ગામ આવ્યું ત્યાંથી પસાર થઇને ૧૦ વાગે કીમ પહોંચ્યા.

માગસર પૂર્ણિમાના રોજ ગુરુદેવ કીમથી સુરત પધાર્યા .. ગુરુદેવને સત્કારવા સુરત થનગની રહ્યું હતું....ગુરુદેવ પધારતાં સુરતની સુરત જ જાણે બદલાઇ ગઈ...જૈનજનતાએ ઉમંગભર ભવ્ય સ્વાગત કર્યું. સુરત અનેક જિનમંદિરોથી શોભતું પ્રાચીન અને વિશાળ શહેર છે. ચંદાવાડીમાં બે જિનમંદિરો છે, એક મંદિર ત્રણ માળનું છે, તેના ત્રણે માળે ચંદ્રપ્રભુ વગેરે ભગવંતો બિરાજમાન છે, બાજુના બીજા મંદિરમાં શાંતિનાથ વગેરે ભગવંતો બિરાજે છે. બંને મંદિરમાં દર્શન કરીને ગુરુદેવે અર્ઘ ચડાવ્યો. ગુરુદેવનું પ્રવચન બીસન્ટહોલમાં થયું હતું, દોઢ હજાર ઉપરાંત શ્રોતાજનોથી હોલ ચિક્કાર હતો. પ્રવચન બાદ ગુરુદેવ નવાપુરા વગેરેના જિનમંદિરોના દર્શને પધાર્યા. એક મંદિરમાં પાર્શ્વનાથ પ્રભુ (ચિંતામણિ), તથા અનેક ચોવીસી ભગવંતો બિરાજે છે, ભોંયરામાં શીતલનાથ વગેરે ભગવંતો બિરાજે છે. બીજું વાસુપૂજ્ય ભગવાનનું મંદિર છે. આમ અનેક જિનમંદિરોના દર્શન કર્યા. રાત્રિચર્ચા ઘણી સુંદર ચાલી હતી ને વિધવિધ અનેક પ્રશ્નો ચર્ચાયા હતા. ચર્ચામાં ગુરુદેવની જવાબ આપવાની શૈલીથી શ્રોતાજનો પ્રભાવિત થયા હતા.

ગુરુદેવ સુરત શહેરમાં બે દિવસ રોકાયા હતા. સુરતના દિ. જૈન સમાજે ઉત્સાહપૂર્વક મહેમાનોનું સન્માન કર્યું હતું. શેઠ મૂલચંદ કિસનદાસ કાપડિઆ, તથા ધીરજલાલ હરજીવન (ફાવાભાઇ) વગેરેએ સુંદર વ્યવસ્થા સંભાળી હતી. બીજે દિવસે સવારમાં સુરતથી ત્રણ માઇલ દૂર કતારગામે પૂ. ગુરુદેવ અને સૌ ભક્તજનો ગયા. ત્યાં શ્રી કુંદકુંદસ્વામી, ધરસેન–પુષ્પદંત–ભૂતબલિસ્વામી, જંબુસ્વામી, રવિસેનસ્વામી, અકલંકસ્વામી, જયસેનસ્વામી, જિનસેનસ્વામી, યોગીન્દુસ્વામી, વિદ્યાનંદીસ્વામી વગેરે સંતોના ચરણકમળની સ્થાપના છે. આંબાના વૃક્ષો વગેરેથી રમણિય જાણે મુનિઓનું ધામ હોય તેવું સુંદર સ્થાન છે. જાણે મુનિઓનો મેળો ભરાયો હોય એમ ૭૫ જેટલા ચરણપાદુકાથી આ સ્થાન શોભી રહ્યું છે. ગુરુદેવ એક પછી એક મુનિચરણોના દર્શન-સ્પર્શન કરીને અર્ઘ ચડાવતા જતા હતા,–સૌથી પહેલો અર્ઘ ચડાવ્યો શ્રી કુંદકુંદપ્રભુના ચરણે—

કુંદકુંદપ્રભુ ચરણ કમલ પર બલિબલિ જાઉં મન–વચ–કાય,
હે કરુણાનિધિ ભવદુઃખ મેટો, યાતેં મૈં પૂજું તુમ પાય.

—આમ અનેક મુનિવરોની સ્તુતિપૂર્વક હીરા—માણેકમિશ્રિત અર્ઘ ચડાવતાં ચડાવતાં છેવટે એક વિશાળ શિલાપટમાં ટંકોત્કિર્ણ સમ્મેદશિખરધામનું દૃશ્ય નીહાળતા સૌને પ્રસન્નતા થઈ;—કેમ કે સમ્મેદશિખરધામ તો યાત્રાનું ધ્યેય છે,—પોતાના ધ્યેયને નીહાળીને કોને પ્રસન્નતા ન થાય ?

આ ઉપશાંતધામમાં બેનશ્રીબેને મુનિવરોની ભાવભીની ભક્તિ કરાવી હતી.

જય મુનીશ્વર જય મુનીશ્વર જય મુનીશ્વર દેવા,
વન જંગલ કે વાસી તુમ હો આત્મસ્વરૂપકે ધ્યાતા;
રત્નત્રયકે ધારક તુમ હો રત્નત્રયકે દાતા,
કહાનગુરુકી સાથે આકર દર્શન તારા પાયા...જય...

—એમ ભક્તિ કરતાં કરતાં સૌ પાછા સુરત આવ્યા, ને મોટા જિનમંદિરમાં દર્શન-પૂજન કર્યા. બપોરે કેટલાક પ્રોફેસર વગેરે વિદ્વાનો ગુરુદેવ પાસે ચર્ચા કરવા આવેલા. ગુરુદેવે ગંભીરતાથી કહ્યું : જુઓ ભાઈ! આ એકલા શાસ્ત્રના શબ્દોની વાત નથી, આ તો ભગવાન પાસેથી આવેલી અને અનુભવથી સિદ્ધ થયેલી અપૂર્વ ચીજ છે. કલ્યાણ કરવું હોય તેણે આ સમજ્યે છૂટકો છે. આમ કહીને સોનગઢ વગેરે સંબંધી કેટલોક ઇતિહાસ પણ કહ્યો હતો, જે સાંભળીને સૌ આનંદિત થયા હતા. બપોરે ગુરુદેવના પ્રવચન પછી જિનમંદિરના ઉપરના ભાગમાં ભક્તિ થઈ હતી.

વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલ જે. શાહ અનેક વર્ષો સુરતમાં રહેલા છે ને પૂ. બેનશ્રી ચંપાબેન પણ સં. ૧૯૮૯–૯૦ માં કેટલાક મહિના સુરત રહેલા; હિંમતલાલભાઇના અનેક પ્રોફેસર મિત્રો મળવા આવેલા, આત્માર્થિતા તથા આનંદ સંબંધી સુંદર અધ્યાત્મચર્ચા સાંભળીને તેઓ અતિ પ્રસન્ન થયા હતા. જેને આત્માની ખરી ધગશ જાગે ને ખરો રંગ લાગે તેની સ્થિતિ કેવી હોય, આત્માના આનંદનો અનુભવ કેવો હોય, તે અનુભવ કઈ રીતે થાય, જેને આનંદનો અનુભવ થયો હોય તે સંત કઈ રીતે ઓળખાય,–ઈત્યાદિ વિષયોની અતિ સુંદર ચર્ચા થઈ હતી. રાત્રિચર્ચામાં ગુરુદેવે આત્માના શાંતરસનું–સમકિતીના આનંદનું અદ્‌ભુત વર્ણન કર્યું હતું.

-આ રીતે સુરત શહેરનો બે દિવસનો કાર્યક્રમ પૂરો થયો. ગુરુદેવ પધારવાથી સારી પ્રભાવના થઈ અને 'जैनमित्र' વગેરે પત્રોમાં તેની ભાવભરી નોંધ પ્રગટ થઈ.

o o o

માગસર વદ બીજની વહેલી સવારમાં જિનેન્દ્રદેવના દર્શન કરીને ગુરુદેવે સુરતથી પલસાણા ગામ તરફ પ્રસ્થાન કર્યું. વિદાય પ્રસંગનું દૃશ્ય સુંદર–ભાવવાહી હતું. પૂ. બેનશ્રીબેન વગેરે સુરતથી ટ્રેઇનદ્વારા મુંબઈ ગયા.

સુરતથી પલસાણા તરફના વિહારમાં સુરતની આનંદચર્ચાઓ બહુ યાદ આવતી હતી. લીલોછમ પ્રદેશ, સવારનું શાંત વાતાવરણ, ગુરુદેવની સાથે સિદ્ધિધામ પ્રત્યે વિહાર અને આનંદપ્રાપ્તિની ભાવનાઓ,–આમ આ બધો સુયોગ હતો. 'ક્યારે એ આનંદનો અનુભવ પામીએ! ધન્ય એ સંતોની નિર્વિકલ્પ આનંદ દશા! આપણાં પણ ધનભાગ્ય કે આવા સંતોની છત્રછાયા પ્રાપ્ત થઇ'–એવી એવી ભાવનાઓ પૂર્વક ગુરુદેવ સાથે આનંદથી પ્રવાસ કરતા પલસાણા પહોંચ્યા. પલસાણાથી નવસારી થઇને વદ ચોથે ચીખલી પહોંચ્યા. અહીંના

૨૬ જેટલા આગેવાનોની સહીથી એક સ્વાગત-પત્રિકા છપાયેલ હતી બપોરે ધામધૂમથી ગુરુદેવનું સ્વાગત કરીને થીએટરમાં લાવ્યા ને ત્યાં પ્રવચન થયું. થીએટરમાં પ્રવચનસભાનું દૃશ્ય આકર્ષક હતું. પ્રવચનમાં ગુરુદેવે, 'આત્મા અનાદિથી સંસારમાં કેમ રખડયો ને હવે તે મુક્તિ કેમ પામે ?'—તે દર્શાવીને જીવનું નાટક સમજાવ્યું હતું. ૬૦૦ ઉપરાંત શિક્ષિત શ્રોતાજનોથી થીએટરહોલ ચિક્કાર હતો,—કોઈપણ ખેલ વખતે થીએટરમાં આટલી સભા ભેગી નહિ થઈ હોય. પ્રવચન બાદ ત્યાંના હેડમાસ્તર શ્રી જૈને ભાષણદ્વારા ગુરુદેવનો મહિમા બતાવ્યો અને કહ્યું કે 'ગુરુદેવે જે અંતરંગ આનંદ બતાવ્યો તે આપણે પ્રાપ્ત કરવા જેવો છે.' અહીં કમલપત્રથી ઢંકાયેલું સુંદર સરોવર છે કોઈ કોઈવાર તેમાં હજાર પાંખડીવાળા કમલપુષ્પ થાય છે-એમ ત્યાંના લોકો કહેતા હતા.

માગસર વદ પાંચમે ચીખલીથી વલસાડ આવ્યા. 'ગીતાસદન' માં ઉતારો હતો. બપોરે પ્રવચનમાં ૫૦૦ જેટલા પ્રતિષ્ઠિત માણસો આવ્યા હતા, એક ભાઇએ સ્વાગતભાષણ કરેલ ને પુષ્પહારથી સન્માન કરેલ. અહીં એક સદ્‌ગૃહસ્થને ત્યાં ગૃહચૈત્યમાં **પાર્શ્વનાથ ભગવાન** બિરાજમાન છે ત્યાં ગુરુદેવ સાથે સૌએ દર્શન કર્યા. રાત્રે સુંદર તત્ત્વચર્ચા થઈ હતી. કેરી, ચીકુ અને કેળા અહીં ખૂબ પાકે છે, કમળપત્રથી આચ્છાદિત સરોવર અહીં પણ છે.

માગસર વદ છઠે વલસાડથી વાપી ગામે આવ્યા. આ આદિવાસી લોકોનો પ્રદેશ છે, અહીંની રહેણીકરણી આપણને માફક ન આવે. બીજે દિવસે ( સાતમ-આઠમ ભેગા ) **તલાસરી** આવ્યા. ગુજરાત દેશમાંથી હવે મહારાષ્ટ્રમાં આવ્યા. ભાષા પણ મરાઠી શરૂ થઇ ગઈ. અહીંનો પ્રદેશ ખૂબ ગીચ જંગલો અને ઝાડીથી છવાયેલો છે. સમ્મેદશિખરજી તીર્થધામની યાત્રા માટે વનજંગલના પ્રદેશોમાં ગુરુદેવ સાથે વિચરતાં અવારનવાર આહારદાનનો પણ લાભ મળતો, ને તેથી આનંદ થતો. અહીં તલાસરી ગામમાં વનવિહારનો સુંદર પ્રસંગ બન્યો.

## તલાસરીમાં વનવિહાર

ગીચ જંગલો વચ્ચે વસેલું તલાસરી ગામ...

આજે માગસર વદ આઠમ, એટલે કુંદકુંદપ્રભુની આચાર્યપદવીનો મંગલ દિવસ.


બપોરે ગુરુદેવ નજીકના જંગલમાં ફરવા ગયેલા, જંગલના એકાંત વાતાવરણમાં તેમને વનવાસી મુનિવરોનું સ્મરણ થયું....કુંદકુંદપ્રભુ યાદ આવ્યા....ધ્યાનની પ્રેરણા જાગી.... થોડીવાર ત્યાં બેઠા....ને પાછા આવીને વાત કરી કે 'વન ભારે સરસ ! મને તો ત્યાં બેસી રહેવાનું મન થયું; મુનિઓને રહેવાનું ને ધ્યાન કરવાનું સ્થાન સરસ છે.' ગુરુદેવની આ વાત સાંભળીને બધાયને ગુરુદેવ સાથે એ વન જોવાનું મન થયું, એટલે ગુરુદેવે કહ્યું કે સાંજે ત્યાં જશું.

બપોરે નિશાળના બાળકોએ ગુરુદેવનું સન્માન કર્યું. સાંજે ઝડપથી ભોજનવિધિ પતાવીને ગુરુદેવ સાથે સૌ વનમાં ગયા. ગુરુદેવ પ્રસન્નતાથી વન-જંગલના દૃશ્યો બતાવતા

જતા હતા, ચણોઠી વગેરેના ઝાડપાન ઓળખાવતા હતા ને સંતમુનિવરોને યાદ કરતા હતા. વનનું ઉપશાંત અને ગંભીર દૃશ્ય જોઈને ગુરુદેવ વારંવાર કહેતા કે મુનિઓ આવા સ્થાનમાં રહે. મુનિઓ રહે એવું આ વન છે. મુનિઓને બીજું તો કામ હોય નહિ, આવા વનમાં ધ્યાનમાં પડ્યા હોય! ચાલતાં ચાલતાં એક સુંદર સ્થાન આવ્યું ત્યાં સૌ બેઠા. ગુરુદેવ એક વૃક્ષ નીચે ચટાઈ ઉપર બેઠા ને આસપાસ વીંટાઈને બીજા સૌ બેઠા.

ગુરુદેવ કહે-ધ્યાન ધરવાનું મન થઈ જાય એવું સ્થાન છે. સૌ શાંતિથી બેસી રહ્યા.... ગુરુદેવ આંખ મીંચીને બેસી ગયા....થોડીવારે ઢળતી આંખે વૈરાગ્યઝરતી વાણીથી બોલ્યા કે **'જ્ઞાનમાં સંસાર નથી; જ્ઞાનમાં શાંતિ છે, જ્ઞાનમાં આનંદ છે, પણ જ્ઞાનમાં સંસાર નથી.'** વનના કુદરતી વાતાવરણમાં ગુરુદેવ ઘણા પ્રસન્ન હતા. ગુરુદેવ જ્ઞાન-વૈરાગ્યની ભાવનામાં ઝૂલતા હતા ને ગુરુદેવના ચરણમાં સૌને શાંતિ અને પ્રસન્નતા થતી હતી.

ગુરુદેવને એમ થયું કે અહો! અહીં રહીને ધ્યાન કરીએ એવું મન થાય છે. શરીરની શક્તિ નહિ, નહિતર તો અહીં જ રોકાઇએ, અહીં જ સૂઈએ ને સવારમાં વહેલા ઊઠીને



પરમ તત્વનું ધ્યાન કરીએ. આ વનમાં કોઈકોઈવાર વાઘ આવે છે, પરંતુ મુનિઓને સિંહ વાઘની બીક કેવી? એ તો પોતાના ધ્યાનની ધૂનમાં પડ્યા હોય! અંદરના આનંદમાં પડ્યા ત્યાં જગતનું જોવા કયાં રોકાય?

પછી ગુરુદેવની આજ્ઞા થતાં અમે બ્ર. ભાઈઓ નીચેનું વૈરાગ્યભજન બોલ્યા -

જંગલ વસાવ્યું રે જોગીએ તજી તનડાની આશ જી...
વાત ન ગમે રે આ વિશ્વની આઠે પહોર ઉદાસ જી...જંગલ૦

ત્યાગની વાત આવતાં ગુરુદેવ કહેઃ અહા! ચક્રવર્તી છ ખંડ અને ૯૬-૯૬ હજાર રાણીઓને છોડીને આવા વનમાં ચાલ્યા જાય. વૈરાગ્યની ધૂન ચડતાં બધું છોડી, વનમાં જઇ

આત્માના ધ્યાનમાં બેસી જાય. આમ ગુરુદેવ ઘણા ભાવથી સંતમુનિઓને યાદ કરતા. હાથીના હોદ્દે ચડીને ચાલનારા વૈરાગ્ય થતાં તે બધું છોડીને ચાલી નીકળ્યા ને પગમાં મોજડી પણ ન રાખી, વસ્ત્રનો તાણો પણ ન રાખ્યો,–એ વાત આવતાં ગુરુદેવ વૈરાગ્યભરેલી ચેષ્ટા વડે, જાણે કે એ પ્રસંગ અત્યારે જ બની રહ્યો હોય–એમ દેખાડતા હતા, ને કહેતા–અહો! ધન્ય તે ચક્રવર્તીના વૈરાગ્યનો પ્રસંગ! ને ધન્ય એ મુનિદશા! "તેને કરું નમન જી" —એમ બોલતાં ગુરુદેવ સાથે સૌએ હાથ જોડીને એ સંતોને નમસ્કાર કર્યા.

કુંદકુંદપ્રભુની આચાર્યપદવીનો દિવસ આ ગામના વનમાં આ રીતે ઉજવાયો-તે પ્રસંગ યાદ રહી જશે. ગુરુદેવ સાથેના આ વનવિહાર પ્રસંગે 'કુંદગિરિ' વારંવાર યાદ આવતું હતું. એક તો કુંદગિરિ જેવી ગીચ ઝાડી, વળી આજે કુંદકુંદપ્રભુની આચાર્યપદવીનો દિવસ, અને ગુરુદેવની સાથે વનમાં સંતમુનિઓની ભક્તિ !–આ પ્રસંગથી સૌને આનંદ આવ્યો...ને હર્ષપૂર્વક ચર્ચા કરતા સૌ ઉતારે આવ્યા....સાથે વનની ચણોઠીના થોડાક લૂમખા પણ યાદગીરી તરીકે લેતા આવ્યા.

આજે રાત્રે પણ ગુરુદેવે જ્ઞાન–વૈરાગ્ય ભરેલી સુંદર તત્ત્વચર્ચા કરી, જૈનધર્મના મૂળ-મૂળ ગંભીર તત્ત્વો સમજાવીને એક કલાક સુધી જાણે કે અધ્યાત્મગંગામાં સ્નાન કરાવ્યું. ગુરુદેવે પોતે આજની ચર્ચાથી પ્રસન્ન થઇને કહ્યું કે 'આજે તો સોનગઢ જેવું વાતાવરણ થઈ ગયું, જાણે સોનગઢમાં જ બેઠા હોઈએ ને તત્ત્વચર્ચા કરતા હોઈએ–એવી સરસ ચર્ચા થઇ; કાઠિયાવાડના લોકો ભાગ્યશાળી છે!'

—આમ માગસર વદ આઠમનો તલાસરી ગામનો કાર્યક્રમ પુરો થયો ને બીજે દિવસે **કાસા** ગામ તરફ પ્રસ્થાન કર્યું. પૂ. ગુરુદેવ મહાન પ્રભાવના કરતા કરતા તીર્થયાત્રા માટે વિચરી રહ્યા છે. પરમ ધ્યેયરૂપ એવા સિદ્ધપદને યાદ કરતા કરતા સિદ્ધિપંથપ્રદર્શક ગુરુદેવની સાથે સાથે, શાશ્વતસિદ્ધિધામ તરફ ઝડપભેર પ્રયાણ કરતાં આનંદ થાય છે. હવે દિવસે—દિવસે મુંબઈનગરીની નીકટ થતા જઇએ છીએ. મુંબઈ પહોંચતા પહેલાં, અત્યારે જે પ્રદેશમાંથી પસાર થઈ રહ્યા છીએ તેનું જરાક અવલોકન કરી લઇએ :

આદિવાસી લોકોનો આ પ્રદેશ ગીચઝાડીથી છવાયેલો છે. વસ્તી બહુ જ પછાત, ગરીબ અને વહેમી છે....જંગલમાં લાકડા કાપીને જીવનનિર્વાહ ચલાવે છે. દૂધ જેવી વસ્તુ પણ આસપાસ અનેક માઇલોમાં ન મળે. કોઈ નિશાળ કે સરકારી ઓફીસ સિવાય પાકા બાંધેલા મકાન એકેય ન મળે. જૈનવસ્તી કે જિનમંદિરનું તો આ પ્રદેશમાં નામ પણ ન સંભળાય. લોકોના પહેરવેશમાં માત્ર લંગોટ અને ખમીસ! પ્રવાસ દરમિયાન કેટલીક જાનો સામી મળેલી, તેમાં વરરાજાનો વેશ લંગોટ, ખમીસ, માથે મુગટ, અને ફૂલહારથી મોઢું

તદ્દન ઢંકેલું ! જગતમાં શું બની રહ્યું છે તેની જાણે કે કાંઈ દરકાર ન હોય, ને જગતના સુખ–દુઃખની પરવા ન હોય – એમ બેદરકારપણે લોકો જીવન ગાળી રહ્યા છે. ભાષા મરાઠી છે.

કાસાગામમાં સૂર્યાનદી અને વનપર્વતોનું દૃશ્ય રળિયામણું છે. બપોરે ગુરુદેવે એક 'શિક્ષણશિબિર'માં સાત વ્યસનોના ત્યાગ ઉપર સુંદર પ્રવચન આપ્યું; પ્રવચનમાં ૨૦૦ જેટલા મરાઠી શિક્ષકભાઇઓ હતા; પ્રવચન બાદ મુખ્ય શિક્ષકે ગુરુદેવ પ્રત્યે પુષ્પાંજલિ અર્પણ કરતાં કહ્યું કે આ જંગલમાં આપે મંગલ કર્યું છે. આ અનાર્ય જેવા પ્રદેશમાં આપના જેવા સન્ત ક્યાંથી ?

બીજે દિવસે કાસાથી **મનોર** ગામે આવ્યા ને ત્યાંથી **ખુપરી** ગામે આવ્યા. આ ગામને વિષે જોકે કાંઇ ખાસ પ્રસંગ નથી બન્યો પરંતુ તેની ટૂંક યાદગીરી બે ચાર લીટીમાં અહીં નોંધવા જેવી છે—

તદ્દન સાધારણ ગામ....
તદ્દન અજાણ્યા માણસો...
ઘોલકા જેવા ઘરમાં ઉતારો...
ઢોર બાંધવાની ગમાણમાં રસોડું....
આસપાસ ઘૃણાકારી દુર્ગંધ....

વચ્ચે આવી પડેલા આ ગામને છોડીને સાંજે જ **અંબાડી** ગામે આવ્યા. અહીં સરસ એકાકી વન વચ્ચેના શાંત વાતાવરણમાં ડાકબંગલામાં ઉતર્યા. રાત્રે "એકાકી વિચરતો વળી સ્મશાનમાં...." ઇત્યાદિ ભાવનાઓ ગુરુદેવ બોલતા હતા.

માગસર વદ ૧૨ ના રોજ પૂ. ગુરુદેવ **ભીમંડી શહેર** પધારતાં ભક્તોએ ઉત્સાહથી સ્વાગત કર્યું. મુંબઇથી ૫૦૦ જેટલા ભાઇ-બહેનો આવ્યા હતા. શેઠશ્રી મગનલાલભાઇએ બધી વ્યવસ્થા સુંદર કરી હતી. સાંજે ગુરુદેવ ભીમંડીથી થાણા પધાર્યા. અહીં એક મોટા શ્વે. મંદિરમાં કાચની કારીગરી, હાથી વગેરે છે અને સીમંધર ભગવાનની મૂર્તિ છે.


માગસર વદ ૧૩ ના રોજ ગુરુદેવે ભીમંડીથી શિવ તરફ પ્રસ્થાન કર્યું. વચ્ચે ઘાટકોપર, કુરલા, મુલન્દ વગેરે સ્થળેથી જ્યારે ગુરુદેવ પસાર થયા ત્યારે ત્યાંના સેંકડો ભાઈ-બહેનોએ હર્ષપૂર્વક ગુરુદેવનું સન્માન કર્યું. ઘાટકોપરના મંડપમાં ૫૦૦ જેટલા ભાઇ–બહેનો એકઠા થયા હતા. ગુરુદેવ શિવ પધારતાં દોઢ હજાર જેટલા ભક્તોએ ઉમળકાથી ભવ્ય સ્વાગત કર્યું. મંગલ પ્રવચનમાં ગુરુદેવે 'શિવનગરીમાં પ્રવેશ કઈ રીતે થાય' તે સમજાવ્યું. ગુરુદેવનો ઉતારો વગેરે સુમનભાઈ દોશીને ત્યાં હતું. બપોરે 'તામિલહોલ'માં પ્રવચન હતું, તેમાં ૨૦૦૦ જેટલા શ્રોતાઓ હતા.


માગસર વદ ૧૪ ને રવિવારે ગુરુદેવે શિવથી મુંબઈ તરફ પ્રસ્થાન કર્યું. વચ્ચે માટુંગા વગેરેમાં સેંકડો ભાઇ-બહેનોએ સન્માન કર્યું. વહેલી સવારમાં ગુરુદેવ મુંબઇ ગયા....મુંબઇની ધમાલ હજી શરૂ થઈ ન હતી, વાતાવરણ શાંત હતું.—માત્ર મસ્જીદ-બંદરરોડની આસપાસ ધમાલ થઇ રહી હતી–શેની ? કે ગુરુદેવના સ્વાગત માટે હજારો લોકો ઉમટી રહ્યા હતા તેની.

## મું....બ....ઈ....ન....ગ....રી....માં


માગસર વદ ૧૪ ને રવિવારે ગુરુદેવ મુંબઈ નગરીમાં પધાર્યા...આ પ્રસંગે ઠેર ઠેર વિવિધ શણગારથી મુંબઈનગરી શોભતી હતી. ધજા અને તોરણો, દરવાજા અને કમાનો, પુષ્પવૃષ્ટિ અને સ્વાગતસૂત્રો, ઇંદ્રધ્વજ અને ધર્મચક્ર, બેન્ડવાજાં અને વિમાનરચના, અનેક મોટરો અને વિકટોરીઆગાડીઓની હારમાળા, એ બધાયની વચ્ચે હજારો ભક્તોના હર્ષમય કોલાહલથી અનેરૂં સ્વાગત થયું. મુંબઇનગરીના મુમુક્ષુઓ ઘણા કાળથી ગુરુદેવના આગમનની પ્રતિક્ષા કરી રહ્યા હતા, તેમની ભાવના આજે પૂરી થતાં સૌનાં હૃદય ઉલ્લાસથી હાલકડોલક થઇ રહ્યા હતા. ગુરુદેવ પધારતાં સૌએ હૃદય ખોલીને ભવ્ય સ્વાગત કર્યું... સ્વાગત પ્રસંગની ભક્તિનો ઉમળકો જોઇને નગરજનો પણ આશ્ચર્ય પામી જાય એવું હતું. આઠદસ હજાર માણસોના આનંદમય જયધ્વનિથી નગરી ગાજી રહી હતી. સ્વાગતના મોખરે સોનગઢના પ્રમુખશ્રી રામજીભાઈ અને મુંબઇના પ્રમુખશ્રી મણિલાલભાઈ હાથમાં છડી સહિત ચાલી રહ્યા હતા...હજારોની મેદની વચ્ચે કહાન ગુરુદેવની પ્રતિભા-સંપન્ન મુદ્રા નિહાળીને લોકો પ્રસન્ન થતા. સ્વાગત પ્રસંગે મુંબઇના હજારો નહિ પરંતુ લાખો લોકોએ ગુરુદેવના દર્શન કર્યા....રસ્તાની બંને બાજુની અગાશીઓ અને અટારીઓ પ્રેક્ષકોથી ઉભરાઈ ગઈ હતી. જે રસ્તેથી સ્વાગત–સરઘસ પસાર થાય ત્યાંનો વાહનવ્યવહાર ઘડીભર થંભી જતો,- જાણે ગુરુદેવના આગમને આખા મુંબઇને આશ્ચર્યથી થંભાવી દીધું હતું.


મુખ્ય રસ્તાઓ ઉપરથી પસાર થતાં થતાં જ્યારે ગુલાલવાડીનું દિ. જિનમંદિર આવ્યું ત્યારે ગુરુદેવ જિનમંદિરે દર્શન કરવા પધાર્યા સુરત પછી આજે ઘણા દિવસે જિનમંદિરના દર્શન થતાં આનંદ થયો ને ગુરુદેવે હીરા–માણેકથી ભગવાનને વધાવ્યા. ત્યારબાદ આગળ જતાં ઝવેરી બજારમાં દિ. જૈન મુમુક્ષુ મંડળના જિનમંદિરનો પ્લોટ આવ્યો. જિનમંદિરનું





મંગલ તીર્થયાત્ર (૨૪)




ગ્રાઈપ સીરપ
DEALERS IN PATENT
ધી જનરલ ડ્રગ

ચણતરકામ ચાલી રહ્યું હતું; ગુરુદેવે ત્યાં પગલા કર્યા અને મુંબઈના પ્રમુખશ્રીની વિનતિથી પોતાના સુહસ્તે ઇંટ મુકીને શિલારોપણ કર્યું. ત્યારબાદ મમ્માદેવી પ્લોટમાં રચાયેલ મહાવીરનગરના સુસજ્જિત મંડપમાં આવ્યા ને ગુરુદેવે મુંબઇમાં પહેલવહેલું માંગળિક સંભળાવ્યું...ગુરુદેવની આનંદમય અધ્યાત્મવાણી સાંભળીને મુંબઇની જનતા મુગ્ધ બની.

'મહાવીરનગર'–મંડપના ભવ્ય પ્રવેશદ્વારની સન્મુખ ૨૧ ફૂટ ઊંચો માનસ્તંભ રચ્યો હતો; દરવાજાની એક તરફ સમ્મેદશિખરજી વગેરે તીર્થધામોનું માર્ગદર્શન હતું ને બીજી તરફ સીમંધર–કુંદ–અમૃત–કહાનનાં કિરણોનું દૃશ્ય હતું; બંને દૃશ્યોની રચના આકર્ષક હતી. મુંબઈનગરીમાં ગુરુદેવના યાદગાર સ્વાગતની નોંધ 'મુંબઇ–સમાચાર' વગેરે પત્રોએ ઉત્સાહ-પૂર્વક પ્રગટ કરી હતી. મુંબઈમાં ગુરુદેવ ૧૭ દિવસ રહ્યા; ઉતારો અને ભોજનાદિની વ્યવસ્થા મારવાડી–પંચાયતવાડી ( પાંજરાપોળ લાઈન ) માં હતી; રાત્રે સુવા માટે હુકમોચંદજી શેઠના રાજભુવનમાં પાંચમે માળે જતા.

હંમેશા સવારે અને બપોરે ગુરુદેવના પ્રવચનો થતા, હજારો શ્રોતાજનો રસપૂર્વક તેનું શ્રવણ કરતા; રવિવાર જેવા દિવસોએ શ્રોતાજનોની સંખ્યા દસેક હજાર સુધી પહોંચી જતી. પ્રવચનસભાનું દૃશ્ય અદ્‌ભુત પ્રભાવશાળી લાગતું. સવારે સમયસાર—કર્તાકર્મ અધિકાર ઉપર અને બપોરે પદ્મનંદીપચીસીમાંથી ઋષભજિનસ્તોત્ર ઉપર પ્રવચનો થતા.... પ્રવચનમાં શાંત–અધ્યાત્મરસનો દરિયો ઊછળતો હતો....ને શ્રોતાજનો ઘેઘડી મુંબઈની ધમાલ ભૂલી જઇને શાંતરસમાં તરબોળ બની જતા. આત્માર્થીએ—એટલે કે સુખના અભિલાષીએ તત્ત્વનો કેવો નિર્ણય કરવો તે ગુરુદેવ સમજાવતા હતા; અને જ્યારે હલક-પૂર્વક ગદગદ વાણીથી હાથ જોડીને સીમંધરાદિ ભગવાનની કે મુનિવરોની ભક્તિનું ઝરણું વહેવડાવતા ત્યારે સભા આશ્ચર્યસ્તબ્ધ બની જતી ને વૈરાગ્યની મસ્તી જામતી. ગુરુદેવને પોતાને પણ અધ્યાત્મની ધૂન ચડતી, ને અંતરના સાગરનો પ્રવાહ વાણીમાં વહેતો ગુરુદેવનું અધ્યાત્મરસઝરતું પ્રવચન લોકોને ખૂબ જ મીઠું લાગતું. એ વખતે તો મુંબઈ 'મોહમયી નગરી' મટીને જાણે કે 'ધર્મનગરી' બની જતું હતું, ને 'ધાંધલપુરી' ને બદલે 'શાંતપુરી' જેવું લાગતું હતું. તે વાતાવરણ જોઇને એમ થતું કે હજી શાસનના અને પાત્રજીવોના ભાગ્ય છે કે આવી પ્રભાવના ચાલી રહી છે. ગુરુદેવ કહેતા કે—મુંબઈના લોકોને આ વાત સાંભળવાનો ઘણો પ્રેમ છે, મોટી સભા છતાં લોકો શાંતિથી અને સભ્યતાથી સાંભળે છે. આ તો અંતરની અલૌકિક વાત છે; મુંબઈમાં આ તો જૈનશાસનની પેઢી ખોલાણી છે. અંતરની આ વાત લોકો સાંભળે તો ખરા. શ્રોતાજનો આહ્‌લાદથી કહેતા કે સો વર્ષના સુતેલાનેય જગાડે એવી આ વાણી છે. વાણી એવી પ્રભાવશાળી છે કે લોકો સ્તબ્ધ બનીને થીજી જાય છે. વ્યાખ્યાન વખતે તો એમ લાગે કે છે જાણે બીજી શાંતિની દુનિયામાં બેઠા હોઇએ! મુંબઈમાં વક્તા તો ઘણાય આવે છે ને સભાઓ પણ થાય છે, પરંતુ સભાનું આવું શાંત વાતાવરણ, અને અધ્યાત્મની આવી વાત દિવસો સુધી એકધારા રસથી લોકો સાંભળ્યા કરે એવું અમે જોયું નથી. વ્યાખ્યાનો તો ઘણાયના સાંભળ્યા પણ આવું કદી નથી સાંભળ્યું.—આમ અનેક માણસો અનેક પ્રકારે પોતાનો પ્રમોદ વ્યક્ત કરતા. કોઇ કોઈવાર બપોરે પ્રવચન પછી મંડપમાં જિનેન્દ્ર ભગવાનને

બિરાજમાન કરીને ભક્તિ થતી, ૪–૫ હજારની મેદનીમાં પૂ. બેનશ્રીબેન અદ્‌ભૂત ભક્તિરસ રેલાવતા.

હવે આપણે મુંબઈ શહેરના જિનમંદિરો જોઈએ:

* એક જિનમંદિર ગુલાલવાડીમાં છે, જેના દર્શન કરવા માટે સ્વાગત વખતે ગુરુદેવ પધાર્યા હતા.

* બીજું જિનમંદિર ભૂલેશ્વરમાં છે, તેમાં ચંદ્રપ્રભુ વગેરે ભગવંતો બિરાજે છે,—શ્રીમદ્‌ રાજચંદ્ર જેમનાં દર્શન કરતા તે આ જ ચંદ્રપ્રભુ. આ મંદિરમાં સ્ફટિકના પ્રતિમા પણ છે.

* ત્રીજું જિનમંદિર કાલબાદેવીરોડ ઉપર કસોટી પત્થરનું બંધાય છે તેમાં પાર્શ્વનાથ પ્રભુના સુંદર પ્રતિમાજી બિરાજે છે.

* ચોથું ઝવેરીબજારમાં આવેલું દિગંબર જૈન મુમુક્ષુ મંડળનું જિનમંદિર–જેમાં સીમંધરાદિ ભગવંતો બિરાજમાન છે, તે મંદિર તે વખતે બંધાતું હતું.

કોટન એકસચેન્જ હોલ પાસે જ્યાં ચાર મુખ્ય રસ્તા ભેગા થાય છે ત્યાં, એક તરફ કાલબાદેવીનું જિનમંદિર, બીજી તરફ ભૂલેશ્વરનું જિનમંદિર, ત્રીજી તરફ ગુલાલવાડીનું જિનમંદિર અને ચોથી તરફ ઝવેરીબજારનું જિનમંદિર આમ 'ચાર જિનમંદિરના ચોક' જેવું લાગે છે.

* આ ચાર જિનમંદિરો ઉપરાંત બીજા બે સુંદર ચૈત્યાલયો ચોપાટી ઉપર છે; એક તો શેઠ પુનમચંદ ઘાસીલાલને ત્યાં પાંચમા માળે છે તેમાં ચાંદીના શાંતિનાથ ભગવાન બિરાજે છે, અને બીજું શેઠ માણેકચંદ પાનાચંદને ત્યાં છે તેમાં સ્ફટિકના ચંદ્રપ્રભ ભગવાન બિરાજે છે; બંને ચૈત્યાલયો કાચની સુંદર કારીગરીથી દરિયાકિનારે શોભી રહ્યા છે, તે દર્શનીય છે.

પૂ. ગુરુદેવ અને સૌ ભક્તજનો આ બધા જિનમંદિરે અને ચૈત્યાલયે દર્શન કરવા ગયા હતા. ભૂલેશ્વર વગેરેના જિનમિંદરે અવારનવાર ઉત્સાહપૂર્વક સમૂહપૂજન પણ થતું. પૂ. બેનશ્રીબેન આહ્‌લાદકારી પૂજન કરાવતા, તેમાં ગુરુદેવ સાથે થનારી મંગલયાત્રાનો પ્રમોદ પણ દેખાઈ આવતો હતો. કાલબાદેવી વગેરે મંદિરમાં કોઈ કોઈવાર રાત્રે ભાવભીની ભક્તિ કરાવતા. એક વખત તો ઘણા જ વૈરાગ્યરસથી નીચેના સ્તવનો ગાયા હતા—

(૧) દુઃખહર સુખદાતાર....તૂંહી હૈ પારસપ્યારા રે....તુંહી હૈ...
નિર્બલકો બલકાર....તૂંહી હૈ એક સહારા રે....તુંહી હૈ .

(૨) મૈં જીવન દુઃખ સબ ભૂલ ગયા....
યે પાવન પ્રભુકો દેખ પ્રભુ !...

—તેમાંય "યહ જીવન તુજસા જીવન હો"-એ ભાવના વખતનું દૃશ્ય તો ચિરસ્મરણીય હતું.

અહીં દરિયાકિનારે સંગ્રહાલયમાં અનેક પ્રાચીન જિનબિંબો છે, જેમાં એક બાહુબલી ભગવાનના આઠમી સદીના (૧૨૦૦ વર્ષ પુરાણા) પ્રતિમા છે.

જયપુરના લગભગ ૩૦૦ પ્રતિષ્ઠિત ગૃહસ્થોની સહીથી એક આમંત્રણ પત્રદ્વારા પૂ. ગુરુદેવને પધારવા અને ત્યાં ચોમાસું રહેવા વિનતિ થઈ હતી. એ રીતે ઇંદોર, કલકત્તા, દિલ્હી વગેરે ઘણા સ્થળેથી પણ ગુરુદેવને પધારવા માટે વિનતિ કરવામાં આવી હતી.

પોષ સુદ ૧૨ને રવિવારે જૈનધર્મની મહાન પ્રભાવક રથયાત્રા નીકળી હતી...રથમાં જિનેન્દ્રભગવાન અતિશય શોભતા હતા....ચાલતી રથયાત્રાએ ભક્તિના ઉમળકા અદ્ભુત હતા....મુંબઈમાં મહાન ઉલ્લાસપૂર્વકની આવી ભવ્ય રથયાત્રા સૌ આશ્ચર્યપૂર્વક જોઈ રહેતા.


પોષ સુદ ૧૪ ના રોજ ભૂલેશ્વરના જિનમંદિરમાં સમૂહપૂજન ઘણા જ ભાવથી થયું હતું. મુમુક્ષુમંડળના ઘણા ભાઇબેનોએ આ સમૂહપૂજનમાં ભાગ લીધો....બેનશ્રીબેને ઘણા ઉલ્લાસથી ચંદ્રપ્રભસ્વામીનું અને ચોવીસે તીર્થંકર ભગવંતોનું પૂજન કરાવ્યા બાદ, ભક્તિથી ચામર ઢાળતાં ઢાળતાં પ્રદક્ષિણા કરી. ભારતના સિદ્ધિધામોને ભેટવા માટે પ્રસ્થાન તો આવતી કાલે થવાનું છે પરંતુ તે યાત્રાનો હર્ષોત્સાહ તો આજથી જ વ્યક્ત થઈ જતો હતો,—તે પૂજન વખતે દેખાઈ આવતો હતો. એ પૂજન બહુ આહ્‌લાદકારી હતું.

માહ વદ ૧૪ થી પોષ સુદ ૧૪ કુલ ૧૭ દિવસ પૂ. ગુરુદેવ મુંબઇમાં રહ્યા, તેના અનેકાનેક સ્મરણોમાંથી કોઈક જ અહીં નોંધ્યા છે, કેમ કે આપણો મુખ્ય વિષય તો "તીર્થયાત્રા" છે. જેમ તે વખતે ગુરુદેવ સાથે જલદી જલદી તીર્થયાત્રા કરવા માટે અમારા સૌનાં હૃદય અધીર હતા તેમ અત્યારે પણ જલદી જલદી એ તીર્થયાત્રાનું વર્ણન વાંચવા માટે પાઠકોનું હૃદય અધીર બન્યું હશે, એટલે હવે બીજા પ્રસંગોમાં ન અટકતાં આપણે હમણાં જ "**મંગલ તીર્થયાત્રા**" શરૂ કરી દેશું.

પોષ સુદ ૧૪ ને દિવસે તો, જેમ આત્માની ધૂન આડે સંસારનો મોહ ઊડી જાય તેમ, તીર્થયાત્રાની ધૂન આડે મોહમયી મુંબઈનગરીનો મોહ ઊડી ગયો ..આખો દિવસ બધા યાત્રિકો યાત્રાની તૈયારીમાં જ ગૂંથાયા—જેમ ખરા આત્માર્થીનું હૃદય આત્માની શોધમાં જ ગૂંથાઈ જાય તેમ; આખો દિવસ જાત્રાના વિચાર, તેની જ ચર્ચા, અને તેની જ તૈયારી. મોડી મોડી રાત સુધી યાત્રાની તૈયારી કરીને તેની જ ધૂનમાં યાત્રિકો સૂતા ..પરંતુ 'જેની ખરી લગની લાગી હોય તે શું ઊંઘમાંય છૂટે ?' ઊંઘમાંય યાત્રિકોને ભણકાર વાગતા કે જાણે સમ્મેદશિખર ઉપરથી કોઇ સંતો સાદ પાડીને બોલાવી રહ્યા છે. ને વિપુલાચલના શિખરેથી ૐકારધ્વનિના મોજાં કાને અથડાઇ રહ્યા છે!...ઘણા યાત્રિકોએ તો રાત્રે જ સ્વપ્નદ્વારા ઊડીને ગુરુદેવ સાથે તીર્થયાત્રા કરવાનું શરૂ કરી દીધું હશે...અને જેઓ એ રીતે ઊડી નહિ શકયા હોય તેઓ જાગતા જાગતા પણ એમ રટણ કરતા હશે કે—


ગુરુદેવ સાથે જાશું...
સંતોના ધામ જોશું...
હોંસે યાત્રા કરશું...
ને રત્નત્રયને વરશું...


તીર્થધામો નીરખી....
ગુરુ-કહાન જાશે હરખી....
પૂજા ભકિત કરશું...
ને ઝટઝટ મુકિત વરશું...






મંગલ તીર્થયાત્રા (૨૮)





મંગલ તીર્થયાત્રા (૨૯)

# મુંબઈથી મંગલ પ્રસ્થાન




*** સં. ૨૦૧૩ પો..ષ.. સુ..દ.. પૂ..ર્ણિ..મા... ***

શાશ્વત તીર્થરાજ શ્રી સમ્મેદશિખરજીની યાત્રાના પ્રસ્થાનનો આજે મંગલદિન છે. આજનું પ્રભાત અનેરું ભાસે છે...ગગનમાં જાણે દેવોનાં દિવ્ય વાજાં વાગી રહ્યાં છે, પુનમનો પૂર્ણચંદ્ર પ્રકાશી રહ્યો છે.... તારલાઓ ઝગઝગ કરતા મલકી રહ્યા છે... આકાશમાંથી જાણે કે ભૂમંડળ ઉપર કલ્યાણ વર્ષી રહ્યું છે.... પૃથ્વી આનંદથી નાચી રહી છે.... ભક્તોના હૈયામાં સિદ્ધિધામના સ્મરણથી હર્ષનો સાગર ઉલ્લસી રહ્યો છે... ને ગુરુદેવની પાવનમુદ્રા પ્રસન્નતાથી શોભી રહી છે ....,






—કેમ કે આજે શાશ્વત તીર્થરાજને ભેટવા માટે મંગલ પ્રસ્થાન થાય છે; અનંત જિનેન્દ્રોનું સિદ્ધિધામ જાણે કે સાદ પાડી પાડીને સાધકસંતોને બોલાવી રહ્યું છે; ગુરુદેવ સાથે શાશ્વત સિદ્ધિધામની યાત્રા કરવાની ભક્તોના હૃદયની ભાવના આજે પૂરી થાય છે. અહા ! ભરતક્ષેત્રના શાશ્વત તીર્થધામની મંગલયાત્રા માટે આજે પ્રસ્થાન થાય છે.

卐

સુપ્રભાતે ઊઠતાંવેંત ગુરુદેવે એ શાશ્વત તીર્થરાજનું અને ત્યાંથી મુક્તિ પામેલા સિદ્ધભગવંતોનું ભાવપૂર્વક સ્મરણ કર્યું. ત્યારબાદ ભૂલેશ્વરના દિ. જિનમંદિરે **શ્રી ચંદ્રપ્રભુ ભગવાનનાં** દર્શન કરીને પૂ. ગુરુદેવ ' મહાવીરનગર 'ના મંડપમાં પધાર્યા. બેન્ડવાજાંના મંગલનાદ ત્યાં ગાજતા હતા. અને ભક્તોની ભીડની તો શી વાત ! મંગલ તીર્થયાત્રા માટે ૫૨૫ યાત્રિકોના સંઘસહિત ગુરુદેવના પ્રસ્થાનનો આ મહોત્સવ નીહાળવા, તેમજ સગાં સંબંધી યાત્રિકોને વિદાય આપવા, લગભગ દસ હજાર ભક્તોની મેદની ઉભરાણી હતી. ચારેકોર ઉલ્લાસ અને ઉમંગભર્યું વાતાવરણ હતું. અનેક મોટરો અને મોટરબસોની હારમાળા સામાન ગોઠવાઈને તૈયાર થતી હતી. ભગવાનના કેવળજ્ઞાનકલ્યાણક પ્રસંગે સમવસરણ રચતાં જેમ દેવો આનંદથી કોલાહલ કરી મુકે છે કે " આ લાવો....આ અહીં ગોઠવો....તમે આમ કરો........" તેમ અહીં પણ યાત્રાસંઘના પ્રસ્થાનનો કોલાહલ થઈ રહ્યો હતો: " આ મોટર તૈયાર કરો.....તમારી મોટર આ છે...આમાં સામાન લાવો ' એમ શોરબકોરપૂર્વક તૈયારી ચાલી રહી હતી. ગુરુદેવની યાત્રા માટેની મોટર—જેનું નામ ' કલ્યાણવર્ષિણી ' હતું, તે પણ સુંદર શણગારથી શોભી રહી હતી ને તેના ઉપર જૈનધર્મનો ધ્વજ ફરકી રહ્યો હતો. (ગુરુદેવના યાત્રાપ્રવાસ માટે કલકત્તાના શેઠ શ્રી વછરાજજી ગંગવાલે આ તદ્દન નવી મોટર ખરીદી હતી. તે ઉપરાંત શ્રી ગોગીદેવી જૈન બ્રહ્મચર્યાશ્રમના બહેનો માટે એક મોટરબસનો પણ તેમણે બંદોબસ્ત કર્યો હતો.)

મંડપમાં અનેક ભક્તજનોનાં ટોળાં આ યાત્રા પ્રસંગનો હર્ષ વ્યક્ત કરતા હતા, ને " આ યાત્રા સફળ હો...આ યાત્રાનો જય હો...." એમ ભક્તિપૂર્વક આશીર્વાદ વર્ષાવતા હતા. અનંત સિદ્ધભગવંતોના મુક્તિધામ તરફ પ્રયાણ કરતાં, એ પાવનધામને ભેટવા ગુરુદેવના હૃદયમાં ઉલ્લસતી ભક્તિભરી ઉર્મિઓ આજે વ્યક્ત જણાતી હતી...ને ગુરુદેવ સાથે એ





" કલ્યાણવર્ષિણી " — પ્રસ્થાનની તૈયારી....


' આ યાત્રા સફળ હો '




તીર્થયાત્રાની આઠ મોટરબસ
પ્રસ્થાનની તૈયારી








सत सेविनी




સિદ્ધભગવંતોની નગરી તરફ પ્રયાણ કરતાં ભક્તોનું અંતરીયું પણ આનંદથી ઉલ્લસતું હતું... ધન્ય થશે હવે આ જીવન! કે ગુરુરાજની સાથે યાત્રાનો મહાન અવસર આવ્યો.

સવાસાત વાગે માંગળિક સંભળાવીને ગુરુદેવ મોટર પાસે આવ્યા...ને, ' આ જાત્રા નિમિત્તે જીવનમાં પહેલીજવાર મોટરમાં બેસવાનું થાય છે" એમ કહીને, ' જય ભગવાન .' કરતાં મોટરમાં બિરાજમાન થયા. ચારેકોર જયજયકાર અને વાજિંત્રોના મંગલનાદથી વાતાવરણ ગાજી ઊઠયું. 'કલ્યાણવર્ષિણી' મોટર પણ, જાણે કે ગુરુદેવના બેસવાથી ખુશી થઈ હોય તેમ મીઠામધુર સુરથી હૉર્ન વગાડીને ભક્તોના આનંદમાં પોતાનો સૂર પુરાવતી હતી..." આહા! હું જડ હોવા છતાં મારે પણ આવા સંતની સાથે શાશ્વત તીર્થધામની યાત્રા થશે"—એમ પોતાના સુમધુર સુર દ્વારા વ્યક્ત કરતી "કલ્યાણવર્ષિણી" ચાલવા લાગી. અતિશય ભીડ ને અતિશય ઉમંગપૂર્વક જયજયકાર કરીને ભક્તોએ મંગલ વિદાય આપી. અને, શાશ્વત સિદ્ધિધામને જલદી જલદી ભેટવાની ગુરુદેવના અંતરની ભાવનાની જાણે કે 'કલ્યાણવર્ષિણી'ને ખબર પડી ગઈ હોય તેમ તે પણ ઝડપભેર શિખરજી ધામ તરફ દોડવા લાગી.

**"છૂટયા બાલક સત્વર પ્રભુને ભેટવા..."**

હજારો ભક્તો હર્ષનયને એ દૃશ્ય જોઈ રહ્યા.

卐 — 卐 .... 卐

ગુરુદેવની સાથે સાથે જ યાત્રાસંઘની અનેક મોટરો ચાલી. શેઠશ્રી મોહનલાલભાઈ, શેઠશ્રી નેમિદાસભાઇ, શેઠશ્રી ભુરાલાલભાઇ, શેઠશ્રી તલકશીભાઈ, શેઠશ્રી ખીમચંદભાઇ, શેઠશ્રી વછરાજજી, શેઠશ્રી મીઠાલાલજી વગેરેની તેમજ પૂ. બેનશ્રી–બેનની 'સતસેવિની' મોટરો પણ જયજયકારપૂર્વક યાત્રા માટે ચાલી. ત્યારબાદ યાત્રાસંઘની બીજી મોટરો

તેમજ મોટરબસો પણ ધીમેધીમે રવાના થઈ. ગુરુદેવના આ સંઘનું નામ “પૂજ્ય શ્રી કાનજીસ્વામી દિ૦ જૈન તીર્થયાત્રા સંઘ” છે. સંઘમાં જુદા જુદા યાત્રિકોની ૨૮ મોટરો તેમજ ૮ મોટરબસો છે, કુલ સવા પાંચસો યાત્રિકો છે. આનંદપૂર્વક ભક્તિ કરતાં કરતાં મોટરો અને મોટરબસો ચાલી જાય છે—

હિલમિલકર સબ ભક્તોં ચાલો....શાશ્વત તીરથધામમેં....
આનંદપૂર્વક યાત્રા કરીએ...ગુરુજીકી સાથમેં........

ભરતક્ષેત્રકા તીરથ જો હૈ,
અનંત જિનેશ્વર મુક્તિ ગયે હૈ,
અનેક મુનીશ્વર ધ્યાન કિયે હૈ,
—ઐસે તીરથધામમેં...(૪) હિલમિલકર૦

શાશ્વતધામકી શોભા ભારી,
સાધક સંતોકો હૈ પ્યારી,
તીર્થંકરકી ભૂમિ ન્યારી,
—ઐસે તીરથધામમેં...(૪) હિલમિલકર૦

—આ રીતે ભક્તિ કરતાં કરતાં ગુરુદેવના પગલે પગલે આખો સંઘ પવિત્ર સિદ્ધિધામ તરફ ચાલ્યો જાય છે.

જય હો...અનંત સિદ્ધભગવંતોનો !
જય હો...સિદ્ધિધામના યાત્રિક સંતોનો !



# * ભીમંડી શહેર *

લગભગ સાડાનવ વાગતાં સંઘસહિત પૂ. ગુરુદેવ ભીમંડી શહેર પધાર્યા... શેઠશ્રી મગનલાલ સુંદરજીભાઈએ ઉલ્લાસપૂર્વક શહેરને શણગારીને ગુરુદેવનું ભવ્ય સ્વાગત કર્યું, ને સંઘના યાત્રિકોને તેમજ શહેરના જૈનોને પ્રેમપૂર્વક જમાડયા. જ્યાં જ્યાં સંઘનો મુકામ થતો ત્યાં ત્યાં ભક્તજનોને એમ થતું કે અહા ! અમારા આંગણે ગુરુદેવનો યાત્રાસંઘ કયાંથી ! અમારે ત્યાં ગુરુદેવનાં પગલાં કયાંથી ! ભીમંડીમાં માત્ર ત્રણ કલાકના મુકામ દરમિયાન સંઘના સ્વાગતમાં શ્રી મગનલાલભાઈએ ત્રણ હજાર રૂા. ખર્ચ્યા હતા.


માંગળિક પ્રવચનમાં ' नमः समयसाराय .. નું મંગલાચરણ કરીને ગુરુદેવે કહ્યું કે " જાત્રા દરમિયાન આ પહેલું માંગળિક થાય છે; શુદ્ધઆત્માને સાધ્યરૂપે સ્થાપીને, સિદ્ધ-ભગવંતોના સિદ્ધિધામની યાત્રાનું આ મંગલાચરણ થાય છે. આવા ધ્યેયને સાધી સાધીને અનંતા તીર્થંકરો ને સંતો સમ્મેદશિખરજી ધામથી મોક્ષ પામ્યા છે, તેની જાત્રા માટે જીવનમાં પહેલીવાર આ તરફ નીકળ્યા છીએ. "

પ્રવચન બાદ શેઠ મગનલાલભાઇને ત્યાં ભોજનાદિ બાદ એક વાગે ગુરુદેવે સંઘસહિત ભીમંડીથી ગજપંથા તરફ પ્રસ્થાન કર્યું.

ભીમંડીથી ગજપંથા જતા રસ્તામાં પર્વતોનાં રમણીય દૃશ્યો આવે છે. વિધવિધ આકૃતિવાળા પર્વતોમાં કોઇ તો, જાણે કે ધ્યાનસ્થ મુનિવર ઊભા હોય-એવા દેખાય છે. આવા દૃશ્યોનું ગુરુદેવ એકીટસે અવલોકન કરતા, ને વનવાસી સંતોના આત્મધ્યાનને યાદ કરતા. કયારેક કયારેક પર્વતની નીચે કોતરેલી ગૂફામાંથી મોટર પસાર થતી ત્યારે ગુરુદેવ સંતોને યાદ કરીને ઉદ્ગાર કાઢતા કે અહા ! મુનિઓ આવા એકાંત સ્થાનમાં આત્માનું ધ્યાન કરતા હોય.

આગળ ગુરુદેવની મોટર પસાર થાય કે તરત જ સંઘની બીજી મોટરો પણ જયજયકાર અને ભક્તિની ધૂન ગજાવતી એક પછી એક પસાર થાય-એ દૃશ્ય બહુ સુંદર લાગતું હતું. એ પ્રમાણે આનંદપૂર્વક માર્ગ પસાર કરતાં કરતાં ચાર વાગે ગજપંથા પહોંચ્યા.

# ગજપંથા સિદ્ધક્ષેત્ર



નાશીક શંહેરથી ત્રણેક માઇલ દૂર મશરૂલ ગામ છે, ત્યાંની વિશાળ ધર્મશાળામાં શ્રી મહાવીર ભગવાનનું મંદિર છે, તેની સન્મુખ લગભગ ૪૧ ફૂટ ઊંચો સુંદર માનસ્તંભ છે. જિનમંદિરના ઉપરના ભાગમાં, આ સિદ્ધક્ષેત્રથી મોક્ષ પામેલા સાત બલભદ્રના ચરણ-પાદુકા સ્થાપિત છે. ધર્મશાળાથી લગભગ એક માઇલ દૂર ગજપંથા પર્વત છે, તે સિદ્ધ-ક્ષેત્ર છે, ત્યાંથી સાત બળદેવ તથા આઠકરોડ મુનિવરો સિદ્ધિ પામ્યા છે.



આવા સિદ્ધિધામમાં ગુરુદેવ ચાર વાગે આવી ગયા. ત્યારબાદ પાછળ રહી ગયેલી મોટરો પણ સાંજે આઠ વાગ્યા સુધીમાં ક્રમેક્રમે આવી ગઈ. મુંબઇથી બીજા પણ સેંકડો ભાઈ-બહેનો અહીં યાત્રાર્થે આવેલા, તેથી અહીં લગભગ એક હજાર યાત્રિકો હતા. ધર્મશાળા તો ચિક્કાર ભરાઇ ગઈ હતી. પોષ માસની ઠંડીની પરવા કર્યા વગર કોઇ ઓસરીમાં તો કોઈ ફળિયામાં, જ્યાં જગ્યા મળી ત્યાં સુઈ ગયા; ને બીજા ઘણા યાત્રિકો હજી સામાન આવવાની રાહ જોતા હતા. યાત્રિકોને માટે દિલ્હીથી જે મોટરબસો મુંબઇ આવવાની હતી તેમાંથી કેટલીક હજી આવી ન હતી, તેથી ઘણા યાત્રિકો ટ્રેઇન મારફત આવેલા, તેમજ યાત્રિકોનો ઘણો સામાન બે ખટારા મારફત મુંબઇથી રવાના થયેલો, તે સામાન રાત્રે દસવાગે આવ્યો.

યાત્રાસંઘનો આ પહેલો જ પડાવ હતો, તેથી સંઘને અનેકવિધ અનુભવો થયા. કોઇની મોટર રસ્તામાં અટકી, તો વળી કોઇક પેસેન્જરો પોતાની બસ ચુકી ગયા, ને કોઇનો સામાન પાછળ રહી ગયો; પોષ મહિનાની કડકડતી ઠંડી પણ શરૂ થઈ ગઈ. આમ અનેક પ્રકારે મુશકેલીઓ ઊભી થવા છતાં સંઘનું વાતાવરણ હર્ષથી છવાએલું રહેતું, ગુરુદેવ સાથેની યાત્રાના ઉલ્લાસને લીધે બીજી બધી મુશકેલીઓ ભુલાઈ જતી. રાત પડી... પણ યાત્રાની ધૂનમાં યાત્રિકોને સૂવું ગમતું ન હતું, કયારે ઝટ સવાર પડે...ને કયારે ગુરુદેવની સાથે સિદ્ધક્ષેત્રની યાત્રા કરીએ! એવી ભાવના ભાવતા હતા.

# 卐 ગજપંથા સિદ્ધક્ષેત્રની યાત્રા 卐



**પોષ વદ એકમ :** સવારમાં ઊઠીને યાત્રિકો નાહી-ધોઇને યાત્રા માટે તૈયાર થઈ ગયા. પ્રથમ ધર્મશાળામાં જિનમંદિરના તથા માનસ્તંભના દર્શન-પૂજન કર્યા. આઠ વાગે લગભગ એકહજાર યાત્રિકોના સંઘસહિત પૂ. ગુરુદેવ ગજપંથા–સિદ્ધક્ષેત્રની યાત્રા માટે ચાલ્યા. આ પર્વતનું ચઢાણ ૩૦૦ પગથિયાં જેટલું છે ને ચડતાં વીસેક મિનિટ લાગે છે. ગુરુદેવને તો ઝટ યાત્રા કરવાની ધૂન, એટલે તેમણે તો ઝડપથી ઉપર ચડવા માંડ્યું. અહીં ડોળી માટે મુશકેલી હતી, કેટલીક ડોળીઓ હજી આવી ન હતી; પૂ. બેનશ્રી–બેનની ડોળીઓ પણ હજી આવી ન હતી. જો ડોળીની રાહ જોવા રોકાય તો તો ગુરુદેવ ક્યાંય આગળ નીકળી જાય....પણ બેનશ્રી-બેનને તો ગુરુદેવની સાથે યાત્રા કરવાની ઘણી હોંસ, એટલે ડોળીની રાહ ન જોતાં હોંસમાં ને હોંસમાં તેમણે ચાલવા માડ્યું. લગભગ અડધો પર્વત ચડ્યા પછી ડોળીઓ આવી. રસ્તામાં ભક્તિ ગાતા ગાતા ચડતા હતા—

મારા પરમ મુનિવર બલભદ્ર દેખ્યા સબ મિલ દરશન કરલો...
—હાં સબ મિલ યાત્રા કરલો.
બાર બાર આના મુશકીલ છે ભાવભક્તિ ઉર ધરલો...
—હાં સબ મિલ યાત્રા કરલો.

–ભક્તિ અને જયજયકાર કરતાં સૌ ઉપર પહોંચ્યા. ઉપર બે મંદિર છે, એકમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના વિશાળ (આઠ ફૂટના) પદ્માસન પ્રતિમાજી બિરાજે છે; તેમની ભવ્ય મુદ્રાના દર્શન કરતાં જ પર્વત ચડવાનો થાક ભુલાઈ જાય છે. ત્યાં ભક્તિભાવથી દર્શન-વંદન કરીને સૌ પૂજન કરવા બેઠા. પહેલી જ યાત્રા હોવાથી ઘણા ઉત્સાહપૂર્વક સમૂહપૂજન થયું હતું.—

बलभद्र सात, वसुकोडि मुनीश्वर यहांपर करम खपाई।
केवल लहि शिवधाम पधारे, जजुं तिन्हें शिरनाई॥

ચારેકોર યાત્રિકોની ભીડથી પર્વત ઉભરાઈ જતો હતો. ગુરુદેવ પાર્શ્વપ્રભુના ચરણની પાસે જ બેઠા હતા; નયનો પ્રભુજીની મુદ્રા પ્રત્યે થંભી ગયા હોય, એક હાથમાં પૂજાનું પુસ્તક હોય ને બીજા હાથમાં સોનાની રકાબીમાં અઘ લઈને 'સ્વા...હા....' કરતા હોય – એ રીતે સમૂહપૂજન વખતે ગુરુદેવનું ભાવભીનું દૃશ્ય સૌ ભક્તોને આનંદ ઉપજાવતું હતું. તો બીજી તરફ, ભગવાનના બીજા ચરણસમીપે બેઠેલા બેનશ્રી–બેન પણ પૂજનની ધૂન મચાવીને સૌને ઉત્સાહિત કરતા હતા. આમ ઉત્સાહ અને આનંદપૂર્વક પૂજન પૂરું કરીને બાજુના બીજા મંદિરમાં ગયા. આ મંદિરમાં અહીંથી મોક્ષ પામેલા સાતે બળદેવના ચરણકમળ એક શિલા ઉપર કોતરેલા છે, તે ઉપરાંત મંદિરની દિવાલોમાં અનેક પ્રતિમાજી કોતરેલા છે. એક શિલા ઉપર પંચપરમેષ્ઠી ભગવંતો કોતરેલા છે, તે દૃશ્ય બહુ ભાવવાહી છે. આ બધાનાં દર્શન કરીને ભાવપૂર્વક અર્ઘ ચડાવ્યો.

ગુરુદેવ સાથે સિદ્ધક્ષેત્રમાં વિચરતાં ભક્તોને ઘણો આનંદ થતો હતો. ગુરુદેવ બધું ભાવપૂર્વક જોતા અને ભક્તોને પણ બતાવતા હતા. વચ્ચે વચ્ચે ગુરુદેવ પ્રમોદથી કહેતા : "જુઓ, અહીંથી સાત બળદેવ મોક્ષ પામ્યા છે. આ ચોવીસીમાં નવ બળદેવ થયા તેમાંથી આઠ મોક્ષ પામ્યા છે, તેમાંથી સાત બળદેવ તો અહીંથી મોક્ષ પધાર્યા છે ને આઠમા રામચંદ્રજી માંગીતુંગીથી મોક્ષ પધાર્યા છે; અહીંથી હવે ત્યાં જવાનું છે, એટલે આપણે બધાય બળદેવોની મોક્ષભૂમિની યાત્રા થઈ જશે. આજે તો હજી આ પહેલવહેલી યાત્રા છે. યાત્રામાં આવા ઘણા નવા નવા તીર્થો આવશે. આપણે તો જીંદગીમાં પહેલીવાર આ તીર્થોની યાત્રા થાય છે. સાત બળદેવ ઉપરાંત બીજા આઠ કરોડ મુનિવરો અહીંથી મોક્ષ પામ્યા છે.

(દરેક તીર્થમાં મોક્ષ પામનારની જે સંખ્યા કહેવામાં આવે છે તે વર્તમાન ચોવીસીની અપેક્ષાએ સમજવી. આમ તો અઢીદ્વીપના ૪૫ લાખ જોજનમાં એવું કોઈ ક્ષેત્ર નથી કે જ્યાંથી અનંતા જીવો મુક્તિ ન પામ્યા હોય.) અહા! ત્રણ ખંડના ધણી બળભદ્ર જેવા શલાકાપુરુષો દીક્ષા લઈને-મુનિ થઈને જ્યારે આત્માને સાધતા હશે ને કેવળજ્ઞાન પામતા હશે તે અવસર કેવો હશે!" આમ અનેક પ્રકારે ભક્તિભર્યા ઉદ્ગારવડે ગુરુદેવ જાત્રાને ખૂબ જ ઉમંગભરી બનાવી દેતા હતા. ને ગુરુદેવનો ઉમંગ દેખીને બેનશ્રી બેન પણ ઘણા ઉલ્લાસથી ભક્તિ કરાવતા હતા. પૂજન બાદ થોડીવાર ભક્તિ થઈ:

મૈં ગજપંથા સિદ્ધક્ષેત્રકો નિતપ્રતિ વંદું રે....
મૈં મુનિવર સિદ્ધદશાકો નિતપ્રિત ધ્યાવું રે....
મૈં બળભદ્ર મુનિવરકો શિશ નમાવું રે....

—એ રીતે આનંદપૂર્વક ગજપંથા-સિદ્ધક્ષેત્રની યાત્રા પૂરી કરીને જયજયકારપૂર્વક સૌએ નીચે ઊતરવા માંડ્યું.

પર્વત ઉપરના દરવાજે ઘંટ ટાંગેલ છે. ગુરુદેવની ડોળી જ્યારે આ દરવાજા પાસે આવી ત્યારે, ઘંટ નીચો હોવાથી એક બાજુ ચાલવા માટે ડોળીવાળાને સૂચના કરવાનું હજી તો કેટલાક ભક્તો વિચારતા હતા...ત્યાં તો ડોળી ઘંટની નજીક પહોંચી ગઈ...અને... ડોળીમાં બેઠેલા ગુરુદેવે હસતાં હસતાં હાથ ઊંચો કરીને એ ઘંટ વગાડ્યો...યાત્રાનો પ્રમોદ આ રીતે ગુરુદેવે વ્યક્ત કર્યો. પછી તો બીજા યાત્રિકોએ પણ ઉપરાઉપરી ઘંટનાદથી આખો પર્વત ગજાવી મૂક્યો. ગુરુદેવ સાથેની યાત્રાના આનંદની ચર્ચા કરતા કરતા યાત્રિકો નીચે ઊતરતા હતા. બેનશ્રી-બેન પણ, ગુરુદેવ સાથે યાત્રા થઈ તેની "વાહવા...જી...વાહવા" કરાવતા હતા.

—એ રીતે આનંદપૂર્વક યાત્રા કરીને લગભગ દસ વાગે સૌ યાત્રિકો ધર્મશાળાએ આવી ગયા, ને ગુરુદેવ સાથેની ગજપંથા સિદ્ધક્ષેત્રની પ્રથમ યાત્રા પૂર્ણ થઈ.

**ગજપંથાથી સિદ્ધિપ્રાપ્ત સિદ્ધભગવંતોને નમસ્કાર.**
**એ સિદ્ધિધામની યાત્રા કરાવનાર કહાનગુરુદેવને નમસ્કાર.**


યાત્રા બાદ સંઘે ભોજન કર્યું. આજની યાત્રાની ખુશાલીમાં રાજકોટના શેઠ મોહનલાલભાઈ ઘીયાના પુત્રો તરફથી સંઘને હરખજમણ આપવામાં આવ્યું હતું. યાત્રાસંઘમાં ભોજનની વ્યવસ્થા પણ સાથે રાખવામાં આવી હતી. તે માટે ૧૯ રસોયા તેમજ બીજો જરૂરી સ્ટાફ અને સરસામાન સાથે જ લેવામાં આવ્યા હતા. ભોજનાદિ બાદ સાંજે ચાર વાગે ગજપંથા સિદ્ધક્ષેત્રના જયજયકારપૂર્વક ગુરુદેવ સહિત સંઘે માંગી-તુંગી તરફ પ્રસ્થાન કર્યું.

ગુરુદેવની 'કલ્યાણવર્ષિણી'ની સાથે સાથે સંઘની ૪૦ જેટલી મોટરો ને મોટર-બસોની હારમાળા દોડી જાય છે. યાત્રાના હર્ષને લીધે મોટરોએ પણ જાણે માથે મુગટનો શણગાર સજ્યો હોય તેમ દરેક મોટર ઉપર સામાનનો ગંજ શોભી રહ્યો છે, ને અંદર યાત્રિકો હર્ષથી કિલ્લોલ કરી રહ્યા છે: ક્યાંક ભક્તિ ચાલી રહી છે, તો ક્યાંક નાસ્તાપાણી ચાલી રહ્યા છે, ક્યાંક યાત્રાની ચર્ચા ચાલી રહી છે, તો ક્યાંક વળી જયજયકાર સંભળાય છે ને ક્યાંક યાત્રિકો પરસ્પર વિનોદ-પ્રમોદ કરી રહ્યા છે. આમ યાત્રાપ્રવાસ ચાલી રહ્યો છે. પૂ. બેનશ્રી-બેન આજે બ્રહ્મચર્યાશ્રમની (વછરાજજી શેઠવાળી) બસમાં બેઠા છે ને ભક્તિ તથા યાત્રાની ચર્ચાદ્વારા સૌને આનંદ-પ્રમોદ કરાવે છે. લાંબીલાંબી લશકર જેવી યાત્રા-સંઘની મોટરોની લંગરમાળા દેખીને સૌને આશ્ચર્ય થાય છે. આ રીતે સંઘનો દેખાવ ઘણો પ્રભાવશાળી છે. ગુજરાતદેશ છોડીને જોકે હવે અન્યદેશમાં મુસાફરી ચાલી રહી છે, તોપણ, ગુરુદેવ સાથે હોવાથી, પરદેશ જેવું ક્યાંય લાગતું જ નથી....આ બધો આપણા ધર્મ-પિતાનો જ દેશ છે, આપણા ધર્મપિતા સંત-મુનિવરો અહીં વિચર્યા છે...ને ગુરુદેવ સાથે આપણા ધર્મપિતાના ધામમાં જ આપણે આવ્યા છીએ-એમ જ સૌને લાગે છે.

તીર્થધામમાં વિચરતા ગુરુદેવને પણ, જાણે કે આ બધો દેશ પોતાનો જાણીતો જ હોય-એમ લાગે છે. પ્રવાસ દરમિયાન તેઓ પણ ખૂબ જ પ્રસન્નતાથી યાત્રા સંબંધી ચર્ચા કરે છે ઘણીવાર રસ્તામાં બે મોટરો ભેગી થઈ જતાં ચાલતી મોટરે ગુરુદેવનાં દર્શન થઈ જાય છે ત્યારે ભક્તોને વિશેષ આનંદ થાય છે; ગુરુદેવ પણ પ્રસન્નતાથી જુએ છે કે આ કઈ મોટર છે! ભક્તો પણ જયજયકાર કરતા ગુરુદેવની મોટરની પાછળ પોતાની મોટર દોડાવી મુકે છે. આમ ગુરુદેવ સાથે યાત્રાસંઘનો પ્રવાસ આનંદપૂર્વક ચાલી રહ્યો છે.

ગજપંથાથી માંગીતુંગી તરફ જતાં રસ્તામાં ખૂબ પહાડી આવે છે. દૂરદૂરથી દેખાતા અનેક પર્વતોમાં માંગીતુંગીનો પહાડ કયો છે તેને ઓળખવા યાત્રિકો પ્રયત્ન કરે છે. થોડી-વારમાં દૂરથી માંગીતુંગી ધામનાં સ્પષ્ટ દર્શન થયા ને સૌ જયજયકાર કરવા લાગ્યા. દૂરથી દેખાતું તુંગીગિરિનું ઊંચું ઊંચું શિખર,-જાણે કે અહીંથી મુક્તિ પામીને સમશ્રેણીએ સિદ્ધાલયમાં બિરાજમાન સિદ્ધભગવંતો સામે મીટ માંડીને તેમનાં ગુણગાન ગાઈ રહ્યું હોય!-ને પોતે પણ ત્યાં જવા માંગતું હોય,-અથવા તો ભક્તોને આ પાવન સિદ્ધિધામ જોવા માટે હાથ ઊંચો કરીને આમંત્રી રહ્યું હોય એવું શોભે છે. એ તુંગી-ગિરિના શિખર ઉપર મીટ માંડીને છેલ્લો ચારેક માઈલનો ખરબચડો રસ્તો પસાર કરતાં લગભગ પાંચ વાગે માંગીતુંગી પહોંચી ગયા.


# માંગી-તુંગી સિદ્ધક્ષેત્ર



આ માંગીતુંગી સિદ્ધક્ષેત્ર ઘણું પુરાણું છે; અહીંથી શ્રી રામચંદ્ર, સુગ્રીવ, હનુમાન, સુડીલ, ગવ-ગવાખ્ય, નીલ-મહાનીલ તેમજ ૯૯ કરોડ મુનિવરો મોક્ષ પામ્યા છે. સમ્મેદ-શિખરજી સિવાયના બીજા કોઈ પણ તીર્થ કરતાં અહીંથી મોક્ષ પામનારની સંખ્યા વધુ છે. અહીં વિશાળ ધર્મશાળા છે, તેના મોટા ચોકની મધ્યમાં લગભગ ૩૧ ફૂટ ઊંચો સુંદર માનસ્તંભ છે. માનસ્તંભની આજુબાજુ ત્રણ જિનમંદિરો છે. ધર્મશાળાની બાજુમાં જ સિદ્ધિધામનું સુંદર દશ્ય દેખાઇ રહ્યું છે. અહીંના પર્વતને બે ચૂલિકા છે, એકનું નામ માંગી ને બીજીનું નામ તુંગી. આ માંગી-તુંગી પર્વતનું ચઢાણ બહુ અઘરું છે, પણ ઉપરનો દેખાવ એટલો બધો રળિયામણો છે કે ચઢાણનો થાક ભૂલાઈ જાય છે,—જેમ નિર્વિકલ્પ-વેદન વખતે વિકલ્પનો થાક ભૂલાઈ જાય તેમ.

-આવા માંગી-તુંગી સિદ્ધક્ષેત્રમાં સાંજે પાંચ વાગે ગુરુદેવ સંઘસહિત આવી પહોંચ્યા ત્યારે ક્ષેત્રના વ્યવસ્થાપકોએ ક્ષેત્રને શણગારીને બેન્ડવાજાં સહિત સ્વાગત કર્યું. સંઘની વ્યવસ્થા માટે શેઠ શ્રી ગજરાજજી ગંગવાલ સહકુટુંબ આવ્યા હતા ને તેમની દોરવણી નીચે સુંદર વ્યવસ્થા થઈ હતી.

જિનમંદિરોનાં દર્શન કરીને સંઘે ભોજન કર્યું, ત્યારબાદ યાત્રાની વ્યવસ્થા સંબંધી મીટીંગ થઈ. યાત્રાસંઘમાં પ્રમુખશ્રી રામજીભાઇની દોરવણી ખૂબ જ ઉપયોગી થતી, નાની-મોટી અનેક મુશકેલીઓમાંથી તેઓ માર્ગ કાઢી આપતા. રાત સુધી હજી કેટલાક યાત્રાળુ-ઓની મોટર માંગીતુંગી પહોંચી ન હતી તે સંબંધમાં પણ તેઓ ખૂબ લાગણીપૂર્વક તપાસ



પ્રમુખ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી



શ્રી નેમિચંદજી પાટની (મંત્રી)


કરાવતા. યાત્રામાં પોતાને ઘણી મુશકેલીઓ પડતી છતાં તેની દરકાર ન કરતાં સંઘની વ્યવસ્થા માટે ખૂબ પરિશ્રમ લેતા.


આ ઉપરાંત ભાઇશ્રી નેમિચંદજી પાટની સંઘના મંત્રી હતા ને સંઘની વ્યવસ્થાનું અનેકવિધ જવાબદારીવાળું કાર્ય તેઓ ઘણી ચીવટથી સંભાળતા; ખાસ કરીને પૂ. ગુરુદેવને પ્રવાસમાં ક્યાંય પણ તકલીફ ન પડે તે માટે ઘણી લાગણીથી સતતપણે સંભાળ રાખતા ને દિનરાત તેમના મનમાં એ જ વાત ઘૂંટાયા કરતી. સંઘના આગળ–આગળના પ્રોગ્રામની વ્યવસ્થા, તે માટેના રસ્તાની તપાસ, ઉતારા વગેરેની વ્યવસ્થા –તે બધું નક્કી કરવાની જવાબદારી પણ તેમના માથે જ હતી. ટૂંકમાં આખા સંઘના સંચાલનનો ભાર તેમના શિરે હતો, અને તેઓ સંઘમાં કોઇને કાંઈ તકલીફ ન પડે તે માટે ખૂબ જ લાગણી અને વત્સલતાથી બધું સંચાલન કરતા.

પૂજ્ય બેનશ્રી-બેન (ચંપાબેન અને શાન્તાબેન)ના કાર્યોનું તો વર્ણન શું કરવું! આખા સંઘનું બધું સંચાલન તેઓશ્રીની દેખરેખ નીચે જ થતું. શ્રી નેમિચંદભાઇને તેમજ યાત્રાસંઘના બધાય કાર્યકરોને તેઓ દોરવણી અને પ્રોત્સાહન આપતા. પ્રવાસના થાકને ગણકાર્યા વિના ઘણીવાર તો સખત ઠંડીમાં રાતના ૧૨–૧૨ વાગ્યા સુધી પણ બેસીને તેઓ બધી ગૂંચવણો ઉકેલી આપતા. આ ઉપરાંત ઉતારા તથા ભોજનાદિમાં ગુરુદેવને કોઈ જાતની તકલીફ ન પડે તે માટે તેઓ ખૂબ સાવચેતીથી ધ્યાન રાખતા. તેઓશ્રીને પોતાને જો કે ઉતારા વગેરેની અનેક મુશકેલીઓ પડતી, પરંતુ ગુરુદેવ સંબંધી વ્યવસ્થાની ધૂનમાં એ બધું તેઓ ભૂલી જતા...ને યાત્રાપ્રસંગોમાં વારંવાર હૃદયના તારો ઝણઝણાવીને ભક્તિદ્વારા આખા યાત્રાસંઘનું વાતાવરણ ઉલ્લાસપૂર્ણ બનાવી દેતા. કૃપાળુ ગુરુદેવ સાથે યાત્રા કરવાની ઘણા વખતથી ઘૂંટાયેલી તેઓશ્રીની ભાવના પૂર્ણ થવાનો આવો સુઅવસર આવે ત્યારે તેઓશ્રીના હર્ષોલ્લાસમાં શું બાકી રહે? અંતરંગ હર્ષોલ્લાસનું મોજું તેઓ આખા સંઘમાં ફેલાવી દેતા. બાકી તો યાત્રા દરમિયાન પહેલેથી છેલ્લે સુધી તેઓશ્રીનાં અદ્‌ભુત કાર્યોનું વર્ણન કરી શકવાની શક્તિ આ બાળકની કલમમાં નથી.

ગુરુદેવના કોઇ અચિંત્ય પ્રભાવે યાત્રાસંઘનો કાર્યક્રમ સુંદર વ્યવસ્થા અને ઉત્સાહ–પૂર્વક આગળ ચાલી રહ્યો હતો... ને યાત્રિકો પગલે પગલે ગુરુદેવના મહાન ઉપકારને યાદ કરતા હતા.

# 卐 માંગીતુંગી સિદ્ધક્ષેત્રની યાત્રા 卐





પોષ વદ ત્રીજ: સવારમાં સવાપાંચ વાગે નાહીધોઇ, ધર્મશાળાના જિનમંદિરોનાં દર્શન કરીને માંગીતુંગી સિદ્ધક્ષેત્રની યાત્રા શરૂ થઇ. ગુરુદેવ સાથે ભક્તિ ગાતાં ગાતાં સૌ ભક્તો ચાલ્યા. અર્ધો માઇલ ચાલ્યા બાદ પર્વતનું ચઢાણ શરૂ થયું. શરૂઆતમાં વચ્ચે સુંદર રળિયામણું વન આવ્યું. અહા! એક તો સિદ્ધક્ષેત્રની યાત્રાનો આનંદકારી પ્રસંગ, વહેલી સવારનું ઉપશાંત વાતાવરણ, તેમાં આવું સુંદર વન, અને વળી ગુરુદેવ જેવા જ્ઞાનીસંતોનો સાથ! તેઓની સાથે આ વનમાં વિચરતાં ભક્તોને અનેરો આહ્લાદ થતો હતો. આહ્લાદપૂર્વક વનવાસી મુનિવરોનાં ગુણગાન કરતા એ વનમાંથી પસાર થયા. હવે પર્વતનું ચડાણ શરૂ થયું. આકાશમાં હજી તારલીયા અને ચંદ્રમા ઝગઝગી રહ્યા હતા; ક્યારેક કોઈ તારો ખરી પડતો દેખીને શ્રી હનુમાનજીના વૈરાગ્યપ્રસંગનું સ્મરણ થતું; તો ઝગઝગતા ચંદ્રને દેખીને શ્રી રામચંદ્રજીની બાલક્રિડાઓ યાદ આવતી; અને આ પર્વતને દેખીને એ બંનેની સિદ્ધદશાનું સ્મરણ થતું.—અહા, આ ક્ષેત્રથી તેઓ મુક્તિ પામ્યા!



કેવા હશે બળદેવ મુનિરાજ... અહો ! એને વંદન લાખ.

કેવા હશે કામદેવ મુનિરાજ...અહો ! એને વંદન લાખ.

–ઈત્યાદિ પ્રકારે મુનિવરોનું સ્મરણ કરતાં કરતાં યાત્રિકોએ નવ્વાણું કરોડ મુનિવરોના મુક્તિધામ ઉપર ચડવાનું શરૂ કર્યું. આ પહાડનું ચઢાણ બહુ અઘરું છે ઘણા યાત્રિકો કહે છે કે આ માંગીતુંગી પર્વતની યાત્રા જે કરે તેને બીજા પર્વતોની યાત્રા તો સહેલાઈથી થઈ જાય. પર્વતનું ચઢાણ આવું અઘરું હોવા છતાં, યાત્રિકોને ગુરુદેવ સાથે યાત્રાનો એવો ઉમંગ હતો કે ગુરુદેવના પગલે પગલે સૌ દોડયે જતા હતા.

પર્વતનું ચઢાણ અઘરું હોવાથી કેટલેક ઠેકાણે ડોળી પણ ચાલી શકતી ન હતી, એટલે પગે ચાલવું પડતું. થાક લાગતાં વચ્ચે કોઇ કોઇ ઠેકાણે થાક ખાવા બેસતા, ત્યારે પર્વતનુ સુંદર વાતાવરણ જોઇને પૂજ્યશ્રી કહેતા : ' અહા ! અહીંથી અનેક મુનિવરો મુક્તિ પામ્યા છે ને તેઓ સમશ્રેણીએ ઉપર બિરાજે છે. ' પછી સિદ્ધાલય તરફ નજર લંબાવીને, જાણે ઉપર બિરાજમાન સિદ્ધભગવંતો દેખાતા હોય તેમ, ભાવપૂર્વક હાથ જોડીને ' નમો સિદ્ધાણં ' કરતા. એ દૃશ્ય દેખીને સૌ ભક્તોને આનંદ થતો, ને સૌ તેનું અનુકરણ કરતા. ' અહા ! ગુરુદેવ સાથે અપૂર્વ યાત્રા થાય છે ને સંતો અમને સિદ્ધભગવાન દેખાડે છે ' –એવા આનંદ-તરંગથી સૌનાં હૃદય ઉલ્લસતા હતા... એ ઉલ્લાસ પૂ. બેનશ્રી–બેન નીચે મુજબ ભક્તિદ્વારા વ્યક્ત કરતા હતા–

આનંદમંગળ આજ હમારે... આનંદમંગળ આજજી...
ગુરુવર સાથે યાત્રા કરતાં... હૈડે હરખ ન માયજી....
દર્શન સિદ્ધપ્રભુનાં આજે... આનંદમંગળ થાય જી...
દર્શન સિદ્ધપ્રભુનાં કરીને... મારે પણ સિદ્ધ થાવું જી....
સિદ્ધપ્રભુજી મારાં હૈયે... આનંદમંગળ વરતેજી...
સિદ્ધપ્રભુનાં દર્શને થાશું... થાશું સિદ્ધ સ્વરૂપ જી...
કહાનગુરુનો સાથ જ મળીઓ... થાશું સિદ્ધ સ્વરૂપ જી...
આનંદમંગળ આજ હમારે... આનંદમંગળ આજ જી ..

–ભક્તિની ધૂન ચડતાં ભક્તોનો થાક ઊતરી જતો હતો. પર્વત ચડતાં ક્યાંક તો એવો વિકટ માર્ગ આવતો કે ભેખડ ઝાલીઝાલીને ચડવું પડતું, તો ક્યાંક વળી ગોઠણભેર થઇને ગૂફાઓમાંથી પસાર થવું પડતું. એ રીતે હોંસે–હોંસે માર્ગ ઓળંગતા ઓળંગતા સૌ માંગીગિરિ ઉપર આવી પહોંચ્યા.

માંગીગિરિ ઉપર એક નાનો કુંડ છે, તેના કિનારે કેટલીક નાની ગૂફાઓ છે; જિનેન્દ્ર ભગવંતો તેમજ ધ્યાનમાં ઊભેલા અનેક મુનિવરોનાં દૃશ્યથી ગૂફાઓ શોભી રહી છે એક ગૂફાનું નામ 'સીતાગૂફા' છે, તેમાં સીતાજીનાં ચરણોની સ્થાપના છે.-સંભવ છે કે અર્જિકા થયા બાદ સીતામાતા આ તરફ વિચર્યા હોય ને અહીં ધ્યાન કર્યું હોય. ત્યારબાદ આગળ જતાં એક જુના ઘસાઈ ગયેલા પ્રતિમા આવે છે, તેને 'રીસાયેલા બલભદ્ર' તરીકે ઓળખવામાં આવે છે. ( આ સંબંધમાં એમ કહેવાય છે કે તેમનું અતિશય સુંદર રૂપ દેખીને નગરની સ્ત્રીઓ મોહીત થઇ જતી, તેથી તેઓ નગરથી વિમુખ થઇને પાછા વનમાં ચાલ્યા જાય છે. )


ત્યારપછી એક મંદિર આવે છે, તેમાં લગભગ બે હજાર વર્ષ પ્રાચીન અનેક જિનપ્રતિમાઓ કોતરેલા છે, જે સુંદર અને ભાવવાહી છે. ભગવાન શ્રી રામચંદ્રજી વગેરેની વીતરાગીમૂર્તિ જોઇને સૌને ઘણો હર્ષ થયો. અહીં દર્શન કરીને ભક્તિપૂજન કર્યું, ને પછી પ્રદક્ષિણા કરતાં કરતાં થોડીવાર ભક્તિ કરી—

જય રામચંદ્ર જય રામચંદ્ર જય રામચંદ્ર દેવા...
માતા તોરી કૌશલ્યા ને પિતા દશરથ રાયા...જય રામ૦


અયોધ્યામેં જન્મ લીયા તમે અષ્ટમ બલભદ્રરાયા...
માંગી-તુંગીસે મોક્ષ પધારે હો દેવન કે દેવા...જય રામ૦

સિદ્ધાલયમેં આપ બિરાજો વંદન આજ અમારાં....
કહાનગુરુ સાથે યાત્રા કરતાં આનંદ અપરંપારા...જય રામ૦

—એ રીતે ભકિતપૂર્વક માંગીગિરિની યાત્રા કરીને સૌ તુંગીગિરિ તરફ ચાલ્યા. એક જ પર્વત ઉપર માંગી અને તુંગી એમ બે શિખર ( ટૂંક ) છે. લગભગ પોણો પર્વત ચડ્યા બાદ બે રસ્તા પડે છે—એક માંગી તરફ જાય છે ને બીજો તુંગી તરફ જાય છે; એટલે માંગીથી તુંગી તરફ જવા માટે પહેલાં થોડુંક ઊતરવું પડે છે ને પછી તુંગી તરફ જવાય છે. અહીં રસ્તા ખૂબ જ સાંકડા અને વિકટ છે તેથી એકેક માણસ માંડમાંડ ચાલી શકે છે, ને ઢાળ તથા ચડાવ ઘણો હોવાથી ખૂબ સાવચેતી રાખવી પડે છે. આવા રસ્તામાં આસપાસની ભેખડ ઉપર હાથ ટેકવી ટેકવીને ગુરુદેવ જ્યારે ચાલતા હોય ત્યારે પાછળના ભકતજનો એ દૃશ્ય જોઇને જયજયકાર કરે, ને એ માર્ગ ઓળંગી ગયા પછી ગુરુદેવ પાછળના ભકતોને સાવચેત કરે કે ધ્યાન રાખીને આવજો, ધીમે ધીમે આવજો, ઉતાવળ કરશો નહિ. —એ રીતે વિકટ માર્ગ પણ ગુરુદેવની સાથે આનંદથી પસાર થઇ જાય. આ માંગીતુંગી પર્વતની યાત્રામાં યાત્રિકોની, તેમાં પણ વયોવૃદ્ધ યાત્રિકોની તો ભારે કસોટી થઇ; વચ્ચે



તુંગીગિરિ




મંગલ તીર્થયાત્રા (૪૫)

વચ્ચે વિકટ માર્ગમાં ડોળી પણ ચાલી શકતી નહિ એટલે તેવા માર્ગમાં પગે ચાલવું પડતું, પરંતુ ગુરુદેવની હૂંફ યાત્રિકોના પગમાં જોમ પૂરતી હતી, ને ગુરુદેવ સાથે યાત્રા કરવાની હોંસમાં ને હોંસમાં યાત્રિકો વિકટ માર્ગને ઓળંગી જતા,-જેમ મોક્ષાર્થી જીવ મોક્ષ લેવાના ઉત્સાહમાં વચ્ચે આવી પડતા વિભાવોને ઓળંગી જાય છે તેમ.


માંગીથી તુંગી તરફ જવાના વિકટ માર્ગે વચ્ચે ગિરિમાળાના સુંદર દશ્યો જોતાં જોતાં અને ભક્તિની ધૂન ગાતાં ગાતાં તુંગી ઉપર પહોંચ્યા. શ્રી રામ-હનુમાન-સુગ્રીવ વગેરે ધર્માત્માઓ મુનિ થઇને અહીંથી મોક્ષ પધાર્યા છે. અહીં શ્રી ચંદ્રપ્રભ ભગવાનનું સુંદર મંદિર છે, તેમાં વૈરાગ્યઝરતી ઉપશાંતમૂર્તિના દર્શન થતાં જ ગુરુદેવે પ્રમોદથી કહ્યું: "અહા! અહીં તો જાણે સિદ્ધભગવાન ઉપરથી ઊતર્યા હોય એવું લાગે છે; સિદ્ધભગવાન જાણે સન્મુખ જ બિરાજતા હોય, ને તેમનું ધ્યાન કરવા બેસી જઇએ!-એવું થાય છે. અહીંથી જે કરોડો મુનિઓ મોક્ષ પામ્યા તેઓ આપણી ઉપર જ બિરાજી રહ્યા છે, જુઓ! (આમ કહીને ગુરુદેવે ઉપર નજર કરીને, સિદ્ધાલય તરફ હાથ ઊંચો કરીને સૌને બતાવ્યું.)" ગુરુદેવની આવી પ્રમોદભરેલી અમૃતવાણી સાંભળીને યાત્રિકોને ઘણો હર્ષ થયો, ને સૌએ ભક્તિથી દર્શન કરીને અર્ઘ ચડાવ્યો....ગુરુદેવે વૈરાગ્યરસઝરતી ભક્તિ કરાવી. આ ઉપરાંત ગૂફામાં બીજા અનેક જિનબિંબો તથા રામચંદ્રજી વગેરેના ચરણકમળ છે ત્યાં પણ સૌએ દર્શન-પૂજન કર્યા:

"राम-हनू-सुग्रीव आदि जे तुंगीगिरि थित थाई।
कोडि निन्यानवे मुक्त गये मुनि, पूजों मन वच काई॥"

આ તુંગીગિરિ ઉપર સેંકડો ફૂટ ઊંચી એક સીધી ટોચ છે; આકાશમાં ઊંચે ઊંચે દેખાતી આ ગગનગામિની ટોચ જોતાં, જાણે કે આ પર્વત પણ રામચંદ્રજીની પાછળ પાછળ સિધ્ધાલયમાં જવાનો પ્રયત્ન કરતો હોય, અથવા તો યાત્રિકોને રામચંદ્રજીના સિદ્ધિગમનનો માર્ગ દેખાડતો હોય,-એવું લાગે છે, ને ભક્તોના અંતરમાં પણ સિદ્ધિપંથની પ્રેરણા જાગે છે.

તુંગીગિરિ ઉપર દર્શન-પૂજન કર્યા બાદ પૂ. બેનશ્રી-બેને થોડીવાર ભક્તિ કરાવી; ભક્તિ વખતે તે તે પ્રસંગ અને ક્ષેત્રને ઉચિત નવા નવા કાવ્યો જોડીને તેઓશ્રી ગવડાવતા, તેથી વિશેષ ભાવો ઉલ્લસતા હતા:

ધન્ય મુનીશ્વર આતમહિતમેં છોડ દિયા પરિવાર.....કિ તુમને છોડા સબ ઘરબાર.
ધન્ય રામચંદ્રમુનિ આતમહિતમેં છોડ દિયા પરિવાર........કિ તુમને છોડા સબ સંસાર.
ધન છોડા, વૈભવ સબ છોડા, જાના જગત અસાર......કિ તુમને જાના જગત અસાર.




મંગલ તીર્થયાત્રા (૪૫)

વચ્ચે વિકટ માર્ગમાં ડોળી પણ ચાલી શકતી નહિ એટલે તેવા માર્ગમાં પગે ચાલવું પડતું, પરંતુ ગુરુદેવની હૂંફ યાત્રિકોના પગમાં જોમ પૂરતી હતી, ને ગુરુદેવ સાથે યાત્રા કરવાની હોંસમાં ને હોંસમાં યાત્રિકો વિકટ માર્ગને ઓળંગી જતા,-જેમ મોક્ષાર્થીજીવ મોક્ષ લેવાના ઉત્સાહમાં વચ્ચે આવી પડતા વિભાવોને ઓળંગી જાય છે તેમ.

માંગીથી તુંગી તરફ જવાના વિકટ માર્ગે વચ્ચે ગિરિમાળાના સુંદર દૃશ્યો જોતાં જોતાં અને ભક્તિની ધૂન ગાતાં ગાતાં તુંગી ઉપર પહોંચ્યા. શ્રી રામ-હનુમાન-સુગ્રીવ વગેરે ધર્માત્માઓ મુનિ થઈને અહીંથી મોક્ષ પધાર્યા છે. અહીં શ્રી ચંદ્રપ્રભ ભગવાનનું સુંદર મંદિર છે, તેમાં વૈરાગ્યઝરતી ઉપશાંતમૂર્તિના દર્શન થતાં જ ગુરુદેવે પ્રમોદથી કહ્યું: "અહા ! અહીં તો જાણે સિદ્ધભગવાન ઉપરથી ઊતર્યા હોય એવું લાગે છે; સિદ્ધભગવાન જાણે સન્મુખ જ બિરાજતા હોય, ને તેમનું ધ્યાન કરવા બેસી જઈએ !-એવું થાય છે. અહીંથી જે કરોડો મુનિઓ મોક્ષ પામ્યા તેઓ આપણી ઉપર જ બિરાજી રહ્યા છે, જુઓ ! (આમ કહીને ગુરુદેવે ઉપર નજર કરીને, સિદ્ધાલય તરફ હાથ ઊંચો કરીને સૌને બતાવ્યું.)" ગુરુદેવની આવી પ્રમોદભરેલી અમૃતવાણી સાંભળીને યાત્રિકોને ઘણો હર્ષ થયો, ને સૌએ ભક્તિથી દર્શન કરીને અર્ઘ ચડાવ્યો....ગુરુદેવે વૈરાગ્યરસઝરતી ભક્તિ કરાવી. આ ઉપરાંત ગૂફામાં બીજા અનેક જિનબિંબો તથા રામચંદ્રજી વગેરેના ચરણકમળ છે ત્યાં પણ સૌએ દર્શન-પૂજન કર્યાઃ

"राम-हनू-सुग्रीव आदि जे तुंगीगिरि थित थाई।
कोडि निन्यानवे मुक्त गये मुनि, पूजों मन वच काई ॥"

આ તુંગીગિરિ ઉપર સેંકડો ફૂટ ઊંચી એક સીધી ટોચ છે; આકાશમાં ઊંચે ઊંચે દેખાતી આ ગગનગામિની ટોચ જોતાં, જાણે કે આ પર્વત પણ રામચંદ્રજીની પાછળ પાછળ સિધ્ધાલયમાં જવાનો પ્રયત્ન કરતો હોય, અથવા તો યાત્રિકોને રામચંદ્રજીના સિદ્ધિગમનનો માર્ગ દેખાડતો હોય,-એવું લાગે છે, ને ભક્તોના અંતરમાં પણ સિદ્ધિપંથની પ્રેરણા જાગે છે.

તુંગીગિરિ ઉપર દર્શન-પૂજન કર્યા બાદ પૂ. બેનશ્રી-બેને થોડીવાર ભકિત કરાવી; ભક્તિ વખતે તે તે પ્રસંગ અને ક્ષેત્રને ઉચિત નવા નવા કાવ્યો જોડીને તેઓશ્રી ગવડાવતા, તેથી વિશેષ ભાવો ઉલ્લસતા હતાઃ

ધન્ય મુનીશ્વર આતમહિતમેં છોડ દિયા પરિવાર.....કિ તુમને છોડા સબ ઘરબાર.
ધન્ય રામચંદ્રમુનિ આતમહિતમેં છોડ દિયા પરિવાર........કિ તુમને છોડા સબ સંસાર.
ધન છોડા, વૈભવ સબ છોડા, જાના જગત અસાર......કિ તુમને જાના જગત અસાર.

જ્ઞાન—દર્શન—ચારિત્ર કો ધ્યાયા,
કેવલજ્ઞાન કો શીઘ્ર મિલાયા;
ચિદાનંદ ચેતન કા પ્રગટા,
સિદ્ધ સ્વરૂપ રૂપ હો પાયા...

માંગીતુંગીસેં રામચંદ્રજી પાયા સિદ્ધિધામ......કિ તુમસા ઓર નહિ બલરામ.
ધન્ય રામચંદ્રજી ધન્ય માંગીતુંગી, ધન્ય ધન્ય હો સિદ્ધિધામ....કિ તુમસા....
ગુરુજી પ્રતાપે પાયા આજે પાવન તીરથધામ......કિ તુમસા ઓર નહિ બલરામ.

દર્શન–પૂજન–ભક્તિ બાદ ઉપરના ઊંચા શિખરને પ્રદક્ષિણા કરી. પ્રદક્ષિણામાં વચ્ચે ગૂફા જોઇને તેમાં બેસવાનું મન થઇ જતું, અને ગૂફાવાસી થઇને કયારે આત્મધ્યાન કરીએ એવી ભાવના હૃદયમાં જાગતી. એ પ્રમાણે ભકિત–ભાવનાપૂર્વક પ્રદક્ષિણા પૂરી થતાં માંગીતુંગી–સિદ્ધક્ષેત્રની યાત્રા પૂરી થઇ ને જયજયકારપૂર્વક યાત્રિકોએ નીચે ઊતરવા માંડ્યું. તુંગીગિરિ ચડતાં–ઊતરતાં વચ્ચે એક સ્થળે તો ખૂબ ઊંચું અને સીધું ચઢાણ આવે છે, આસપાસની ભેખડો ઝાલીને મુશ્કેલીપૂર્વક તેને ઓળંગાય છે. ઊતરતાં નીચેના ભાગમાં એક સ્થળે 'શુદ્ધબુદ્ધગૂફા' આવે છે, આ ગૂફામાં પણ જિનબિંબ કોતરેલા છે—જાણે કે ગૂફામાં બેસીને સંતો શુદ્ધબુદ્ધ આત્માનું ધ્યાન ધરી રહ્યા હોય! આ રીતે શુદ્ધબુદ્ધગૂફા જોતાં સંતોને શુદ્ધબુદ્ધ આત્માનું સ્મરણ થતું. આમ ગિરિગૂફાનું અવલોકન કરતા...ને ભક્તિની ધૂન મચાવતા આનંદપૂર્વક માંગીતુંગી સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને લગભગ સાડા અગિયાર વાગે સૌ નીચે આવ્યા, ને ગુરુદેવ સાથે આ બીજા સિદ્ધક્ષેત્રની યાત્રા પૂરી થઈ.

માંગીતુંગીથી સિદ્ધિ પ્રાપ્ત સિદ્ધભગવંતોને નમસ્કાર.
એ સિદ્ધિધામની યાત્રા કરાવનાર કહાનગુરુદેવને નમસ્કાર.

સિદ્ધક્ષેત્રની યાત્રા બાદ સૌ યાત્રિકો આનંદપૂર્વક જમવા બેઠા. સંઘના બધા યાત્રિકો એક પંક્તિમાં બેસીને જમતા હોય ને આનંદકિલ્લોલ કરતા હોય એ દેખાવ સરસ લાગતો. પીરસવાનું કામ પણ યાત્રિકો જ કરતા. શરૂઆતના દિવસોમાં એ કામ બ્રહ્મચારી બહેનો વગેરેએ વાત્સલ્યપૂર્વક ઉપાડી લીધું હતું. સંઘને જમાડવામાં મજા પડતી. યાત્રાની ખુશાલીમાં કોઈ કોઇવાર સંઘના યાત્રિકોમાંથી કોઇ ભાઇઓ પોતાના તરફથી સંઘને જમાડતા. યાત્રાપ્રસંગમાં કોઇ કોઈ ભાગ્યવંત યાત્રિકોને, જ્યારે પૂ. ગુરુદેવને પોતાના આંગણે જમાડવાનો લાભ મળતો ત્યારે તે યાત્રિકોને અપાર હર્ષ થતો હતો.




શુદ્ધબુદ્ધ ગૂફા




શ્રી પાર્શ્વનાથ ભગવાન : માંગીતુંગી ધર્મશાળા


પૂજ્ય શ્રી કાનજીસ્વામીની અપૂર્વ તીર્થયાત્રામાં પોષ વદ ત્રીજનું આ વર્ણન ચાલી રહ્યું છે. સવારમાં માંગીતુંગી તીર્થધામની અત્યંત ઉલ્લાસભરી યાત્રા કરી આવ્યા, પછી સૌએ ભોજન કર્યું. હવે બપોરે સુસજ્જિત વિશાળ મંડપમાં પૂ. ગુરુદેવનું પ્રવચન ચાલી રહ્યું છે. પ્રવચનમાં ગુરુદેવ કહે છે : " જુઓ, જાત્રામાં આજે આ પહેલવહેલું પ્રવચન અહીં માંગીતુંગી સિદ્ધક્ષેત્રમાં થાય છે ને તેમાં સિદ્ધિના ઉપાયની વાત આવી છે. આપણે, સંત-મુનિવરો જે ધામમાંથી મુક્તિ પામ્યા તે ' **ધામ** 'ની યાત્રા કરવા નીકળ્યા છીએ, ને અહીં તે સંતો કયા ભાવથી મુક્તિ પામ્યા તે ' **ભાવ** 'ની વાત આવી છે; આ રીતે ' ભાવે ' અને ' ક્ષેત્રે ' બંને રીતે તીર્થયાત્રાનો મેળ છે. સંતો જે ઉપાયથી મુક્તિ પામ્યા તે ઉપાયને જાણીને સંતોના માર્ગે ચાલવું તે ખરી યાત્રા છે. "

શ્રોતાઓ આનંદવિભોર થઇને એકતાનપણે સાંભળી રહ્યા છે, સામે જ શ્રી માંગીતુંગી પર્વત દેખાય છે તેની સામે નજર કરીને ગુરુદેવ કહે છે : " જુઓ, આ માંગીતુંગી પહાડ ઉપર શ્રી રામચંદ્રજી, હનુમાનજી તેમ જ ૯૯,૦૦૦૦૦૦૦ મુનિવરો વગેરે મહાન સંતો વિચર્યા હતા, તેઓ આત્માના આનંદનું ધ્યાન કરતા હતા, ને અહીંથી સિદ્ધપદ પામીને ઉપર સમશ્રેણીએ બિરાજી રહ્યા છે. આવું સિદ્ધપદ પ્રગટવાનું સામર્થ્ય દરેક આત્મામાં છે, તેનું ભાન કરીને ધ્યાન કરતાં સિદ્ધપદ પ્રગટી જાય છે. "


પ્રમોદિત થઇને ગુરુદેવ કહે છે કે –"અહા ! તુંગીગિરિ ઉપર શ્રી ચંદ્રપ્રભ ભગવાનની મૂર્તિ બહુ જ શાંત હતી. ઘણી વાર સુધી ત્યાં બેઠા હતા ને એ ધ્યાનસ્થ વીતરાગમુદ્રા દેખીને ઘણો પ્રમોદ આવ્યો હતો. અહા, શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરીકરીને અનંત જીવો મુક્તિ પામ્યા. આપણે જે સમ્મેદશિખરજી ધામની યાત્રા કરવા જવાનું છે તે ધામની ઉપર અનંત સિદ્ધ-ભગવંતો અત્યારે સમશ્રેણીએ બિરાજી રહ્યા છે. મારો આત્મા પણ સિદ્ધભગવાન જેવો જ છે–એમ ધર્મી જાણે છે, ને એવા આત્માના ધ્યાન વડે તે મોક્ષપદને સાધે છે." ( યાત્રાના વર્ણનની ચાલુ ધારા તૂટી ન જાય તેમ જ ગ્રંથનું કદ બહુ વધી ન જાય તે હિસાબે, આ પુસ્તકમાં ગુરુદેવના પ્રવચનોમાંથી ટૂંકાટૂંકા મહત્વના અવતરણો જ લીધાં છે. )

યાત્રામાં ગુરુદેવનું પહેલવહેલું આવું અદ્ભુત પ્રવચન સાંભળીને બધા શ્રોતાઓ ખૂબ જ પ્રસન્ન થયા ને મંડપ હર્ષનાદથી ગાજી રહ્યો.





ગુરુદેવ દૂરબીનથી અવલોકન કરે છે




માંગીતુંગી સિદ્ધિધામ

સાંજે પૂ. ગુરુદેવ માનસ્તંભની આસપાસ ચોકમાં ફરતા હતા, સાથે કેટલાક યાત્રિકો હતા. ગુરુદેવ તીર્થભૂમિનું ભાવપૂર્વક નિરીક્ષણ કરતા હતા, ને ક્યારેક હાથમાં દૂરબીન લઈને સામે દેખાતા માંગીતુંગી પર્વતનું અવલોકન કરતા હતા. તીર્થધામનું વાતાવરણ અને દેખાવ બહુ સરસ છે તેથી ગુરુદેવ સાથે હરતાંફરતાં તેના દર્શન કરતાં સૌને પ્રસન્નતા થતી હતી. ગુરુદેવનો આવો મહાન પ્રભાવ, તેમજ યાત્રાસંઘનો આવો ઉલ્લાસ અને ભકિત-ભાવ દેખીને શ્રી ગજરાજજી શેઠ વગેરે ઘણા ખુશી થયા હતા.

રાત્રે, મંડપમાં વિશાળ સભા ભરાયેલ, તે વખતે આ ક્ષેત્રના મહામંત્રીજી શેઠ મોતીલાલજીના સ્વાગત–વકતવ્ય બાદ, શ્રી ગજરાજજી શેઠે સ્વાગત–પ્રવચન કરતાં કહ્યું કે :–

पूज्य गुरुदेव संघसहित यात्रा करनेको पधारे है इससे मुझे हर्ष हो रहा है और मैं आपका हार्दिक स्वागत करता हूं। आजका वातावरण देखकर मुझे उस कालकी याद आती है कि, भगवान महावीरस्वामीका समवसरण जहां जाते वहांपर छहों ऋतुके फलफूल पक जाते थे और आनंद छा जाता था। इसी तरह वर्तमान में भी स्वामीजीके आगमनके समाचार सुनकर आनंदपूर्वक उसीकी चर्चा ठेरठेर (गामेगाम) चल रही है कि स्वामीजीका स्वागत और संघकी व्यवस्था अच्छीसे अच्छी किस प्रकार करें? आप लोग बहुत पुन्यशाली हो। आप लोगोंका स्वागत करते हुए मैं अपनेको धन्य समझता हूं। पूज्य स्वामीजीके प्रति मुझे भी सद्‌भावना ओर भक्ति है। यहांकी प्रबंधकारिणि कमेटीकी ओरसे मैं सभीका स्वागत करता हूं। बम्बईकी तरह हमारे कलकत्तामें भी बडेबडे लोगोंकी कमेटी बनी हैं और आपके स्वागतकी बड़ी तैयारीयां चल रही है।

(શ્રી ગજરાજજી શેઠ સ્વાગત-ભાષણ કરી રહ્યા છે.)



(શ્રી ગજરાજજી શેઠ કલકત્તાની સ્વાગત સમિતિમાં સ્વાગત-અધ્યક્ષ હતા.)

ભાષણબાદ ક્ષેત્રની પ્રબંધક-કમિટિ તરફથી ગજરાજજી શેઠે એક સન્માનપત્ર અર્પણ કર્યું,—જેમાં લખ્યું હતું કે—

" श्री परमपूज्य भगवान कुन्दकुन्दाचार्यके लघुनंदन परमपूज्य सद्गुरुदेव श्री कानजी-स्वामीके चरणकमलोंमें श्री सिद्धक्षेत्र मांगीतुंगीजी दि० जैनके प्रवन्धकर्ताओंकी तरफसे—

" ×××× आज आपसे भारतमें अध्यात्मधर्मका प्रकाश हो रहा है। ×××× जिस प्रकार भगवान महावीरका समवसरण भारतमें सर्वत्र विहार कर ज्ञानरूपी सूर्यका प्रकाश करता था उसी प्रकार आप भी इस पंचमकालमें जगह जगह विहार कर जीवोंको सच्चा मार्ग बतला-कर अज्ञानरूपी अंधकारको नष्ट कर रहे हैं। ××× इस प्रकार दि० जैनधर्मका आपने उद्योत किया है। ×××× "

ત્યાંના મુનિમજીએ પણ શ્રદ્ધાંજલિરૂપે કહ્યું કેઃ

इस क्षेत्र पर महाराजजीको व संघको देखकर मुझे बहुत हर्ष होता है। तीर्थंकर भगवान समवसरण सहित जब इस भूमिमें विचरते थे, उस वख्तके वातावरण जैसा दृश्य

अभी यहां दिख रहा है। अभी स्वामीजीने संघसहित आनंदपूर्वक बहुत भक्तिभावसे मांगीतुंगी तीर्थकी यात्रा की। चार वर्ष पहले इस पर्वतके उपर जानेका मार्ग इतना विकट था कि लोग दर्शनके लिये तलसते थे ओर बहुतसे लोग नीचेसे ही दर्शन करके वापीस लोट जाते थे, किन्तु आज सीढिया हो गई है इससे तीर्थयात्रा सुलभ हो गई है॥


આવા-આવા સ્વાગત-પ્રવચનો, સન્માનપત્રો તેમજ સંઘની આગતાસ્વાગતાનો ઉત્સાહ, -એ ઉપરથી સહેજે ખ્યાલ આવી જતો કે આ તરફનો દિગંબર જૈનસમાજ પૂ. ગુરુદેવના દર્શન અને સ્વાગત માટે કેટલો આતૂર છે!

સભામાં સંઘના યાત્રિકો તરફથી માંગીતુંગી તીર્થ માટે લગભગ ચાર હજાર રૂા. નું ફંડ થયું હતું. છેવટે, આવડા મોટા સંઘમાં લાંબી યાત્રા દરમિયાન ઉતારા વગેરેની વ્યવસ્થામાં સગવડ–અગવડ થાય તો પરસ્પર પ્રેમપૂર્વક કઈ રીતે ચલાવી લેવું તે બાબત શ્રી ગજરાજજી શેઠે થોડી પ્રેમભરી ભલામણો કરીને યાત્રાસંઘની સફળતા ઈચ્છી હતી. એ રીતે સભાનું કામકાજ પૂરું થયા બાદ તત્વચર્ચા ચાલી હતી.

તત્ત્વચર્ચા બાદ સંઘની વ્યવસ્થાના જરૂરી કામકાજ માટે પૂ. બેનશ્રીબેને એક ખાસ સભા યોજી હતી. તેમાં મુરબ્બી શ્રી રામજીભાઈ, મંત્રી શ્રી નેમિચંદભાઇ, વૃજલાલભાઈ ઇજનેર, પં. શ્રી હિંમતલાલભાઇ વગેરેના સહયોગથી સંઘના મોટા–નાના દરેક પ્રકારના કામ-કાજનો વિચાર કરીને તેની વહેંચણી કરી દેવામાં આવી હતી; ભોજનવ્યવસ્થા, બસમાં યાત્રિકોને બેસાડવાની વ્યવસ્થા, ઉતારામાં દરેક ઠેકાણે સૌને યોગ્ય જગ્યા મળી રહે તે બાબતની વ્યવસ્થા, સંઘના કાર્યક્રમ સંબંધી દરેક ઠેકાણે તાર–ટપાલની વ્યવસ્થા, ઇત્યાદિ અનેકવિધ કાર્યોની વિચારણા કરીને ઉત્સાહી કાર્યકરોને તે–તે કામ સોંપવામાં આવ્યા હતા. આ માટે પૂ૰ બેનશ્રીબેન, રાત્રે સખત ઠંડી હોવા છતાં લગભગ ૧૨ વાગ્યા સુધી સભા-મંડપમાં બેઠા હતા. રોજરોજ સેંકડો માઈલની મુસાફરી તથા તીર્થોની યાત્રા કરતાં કરતાં, સવાપાંચસો યાત્રિકોના આવડા મોટા સંઘની બધા પ્રકારની વ્યવસ્થા પણ કરતા જવી-એ તો એક નાનકડા રાજ્યનો કારભાર ચલાવવા જેવું અટપટું કામ હતું; એમ છતાં ગુરુદેવના મહાન પ્રતાપે યાત્રાસંઘને કુશળ નેતાઓ ને ઉત્સાહી કાર્યકરો મળી જવાથી કોઇ પણ જાતની મુશકેલી વગર સંઘનો પ્રવાસ આનંદથી ચાલી રહ્યો હતો, એટલું જ નહિ પણ ગામેગામના સમાજ તરફથી પણ ધાર્યા કરતાં વિશેષ સહકાર ઘણા ઉમળકાથી મળી જતો.

⊛ ⊛ ⊛

**પોષ વદ ચોથ :** સવારમાં યાત્રિકોએ ધર્મશાળાના જિનમંદિરોમાં દર્શન–પૂજન કર્યા, સામે જ નજીક દેખાતા માંગીતુંગી સિદ્ધિધામનાં ફરીને દર્શન કર્યા. ગઈ કાલે જેમને યાત્રા



માંગી-તુંગીની મધુરી છાયામાં........ગુરુદેવ સાથે



બાકી રહી ગયેલ તે યાત્રિકો આજે યાત્રા કરવા ગયા. દર્શન-પૂજન બાદ ગુરુદેવનું પ્રવચન થયું. અહા ! આજનું પ્રવચન અદ્દ્ભુત હતું. શરૂઆતમાં ગુરુદેવે કહ્યું કે આ સિદ્ધક્ષેત્રમાં મંગલાચરણરૂપે સમયસારની પહેલી ગાથા વાંચીએ –

**वंदित्तु सव्व सिद्धे.........**

સિદ્ધભગવંતોને નમસ્કારની ગાથા, અને સામે જ સિદ્ધક્ષેત્ર! જાણે સિદ્ધભગવંતો આ યાત્રામહોત્સવમાં હાજરાહજૂર પધાર્યા હોય એવા ઉલ્લાસથી ગુરુદેવની વાણીનો પ્રવાહ વહેતો હતો: "અહો! સર્વે સિદ્ધોને હું નમસ્કાર કરું છું...હે સિદ્ધભગવંતો! મારા અંતરમાં આપને સ્થાપીને હું નમસ્કાર કરું છું."

"જુઓ, આ જાત્રાનું અપૂર્વ માંગળિક! જાત્રાના મંગળમાં સિદ્ધભગવંતોને બોલાવ્યા. હે સિદ્ધભગવંતો...ને હે જગતના સંતો! મારા માંગળિકના મંડપમાં પધારો....મારા હૃદયમાં બિરાજો. મારા હૃદયમાં આપને સાથે રાખીને હું આપના પંથે અપ્રતિહતપણે ચાલ્યો આવું છું."

"અઢીદ્વીપમાં જ્યાં જ્યાં પંચપરમેષ્ઠી સંતો બિરાજતા હોય તેમને મારા નમસ્કાર! અહો, મોક્ષના સાધક મુનિવરો જ્યાં જ્યાં વિચરતા હોય તે સર્વેનો હું આદર કરું છું, સિદ્ધપદના સાધક સર્વે સંતોને હું મારા આંગણે બોલાવું છું. હે સિદ્ધભગવંતો ! અને સાધકસંતો! મારા આંગણે પધારો...પધારો! મારું આંગણું વિકારી નથી, પણ મારા શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનના આંગણે હું આપને પધરાવું છું."—

હું કઇ વિધ પૂજું નાથ! કઇ વિધ વંદું રે...
મારે આંગણે સિદ્ધભગવાન જોઇ જોઈ હરખું રે...

વાહ! સાધક સંતો, ઉપરથી સિદ્ધભગવંતોને પોતાના આંગણે ઉતારીને, પોતાના આત્મામાં સ્થાપીને નમસ્કાર કરે છે.

"જુઓ ભાઈ, આ સંસારની ચાર ગતિમાં ક્યાંય જીવને વિસામો નથી, આ સિદ્ધ-ગતિ જ જીવને પરમ વિશ્રાંતિનું સ્થાન છે. આ પીસ્તાલીસ લાખ જોજનના અઢીદ્વીપમાં અણુએ-અણુએ અનંતા જીવો મુક્તિ પામ્યા છે, કોઈ પણ જગ્યા એવી નથી કે જ્યાંથી અનંતા જીવો સિદ્ધિ ન પામ્યા હોય. આવા સિદ્ધપદની પ્રાપ્તિ તે આત્માનું ધ્યેય છે; ને એ ધ્યેયને તાજું કરવા, જ્યાંથી જીવો સિદ્ધિ પામ્યા એવા તીર્થધામની યાત્રા કરવામાં આવે છે."

અહા, ગુરુદેવના આ પ્રવચનમાં સાધકભાવનો અદ્દ્ભુત પ્રવાહ વહેતો હતો....સાધક-ભાવની ધારા ઉલ્લસી-ઉલ્લસીને જાણે કે સિદ્ધપદને અભિનંદતી હતી....સાધકના અંતરમાં

સિદ્ધપદની કેવી લગની હોય છે તે વ્યક્ત થતી હતી....ને મુમુક્ષુ શ્રોતાઓ તો મુગ્ધ બની જતા હતા.

પ્રવચન પૂરું થયું કે તરત જ શ્રી જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા નીકળી. ભગવાનના રથને ભક્તો પોતે ઉલ્લાસથી ખેંચતા હતા. ભક્તોનો ઉમંગ દેખીને ગુરુદેવ પણ હર્ષિત થતા હતા...ને ગુરુદેવનો હર્ષ દેખીને બેનશ્રીબેન ખૂબ જ ભક્તિ કરાવતા હતા. આમ હર્ષોલ્લાસપૂર્વક ભગવાનની રથયાત્રા પૂર્ણ થઈ.

આજે ગુરુદેવનું ભોજન શેઠ ગજરાજજીને ત્યાં થયું હતું; ગુરુદેવને જમાડવાનો લાભ મળતાં શ્રી ગજરાજજી શેઠ તથા શેઠાણી લક્ષ્મીબેનને ઘણો હર્ષ થયો હતો. ભોજન બાદ સંઘે પ્રસ્થાનની તૈયારી કરી, મોટરો લાઈનબંધ ગોઠવાઈ ગઈ, ઉપર સામાનના ગંજ ખડકાઇ ગયા ને યાત્રિકો સાંજને માટે ભાતું લઇને પોતપોતાની મોટરમાં ગોઠવાઇ ગયા... થોડીવારમાં સિદ્ધક્ષેત્રના જયજયકાર કરતી એક પછી એક મોટરો છૂટવા લાગી ને ધૂલીયા તરફ રવાના થઈ.

⊛ ◇ ⊛

માંગીતુંગીથી પ્રસ્થાન કરીને પૂ. ગુરુદેવ રાવલગાંવ મુકામે શેઠ રતનચંદ હીરાચંદને ત્યાં પધાર્યા હતા; ત્યાં દિ. જૈન ચૈત્યાલયના દર્શન કર્યા બાદ ભોજન પણ ત્યાં જ થયું હતું. રાત્રે ‘જાતિસ્મરણજ્ઞાન’ સંબંધી ચર્ચા થઈ હતી, તેમાં ગુરુદેવે સીમંધરનાથને યાદ કર્યા હતા. યાત્રાસંઘ રાત્રે ધૂલીયાશહેર પહોંચી ગયો હતો ને ત્યાં રાત્રે બેનશ્રી-બેને ભક્તિ કરાવી હતી.

શ્રી વછરાજજી શેઠની બસના તથા બીજા કેટલાક યાત્રિકો મનમાડ થઇને ઇલોરાની જૈન ગૂફાઓના દર્શને ગયા હતા. ઇલોરામાં અનેક ગૂફાઓ છે તેમાં પાંચ જૈનગૂફાઓ છે. આ ગૂફાઓ ઘણી જ વિશાળ છે, પર્વત ખોદીને જ બનાવેલી આ ગૂફાઓમાં કોઈ કોઈ ગૂફા બે માળની છે ને તેમાં સેંકડો મોટા મોટા જિનબિંબો કોતરેલા છે. જેમાં હજારો મુનિઓ રહી શકે એવી ઉપશાંત ગૂફાઓમાં પ્રવેશીને જિનેન્દ્રદેવનાં દર્શન કરતાં જ મુમુક્ષુનું હૃદય આનંદથી ઉલ્લસી જાય છે...અહા, એ શાંતિધામ ! સૌથી ઉપરની એક ગૂફામાં વિશાળ અને આશ્ચર્યકારી પાર્શ્વનાથ ભગવાન બિરાજે છે. ગૂફામાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શનાદિ કરીને, અને મુનિવરોના શાંતજીવનનું સ્મરણ કરીને, બીજે દિવસે બધા યાત્રિકો ધૂલીયા પહોંચીને સંઘની સાથે થઇ ગયા.

પૂ. ગુરુદેવ રાવલગાંવ રાત રહેલ, ત્યાંથી ધૂલિયા આવતાં વચ્ચે માલેગાંવ આવે છે, ત્યાંના શેઠ શ્રી ચંદુભાઈ -કે જેઓ માંગીતુંગી તીર્થના ટ્રસ્ટી છે- તેમના આગ્રહથી એકાદ કલાક ત્યાં રોકાયા, અને જિનમંદિરના દર્શન કરીને થોડું મંગલપ્રવચન આપ્યું. ગુરુદેવના દર્શન અને પ્રવચનનો લાભ મળતાં અહીંના સમાજને ઘણો હર્ષ થયો.





 ઇલોરાની ગુફાઓ



ધૂલીઆશહેર (સ્વાગત)

## ધૂલીઆ શહેર

(પોષ વદ પાંચમ)

ધૂલીઆ શહેરની જનતા અને યાત્રિકો સ્વાગત માટે તૈયાર થઇને ગુરુદેવના આગમનની રાહ જોતા હતા. દિગંબરસમાજ ઉપરાંત શ્વેતાંબર ભાઇઓ વગેરે પણ ઉત્સાહ-પૂર્વક સ્વાગતમાં સામેલ હતા. ગુરુદેવના સ્વાગત માટે લોકોને એટલો ઉત્સાહ હતો કે 'સત્‌સેવિની' મોટરમાં લાઉડસ્પીકર ગોઠવીને તેને સ્વાગતમાં સાથે ફેરવી હતી, અને સમવસરણના દુદુંભીનાદની જેમ એ 'સત્‌સેવિની' પણ શહેરમાં ઘોષણા કરતી જતી હતી કે सौराष्ट्रके आध्यात्मिक सन्त श्री कानजीस्वामी पधार रहें है...आइये...स्वागत कीजिये... प्रवचन सुनिये. સ્વાગત-પ્રસંગે શહેરને ધજા-પતાકા અને દરવાજા-કમાનોથી શણગાર્યું હતું, અને બે-ત્રણ હજાર માણસો ઉપરાંત, યાત્રાસંઘના ૫૦૦ જેટલા યાત્રિકો પણ યાત્રાસંઘના કેસરીયા બીલ્લા ટાંગીટાંગીને સ્વાગતમાં જોડાયા હતા. સવાનવ વાગે 'કલ્યાણવર્ષિણી' સા...રે...ગ...મ...ના સૂરો વગાડતી આવી પહોંચી ને ગુરુદેવ નીચે ઊતરતાં જ સૌએ જયજયકાર અને વાજિંત્રનાદથી ભાવભીનું સ્વાગત કર્યું. નિશાળના વિશાળ ચોકમાં પ્રવચન માટેના ખાસ મંડપમાં મંગલપ્રવચન થયું. ત્યારબાદ ગુરુદેવ જિનમંદિરના દર્શને પધાર્યા.

યાત્રાસંઘની ભોજનવ્યવસ્થા ધૂલીઆ શહેરના દિ૦ જૈનસમાજ તરફથી કરવામાં આવી હતી. યાત્રા પહેલાં સામાન્યપણે સંઘની એવી માન્યતા હતી કે આ તરફ તો સૌ પોતપોતાની રસોઈ અલગ બનાવે એટલે સમૂહભોજનની પદ્ધત્તિ નહિ હોય. પરંતુ યાત્રા દરમિયાન જોયું કે દરેક સ્થળના જૈનસમાજ ઘણા ઉલ્લાસથી સંઘને પ્રીતિભોજન કરાવતા, ને તેને ખાસ આનંદનો પ્રસંગ માનતા

આજે રવિવાર હતો; રવિવારે અહીં બજાર બંધ રહે છે છતાં યાત્રિકસંઘ આવેલ હોવાથી, યાત્રિકો બજારની શોભા જુએ અને તેમને જરૂરી ચીજવસ્તુઓ પણ મળી શકે તે હેતુથી બજાર અડધો દિવસ ખુલ્લી રાખવામાં આવી હતી. જેમ પુણ્યપુરુષોનાં ચરણોનો સ્પર્શ થતાં બંધબારણાં ખુલી જાય છે તેમ ગુરુદેવ પધારતાં જ ગામની બજારો અને મંદિરો ખુલી જતા. ગુરુદેવ જ્યાં જ્યાં પધારતા ત્યાં ત્યાં આખું વાતાવરણ પલટાઇ જતું. આખા નગરની શોભા જ એકદમ બદલાઈ જતી ને હર્ષની લહેરો છવાઇ જતી;—જેમ સમ્યક્ત્વ થતાં આખો આત્મા જ બદલાઈ જાય તેમ.

બપોરે ગુરુદેવના પ્રવચનમાં ત્રણેક હજાર માણસોએ લાભ લીધો. માલેગાંવ, સોનગીર વગેરે આસપાસના ગામોથી પણ અનેક માણસો પ્રવચન સાંભળવા આવ્યા હતા આ રીતે, ગુરુદેવ જ્યાં પધારે ત્યાં ' कानजीस्वामी पधारे हैं ' એમ સાંભળતાં જ આસપાસના ગામના લોકો પણ હોંસભેર દોડી આવતા. રાત્રે તત્ત્વચર્ચામાં પણ ઘણા લોકોએ જિજ્ઞાસાથી લાભ લીધો હતો.


આ રીતે ધૂલીઆશહેરના દિ૦ જૈનસમાજે ગુરુદેવનો એક દિવસનો કાર્યક્રમ બહુ જ ઉત્સાહથી શોભાવ્યો હતો. ગુરુદેવ વધારે રોકાય એવી ત્યાંના સમાજની ઘણી ઇચ્છા હતી, પરંતુ સંઘના નિશ્ચિત કાર્યક્રમમાં ફેરફાર થઈ શકે તેમ ન હોવાથી, પોષવદ છઠ્ઠની સવારમાં ગુરુદેવે સંઘસહિત ધૂલીઆથી બડવાનીજી તરફ પ્રસ્થાન કર્યું.

ધૂલીઆથી બડવાની જતાં વચ્ચે **સોનગીર** ગામે ગુરુદેવ અને કેટલાક યાત્રિકો દર્શન કરવા રોકાયા. અહીં દિગંબર જૈનોના ૪૦ જેટલા ઘર છે, તે બધાય સોનગઢના પ્રેમી છે. ગામના પ્રાચીન જિનમંદિરમાં શ્રી સંભવનાથ ભગવાન બિરાજે છે તેમની મુદ્રા પ્રાચીન અને ભવ્ય છે. આ ઉપરાંત સીમંધર ભગવાન વગેરેના ફોટાઓ પણ છે. ગુરુદેવે જિનમંદિરમાં દર્શન કરીને બે સ્તવનો ગવડાવ્યા અને મંગલપ્રવચન કર્યું. - આથી ત્યાંના સમાજને ઘણો હર્ષ થયો.

ત્યારબાદ આગળ જતાં **સેંધવા** ગામે શ્રી હુકમીચંદજી શેઠની જીન-ફેક્ટરીમાં ભોજન માટે ગુરુદેવ રોકાયા. અહીં ' સતસેવિની 'ના યાત્રિકો પં. હિંમતલાલભાઈ, વૃજલાલભાઇ, નેમિચંદભાઈ વગેરે સહિત પૂ. બેનશ્રી-બેન રોકાયા હતા ને તેમણે ગુરુદેવને ભોજન કરાવ્યું હતું. સંઘના યાત્રિકોએ ધૂલીઆથી ભાતું સાથે લઈ લીધું હતું એટલે તેઓ સીધા બડવાની સિદ્ધક્ષેત્રની તળેટીમાં લગભગ ૧૨ વાગે પહોંચી ગયા હતા.

સેંધવાથી પ્રસ્થાન કરીને ગુરુદેવ લગભગ બે વાગે **બડવાનીશહેર** પધાર્યા. જનતાએ ઉમંગથી સ્વાગત કર્યું. મધ્યભારતના નાણાંપ્રધાન શ્રી મિશ્રીલાલજી ગંગવાલ અહીં પૂ. ગુરુદેવના દર્શન કરવા આવેલા, ને ગુરુદેવને પહેલીજવાર દેખીને ઘણા પ્રસન્ન થયા હતા. અહીં જિનમંદિરમાં શ્રી નેમિનાથપ્રભુના દર્શન તથા મંગલપ્રવચન બાદ ગુરુદેવ બડવાની -તળેટી તરફ પધાર્યા. શહેરથી તળેટી પાંચ માઈલ દૂર છે. રસ્તામાં પહાડી અને ઝાડી ખૂબ આવે છે. આવો રસ્તો આવે ત્યારે યાત્રિકો આનંદથી મુનિવરોનાં ગીતગાન કરતાં કરતાં તે પસાર કરતા, બડવાની તળેટીમાં યાત્રિકો ઈન્તેજારીપૂર્વક ગુરુદેવ પધારવાની રાહ જોતા હતા. ગુરુદેવ પધારતાં યાત્રિકોમાં હર્ષ છવાઈ ગયો.

## *બડવાની સિદ્ધક્ષેત્ર*



આ બડવાની સિદ્ધક્ષેત્ર છે. મુંબઈથી નીકળ્યા બાદ પાંચ દિવસમાં આ ત્રીજું સિદ્ધક્ષેત્ર આવ્યું. આ રીતે ઉપરાઉપરી સિદ્ધક્ષેત્રોના દર્શનથી સૌને આનંદ થતો....ને હવે ધીમેધીમે દેશ કુટુંબ, ઘરબાર વગેરેનું વાતાવરણ ભૂલાઈને યાત્રાનું વાતાવરણ જામતું જતું હતું...' બસ, અમે તો સિદ્ધિધામના યાત્રિક છીએ...ને ગુરુદેવના પુનિત પગલે પગલે અમારે સિદ્ધિધામમાં જવાનું છે'– એવા જ ભાવ સૌને ઘૂંટાતા હતા.

આ બડવાની સિદ્ધિધામની તળેટીનું વાતાવરણ ઘણું સુંદર છે. વિશાળ ધર્મશાળાના મોટા ચોગાનમાં ૬૪ ફૂટ ઊંચો ચોરસ માનસ્તંભ છે, તેમાં ઊંચે પદ્માસન ભગવંતો છે ને મૂળમાં મગરલંછનવાળા ખડ્ગાસનભગવંતો બહુ જ શોભી રહ્યા છે; જાણે નાનકડા સિદ્ધ ભગવાન ઉભા હોય!-માનસ્તંભની આસપાસના ચોકમાં મોટા નાના થઈને વીસ જેટલા જિનમંદિરો છે ને તેમાં સુંદર ભાવવાહી ભગવંતો બિરાજે છે. બાહુબલી ભગવાન વગેરે



અનેક પુરાણા જિનપ્રતિમા અહીંથી ખોદકામ કરતાં નીકળેલા છે, તે પણ મંદિરમાં બિરાજમાન છે. અનેક મંદિરોની હારમાળાથી ધર્મશાળાનું વાતાવરણ બહુ જ શોભી રહ્યું છે. ધર્મશાળાની બાજુમાં બે ફર્લાંગ ઉપર જ ચૂલગિરિ પર્વત છે, તે સિદ્ધક્ષેત્ર છે. ત્યાંથી શ્રી ઇન્દ્રજીત, કુંભકર્ણ અને સાડાત્રણ કરોડ મુનિવરો મોક્ષ પામ્યા છે. નિર્વાણકાંડની ૧૨ મી ગાથામાં આ નિર્વાણધામનું વર્ણન આવે છે. તે ઉપરાંત અહીં પર્વતમાં બાવનગજના વિશાળ પ્રતિમા કોતરેલ હોવાથી, આ તીર્થ "બાવનગજાતીર્થ" તરીકે પણ પ્રસિદ્ધ છે.

—આવા પવિત્રધામમાં આવીને ગુરુદેવે ધર્મશાળાના જિનમંદિરોના દર્શન કર્યા. ગુરુદેવ સાથે એક પછી એક જિનમંદિરોના દર્શન કરતાં ભક્તજનો આનંદથી જયજયકાર કરતા હતા. વીંછીયા ગામમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે પૂ. ગુરુદેવના હસ્તે પ્રતિષ્ઠિત થયેલા શ્રી વાસુપૂજ્ય ભગવાનને એક વેદી ઉપર બિરાજમાન દેખીને ભક્તોને ઘણો આનંદ થયો—અહો, આ તો અમારા સૌરાષ્ટ્રમાંથી આવેલા ભગવાન!

ધર્મશાળાનુ વાતાવરણ ૫૦૦ ઉપરાંત યાત્રિકોની પ્રવૃત્તિથી ધમધમી રહ્યુ હતું. કોઈ દર્શન-વંદનમાં રોકાયેલા, તો કોઈ ધોવા-નહાવામાં રોકાયેલા, કોઈ ડાયરો જમાવીને જાત્રાની વાર્તા કરતા, તો કોઈ થાકયાપાકયા આરામ કરતા, કોઈ નાસ્તોપાણી કરતા, તો કોઇ સામાન ગોઠવવામાં મશગુલ હતા,-તો બીજી તરફથી ગામના વિવિધ ધંધાદારી લોકોએ અહીં આવીને એક નાનકડી બજાર ઊભી કરી દીધી હતી. આ રીતે, જાણે એક નાનું શહેર જ વસી ગયું હોય તેમ ગુરુદેવના પ્રતાપે જંગલમાં મંગળ થઇ રહ્યું હતું. અહીં ધર્મશાળામાં જ પાણીની સુંદર વાવડી તથા કુંડ હતાં, તેમ જ અહીંના વ્યવસ્થાપકો તરફથી યાત્રિકોની સગવડ માટે ગરમ પાણી વગેરેનો સુંદર બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. (શિયાળો હોવાથી યાત્રિકો માટે ગરમ પાણીનો બંદોબસ્ત લગભગ દરેક ઠેકાણે થતો હતો.)

રાત્રે યાત્રિક ભાઈઓ પૂ. ગુરુદેવ પાસે તત્ત્વચર્ચામાં બેઠા હતા.......ને આ અપૂર્વ-યાત્રાની ઉત્સાસભરી વાતચીત ચાલી રહી હતી......વચ્ચે વચ્ચે ગુરુદેવ આ તીર્થધામમાં વિચરેલા મુનિવરોને યાદ કરીને ભક્તિભર્યા ઉદ્‌ગારો કાઢતા હતા.

તે વખતે પૂ. બેનશ્રી-બેન યાત્રિકબહેનો સાથે જિનમંદિરમાં ભગવાન સામે ભક્તિ કરતા હતા, વૈરાગ્યભરેલા અતિ શાંત વાતાવરણમાં ભક્તિ ચાલી રહી હતી.

(૧) જિણંદા મોરા અંતરમેં આવો.......મુનીંદા મોરા અંતરમેં આવો ...

(૨) જંગલ વસાવ્યું રે જોગીએ......તજી તનડાની આશ............
વાત ન ગમે આ વિશ્વની.......આઠે પહોર ઉદાસ................

(૩) મૈં જીવન દુઃખ સબ ભૂલ ગયા .....યે પાવન પ્રભુકો દેખ૦ પ્રભુ૦
યે પાવન તીરથ દેખ પ્રભો......તેરી સિદ્ધભૂમિકો દેખ પ્રભુ......


(૪) ઐસે મુનિવર દેખે વનમેં......જાકે રાગદ્વેષ નહિ તનમેં......
ઐસે કુંભકર્ણમુની દેખે વનમેં......જાકે રાગદ્વેષ નહિ તનમેં..........
ઐસે ઈન્દ્રજીતમુની દેખે વનમેં......જાકે રાગદ્વેષ નહિ તનમેં..........
ઐસે કુન્દકુન્દમુની દેખે વનમેં.......જાકે રાગદ્વેષ નહિ તનમેં..........

એ ચાર સ્તવનો ગદ્‌ગદ-ભક્તિભાવે પૂ. બેનશ્રી-બેને ગવડાવ્યા હતા......ત્યારે ઉપશાંત ભક્તિરસનું ઝરણું ત્યાં વહેતું હતું. અહા! મુનિવરોના આ મુક્તિધામમાં મુનિદશાની વૈરાગ્યભાવનાપૂર્વકની એ ભક્તિ અદ્‌ભુત હતી......ગંભીર વીતરાગતાથી વાતાવરણ ગૂંજતું હતું, ને પૂ. બેનશ્રી-બેનના રોમરોમથી વીતરાગીમુનિપદની ભક્તિ નીતરતી હતી.

— અને, બરાબર એ જ વખતે, મહામુનિભક્તિથી પ્રસન્ન થઇને શ્રી કુંદકુંદાચાર્યદેવ જાણે સાક્ષાત્ દર્શન દેવા પધાર્યા હોય તેમ, ગુરુદેવની સભામાં એક આશ્ચર્યકારી વાત થઈ...

— અહીંના મુનીમજીએ તીર્થનો પરિચય આપતાં કહ્યું કે "શ્રી કુંદકુંદાચાર્ય અહીં પધાર્યા હતા......અને આ પર્વત ઉપર એક ઠેકાણે તેમની પ્રતિમા પણ છે." અહા! આ સાંભળતાં જ ગુરુદેવને એકદમ આશ્ચર્ય સાથે ઘણો આનંદ થયો. આખી સભામાં હર્ષ અને આશ્ચર્ય છવાઈ ગયા. સોનગઢ સિવાય બીજે કયાંય કુંદકુંદાચાર્યદેવની પ્રતિમા હોવાનું અત્યારસુધી સાંભળ્યું ન હતું, તે અહીં અચાનક સાંભળ્યું ને વળી કાલે સવારમાં જ તેના દર્શન થવાના છે તેથી સૌને ખૂબ જ પ્રમોદ થયો....એનાં દર્શન માટે સૌનું દીલ ઝંખી રહ્યું......કયારે પ્રભાત ઊગે ને કયારે કુંદકુંદપ્રભુને ભેટીએ- એવા રટણપૂર્વક માંડમાંડ રાત પસાર કરી.

# ✠ બડવાની સિદ્ધક્ષેત્રની યાત્રા ✠




પોષ વદ પાંચમ ' સવારમાં છ વાગે બડવાની ( ચૂલગિરિ ) સિદ્ધક્ષેત્રની યાત્રા માટે પૂ. ગુરુદેવ સંઘસહિત પધાર્યા......ધર્મશાળાની નજીક જ પર્વત છે; ધર્મશાળાથી પર્વત સુધી સડક છે ને ત્યાં મોટર પણ જઈ શકે છે. યાત્રિકો જયજયકાર કરતા દસ મિનિટમાં ત્યાં પહોંચી ગયા. આ બધો પ્રદેશ પહાડી અને વનજંગલ જેવો છે, ને અહીં ચિત્તા વગેરેનો ભય પણ છે, સાંભળવા પ્રમાણે સંઘની એક મોટરને ચિત્તાનો ભેટો પણ થયેલ. વન-પર્વતમાં સિંહ વાઘ સાથે નિર્ભયપણે વિચરનારા મુનિવરોનું સ્મરણ અને ભક્તિ કરતા કરતા, યાત્રિકો વન વટાવીને પર્વત પાસે આવી ગયા.



અહીં જે પર્વત છે તેનું નામ ચૂલગિરિ છે અને પૂજનાદિ પુસ્તકોમાં આ ક્ષેત્રનો "ચૂલગિરિ સિદ્ધક્ષેત્ર" તરીકે ઉલ્લેખ છે; આ પર્વતમાં આદિનાથપ્રભુની બાવનગજની પ્રતિમા કોતરેલી હોવાથી, આ તીર્થ "બાવનગજા તીર્થ" તરીકે પણ પ્રસિદ્ધ છે. અને, બડવાની શહેરની હદમાં આવેલું હોવાથી હાલ "બડવાનીજી સિદ્ધક્ષેત્ર" તરીકે પણ પ્રસિદ્ધ છે.

પર્વતનું ચઢાણ શરૂ કરતાં જ જમણી તરફ પર્વતમાં ચકચક થતું દેખાયું....ઝાંખા ઝાંખા પ્રકાશમાં નજર કરતાં જાણે કોઈ ધ્યાનમાં ઊભું હોય–એમ લાગ્યું....ને પછી વધારે નજીક જઈને જોતાં ખબર પડી કે **અહા, આ તો બાવનગજા આદિનાથ ભગવાન!** પરોઢિયાના ઝાંખા પ્રકાશમાં એમની પાવનમુદ્રા જ્ઞાનતેજથી ચમકતી–ચમકતી ભક્તોને પોતાની પાસે બોલાવતી હતી. ભગવાનને ઝટ ઓળખી ન શક્યા તેથી ભક્તો જરાક ઝંખવાણા પડી ગયા, પણ પછી ભગવાનને નયણે નીહાળતાં આનંદ અને આશ્ચર્યથી દર્શન કરીને સૌએ જયજયકાર કર્યો. પર્વતની વિશાળ શિલામાંથી પર્વતમાં ને પર્વતમાં જ આ બાવનગજા (૮૪ ફૂટના) આદિનાથ ભગવાન કોતરેલા છે; એશીયાભરમાં આ પ્રતિમા સૌથી મોટા છે ને હજારો વર્ષ પુરાણા છે. વીર સં. ૮૦૦ માં એટલે લગભગ ૧૭૦૦ વર્ષ પહેલાં




તો આનો જિર્ણોદ્ધાર થયો છે. પર્વતની સાથે જ ધ્યાનસ્થ ઊભેલા ઊંચા ઊંચા આ ભગવાનને નીહાળતાં, જાણે ૫૦૦ ધનુષની કાયાવાળા આદિનાથભગવાન જ આપણી સન્મુખ સાક્ષાત્ ઊભા હોય–એવું લાગે છે. અહા! જેણે પર્વતમાંથી આવા પરમાત્મા કોતરી કાઢ્યા તે ભક્તો કેવા હશે......ને તે વખતે જૈનધર્મની કેવી જાહોજલાલી હશે!! આ ભગવાનના દર્શન કરતાં જ ગુરુદેવ કહે કે અહા, જુઓ તો ખરા, કેવા ભગવાન છે!! આ હજારો વર્ષ જુના પ્રતિમાજી પણ દિગંબર જૈનધર્મની સાક્ષી પૂરી રહ્યા છે ને મુનિદશા પણ આવી જ હોય–એમ દર્શાવી રહ્યા છે.



—આ આદિનાથભગવાનના દર્શન કરીને સૌ પર્વત ઉપર આવ્યા. પર્વત ચડતાં લગભગ અડધી કલાક લાગે છે. ઉપર એક મુખ્ય મંદિર છે, તેમાં શ્રી પાર્શ્વનાથ, નેમિનાથ વગેરે ભગવંતોના ભવ્યપ્રતિમા છે, તે ઉપરાંત અહીંથી મોક્ષ પામેલા શ્રી ઈન્દ્રજીત, કુંભકર્ણ વગેરેનાં સુંદર ચરણકમળ છે. ગુરુદેવ સાથે સૌએ ભગવંતોના દર્શન કરીને એ પવિત્ર ચરણકમળનો સ્પર્શ કર્યો....બરાબર એ વખતે અભિષેક ચાલતો હોવાથી, ગુરુદેવના હસ્તે પણ જરાક કલશધારા કરાવી......ને ગુરુદેવના પાવનહસ્તની સાથે સાથે ભક્તોએ પણ અભિષેક કર્યો. આમ ગુરુદેવના સુહસ્તે અભિષેકની મંગલશરૂઆત અહીં કુંદકુંદપ્રભુના પગલાથી પાવન થયેલી આ ભૂમિમાંથી થઈ. ત્યારબાદ ભક્તિપૂર્વક અર્ઘ ચઢાવીને હવે કુંદ કુંદાચાર્યદેવના દર્શન માટે સૌ મંદિરમાંથી બહાર આવ્યા.

કુંદકુંદપ્રભુના દર્શન માટે સૌ ખૂબ જ ઉત્સુક હતા...પર્વતમાં કોણ જાણે ક્યાં કુંદકુંદપ્રભુ બિરાજતા હશે—તેની કોઈ યાત્રિકને ખબર ન હતી...ગુરુદેવ પણ આતુરનયને પર્વતને નીહાળતા હતા....જાણે કે એ નયનોવડે પર્વતને પૂછી રહ્યા હતા કે "ક્યાં છે મારા કુંદકુંદપ્રભુ! ક્યાં છે અમારા પરમ ગુરુરાજ!! ક્યાં છે અમારા હૈયાના હાર! ક્યાં છે અમારા આતમના આરામ!!

મંદિરની પાછળના ભાગમાં સાધારણ દેખાવની એક નાની ત્રણેક ફૂટ ઊંચી દેરી છે.... તે જોઈને દૂરથી જ ગુરુદેવે પૂછ્યું કે આ દેરીમાં શું છે? ત્યાંના મુનીમજીએ કહ્યું: બસ, એ જ કુંદકુંદપ્રભુની દેરી! એ સાંભળતાંવેંત જ ગુરુદેવ દેરી પાસે જઈને અંદર ઘૂસી ગયા....ને ભક્તિથી સ્તબ્ધ થઈને કુંદકુંદપ્રભુના ચરણ પાસે બેસી ગયા....ગુરુ-શિષ્યના મિલનનું, કુંદ–કહાનના મિલનનું, એ દૃશ્ય અદ્‌ભુત હતું. વિખુટો પડેલો પુત્ર પોતાના વહાલા પિતાને જોતાં જેમ હર્ષિત થાય તેમ ગુરુદેવ પણ અહીં કુંદકુંદપ્રભુને જોતાં હર્ષિત થતા હતા...ને ભક્તમંડળ પણ જયજયકારપૂર્વક ગુરુદેવના હર્ષને ઝીલતું હતું.




શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રતિમા

આ પોષ વદ સાતમનો દિવસ છે, ને સવારના સાત વાગ્યા છે. ગુરુદેવ ચૂલગિરિ

પર્વત ઉપર કુંદકુંદપ્રભુની દેરીની અંદર બેઠા છે; અંદર પ્રકાશ ઝાંખો હોવાથી બેટરીના પ્રકાશવડે કુંદકુંદપ્રભુને અને તેની નીચેના લેખને નીહાળી રહ્યા છે. દેરીમાં એક હાથ ઊંચા ત્રણ પ્રતિમા છે; તેમાં મૂળ પ્રતિમાજી ઘણા પુરાણા છે; ને તેમાં પણ બીજી વિશેષતા એ છે કે તેઓ પૂર્વવિદેહ તરફ હાથ જોડીને ઊભેલા છે, એટલે સીમંધરભગવાનને નમસ્કાર કરી રહ્યા હોય-એ રીતે ઊભેલા છે. કુંદકુંદાચાર્યદેવ વિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરપ્રભુ પાસે ગયા હતા તેનો જ જાણે કે એક વધુ પુરાવો હોય-એવા આ પ્રતિમાના દર્શનથી સૌને ઘણો જ આનંદ થયો.

પ્રતિમા તો પાંચે પરમેષ્ઠીની હોય છે-એટલે જો કે મુનિઓની પણ પ્રતિમા હોય છે, પરંતુ આ રીતે હાથ જોડીને વંદન કરતા હોય-એવી પ્રતિમા સામાન્યપણે નથી હોતી. એ તો, કુંદકુંદાચાર્યદેવ સીમંધરપ્રભુના સમવસરણમાં ગયેલા-એ ખાસ પ્રસંગ સૂચવવા માટે, જેમ સોનગઢમાં બનાવવામાં આવેલ છે તે જ રીતે અહીં પણ હજાર-દોઢહજાર વર્ષ પહેલાં સ્થાપિત થયેલા જોઇને ગુરુદેવને ઘણો હર્ષ થયો. ગુરુદેવ કહે-"જુઓ, કુંદકુંદભગવાન જેવા આપણે સોનગઢમાં (હાથ જોડીને ઊભેલા) છે તેવા જ કુદરતે અહીં નીકળ્યા; બેનોએ સોનગઢમાં કરાવ્યા તે વખતે કાંઈ અહીંની ખબર ન હતી, પણ કુદરતે મેળ થઈ ગયો. વળી જેવડા અહીં છે, લગભગ તેવડા જ સોનગઢમાં છે." પૂર્વદિશા સન્મુખ હાથ જોડીને ઊભેલા મૂળપ્રતિમા તો ઘણા પુરાણા હોવાથી મુદ્રા ઘસાઈ ગયેલ છે; તેથી બે તરફ બીજા બે પ્રતિમા (તેવી જ રીતે હાથ જોડીને ઊભેલા) કરેલા છે, તે પણ ઘણા પુરાણા છે, તેમ જ બાજુમાં મોર-પીંછી અને કમંડળ પણ કોતરેલા છે. એક પ્રતિમાજી નીચે લેખ છે, તેનો કેટલોક ભાગ દબાઈ ગયો હોવાથી આખો લેખ સ્પષ્ટ નથી વંચાતો, પણ "ચૈત્ર સુદ ૧૩" અને "કુંદકુંદાચાર્યદેવ" એવું નામ તો સ્પષ્ટ વાંચી શકાય છે. ભાવપૂર્વક ખૂબખૂબ અવલોકન કર્યા બાદ બહાર આવીને તરત ગુરુદેવે પૂછ્યું-બેનો ક્યાં છે? બેનશ્રી-બેન આવી પહોંચતાં પૂ. ગુરુદેવે કહ્યું: "અહીં કુંદકુંદભગવાનના પ્રતિમા છે. સીમંધરભગવાન તરફ



કુંદકુંદાચાર્યદેવ (સોનગઢ)

હાથ જોડીને ઊભા છે ને બહુ પુરાણા છે; અંદર જઈને જુઓ." તરત બેનશ્રી-બેને દેરીમાં જઈને પ્રસન્નતાપૂર્વક દર્શન કર્યા, ને કુંદકુંદપ્રભુના દર્શનથી તેઓને પણ ઘણો જ ઉલ્લાસ થયો..." કુંદકુંદાચાર્યદેવ સીમંધરપ્રભુના સમવસરણમાં પધાર્યા હતા"-એ પ્રસંગ અહીં નજરસમક્ષ તાજો તરવરતો હતો. ભાવપૂર્વક દર્શન કર્યા બાદ પૂજન કર્યું—

કુંદકુંદ આદિ ઋદ્ધિધારક મુનિનકી પૂજા કરું;
તા કરિ પાતિક હરું સારે સકલ આનંદ વિસ્તરું.

ઈત્યાદિ પૂજા કરીને સૌએ ભાવથી અર્ઘ ચડાવ્યો, પ્રદક્ષિણા કરી, ને કોઈ કોઈ ભાવુકભક્તોએ આચાર્યદેવનો અભિષેક પણ કર્યો.

પછી થોડી વાર ભક્તિ થઈ—

(૧) ધન્યધન્ય આજ ઘડી કૈસી સુખકાર હૈ...
કુંદપ્રભુ દરબાર લગા...કુંદપ્રભુ દરબાર હૈ..
ખુશીયાં અપાર આજ હરદિલમેં છાઈ હૈ
કુંદપ્રભુકો દેખ હમેં આનંદ ઉભરાતે હૈં...આનંદ...
કહાનગુરુ સાથ કૈસી યાત્રા હોતી આજ હૈ...
કુંદપ્રભુ દરબાર લગા....કુંદપ્રભુ દરબાર હૈ....

(૨) જય બોલો...જય બોલો...શ્રી કુંદપ્રભુકી જય બોલો...
ચૂલગિરિ પર આપ બિરાજે, સીમંધરપ્રભુકા દરશન કરતે;
ભકતજનો સબ યાત્રા કરતે, કહાનગુરુકી સાથ...પ્રભુકી જય બોલો૦

યાત્રિકોનો સમૂહ આ કુંદકુંદાચાર્યદેવના દર્શન માટે ઉત્સાહથી ઉમટી રહ્યો હતો... પણ દેરી તો નાની, ને ભક્તો ઘણા, એટલે એક પછી એક અંદર જઈને દર્શન કરી શકતા હતા. "જલદી કરો, અમને જવા દો, એક બાજુ ખસો, અમને દર્શન કરવા દો"-એમ ભક્તજનોમાં દર્શન માટે કોલાહલ થઇ રહ્યો હતો... તો બીજી તરફ જેમણે દર્શન કરી લીધા હતા તેઓ પણ હર્ષને લીધે ભક્તિનો કોલાહલ કરી રહ્યા હતા. નાનકડી દેરીમાં રામજીભાઈ જેવા તો માંડમાંડ મુશકેલીથી જઇ શકે તેમ હતું, છતાં જેમ તેમ કરીને તેઓ પણ અંદર જઇને દર્શન કરી આવ્યા.

ત્યારબાદ ગુરુદેવે આસપાસના વાતાવરણનું નિરીક્ષણ કર્યું. ચારે તરફ મુનિઓના વાસ જેવા વનજંગલ શોભી રહ્યા છે, ઉત્તર તરફ રેવાનદી શોભી રહી છે. આ રેવાનદીના કિનારે કરોડો મુનિવરો મુક્તિ પામ્યા છે તેથી તે પવિત્ર છે ને સિદ્ધક્ષેત્ર સમાન પૂજ્ય ગણાય છે. આ રેવાનદીના જ બીજાં નામો 'ચેલણા' અથવા 'નર્મદા' છે. આસપાસના સુંદર દશ્યોના અવલોકનથી સૌને પ્રસન્નતા થઈ. આ રીતે ગુરુદેવ સાથે ચૂલગિરિતીર્થની યાત્રા કરીને જય-જયકાર કરતા સૌએ નીચે ઉતરવા માંડ્યું. રસ્તામાં કેટલાક પુરાણા મંદિરો આવે છે ત્યાં પણ દર્શન કરતા જતા હતા.

અહીં કુંદકુંદપ્રભુના અણધાર્યા દર્શન થવાથી સૌને ઘણો ઉલ્લાસ થયો હતો. જેમ સીમંધરનાથના સાક્ષાત્ દર્શનથી કુંદકુંદાચાર્યદેવને પરમ હર્ષ થયો હતો, તેમ અહીં કુંદકુંદપ્રભુનાં દર્શનથી સૌ ભક્તોને ઘણો હર્ષ થયો. પર્વત ઉતરતાં ઉતરતાં પૂ. બેનશ્રી–બેન મુનિવરોની વૈરાગ્યભરી સ્તુતિ બોલતા હતા—

ઐસે મુનિવર દેખે વનમેં .. જાકે રાગદ્વેષ નહિ તનમેં...
ઐસે કુંદમુનિ (-ઇન્દ્રજિતમુનિ, કુંભકર્ણમુનિ) દેખે વનમેં...જાકે...

–એમ મુનિવરોની સ્તુતિ કરતાં કરતાં અને સિદ્ધભગવંતોના જયજયકાર ગજાવતા નીચે તળેટીમાં આદિનાથભગવાન પાસે આવ્યા. પર્વતમાં જ કોતરેલા ૮૪ ફૂટ ઊંચા આદિનાથભગવાનનું દશ્ય ઘણું ભવ્ય છે. ભગવાનની સામે મોટો વિશાળ ચોક છે; ને ઊંચે ઊંચે ભગવાનના શિર પાસે બંને બાજુ ઝરુખા છે–જેના ઉપર ચડીને ભક્તો દર્શન તથા અભિષેક કરે છે; ને સામેથી ભગવાનના દર્શન કરવા માટે એક અગાશી પણ છે. વિશાળકાય ભગવાનને લીધે વિશાળચોક બહુ જ શોભી રહ્યો છે. અહીં આવીને ગુરુદેવે ભગવાનની અદ્‌ભુત મુદ્રાના ધરાઈ ધરાઈને દર્શન કર્યા....ને પછી ભક્તિ કરાવી...ભક્તિમાં એકતાન થઈને ગુરુદેવ ગવડાવતા હતા—

પ્રભુજી આદીશ્વર અલવેસર જિન અવધારિયે રે લોલ ..
પ્રભુજી મનમંદિરીયે માહરે વહેલા આવજો રે લોલ....
પ્રભુજી ધ્યેયસ્વરૂપે તું છે ભવભય વારણો રે લોલ...
પ્રભુજી તુમપદકજની સેવા કલ્પતરૂ સમી રે લોલ...

(-જિનેન્દ્ર સ્તવનમંજરી પૃ. ૨૮૪)

—આમ ભાવભીની ભક્તિ કરાવીને, હજી પણ વિશેષ ભક્તિનો ઉમંગ થતાં ગુરુદેવે બેનશ્રી–બેનને ભક્તિ કરાવવા કહ્યું. ગુરુદેવની આજ્ઞા થતાં જ બેનશ્રી–બેને ભક્તિ શરૂ કરી ..


આદિ જિણંદજી સોહામણા રે લાલ, ધન્ય અવતાર જિનરાજનો રે લાલ.
ગુરુ પ્રતાપે આજ દેખીયા રે લાલ .. ભવભ્રમણ આજ મેટીઆ રે લાલ.

એ સ્તવન પૂરું થયા બાદ નીચેની ધૂન ગવડાવી—

જય આદીશ્વર જય આદીશ્વર જય આદીશ્વર દેવા...
બડવાનીમેં આપ બિરાજો હો દેવનકે દેવા. જય૦
અતિ ઉન્નત પ્રભુ મુદ્રા સોહે...દર્શન આનંદકારા...
કહાનગુરુ સાથે યાત્રા કરતાં...આનંદ અપરંપારા. જય૦


ભક્તિની ધૂનથી પર્વત ગાજી રહ્યો હતો... દૂર દૂર સુધી એ ધૂન સંભળાતી હતી... પર્વત ઉપર પાછળ રહી ગયેલા યાત્રિકો એ ધૂન સાંભળીને ઝડપભેર નીચે આવી રહ્યા હતા.

ભક્તિ પૂરી થતાં, ગુરુદેવે પ્રભુની સમીપ જઇને તેમના પાવન ચરણનો સ્પર્શ કર્યો... ફરીફરીને ચરણસ્પર્શ કર્યો....ને પછી હસતાં હસતાં ભગવાનના બે ચરણોની વચ્ચે જઇને ભક્તિપૂર્વક ઊભા રહ્યા. એ દશ્ય બહુ સુંદર હતું.... ઊંચા ઊંચા ભગવાનના બંને ચરણ વચ્ચે ઊભેલા ગુરુદેવ, ભગવાનના ગોઠણ સુધી પણ પહોંચતા ન હતા. મોટા મોટા ભગવાનના ચરણ વચ્ચે ઊભેલા ગુરુદેવ ભગવાનના નાનકડા નંદન જેવા શોભતા હતા.




જિનેન્દ્રદેવ અને તેમના લઘુનંદનના મિલનનું આ ભાવભીનું દશ્ય જોઇને યાત્રિકો હર્ષથી જયજયકાર કરતા હતા...


ત્યારબાદ ઉત્સાહપૂર્વક ભગવાનનું પૂજન કરીને, ઉપરના ઝરૂખામાં જઇને એકદમ નીકટથી ભગવાનની મુદ્રાના દર્શન કર્યા, કેટલાક ભક્તોએ મસ્તકાભિષેક પણ કર્યો....ઝરૂખામાંથી ભગવાનનું વિશાળ મસ્તક, એક મંદિરના મોટા ઘૂમ્મટ જેવું દેખાય છે... તેમ જ ભગવાનની ભવ્ય મુદ્રા એકદમ નીકટથી જોતાં આશ્ચર્ય ને આનંદ થાય છે.




બાવનગજા આદિનાથ સન્મુખ, ભક્તિ



ભક્તિ પછી ભગવાનની સન્મુખ બેસીને ભગવાનનું અવલોકન



દૂરબીન વડે દર્શન



બાવનગજા આદિનાથ ભગવાન



પ્રભુજીના....ચરણમાં........

—આમ આનંદપૂર્વક ગુરુદેવ સાથે ચૂલગિરિ (બડવાની)સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને, "યાત્રાની વાહવા" ને જયજયકાર કરતા સૌ ધર્મશાળાએ આવ્યા.... ને ત્રીજા સિદ્ધક્ષેત્રની યાત્રા પૂર્ણ થઈ..

ચૂલગિરિથી સિદ્ધિપ્રાપ્ત સિદ્ધભગવંતોને નમસ્કાર હો.
ચૂલગિરિમાં ટંકોત્કીર્ણ શ્રી આદિનાથ ભગવાનને નમસ્કાર હો.
ચૂલગિરિમાં બિરાજમાન શ્રી કુંદકુંદાચાર્યદેવને નમસ્કાર હો.
સિદ્ધિધામની યાત્રા કરાવનાર કહાનગુરુને નમસ્કાર હો.

"પૂ. શ્રી કાનજીસ્વામી દિ. જૈન તીર્થયાત્રાસંઘ"નું આ વર્ણન ચાલી રહ્યું છે. સવારમાં ચૂલગિરિ સિદ્ધિધામની યાત્રા કરીને ધર્મશાળાએ આવ્યા બાદ, ત્યાંના મંદિરોના દર્શન–પૂજન કર્યા, ને પછી ભોજન કરીને સંઘે બડવાની શહેર તરફ પ્રસ્થાન કર્યું.

સૌથી આગળ ગુરુદેવનો ધ્વજ ફરકાવતી 'કલ્યાણવર્ષિણી' દોડી જતી હતી, ને તેની પાછળપાછળ અનેક મોટરોની હારમાળા ભક્તિ કરતી દોડી રહી હતી—

જય આદિનાથ જય ઇંદ્રજિત, જય કુંભકર્ણ દેવા...
બડવાનીમેં આપ બિરાજે વંદન આજ હમારા...જય૦
મુક્તિપુરીમેં આપ પધાર્યા હમકો ભી લે જાઓ...
ગુરુજી પ્રતાપે યાત્રા કીધી ભવસે પાર લગાઓ...જય૦


—આમ કોઈ વાર ધૂન કરતા, તો કોઈ વાર કુંદકુંદપ્રભુના વિદેહગમન સંબંધી સ્તુતિ બોલતા—

બહુ ઋદ્ધિધારી કુંદકુંદ મુનિ થયા એ કાળમાં,
જે શ્રુતજ્ઞાન–પ્રવીણ ને અધ્યાત્મરત યોગી હતા;
આચાર્યને મન એકદા જિનવિરહતાપ થયો મહા,
રે! રે! સીમંધરજિનના વિરહા પડ્યા આ ભરતમાં.

(સમવસરણ–સ્તુતિ)

–આમ, પ્રવાસ દરમિયાન મોટરોની સાથે સાથે ભક્તિ પણ ચાલુ જ રહેતી... ને તેમાં પણ ગુરુદેવની મોટર જ્યારે સાથે હોય ત્યારે ભક્તિનો ખાસ રંગ જામતો. ભક્તિ કરતાં કરતાં એક વાગે બડવાની શહેર પહોંચી ગયા... ત્યાં જિનમંદિરમાં દર્શન કર્યા બાદ પૂ. ગુરુદેવનું પ્રવચન ચાલી રહ્યું છે. પ્રવચનના ખાસ મંડપમાં હજારેક શ્રોતાઓ ઉત્સાહથી શ્રવણ

કરી રહ્યા છે, ને ગુરુદેવ અહીંના આદિનાથ ભગવાનનો તથા કુંદકુંદપ્રભુનો અપાર મહિમા કરીને, જાત્રાનો ઉલ્લાસ વર્ણવી રહ્યા છે :



" જુઓ, અહીં તીર્થ ઉપર ૮૪ ફૂટના મોટા આદીશ્વર ભગવાન બિરાજે છે; અહા! આવા મોટા ભગવાન આ જિંદગીમાં તો પહેલવહેલા અહીં જોયા. જેવા આ જિનેન્દ્ર પ્રતિમા છે તેવો જ અંદર ચૈતન્યબિંબ આત્મા ચૈતન્યપ્રતિમા છે. આવા ભગવાનના દર્શન કરતાં " તેવો જ મારો આત્મા છે " —એવી અંતર્દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. અનંતકાળમાં જીવે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી ને જિનેન્દ્રદેવને પણ ખરા સ્વરૂપે ઓળખ્યા નથી. માત્ર બહારથી ભગવાનને જોયા છે, જો અંતર્દૃષ્ટિથી સર્વજ્ઞ ભગવાનના આત્માને ઓળખે તો પોતાના આત્માનું ભાન થઇને સમ્યગ્દર્શનની સિદ્ધિ થાય ને અલ્પકાળમાં પરમાત્મદશા પ્રગટી જાય. –એ પરમાત્માની આ પ્રતિમા છે. મોક્ષાભિલાષી જીવોને વીતરાગદશા પહેલાં આવા પરમાત્મા પ્રત્યે ભક્તિપૂજાનો અને જે સ્થાનમાં તેઓ વિચર્યા તેની યાત્રા વગેરેનો, ભાવ આવ્યા વિના રહે નહિ. "

સમયસારની પહેલી ગાથા વડે પ્રવચનનું મંગલાચરણ કરીને પછી ગુરુદેવે આત્માના એકત્વસ્વરૂપ સંબંધી ત્રીજી ચોથી ને પાંચમી ગાથા વાંચી હતી, તેમાં


**" तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण "**

**( દર્શાવું એક વિભક્ત એ આત્માતણા નિજ વિભવથી )**

—એ પદનું વિવેચન કરતાં ગુરુદેવે ઘણા જ ભાવથી કહ્યું કે " અહા ! આત્માનું એકત્વસ્વરૂપ સમયસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે પોતાના આત્મવૈભવથી અલૌકિક રીતે સમજાવ્યું છે. તેમણે તીર્થંકર જેવું કામ કર્યું છે. તેઓ તો પંચપરમેષ્ઠીપદમાં ભળેલા ભગવાન હતા, અમે તો તેમને ' ભગવાન ' કહીને જ સંબોધીએ છીએ. "


કુંદકુંદપ્રભુ પ્રત્યે ખૂબ જ ભક્તિથી ગુરુદેવ કહી રહ્યા છે:

" અહો ! અહીં (ચૂલગિરિ પર્વત ઉપર) કુંદકુંદાચાર્ય ભગવાનના પ્રતિમાજી જોયા... હાથ જોડીને ઊભા છે. તેવા પ્રતિમાજી અમારે સોનગઢમાં પણ છે; –સમવસરણમાં સીમં-




" આવા મોટા ભગવાન આ જીંદગીમાં પહેલવહેલા જોયા "

ધર ભગવાનની સામે હાથ જોડીને ઊભા છે, તેમ અહીં પણ પૂર્વમાં સીમંધર ભગવાન તરફ હાથ જોડીને કુંદકુંદાચાર્યદેવ ઊભા છે.



શ્રી કુંદકુંદાચાર્યદેવ (બડવાની)



શ્રી કુંદકુંદાચાર્યદેવ (સોનગઢ)

"અહો! તેમને જોતાં જ હું તો અંદર ઘૂસી ગયો. કુંદકુંદાચાર્ય મહારાજ આ ભરતક્ષેત્રથી મહાવિદેહમાં સીમંધરપરમાત્મા પાસે ગયા હતા– તેનું લક્ષ કરીને કોઈએ અહીં તે પ્રતિમાજી કરાવ્યા છે; અમારે બે બહેનો (ચંપાબેન તથા શાંતાબેન) છે તેમણે સોનગઢમાં કુંદકુંદભગવાનના પ્રતિમા આ જ રીતે હાથ જોડેલા કરાવ્યા છે. તે વખતે કાંઈ અહીંની ખબર ન હતી. અહીં એ દૃશ્ય જોઈને અમને તો ઘણો પ્રહ્લાદ ને આહ્લાદ થયો."


અહા, ગુરુદેવના શ્રીમુખથી અદ્ભુત ધારા વહેતી હતી, ને શ્રોતાઓ હર્ષથી ચકનાચૂર થઈને એ ઝીલી રહ્યા હતા. પ્રવચન પૂરું થઈ ગયું છતાં એ અમૃતપાનથી લોકોને તૃપ્તિ થતી ન હતી, તેથી ઘણા લોકોએ વિનંતિ કરી કે "महाराज और भी थोडा फरमाइए." લોકોએ ભાવથી વિનંતિ તો કરી, પરંતુ ગુરુદેવને કાર્યક્રમની નિયમિતતા ઘણી, અને પ્રસ્થાનનો સમય થઈ ગયો હતો તેથી વધુ રોકાવાય તેમ ન હતું. છેવટે લોકોએ ગુરુદેવનો ઘણો આભાર માન્યો....ને બરાબર અઢી વાગે આદિનાથપ્રભુ તથા કુંદકુંદપ્રભુના જયજયકારપૂર્વક ગુરુદેવે બડવાનીથી પાવાગિરિ–ઉન તરફ પ્રસ્થાન કર્યું.

સંઘના બીજા યાત્રિકોએ તો પૂ. ગુરુદેવની સાથે જ પાવાગિરિ તરફ પ્રસ્થાન કર્યું. પરંતુ શ્રી વછરાજજી શેઠના ખાસ આગ્રહને લીધે તેમની બસના યાત્રિકોને બડવાની સિદ્ધક્ષેત્રમાં એક ટંક રોકાઇ જવું પડયું. ત્યાં જો કે વછરાજજી શેઠે ઘણી લાગણીપૂર્વક ભોજનાદિનો પ્રબંધ કર્યો હતો પરંતુ ગુરુદેવથી અને સંઘથી વિખૂટા પડી જવાને કારણે તેઓને ચેન નહોતું પડતું; તેથી ભોજન બાદ તરત તળેટીમાં શ્રી બાવનગજા આદિનાથ ભગવાનના શરણે ભક્તિ કરવા ગયા. વછરાજજી શેઠ વગેરે પણ સાથે હતા. પ્રથમ ભગવાનની આરતી ઉતારીને પછી ખૂબ ભક્તિ કરી....કોઇએ ભક્તિથી રાસ લીધા તો કોઇએ નૃત્ય કર્યું. શેઠાણી મનફૂલાદેવીએ પણ તેમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. ત્યાં ખૂબ ભક્તિ કર્યા બાદ રાત્રે ધર્મશાળાના ચોકમાં માનસ્તંભ પાસે સૌ બેઠા ને આ સિદ્ધક્ષેત્રથી મોક્ષ પામેલા ઈન્દ્રજીત–કુંભકર્ણ વગેરે સંતોની કથા કરી, તથા સિદ્ધભગવંતોનું સ્મરણ કરીને સમ્યક્ત્વાદિની ભાવના ભાવી. બીજે દિવસે સવારમાં અહીંથી પ્રસ્થાન કરીને પાવાગિરિ–ઉન મુકામે સંઘની સાથે થઈ ગયા.

બડવાનીથી પાવાગિરિ તરફ જતાં વચ્ચે અંજડ ગામ આવે છે. ત્યાંના એક પ્રતિમાજી વીંછીયા (સૌરાષ્ટ્ર)માં પૂ. ગુરુદેવના હસ્તે પ્રતિષ્ઠિત થયેલા છે. ગુરુદેવ જ્યારે અહીંથી પસાર થયા ત્યારે અનેક લોકો પ્રેમપૂર્વક દર્શન કરવા આવ્યા હતા. ત્યારબાદ લગભગ ચાર વાગે પૂ. ગુરુદેવ સંઘસહિત પાવાગિરિ–ઉન પહોંચી ગયા.



# પાવાગિરિ-ઉન સિદ્ધક્ષેત્ર



શ્રી પાવાગિરિ-ઉન તે પણ એક સિદ્ધક્ષેત્ર છે; મુંબઈથી પ્રસ્થાન બાદ સાત દિવસમાં આ ચોથું સિદ્ધક્ષેત્ર આવ્યું. સિદ્ધપદના સાધક કહાનગુરુદેવની સાથે સિદ્ધિધામમાં વિચરતાં આત્મા ઘણો પ્રસન્ન થાય છે....અહા. જાણે કે સિદ્ધભગવંતોનો દેશ ગુરુદેવ દેખાડી રહ્યા છે. સાધકસંતો સાથે સિદ્ધભગવંતોની નગરીમાં વિચરતા ભક્તો સંસારને ભૂલી ગયા છે....ને તીર્થસ્વરૂપ સંતોની સાથે મંગલ તીર્થયાત્રાનો મહાન લાભ લઈ રહ્યા છે.

'નિર્વાણકાંડ સ્તુતિ'માં આ પાવાગિરિ-સિધ્ધક્ષેત્રનું નામ આવે છે. પરંતુ, કૈલાસ-ગિરિની માફક આ સિદ્ધક્ષેત્ર પણ પ્રસિદ્ધિમાં ન હતું. હાલ છેલ્લા ત્રેવીસ વર્ષથી

( સં. ૧૯૯૧માં ) આ તીર્થ બહાર આવ્યું છે. અહીં ખાસ વસતી નથી; સડકના કાંઠે ધર્મશાળા છે, તેમાં સંઘસહિત પૂ. ગુરુદેવ ઊતર્યા હતા. ધર્મશાળામાં જ એક મંદિર છે ત્યાં સૌએ દર્શન કર્યા. અહીંના મુનિમજી વગેરેએ ગુરુદેવ પ્રત્યે ભક્તિભાવપૂર્વક સંઘની સારી વ્યવસ્થા કરી હતી, ને આસપાસના ગામોમાંથી સેંકડો માણસો અહીં ગુરુદેવના દર્શન માટે આવ્યા હતા. રાત્રે ચર્ચાસભા હતી તેમાં, દિગંબર જૈનધર્મનો વાસ્તવિક મહિમા કઈ રીતે છે-તે પૂ. ગુરુદેવે સુંદર રીતે સમજાવ્યું હતું. ત્યારબાદ મુનિમજીએ આ સિદ્ધક્ષેત્રનો કેટલોક પરિચય આપ્યો હતો. અહીં ધર્મશાળાથી નજીકમાં જ સિદ્ધક્ષેત્ર છે ત્યાંથી શ્રી સુવર્ણભદ્ર, મણિભદ્ર વગેરે ચાર મુનિભગવંતો મુક્તિ પામ્યા છે. તે ઉપરાંત શાંતિનાથ-કુંથુનાથ ને અરનાથ એ ત્રિપુટી ચક્રવર્તીતીર્થંકર ભગવંતોની વિશાળ ભવ્ય મૂર્તિઓ, જમીનમાંથી અખંડિત નીકળેલી બિરાજમાન છે થોડે જ દૂર 'ચેલણા' નદી વહે છે. આ સિદ્ધક્ષેત્રના પૂજનની જયમાલામાં ક્ષેત્રસંબંધી પરિચય આપતાં લખ્યું છે કે, આ સિદ્ધક્ષેત્રની બાજુમાં "ઊન" નામનું એક નાનકડું ગામ છે. દક્ષિણદેશના કોઈ રાજવીને ભયંકર રોગ હતો, આ પવિત્ર ક્ષેત્રમાં આવતાં દૈવયોગે તેનો રોગ મટી ગયો, તેથી હર્ષિત થઈને અહીં ચેલણાનદીના કિનારે તેણે ૯૯ સુંદર જિનમંદિરો બંધાવ્યા હતા; સોમાં એક ઊણું હોવાથી આ ગામનું નામ "ઊન" પડયું છે. મંદિરોના ખંડિત અવશેષો અને મોટા મોટા પુરાણા જિનબિંબોના ઘણા અવશેષો આજે પણ અહીં નજરે પડે છે. આ ઉપરાંત સં. ૧૯૯૧ના જેઠ વદ આઠમે અહીં જમીનમાંથી પાંચ સુંદર પ્રતિમાજી નીકળ્યા છે; તેમાંના શ્રી મહાવીર ભગવાન-કે જેના ઉપર સં. ૧૨૫૨ અંકિત છે-તેમની મુદ્રા ઘણી પ્રભાવશાળી છે ને હાલ ધર્મશાળાના મંદિરમાં બિરાજમાન છે. આ સિદ્ધક્ષેત્ર એકાંતસ્થાનમાં સુંદર રળિયામણું છે. આવા સિદ્ધક્ષેત્રની યાત્રા માટે ગુરુદેવને ઉત્કંઠા હતી...યાત્રિકો પણ ગુરુદેવ સાથે ઝટઝટ સિદ્ધક્ષેત્રની યાત્રા કરવા માટે ખૂબ આતુર હતા...કોઈ કોઈ ભક્તો તો અડધી રાતે ઊંઘમાંથી ઝબકીને આકાશ તરફ જોતા કે હવે કયારે રાત વીતે... કયારે સવાર પડે.... ને કયારે સિદ્ધિધામને ભેટીએ! જાણે કે રાતનેય ભક્તોની આ ભાવનાની ખબર પડી ગઈ હોય તેમ તે ઝડપથી ચાલી ગઈ. ભક્તો કોલાહલ કરતા નાહી-ધોઈને યાત્રા માટે તૈયાર થઈ ગયા... અહા, આવી સુંદર યાત્રા જોઈને સૂરજદેવને પણ મન થઈ ગયું કે-'હાલ ને, હું પણ આવા સંત સાથે સિદ્ધિધામની યાત્રા કરું!' એટલે તે પણ દોડતા દોડતા આવ્યા. ( સૂરજદેવ તે જ્યોતિષીદેવોના ઇન્દ્ર છે, ને જિનેન્દ્રભગવાનના ભક્ત છે. )

# પાવાગિરિ સિદ્ધક્ષેત્રની યાત્રા




ગુરુદેવ સાથે યાત્રા કરતાં...આનંદનો નહિ પાર જો...

પોષ વદ આઠમ : સવારમાં જયજયકાર કરતા યાત્રિકો સહિત પૂ. ગુરુદેવ પાવાગિરિ સિદ્ધિધામની જાત્રા માટે જઈ રહ્યા છે....બેનશ્રી-બેન પણ ઉમંગથી ભક્તિ ગાતાંગાતાં સાથે ચાલી રહ્યા છે—

ચાલો....ચાલો...સૌ હળીમળીને આજ ગુરુવર સાથે જઇએ....
ગાવો...ગાવો...સૌ પ્રભુજીનાં ગુણગાન...જાત્રા કરવા જઇએ....
જુઓ....જુઓ...આ મુનિવરોનાં ધામ....ગુરુવર સાથે જઇએ...
રૂડા....રૂડા...આ પાવાગિરિ સિદ્ધિધામ....જાત્રા કરવા જઇએ....

ધર્મશાળાથી પાવાગિરિસિદ્ધક્ષેત્ર તદ્દન નજીકમાં જ છે....અહીં પર્વત નથી પણ સામાન્ય ટેકરા જેવા ઊંચા સ્થાન પર મંદિર વગેરે છે. ભક્તિ ગાતાંગાતાં પાંચ સાત મિનિટમાં ત્યાં પહોંચી ગયા; સૌથી પહેલાં ઉન્નત માનસ્તંભના દર્શન થયા...એ માનસ્તંભ દૂરદૂરથી સાદ પાડીને યાત્રિકોને બોલાવી રહ્યો છે કે "આવો...રે...આવો! જિનેન્દ્ર ભગવંતો આ પાવન સિદ્ધિધામમાં બિરાજી રહ્યા છે...તેમની ચરણસેવા કરવા આવો." યાત્રિકો પણ ગુરુદેવ સાથે હોંસેહોંસે જિનમંદિરમાં ગયા...અંદર જઇને નજર કરી....પણ અરે! ભગવાન ક્યાં? જરાકવાર તો સૌ સ્તબ્ધ થઇ ગયા. ત્યાં તો સામે ભોંયરા જેવું દેખાયું, તેમાં ભગવાન બિરાજતા હતા. જેમ ચિદાનંદપ્રભુનું દર્શન કરવા માટે જગતથી જુદા પડીને અંતરમાં ઊંડા ઊતરવું પડે છે તેમ અહીં પણ, આ ભગવાનના દર્શન કરવા માટે, જગતના વાતાવરણથી જુદા પડીને, આ ભોંયરામાં ઊંડાં ઊતરવું પડતું હતું. આ રીતે, ભગવાન મૌનપણે જાણે કે એવો જ ઉપદેશ આપી રહ્યા હતા કે "ચૈતન્યના દર્શન કરવા માટે અંતરમાં ઊંડા ઊતરો."—અંદર ઊતરીને મોટા મોટા ત્રણ ભગવંતોને



નીહાળતાં જ ગુરુદેવ તો આશ્ચર્ય પામ્યા... અહા! જેમ ચૈતન્યદર્શનથી આનંદ થાય તેમ, ગુરુદેવને આ ભગવાનના દર્શનથી આનંદ થયો..."વાહ! આવા ભગવાન!" એમ કહેતાંક તેઓ ભગવાનની સન્મુખ બેસી ગયા....ને ભગવાનની મુદ્રા સામે એવી રીતે તાકી રહ્યા—જાણે કે ભગવાન સાથે અંતરની વાતો કરતા હોય. —વીસેક ફૂટ ઊંડા એ ભોંયરામાં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની જેમ, શાંતિનાથ-કુંથુનાથ-અરનાથ એ ત્રણ ચક્રવર્તી તીર્થંકર ભગવંતોની ત્રિપુટી અદ્ભુત શોભી રહી છે. વચલા ભગવાન લગભગ ૧૫ ફૂટ ઊંચા છે ને આજુબાજુના ભગવંતો દસ ફૂટ ઊંચા છે...શ્યામરંગના ત્રણે ભગવંતો, જાણે કે હમણાં જ ચક્રવર્તીનું રાજ્ય છોડીને મુનિ થયા હોય—એવી અદ્ભુત વૈરાગ્યમુદ્રાથી શોભી રહ્યા છે. ગુરુદેવ કહે છે—"અહા, આપણે તો આ બધું જીવનમાં પહેલવહેલું જ જોઇએ છીએ." ગુરુદેવની સાથે આવા ભગવંતોના દર્શન થતાં બેનશ્રી-બેન બહુ જ પ્રસન્ન થયા.

થોડાક વર્ષ પહેલાં અહીં જમીનના પોલાણમાં પ્રતિમા જેવું જણાવાથી ખોદકામ કરતાં આ ત્રણ અખંડ પ્રતિમાજી નીકળ્યા...અહીંથી ખસેડીને જિનમંદિરમાં બિરાજમાન કરવાની ઇચ્છા હતી પણ ખસેડી ન શકાયા.—એટલે એ ભગવંતોને એમને એમ રાખીને તેમની આસપાસમાં મંદિર ચણી લીધું છે. આ કારણે ભગવંતો ભોંયરામાં બિરાજે છે. ગુરુદેવની સાથે સાથે ઘણા ભાવપૂર્વક સૌએ દર્શન કરીને અર્ઘ ચડાવ્યો. ભોંયરું નાનું ને ભક્તોની ભીડ ઘણી, એટલે સૌએ વારાફરતી દર્શન કર્યા....પણ ભક્તોને તૃપ્તિ ન થઇ... અહા, જે તીર્થંકરનું રૂપ હજાર-હજાર નેત્રથી ને કલાકોના કલાક સુધી નીહાળવા છતાં ઇંદ્ર જેવાને તૃપ્તિ નથી થતી, તો અહીં ફક્ત બે જ ચક્ષુથી ને માત્ર થોડી જ મિનિટો એ ભગવાનને નીહાળતાં તૃપ્તિ કયાંથી થાય ? અતૃપ્તપણે દર્શન કરીને મંદિરમાં બિરાજમાન બીજા ભગવંતોના દર્શન કર્યા. તથા અહીંથી મુક્તિ પામેલા શ્રી સુવર્ણભદ્ર આદિ ચાર મુનિભગવંતોના પવિત્ર ચરણપાદૂકાના દર્શન અને સ્પર્શન કરીને, જયજયકાર કરતા સૌ માનસ્તંભ પાસેના ચોકમાં આવ્યા, અને ત્યાં તીર્થક્ષેત્રનું પૂજન કર્યું. સુવર્ણપુરીનો સંઘ સુવર્ણમુનિની ભક્તિ કરવાનું કેમ ભૂલે ?—

જય સુવર્ણમુનિ જય સુવર્ણમુનિ જય સુવર્ણમુનિ દેવા,
પાવાગિરિથી મુક્તિ પધાર્યા હો દેવનકે દેવા...
**સુવર્ણપુરીના ભક્તો તારી કરે હૃદયસે સેવા... જય સુવર્ણ૦**

સુવર્ણભદ્રાદિ મુનિવરોના આ સિદ્ધિધામમાં ભક્તિનો આવો સુવર્ણઅવસર મળતાં સુવર્ણપુરીના ભક્તોને ઘણો હર્ષ થયો.

ચોકમાં ઊભાઊભા થોડે દૂર એક સ્વચ્છ નદી વહેતી દેખાય છે—એનું નામ છે ‘ ચેલણા. ’ જેમ ચેલણારાણીને મોટામોટા અનેક જિનમંદિરો બંધાવવાનો શોખ હતો તેમ આ નદીને પણ પોતાના બંને કાંઠા પર અનેક જિનમંદિરો ધારણ કરવાનો શોખ હોવાથી જ કદાચ એનું નામ ચેલણા પડયું હશે. નિર્વાણકાંડ-સ્તુતિમાં કહે છે કે—

पावागिरिवर सिहरे, सुवण्णभद्दाइ मुणिवरा चउरो ।
चेलणा णई तडग्गे, णिव्वाण गया णमो तेसिं ॥ १३ ॥

ચેલણાનદીના કિનારે પાવાગિરિવર શિખર ઉપરથી સુવર્ણભદ્રાદિ ચાર મુનિવરો નિર્વાણ ગયા, તેમને નમસ્કાર હો !


આવા આ પાવાગિરિ-સિદ્ધિધામની આનંદપૂર્વક યાત્રા કરીને, તેની બાજુમાં જ

આવેલ 'છોટી પહાડી' ઉપરના મંદિરોના દર્શન કર્યા. તેમાંથી એક મંદિરમાં, પૂ. ગુરુદેવના હસ્તે રાજકોટમાં પ્રતિષ્ઠિત થયેલા શાંતિનાથભગવાન બિરાજતા હતા. અહા, દૂરદૂરના દેશમાં પણ ઠેર ઠેર ગુરુદેવના સુહસ્તે સૌરાષ્ટ્રમાં પ્રતિષ્ઠિત (પંચકલ્યાણક) થયેલા ભગવંતોને દેખીને આનંદ થતો...ભારતના ખૂણેખૂણે ફેલાઈ ગયેલો કહાનગુરુનો મહાન પ્રતાપ દેખીને સૌને આશ્ચર્ય થતું.–આમ આનંદપૂર્વક પૂ. ગુરુદેવ સાથે આ પાવાગિરિ સિદ્ધિધામની યાત્રા કરીને, જયજયકાર કરતા સૌ ધર્મશાળા તરફ ચાલ્યા...ને ચોથા સિદ્ધક્ષેત્રની યાત્રા પૂર્ણ થઈ.

**પાવાગિરિથી સિદ્ધિપ્રાપ્ત સિદ્ધભગવંતોને નમસ્કાર હો.**
**પાવાગિરિ પર બિરાજમાન ત્રિપુટીતીર્થંકરભગવંતોને નમસ્કાર હો.**
**પાવાગિરિ સિદ્ધિધામની યાત્રા કરાવનાર શ્રી કહાનગુરુદેવને નમસ્કાર હો.**

સિદ્ધિધામની યાત્રા કરીને આવ્યા બાદ, હવે ધર્મશાળામાં પૂ. ગુરુદેવનું પ્રવચન ચાલી રહ્યું છે: "અહો! જ્ઞાનાનંદસ્વરૂપ આ આત્મા વારંવાર શ્રવણ–મનન ને ધ્યાન કરવા યોગ્ય છે. જેને જેની પ્રીતિ હોય તે વારંવાર તેને યાદ કરે છે. જેમ વિવાહ વગેરેમાં મંડપ રોપે ત્યારે સગાવહાલાને યાદ કરે છે ને આમંત્રણ આપીને બોલાવે છે કે ફલાણાભાઇ તમે વેલાવેલા આવજો...તેમ અહીં મુક્તિના મંડપમાં આચાર્યદેવ સર્વે સિદ્ધભગવંતોને અને સંતોને આમંત્રણ આપીને બોલાવે છે કે અહો! શુદ્ધાત્માને પામી ચુકેલા સિદ્ધભગવંતો! અને શુદ્ધાત્માના સાધક સંતો! મારા આત્મામાં આપ પધારો...મારા મુક્તિ–મહોત્સવના મંગલમંડપમાં આપ વેલાવેલા પધારો. આચાર્યદેવને શુદ્ધ આત્મા જ પ્રિય છે તેથી શુધ્ધ આત્માને પામેલા સિદ્ધભગવંતોને અને સાધક મુનિવરોને વારંવાર યાદ કરીકરીને પોતાના આંગણે પધરાવે છે. જુઓ, આપણે પણ બરાબર જાત્રાનો મહોત્સવ ચાલે છે તેમાં આ વાત આવી છે..જાત્રાના મહોત્સવમાં સિદ્ધભગવંતોને અને સંતમુનિવરોને યાદ કરીએ છીએ."

આ રીતે સિદ્ધભગવંતોને અને મુનિઓને આંગણે બોલાવીને, તે પવિત્રપદની ભાવનાને મલાવતાં ગુરુદેવ ઉપશાંતભાવથી કહે છે કે "અરે, ચક્રવર્તીના વૈભવમાં પણ સુખ નથી, ધર્માત્મા એને પણ છોડી છોડીને મોક્ષસુખને સાધે છે. જુઓને, આ શાંતિનાથ–કુંથુનાથ–અરનાથ એ ત્રણે ભગવંતો પહેલાં ચક્રવર્તી હતા, પણ તેઓએ તે છોડીને મુનિપદ લીધું ને ચૈતન્યના આનંદનું ધ્યાન કરીકરીને મોક્ષદશા સાધી. અહીં એમના જ મોટામોટા પ્રતિમાજી છે. આપણે સૌરાષ્ટ્રમાં ક્યાંય આવા મોટા ભગવાન નથી. આવા મોટા ભગવાન તો અહીં પહેલવહેલા જોયા. ત્રણે ભગવંતોના મહાભવ્ય પ્રતિમાજી છે. આ ત્રણે ભગવંતો



રત્નત્રય ભગવંતો

પહેલાં ચક્રવર્તી હતા પણ સાથે સાથે આત્માના જ્ઞાનાનંદસ્વરૂપનું ભાન હતું એટલે આત્મા સિવાય બહારમાં ચક્રવર્તીપદના વૈભવમાં કયાંય સુખ માનતા ન હતા. પછી વૈરાગ્ય થતાં ચક્રવર્તીપદ છોડીને, આનંદસ્વરૂપ આત્માના ધ્યાનમાં મગ્ન થયા,....એવા મગ્ન થયા કે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને પરમાત્મા થયા—ધર્મચક્રવર્તી થયા."

—ગુરુદેવનું ભાવભીનું પ્રવચન સાંભળીને યાત્રિકો, તેમ જ આસપાસથી આવેલા સેંકડો સાધર્મીબંધુઓ બહુ જ ખુશી થયા....ગુરુદેવનો આવો પ્રભાવશાળી સંઘ જોઇને અહીંના મુનિમજી તો એટલા બધા ખુશી થયા કે તેમણે પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં કહ્યું: "अहा यह सब देखकर मुझे बहुत हर्ष होता है और ऐसा संदेह होता है कि, क्या हम यह सब सच देख रहे है कि स्वप्न देख रहे है?" ખરેખર, ગુરુદેવ પધારતાં આ ઊજ્જડ જેવું સ્થાન પણ મોટા શહેર જેવું શોભતું હતું...ને ચારેકોર આનંદ-આનંદ છવાઈ ગયો હતો....

અહીં કેટલાક યાત્રિકો પાછળથી પહોંચેલા; તેઓને ગુરુદેવ સાથે જાત્રામાં ન પહોંચી શકયા તેથી શરૂઆતમાં જો કે ખેદ થતો હતો, પરંતુ પ્રવચનમાં ગુરુદેવના શ્રીમુખથી જ જાત્રાનું કેટલુંક વર્ણન સાંભળીને ખેદ ભૂલાઈ ગયો, ને પ્રવચન પછી હોંસેહોંસે જઇને એ પાવન સિદ્ધિધામની જાત્રા કરી આવ્યા, ભક્તિ-પૂજન ને અભિષેક પણ કર્યો. જાત્રા બાદ ભોજન કરીને બપોરે યાત્રાસંઘની ઘણીખરી મોટરો ખંડવાશહેર તરફ રવાના થઈ ગઇ. માત્ર 'કલ્યાણવર્ષિણી' ને 'સતસેવિની' જ પાછળ રોકાણી.

આ પાવાગિરિથી દસ માઈલ ઉપર ખરગોન ગામ છે. ત્યાંના સાધર્મીબંધુઓને એમ થયું કે અહા! કાનજીસ્વામી જેવા મહા પ્રભાવશાળી પુરુષ અહીં સુધી આવે ને આપણું ગામ તેમના લાભથી વંચિત રહી જાય-એ કેમ બને? એટલે ઘણો જ આગ્રહ કરીને તેઓ ગુરુદેવને ખરગોન તેડી ગયા...ખરગોનમાં અડધી કલાક પ્રવચન કરીને તથા ત્યાંના ચૈત્યાલયના દર્શન કરીને ગુરુદેવ પાછા પાવાગિરિ આવી ગયા.

પૂ. ગુરુદેવે સાંજનું ભોજન બેનશ્રી-બેનને ત્યાં કર્યું હતું. યાત્રા દરમિયાન ગુરુદેવ પોતાના આંગણે બેસીને જમે ત્યારે ભક્તોને ઘણો હર્ષ થતો. ભોજન બાદ સાંજે પૂ. ગુરુદેવ ફરીને પાવાગિરિ-સિદ્ધિધામે ગયા હતા... સવારે ભક્તોની ઘણી ભીડને લીધે ભગવાન સાથે વાતું કરવી અધૂરી રહી ગઇ હશે તેથી અત્યારે હવે ભીડ ઓછી થતાં ફરીને ભગવાન પાસે ધરાઇને વાતો કરવા આવ્યા હતા. પૂ. બેનશ્રી ચંપાબેન પૂ. બેન શાંતાબેન, રામજીભાઈ, નેમિચંદભાઈ, હિંમતભાઈ, વ્રજલાલભાઈ, તથા ચંદુભાઈ વગેરે

ભક્તો પૂ. ગુરુદેવની સાથે હતા. ગુરુદેવ સાથે ભોંયરામાં ઊતરીને સૌએ તીર્થંકર-ત્રિપુટીનું ભાવપૂર્વક અવલોકન કર્યું. અહા! કેવું શાંતિધામ!! ને કેવા ભવ્ય ભગવાન!!! ત્યાં ગુરુદેવ સાથે ભોંયરામાં બેઠા બેઠા એ ભગવંતોના દર્શન કરતાં સૌને ઘણો જ પ્રમોદ થયો....ને ઉલ્લાસપૂર્વક ભક્તિ કરી.

ગુરુ કહાન જિનને નીરખે, હૈડામાં હરખી જાયે...
તુજ વારણા ઉતારે...સુવર્ણ મંગલ થાયે....આજ મારે રે....
ગુરુ કહાનના પ્રતાપે...જિનરાજ ભેટયા આજે....
આ પંચમ કાળ ભૂલાયે...નિત યાત્રા–મંગલ થાયે....આજ મારે રે...

આમ આનંદપૂર્વક ગુરુદેવ સાથે ફરીને યાત્રા કરીને ધર્મશાળાએ આવ્યા...પૂ. ગુરુદેવ સાથે ફરીને આ રીતે શાંતિથી ઉલ્લાસભરી યાત્રા થઈ તેથી બેનશ્રી-બેન વગેરેને બહુ જ આનંદ થયો...ને આ રીતે ગુરુદેવના પગલે પગલે તેમની સાથે યાત્રા કરતા કરતા, ને દેવ-ગુરુની ભક્તિ કરતા કરતા, ચૈતન્યપદની પૂર્ણતા પામતા સુધી સદાય તેઓની સાથે જ રહીએ-એવી ભાવના વ્યક્ત કરી. રાત્રે જિનમંદિરમાં ભક્તિ કરી....ને બીજે દિવસે સવારમાં જિનેન્દ્ર ભગવાનના દર્શન કરીને જયજયકારપૂર્વક ખંડવાશહેર તરફ પ્રસ્થાન કર્યું. રસ્તામાં સાથે સાથે દોડી રહેલી "કલ્યાણવર્ષિણી" અને "સતસેવિની" જગતના જીવોને એમ પ્રસિદ્ધ કરતી હતી કે, આત્મામાં 'કલ્યાણની વૃષ્ટિ' ત્યારે જ થાય છે કે જ્યારે 'સતનું સેવન' કરવામાં આવે.





# ખંડવા શહેર

પોષ વદ નોમ : અનેકવિધ શણગારથી શોભતું ખંડવા શહેર આજે હર્ષમય કોલાહલથી ધમધમી રહ્યું છે....હજારો ભક્તજનો ગુરુદેવનું સ્વાગત કરવા માટે ઉત્સાહપૂર્વક ગુરુદેવના પધારવાની રાહ જોઈ રહ્યા છે...ઠેર ઠેર સુંદર દરવાજા, કમાનો, ધજા, સ્વાગત–સૂત્રો વગેરેથી નગરી શોભે છે, બેન્ડવાજાંના મધુર નાદ ગાજે છે ને લાઉડસ્પીકર વડે આખા ગામમાં જાહેરાત થઈ રહી છે. સમસ્ત દિગંબર જૈનસમાજ ઉપરાંત ગામના બીજા હજારો પ્રજાજનો પણ સ્વાગત માટે એકઠા થયા છે. અને ગઇ કાલે સાંજે અહીં પહોંચી ગયેલા યાત્રિકો પણ સ્વાગતમાં જોડાયા છે ..આમ ત્રણ ચાર હજાર માણસો ગુરુદેવની વાટ જોઈ રહ્યા છે.

આ તરફ, ગુરુદેવ પાવાગિરિથી પ્રસ્થાન કરીને વચ્ચે ભિખનગાંવમાં નાનકડા નવા મંદિરના દર્શન કરીને સાડા આઠ વાગતાં ખંડવા શહેર પધાર્યા સ્વાગતના સૂરનો જાણે કે જવાબ આપતી હોય તેમ દૂરથી જ મીઠામધુર સૂર વગાડતી કલ્યાણવર્ષિણી આવી પહોંચી...મોટરમાંથી ઉતરતાં જ, દર્શનઘેલી જનતાએ દોડીને ગુરુદેવને ઘેરી લીધા...ચારે કોર જયજયકાર છવાઈ ગયો...ને સ્વાગત–સરઘસ શરૂ થયું...સૌથી મોખરે ધર્મધ્વજ ફરકાવતા બે સુસજ્જિત ઘોડેસ્વાર ચાલતા હતા...પછી ધ્વજા અને બેન્ડવાજાંની ટૂકડીઓ, અને તેની પાછળ એક મોટરલોરીમાં ભજનમંડળી લાઉડસ્પીકરવડે સંગીતદ્વારા સ્વાગત કરતી ચાલતી હતી; ત્યારબાદ પાઠશાળાના બાળક–બાળિકાઓ સુસજ્જ થઇને શ્રી સમયસારની ગાથાઓ બોલતા ચાલતા હતા.. ને એ રીતે તેમના આધ્યાત્મિક સંસ્કારો જણાઈ આવતા હતા. ત્યારબાદ કેસરીયા સાડી ને કેસરી બિલ્લાથી સુસજ્જ બહેનો ચાલતા હતા, ને ત્યારબાદ બેન્ડવાજાં અને પુરુષોની વચ્ચે પૂ. ગુરુદેવ શોભી રહ્યા હતા. પાછળ સંઘની અનેક મોટરોની હારમાળા ધીરે ધીરે ચાલી રહી હતી. સરઘસમાં પહેલાં બહેનો ને પછી ભાઇઓ—એ અહીંની એક વિશેષતા હતી...અહીંના સમાજે અંતરના ઉમળકાપૂર્વક ધામધૂમથી ભવ્ય સ્વાગત કર્યું. સ્વાગત જિનમંદિરે આવતાં ગુરુદેવે દર્શન કર્યા....ત્યારબાદ જિનમંદિરની સામેના ભવ્યમંડપમાં ૪–૫ હજાર માણસોની સભામાં ગુરુદેવે મંગલ પ્રવચન



શ્રી દલીચંદ હકુભાઈ સંઘવી ( મોરબી )

[ સ્વર્ગવાસ : સં. ૨૦૧૫ જેઠ સુદ ૧૧ ]

તેઓ મોરબી મુમુક્ષુમંડળના એક આગેવાન અને ટ્રસ્ટી હતા; ગુરુદેવ સાથેની સમ્મેદશિખર વગેરે તીર્થધામોની યાત્રામાં તેઓ સાથે હતા. આંખની મુશ્કેલી હોવા છતાં તેઓ ખૂબ સ્વાધ્યાય કરતા, અને સોનગઢમાં રહીને પ્રવચન વગેરેનો લાભ લેતા. પરદેશનું શિક્ષણ પામેલા પોતાના પુત્રોમાં પણ આ આધ્યાત્મિક સંસ્કાર રેડાય એવી તેમની ઊંડી ભાવના હતી. તેઓશ્રીના ઉપકારની સ્મૃતિમાં તેમના પુત્રો શ્રી લાભુભાઈ, જયંતકુમાર તથા મનોજકુમાર ( હા. નવલબેન ) તરફથી રૂા. ૫૦૧) આ પુસ્તકની સહાયમાં આવ્યા છે.



શ્રી હરગોવિંદદાસ દેવચંદ મોદી (સોનગઢ)

જન્મ : સં. ૧૯૩૭ ચૈ. સુ. ૭] [સ્વર્ગવાસ : ૨૦૧૫ માગ. વ. ૯

સ્વ. શ્રી હરગોવિંદભાઈ જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ (સોનગઢ)ના એક ટ્રસ્ટી તેમજ સેક્રેટરી હતા, મુંબઈ મુમુક્ષુ મંડળમાં પણ તેઓ એક જુના અને અગ્રગણ્ય કાર્યકર હતા. તેઓ મૂળ સોનગઢવાસી હોવાથી પૂ. ગુરુદેવના સોનગઢનિવાસમાં તેમના ઘરનો નોંધનીય ફાળો છે. તેમના સ્મરણનિમિત્તે તેમના પુત્ર શ્રી રતિલાલભાઈ તરફથી રૂા. ૫૦૧) આ પુસ્તકની સહાયમાં મળ્યા છે.



શ્રી નાગરદાસ દેવચંદ મોદી (સોનગઢ)

[ સ્વર્ગવાસ : સં. ૨૦૧૫ના વૈશાખ વદ ૨ ]

તેઓ પણ સોનગઢના રહેવાસી, અને શ્રી હરગોવિંદ-ભાઇના બંધુ હતા. સોનગઢમાં ગુરુદેવના પ્રવચન વગેરેનો તેઓ યથાશક્તિ લાભ લેતા. તેમની સ્મૃતિમાં તેમના પુત્રો શ્રી વૃજલાલભાઈ, ચંપકલાલ તથા રસિકલાલ તરફથી રૂા. ૫૦૧) આ પુસ્તકની સહાયમાં મળ્યા છે.



શ્રી અમૃતલાલ નરસીભાઈ શેઠ ( વાંકાનેર )

જન્મ: સં. ૧૯૭૦ શ્રાવણ વ. ૭] [સ્વર્ગવાસ: સં. ૨૦૧૩ કારતક વ. ૭

મુંબઈ મુમુક્ષુમંડળ, સોનગઢ મુમુક્ષુમંડળ તેમજ વાંકાનેર મુમુક્ષુમંડળમાં તેમની અનેકવિધ કિંમતી સેવાઓ છે. આ સમ્મેદશિખરજીના યાત્રાસંઘની પ્રાથમિક વ્યવસ્થામાં પણ તેમનો મહત્ત્વનો ફાળો હતો. " શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ " દૈનિકના તેઓ સંપાદક હતા ને તેના સંચાલનમાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. તેમની સ્મૃતિમાં " સદ્ગુરુ પ્રવચનપ્રસાદ " તરફથી ( હા. ભાઇશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ ) રૂા. ૨૦૧૩) આ પુસ્તકની સહાયમાં આવ્યા છે.

કર્યું...તેમાં આત્માની પવિત્રતા અને આનંદનું અદ્‌ભુત વર્ણન કર્યું. પ્રવચન સાંભળીને લોકો તો એવા સ્તબ્ધ બની ગયા કે પ્રવચન પૂરું થવા છતાં કોઇ ઊઠે નહિ! લોકો તો કહે કે હજી પ્રવચન કરો. છેવટે એક બે વાર જાહેર કરવું પડયું કે અત્યારનો કાર્યક્રમ પૂરો થયો...હવે બપોરે પ્રવચન થશે!—ત્યારે લોકો ધીમે ધીમે વિખરાયા.

ખંડવામાં દિ. જૈનના લગભગ ૨૦૦ ઘર છે, બધા સોનગઢના પ્રેમી છે. સંઘના ભોજનાદિની બધી વ્યવસ્થા અહીંના જૈનસમાજ તરફથી ઘણા જ ઉમળકાપૂર્વક કરવામાં આવી હતી...અને નાનામોટા બધા ભાઇઓ વાત્સલ્યપૂર્વક સંઘની આગતા-સ્વાગતામાં રોકાયા હતા. પહેલાં સંઘના પ્રસ્થાન વખતે એમ થતું કે અજાણ્યા દેશમાં જઇએ છીએ. લોકો પણ અજાણ્યા, એટલે વચ્ચેના ગામોમાં તો મુશ્કેલી રહેશે.—પણ તેને બદલે મોટા કે નાના દરેક ગામમાં દિગંબર જૈનસમાજે ઘણા જ વાત્સલ્યથી ગુરુદેવનું ને સંઘનું એવું અદ્‌ભુત સ્વાગત કર્યું કે સૌ આશ્ચર્યમાં પડી ગયા. તેમાંય અહીંના સમાજે તો સંઘને એક જાન કરતાંય વધુ ઉમંગથી સાચવીને 'સાચું સગપણ સાધર્મીતણું' એ કહેવતને ચરિતાર્થ કરી હતી. સંઘને જમાડવા ઉપરાંત ગરમ પાણી, સાબુ, તેલ વગેરે ઝીણી ઝીણી બાબતની પણ દરેક ઉતારે વ્યવસ્થા હતી. કોઈ તેમની પ્રશંસા કરે કે 'તમે તો બહુ સારી વ્યવસ્થા કરી,' તો તરત સૌ જવાબ દેતા કે 'અરે! હમારા ઐસા ભાગ્ય કહાંસે કિ કાનજીસ્વામી હમારે યહાં પધારે!! સોનગઢકે યાત્રીગણ હમારે યહાં કહાંસે?' યાત્રિકોને એવી તો કલ્પનાય ન હતી કે યાત્રા દરમિયાન આવા આવા અદ્‌ભુત તીર્થો જોવા મળશે...ને ઠેર ઠેર આટલા બધા વિશાળ પાયા ઉપર ગુરુદેવનું સ્વાગત થશે!

ખંડવા શહેરને પૂ. ગુરુદેવના બે દિવસના કાર્યક્રમનો જે લાભ મળ્યો તેનો મુખ્ય યશ સ્વ૦ અમૃતલાલ નરશીભાઇને ફાળે જાય છે. સં. ૨૦૧૦ તથા ૨૦૧૧ ના પર્યુષણમાં તેઓ અહીં વાંચન કરવા આવેલા, ત્યારથી અહીંના સમાજને ગુરુદેવ પ્રત્યે વિશેષ પ્રેમ જાગૃત થયો; ને શરૂઆતમાં જાત્રાના કાર્યક્રમ વગેરેનું કામકાજ મુખ્યપણે શ્રી અમૃતલાલભાઈ જ સંભાળતા, તેથી ખંડવાના ભાઇઓનો ખાસ પ્રેમ દેખીને તેમણે અહીંનો બે દિવસનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. અહીંના ઘણા ભાઇ-બહેનો પણ લાગણીવશ થઇને સ્વ૦ અમૃતલાલ ભાઇને યાદ કરતા હતા....ગુરુદેવે પણ અહીં તેમને યાદ કરતાં કહ્યું હતું કે "આ તો અમૃતલાલભાઈનું ગામ કહેવાય, પણ આજે તેમની ખામી પડી ગઈ. તેઓ બહુ મીઠા માણસ હતા... અને પ્રભાવના માટે તેમને ઘણી ભાવના હતી. આ યાત્રાની વ્યવસ્થાના કામમાં પણ તેમણે ઘણી મહેનત કરી હતી....પરંતુ તેઓ જાત્રામાં ન આવી શકયા..."

અહીં સંઘનો ઉતારો કન્યાશાળામાં તેમજ જૈન ધર્મશાળામાં હતો...પૂ. ગુરુદેવનો

ઉતારો શ્રી પ્રેમચંદશેઠના મકાનમાં હતો. અહીં એક વિશાળ જિનમંદિર છે; પાર્શ્વનાથ પ્રભુના ભવ્ય પ્રતિમાજી ઉપરાંત બીજા અનેક પ્રાચીન પ્રતિમાઓ તેમજ ચાંદીના ચંદ્રપ્રભુ બિરાજે છે. શાંતિનાથ પ્રભુના એક પ્રતિમા વિશેષ પ્રાચીન મનાય છે. (જેના ઉપર સંવત ૮૩ એવો ઉલ્લેખ છે).

બપોરે પૂ. ગુરુદેવના પ્રવચનમાં જૈનસમાજ ઉપરાંત શહેરની જનતાએ પણ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. દિ. જૈનના ઘર ૨૦૦ હોવા છતાં પ્રવચનમાં ૩-૪ હજાર શ્રોતાઓ આવતા...પૂ. ગુરુદેવ પણ આત્માને ધર્મ કેમ થાય—તે વાત સહેલી રીતે સમજાવતા, અને સમ્યગ્દર્શન ઉપર ખાસ ભાર મુકીને કહેતા કે: અનંતકાળથી સંસારની ચાર ગતિમાં પરિભ્રમણ કરતા જીવે સમ્યગ્દર્શન કદી પ્રગટ કર્યું નથી. સમ્યગ્દર્શન વિના બીજું બધું તે કરી ચૂકયો છે, પણ તેના ભવભ્રમણનો અંત આવ્યો નથી. સમ્યગ્દર્શન એવી ચીજ છે કે એકવાર પણ જો તે પ્રગટ કરે તો અલ્પકાળમાં જીવના ભવભ્રમણનો અંત આવીને તેની મુક્તિ થઈ જાય. આવું સમ્યગ્દર્શન તે આત્માના ઘરની ચીજ છે. આત્માના અખંડ સ્વભાવની સન્મુખ થઇને તેની પ્રતીત કરવી તે જ સમ્યગ્દર્શન છે ને તે જ કરવા જેવું છે.

પ્રવચન પછી ભક્તિ થઈ હતી. ભક્તોની મોટી ભીડ મંદિરમાં તો સમાય તેમ હતું નહિ એટલે શ્રીજી-ભગવાનને મંડપમાં જ બિરાજમાન કરીને પૂ. બેનશ્રી–બેને ભક્તિ કરાવી હતી—

શાંતિ પ્રભુજી રે.......વિનતિ મોરી માનના...
આજ ભક્તિ પાઈ મૈંને પ્રભુકે દરબારમેં...પ્રભુકે૦

બેનશ્રીબેનની ભક્તિની લગન દેખીને ત્યાંના માણસો છક થઇ જતા...ને કહેતા કે હજી ભક્તિ કરાવો...ઐસી અદ્‌ભુત ભક્તિ હમને કભી નહીં દેખી.

રાત્રે તત્ત્વચર્ચાનો કાર્યક્રમ હતો...ખંડવાના બહેનોની ખાસ વિનતિથી બધા બહેનોને પણ તત્ત્વચર્ચાનો લાભ મળતાં બહેનોમાં હર્ષ છવાઇ ગયો હતો. તત્ત્વચર્ચા વખતે, ઈશ્વરનું સૃષ્ટિકર્તૃત્વ કે અદ્વૈતબ્રહ્મ (બ્રહ્મ સત્ જગત મિથ્યા) ઈત્યાદિ માન્યતામાં શું ભૂલ છે, અને જૈનધર્મનું વાસ્તવિકસ્વરૂપ શું છે તે ગુરુદેવે બહુ સુંદર રીતે સમજાવ્યું હતું. તત્ત્વચર્ચામાં પણ હજારો માણસોએ લાભ લીધો હતો.


આ રીતે ખંડવાશહેરનો પહેલા દિવસનો કાર્યક્રમ પૂરો થયો. સંઘ લગભગ ૫૦૦ માઈલનો પ્રવાસ કરી ચૂકયો હતો તેથી યાત્રિકોને થોડાક આરામની પણ જરૂર હતી. અહીં બે દિવસનો કાર્યક્રમ હોવાથી સંઘને થોડાક આરામ મળી ગયો.

પોષ વદ દશમ: સવારમાં યાત્રિકોએ જિનમંદિરમાં દર્શનપૂજન કર્યા...ત્યારબાદ ગુરુદેવનું પ્રવચન થયું. પ્રવચન પછી યાત્રિકોએ શહેર જોયું. બપોરે ગુરુદેવનું પ્રવચન સાંભળીને તરત અહીંથી પ્રસ્થાન કરવાનું હતું, તેથી ભોજન બાદ યાત્રિકોએ સામાન તૈયાર કરીને મોટરોમાં ગોઠવી દીધો. બપોરે ૨ થી ૩ પ્રવચન ચાલતું હતું ત્યારે મંડપની આસપાસ મોટરોની કતાર પ્રસ્થાન માટે તૈયાર થઇને ઊભી હતી, ને ઘણાય યાત્રિકો તો મોટર ઉપડી જવાની બીકને લીધે મોટરમાં બેઠાબેઠા જ પ્રવચન સાંભળતા હતા.... કેમકે, કયાંક કયાંક બીજા કામમાં રોકાયેલા યાત્રિકોને મુકીને મોટર ઉપડી જવાનો અનુભવ થઇ ગયેલ, તેથી તે બાબત યાત્રિકો સાવધાની રાખતા. પ્રવચન પૂરું થતાં જ અનેક મોટરો એક સાથે ભૂંગળા વગાડતી સનાવદ તરફ વિદાય થઈ...વિદાય થતા યાત્રિકો આ ગામના વાત્સલ્યના સંભારણાં સાથે લઈ ગયા.


ગુરુદેવ ખંડવામાં બે દિવસ રહ્યા તે દરમિયાન ત્યાં ઘણી જાગૃતી આવી ગઈ; લોકો બીજું બધું ભૂલીને સવાર-બપોર-સાંજ ગુરુદેવની આસપાસ ઘૂમ્યા કરતા...ગુરુદેવના પ્રસ્થાન વખતે તેઓને ઘણું લાગી આવ્યું, ને વિદાય પ્રસંગે ગળગળા થઇને તેઓ કહેતા: "સ્વામીજી! આપને પધારકર હમારે ગાંવકે ઉપર બહુત ઉપકાર કિયા અબ આપ સારે ગાંવકો આશીર્વાદ દેતે જાઓ કિ હમ સબકો સત્‌ધર્મકા પ્રેમ બઢે." આ ઉપરાંત આગળના સનાવદ-સિદ્ધવરકૂટ વગેરે સ્થળોએ સંઘની વ્યવસ્થામાં મદદ કરવા માટે અહીંથી ખાસ સ્વયંસેવકો મોકલ્યા. ખંડવાથી પ્રસ્થાન કરીને ગુરુદેવ સાંજે સાડાચાર વાગતાં સનાવદ પહોંચ્યા.

## સનાવદ

સાંજે ગુરુદેવ આવી પહોંચતા જ અહીંના સમાજે ઉમળકાપૂર્વક ગામને શણગારી ધામધૂમથી સ્વાગત કર્યું....ઘણાખરા યાત્રિકો આવી ગયા હતા તેમણે પણ સ્વાગતમાં ભાગ લીધો. ગામ નાનું હતું છતાં ઉત્સાહ ઘણો હતો. સ્વાગત બાદ અહીંના ત્રણ પ્રાચીન ભવ્ય મંદિરોના દર્શન કર્યા, ને પછી ભોજન કર્યું. જો કે સાંજનું ભાતું યાત્રિકોની સાથે જ હતું તો પણ અહીંના સમાજે ઘણા આગ્રહપૂર્વક યાત્રિકોને જમાડયા. ભોજન બાદ યાત્રિકોએ જિનમંદિરમાં જઇને ભક્તિ કરી હતી.



રાત્રે ધર્મશાળામાં ચાલુ નિયમ અનુસાર તત્ત્વચર્ચાનો કાર્યક્રમ હતો, પણ અહીંના લોકોની ખાસ માગણીથી ગુરુદેવે થોડુંક પ્રવચન પણ કર્યું....અહા, ગુરુદેવનું પ્રવચન અદ્ભુત હતું.....આવું અદ્ભુત પ્રવચન સાંભળીને લોકો 'અસંતુષ્ટ' રહ્યા,-કેમ કે આવી મીઠી મધુરી વાણી થોડીક જ વાર સાંભળવા મળી તેમાં સંતોષ ક્યાંથી થાય? તેઓને તો આ અમૃતવાણી વધુ સાંભળવાની અતિશય તાલાવેલી લાગી. તેથી સેંકડો માણસોએ ઊભા



થઈને ખૂબ જ આગ્રહપૂર્વક ગુરુદેવને બીજે દિવસે અહીં એક પ્રવચન કરવા વિનતિ કરી...પરંતુ બીજે દિવસે તો સિદ્ધવરકૂટની જાત્રાનો કાર્યક્રમ નક્કી થઈ ગયો હતો...એટલે કોઈ રીતે અહીં રોકાઈ શકાય તેમ હતું જ નહિ, ત્યારે બીજી તરફથી સેંકડો લોકોએ ગુરુદેવને ચારે તરફથી ઘેરી વળીને પ્રવચન માટે અસાધારણ આગ્રહ કર્યો....ને હઠ લઈને જ બેઠા


કે "પ્રવચન કરાયે બિના હમ આપકો નહિ છોડેંગે ?" આટલી આગ્રહભરી વિનતિ જોઈને યાત્રિકો તો છક થઈ ગયા. તે લોકોની ગુરુદેવનું પ્રવચન સાંભળવા માટેની તીવ્ર ઉત્કંઠા દેખીને જો કે હર્ષ થતો હતો, પરંતુ બીજા દિવસનો નક્કી થયેલો કાર્યક્રમ પણ ફેરવી શકાય તેમ ન હતું, તેથી સંઘના મંત્રીજી તો મુંઝાઈ ગયા. છેવટે ગુરુદેવે કહ્યું કે સિદ્ધવરકૂટની જાત્રા કરીને પાછા વળતાં એક કલાક અહીં આવી જશું."—આમ ગુરુદેવ પાસે હા પડાવી ત્યારે જ તેઓ જંપ્યા. અહા, ગુરુદેવે પ્રવચન આપવાનો સ્વીકાર કરતાં જ હર્ષઘેલા થઈને લોકોએ કેવા જોસથી "મહાવીર ભગવાનકી જય" બોલાવી !!–છ મહિનાના વાદ-વિવાદ બાદ અકલંક સ્વામીનો વિજય થતાં જેવા હર્ષનાદથી "જૈનધર્મકી જય" બોલાણી હશે તેવા જ હર્ષનાદથી અહીં "મહાવીર ભગવાનકી જય" અને "કાનજીસ્વામીકી જય" બોલાણી હતી.—આ પ્રસંગ જોઈને આશ્ચર્ય થતું હતું કે અહા! ગુરુદેવની વાણી સાંભળવા ભારતના જીવો કેટલા બધા આતૂર છે !

આ ગામ નાનું હતું ને સંઘને અહીં રાત રહેવાનું હતું. ઘણા યાત્રિકો ધર્મશાળામાં સૂતા, તો ઘણા યાત્રિકો પોતપોતાની બસમાં જ સૂઈ રહ્યા, કેટલાક કોઈ સાધર્મીને ત્યાં સૂતા ને કેટલાક પેઢીઓ ઉપર સૂતા. પોષ વદ ૧૧ ની સવારમાં ચાર વાગ્યા પહેલાં જાગીને સૌએ બીસ્તરા વગેરે તૈયાર કર્યા....ને મંગલસ્તુતિ કરતાં કરતાં ગુરુદેવ સાથે સિદ્ધવરકૂટ તરફ પ્રસ્થાન કર્યું. છ વાગે ૐકારેશ્વર–ઘાટ પહોંચ્યા. હવે અહીંથી સિદ્ધવરકૂટ જવા માટે ત્રણેક માઇલનો નૌકાવિહાર કરવાનો હતો. મોટરમાં છસો માઇલની મુસાફરી કર્યા બાદ આ નૌકાવિહારનો નવીન પ્રસંગ આવતાં સૌ હર્ષિત થતા હતા.






# સિદ્ધવરકૂટ જતાં નૌકાવિહાર



પોષ વદ ૧૧ :ૐકારેશ્વરઘાટ ઉપર શરણાઈના સૂર વાગી રહ્યા છે. અનેક નૌકાઓની વચ્ચે ધજાઓથી શોભી રહેલી ગુરુદેવની નૌકા કાંઠા ઉપર તૈયાર ઊભી છે. મંદહાસ્યપૂર્વક "જયભગવાન" કહેતાંક ગુરુદેવ નૌકામાં પધાર્યા. ગુરુદેવની સાથે સાથે એ નૌકામાં પ્રમુખ શ્રી રામજીભાઇ, મંત્રીશ્રી નેમિચંદભાઈ પાટની, પં. હિંમતલાલભાઇ, વૃજલાલભાઇ ઇજનેર, મણીલાલભાઈ આરા, બ્રહ્મચારી બાળકો ચંદુભાઇ, અમુભાઈ–હરિભાઈ–તથા સતીશચંદ્ર વગેરે અનેક ભક્તો બેઠા. પૂ. બેનશ્રી–બેન (ચંપાબેન-શાંતાબેન) તો આવા આનંદપ્રસંગમાં મુખ્ય હોય જ. બીજી નૌકાઓ પણ અનેક ભક્તજનોથી ભરાઇ ગઇ...ચારેકોરથી યાત્રિકો



હર્ષનો કોલાહલ કરી રહ્યા છે...ગુરુદેવ નૌકામાં ઊભા ઊભા હર્ષમય વાતાવરણ અને આસપાસનાં દૃશ્યો નીહાળી રહ્યા છે...બધી નૌકાઓ તૈયાર થઈ જતાં ગુરુદેવ નૌકામાં રાખેલ ખુરસી ઉપર બેઠા .. અહા...ભક્તોને ભવસાગરથી તારનારા ગુરુદેવ નૌકામાં નાવિકસ્થાને કેવા શોભી રહ્યા છે!—એમની પ્રસન્નમુદ્રા જાણે કે એમ કહી રહી છે કે-" અરે! ભેદજ્ઞાનરૂપી નૌકાવડે અનંત ભવસમુદ્રને તરી જનારા સાધકોને આ નાની નદી પાર કરવી તો શા હિસાબમાં છે!" ભકતો તો ગુરુદેવ સાથેના નૌકાવિહારથી આનંદને લીધે ડોલી ઊઠે તેમાં શું નવાઈ! પરંતુ નૌકા પણ આનંદથી ડોલી રહી છે...

થોડી વારમાં નૌકાઓ ચાલવા લાગી--

ચલી રે ચલી મેરી નાંવ ચલી રે...ચલી રે ચલી ગુરુ સાથ ચલી રે...
મંગલ-યાત્રા ગુરુ સાથ હોતી રે...ચલી રે ચલી સિદ્ધિધામ ચલી રે...

જાણે કે ભક્તિનૌકામાં બેસીને ગુરુદેવ સાથે સિદ્ધિધામમાં જતા હોઇએ- એવા ઉમંગથી ભક્તો ભક્તિ કરવા લાગ્યા--

પાર લગા પાર લગા પાર લગાના, ઓ નાથ! મેરી નાવ ચલી પાર લગાના...
ઓ તુમ સમ ઓર ન માંઝી...ઓ ..સ્વામીજી...પાર લગા...પાર લગા...પાર લગાના...

ગુરુદેવની નૌકાની પાછળ પાછળ બીજી નૌકાઓ પણ ચાલવા લાગી...અહા! મોક્ષ-પુરીના સુકાની કહાનગુરુરાજ સેંકડો યાત્રિકોને સિદ્ધવરકૂટ ધામમાં લઈ જાય છે...ભક્તોના હૈડામાં હર્ષના હિલોર ચડ્યા છે.... ઉરમાં ઊભરાતો આનંદ ભક્તિદ્વારા વ્યક્ત થાય છે. પૂ. બેનશ્રી-બેન ભક્તિ ગવડાવે છે—

લેજો સેવા પ્રભુકી લેજો...લેજો એ સુખકારી...સૌ લેજો એ સુખકારી...

નૌકા મેરી તરતી જાયે......તુમને મેરા સુકાન બનાયે...
ચલકર મોક્ષનગરમેં જાયે .... ચલકર સિદ્ધવરકૂટમેં જાયે...

ભક્તિકી ધૂન મચાયે...સૌ...ભક્તિકી ધૂન મચાયે....
આત્માકી ધૂન મચાયે...સૌ આત્માકી ધૂન મચાયે ..

કહાનગુરુવર કે સંગ આયે, ઉમંગ ઉમંગ ભર યાત્રા થાયે;
ભવસાગર કો તરકે આયે, મોક્ષનગર કે નીકટ આયે....

યાત્રા ઉત્સવ મનાયે... હાં...યાત્રા ઉત્સવ મનાયે...
નૌકાવિહાર સુહાયે... હાં...નૌકાવિહાર સુહાયે...

અહા ! સિદ્ધવરકૂટ જેવા સિદ્ધિધામમાં જવા માટે ગુરુદેવની સાથે નૌકાપ્રવાસ કરતાં બેનશ્રી-બેનને એવો આનંદ થતો હતો કે કઈ રીતે આ આનંદ વ્યક્ત કરીએ તેની સૂઝ નહોતી પડતી...'આ ભક્તિ કરીએ, કે આ ભક્તિ કરીએ !' એવી ધૂનમાં ને ધૂનમાં જે ભક્તિ યાદ આવતી તે બોલવા માંડતા. દરેકે દરેક નૌકામાંથી ભક્તિના નાદ ગાજતા હતા... ને નદી પણ કલકલ કરતી એ ભક્તિમાં તાલ પૂરાવતી હતી.

ગુરુદેવ પ્રસન્નતાથી બેઠા હતા... 'હે ગુરુદેવ ! સંસારસાગરમાં ઝોલા ખાતી અમારી નૌકાને પાર ઉતારો...આપ જ અમારા સુકાની છો '-એમ જાણે ગુરુદેવને વિનતિ કરતા હોય, એવી ઊર્મિ સૌ યાત્રિકોમાં દેખાતી હતી. ગુરુદેવ સાથે નૌકાવિહારના આ અનેરા અવસરે નીચેની સ્તુતિ પણ બરાબર યાદ આવતી હતીઃ—

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહિ;

આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશી ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

નૌકામાં ઉચ્ચસ્થાને બેઠેલા ગુરુદેવ અવારનવાર યાત્રાસંઘની નૌકાઓને મીઠી મધુર દૃષ્ટિથી નીહાળતા હતા... ને ભક્તોનો ઉમંગ દેખીને નિઃશંકપણે જાણે કે એમ કહેતા હતા કે : 'આવો રે આવો ! નિઃશંકપણે આ માર્ગે ચાલ્યા આવો...સંસારસમુદ્રને તરીને સિદ્ધપુરીમાં પહોંચવાનો આ જ માર્ગ છે માટે બેધડકપણે આ માર્ગે ચાલ્યા આવો... અહા ! તરતાપુરુષની વાણી યાત્રિકોને પણ ભવસમુદ્રથી તારતી હતી... તરતાપુરુષો સાથેની આ નૌકાયાત્રા ભક્તોને પણ ભવસમુદ્રથી તરવાનો ઉત્સાહ જગાડતી હતી. તારણહાર ગુરુદેવ ભક્તોને તારતા હતા.

"અહા, અનેક જીવોના તારણહારને આજે હું તારી રહી છું" —એવા ગૌરવથી એ જડમતિ નૌકા ડોલતી હતી,- પરંતુ એ બિચારીને ક્યાંથી ખબર હોય કે તે પોતે પણ આ સંતપુરુષના પુણ્યપ્રભાવે જ તરી રહી છે !! અરે, ભેદજ્ઞાનનૌકા વડે અનંત સંસારસમુદ્રને તરી જનારા સાધકોને એક નાની નદી પાર કરવી તો શા હિસાબમાં છે ? ખરેખર જ્ઞાનીઓની નૌકા નીરાળી છે,-એટલે જ પૂ. બેનશ્રીબેન નૌકામાં બેઠાબેઠા ગવડાવી રહ્યા છે કે—

નૈયા તુમરી નીરાલી પ્રભુજી નૈયા તુમરી નીરાલી..
ભવકી નદીયાં ઇસ નૈયાસેં ...લાખો ભવિજન પાર લગે...

ઈસિ નૈયાંકો ખેનેવાલે... દુનિયાં છોડી પાર ચલે...
ઈસિ નૈયામેં બૈઠનેવાલે... સિદ્ધપ્રભુકે પાસ ચલે...

આનંદ નાવ ચલાતે હૈ... મુક્તિકે ઘાટ દીખાતે હૈ....
વો સ્વામીકો ભજનેવાલે... મોક્ષપુરીમેં જાતે હૈ...

આજ ઉઠત હૈ સેવક સુવેરા જિનવર તાન રસીલી...પ્રભુજી...
નૈયા તુમરી નીરાલી પ્રભુજી ! નૈયા તુમરી નીરાલી...

સવા પાંચસો યાત્રિકોને સિદ્ધવરકૂટ લઇ જવા માટે અનેક નૌકાઓ સરસર કરતી નર્મદાના નિર્મળ નીરમાં ચાલી જાય છે. આ નર્મદાનદીના કિનારે કરોડો મુનિવરો આત્મ-ધ્યાન કરીકરીને સિદ્ધિ પામ્યા છે...મોક્ષ પ્રત્યે ઉલ્લસતી મુનિવરોની સ્વચ્છપરિણતિના પ્રતિક સમાન આ નદીનો પ્રવાહ પણ સ્વચ્છ તરંગોથી ઊછળી રહ્યો છે તેમાં ગુરુદેવ સાથે નૌકા-વિહાર કરતાં સૌને ઘણો હર્ષ થાય છે . અહા ! ગુરુદેવ સાથેના અપૂર્વ નૌકાવિહારપ્રસંગની ભક્તોના અંતરની ઉર્મિઓ અહીં કાગળમાં કઈ રીતે ઊતારવી ! ભક્તો તો ગુરુદેવ સાથેના નૌકાવિહારથી આનંદને લીધે ડોલી ઊઠે - તેમાં શું નવાઇ ! –' અહા, મારામાં કેવા કેવા ભક્તો બેઠા છે... ને કેવી મજાની ધૂન કરે છે ' –એવા ભાવથી રંગમાં આવી જઇને નૌકા પણ ડોલતી હતી ! પાણીમાં નૌકા ચાલે, ને નૌકામાં ભક્તિ ચાલે, જાણે કે ભક્તિને લીધે જ નૌકા ચાલતી હોય... ને નદી પણ પાણીરૂપી જીભવડે કલરવ કરતી ગુરુદેવનાં સ્વાગતગીત ગાતી હોય ...કે અહીંથી મોક્ષ પામેલા મુનિવરોનો મંગલ ઈતિહાસ સંભળાવતી હોય ....એવું સુંદર વાતાવરણ સર્જાઈ ગયું હતું. અરે, પાણીની માછલીઓ પણ જાણે કે ગુરુદેવના દર્શન કરવા માટે ને બેનશ્રી–બેનની ભક્તિ સાંભળવા માટે ઉલ્લસતી હોય તેમ કિલ્લોલ કરતી નૌકાની આસપાસ ઊછળતી હતી.

ગુરુદેવ સાથે આનંદકિલ્લોલ કરતાં યાત્રિકો, વચ્ચે વચ્ચે જોડકણાં પણ જોડતા જતા હતા–

સરસર કરતી તરતી જાય
એવી મારી નૌકા....
નૌકા તરે નદીમાં....
ને ગુરુ બેઠા નૌકામાં...

સંતો કેરી છાંયડી
એવી મારી નાવડી...
કહાનગુરુ સાથમાં
જાય સિદ્ધિધામમાં...





ગુરુદેવ સાથે નૌકામાં બેઠા છીએ... ગુરુદેવના ચરણુ પાસે બેઠા બેઠા, ભક્તિ કરતાં કરતાં, સિદ્ધવરકૂટ તરફ જઈ રહ્યા છીએ ... ગુરુદેવ આસપાસના ઉપશાંત વાતાવરણને પ્રસન્નતાપૂર્વક નીહાળી રહ્યા છે, ને એ વખતે નૌકામાં બેઠાબેઠા જ આ સંસ્મરણો લખાય છે ... નૌકાવિહારના આ પ્રસંગના એક ખાસ સંસ્મરણ તરીકે નૌકામાં બેઠાબેઠા પૂ. ગુરુદેવના હસ્તાક્ષર કરાવ્યા ...ગુરુદેવે પણ હસતાં હસતાં હસ્તાક્ષર કર્યા–

ૐ

સિદ્ધાનંદાય નમઃ

શ્રી સિદ્ધ ભગવંતને નમસ્કાર

હસ્તાક્ષર કરતાં ગુરુદેવે કહ્યું : ' જાત્રામાં નૌકામાં બેસવાનો આ પ્રસંગ યાદ રહી જશે કે નૌકામાં બેઠાબેઠા આ લખ્યું હતું. '

નૌકાની કેબીનના બેન્ચ ઉપર બેઠેલા બેનશ્રી–બેન પણ આજના નૌકાવિહારના પ્રસંગથી ખૂબ રોમાંચિત હતા... ને ઉમંગથી નવી નવી ભક્તિ કરાવતા હતા–

આજ અપૂરવ અવસર આયા... ગુરુવર સાથે યાત્રા ચાલ્યા....
જિનેન્દ્રદેવકા દરશન પાયા... સિદ્ધપ્રભુકા ધામ દિખાયા...
ભક્તિકી ધૂન મચાયા... સૌ૦
અનેક જાત્રાધામ દિખાયા... કહાન ગુરુકા પ્રભાવ ખીલ્યા...
સંસારસાગર પાર કરાયા... ભારતભરમેં હર્ષ છવાયા...
ધર્મકા ધ્વજ ફરકાયા... હાં૦

સિદ્ધભગવંતોનું સ્મરણ કરીને, ભક્તિની ધૂન મચાવતાં મચાવતાં, ગુરુદેવ સાથે નિર્ભય-પણે સરસર કરતી નૌકાઓ ચાલી જતી હતી... તે વખતે ભક્તામર સ્તોત્રનો નીચેનો શ્લોક તાજો થતો હતો–

"જ્યાં ઊછળે મગરમચ્છ તરંગ ઝાઝા,
ને વાડવાગ્નિ ભયકારી થકી ભરેલા;
એવા જ સાગર વિષે સ્થિત નાવ જે છે,
તે નિર્ભયે તુજતણા સ્મરણે તરે છે."

દોઢ–બે માઈલના પ્રવાસ બાદ વળાંક આવ્યો... અહીંથી નદીના બે ફાંટા પડે છે. એટલે એક ફાંટામાંથી બીજા ફાંટામાં જવાનું હતું... છીછરા પાણી હોવાથી ઘણા યાત્રિકો નૌકામાંથી ઊતરીને કાંઠેકાંઠે ચાલતા વળાંકવાળા ભાગને ઓળંગી ગયા, તો કેટલાક યાત્રિકો આનંદમાં આવી જઈને પાણીમાં છબછબ કરતા ગુરુદેવની નાવને ખેંચવા માંડ્યા... અહીં નદીમાં ખડકોને લીધે તરંગો ખૂબ જ ઊછળતા હતા. બંને બાજુ રમણીય પહાડીનાં દૃશ્યો, વચ્ચે તરંગોથી ઉલ્લસતી નર્મદા નદી, તેમાં નૌકાદ્વારા વિહાર, વળી ગુરુદેવનો સંગ અને થોડે દૂર સિદ્ધવરકૂટધામ... અહા! જીવનનો એ એક સોનેરી પ્રસંગ હતો... એ પ્રસંગનું આહ્‌લાદ-કારી વાતાવરણ સૌ યાત્રિકોના હૃદયમાં કોતરાઈ ગયું છે. પૂ. ગુરુદેવ પણ એ પ્રસંગને પ્રમોદપૂર્વક ઘણીવાર યાદ કરે છે, ને વ્યાખ્યાનમાં પણ તેનું ઉદાહરણ આપીને કહે છે કે :-

'જેમ હોડીમાં બેસીને 'સિદ્ધવરકૂટ' તરફ જતી વખતે વચ્ચે નદીનો 'વળાંક' આવતાં તરંગોનો ખળભળાટ ઊઠતો હતો .. તેમ રત્નત્રયરૂપી નાવમાં બેસીને સિદ્ધપદ તરફ જઈ રહેલા મોક્ષમાર્ગી મુનિવરોની પરિણતિરૂપી નદીનો પ્રવાહ મોક્ષ તરફ જઈ રહ્યો છે, તેમાં વચ્ચે રાગરૂપી વળાંક આવતાં ખળભળાટ થાય છે.... તે રાગનો વળાંક ટાળીને વીતરાગતા વડે સિદ્ધપદમાં પહોંચાય છે."

વળાંક ટાળીને બીજા પ્રવાહમાં વળ્યા કે તરત જ,–જેમ વિભાવથી પાછી વળીને આત્માર્થીની પરિણતિ સ્વભાવ તરફ દોડવા માંડે તેમ–નૌકાઓ સડસડાટ કરતી સિદ્ધવરકૂટ તરફ દોડવા લાગી... કેમ કે અત્યાર સુધી તો નૌકાઓ સામા પ્રવાહે ચાલતી હતી... ને હવે પ્રવાહ–અનુસાર ચાલવા લાગી... તેથી તેને એવો વેગ મળ્યો જાણે કે સિદ્ધપદમાં પહોંચવા માટે ક્ષપકશ્રેણી જ માંડી.... હવે સામે સિદ્ધવરકૂટધામ પણ એકદમ નજીક જ દેખાતું હતું તેથી તે સિદ્ધિધામને ભેટવા માટે નૌકાઓ એકદમ દોડવા લાગી... એક જાણે કે હું પહેલાં પહોંચું... ને બીજી જાણે કે હું પહેલાં પહોંચું... અહા! સિદ્ધિધામનાં દર્શન થતાં કોને

આનંદ ન થાય ! એ સિદ્ધિધામનાં દર્શન થતાં પૂ. બેનશ્રી-બેને પણ ઘણા ઉમંગપૂર્વક સિદ્ધ ભગવાનની ભક્તિની ધૂન મચાવી—


જય સિદ્ધભગવંત જય સિદ્ધભગવંત જય સિદ્ધભગવંત દેવા....
સિદ્ધવરકૂટ પર આપ બિરાજો....યાત્રા જય જયકારા...
નૌકા વિહાર ગુરુજી સાથે... આનંદ મંગલકારા —જય સિદ્ધ૦
રત્નત્રયી નૌકામેં બેસી હો ગયે ભવસે પારા..
કહાનગુરુ કે સંગ ભક્ત સૌ...આયે દ્વાર તુમારા... —જય સિદ્ધ૦
સાધક--હૃદય—વિરામી પ્રભુજી ... રત્નત્રય દાતારા...
ભક્તજનો સૌ ભક્તિ કરતા.... આવે મારગ તારા... જય સિદ્ધ૦

બેનશ્રી-બેન જો કે આ ધૂન ગુરુદેવની નૌકામાં બેઠા બેઠા ગવડાવતા હતા પરંતુ, માત્ર ગુરુદેવની નૌકાના જ નહિ પણ આસપાસની બધી નૌકાના યાત્રિકો ઉમંગપૂર્વક તે ધૂન ઝીલતા હતા આ વખતે ભક્તિનો રંગ બરાબર ખીલ્યો હતો.... તે જોઇને એમ થતું કે : અહા ! સિદ્ધપદની ભૂમિ પ્રત્યે પણ સાધકોને આવો ઉમંગ ઊછળે છે, તો સાક્ષાત્ સિદ્ધપદ પ્રત્યેના સાધકોના અંતરંગ-રંગની શી વાત ! ! ખરેખર સાધકના ભાવ અચિંત્ય છે તેને જ ઉપાદાન-નિમિત્તની ખરી સંધિ વર્તે છે. આ ભક્તિનો રંગ જોઇને ગુરુદેવ પણ પ્રસન્નતાથી કહેતા કે જુઓ, ભક્તો કેવા ખીલ્યા છે !

-આમ આનંદપૂર્વક નૌકાવિહારમાં ભક્તિ કરતાં કરતાં સૌ સિદ્ધવરકૂટ પહોંચ્યા, અહા, જાણે કે ભવસાગરને તરીને સિદ્ધ ભગવાનના ધામમાં આવ્યા. ગુરુદેવ નૌકામાંથી સિદ્ધવરકૂટના કિનારે ઊતર્યા કે તરત જ શરણાઇના મધુર સુરથી સ્વાગત થયું... કિનારેથી થોડે જ દૂર સિદ્ધવરકૂટ પહાડ છે, લગભગ બસો પગથીયા જેટલો ઢોળાવ ચડીને સિદ્ધવરકૂટ ધામમાં પહોંચાય છે. ગુરુદેવ સાથે સમસ્ત સંઘ સિદ્ધવરકૂટમાં સિદ્ધભગવંતોને ભેટવા ચાલી નીકળ્યો... અહા, ગુરુદેવ સૌ ભક્તોને સિદ્ધિધામમાં લઈ જાય છે.... આવો ! આવો ! તમને સિદ્ધિધામ દેખાડું. ગુરુદેવના પગલે પગલે જયજયકાર કરતા સૌ યાત્રિકો એ સિદ્ધિધામમાં આવી પહોંચ્યા.

સમ્યકત્વનૌકાવડે ભક્તોને ભવપાર કરીને સિદ્ધિધામમાં લઇ જનાર ધર્મનાવીક ગુરુદેવને નમસ્કાર હો.






ગુરુદેવ સાથે આનંદપૂર્વક નૌકાવિહારમાં ભક્તિ કરતાં કરતાં સૌ સિદ્ધવરકૂટ પહોંચ્યા....
( એ પ્રસંગનું દૃશ્ય સોનગઢ-જિનમંદિરમાં શોભી રહ્યું છે. )



" જાણે કે મોક્ષસાધક મુનિઓના સમુહની વચ્ચે આવ્યા હોઇએ..." એવો આનંદ થતો
સિદ્ધવરકૂટ–સિદ્ધિધામનું એક દૃશ્ય : જુઓ પાનું ૧૦૩ .

# સિદ્ધવરકૂટ સિદ્ધક્ષેત્રની યાત્રા



પોષ વદ ૧૧ ના દિવસે સિદ્ધવરકૂટ સિદ્ધિધામની મંગલ યાત્રા થઈ.

સિદ્ધવરકૂટ બહુ જ રળિયામણું સિદ્ધક્ષેત્ર છે. યાત્રા દરમિયાન અગિયાર દિવસમાં આ પાંચમું સિદ્ધક્ષેત્ર આવ્યું. અહા! જ્યાંથી બે ચક્રવર્તી (સનતકુમાર અને મઘવા), દસ કામદેવ અને સાડા ત્રણ કરોડ મુનિવરો સિદ્ધપદ પામ્યા છે એવા આ ઉપશાંતધામમાં વિચરતાં, જાણે કે મોક્ષસાધક મુનિવરોના સમુહની વચ્ચે આવ્યા હોઇએ —એમ સાધકોને ઘણો

આનંદ થતો હતો; અને સાધકસંતોની સાથે વિચરતાં ભક્તોને પણ ઘણો હર્ષ થતો હતો. અહીં મુખ્ય મંદિર ઘણું વિશાળ અને ભવ્ય છે, મૂળનાયક સંભવનાથ ભગવાન છે; તે ઉપરાંત ઊંચી ઊંચી ત્રણ કટની ઉપર બિરાજમાન પાર્શ્વનાથ ભગવાન, જાણે કે સમવસરણમાં જ બિરાજતા હોય તેવા શોભે છે. આસપાસ બીજા મંદિરોમાં પુરાણા પ્રતિમાઓ બિરાજે છે. બહાર મોટા વિશાળ ચોકમાં સુંદર માનસ્તંભ છે –જેના ઉપરના ભાગમાં ચારે દિશાએ ભગવંતો ખડ્‌ગાસને બિરાજે છે. તેઓ લોકાગ્રે સિદ્ધભગવાન સમાન શોભી રહ્યા છે; નીચેના ભાગમાં એક પ્રતિમાજી પૂર્વમુખે ખડ્‌ગાસને બિરાજે છે; જાણે કે નીચેના ભગવાન જ ઊર્ધ્વ-ગમન કરીને ઉપર પધારતા હોય –એમ નીચે–ઉપરના ભગવંતોને જોતાં લાગે છે. માન-સ્તંભની બાજુમાં દેરી ( છતરી ) છે, તેમાં અહીંથી મોક્ષ પામેલા ચક્રવર્તી, કામદેવ અને મુનિઓનાં ચરણકમળ સ્થાપિત છે. આ ઉપરાંત મંદિરની ઓસરીમાં દિવાલ પર, બે ચક્રવર્તી અને દસ કામદેવ મુનિદશામાં એક સાથે ધ્યાનસ્થ ઊભા છે તેનું સુંદર ભાવવાહી–ચિત્ર છે; એક સાથે ધ્યાનમાં ઊભેલા એ પરાક્રમી પુરુષો જાણે કે ક્ષપકશ્રેણીમાં આરોહણ કરતા હોય ...કે...આપણી સન્મુખ જ ઊર્ધ્વગમન કરીને સિદ્ધાલયમાં સિધાવતા હોય –એવા શોભી રહ્યા છે. એ ભાવભીનું દૃશ્ય જોતાં જ, એમનાં પાવનચરણોથી સ્પર્શાયેલા આ ક્ષેત્ર પ્રત્યે હૃદય નમી પડે છે. ધર્મશાળા વગેરે પણ ત્યાં જ છે. આ તીર્થની આસપાસનું વાતાવરણ પણ અતિ મનોરમ છે. ચારે બાજુના વન જાણે કે મુનિઓનાં આવાસથી છવાયેલાં હોય એવાં દેખાય છે. એક બાજુ નર્મદા ને બીજી બાજુ કાવેરી, એમ બંને બાજુ વહેતી નદીઓ જાણે કે તીર્થને પ્રદક્ષિણા કરતી જાય છે અને અહીંથી મોક્ષ પામેલા મુનીશ્વરોનાં ચરણકમળનો પોતાના જળવડે અભિષેક કરવા માંગે છે. જેમ વીતરાગી મુનીશ્વરો આ સંસારસમુદ્રમાં ડુબતા જીવોને બેટ સમાન છે તેમ તે મુનીશ્વરોનું આ મુક્તિધામ પણ આસપાસ વહેતી નદીઓને લીધે બેટ જેવું બની ગયું છે.

–આવા પવિત્ર તીર્થધામમાં, ' પૂ. શ્રી કાનજીસ્વામી દિ. જૈન તીર્થ યાત્રાસંઘ ' સવારમાં આઠ વાગે આવી પહોંચ્યો.... સૌ યાત્રિકોએ ગુરુદેવ સાથે જિનમંદિરના દર્શન કર્યા. સ્તુતિ કરીને અર્ઘ ચડાવ્યો .. ત્યારબાદ બાજુના મંદિરમાં આવ્યા... અહા અહીં મહાવીર ભગ-વાનના ભવ્ય પ્રતિમાજીના દર્શન કરતાં સૌ સ્તબ્ધ બની ગયા.... ખૂબ પ્રાચીન અને અતિ-શય વૈરાગ્યભાવમાં ઝૂલતી એ જિનમુદ્રા જોતાં જ આ પ્રતિમા ચોથા કાળના હોય –એમ સહેજે લાગે છે. સનાવદની જેમ અહીં પણ આ ભગવાનને નીહાળતાં ગુરુદેવ બહુ પ્રસન્ન થયા ને થોડીવાર તો ભગવાનની સન્મુખ એકીટસે નીહાળતા સ્તબ્ધ થઈને બેસી રહ્યા.... ત્યારે ' પ્રભુજી તમારી સાથે સદ્‌ધ્યાન આજ જામ્યું " એવું વાતાવરણ ત્યાં સર્જાઈ ગયું.

ગુરુદેવ સાથે બધા ભક્તો પણ ચૂપચૂપ ભગવાનને નીહાળતા બેસી રહ્યા.... થોડીવાર બાદ ગુરુદેવે કહ્યું : "વાહ! જુઓ કેવી મુદ્રા છે!! સામે બેસીને ધ્યાન કરવાનું મન થઈ જાય એવી ભવ્ય મુદ્રા છે. આ ભગવાન જાણે ચોથા કાળના હોય એવા લાગે છે.... લાવો અર્ઘ ચડાવીએ." ગુરુદેવે આમ કહેતાં જ ઉલ્લાસપૂર્વક સૌ ભક્તોની સાથે પૂ. બેનશ્રી-બેને સ્વાહામંત્ર બોલીને અર્ઘ ચડાવ્યો... ગુરુદેવે પણ અર્ઘ ચડાવ્યો. સૌ ભક્તો મહિમાપૂર્વક આ ભગવાનના દર્શન કરતા હતા .. જેઓ પહેલાં ચુસ્ત સ્થાનકવાસી હતા ને મૂર્તિના નામથી પણ ભડકતા હતા– એવા કેટલાક ભક્તોને સંબોધીને ગુરુદેવે કહ્યું: જુઓ, આ પ્રતિમા બહુ જુના છે, આવા તો ઘણા મોટામોટા પ્રતિમાઓ યાત્રામાં આવશે, ને તે દિગંબર જૈનધર્મ કેટલો જુનો છે –તેની સાક્ષી પૂરે છે, ફરીફરીને એ ભગવાનને ભાવપૂર્વક અવલોકીને, આનંદપૂર્વક દિગંબર જૈનધર્મના જયજયકાર કરતા સૌ ત્રીજા મંદિરે આવ્યા.

આ મંદિરમાં પણ એક ખડ્ગાસન પ્રતિમા બહુ પ્રાચીન, સુંદર ને અતિ ભાવવાહી છે. આવા પુરાણા પ્રતિમાજીના પ્રત્યેક અંગોના ભાવનું ગુરુદેવ સૂક્ષ્મતાથી અવલોકન કરતા ને ભક્તોનું પણ તે તરફ ધ્યાન ખેંચતા. ઊભેલા પ્રતિમાજીના દશ્યમાં ચૈતન્યસાધનાની એકદમ ઉગ્રતા તરવરતી દેખાય છે. અહીં પણ પ્રસન્નતાપૂર્વક દર્શન કરીને ગુરુદેવ સાથે સૌએ ભાવપૂર્વક અર્ઘ ચડાવ્યો. (આ ખડ્ગાસન પ્રતિમાજી ઉપર સં. ૧૧ લખેલ છે, પણ તેનો અર્થ સ્પષ્ટ નથી સમજાતો.)

આ મંદિરના દર્શન કરીને બહાર આવતાં જ મંદિરની દિવાલ પર એક મોટું ભાવવાહી ચિત્ર નજરે પડ્યું ને સૌ થંભી ગયા. બે ચક્રવર્તી ને દસ કામદેવ, એમ બાર મહામુનિવરો એક સાથે ધ્યાનમાં ઊભા છે, જાણે કે હમણાં જ વૈરાગ્ય પામીને રાજપાટત્યાગી મુનિ થયા હોય, ને ધ્યાનની શ્રેણી માંડીને કેવળજ્ઞાન પામતા હોય –એવું સરસ એ દૃશ્ય છે. એ દશ્ય જોતાં જ ગુરુદેવે ભાવપૂર્વક કહ્યું : "વાહ! જુઓ આ મુનિદશા! અહા, છછ ખંડના રાજપાટ છોડીને ચક્રવર્તીઓ જ્યારે દીક્ષા લેતા હશે, ને રૂપરૂપના અંબાર એવા કામદેવ પણ હજારો રાણીઓ છોડીને જ્યારે દીક્ષા લેતા હશે –એ પ્રસંગ કેવા હશે! અને વળી કુદરતનો મેળ તો જુઓ, કે એક પછી એક દશ કામદેવો ને બે ચક્રવર્તીઓ તે બધા અહીંથી જ મોક્ષ પામ્યા. અત્યારે અહીંથી ઉપર આકાશમાં લોકાગ્રે તેઓ બિરાજે છે.' – આમ કહીને ઉપર હાથ જોડીને ગુરુદેવે તે સિદ્ધ ભગવંતોને નમસ્કાર કર્યા. ગુરુદેવની સાથે સાથે સૌ ભક્તોએ પણ નમસ્કાર કર્યા.

ત્યારબાદ ચોકમાં આવેલા માનસ્તંભના સૌએ દર્શન કર્યા....ને પછી બાજુની છતરીમાં. અહીંથી મોક્ષ પામેલા ચક્રવર્તી-કામદેવ અને કરોડો મુનિવરોના ચરણકમળ સ્થાપિત છે,


ત્યાં દર્શન કરીને સૌએ ચરણસ્પર્શ કર્યા. ઉપરના સિદ્ધ ભગવંતોને ચિંતવીને 'હે નાથ! આપના પગલે પગલે અમે પણ આપના સિદ્ધિપંથે આવીએ છીએ' –એવા ભાવથી ગુરુદેવ સાહત સૌ યાત્રિકોએ એ ભગવંતોના ચરણોનું ફરીફરીને સ્પર્શન કર્યુ ને નીચે મુજબ શ્લોક બોલીને ભક્તિપૂર્વક અર્ઘ ચડાવ્યો–

द्वय चक्री दस कामकुमार भवतरि मोक्ष गये
तातैं पूजुं पद सार मनमें हरष ठये ॥

[ ॐ ह्रीं श्री सिद्धवरकूट सिद्धक्षेत्रसे दो चक्रवर्ती, दस कामदेव और साढेतीन करोड मुनिवर मोक्ष पधारे, तिनके चरणकमल पूजनार्थे अर्घं निर्वपामीति ...स्वाहा.... ]

એક બાબત ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે કે અત્યાર સુધી ગજપંથા, માંગીતુંગી, બડવાનીજી, પાવાગીર–ઉન અને સિદ્ધવરકૂટ –આવા જે પાંચ સિદ્ધક્ષેત્રોની યાત્રા કરી તે બધાય શુદ્ધ દિગંબર તીર્થો છે, શ્વેતાંબર કે બીજા કોઇ અન્યમતોનો ત્યાં પ્રચાર નથી. હજી આગળ જતાં સોનાગિરિ, મથુરા વગેરે બીજા પણ શુદ્ધ દિગંબર જૈન તીર્થો આવશે. હજારો વર્ષ પુરાણા આવા શુદ્ધ દિગંબર જૈન તીર્થો આજે પણ દિગંબર જૈનધર્મની પરમસત્યતાની જાહેરાત કરી રહ્યા છે એટલું જ નહિ પણ તે તે સિદ્ધક્ષેત્રથી સિદ્ધિ પામેલા સંતો પણ શુદ્ધ દિગંબર જ હતા –એમ પણ તે તીર્થના રજકણેરજકણ પ્રસિદ્ધ કરી રહ્યા છે. અહા, દિગંબર જૈનસંતોના ચરણોથી સ્પર્શાયેલી ભૂમિ પણ દિગંબર જૈન ધર્મને પ્રસિદ્ધ કરતી થકી તેની પ્રભાવના કરી રહી છે. આવી પ્રભાવક તીર્થભૂમિના દર્શનથી જિજ્ઞાસુઓની ધર્મદઢતા પણ પોષાય છે ...ને તેની યાત્રા કરતાં આનંદ થાય છે.


સિદ્ધવરકૂટથી સિદ્ધિ પ્રાપ્ત સિદ્ધભગવંતોને નમસ્કાર હો.
સિદ્ધિધામમાં સાથે લઈ જનાર શ્રી કહાનગુરુદેવને નમસ્કાર હો.



# સિદ્ધવરકૂટ–સિદ્ધિધામમાં ઉલ્લસેલી સિદ્ધભક્તિ

તીર્થવંદના બાદ હવે પૂ. ગુરુદેવનું પ્રવચન ચાલી રહ્યું છે:

સિદ્ધવરકૂટ જેવા ઉપશાંત સિદ્ધિધામમાં, સિદ્ધભગવંતો પ્રત્યેની હૃદયની ઉર્મિઓ વ્યક્ત કરતાં ગુરુદેવ કહે છે:



જુઓ, આ સિદ્ધવરકૂટ તીર્થ છે. 'સિદ્ધ–વર–કૂટ!' અહા, સિદ્ધભગવંતો જગતના ઉત્કૃષ્ટ શિખરસમાન છે. એવા ઉત્કૃષ્ટ શિખરસમાન સિદ્ધપદને કરોડો જીવો અહીંથી પામ્યા તેથી આ ક્ષેત્ર 'સિદ્ધવરકૂટ' છે. અહીંનો દેખાવ પણ એવો છે કે જાણે ચારેકોર મુનિઓ ધ્યાનમાં બેઠા હોય! બે ચક્રવર્તી દસ કામદેવ અને સાડાત્રણ કરોડ મુનિવરો અહીંથી મોક્ષ પધાર્યા છે, તેઓ અહીંથી ઉપર લોકાગ્રે સિદ્ધાલયમાં બિરાજે છે. (–આમ કહીને ગુરુદેવે ઉપર નજર કરીને હાથ વડે સિદ્ધાલય બતાવ્યું. પછી ઉપરના સિદ્ધભગવંતોને જાણે કે પોતાના તેમજ શ્રોતાઓના હૃદયમાં ઉતારતા હોય તેમ કહ્યું:–)

અહો, સિદ્ધભગવંતો! આપને નમસ્કાર હો. 'वंदित्तु सव्व सिद्धे' એમ કહીને સમયસારના માંગળિકમાં જ આચાર્યદેવ સર્વ સિદ્ધભગવંતોને પોતાના તેમજ શ્રોતાઓનાં આત્મામાં સ્થાપીને, તેમને નમસ્કાર કરે છે. અહા, સિદ્ધભગવંતો અક્રિય-ચૈતન્યબિંબ છે, તેમને શાંતપરિણતિ થઈ ગઈ છે, આપણા મસ્તક ઉપર સમશ્રેણીએ લોકના ઉત્કૃષ્ટસ્થાને તેઓ બિરાજે છે. સિદ્ધભગવંતો લોકના અગ્રેસર છે તેથી લોકના શિરે બિરાજે છે; જો તેઓ અગ્રેસર ન

હોય તો લોકની ઉપર કેમ બિરાજે! જેમ પાઘડી કે મુગટને લોકો પોતાના શિર ઉપર ધારણ કરે છે તેમ સિદ્ધભગવાનનું સ્થાન પણ લોકના શિર ઉપર છે, તેઓ જગતમાં સૌથી શ્રેષ્ઠ છે.. સાધકોએ અનંત સિદ્ધભગવંતોને પોતાના શિર ઉપર રાખ્યા છે...ધ્યેયરૂપે હૃદયમાં સ્થાપ્યા છે. આ રીતે 'સિદ્ધ' ભગવંતો 'વર' એટલે કે ઉત્કૃષ્ટ 'કૂટ' એટલે કે શિખર છે. –આમ સિદ્ધભગવાનમાં 'સિદ્ધ-વર કૂટ'નો ભાવાર્થ ઉતાર્યો. આવા સિદ્ધભગવંતોને ઓળખીને ધ્યેયરૂપે પોતાના આત્મામાં સ્થાપવા–એટલે કે તે સિદ્ધિના પંથે પોતાના આત્માને પરિણમાવવો તે "સિદ્ધ-વર-કૂટ"ની પરમાર્થયાત્રા છે.

અનંતા જીવો સિધ્ધ થયા, તે ક્યાંથી થયા? આત્માની શક્તિમાં અનંત ચતુષ્ટય છે તે શક્તિમાંથી સિદ્ધપદ વ્યક્ત થાય છે. દરેક આત્મા સ્વભાવશક્તિથી પરિપૂર્ણ, કારણપરમાત્મા અથવા કારણશુદ્ધજીવ છે, તે કારણનું મનન (ધ્યાન) કરી કરીને તેઓ કાર્યશુદ્ધજીવ (સિદ્ધ પરમાત્મા) થયા. દરેક આત્મામાં 'કારણ' છે, તેની સન્મુખ એકાગ્રતાવડે 'કાર્ય' થાય છે. જુઓ, આ સિદ્ધપદનું કારણ! સિદ્ધપદને માટે બહારનું કોઈ કારણ નથી, રાગાદિ પણ કારણ નથી, પૂર્વની મોક્ષમાર્ગરૂપ અધૂરીપર્યાય પણ પરમાર્થે કારણ નથી, અંતરનો ત્રિકાળી સ્વભાવ જ પરમાર્થ કારણ છે. –બસ, એમાં અંતર્મુખ થઈને ઊંડા ઊતરવા જેવું છે. દ્વિવિધ એવો મોક્ષમાર્ગ અંતરના ધ્યાનવડે પમાય છે–એ નિયમ છે, એટલે કે બીજી રીતે મોક્ષમાર્ગ પમાતો નથી.*

જુઓને, અહીંનો આસપાસનો દેખાવ પણ કેવો છે! મોક્ષના સાધક મુનિઓ આવા ધામમાં રહે, ને ચૈતન્યના ધ્યાનમાં મશગુલ હોય. વાહ, એ મુનિદશા! મુનિઓ તો દિગંબર જ હોય, તેમને વસ્ત્રાદિની વૃત્તિ જ ન ઊઠે –એવો સહજમાર્ગ છે. પહેલાંના કાળમાં આવા વનજંગલમાં રહીને અનેક મુનિઓ કારણપરમાત્માને ધ્યાવતા હતા... ને કેવળજ્ઞાન પામીને મોક્ષ સાધતા હતા. અહીંથી પણ કરોડો મુનિભગવંતો એ રીતે મોક્ષ પામ્યા છે. દરેક આત્મા પોતે આવો કારણપરમાત્મા છે; જ્યારે અંતર્મુખ થઈને પોતે પોતાનું ધ્યાન કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. અંતરમાં કારણપરમાત્માને ધ્યાવી–ધ્યાવીને જ અનંતાજીવો સિદ્ધ થયા છે ને થશે. સનતકુમાર અને મઘવા –એ બે ચક્રવર્તીઓ છ–છ ખંડના રાજને ક્ષણભરમાં છોડીને મુનિ થયા ને આત્માને ધ્યાવીને અહીંથી સિદ્ધપદ પામ્યા. એ જ રીતે

---

* दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणि णियमा ।
तह्मा पयत्तचित्ता जूयं झाणं समब्भसह ॥ ४७ ॥

—નેમિચંદ્રસિધ્ધાન્તચક્રવર્તી.

દસ કામદેવ અને કરોડો મુનિવરો પણ અહીંથી સિદ્ધપદ પામ્યા; તે બધાય અંદરમાં કારણુ હતું તેને ધ્યાવીને જ કાર્યપરમાત્મા (-સિદ્ધ) થયા છે.

જેમ બડવાનીજી તીર્થમાં આદિનાથ ભગવાનની મોટી મૂર્તિ મૂળ ચૂલગિરિ પર્વતમાંથી જ કોતરી કાઢી છે, બહારથી નથી આવી; તેમ ચૈતન્યસ્વરુપ આત્મા ચૂલગિરિ જેવો કારણુ-પરમાત્મા છે, તેના સ્વભાવમાંથી કોતરીને સિદ્ધપદ પ્રગટે છે, સિદ્ધપદ બહારથી નથી આવતું.

અનંત સિદ્ધભગવંતો ઉપર બિરાજે છે, અનંત નિત્યનિગોદ જીવો નીચે છે; સિદ્ધો ઉપર છે ને નિગોદીયા નીચે છે. નિગોદ જીવો એક શરીરમાં અનંત છે ને અનંત દુઃખી છે; સિદ્ધ જીવો એક સ્થાનમાં અનંત છે ને અનંતસુખી છે. –આવા સિદ્ધપદની પ્રાપ્તિનું આ સ્થાન છે એટલે આ સિદ્ધભૂમિ છે. ૨ ચક્રી, ૧૦ કામદેવ અને ૩,૫૦,૦૦૦૦૦ મુનિવરો અહીંથી મોક્ષ પામ્યા છે, –એ સંખ્યા તો નજીકના કાળની અપેક્ષાએ ( એટલે કે ફક્ત વર્તમાનચોવીસીના કાળની અપેક્ષાએ ) છે, બાકી તો અહીંથી તેમ જ અઢીદ્વીપના દરેક સ્થાનેથી અનંતજીવો મોક્ષ પામ્યા છે. જ્યાંથી અનંત જીવો મોક્ષ ન પામ્યા હોય એવું કોઈ સ્થાન અઢીદ્વીપમાં નથી. આ અપેક્ષાએ ૪૫ લાખ જોજનપ્રમાણુ આખા અઢીદ્વીપ તે સિદ્ધક્ષેત્ર છે, ને એની બરાબર ઉપર એવડી જ સિદ્ધશિલા છે. એટલે લોકાગ્રે સિદ્ધ ભગવંતોને રહેવાનું સ્થાન પણુ બરાબર અઢીદ્વીપ જેટલું છે; અનંત સિદ્ધભગવંતો ત્યાં બિરાજે છે. આ તો સિદ્ધપદના ક્ષેત્રની વાત થઈ. ભાવઅપેક્ષાએ તો આત્માની ધ્રુવશક્તિમાં સિદ્ધપદ પ્રગટવાની અનંત તાકાત પડી છે, તેમાં એકાગ્રતા વડે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટે છે તે સિદ્ધિનો માર્ગ છે. અનંતા જીવો આવા ભાવથી સિદ્ધપદ પામ્યા છે.

કુંદકુંદાચાર્યદેવ કહે છે કે : આવા અનંત સિદ્ધોને હું નમસ્કાર કરું છું, અનંત સિદ્ધોને મારા જ્ઞાનમાં સ્થાપીને એક સાથે તે સર્વેનો આદર કરું છું. ' वंदित्तु सव्वसिद्धे ' સર્વે સિદ્ધભગવંતોને મારા આત્મામાં સ્થાપીને, તેમની પંક્તિમાં બેસીને, હું તેમને વંદન કરું છું. –જુઓ, આ સિદ્ધવરકૂટની ખરી વંદના છે.

[ પોષ વદ અગીઆરસના રોજ, સિદ્ધવરકૂટધામમાં ઘણા જ સુંદર વાતાવરણુ વચ્ચે ગુરુદેવનું આ પ્રવચન ચાલી રહ્યું છે... શ્રોતાઓ એકતાન થઈને આનંદપૂર્વક એ ભાવભીનું પ્રવચન ઝીલી રહ્યા છે. અહા! યાત્રામહોત્સવમાં જાણે કે અનંત સિદ્ધભગવંતો આ સિદ્ધ-વરકૂટમાં ઊતર્યા છે.. ને ગુરુદેવ મહા આદરપૂર્વક તેઓશ્રીની ઓળખાણુ કરાવીને સિદ્ધ-પદ પ્રત્યે ભાવભક્તિની ધૂન મચાવી રહ્યા છે .. ગુરુદેવની અંતરની ધારા ઉલ્લસી રહી છે .. સામે જ માનસ્તંભ છે, બાજુમાં મંદિરો છે, આસપાસ સુંદર વનરાજીથી ઘેરાયેલા ઉપશાંત તીર્થધામમાં ગુરુદેવ આ સિદ્ધભક્તિનો શાંતરસ વહેવડાવી રહ્યા છેઃ ]

બે ચક્રવર્તીઓ અહીંથી સિદ્ધપદ પામ્યા. અહા, ચક્રવર્તીના વૈભવની શી વાત! પણ ચૈતન્યના વૈભવ પાસે એની શી કિંમત!! આત્માના આનંદના વૈભવની પાસે છખંડના વૈભવને તુચ્છ તરણાંસમાન જાણીને ચક્રવર્તીઓ પણ વનમાં ચાલી નીકળ્યા .. ને અંતરના ધ્યાન વડે ચૈતન્યના આનંદનિધાનને સાધીસાધીને સિદ્ધ થયા. એ જ રીતે દસ કામદેવો પણ અહીંથી સિદ્ધપદ પામ્યા. અહા, કામદેવના રૂપની શી વાત! પણ ચૈતન્યના રૂપ પાસે એની શી ગણતરી? દેહનું રૂપ તો જડપુદ્‌ગલનું ઢીંગલું છે; અમે તો એનાથી ભિન્ન સિદ્ધસમાન ચેતન-રૂપ છીએ. –આમ જાણીને તે કામદેવોએ અંતરના સિદ્ધપદને સાધ્યું. જેમ મંદિરના ઊંચા શિખર (વરકૂટ) ઉપર સોનાનો કળશ શોભે છે તેમ આ લોકરૂપી મંદિરના ઊંચા શિખર ('વરકૂટ') ઉપર 'સિદ્ધ' ભગવંતો કળશ સમાન શોભે છે.

–જેણે આવા સિદ્ધપદનો આદર કર્યો તેને સંયોગની ને વિકારની બુદ્ધિ છૂટી ગઈ, ને ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વભાવમાં તેણે આરોહણ કર્યું; આનું નામ સિદ્ધવરકૂટની યાત્રા છે ને એવા જીવને બહારમાં પણ આવા સિદ્ધક્ષેત્રોની યાત્રાનો ભક્તિભાવ આવે છે, તે શુભ ભાવ છે. 'અહા! રત્નત્રયધારક સંતો જ્યાં વિચર્યા...ને જ્યાંથી સિદ્ધપદ પામ્યા–તે ભૂમિ પણ ધન્ય છે... એમના ચરણથી સ્પર્શાયેલી રજ પણ ધન્ય છે'–એવા બહુમાનપૂર્વક ધર્મીને તીર્થયાત્રાનો ભાવ ઉલ્લસે છે. પરમાર્થે તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવ તે જ તીર્થ (એટલે કે ભવસમુદ્રથી તારનાર) છે. પરિપૂર્ણ જ્ઞાન-દર્શન–આનંદ ને વીર્યસ્વરૂપ પરમ સિદ્ધપદ જ મારે સત્કારવા જેવું છે –એમ નિર્ણય કરીને પોતાના આત્મામાં અનંત સિદ્ધભગવંતોને જેણે પધરાવ્યા તે સાધકજીવ અલ્પકાળમાં સિદ્ધની વસતીમાં ભળી જશે. –તેણે સિદ્ધવર-કૂટની ખરી જાત્રા કરી.

સિદ્ધપદનો યાત્રિક કહે છે: અહો સિદ્ધભગવંતો! હું મારા અંતરના આંગણે આપને પધરાવું છું. '–તારું આંગણું કેવડું?' તો કહે છે કે સિદ્ધભગવાન સમાય તેવડું. જેમ ચક્રવર્તીરાજાને પોતાના આંગણે બોલાવવામાં બોલાવનારની કેટલી જવાબદારી છે? –તેમ અહીં પૂર્ણાનંદને પામેલા સિદ્ધપરમાત્માને પોતાના આંગણે પધરાવતાં ધર્મી જીવ પોતાની જવાબદારી સહિત કહે છે કે હે સિદ્ધ ભગવંતો! મારા આત્માના આંગણે પધારો...

આવો આવો શ્રી સિદ્ધ ભગવાન અમ ઘેર આવો રે....
રૂડા ભક્તિવત્સલ ભગવંત નાથ! પધારો ને.
હું કઈ વિધ પૂજું નાથ! કઈ વિધ વંદું રે....
મારે આંગણે સિદ્ધ ભગવાન જોઇ જોઈ હરખું રે...

મારા આત્મામાં હું વિકારનો આદર કાઢી નાંખીને, આપનો જ આદર કરું છું, સિદ્ધપદને મારા આત્મામાં સ્થાપુ છું. હે નાથ! પધારો મારા અંતરના આંગણે. મારા આંગણામાંથી રાગાદિની મલિનતા કાઢી નાંખીને, નિર્મળ શ્રદ્ધા–જ્ઞાનના આંગણે હું આપને બિરાજમાન કરું છું.

–આ રીતે સાધક ધર્માત્મા પોતાના આંગણે સિદ્ધભગવાનને પધરાવે છે; ને સિદ્ધભગવાનને પોતાના આત્મામાં પધરાવીને પોતે પણ સિદ્ધપદને સાધે છે. આ વિધિથી દસ કામદેવોએ અહીંથી સિદ્ધપદ સાધ્યું.

અરે, કામદેવના રૂપની શી વાત! –પણ તેને જડ જાણીને, ધર્મીએ ચૈતન્યરૂપને તેનાથી ભિન્ન જાણ્યું; દેહનું કામદેવપણું છોડીને ચૈતન્યના પૂર્ણાનંદનો ભોગવટો કરનારા ખરા કામદેવ થઈ ગયા એટલે કે ચૈતન્યનું ખરું કામ (સિદ્ધપદ) તેમણે કરી લીધું. એવા દસ કામદેવ અહીંથી મોક્ષ પામ્યા છે. અરે, આ દેહની સુંદરતા અમારી નહિં. સુંદર તો અમારો જ્ઞાનાનંદથી ભરેલો આત્મા અંદર બિરાજે છે, –એમ આત્માને પ્રતીતમાં લઈને, શ્રદ્ધા–જ્ઞાનમાં સિદ્ધભગવાનને પધરાવ્યા ને પછી અલ્પકાળમાં પોતે પણ સિદ્ધ થયા. –એવા સિદ્ધભગવંતોને નમસ્કાર હો.

એ જ રીતે કામદેવની જેમ અહીંથી મોક્ષ પામેલા બે ચક્રવર્તીઓ પણ બહારના ચક્રને જડ સમજતા હતા; અંતરમાં ચૈતન્યનું પરિણમનચક્ર જ્ઞાનાનંદરૂપ વર્તે –તેમાં જ અમારું ચક્રવર્તીપણું છે, એમ જાણીને તેઓએ ચૈતન્યનું ચક્રવર્તીપદ (–સિદ્ધપદ) સાધ્યું, ધ્રુવ–અચલ ને અનુપમ એવા સિદ્ધપદને અહીંથી પ્રાપ્ત કર્યું. પાંચ પરમેષ્ઠીપદમાં સિદ્ધપદ સૌથી ઉત્કૃષ્ટ છે; તેને નમસ્કાર હો. –હું મારી જ્ઞાનશક્તિમાં એકાગ્ર થઈને એ સિદ્ધપદનો આદર કરું છું, તેને નમસ્કાર કરું છું. એ સિદ્ધવરકૂટની યાત્રા છે.

**આ રીતે સિદ્ધવરકૂટમાં સિદ્ધભગવંતોને નમસ્કાર કર્યા.**

(સિદ્ધવરકૂટમાં ગુરુદેવનું પ્રવચન પૂરું થયું)

**સિદ્ધવરકૂટમાં સિદ્ધભક્તિની ન મચાવનાર ગુરુદેવનો જય હો.**

વ્યાખ્યાનમાં ગુરુદેવે આ સિદ્ધક્ષેત્ર સંબંધી પોતાનો ઘણો પ્રમોદ વ્યક્ત કર્યો અને સિદ્ધભક્તિના અતિ ભાવભર્યા ઉદ્દગારો કાઢ્યા... પરંતુ અંતરમાં ઉલ્લસતી ભક્તિને હજી સંતોષ ન થયો તેથી પ્રવચન પૂરું થતાં તરત જ બેનશ્રી–બેનને ઉદ્દેશીને કહ્યું કે ' કાંઇક

ભક્તિ બોલો.' ગુરુદેવનો આદેશ થતાં જ બેનશ્રી-બેને વૈરાગ્યમય મુનિભક્તિ શરૂ કરી--

નિત ઉઠ ધ્યાવું ગુણ ગાવું, પરમ દિગંબર સાધુ...પરમ દિગંબર સાધુ,
મહાવ્રતધારી... ધારી મહાવ્રત ધારી............
રાગદ્વેષ નહીં લેશ જિન્હોંકે મનમેં હૈ...મનમેં હૈ;
કંચનકામિની મોહ કામ નહીં તનમેં હૈ .. તનમેં હૈ;
પરિગ્રહ રહિત નિરારંભી, જ્ઞાની વ ધ્યાની તપસી...જ્ઞાની વ ધ્યાની તપસી.
નમોં હિતકારી...કારી નમોં હિતકારી....નિત ઊઠ ધ્યાવું.......

[ કેમ જાણે જ્ઞાન-ધ્યાનમાં નિમગ્ન અનેક મુનિવરો આપણી સામે જ બિરાજી રહ્યા હોય -એવા ઉત્તમ ભાવે ભક્તિ ચાલી રહી છે- ]

શીતકાલ સરિતા કે તટપર જો રહતે...... જો રહતે;
ગીષમઋતુ ગિરિરાજ શિખર ચઢ અઘ દહતે ...અઘ દહતે;
તરુતલ રહકર વર્ષામેં વિચલિત ન હોતે લખ ભય . વિચલિત ન હોતે લખ ભય,
વન અંધિયારી ભારી...વન અંધિયારી.. નિત ઊઠ ધ્યાવું......
કંચન-કાયા મસાન-મહલ સમ જિનકે હૈ...જિનકે હૈ,
અરિ-અપમાન, માન-મિત્ર સમ તિનકે હૈ....તિનકે હૈ;
સમદર્શી સમતાધારી, નગ્ન દિગંબર મુનિ હૈં...નગ્ન દિગંબર મુનિ હૈ,
ભવજલ તારી...તારી...ભવજલ તારી...નિત ઊઠ ધ્યાવું......

[ અંતરમા રહેલા મુનિભક્તિરૂપ મોતીઓ સ્વયમેવ જાણે નવી નવી કાવ્યમાળારૂપે ગૂંથાઇને બહાર આવતા હોય... એમ પૂ. બેનશ્રી-બેન તત્કાળ નવી નવી ગુંથણી કરીને ભક્તિ કરાવતા હતા— ]

ક્ષપકશ્રેણી ચઢ મુનિવર કેવલ પાતે હૈ... પાતે હૈ
કોડ મુનિવર ઈસ તીર્થ પર આયે હૈ આયે હૈ
બે ચક્રી ઓર કામદેવ દસ આયે હૈ ... આયે હૈ
અનેક મુનિવર સિદ્ધવરકૂટ પર પધારે હૈ... પધારે હૈ...
નિજરૂપમેં લીન હો કર સિદ્ધપદ પાયે હૈ પાયે હૈ....
પાવન મુનિવર ચરણોંસે, અદ્‌ભુત યહ તીરથ સોહે...અદ્‌ભુત યહ તીરથ સોહે
મહામંગળકારી .... કારી.... મહા મંગળકારી ... નિત ઊઠ ધ્યાવું.......
ઐસે પરમ તપોનિધિ જહાં જહાં જાતે હૈ.... જાતે હૈ ..
પરમ શાંતિ સુખલાભ જીવ સબ પાતે હૈ...પાતે હૈ...
ભવભવમેં સૌભાગ્ય મિલે ... ગુરુપદ પૂજું-ધ્યાઉં ... ગુરુપદ પૂજું-ધ્યાઉં

વરું શિવ નારી ... નારી ... વરું શિવનારી ...
—વંદું તીર્થ ભારી.... ભારી... વંદું તીર્થ ભારી... નિત ઊઠ ધ્યાઉં....

ભક્તિ પૂરી થઇ....ને મુનિભગવંતોના જયજયકાર ગાજી ઊઠ્યા.

ગુરુદેવે પ્રવચનમાં સિદ્ધભક્તિની ધારા વહેવડાવી....

બેનશ્રી—બેને ભક્તિમાં મુનિભક્તિની ધૂન મચાવી...

આમ સંતો સહિત સિદ્ધવરકૂટતીર્થધામમાં સિદ્ધભક્તિ અને મુનિભક્તિપૂર્વક તીર્થ-યાત્રા કરતાં યાત્રિકોને ઘણો જ આનંદ થયો. અત્યાર સુધીની યાત્રાઓમાં અહીં સૌથી વિશેષ આનંદ થયો. જેમ રત્નત્રયરૂપ ધર્મતીર્થમાં જીવ જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ તેનો આનંદ વધતો જાય છે, તેમ ગુરુદેવ સાથે તીર્થયાત્રામાં જેમ જેમ આગળ વધતા જઇએ છીએ તેમ તેમ યાત્રિકોને આનંદ વધતો જાય છે.

પ્રવચન અને ભક્તિ બાદ તીર્થયાત્રાનો આનંદ વ્યક્ત કરતાં ગુરુદેવે કહ્યું : પાવાગીરીમાં ત્રણ ચક્રવર્તી—તીર્થંકરોના પ્રતિમા અદ્ભુત હતા ને તીર્થનું વાતાવરણ પણ શાંત હતું. ત્યાં બહુ ગમ્યું. ત્યાં રોકાણા હતા ને સાંજે બીજીવાર દર્શન કરવા ગયા હતા. અહીં આ સિદ્ધવરકૂટધામ પણ બહુ સરસ છે, જાણે અહીં આસપાસમાં મુનિઓ વસતા હોય —એવો દેખાવ છે. અહીં પણ વિશેષ રહેવાનું મન થાય છે; પણ સનાવદવાળાને બપોરે વ્યાખ્યાનની હા પાડીને આવ્યા છીએ એટલે ત્યાં ગયા વિના છૂટકો નથી.

ખંડવા શહેરના શેઠ દયાલચંદજી ( સિદ્ધવરકૂટના મહામંત્રી ) વગેરે પણ અહીં આવ્યા હતા, ને સંઘની સગવડ માટે ઘણી વ્યવસ્થા કરી હતી. આ ઉપરાંત ભોપાલશહેરના અનેક ભાઇઓ પણ અહીં આવ્યા હતા ને સંઘની ઉલ્લાસભરી યાત્રા તથા ગુરુદેવનો મહાન પ્રભાવ જોઇને બહુ ખુશી થયા હતા; —એટલું જ નહિ પણ તેમને એમ થઈ ગયું કે આવા પ્રભાવ-શાળી મહાપુરુષ આપણા શહેરની નજીક આવ્યા ને આપણા શહેરની જનતા તેમના દર્શન—પ્રવચનથી વંચિત રહી જાય —એ કેમ ચાલે ! તેથી, જો કે ભોપાલ કાર્યક્રમમાં ન હતુ છતાં, કોઇ પણ રીતે ભોપાલ પધારીને ત્યાંના જૈન સમાજને લાભ આપવા માટે ખૂબ જ આગ્રહ-પૂર્વક વિનંતિ કરી... અને છેવટે હા પડાવી.

ત્યારબાદ ફરીને મુખ્ય મંદિરમાં જઇને દર્શન—પૂજન કર્યા; સિદ્ધવરકૂટ તીર્થધામનું પૂજન બેનશ્રી-બેને ઘણા ઉમંગથી કરાવ્યું ને પૂજન બાદ સિદ્ધભગવાનની ભક્તિ બહુ સરસ થઈ. હાથ ઊંચા કરી કરીને સૌ સિદ્ધભગવંતોને નમસ્કાર કરતા જાય અને " સબ સિદ્ધ નમો સુખદાયક હો " એ સ્તુતિની ધૂન બોલતા જાય —એ રીતે પૂ. બેનશ્રીબેન સાથે આનંદ-પૂર્વક ભક્તિ થઈ હતી.

"પૂ. શ્રી કાનજીસ્વામી દિ૦ જૈન તીર્થયાત્રા સંઘ"નું સિદ્ધવરકૂટ તીર્થધામનું આ વર્ણન ચાલી રહ્યું છે. પોષ વદ ૧૧ના લગભગ સાડાદસ વાગ્યા છે... ને ભોજન બાદ સંઘને અહીંથી ઈંદોર તરફ પ્રસ્થાન કરવાનું હોવાથી, સૌ યાત્રિકો ભોજન માટે બેસી ગયા છે. અહીંની આનંદકારી તીર્થવંદનાની ચર્ચા કરતાં કરતાં તીર્થધામમાં જ સૌ યાત્રિકો હર્ષપૂર્વક જમી રહ્યા છે.

ભોજન બાદ સંઘના યાત્રિકોએ જયજયકારપૂર્વક ત્યાંથી પ્રસ્થાન કર્યું. ને ફરીથી નૌકામાં બેસીને ૐકારેશ્વરઘાટ તરફ ચાલ્યા. બિચારી નૌકાને સિદ્ધવરકૂટના મહિમાની શી ખબર પડે! –એટલે એ તો સિદ્ધવરકૂટનો કિનારો છોડીને દૂરદૂર જવા લાગી...પરંતુ યાત્રિકોના હૃદયમાંથી સિદ્ધવરકૂટની ધૂન ખસતી ન હતી, નૌકાઓ સિદ્ધવરકૂટથી દૂર જાય છે પરંતુ ભક્તોનાં મન અને મુખ તો હજી સિદ્ધવરકૂટ તરફ જ લાગેલા છે. સિદ્ધવરકૂટ જવા માટેના નૌકાવિહારમાં જેવો આનંદ આવ્યો... તેવો આનંદ આ વખતના નૌકાવિહારમાં નથી આવતો.... ખરી જ વાત છે, –સિદ્ધિધામમાં જેનું ચિત્ત લાગ્યું તેના ચિત્તને જગતનો બીજો કોઈ પદાર્થ ક્યાંથી આનંદ ઉપજાવી શકે?

વારંવાર સિદ્ધવરકૂટ તરફ મીટ માંડીને તેને નીહાળતાં ને તેના ગુણગાન કરતાં ભક્તોને, ૐકારેશ્વરઘાટ ક્યારે આવી ગયો તેની ખબર ન પડી. ઘાટ આવતાં નૌકામાંથી ઊતરીને સૌ પોતપોતાની મોટરમાં ને બસમાં બેઠા ને મોરટક્કા ઘાટ આવ્યા. અહીં હવે ઊંડી નર્મદા નદી ઓળંગવાની હતી; સેંકડો યાત્રિકો ઉપરાંત સામાન ભરેલી મોટરો ને મોટરબસો, એ બધાયને મછવા દ્વારા સામેપાર જવાનું હતું. સામાન ભરેલી મોટી મોટી બસોને મછવાથી સામે પાર લઈ જવી –એ કપરું કામ હતું. એક વાગ્યાથી એ કામ શરૂ થયું તે ઠેઠ રાત્રે દસ વાગ્યા સુધી ચાલ્યું. સામાન સહિત એક મોટી બસ તથા બે મોટરો અને તેના પેસેન્જરો. –એટલું એક મછવામાં ભરાઈ જતું ને નદીપાર કરીને એક કલાકે સામે પાર ઊતરતું. કોઈ નૌકા સડસડાટ કરતી સામે પાર પહોંચી જતી, તો કોઈ નૈયાં ડોલતી–ડગમગતી... ને ઉતારુઓને બીવડાવતી સામે કિનારે પહોંચતી. કોઈ કોઈ બસના યાત્રિકોને માટે તો આ નદી પાર કરવાનો પ્રસંગ યાત્રાનું એક વિચિત્ર સંભારણું બની ગયું. સમિતિની નૌકા પાણીના વહેણમાં ફસાયેલી તેને સામે પાર લઈ જવામાં એક નાના છોકરાએ બહાદુરીપૂર્વક મદદ કરી હતી, તેને અહીં શાબાશી આપ્યા વગર રહેવાતું નથી. –આમ કોઈ મુશ્કેલીપૂર્વક તો કોઈ આનંદપૂર્વક, નદી પાર કરી-કરીને ઈંદોર તરફ પ્રસ્થાન કરવા માંડ્યા. સાંજે પાંચ વાગ્યા સુધીમાં અડધો સંઘ નદીપાર થયો ને હજી અડધો સંઘ આ કાંઠે રહ્યો. આ કાંઠે રહેલા યાત્રિકો, 'ક્યારે અમારો વારો આવે!' એમ આતુરતાથી રાહ જોતા હતા; તો કોઈ યાત્રિકો, "હમણાં પૂ. ગુરુદેવ અને બેનશ્રી–બેન અહીં પધારવા જોઈએ' –એમ આતુરતા-

પૂર્વક તેઓના દર્શન માટે ઇંતેજાર હતા.

થોડીવાર તેઓને ઇંતેજારીમાં જ રહેવા દઇને હવે આપણે જરાક સિદ્ધવરકૂટ તરફ નજર લંબાવીએ અને ત્યાં રોકાયેલા પૂ. ગુરુદેવ વગેરે શું કરે છે –તેની થોડીક ઝાંખી કરીએ.

બાર વાગે સિદ્ધવરકૂટથી સંઘે પ્રસ્થાન કર્યા બાદ પાછળ પૂ. ગુરુદેવ, પ્રમુખશ્રી, મંત્રીજી. પંડિતજી, બ્રહ્મચારીજી, એન્જીનીયરસાહેબ વગેરે, અને પૂ. બેનશ્રી તથા પૂ. બેનજી વગેરે ૨૦-૨૫ યાત્રિકો જ બાકી રહ્યા છે, ને તીર્થનું વાતાવરણ એકદમ શાંત થઈ ગયું છે. જેમ મુનિરાજ છઠ્ઠેગુણસ્થાને જિનભક્તિનો ધોધ વહેવડાવતા હોય ને બીજીજ ક્ષણે સાતમા ગુણસ્થાનની નિર્વિકલ્પ શાંતિમાં લીન થઇ જાય....તેમ અહીં થોડીવાર પહેલાં સંઘના યાત્રિકોની ભક્તિ વગેરે પ્રવૃત્તિઓથી ધમધોકાર ગાજતું આ તીર્થ અત્યારે એકદમ ઉપશાંત વાતાવરણમય બની ગયું છે.

આવા ઉપશાંત વાતાવરણમાં એકલા ફરતા ફરતા પૂ. ગુરુદેવ શાંતચિત્તે તીર્થધામની આસપાસનાં વનોનું અવલોકન કરી રહ્યા છે. અહા, સિદ્ધક્ષેત્રના એકાંત વાતાવરણમાં એકલા એકલા ટહેલતા ગુરુદેવ ઘણા ભાવથી મુનિવરોનું આ ધામ એકીટસે ટગટગ નીહાળી રહ્યા છે, ને એમના હૃદયમાં ઉપશાંત ભાવની ઉર્મિઓ જાગે છે જાણે સાક્ષાત્ મુનિ ભગવંતોના ટોળેટોળાં નજરસમક્ષ તરવરતા હોય-એવો પ્રમોદ તેમની મુદ્રા ઉપર વર્તી રહ્યો છે.–એ પ્રમોદ વ્યક્ત કરવા આસપાસ જુએ છે પણ કોઈ દેખાતું નથી એટલે પાછા વન તરફ મીટ માંડીને સ્તબ્ધતાથી જોઈ રહે છે...થોડીવારમાં કુદરતયોગે બે-ભક્તો પણ ફરતા ફરતા ત્યાં આવી પહોંચ્યા...તેમને જોતાં જ, ઘણા ભાવથી અંતરની ઉર્મિઓ વ્યક્ત કરતાં ગુરુદેવે કહ્યું: 'અહા! હું તો આ ક્ષેત્રમાં મુનિઓને જ દેખું છુ.. આસપાસ જાણે મુનિઓ ધ્યાન ધરી રહ્યા હોય-એવું અહીંનુ વાતાવરણ છે કેવું સરસ શાંતિનું ધામ છે! જાણે અહીં રહી જઇએ-એવું મન થાય છે. આ બાજુ બધે ઠેકાણે મુનિઓએ ધ્યાન ધર્યાં હશે—એ બધું અહીં નજરે તરવરે છે." અહા, શાંત ધામમાં ગુરુદેવને જાગેલી એ ઉર્મિઓનું અહીં શું વર્ણન કરવું? અરે, એની તો શી વાત? પરંતુ જે ભક્તોને સંબોધીને ગુરુદેવે એ ઉર્મિઓ વ્યક્ત કરી તે ભક્તોના ઉલ્લાસનું પણ શું વર્ણન કરવું? -'નિર્વિકલ્પ શાંતિના વેદનનું પૂરું વર્ણન શું રાગમાં વર્તતું પ્રાણી કરી શકે ખરું?'

—પછી તો ગુરુદેવની સાથે સાથે ભક્તોએ પણ ધરાઇ ધરાઇને એ તીર્થધામનું અવલોકન કર્યું.. શાંતરસની ખૂબ ખૂબ ભાવનાઓ ભાવી.. મુનિભગવંતોના પ્રત્યક્ષ દર્શન માટે તલસતાં એમનાં હૃદયો ભક્તિથી અતિ ગદગદ થઇ ગયા અને સિદ્ધવરકૂટ તીર્થના કાયમી સ્મરણરૂપે અહીં ઉલ્લસેલી ઉર્મિઓ તેઓના પવિત્ર હૃદયમાં કોતરાઇ ગઈ.

આ રીતે સિદ્ધવરકૂટ સિદ્ધિધામની મંગલયાત્રા આનંદપૂર્વક પૂર્ણ થઇ.

આ સિદ્ધવરકૂટ તીર્થધામની જાત્રામાં પૂ. ગુરુદેવ સાથે નૌકાવિહાર, રળિયામણા ક્ષેત્રનું ઉપશાંત વાતાવરણ, સિદ્ધભગવાન પ્રત્યેની ભાક્તથી ઉલ્લસતું ગુરુદેવનું પ્રવચન, મુનિભક્તિ, એકાંત વાતાવરણના અવલોકન વખતે ગુરુદેવને જાગેલી મુનિદર્શનની ઉર્મિઓ,-પાછા ફરતાં ગુરુદેવ સાથે નૌકાવિહાર—આવા આવા જે આનંદપ્રસંગો બન્યા તે આનંદપ્રસંગોનું સ્મરણ થતાં આજે પણ પૂ. બેનશ્રીબેનનું હૃદય ઉલ્લાસથી ઊછળી જાય છે; ને તેઓનાં શ્રીમુખે એ પ્રસંગોનું તાદ્દશ વર્ણન સાંભળતાં ભક્તોને પણ અંતરમાં કંઇ કંઇ થઇ જાય છે. ગુરુદેવના પ્રવચનમાં કોઈ કોઇ વાર 'સિદ્ધવરકૂટ'નું માત્ર નામ આવતાં પણ સભામાં હર્ષ છવાઈ જાય છે.

—એ રીતે ઉલ્લસતી ઉર્મિપૂર્વક સિદ્ધવરકૂટ સિદ્ધિધામની મંગલયાત્રા પૂર્ણ કરીને, હવે સનાવદ જવા માટે પૂ. ગુરુદેવ અને બાકી રહેલા ભક્તજનો ફરી નૌકાવિહાર કરીને ભક્તિપૂર્વક જયજયકાર કરતા ૐકારેશ્વરઘાટ આવ્યા.. ને ત્યાંથી સીધા સનાવદ પધાર્યા. સનાવદનો જૈનસમાજ તો ગુરુદેવ પધારવાની રાહ જ જોતો હતો. ગુરુદેવ પધારતાં જ ઉમળકાથી જયજયકાર કરીને સૌએ સ્વાગત કર્યું. પ્રવચન માટે તલસતી અહીંની જનતાને એક કલાક સુધી અધ્યાત્મરસની વર્ષાવડે ગુરુદેવે તૃપ્ત કરી. ગુરુદેવ ફરીને સનાવદ પધારવાથી ત્યાંના સમાજને ઘણી પ્રસન્નતા થઇ. સાંજે શેઠ ઇશ્વરચંદજીને ત્યાં ભોજન કર્યા બાદ ત્યાંથી પ્રસ્થાન કરીને ગુરુદેવ મોરટક્કાઘાટ પધાર્યા.

અહીં, ગુરુદેવના દર્શન માટે ઇંતેજાર ભક્તો, ગુરુદેવને દેખતાં જ હર્ષથી જયજયકાર કરવા લાગ્યા...ને દોડતા આવીને ગુરુદેવની મોટરને ઘેરી વળ્યા. ઘાટ ઉતરવાની મથામણમાં પડેલા યાત્રિકો ગુરુદેવને દેખતાં જ આનંદિત થયા. ગુરુદેવે પણ યાત્રાસંઘના સમાચાર પૂછ્યા, ને પછી મછવાવડે ઘાટને ઓળંગ્યો. મછવામાં મોટર, ને મોટરમાં ગુરુદેવ-એ દૃશ્ય સૌ ભક્તો હાસ્યપૂર્વક જોઈ રહ્યા. થોડીવાર ઘાટનું અવલોકન કર્યા બાદ પૂ. ગુરુદેવ ત્યાંથી બડવાહ ગામે પધાર્યા.

પૃ. ૮૪થી શરૂ કરીને અહીં સુધીનું વર્ણન એક જ દિવસના કાર્યક્રમનું છેઃ સવારમાં સનાવદથી ૐકારેશ્વર, ત્યાંથી નૌકાવિહાર કરીને સિદ્ધવરકૂટ, ત્યાં યાત્રા કરીને નૌકાવિહારથી પાછા ૐકારેશ્વર, ત્યાંથી સનાવદ, ત્યાં પ્રવચન કરીને મોરટક્કા ઘાટ, અને ત્યાંથી મછવાદ્વારા નર્મદા પાર કરીને રાત્રે ગુરુદેવ બડવાહ રોકાયા, તથા યાત્રાસંઘ ઇંદોર આવ્યો;- એક દિવસમાં આટલા ભરચક કાર્યક્રમો રહેતા.

બડવાહ : ( પોષ વદ ૧૧ સાંજે ) : પૂ. ગુરુદેવ પધારતાં અહીંના દિ. જૈન સમાજે ભક્તિપૂર્વક લાંબુલાંબુ સ્વાગત કર્યું. ગુરુદેવે એ જિનમંદિરોના દર્શન કર્યા તથા રાત્રે ધાર્મિક ચર્ચા થઇ. ગુરુદેવ રાત અહીં જ રોકાયા. અહીંના દિ. જૈનસમાજને પૂ. ગુરુદેવ પ્રત્યે અને સોનગઢ પ્રત્યે ઘણો પ્રેમ છે.

* * *

હવે આપણે જરાક પાછળ નજર કરીને, મોરટક્કા-ઘાટ ઓળંગવા માટે રોકાયેલા સાધર્મી યાત્રિકોને ઈંદોર સુધી પહોંચાડી દઇએ....

નર્મદાના ઘાટ ઉપર એક પછી એક બસો ને મોટરો પસાર થતી ગઈ ને ઇંદોર પહોંચતી ગઈ; પરંતુ હજી કેટલીક બસો બાકી હતી. સંધ્યા થતાં જેમ જેમ દિવસ ઘટતો જતો હતો તેમ તેમ ચિંતા વધતી જતી હતી. પૂ. ગુરુદેવ પધાર્યા બાદ થોડીવારે પૂ. બેનશ્રી-બેન પધાર્યા.... લાગણીપૂર્વક થોડીવાર રોકાઇને તેઓશ્રીએ પણ બાળકોની સંભાળ લીધી... તેઓશ્રીનું કૃપાપૂર્ણ વાત્સલ્ય દેખીને બાળકોને ઘણું આશ્વાસન મળ્યું. સંકટ સમયે જેમ બાળક પોતાની માતાને વળગી પડે તેમ બધાં બાળકો ધર્મમાતા પૂ. બેનશ્રી-બેનને ઘેરી વળ્યા... ને ઘાટ ઉપર હર્ષનું વાતાવરણ છવાઈ ગયું. ધર્માત્મા-પુણ્યવંતોને તો કુદરત પણ સહાય કરે છે -એમ જાણે કે દર્શાવતી હોય-તેમ નદીએ પૂ. બેનશ્રી-બેનની મોટરને તો ઝટ સામે પાર ઉતારી, ને તેમને લઇને 'સતસેવિની' ઇન્દોર તરફ ચાલી ગઈ. ઇંદોર તરફ જતાં જતાં બેનશ્રી-બેન અતિ વાત્સલ્યને લીધે સંઘના મુખ્ય વ્યવસ્થાપકોને પાછળ રહેલા યાત્રિકોની ભલામણ કરતા ગયા.

અહીં નદીકિનારે સાંજ પડી ગઇ એટલે સૌએ ત્યાં જ જેમતેમ નાસ્તો કરી લીધો... ને પછી નદીકિનારે યાત્રા સંબંધી ચર્ચા વાર્તા કરતા બેઠા.. સંધ્યા થતાં સંતોના ધ્યાનનું ટાણું થયું. અહા ! આ નર્મદાકાંઠે અનેક સંતમુનિઓએ આત્મધ્યાનની શ્રેણી માંડીને મોક્ષ-દશાને સાધી છે.-નર્મદાકિનારે બેઠાબેઠા યાત્રિકો તેમનું સ્મરણ કરતા હતા.

ધીમેધીમે અંધારું વધવા માંડયું...ઘણી ખરી બસો પાર ઉતરી ગઈ હતી, માત્ર બે બસો જ હવે બાકી હતી. સામાન ખડકેલી મોટી મોટી બસોને અંધારામાં રાતે મછવામાં ચડાવવી ને ઊંડી નદીથી પાર લઈ જઇને સામે કાંઠે ઉતારવી-એ કામ ઘણું અઘરું તેમજ જોખમી હતું.-છતાં બસોને સામે પાર લઇ ગયા વગર છૂટકો ન હતો. સૌ વિચારમા પડ્યા... અંતે સંઘથી વિખૂટા ન પડીએ ને ઈંદોરમાં ગુરુદેવના સ્વાગત પહેલાં પહોંચી જઇએ-એવી ઉગ્ર ભાવનાને લીધે રાત્રે જ ખૂબ હિંમત અને સંભાળપૂર્વક બસને સામે પાર લઈ જવાનું સાહસ કર્યું. એક પછી એક બસને મહા મહેનતે મછવામાં ચડાવીને અંધારામાં ખૂબજ સાવધાનીપૂર્વક ધીરેધીરે સામે પાર લઈ ગયા, ને બંને બસ સામે

કિનારે પહોંચી ગઇ.

યાત્રાપ્રવાસમાં અંધારી રાતે નદીપાર કરવાનો આ પ્રસંગ યાત્રિકોને માટે યાદગાર બની ગયો. બસ સામે પાર ઉતરતાં જ હૃદયમાં દબાવી રાખેલા ભક્તિનાં પૂર ઉમટ્યા, ભગવાનના ને સંતોના જયનાદથી નર્મદાકિનારાનું સિદ્ધિધામ ગાજી ઊઠ્યું. આ રીતે નદીપાર કરીને તરત જ યાત્રિકોએ ઈંદોર તરફ પ્રસ્થાન કર્યું. છેલ્લી બસ લગભગ ૧૨ વાગે પહોંચી ત્યારે ઘણાખરા યાત્રિકો તો સૂઈ ગયા હતા, પરંતુ પૂ. બેનશ્રી–બેન અતિવાત્સલ્યને લીધે બાલભક્તોની ચિંતાથી હજી જાગતા હતા ને 'આશ્રમની બસ આવી ગઇ કે નહીં' એમ વારંવાર તેઓ પૂછતા હતા. અહા! તેઓશ્રીના અંતરમાં ઉભરાતું વાત્સલ્ય દેખીને, તે વાત્સલ્યની હૂંફમાં બધા બાળકો પોતાનું દુઃખ ભૂલીને પ્રસન્ન અને પ્રફૂલ્લિત થયા.

અહીં ઈંદોરનગરીમાં સર હુકમીચંદજી શેઠના નસીયાજીમાં (શીયાગંજ–ધર્મશાળામાં) સંઘનો ઉતારો છે. ધર્મશાળાના જિનમંદિરમાં બિરાજમાન ઉપશાંતમૂર્તિ પાર્શ્વનાથ ભગવાનના આનંદકારી દર્શનથી ચિત્ત હર્ષિત થયું. નસીયાજીમાં બેઠાબેઠા રાત્રે એક વાગે આ વર્ણન લખાય છે.


મહુ (પોષ વદ ૧૨): બડવાહથી પૂ. ગુરુદેવે ઈંદોર આવવા માટે સવારમાં પ્રસ્થાન કર્યું.. વચ્ચે મહુ આવ્યું ત્યાં થોડીવાર રોકાયા; ત્યાંનો જૈનસમાજ ગુરુદેવના દર્શન માટે આતુર હતો. ગઈ કાલે પણ "કાનજીસ્વામી કા સંઘ યહાંસે નીકલને વાલા હૈ" એમ જાણીને લોકોએ સંઘને માટે સાંજે નાસ્તો તથા ચા પાણીની તૈયારી રાખેલ હતી, ને બપોરથી યાત્રાસંઘની રાહ જોતા હતા. જે યાત્રિકો નર્મદા પાર કરીને વહેલા નીકળી શક્યા તેઓએ થોડીવાર અહીં રોકાઇને અહીંના જિનમંદિરોના દર્શન કર્યાં હતા. ગુરુદેવના દર્શનથી અહીંના સમાજને હર્ષ થયો.






# ઈ ન્દો ર શ હે ર

( પોષ વદ ૧૨ થી પોષ વદ અમાસ )




ઇન્દોરનગરી આજે સુંદર શણગારથી ઇન્દ્રપુરી સમાન શોભી રહી છે. સુંદર દરવાજાઓ, કમાનો, ધજાવાવટાઓ અને સ્વાગતસૂત્રોથી નગરીના માર્ગો શોભી રહ્યા છે, ને " કાનજીસ્વામી આતે હૈ –કાનજીસ્વામી આતે હૈ " એવું રટણ કરતાં હજારો લોકો સ્વાગત માટે હર્ષભેર ઉમટી રહ્યા છે. સ્વાગતકમિટિના પ્રમુખ અને સભ્યો જોસદાર વ્યવસ્થામાં ગુંથાયેલા છે, અને લાઉડસ્પીકર વડે નગરીમાં આનંદભેરી વગડાવી રહ્યા છે કે ' सौराष्ट्रके महान आध्यात्मिक संत श्री कानजीस्वामी पधार रहे है.. आइये स्वागत किजीये ! ' આખું ગામ કોલાહલમય થઈ ગયું છે. પુરાણોમાં, તીર્થંકરદેવ પધારતાં નગરીમાં કોલાહલ થવાના જે સુંદર વર્ણનો આવે છે તે પ્રકારનું કાંઇક વાતાવરણ અહીં નજરે પડે છે. સુભાષચોક તો દસહજાર કરતાંય વધારે માણસોની મેદનીથી ઉભરાઈ રહ્યો છે. બેન્ડવાજાનાં મધુર સૂર છૂટી રહ્યા છે .. ગજરાજ પણ સૂઢમાં હાર લઇને આતુરતાપૂર્વક સ્વાગત કરવા માટે તલસી રહ્યા છે.

ગુરુદેવના સ્વાગત માટે ઇંદોર-સમાજની આટલી બધી જોસદાર ભાવના દેખીને, 'કલ્યાણવર્ષિણી' (મોટર) પણ ગુરુદેવને લઈને દોડતીદોડતી ઇન્દોર આવી પહોંચી...અને દૂરથી જ સા...રે...ગ..મ ના મધુર સુરવડે ગુરુદેવ પધારવાની વધામણી આપી...ગુરુદેવ પધારતાં જ ઇંદોરના સમાજે ભાવભીનું ભવ્યસ્વાગત કર્યું... બેન્ડવાજાં જોસથી ઝણઝણી ઊઠ્યા... હાથીએ સૂંઢ ઊંચી કરીને સલામ કરી ને હજારો ભક્તોના હર્ષાનાદથી સુભાષ-ચોક ગાજી ઊઠ્યો... ગુરુદેવે આવતાંવેંત, સુભાષચોકમાં આવેલા એક ભવ્ય જિનમંદિરના દર્શન કર્યા, ત્યારબાદ સ્વાગત-સરઘસ શરૂ થયું. સૌથી આગળ સર હુકમીચંદજી શેઠના પટ્ટહાથી ઉપર ધર્મધ્વજ લહેરી રહ્યો હતો.... તેની પાછળ ઘોડેસવારો અને છડીદારો ચાલતા હતા, પછી ધજાની હારમાળા અને સોનાચાંદીની પાલખીમાં શાસ્ત્રીજી બિરાજમાન હતા. તેની પાછળ સેંકડો બાળક-બાળિકાઓની ટૂકડી ચાલતી હતી ત્યારપછી બેન્ડપાર્ટી પસાર થતાં જ ગુરુદેવના દર્શન થતા હતા.



સ્વાગતાધ્યક્ષ ભૈયાસાહેબ શ્રી રાજકુમારસિંહજી (-શેઠ હુકમીચંદજીના સુપુત્ર) તેમજ સ્વાગતમંત્રી શ્રી માણેકચંદજી શેઠી ગુરુદેવની સાથે સાથે જ ખુલ્લે પગે ચાલી રહ્યા હતા.... ને પાછળ દસહજાર કરતાં વધુ સંખ્યામાં ઇંદોરનો જૈનસમાજ ઉત્સાહપૂર્વક સ્વાગતમાં

## સ્વાગતના દૃશ્યો (ઈન્દોર શહેર)






પ્રવચન સભાના દશ્યો






ભાગ લઈ રહ્યો હતો. જેમાં રંગબેરંગી મારવાડી પોષાકમાં સુસજ્જ બહેનો પણ હજારોની સંખ્યામાં હતાં; સૌથી પાછળ વાહનોની મોટી લંગરમાળા ચાલતી હતી. સુશોભિત રાજમાર્ગમાં પસાર થતું આ ભવ્ય સ્વાગતસરઘસ નગરીની શોભામાં ઓર વધારો કરતું હતું... ઠેર ઠેર હજારો લોકો આશ્ચર્યથી સ્વાગત નીહાળતા હતા. મકાનોની અટારીઓ પણ દર્શકોથી ઉભરાઈ ગઈ હતી ને ભક્તજનો ઠેર ઠેર અક્ષતપુષ્પની વૃષ્ટિ કરીને ગુરુદેવને વધાવતા હતા... જુદી જુદી બજારના એસોસીએશનોએ પણ પોતાની બજારો ધજા-વાવટા-કમાનો અને સ્વાગતસૂત્રોથી શણગારીને આ સ્વાગતમાં પોતાનો સૂર પુરાવ્યો હતો. અહા, ઈન્દોરનગરીનુ વૈભવશાળી સ્વાગત બહુ શોભતું હતું ને એ સ્વાગત જોઈને નગરીના ઘણા લોકો પ્રભાવિત થયા હતા.. સ્વાગત.-સરઘસ નગરીમાં ફરતું ફરતું દીતવારીઆ બજારમાં આવીને કાચની કારિગરીવાળા જિનમંદિરની સામે એક વિશાળ સભાના રૂપમાં ફેરવાઇ ગયું....પંદરેક હજારની ગંજાવર સભાનો દેખાવ અદ્દ્ભુત હતો.. તેમાં મંગલ-પ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું :



( ઇંદોરમાં ગુરુદેવ મંગલ-પ્રવચન કરી રહ્યા છે. )

"અરહંત, સિદ્ધ, સાધુ અને સર્વજ્ઞે કહેલો ધર્મ તે મંગળરૂપ છે. આત્માનો જેવો સ્વભાવ સર્વજ્ઞદેવે કહ્યો છે તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન ને તેમાં લીનતા તે મંગળ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયભાવ તે જગતમાં ઉત્કૃષ્ટ મંગળ છે. સમ્યગ્દર્શનમાં સિદ્ધભગવાન જેવા અપૂર્વ આનંદનો નમૂનો આવી ગયો છે....એ સમ્યગ્દર્શન પણ મહા મંગળ છે..."

ગુરુદેવની મીઠી-મધુર મંગલવાણી સાંભળીને જનતાએ બહુ હર્ષ વ્યક્ત કર્યો... ત્યારબાદ ગુરુદેવ કાચના મંદિરમાં દર્શન કરવા પધાર્યા.. ઇંદોરમાં સર હુકમીચંદજી શેઠનું આ કાચની કારીગરીવાળું જિનમંદિર ખૂબ પ્રસિદ્ધ છે, દેશદેશાવરના લોકો તે જોવા આવે છે....આ મંદિર ઘણું ભવ્ય છે, લાખો રૂપિયાના ખરચે ચારેકોર ઉપર નીચે સર્વત્ર કાચની સુંદર કારિગરી તથા ચિત્રકામ વગેરેથી તે ખૂબ જ શોભી રહ્યું છે.. ઘણા વર્ષોથી સાંભળેલો આ જિનેન્દ્રવૈભવ નજરે નિહાળતાં ભક્તોને હર્ષ થતો હતો.. ને તેમાં બિરાજમાન શ્રી શાંતિનાથ ભગવાનની પરમશાંત મુદ્રાના દર્શનથી ચિત્ત ત્યાં જ થંભી જતું હતું. ગુરુદેવે ઘણા ભાવથી દર્શન કર્યા ..ને જિનમંદિરની અદ્દભુત શોભા નીહાળીને પ્રસન્ન થયા શ્રી રાજકુમારસિંહજી ગુરુદેવની સાથે ને સાથે રહીને બધું દેખાડતા હતા....આ મંદિરમાં મળ



કાચના મંદિરમાં શાંતિનાથ ભગવાનના દર્શને...


નાયક તરીકે શ્રી શાંતિનાથભગવાનના પાંચફુટના વિશાળ પ્રતિમાજીનો દેખાવ ખૂબ જ ભવ્ય છે, -એ શાંત-શ્યામપ્રતિમાજી જાણે કે વૈરાગ્યરસમાંથી જ ઢાળવામાં આવ્યા હોય-એવો એનો દેખાવ છે; તે સિવાય સોના-ચાંદી વગેરેના બીજા પણ અનેક જિનબિંબો ત્યાં શોભી રહ્યા છે. ત્યાં દર્શન કર્યા બાદ પૂ. ગુરુદેવ ઇંદ્રભુવનમાં સર હુકમીચંદજી શેઠને ત્યાં ભોજન માટે પધાર્યા...પોતાના આંગણે ગુરુદેવના દર્શન થતાં જ તેઓ ખૂબ આનંદિત થયા. ગુરુદેવે પણ પ્રેમપૂર્વક તેમની સાથે થોડીવાર વાતચીત કરી; ગુરુદેવે પૂછ્યું : તમારાથી વ્યાખ્યાનમાં આવી શકાશે ? શેઠજીએ તરત ઉલ્લાસથી જવાબ આપ્યો : હાં, જરૂર આઉંગા; મૈં ચલ નહિ સકતા લેકિન આદમીયોંકે સહારે સ્ટ્રેચરમેં આઊંગા...આપ હમારી ઇન્દોરનગરીમેં પધારે ઔર મૈં પ્રવચનકા લાભ ન લઉં-યહ કૈસે બને ? ગુરુદેવે કહ્યું : અચ્છા. આપકી ભાવના અચ્છી હૈ. ત્યારબાદ ગુરુદેવે ત્યાં ભોજન કર્યું; પોતાને આંગણે ગુરુદેવનું ભોજન થવાથી રાજકુમારજી વગેરેને ઘણો હર્ષ થયો. શેઠાણી શ્રી કંચનબાઇના આગ્રહથી પૂ. બેનશ્રી-બેન પણ ત્યાં જ જમ્યા હતા બેનશ્રી-બેનને પણ પોતાના આંગણે દેખીને શેઠજીએ ઘણો પ્રમોદ બતાવ્યો હતો.

ગુરુદેવ ઇન્દોર પધારતાં શેઠજીને એટલી બધી હોંસ હતી કે વિરોધનું જરાક નામ સાંભળતાં પણ તેમને તે અસહ્ય લાગતું, ને તેઓ કહેતા : અરે, યહાં કાનજીસ્વામીકા વિરોધ કૈસા ? ઇન્દોરનગરીમેં કભી ન હૂઆ હો ઐસા ભવ્ય સ્વાગત સ્વામીજીકા હોગા. આ ઉપરાંત ગુરુદેવ પધાર્યા તેના હર્ષોપલક્ષમાં ઇંદોરના ઇતિહાસમાં કદી ન નીકળી હોય એવી જિનેન્દ્રદેવની અભૂતપૂર્વ ભવ્ય રથયાત્રા સમસ્ત વૈભવસહિત કાઢવાની તેમની ભાવના હતી પરંતુ સમયના અભાવે તે કાર્યક્રમ ગોઠવી શકાયો ન હતો

શેઠજીના ઇંદ્રભવનના બગીચામાં એક જિનાલય છે, તેમાં શ્રી ચંદ્રપ્રભ ભગવાનના પાંચ ફુટના બહુ જ ભવ્ય વિશાળ પ્રતિમા છે. તે ઉપરાંત સ્ફટિકના પણ મોટા સુંદર જિનબિંબો છે. ગુરુદેવે ત્યાં જઈને દર્શન કર્યા...ત્યારબાદ ઉતારે આવ્યા.

પૂ. ગુરુદેવનો તેમજ આખા સંઘનો ઉતારો શેઠજીના નસિયામાં હતો. આ ધર્મશાળા ખૂબ વિશાળ છે ને તેમાં એક ભવ્ય જિનમંદિર પણ છે, પાર્શ્વનાથ પ્રભુના બહુ ભવ્ય પ્રતિમાજી ત્યાં બિરાજે છે, આખા સંઘને માટે નહાવા ધોવાની, ચાપાણીની, તેમજ જમવા વગેરેની બધી વ્યવસ્થા ઇન્દોરના જૈનસમાજ તરફથી ઘણા પ્રેમપૂર્વક સુંદર રીતે કરવામાં આવી હતી; ભોજનાલય ઉતારાથી જરાક દૂર હતું: ત્યાં જવા આવવા માટે પણ મોટરોનો બંદોબસ્ત કર્યો હતો, ને યાત્રિકોને ખૂબ પ્રેમપૂર્વક જમાડતા હતા. શેઠ સાહેબના પુત્ર-પૌત્રો,


તેમજ બીજા અનેક આગેવાનો જાતે જ ભોજનશાળાએ આવીને સરભરા કરતા એટલું જ નહિ પૈણ હોંસે હોંસે જાતે જ પીરસતા હતા. એ જ રીતે બહેનોમાં પણ શેઠાણીજી તેમજ




તેમનાં પુત્રીઓ અને પુત્રવધુઓ વગેરે હોંસપૂર્વક પીરસવા આવતા. સંઘ પ્રત્યેનું તેઓનું આટલું બધું વાત્સલ્ય જોઈને યાત્રિકો આશ્ચર્ય પામતા. ઈંદોર જૈનસમાજને, અને તેમાં પણ ખાસ કરીને સર શેઠ સાહેબને પૂ. ગુરુદેવનું અને સંઘનું સ્વાગત કરવાની એટલી બધી હોંસ હતી કે ઘણા દિવસ અગાઉથી, સંઘની વ્યવસ્થા સંબંધી નાની મોટી અનેક બાબતો તેઓ ટેલીફોનદ્વારા મુંબઈ પૂછાવતા. પૂ. ગુરુદેવ સાથે જાત્રા કરવાની પણ તેમને હોંસ હતી....ગુરુદેવ જાત્રા માટે પધારવાના છે એ વાત સાંભળતાં જ તેમણે ખુશાલીની સાથે સાથે પોતાની ભાવના વ્યકત કરતાં લખ્યું હતું કે: "पूज्य महाराजजी सम्मेदशिखरजीकी यात्रा करनेको इस तरफ पधार रहे है यह जानकर मुझे बहुत खुशी हुई। अगर मेरी शारीरिक हालत अच्छी होती तो मैं भी मोटर लेकर यात्रामें महाराजजीको साथ–साथ चलता ॥" ગુરુદેવ ઈંદોર પધારતાં ત્યાંના સમાજને ઘણો હર્ષ થયો હતો, અને સૌએ ઉત્સાહથી ભાગ લઈને આ પ્રસંગને શોભાવ્યો હતો...તથા અનેકવિધ વ્યવસ્થા માટે ઈંદોરના આબાદાર માણસોની એક મોટી સ્વાગતસમિતિ સ્થપાઈ હતી; ને ઇન્દોરની જૈન-જનતા તો ગુરુદેવના દર્શનથી હર્ષઘેલી થઈ ગઈ હતી. ઈન્દોરના આ નમુનેદાર ભવ્ય સ્વાગતના પડઘા ત્યારપછીના ઘણાખરા શહેરોમાં પણ પડ્યા. અને ઠેરઠેર એકબીજાને ભૂલાવે એવા ભાવભીનાં સ્વાગત થયા...એ રીતે, નહિ ધારેલા સ્વાગતપ્રસંગો જોઈને, ગુરુદેવના આવા મહાન પુણ્યપ્રભાવથી સૌ યાત્રિકો આશ્ચર્યચકિત બની જતા.



स्वागत समिति, इन्दोर



स्वयंसेवक मंडल इन्दोर




(શ્રી હુકમીચંદજી શેઠ પ્રવચન સાંભળી રહ્યા છે)



ઇન્દોરની પ્રવચનસભાનાં દૃશ્યો

ઇંદોરમાં ગુરુદેવના પ્રવચન માટે પ્રસિદ્ધસ્થાન ઘંટાઘર (ગાંધી હૉલ) ના ચોગાનમાં દસહજાર શ્રોતાઓ બેસી શકે–એવડો એક વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો. ને તેને ધજા–પતાકા વગેરેથી ખૂબ જ શણગારવામાં આવ્યો હતો. પ્રવચનનુ સ્થાન ઉતારાથી દૂર હતું તેથી યાત્રિકોને ત્યાં જવા આવવા માટે શેઠજી તરફથી મોટરોનો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. ગુરુદેવનું પ્રવચન સાંભળવા માટે ઇંદોરની જનતા ખૂબ જ ઉમટી પડી હતી.... દસહજાર શ્રોતાઓ બેસી શકે તેવડો મંડપ પણ ટૂંકો પડતો હતો, ને હજારો શ્રોતાઓ મંડપની બહાર તડકામાં બેસીને પણ શાંતિથી પ્રવચન સાંભળતા હતા. મધ્ય ભારતના નાણાં પ્રધાન શ્રી મિશ્રીલાલજી ગંગવાલ –જેઓ દિગંબર જૈન છે તેઓ) પણ ગુરુદેવનું પ્રવચન સાંભળવા આવતા; ઈંદોરના ઉદાસીન બ્રહ્મચર્યાશ્રમના બ્રહ્મચારીઓ, તેમજ ત્યાંના પ્રસિદ્ધ પંડિતો, અને ન્યાયાધીશો, વકીલો, દાક્તરો વગેરે પણ પ્રવચનમાં આવતા. શેઠસાહેબ હુકમીચંદજીની તબીયત પથારીવશ હોવા છતાં તેઓ પણ ગુરુદેવના પ્રવચનમાં આવતા હતા ને ધ્યાનપૂર્વક સાંભળતા હતા. આ રીતે પ્રવચનસભા એક ભવ્ય ધર્મદરબાર જેવી શોભતી



હતી.–જાણે કે ધર્મનો મહાન કલ્યાણકારી કોઈ મહોત્સવ મંડાયો હોય! સવાર–બપોર જિજ્ઞાસુઓનાં ટોળેટોળાં ત્યાં ઉલ્લસતા ને ગુરુદેવના પ્રવચનો પણ અદ્‌ભુત હતા...એક કલાક સુધી પરમશાંતરસનું ઝરણું સતતપણે ધીરું ધીરું વહેતું હતું. સભાજનો શાંતરસમાં

તરબોળ બનીને મંત્રમુગ્ધની જેમ ડોલી ઊઠતા હતા. મોક્ષમાર્ગની શરૂઆત નિશ્ચય સમ્યગ્દર્શનથી જ થાય છે—એ રહસ્ય ગુરુદેવ ખાસ ભારપૂર્વક વારંવાર સ્પષ્ટ કરીને સમજાવતા હતા; એ ઉપરાંત ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા, નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ, સર્વજ્ઞનો નિર્ણય કરવામાં સ્વસન્મુખ પુરુષાર્થ વગેરે મહત્ત્વના વિષયોની ખૂબ જ છણાવટ કરીને સમજાવતા હતા. ગુરુદેવના પ્રવચનોનો લાભ લેવા માટે બહારગામથી પણ અનેક સજ્જનો અને વિદ્વાનો આવતા; તેમાં સોલાપુરના વયોવૃદ્ધ પંડિત બંસીધરજી તો ગુરુદેવના દર્શનથી અને પ્રવચનશ્રવણથી ગદગદ થઈને કહેતા કે અહા, નિશ્ચય-વ્યવહારકા યથાર્થ રહસ્ય આપને હી ખોલ હૈ. ભૂતાર્થસ્વભાવકે આશ્રયસે હી સમ્યગ્દર્શન હોનેકી બાત ભી અપૂર્વ હૈ. નિશ્ચય-વ્યવહારકા ઐસા સ્પષ્ટીકરણ આજ તક કિસીને નહીં સમજાયા.

હંમેશા રાત્રે તત્ત્વચર્ચા નસીયાજીમાં એક વિશાળ મંડપમાં થતી... તત્ત્વચર્ચામાં પણ છ સાત હજાર જિજ્ઞાસુ ભાઈબહેનો ઘણા રસપૂર્વક ભાગ લેતા....ને તેમાં અનેકવિધ પ્રશ્નોની છૂટથી છણાવટ થતી.. દરેકે દરેક જિજ્ઞાસુઓના પ્રશ્નનું ગુરુદેવ વિસ્તારથી સમાધાન કરતા. તત્ત્વચર્ચામાં આટલી મોટી સંખ્યામાં ને આટલા રસથી લોકોએ લાભ લીધો એ ઈંદોરનો એક રેકર્ડ હતો.

"કાનજીસ્વામી કોઈની સાથે ચર્ચા નથી કરતા અને કોઈના પ્રશ્નોનો જવાબ નથી આપતા"—એવું સાંભળેલા ઘણા લોકો, અહીં તત્ત્વચર્ચાનું આવું સરસ વાતાવરણ દેખીને આશ્ચર્ય પામતા ને ઉપરોક્ત સાંભળેલી વાત કેટલી ભ્રામક છે-એનો તેમને ખ્યાલ આવી જતો હતો. હા, એટલું ખરું છે કે કાનજીસ્વામી ચર્ચાને બહાને કોઈની સાથે વાદવિવાદના ઝગડામાં નથી ઊતરતા. અને તેઓશ્રીનું એ પ્રકારનું વલણ કેટલું બધું યોગ્ય છે—તે તો આજે જૈનસમાજના સારા સારા બધા વિદ્વાનો અને જિજ્ઞાસુઓ પ્રસિદ્ધ રીતે જાણે છે રાત્રિચર્ચામાં ચાર દિવસ દરમિયાન હજારો માણસોની જાહેરસભા વચ્ચે સેંકડો પ્રશ્નો ચર્ચાયા હતા, છતાં કયારેય વિખવાદ જણાયો ન હતો; એટલું જ નહિ પણ, દિલ્હીની સુપ્રીમ કોર્ટની જેમ એકદમ વ્યવસ્થિત અને શાંતિપૂર્વક તત્ત્વચર્ચાનું કામકાજ ચાલતું હતું. ઈંદોરના જિજ્ઞાસુઓએ હજારોની સંખ્યામાં જે શાંતિ અને વ્યવસ્થાપૂર્વક આટલા બધા રસથી તત્ત્વચર્ચામાં ભાગ લીધો તે દેખીને બધા યાત્રિકોના મુખમાંથી ઈંદોરના સમાજ પ્રત્યે ધન્યવાદના શબ્દો નીકળતા હતા. શ્રી રાજકુમારસિંહજી પણ તત્ત્વચર્ચામાં સારો રસ લેતા, અને તેઓ કહેતા કે, "જિજ્ઞાસુબુદ્ધિથી જે સમજવા માંગે છે તેના તો બધા સમાધાન થઈ જાય છે; પરંતુ જેને જિજ્ઞાસુબુદ્ધિ નથી ને વિરોધ ખાતર જ વિરોધ કરવા માંગે છે તેનું સમાધાન તો ખુદ ભગવાન પણ કરી શકે તેમ નથી. જિજ્ઞાસાથી પૂછવામાં આવતા

દરેક પ્રશ્નોનું સમાધાન કેટલી સરળતા અને શાંતિપૂર્વક થાય છે તે આપણે ઇંદોરની આર દિવસની ચર્ચા દરમિયાન જોયું."

શ્રી ભા. વ. દિ. જૈ. વિદ્વત્પરિષદ્દના અગ્રગણ્ય વિદ્વાનો—પં. ફૂલચંદજી (તત્કાલીન અધ્યક્ષ, પં. નાથુલાલજી, પં. જગન્મોહનલાલજી (ભૂતપૂર્વ અધ્યક્ષ) તથા પં. પન્નાલાલજી (મંત્રી)-અહીં પૂ. ગુરુદેવ સાથે કેટલોક જરૂરી વિચાર વિનિમય કરવા તથા સમ્મેદશિખરજી-મધુવનમાં સાગર વિદ્યાલયના સુવર્ણજયંતિ અધિવેશન સંબંધે સમ્મતિ લેવા માટે આવ્યા હતા. બપોરે લગભગ દોઢ કલાક સુધી તેઓએ પૂ. ગુરુદેવ સાથે છૂટપૂર્વક વાતચીત કરી હતી ને આ વાતચીત બાદ બધા પંડિતો ખૂબ પ્રસન્ન જણાતા હતા. ઉપરોક્ત ચાર સમર્થ વિદ્વાનો પૂ. ગુરુદેવને ખાસ મળવા માટે આવ્યા તેમાં તેઓનો મુખ્ય હેતુ એ હતો કે, પૂ. શ્રી. કાનજીસ્વામી આટલા બધા યાત્રાળુઓના સંઘ સહિત તીર્થવંદના માટે આ તરફ પહેલીજ વાર પધારી રહ્યા છે ત્યારે, એકબીજાથી અપરિચિત હોવાને કારણે આ તરફના લોકો વડે કોઇ ગેરસમજણ કે અનુચિત પ્રવૃત્તિ ન થઇ જાય ને તેમના વિચારો યોગ્ય રીતે આ તરફની જનતા જાણે તથા તેમનું યોગ્ય સન્માન કરે,—એ રીતે દિ. જૈનધર્મની સાન બરાબર જળવાઈ રહે—એવી તેઓની સદ્‌ભાવના હતી. તે પ્રસંગે જે કાંઈ ચર્ચા, શંકાસમાધાન કે સૂચના કરવાની તેઓને જરૂર લાગી તે તેમણે કરેલ હતી. અને આ રીતે ગુરુદેવના વિશેષ નિકટ પરિચયથી તેઓ પ્રભાવિત અને સંતુષ્ટ થયા હતા.

સવારે નસીયાજીના મંદિરમાં યાત્રિકો સમૂહપૂજન કરતા, અને રાત્રે ચર્ચાબાદ પૂ. બેનશ્રી-બેન ભક્તિ કરાવતા. હિંદીમાં બે સ્તવનો ગવડાવ્યા બાદ, ઇંદોરના બહેનોએ ગુજરાતી ભજનો સાંભળવાની ઇચ્છા દર્શાવતાં પૂ. બેનશ્રી-બેને બે ગુજરાતી ભજન ગવડાવીને સુંદર ભક્તિ કરાવી હતી—


(૧) આવો આવો સીમંધરનાથ અમઘેર આવો રે...
રૂડા ભક્તિવત્સલ ભગવંત નાથ ! પધારો ને...
(૨) મારા જિનવરજીની જોડ....જગમાં જોતાં મલશે ના...
કે....એના શુધ્ધજીવનની હોડ...કોઇ દેવો કરશે ના...

ઉપર મુજબ બે સ્તવનો ગવડાવ્યા હતા.ઘણાખરા મારવાડી લોકો જોકે આ ગુજરાતી ભજનની ભાષા સમજતા ન હતા, તોપણ ભક્તિની ઉલ્લાસભરી ધૂન અને ચેષ્ટા દેખીને તેઓ પણ રંગમાં આવી જતા હતા.

પૂ. બેનશ્રી-બેનની આવી સરસ ભક્તિ દેખીને શેઠાણીજી તેમજ તેમનાં પુત્રીઓ અને પુત્રવધુઓ વગેરેએ ઘણા આગ્રહપૂર્વક શહેરના જુદા જુદા લત્તાના જિનમંદિરમાં આવી

ભક્તિ કરાવવાની માગણી કરેલી; તેથી નવાનવા મંદિરમાં ભક્તિ થતી એકવાર સક્કર બજારના જિનમંદિરમાં રાત્રે દોઢ કલાક સુધી પૂ. બેનશ્રી–બેને અદ્‌ભુત ભક્તિ કરાવી હતી... ભક્તિનો આવો અંતરંગ ઉલ્લાસ દેખીને ત્યાંના સમાજે બહુ હર્ષ વ્યક્ત કર્યો હતો. અને ' એક છોટીસી તમન્ના...લે તેરે દરબારમેં... " એ સ્તવન ફરીફરીને ગાવાની માંગણી કરી હતી; તે સ્તવન વખતે ખૂબજ ધૂન જામી હતી. આ ઉપરાંત એક દિવસે બીજા એક જિનમંદરમાં પણ ભક્તિ કરાવી હતી.


ઇંદોરનગર જૈનધર્મના વૈભવથી સમૃદ્ધ છે, ત્યાં લગભગ ૧૭ દિ. જિનમંદિરો છે, દરેક મંદિર ભવ્ય છે, તેમાં કાચનું મંદિર સૌથી પ્રસિદ્ધ છે. સક્કર બજારના એક મંદિરમાં સ્ફટિકના મોટા ભગવાન છે; બીજું મારવાડી મંદિર–જેમાં પૂ. બેનશ્રી-બેને ભક્તિ કરાવી હતી તેમાં સમવસરણની ત્રણ પીઠિકા ઉપર શ્રી આદિનાથ ભગવાન બહુજ શોભી રહ્યા છે; તે ઉપરાંત તેમાં અઢીદ્વીપની સુંદર રચના કરીને સીમંધરાદિ ૨૦ વિદ્યમાન ભગવંતોનું સ્થાન તેમજ અઢીદ્વીપ (મનુષ્યક્ષેત્ર)ના ૪૫૮ શાશ્વત જિનમંદિરોનું દશ્ય બહુ ભાવવાહી છે, અને જિનવાણીમંદિરની રચના પણ ભક્તિભરેલી છે. મલ્હારગંજના એક મંદિરમાં શાંતિનાથ ભગવાનના ૭ ફૂટ ઊંચા ગુલાબી ખડગાસન પ્રતિમાજીનો દેખાવ અદ્‌ભુત છે; બીજા એક મંદિરમાં પાંચફૂટના પદ્માસન નેમિનાથપ્રભુનો દેખાવ પણ ભવ્ય છે. શેઠ કલ્યામલજીને ત્યાં એક ભવ્યમંદિર છે, તેમાં સહસ્રકૂટ ચૈત્યાલયની રચના છે; કહે છે કે સહસ્રકૂટ ચૈત્યાલયની રચના આખા માલવા પ્રાંતમાં એક અહીં જ છે; આ ઉપરાંત આ મંદિરમાં બીજા પણ વિશાળ જિનબિંબો છે, ચાંદીના છ જિનબિંબોમાં એક તો બે ફૂટ મોટા છે, સ્ફટિકના પણ અનેક જિનબિંબો છે. સર હુકમીચંદજી શેઠને ત્યાં બગીચાના મંદિરમાં પણ પાંચફૂટના વિશાળકાય પદ્માસન ચંદ્રપ્રભુ તેમજ સ્ફટિકના લગભગ ૧ ફૂટ મોટા અને બીજા ચાંદીના ચંદ્રપ્રભુ વગેરે જિનબિંબો બિરાજે છે. આ ચાંદીના ચંદ્રપ્રભુની પ્રતિષ્ઠા સૌરાષ્ટ્રમાં પૂ. ગુરુદેવના સુહસ્તે થયેલી છે. શીયાગંજમાં નશીયાના જિનમંદિરમાં મોટા પાર્શ્વનાથ ભગવાન બિરાજે છે –જેનો દેખાવ મધુવનના પાર્શ્વનાથપ્રભુ જેવો છે; છોટા નશીયામાં પણ એક મંદિર છે. –આ સિવાય બીજા પણ ભવ્ય જિનાલયો છે. કુલ ૧૭ જેટલા જિનાલયોથી અને સમૃદ્ધ જૈનસંઘથી આ નગરી શોભી રહી છે; નગરીનો દેખાવ પણ સુંદર છે. ચાર દિવસ સુધી નગરીમાં ફરીફરીને યાત્રિકોએ બધા જિનમંદિરોનાં દર્શન કર્યા. પૂ. ગુરુદેવને પણ શ્રી રાજકુમારસિંહજીએ સાથે રહીને જિનમંદિરોનાં દર્શન કરાવ્યા; તેમજ શીશમહેલ તથા ગજરથ માટેનો મોટો રથ, સોનાની મોટર વગેરે જોવા લાયક ચીજો બતાવી. સર હુકમીચંદજી શેઠ જ્યારથી સૌરાષ્ટ્રમાં–સોનગઢ (ત્રણ વખત) પધાર્યા ત્યારથી તેમની ઇંદોર-




શ્રી હુકમીચંદજી શેઠ સોનગઢમાં
ગુરુદેવ સાથે શેઠજી ઉપરાંત ભાવનગરના દીવાનજી પટ્ટણી તથા
રાજકુમારસિંહજી વગેરે ચિત્રમાં નજરે પડે છે.



શ્રી હુકમીચંદ શેઠ પુત્ર–પોત્ર સહિત સોનગઢમાં
સમવસરણમંદિરના દર્શન કરીને બહાર આવતાં....



સ્વાગત .... અને .... સભા (ઈન્દોર)



નગરીનો જૈનવૈભવ જોવાની સૌરાષ્ટ્રના ભક્તોને ઉત્કંઠા હતી. પૂ. ગુરુદેવની સાથે ઇન્દોર-નગરીનો જૈનવૈભવ નજરે નીહાળીને સૌને ઘણી પ્રસન્નતા થઈ. ઇન્દોરની જનતાએ પણ ઘણું વાત્સલ્યભર્યું સ્વાગત કર્યું ને ચાર દિવસ સુધી ગુરુદેવના સત્સમાગમનો ઘણો લાભ લીધો. ગુરુદેવ જેવા મહાન આધ્યાત્મિક સંત અમારા આંગણે ભોજન કરવા પધારે-એમ ઘણા ભકતોની ભાવના હતી; તેઓ હંમેશા નિમંત્રણ મુજબ જુદા જુદા ઘરે ભોજન કરતા; પહેલે દિવસે શ્રી હુકમીચંદજી શેઠને ત્યાં તેમજ ત્યારબાદ શેઠ કલ્યાણમલ્લજી, શેઠ માણિકચંદજી શેઠી, શેઠ ફત્તેચંદજી, શેઠ લાલચંદજી તથા શેઠ અમૃતલાલ હંસરાજ વગેરેને ત્યાં ભોજન કર્યું હતું. ગુરુદેવની તદ્દન સીધી અને સાદી ભોજનપદ્ધત્તિ જોઇને સૌને આનંદ થતો, ને દૂર દૂરના દેશમાં વસતા આવા આધ્યાત્મિક સંતના પગલાં પોતાને આંગણે થતાં તેની ખુશાલીમાં ઉત્સવ જેવું કરતા.

યાત્રાસંઘ ઇન્દોરમાં ચાર દિવસ આનંદપૂર્વક રહ્યો; સવારમાં યાત્રિકો બહુ ઉલ્લાસપૂર્વક જિનમંદિરમાં સમૂહપૂજન કરતા; ત્યારબાદ ગુરુદેવનું પ્રવચન થતું. અત્યારસુધીમાં કદી ન થઈ હોય એવડી મોટી ગુરુદેવની પ્રવચનસભાનો દેખાવ અદ્ભુત હતો. અનેક ત્યાગીઓ અને વિદ્વાનો, નાણાંપ્રધાન અને શેઠજી, ન્યાયાધીશો અને વકીલો, ડોકટરો અને પ્રોફેસરો, જૈનો અને અજૈનો-એમ વિધવિધ પ્રકારના ૧૨૦૦૦ જેટલા શ્રોતાજનોથી સભામંડપ શોભી ઊઠતો, ને ગુરુદેવનું પ્રવચન એ સભામંડપની શોભા ઉપર કલશ ચડાવતું હતું. પ્રવચન બાદ મધ્યભારતના નાણાંપ્રધાન શ્રી મિશ્રિલાલજી ગંગવાલે "સંત સદા સુખદાઇ જગતમાં ...સંત સદા સુખદાઈ"-એવું સંતોના સમાગમનો મહિમા દર્શાવતું પ્રસંગોચિત ભજન ગાયું હતું. ચારે દિવસ પ્રવચનોનું રેકોર્ડિંગ તથા ફોટાઓ અને ફિલ્મ લેવાનું ચાલુ જ હતું. શ્રી રાજકુમારસિંહજી અને મુખ્ય મુખ્ય કાર્યકર્તાઓ સતતપણે ગુરુદેવના અને સંઘના સાન્નિધ્યમાં રહીને, કોઇને કાંઈ તકલીફ ન પડે તેનું ધ્યાન રાખતા. ઇન્દોરની જનતા આવા મહાન આધ્યાત્મિક સંતનો બરાબર લાભ લઈ શકે ને આખી નગરીમાં જૈનધર્મની પ્રભાવના થાય તે માટે મોટામોટા રંગીન પેમ્ફલેટ (ભીંતપત્ર) દ્વારા ગુરુદેવના આગમનની પ્રસિદ્ધિ કરવામાં આવી હતી, આખી નગરીમાં ચોકે ચોકે જ્યાં જુઓ ત્યાં મોટી રંગીન પત્રિકાઓ જનતાનું ચિત્ત આકર્ષી રહી હતી...ને કયારે એ સૌરાષ્ટ્રના સંત પધારે ને કયારે તેમનાં દર્શન કરીએ-એમ જનતા ઇંતેજારીપૂર્વક ઘણા દિવસથી રાહ જોતી હતી. ગુરુદેવ પધારતાં જનતાએ સ્વાગત પણ એવું જ ભવ્ય કર્યું. जागरण નામના હિંદી દૈનિકે (તા. ૨૯-૧-૫૭ ના અંકમાં) ગુરુદેવના સ્વાગતપ્રસંગની ફોટાસહિત નોંધ લીધી અને સાથે ગુરુદેવનું સંક્ષિપ્ત જીવનચરિત્ર પણ પ્રસિદ્ધ કર્યું.

પોષ વદ ૧૩ (તા. ૨૮–૧–૫૯) ના રોજ બપોરે ઇંદોરના દિ. જૈનસમાજ તરફથી પૂ. ગુરુદેવના સ્વાગતનિમિત્તે અભિનંદનસમારોહ યોજવામાં આવ્યો હતો, તેમાં સર હુકમીચંદજી શેઠ, મિશ્રિલાલજી ગંગવાલ, રાજકુમારસિંહજી, પં. બંસીધરજી, પં. નાથુલાલજી, વગેરે વિદ્વાનો, અનેક ત્યાગીઓ, તેમજ નગરીના અનેક પ્રતિષ્ઠિત નાગરીકો મળીને પાંચ હજાર ઉપરાંત સભાજનો ઉપસ્થિત હતા. કાર્યક્રમની શરૂઆત નીચેના મંગલાચરણથી થઇ હતી·

नमः श्री वर्द्धमानाय निर्द्धूत कलिलात्मने ।
सालोकानां त्रिलोकाणां वर्तते दर्पणायते ॥

ત્યારબાદ શ્રી કોમલચંદજી વકીલની દસેક વર્ષની બાલિકાએ નીચેનું સ્વાગત-ગીત ગાયું હતું—


મહારાજ તુમ્હારા સ્વાગત હૈ...મેરી નગરીકે આંગનમેં...
યહ ઇન્દ્રપુરી ઇન્દોર નગર, પુલકિત હૈ ઇસકી ડગર ડગર,
આલોક બને તુમ આયે હો, ઉમટી પડતી હૈ પ્રાણ લહર....(૧)

તુમ હો સુજ્ઞાન કિરણ અનુપમ, આ લોક દિયા અંતર તમમેં,
ગુરુ પ્રથમબાર ઇસ નગરીમેં, આયે હો ભાગ્ય હમારા હૈ...(૨)

તુમ આઓ બાર હજાર યહાં, યહ રૂપ તુમ્હારા પ્યારા હૈ,
તુમ નિજધન કે સૌદાગર હો, હો ધન જીવન કે જ્ઞાપનમેં....(૩)

હમ પ્રાણી હૈં મિથ્યાત્વ ફંસે, બહુતેરે પાપોંકે ભાગી,
તુમ આયે રજની બીત ચલી, અબ ભોર હુઆ નિંદિયા જાગી...(૪)

તુમ જૈન ધર્મ કે રાજમુકુટ, બસગયે આજ જનકે મનમેં,
મેરા પ્રણામ સ્વીકાર કરો, મેરે ગુરુવર કાનજી સ્વામી....(૫)




**મૈં હૂં અબોધ બાલિકા એક, બન સકું તુમ્હારી અનુગામી,**
**વર દો મુઝકો મૈં ભટક નહિ પાઉં યોંહી પાગલપનમેં...**
**મહારાજ તુમ્હારા સ્વાગત હૈ...મેરી નગરીકે આંગનમેં...(૬)**

બાલિકાના સ્વાગત-ગાન પછી શેઠસાહેબના સુપુત્રી સૌ. ચંદ્રકલા બહેને જુસ્સાદાર ભાષામાં પોતાનું ખાસ અભિનંદનગીત (વીર સં. ૨૪૭૩માં તેઓ સોનગઢ આવ્યા ત્યારે જે ગાયું હતું તેમાં થોડોક ઉમેરો કરીને) ગાયું હતું; તેનો થોડોક અંશ નીચે મુજબ છે—

यही धरा पर आत्मरविका उदय सदा जयवंत रहो .
ज्ञानपूंज उस आत्मज्योतिको बार बार सब नमन करो ..

धन्य धन्य तुम गुरुवर मेरे आत्मज्योतिको जगा दिया,
कोटि जन्मके अंधज्ञानका पलभरमें ही नाश किया,

कुंदकुंद मुनिराज चरणमें चंद्रप्रभाका कोटि प्रणाम,
ओर कानजीसद्‌गुरुको भी अर्पित करती भक्तिललाम...



—ત્યારબાદ સ્વાગતમંત્રી શ્રી માણેકચંદજી શેઠીએ પોતાના ભાષણમાં કહ્યું કે : “ हमारी इन्दोर नगरीके आंगनमें कानजीस्वामी जैसे आध्यात्मिक महापुरुष पधारे है यह हमारे बडे सौभाग्यकी बात है । इन्दोरकी जनताने आपका जो भव्य स्वागत कीया वह योग्य ही है । परन्तु आपका वास्तविक स्वागत करनेके लिये हम आपके बताये मार्ग पर चलें,- वही आपका सच्चा स्वागत है । आजके भयभीत संसारको शांतिके लिये कानजी स्वामीका आध्यात्मिक उपदेश बहुत जरूरी है । ”

ત્યારબાદ ઇન્દોર દિ. જૈનસમાજ તરફથી ભૈયાસાહેબ શ્રી રાજકુમારસિંહજી (M,A.LL.B રાયબહાદુર ઇત્યાદિ)એ એક સુશોભિત અભિનંદનપત્ર વાંચીને, સભાના હર્ષનાદ વચ્ચે ગુરુદેવને અર્પણ કર્યું હતું. એ ભાવભીના અભિનંદનપત્રમાં લખ્યું હતું કે—


“ हमारा सौभाग्य है कि हम जिस महान व्यक्तिके पुण्यसम्पर्कको वर्षोंसे प्रतीक्षा कर रहे थे, हमारी वह मनोकामना आज सफल हो गई । वर्तमान बीस तीर्थंकरोंकी निर्वाणभूमि तीर्थराज श्री सम्मेदशिखरजीकी वंदना करनेके पवित्र संकल्पको लेकर आप सौराष्ट्रसे ५०० धार्मिकबंधुओं के साथ मार्गमें आनेवाले सिद्धक्षेत्रोंकी वंदना करते हुए यहां पधारे हैं। दो दिनसें हमें आप अपनी लोककल्याणकारिणी अमृतमयी वाणीका रसास्वादन करा रहे हैं।




आज इस मंगलवेलामें मध्यप्रदेशके आत्मज्ञानपिपासु नागरीकोंके समक्ष आपके प्रति बहुमान प्रगट करते हुए हम अपनेको गौरवान्वित मानते है। "

"अनंतदुःखमय संसारकी स्थितिका अवलोकन कर आपने उच्चतम तत्त्वज्ञानका अध्ययन एवं मनन किया और उसकी महत्ता अन्य मुमुक्षुजनोंको अवगत कराकर उनका पथ-प्रदर्शन किया। इस विनाशकारी अणुयुगके भौतिक वातावरणके विरुद्ध आध्यात्मिकता का प्रसार कर आपने सहस्र दिग्भ्रान्त मानवोंका जीवन ही परिवर्तित कर दिया है। आपकी वीतरागप्रणीत निर्ग्रंथ मार्ग पर दृढ श्रद्धा, आत्मार्थिता, गुणगरिमा, निस्पृहता, कर्तव्यनिष्ठा और परोपकारपरायणताका मूर्तिमानरूप सोनगढ (सौराष्ट्र) है, जो आपहीके कारण आज तीर्थस्थान बन गया हैं। "

આ રીતે અભિનંદન-સમારોહ બાદ પૂ. ગુરુદેવનું પ્રવચન થયું હતું; પ્રવચનમાં અભિનંદન સંબંધમાં ગુરુદેવે સંક્ષેપથી કહ્યું હતું કે ખરેખર સૌ પોતપોતાના ભાવનું અભિનંદન કરે છે; પરનું બહુમાન કે અભિનંદન કોઇ નથી કરતું પણ પોતાના ભાવમાં



( શ્રી રાજકુમારસિંહજી અભિનંદનપત્ર અર્પણ કરી રહ્યા છે )

જે રુચ્યું તે ભાવનું જ પોતે બહુમાન અને અભિનંદન કરે છે. આત્માનો ચિદાનંદ સ્વભાવ છે તેને ઓળખીને તેનું અભિનંદન કરવું એટલે કે તેની રુચિ અને બહુમાન કરીને જ્ઞાનને તેમાં અંતર્મુખ કરવું તે જ આત્માનું ખરું અભિનંદન છે; અને આ રીતે શુદ્ધ આત્મ-સ્વભાવ જ અભિનંદવા જેવો છે....

—પ્રવચન બાદ યાત્રાસંઘના મંત્રી શ્રી નેમિચન્દજી પાટનીએ સંઘ તરફથી ઇંદોરના દિ. જૈનસમાજનો હાર્દિક આભાર માન્યો હતો અને સાથે સાથે આવા અસાધારણ ઉત્સાહ-પૂર્વક ગુરુદેવનું સ્વાગત અને સંઘની વ્યવસ્થા કરવા બદલ તેમને ધન્યવાદ આપ્યા હતા.

આમ ઇન્દોરની જનતાએ પૂ. ગુરુદેવનું ભાવભીનું સ્વાગત કરીને ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.... ઘણા જિજ્ઞાસુઓએ ગુરુદેવને વધુ રોકાઇને ઇંદોરને લાભ આપવા વિનતિ કરી હતી.

પ્રવચન બાદ યાત્રિકો જિનમંદિરો તથા આશ્રમ વગેરે જોવા માટે જતા. ભારતમાં ભિન્ન ભિન્ન સ્થળોએ બ્રહ્મચર્યાશ્રમ વગેરે જોતી વખતે સોનગઢના બ્રહ્મચર્યાશ્રમનું અચૂક

સ્મરણ થઈ આવતું, ને એમ પણ લાગતું કે સોનગઢ જેવા વિશિષ્ટ ધ્યેયવાળો—માત્ર આત્મહિતના ધ્યેયવાળો ને સંતોની સીધી છાંયાવાળો આશ્રમ ભારતમાં ભાગ્યે જ ક્યાંય હશે !

કેટલાક યાત્રિકોએ હજી 'મહૂ' જોયું ન હતું; મહૂના "સ્વર્ગમંદિર"ની મોટી વાતો સાંભળીને તે જોવા મન લલચાઇ ગયું, તેથી કેટલાક યાત્રિકો મહૂ જોવા ગયા...પણ જ્યારે ત્યાં જઇને જોયું ત્યારે સૌને એમ લાગ્યું કે 'ડુંગરા તો દૂરથી રળિયામણા જેવું છે. મોટી વાતો સાંભળેલ તેવું કાંઇ ત્યાં જોવામાં ન આવ્યું. જો કે ત્યાં અન્યમતની મૂર્તિઓની સાથે-સાથે ત્રણ જૈનમૂર્તિઓ પણ હતી પરંતુ તે યોગ્ય વિધિઅનુસાર સ્થાપિત ન હતી. આથી ત્યાં વિશેષ ન રોકાતાં તરત જ ગામમાં જિનમંદિરોના દર્શન કરવા ગયા જાણે કે "સ્વર્ગમંદિર"માંથી પાછા ફરીને "મોક્ષમંદિર" તરફ ચાલ્યા. જિનમંદિર તો મોક્ષમંદિર કહેવાય, તેમાં બિરાજમાન ભગવાન જિનેન્દ્રદેવના દર્શનથી સૌને આનંદ થયો. ખરેખર, મોક્ષમંદિરના અભિલાષીને સ્વર્ગમંદિર ક્યાંથી ગમે ? ભગવાન જાણે કે કહેતા હતા કે, અરે બાળકો ! તમે આ મોક્ષમંદિરને બદલે સ્વર્ગમંદિર જોવામાં કાં લોભાયા ? – ત્યાં કાંઈ નથી. ત્યાં તમને નહિ ગમે, તમે આ મોક્ષમંદિરમાં આવો...મારો વાસ આ મોક્ષમંદિરમાં છે. સ્વર્ગમંદિરમાં મારા દર્શન નહિ થાય, મારા દર્શન મોક્ષમંદિરમાં થશે.' મહૂમાં ચાર જિનમંદિરોનાં દર્શન કરીને સૌ પાછા ઇંદોર આવી પહોંચ્યા.

ઇંદોરના આનંદભર્યા વાતાવરણમાં ત્રણ દિવસ તો સહેજે પસાર થઇ ગયા, ને છેલ્લો દિવસ આવ્યો...ઇંદોરની જનતા હજી અતૃપ્ત હતી ને વિશેષ લાભને ઝંખતી હતી, તો બીજી તરફથી ત્રણ ત્રણ દિવસની ધોધમાર અમૃતવર્ષાથી તેને તૃપ્તતા પણ થતી હતી. આવી મિશ્ર લાગણી વ્યક્ત કરતાં છેલ્લે દિવસે (પોષ વદ અમાસે) સવારના પ્રવચન બાદ, શ્રી રાજેન્દ્રકુમારસિંહજીએ એક સરસ ભાવભીનું ને વિદ્વત્તાપૂર્ણ પ્રવચન કર્યું હતું. અહીં તેનો થોડોક સાર ગુજરાતીમાં આપીએ—

સજ્જન બંધુઓ ! સંસારમાં બધું પરિણમનશીલ છે. ત્રણ દિવસ પહેલાં મહારાજશ્રી આપણી નગરીમાં પધાર્યા ને આપણા સૌના હૃદયમાં હર્ષ છવાઈ ગયો તો બીજી તરફ, હવે આવતી કાલે તેઓશ્રી અહીંથી ઉજ્જૈન તરફ પ્રસ્થાન કરવાના છે તેથી આપણા મનમાં ઉદાસી છવાઈ જાય–એ પણ સ્વાભાવિક છે; કેમ કે હવે કાલે ઇંદોરનગરીમાં સ્વામીજીના ઉપદેશામૃતનો લાભ નહિ મળે. આ રીતે, મરૂસ્થળના ઊંટ જેવી આપણી દશા છે: જેમ તે ઊંટને જ્યારે પાણી મળી જાય છે ત્યારે તે ખૂબ પી લે છે ને પોતાની કોથળી ભરી લે છે,

પછી જ્યારે તૃષાતુર થાય ત્યારે તેનાથી પોતાની તૃષા છીપાવે છે; તેમ મહારાજશ્રીએ અહીં પધારીને ચાર દિવસ સુધી જે ઉપદેશ દીધો તેમાં ઘણું જ અમૃત પીવડાવી દીધું છે અને આપણે પણ તે ખૂબ પીધું છે—હૃદયમાં ભરી લીધું છે; હવે આ જે ઉપદેશામૃત આપણે ભરી લીધું છે તે આપણી પાસે જ રહેશે ને સંસારમાં સુખ દુઃખ પ્રસંગે તે આપણને શાંતિ આપશે; આ પર્યાય રહે ત્યાં સુધી, ને નવીન પર્યાયમાં પણ આ ઉપદેશનું મનન કરવાથી ઘણો લાભ થશે. ( અહીં હજારો સભાજનોએ તાલીના ગડગડાટથી પોતાની સંમતિ પ્રગટ કરી. )

મહારાજજીના અધ્યાત્મઉપદેશનો કેટલાક લોકો વિરોધ કરે છે, પરંતુ એ તો તેઓના ક્ષયોપશમનો દોષ છે. महाराज अपनी बात नहीं कहते, महाराज तो जिनेन्द्रदेवने जो कहा वही कहते है। ( સભામાં હર્ષનાદ ) પોતાને જિનભક્ત કહેવડાવનારાઓ, મહારાજનાં વચનનો ( — કે જે જિનેન્દ્રદેવના વચન છે તેનો — ) વિરોધ કઈ રીતે કરી શકે ? ( શ્રી રાજકુમારસિંહજીના આ વચનો સાંભળીને બારહજાર ઉપરાંત સભાજનો બહુ હર્ષિત થયા હતા. ) સમજવાની જિજ્ઞાસાથી જે પ્રશ્ન પૂછે છે તેના તો બધા સમાધાન થઇ જાય છે, પરંતુ વિરોધની ખાતર જ જેને વિરોધ કરવો છે તેનું તો ખૂદ ભગવાન પણ સમાધાન કરી શકે તેમ નથી. મરીચીની શંકાનું સમાધાન આદિનાથ ભગવાનથી પણ નહોતું થયું, તો આ પંચમકાળમાં કોનું સામર્થ્ય છે કે જે વિરોધીઓનું સમાધાન કરી શકે !! ( સભામાં જોસથી હર્ષનાદ. )

લોકો કહે છે કે ' મહારાજ ચારિત્ર નહિ માનતે '—લેકિન યહ બાત ગલત હૈ; મહારાજ તો મોક્ષનો ઉપદેશ આપે છે, મહારાજનો ઉપદેશ આત્મદ્રવ્યની નિત્યઅવસ્થા પ્રત્યે છે; બાહ્યક્રિયા તે શું આત્મદ્રવ્યની ક્રિયા છે ? (નહીં.) આત્મદ્રવ્યની પહિચાન કરીને તેમાં લીન રહેવું તે નિશ્ચયચારિત્ર છે, તે મોક્ષમાર્ગ છે; અને આવા નિશ્ચયચારિત્રનો પ્રયત્ન કરતાં જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી શુભરાગ થઈ જાય છે, ને વ્રતાદિ તેમાં જ અંતર્ગત છે. આ રીતે ચારિત્રની પૂર્ણતા ન હોય ત્યાં વચ્ચે શુભરાગ થાય છે,–મહારાજ તે શુભરાગને આદર કેમ આપે ? क्या शुभरागसे मुक्ति होगी ? – नहीं। मुक्तिका कारण तो निश्चयचारित्र है। તેની પૂર્ણતા પહેલાં રાગાદિ તો હોય છે.

સમ્યક્દૃષ્ટિ થઈ જાય ને નિશ્ચયચારિત્રની અપૂર્ણતા રહે ત્યાં સુધી શુભરાગ થાય છે—અશુભ નહિ; અશુભને તો અચ્છો નથી કહ્યો. અશુભમાંથી શુભમાં તો આવશે, પણ તેના પ્રયત્નનો ઉપદેશ નથી. પ્રયત્ન તો આત્મામાં લીનતાનો જ છે,–તેનો ઉપદેશ છે; વચ્ચે રાગ હોવા છતાં તેના ઉપર મોક્ષાર્થીએ ધ્યાન (વજન) ન દેવું જોઇએ.

પુરુષાર્થકે બારેમેં મહારાજજીને કહાથા કિ પર્યાયમેં પુરુષાર્થ ભી સાથમેં હી હૈ. (અહીં ક્રમબદ્ધપર્યાય અને પુરુષાર્થની સંધિ બાબત કહેવાનો તેમનો આશય હતો.)

આમ મૂળ મૂળ મુદ્દાઓનો સુંદર ઉલ્લેખ કર્યા બાદ રાજકુમારસિંહજીએ છેવટે કહ્યું કે : જિજ્ઞાસાથી બધી શંકાનું સમાધાન થઇ શકશે; મહારાજશ્રીના ઉપદેશનું મનન કરવાથી કોઈ શંકા કે વિરોધ નહીં રહે.

यहां महाराज पधारे और हमारे धर्मबन्धु पधारे, उसकी व्यवस्था हमने अपनी सामर्थ्यके अनुसार की; फीर भी हम अपूर्ण है। ऐसी हालतमें हमारी त्रूटियोंकी क्षमा करें। क्योंकि प्रवासमें थोडी बहुत तकलीफ तो रहती ही हैं। हमारे साधर्मी बन्धुओं वात्सल्य भावसे हमें क्षमा करेंगे ॥

ભૈયાસાહેબશ્રી રાજેન્દ્રકુમારસિંહજીનું આ ભાષણ આખી સભાએ ઘણા જ હર્ષપૂર્વક વધાવી લીધું હતું, અને આવી સુંદર રજુઆત માટે તેમની બુદ્ધિની સૌ મુક્તકંઠે પ્રશંસા કરતા હતા. કેટલાક મોટા મોટા વિદ્વાનોને પણ જે વાત પકડવી કઠણ પડે છે એવી સૂક્ષ્મ વાત તેમણે ગુરુદેવના થોડા જ પરિચયમાં પકડી લીધી છે એટલું જ નહિ, તેની રજુઆત પણ સુંદર રીતે તેઓ કરી શકે છે. જો તેમને ગુરુદેવનો વધારે પરિચય થાય તો ઘણા લાભનું કારણ થાય તેવું છે. ગુરુદેવના ચાર દિવસના પ્રવચનો બરાબર સાંભળીને તેનો આશય પકડયો, અને વિરોધીઓ કયા મુદ્દા ઉપર વિરોધ કરે છે તે પણ બરાબર પકડીને પોતાના ભાષણમાં સુંદર શૈલીથી તેમણે જે રીતે રજુઆત કરી અને વિરોધનું જે રીતે નિરાકરણ કર્યું તેમાં તેમની બુદ્ધિમત્તા અને ગુરુદેવ પ્રત્યેનું બહુમાન–બંને સ્પષ્ટ તરી આવે છે. આ રીતે તેઓ પોતાના પિતાજીનો ધાર્મિક વારસો પણ બરાબર શોભાવશે.

તા. ૩૦ ની બપોરે પૂ. ગુરુદેવનું છેલ્લું પ્રવચન થયું; ત્યારબાદ, બીજે દિવસે ગુરુદેવનું પ્રસ્થાન થવાનું છે–તે બાબત જાહેર કરતાં ગદગદ ભાવે શ્રી રાજકુમારસિંહજીએ કહ્યું : महाराजके उपदेशामृत हमने चार दिन तक बहुत सुना, लेकिन फिरभी मैंने देखा कि, एक घुंट जल पीलाकर कटोरा छीन लेने जैसा हुआ है। बहुत लोगोंकी इच्छा है कि महाराजका उपदेश ओर सुना जाय। मैं सब लोगोंकी ओरसे प्रार्थना करता हूं कि महाराज फिर पधारकर इंदोरको पावन करें, और अबकीवार ज्यादा टाइम देकर यहां चातुर्मास करें। (આખી સભામાં હર્ષપૂર્વક તાલીનાદ) देखो, मेरी विनतिमें सारी सभा अपना सूर मिला रही है मुझे विश्वास है कि महाराज फिर जरुर पधारेंगे ॥

સર હુકમીચંદજી શેઠ પણ સભામાં બેઠા હતા ને હસતા હસતા રાજકુમારસિંહજીની વાતને અનુમોદન આપી રહ્યા હતા.

રાજકુમારસિંહજીએ ભાષણ પૂરું કરતાં છેવટે કહ્યું— अंतिम बात यह है कि, महाराजके उपदेशकी खास बात मोक्षको हैं, उसका हेतु निजस्वरूपमें लीन रहना है । 'एकको साधे सब सधे' – इसलिये महाराजके उपदेशका मनन कीजिये ।

महाराजके प्रति समस्त जनताकी ओरसे मैं उपकार मानता हूं ॥

એ રીતે, સુશોભિત પ્રવચન–મંડપમાં બપોરનો કાર્યક્રમ પૂરો થયો પણ લોકોને મંડપમાંથી જવું ગોઠતું ન હતું....ગુરુદેવના દર્શન માટે હજારોની ભીડ જામી હતી.... ગુરુદેવ પ્રસન્ન મુદ્રાથી ઉભા હતા ને લોકો ગદગદ ભાવે પોતાનો હર્ષ વ્યક્ત કરતા હતા.

મંડપમાંથી વિદાય લેતા પહેલાં શેઠજી સાથે વાતચીતમાં ગુરુદેવે કહ્યું કે: "સબ અચ્છા હો ગયા ...આપકી ભાવના પૂરી હો ગઈ અને અહીંના લોકોએ પણ ઘણો ઉત્સાહ બતાવ્યો રાજકુમારજીને ભી બહુત ઉત્સાહ દિખાયા." ગુરુદેવ ઇંદોર પધારવાથી આવી મહાન ધર્મપ્રભાવના થઇ અને ચારે દિવસનો કાર્યક્રમ ખૂબ જ શોભી ઊઠયો તેથી જો કે શેઠજી ખૂબ પ્રસન્ન જણાતા હતા, પરંતુ આવતી કાલે સવારમાં જ ગુરુદેવનું પ્રસ્થાન થતું હોવાથી તેઓ જરાક ગળગળા થઇ ગયેલ, તેથી વિશેષ બોલી શકયા ન હતા હાથ જોડીને ફરીથી પધારવાની વિનતિ કરી હતી.

રાત્રે તત્ત્વચર્ચામાં સાતઆઠ હજાર માણસો હતા; તેમાં બેત્રણ હજાર જેટલી તો બહેનોની સંખ્યા હતી; અને છેલ્લા દિવસની તત્ત્વચર્ચા ઘણી સૂક્ષ્મ તથા સરસ હતી; તથા શેઠજીના પુત્રી સૌ. ચંદ્રકલા બહેને પોતાનું ગીત ફરીને ગાયું હતું.

અંતે, ખૂબ જ ઉમંગભર્યા વાતાવરણમાં, હર્ષનાદ અને જયજયકાર પૂર્વક ઇંદોરનગરીનો ચાર દિવસનો કાર્યક્રમ પૂરો થયો હતો. ખૂબ જ ઉત્સાહપૂર્વક ઇંદોરનગરીનો કાર્યક્રમ શોભાવવા માટે ત્યાંના દિ. જૈન સમાજને ધન્યવાદ!

માહ સુદ એકમના રોજ વહેલી સવારમાં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રના દર્શન કરીને, ગુરુદેવ સહિત યાત્રિકસંઘે ઉજ્જૈન તરફ પ્રસ્થાન કર્યું. ભરતચક્રવર્તીને ત્યાં મુનિવરો આહાર માટે પધાર્યા હોય ને આહાર બાદ પાછા જ્યારે વન તરફ જતા હોય ત્યારે, અતિશય પ્રીતિને લીધે ભરત પણ મુનિઓની પાછળ પાછળ ઘણે દૂર સુધી જતા, તેનું ભાવભીનું વર્ણન પુરાણોમાં આવે છે; તેમ અહીં પણ ગુરુદેવ પ્રત્યેની અતિશય પ્રીતિને લીધે, રાજકુમારસિંહજી મોટર લઇને ગુરુદેવની પાછળ પાછળ કયાંય સુધી આવ્યા હતા.

## ઉજ્જૈન શહેર ( ઉજ્જયિની નગરી )

માહ સુદ ૧-૨

ઇતિહાસપ્રસિદ્ધ ઉજ્જૈનનગરી પણ, ઇંદોરની જેમ જ ગુરુદેવનું સ્વાગત કરવા થનગની રહી હતી...અગાઉથી જ નગરીને શણગારીને ભવ્ય સ્વાગતની તૈયારી કરવામાં આવી હતી. ગુરુદેવ પધારતાં જ ભાવભીનું સ્વાગત થયું. જૈનસમાજ ઉપરાંત શહેરની જનતા પણ હોંસ-પૂર્વક સ્વાગતમાં ભાગ લઈ રહી હતી. અનેક ઘોડેસ્વારો, પાયદળ અને ત્રણ બેન્ડપાર્ટી સહિત લગભગ અડધો માઇલ લાંબુ, સાત આઠ હજારનું વિરાટ સ્વાગતસરઘસ ઘણું શોભતું હતું; વચ્ચે ચાલનારાઓને સ્વાગતની શરૂઆત કે અંત દેખાતા ન હતા. શહેરના મુખ્ય મુખ્ય લત્તાઓમાંથી પસાર થતાં વચ્ચે જ્યાં જ્યાં જિનમંદિરો આવ્યા ત્યાં ગુરુદેવ દર્શન કરવા જતા હતા. એ રીતે જિનમંદિરોનાં દર્શન કરતું કરતું સ્વાગતસરઘસ પ્રવચનના સ્થાને "લક્ષ્મીનિવાસ" આવ્યું, ત્યાં ગુરુદેવે અપૂર્વ માંગળિક સંભળાવ્યું.

મંગલ પ્રવચન બાદ સ્વાગતઅધ્યક્ષ શ્રી ભૂપેન્દ્રકુમારસિંહે સ્વાગતભાષણ કરતાં કહ્યું કે, पू. श्री कानजी स्वामीका हमारी उज्जैन नगरीमें संघसहित शुभागमन होने पर यहांकी जैनसमाजको एवं जनताको कितनी श्रद्धा कितनी भक्ति और कितना हर्ष होरहा है यह आजके स्वागतजुलूसमें और यह प्रवचनमें दिख रहा है। आज हमारी नगरीके आंगनमें स्वामीजीको देखकर हम सबको बहुत खुशी हो रही है। स्वामीजीके आध्यात्मिक उपदेशके प्रभावसे जैनसमाजकी विचारधारामें एक बडी क्रान्ति फैल गई है और समाजमें अच्छी जागृति आ गई है। यहांके जैनसमाज एवं समग्र जनताकी ओरसे मैं स्वामीजीका एवं संघका हार्दिक स्वागत करता हूं ॥

માલવપ્રાંતનું આ ઉજ્જૈન તે પ્રસિદ્ધ ઐતિહાસિક નગર છે, પુરાણોમાં વારંવાર આ નગરીનો ઉલ્લેખ આવે છે. પુરાણા વખતની આ નગરીની જૈનધર્મની જાહોજલાલી દર્શાવ-નારા અનેક પ્રાચીન જિનમંદિરોના અને સેંકડો દિ. જિનબિંબોના અવશેષો અહીં મળી આવ્યા છે, ને જેસીંગપુરાના એક દિ. જિનમંદિરમાં પુરાતત્ત્વસંગ્રહ તરીકે તે રાખવામાં આવ્યા છે, તેમાં મુનિઓની પ્રતિમા પણ છે. આ ઉપરાંત રાજા ભોજના વખતમાં મહાન દિ. જૈનસંત શ્રી માનતુંગાચાર્યને કોઇ વિરોધીની ઉશ્કેરણીને લીધે જેલમાં પૂરવામાં આવેલા ને જેલમાં તેઓશ્રીએ આદિનાથ ભગવાનની ભાવભીની સ્તુતિ ( ભક્તામર સ્તોત્ર ) કરતાં ફાટક સ્વયં ખુલી ગયેલા—એ પ્રસિદ્ધ બનાવ પણ આ જ નગરીમાં બન્યો હતો. કથાઓમાં

વારંવાર વાંચેલી આ ઉજ્જયિની નગરીને ગુરુદેવ સાથે નજરે નીહાળતાં યાત્રિકોને આનંદ થયો.

અહીં વિનોદ મીલના બંગલામાં ગુરુદેવનો ઉતારો હતો. બંગલાના કમ્પાઉન્ડમાં એક રળિયામણું ચૈત્યાલય છે, ત્યાં દર્શન કર્યા. વિનોદ મીલ્સવાળા શેઠ લાલચંદજી તથા શેઠ ભંવરલાલજીને ગુરુદેવ પ્રત્યે ઘણો પ્રેમ છે. બાર વર્ષ પહેલાં (સંવત ૨૦૦૧ માં) શેઠ ભંવરલાલજી પહેલવહેલા સોનગઢ આવ્યા ત્યારે ગુરુદેવના પ્રવચનો સાંભળીને, અને સોનગઢનું શાંત વાતાવરણ જોઇને ખૂબ પ્રસન્ન થયા હતા, ને તે વખતે સોનગઢ–સંસ્થાને રૂા. ૧૦૦૧) અર્પણ કર્યા હતા. આ રીતે સૌરાષ્ટ્ર બહારની દિ. સમાજની કોઈ પણ વ્યક્તિ તરફથી સોનગઢ સંસ્થાને ચાર આંકડાની રકમના દાનનો પહેલવહેલો યશ શેઠ ભંવરલાલજીને ફાળે જાય છે.

સંઘના ભોજનની વ્યવસ્થા અહીંના દિ. જૈન સમાજ તરફથી બહુજ વાત્સલ્યપૂર્વક કરવામાં આવી હતી. અહીં એક જૈન સ્વાધ્યાય મંદિર પણ ચાલે છે. ગુરુદેવ ત્યાં પધાર્યા હતા, અને એક દિવસનું સંઘનું ભોજન સ્વાધ્યાય મંદિર તરફથી આપવામાં આવ્યું હતું. કોઇ પણ યાત્રિકોને ભોજનમાં મુશ્કેલી ન પડે તે માટે, (ઈંદોરની જેમ) વિધવિધ મિષ્ટાન્નની સાથે સાદું ભોજન પણ પીરસવામાં આવતું. ભોજન વખતે આ બાજુના શહેરોમાં થાળી–વાટકાને બદલે પતરાવળી ને પડીઆ રહેતા, તેથી જમતાં જમતાં રમુજ થતી, કેમકે પતરાવળી કઇ રીતે સવળી કહેવાય તેની જ ઘણાને ખબર ન પડતી. એ જ રીતે દાળ માટે વાટકાને બદલે રાખવામાં આવતો પડિઓ (દોનો) પણ જમતાં જમતાં વારંવાર દડી પડતો... આથી દાળ માટે દળિયાને બદલે કોડિયાનો બંદોબસ્ત કરવામાં આવતો. આમ પતરાવળી ને પડિઆમાં જમવાનો અનુભવ પણ યાત્રિકોને માટે નવો જ હતો.

લાંબા લાંબા યાત્રાપ્રવાસમાં થાકેલા યાત્રિકોને, વિનોદ મીલના ઉતારામાં નહાવા માટે ગરમ પાણીના નળ અને કપડાં ધોવાનું ઇલેકટ્રીક મશીન મળી ગયું હતું. એટલે સૌએ નાહી–ધોઇને પ્રવાસનો થાક ઉતાર્યો.

ઉજ્જૈનમાં પૂ. ગુરુદેવ બે દિવસ રહ્યા....ગુરુદેવના પ્રવચનમાં પાંચ છ હજાર શ્રોતજનો થતા હતા... णमो लोए सव्वसाहूणं "ના અર્થમાં પૂ. ગુરુદેવ જ્યારે મુનિપદનો અલૌકિક મહિમા કરતા...ને હાથ જોડીને "હે સંત! તારા ચરણમાં મારા નમસ્કાર છે" એમ કહેતા, ત્યારે સભા ભક્તિમાં તલ્લીન થઇને આશ્ચર્યમુગ્ધ બની જતી.. અહા! મુનિદશા પ્રત્યેનો ગુરુદેવનો ઉમંગ વારંવાર ઉલ્લસતો હતો...ને સભા પણ કદી નહિ સાંભળેલો મુનિભગવંતોનો અદ્ભુત મહિમા સાંભળીને હર્ષવિભોર બની જતી. રાત્રે તત્ત્વચર્ચા પણ સુંદર થઈ હતી, ને તેમાં પણ હજારો જિજ્ઞાસુઓએ લાભ લીધો હતો.

અહીં અનેક દિ. જિનમંદિરો છે, ત્યાં ગુરુદેવ તેમજ યાત્રિકો દર્શન કરવા ગયા હતા; જેસીંગપુરાના જિનમંદિરમાં દિ. જૈન પુરાતત્ત્વસંગ્રહનું ખાસ અવલોકન કર્યું હતું, તે સિવાય ક્ષિપ્રા નદી, ભર્તૃહરિની ગૂફા વગેરે સ્થાનો પણ જોયા હતા.

ગુરુદેવ પધારતાં અહીંનો દિ. જૈન સંઘ ખૂબ આનંદિત થયો હતો, ને બે દિવસમાં જિનશાસનની ખૂબ જ પ્રભાવના થઈ હતી.... જે જે નગરીમાં ગુરુદેવ પધારે તે તે નગરીમાં જૈનધર્મના મહાન ઉત્સવનું વાતાવરણ ખુણેખુણે પ્રસરી જતું. પુરાણપ્રસિદ્ધ સૌરાષ્ટ્ર અને માલવ એ બંને પ્રાંતના સાધર્મીઓ એકબીજાથી તદ્દન અજાણ્યા છતાં, સાધર્મીભાવે એક-બીજાના મિલનથી સૌને વાત્સલ્ય ઊભરાતું...અને સાધર્મીમિલનનો અનેરો આનંદ ત્યાં છવાઈ જતો.

—આમ આનંદપૂર્વક ઉજ્જૈનનગરીનો કાર્યક્રમ પૂરો થતાં, માહ સુદ બીજની સાંજે પાંચ વાગે પૂ. ગુરુદેવ ભોપાલશહેર તરફ પધાર્યા. જો કે યાત્રાના માર્ગના કાર્યક્રમમાં ભોપાલ ન હતું, પરંતુ ત્યાંના સમાજની આગ્રહભરી વિનતિથી, અને ત્યાંના આગેવાનો પૂ. ગુરુદેવને તેડવા આવેલ હોવાથી પૂ. ગુરુદેવ ભોપાલ પધાર્યા. પૂ. ગુરુદેવની સાથે રામજીભાઈ, નેમિ-ચંદભાઈ, મહેન્દ્રકુમારજી શેઠી વગેરે કેટલાક ભાઈઓ તેમજ પૂ. બેનશ્રી-બેનજી પણ ભોપાલ ગયા. ભોપાલનો કાર્યક્રમ પૂરો કરીને માહ સુદ ચોથની સવારમાં ગુરુદેવ ગુનાશહેર પધારશે....પરંતુ ત્યાર પહેલાં આપણે સંઘના યાત્રિકોને ગુનાશહેર સુધી પહોંચાડી દઈએ.

માહ સુદ બીજની સાંજે પૂ. ગુરુદેવ વગેરે ઉજ્જૈનથી ભોપાલ તરફ પધારતાં પાછળના યાત્રિકો ઉજ્જૈનમાં રોકાયા....કોઈ નગરી જોવા ગયા, કોઈ વિનોદમિલ જોવા ગયા, તો કોઈ ત્યાંના ચૈત્યાલયમાં જઈને આરતિ-ભક્તિ કરવામાં રોકાયા.

બીજે દિવસે ( માહ સુદ ત્રીજે ) સવારમાં યાત્રિકોએ ઉજ્જૈનથી ગુના તરફ પ્રસ્થાન કર્યું. ઉજ્જૈનથી ગુના લગભગ ૧૫૦ માઈલ હોવાથી આજે લગભગ આખો દિવસ પ્રવાસમાં જ વીતવાનો છે ને ભોજન પણ વચ્ચે વનમાં જ કરવાનું છે. જ્યારે આવો લાંબો પ્રવાસ હોય ત્યારે દરેક બસના યાત્રિકો આનંદકિલ્લોલપૂર્વક ભક્તિ કરતા, યાત્રાના વિધવિધ અનુભવોની રસભરી ચર્ચા કરતા, ને " અંતકડી " રમીને કલાકોના કલાક પસાર કરી દેતા... આમ સાધર્મીઓના સંગે સેંકડો માઈલનો લાંબો પ્રવાસ વાતવાતમાં ક્યારે પૂરો થઈ જતો તેનીયે ખબર નહોતી પડતી.

## 卐 મક્ષી–પાર્શ્વનાથ 卐

“ પૂ. શ્રી કાનજીસ્વામી દિ. જૈન તીર્થયાત્રા સંઘ ” ઉજ્જૈનથી ગુના તરફ જઈ રહ્યો છે, ત્યાં વચ્ચે “ મક્ષી ” આવ્યું; અહીં જિનમંદિરના દર્શન કરવા માટે સંઘ રોકાયો. “ મક્ષી–પાર્શ્વનાથ ” તરીકે અહીંના મંદિર પ્રસિદ્ધ છે. અહીં બે મંદિરો છે, એક તો દિગંબરોનું જ છે, ને બીજા મંદિરમાં શ્વેતાંબર-દિગંબર બંનેનો હક્ક છે. પૂજન માટે બંનેનો ત્રણ ત્રણ કલાકનો વારો હોય છે; જ્યારે શ્વેતાંબરભાઈઓનો વારો હોય ત્યારે તેમાં બિરાજમાન પ્રતિમાજી ઉપર મુગટ વગેરે ચડાવીને તેઓ પૂજનાદિ કરે છે; અને જ્યારે દિગંબરભાઈઓનો વારો હોય ત્યારે મુગટ વગેરે સરાગતાનાં ચિહ્નો ઉતારીને વીતરાગ પ્રતિમાના પૂજનાદિ કરે છે. યાત્રિકોએ બંને મંદિરોમાં દર્શન કર્યાં. મંદિરની બાજુમાં જ એક બોરડીનું ઝાડ દેખીને બાલ–યાત્રિકોએ તેના મીઠાં બોર પણ ખાધાં. એ રીતે મક્ષી–પાર્શ્વનાથના દર્શન કરીને સંઘે તરત આગળ પ્રસ્થાન કર્યું, ને લગભગ ૧૧ વાગે સારંગપુર પહોંચ્યા.

## ❁ સારંગપુર [ વનભોજન અને ભક્તિ ] ❁

અહીં સારંગપુરના વનમાં સર હુકમીચંદજી શેઠના ભત્રીજા, શેઠ દેવકુમારજી તરફથી સંઘના ભોજનનો પ્રબંધ કરવામાં આવ્યો હતો, તેથી ભોજન માટે સંઘ વનમાં રોકાયો.... વનમાં સંઘનો મુકામ થતાં જ જાણે જંગલમાં મંગલ થયું. વનની બાજુમાં શેઠ દેવકુમારજીનું ખાંડનું કારખાનું હતું... ત્યાં યાત્રિકોને પ્રેમપૂર્વક શેરડીનો રસ પીવડાવ્યો.. ભોજન પણ તૈયાર હતું.. વનનાં વૃક્ષો નીચે સેંકડો યાત્રિકોની પંગત જમવા બેસી ગઈ....શ્રી વછરાજજી શેઠ –જેઓ સંઘની સાથે જ હતા –તેઓ પણ સંઘને જમાડવા વગેરેની વ્યવસ્થામાં હોંસથી ભાગ લેતા.... આ વનભોજનનો પ્રસંગ સરસ હતો....અહીં મુનિવરોના આહારદાન પ્રસંગોનું બહુ સ્મરણ થતું હતું ...અને વજ્રજંઘ–શ્રીમતી વગેરેએ વનમાં પડાવ વખતે મુનિવરોને અતિ ભક્તિપૂર્વક આહારદાન આપેલું–એવા અનેક પ્રસંગોનું પુરાણોમાં જે રોમાંચકારી વર્ણન આવે છે... તેને યાદ કરીને સૌ એવા પ્રસંગની ભાવના ભાવતા હતા... માત્ર અહીં મુનિવરોની જ ખામી હતી... એટલે તે ભાવના ભાવનારૂપે જ રહી ગઈ...

હવે ભોજન બાદ સંઘ બે કલાક ત્યાં જ આરામ કરવા રોકાયો છે. પાંચસો યાત્રિકોને દેખીને વન પણ હર્ષથી પ્રફૂલ્લિત થઈ ગયું છે. કોઇ યાત્રિકો ઝાડની છાયા નીચે જઈને સુઇ ગયા છે, તો કોઇ બસમાં બેસીને આરામ કરી રહ્યા છે, કોઈક વનના વાંદરાની સાથે રમત કરવા રોકાયા છે, તો વળી કોઇક વૃક્ષની છાયામાં મંડળી જમાવીને મુનિઓનું ભજન કરી

રહ્યા છે ને કોઈક મુનિવરોના ગુણોનું ચિંતન કરીને આત્મહિતની ભાવના ભાવી રહ્યા છે. એ વનમાં વૃક્ષ નીચે બેઠા બેઠા જ આ સંસ્મરણો લખાય છે. વનના શાંત વાતાવરણમાં, વૃક્ષ નીચે વાજિંત્ર સહિત, વનવિહારી મુનિવરોની વૈરાગ્યમય ભક્તિ બહુ આહ્‌લાદક હતી; અહીં ભક્તિભાવનાથી ભક્તોનું ચિત્ત પ્રસન્ન થયું.

–એ રીતે સારંગપુર વનમાં ભોજન અને ભજન કરીને લગભગ બે વાગે સંઘે ત્યાંથી આગળ પ્રસ્થાન કર્યું.

## ◎ બ્યાવરા અને રાઘવગઢ ◎

થોડીવારે વચ્ચે બ્યાવરા ગામ આવ્યું ત્યાં તો રસ્તા વચ્ચે ઉભા રહીને કેટલાક માણસોએ મોટરોને રોકી... મોટર ઉપરાઉપરી ભૂંગળા વગાડે પણ કોઈ વચ્ચેથી ખસે જ નહિ. મોટરો ઉભી રાખીને તેઓને પૂછતાં ખબર પડી કે અહીંનો દિગંબર જૈનસમાજ સંઘને ચાપાણી માટે રોકવા માંગે છે. પરંતુ સંઘને જલદી ગુના પહોંચવાનું હોવાથી ચાપાણી માટે તો રોકાય તેમ ન હતું... અને બ્યાવરાના વત્સલવંત ભાઈઓ સંઘનેપોતાના આંગણેથી એમને એમ કેમ જવા દે? એટલે તેઓએ યુક્તિ કરીને કહ્યું કે બાજુમાં જ જિનમંદિર છે ત્યાં દર્શન તો કરતા જાઓ. 'અહા! જિનેન્દ્ર ભગવાનના દર્શનનો પ્રસંગ આવે તેની કેમ ના પડાય!!' યાત્રિકો પણ તેમની આ યુક્તિથી રાજી થઈને, હસતા હસતા ઉતર્યા ને જિનમંદિરે જઈને ભગવાન પાર્શ્વનાથ પ્રભુના દર્શન કરી આવ્યા; ત્યારબાદ આગ્રહપૂર્વક સૌને ચા–દૂધ પીવડાવ્યા. અહા, 'કાનજીસ્વામીનો સંઘ અહીંથી પસાર થવાનો છે' એટલી ખબર પડતાં પણ દિ. જૈનસમાજને ઉલ્લાસપૂર્વક સંઘ પ્રત્યે કેટલું વાત્સલ્ય ઉભરાતું –તે અહીં દેખાઈ આવતું હતું. ત્યાંથી પ્રસ્થાન કરીને સંઘની મોટરો અને બસો ઝડપથી દોડી જતી હતી ત્યાં તો વળી પાછા એક ખેતરની પાસે કેટલાક લોકોએ વચ્ચે આવીને સંઘની મોટરોને રોકી. શા માટે? –કે ચાપાણી માટે; –એ જાણીને યાત્રિકોને આશ્ચર્ય થયું. આસપાસમાં કોઈ ગામ દેખાતું નથી, મકાનો કે દુકાનો કાંઈ દેખાતું નથી ને અધવચ્ચે રસ્તામાં રોકીને ચાપાણી? પૂછપરછ કરતાં તેઓએ ખુલાસો કર્યો કે "અમારું રાઘવગઢ ગામ આ સડકના રસ્તાથી અઢી માઈલ દૂર છે; પણ કાનજીસ્વામીનો સંઘ અહીંથી પસાર થવાનો છે– એ જાણીને તેમના દર્શન માટે અને સંઘને ચાપાણી પાવા માટે અમે સવારથી અહીં આવ્યા છીએ... 'વાહ!' –તેમની આ વાત સાંભળીને યાત્રિકોના મુખમાંથી હર્ષપૂર્વક આશ્ચર્યના ઉદ્‌ગાર નીકળી પડ્યા. અહા, પોતાનું ગામ તો અહીંથી અઢી માઈલ દૂર છે, ત્યાં તો ગુરુદેવ કે સંઘ આવવાનો પણ નથી, ગામથી અઢી માઈલ દૂરના રસ્તા ઉપરથી કાનજીસ્વામીનો સંઘ માત્ર પસાર થઈ જવાનો છે અને તે પણ ક્યારે પસાર થશે તેનો કોઈ નિશ્ચિત ટાઈમ પણ નથી, છતાં, "કાનજીસ્વામી અહીંથી નીકળવાના છે" –ફક્ત એટલું સાંભળીને પણ અઢી

માઇલ દૂરથી લોકો દર્શન કરવા દોડ્યા આવે છે, –તે પણ એમને એમ નહિ પણ સાથે પાંચસો યાત્રિકોને માટે ખેતરમાં ચાપાણીનો બંદોબસ્ત પણ કરે છે ને કયારનાય આવીને રાહ જુએ છે. દૂરદૂર દેશોના તદ્દન અજાણ્યા માણસોનો પણ પૂ. ગુરુદેવ પ્રત્યેનો આવો પ્રેમ અને વાત્સલ્યભાવ જોઇને આશ્ચર્ય થતું હતું. –આવા વાત્સલ્યને અવગણી પણ કેમ શકાય? –એટલે, સંઘને ઉતાવળ હોવા છતાં, અહીં રોકાઇને ચાપાણી પીધા, અને થોડીવાર સોનગઢ સંબંધી વાતચીત કરીને, તે ભાઇઓને સોનગઢ આવવાનું પ્રેમભર્યું આમંત્રણ આપ્યું. ત્યારબાદ "ધન્ય ગુરુદેવનો પ્રભાવ! અને ધન્ય આ સાધર્મીઓનું વાત્સલ્ય!" –આમ વિચારતાં સંઘે ત્યાંથી પ્રસ્થાન કર્યું, અને સાંજે ગુના પહોંચી ગયા.

ગુના શહેરમાં શેઠશ્રી પન્નાલાલજીની આગેવાનીમાં દિ. જૈન સમાજના બધાજ ભાઇઓ ઉત્સાહપૂર્વક સંઘની વ્યવસ્થામાં રોકાઇ ગયા હતા. જેમ જેમ સંઘની મોટરો અને બસો આવતી ગઈ તેમ તેમ ઝડપથી ઉતારા વગેરેની વ્યવસ્થા થતી ગઈ. સાંજનું ભોજનાદિ પતાવીને યાત્રિકોએ અહીંના બે જિનમંદિરોનાં દર્શન કર્યા, તથા ભક્તિ કરી. સવારમાં ઉજ્જૈનથી જિનેન્દ્ર ભગવાનના દર્શન કરીને નીકળ્યા બાદ વચ્ચે મક્ષી–પાર્શ્વનાથ, પછી બ્યાવરા, અને છેલ્લે ગુના–એમ એક દિવસમાં ચાર ગામના જિનમંદિરોનાં દર્શન થયા. જિનમંદિરમાં દર્શન કરીને શાંતિથી ભક્તિ કરી. ત્યારબાદ, આખા દિવસની મુસાફરીથી થાકેલા યાત્રિકો સૂઈ ગયા.

બીજે દિવસે (માહ સુદ ચોથે) સવારમાં ગુનાશહેરના હજારો માણસો ગુરુદેવના સ્વાગત માટે તૈયાર થઈ ગયા છે, યાત્રિકો પણ ભગવાનના દર્શન–પૂજન કરીને સ્વાગત માટે તૈયાર થઈ ગયા છે....આ ગુનાશહેરમાં દિ. જૈનોના ઘર લગભગ ૨૦૦ છે પણ સ્વાગતમાં તો ગામની જનતામાંથી પાંચહજાર ઉપરાંત માણસો ઉમટી પડ્યા છે ને નગરીને શણગારીને ઉત્સુકતાપૂર્વક ગુરુદેવના પધારવાની વાટ જોઇ રહ્યા છે. ચાલો, આપણે ભોપાળ તરફ ગયેલા પૂ. ગુરુદેવને અહીં તેડી લાવીએ.

ગુરુદેવ વગેરે માહ સુદ બીજની સાંજે ઉજ્જૈનથી પ્રસ્થાન કરીને ભોપાલ તરફ જતાં વચ્ચે સોનકચ્છ ગામ આવ્યું. સોનગઢના સંતનું સોનકચ્છના ભાઇઓએ સ્નેહથી સ્વાગત કર્યું. અહીં દિ. જૈનોના ૨૦–૨૫ ઘર છે, મુખ્ય રસ્તા ઉપર મોટું જિનમંદિર છે, ત્યાં સાએ દર્શન કર્યા. રાતે એક કલાક તત્ત્વચર્ચા થઈ, તે સાંભળીને સોનકચ્છની જનતાને ઘણી પ્રસન્નતા થઈ. રાતે પૂ. ગુરુદેવ અહીં જ રોકાયા. બીજે દિવસે સવારમાં અહીંથી પ્રસ્થાન કરીને ભોપાલ તરફ પધાર્યા.

# ભોપાલ શહેર

મધ્યપ્રદેશના આ પાટનગરમાં પધારતાં જ જનતાએ ગુરુદેવનું ઉમળકાપૂર્વક ભવ્ય સ્વાગત કર્યું. કાર્યક્રમમાં ફેરફાર કરીને પણ ગુરુદેવ અહીં પધાર્યા તેથી દિ. જૈનસમાજને બહુ હર્ષ થયો, અને આસપાસના ગામોથી પણ હજારો માણસો ગુરુદેવના પ્રવચનનો લાભ લેવા આવ્યા. મંગલપ્રવચન બાદ શ્રી નેમિનાથ પ્રભુના જિનમંદિરમાં દર્શન કરવા ગયા... ત્યાં ૧૨ ફૂટ ઉન્નત ભગવાન શ્રી આદિનાથ પ્રભુના પ્રાચીન જિનબિંબ (સં. ૯૨ના) બિરાજે છે, તેના દર્શનથી ગુરુદેવને ઘણો પ્રમોદ થયો. અહીં ભોપાલની બાજુમાં એક ટેકરી ઉપર શ્રી માનતુંગસ્વામીની તપોભૂમિ છે, ત્યાં તેઓશ્રીનાં ચરણકમળ સ્થાપિત છે; આચાર્ય સમન્તભદ્રસ્વામીની પણ તપોભૂમિ અહીં કહેવામાં આવે છે; ઇતિહાસમાં પણ સમન્તભદ્ર-સ્વામી માલવપ્રાંતમાં વિચર્યાના અનેક ઉલ્લેખો છે. દિગંબર સંતોની તપોભૂમિ દેખીને સૌને આનંદ થયો. આવા મુનિવરોના ધામમાં બપોરે ૩ાા થી ગા પ્રવચન કરતાં ગુરુદેવે મુનિ-દશાનો અદ્‌ભુત મહિમા સમજાવ્યો ..ને મુનિદશા પ્રત્યેની મહાન ભક્તિ વ્યક્ત કરી.

મધ્યભારતના નાણાંપ્રધાન શ્રી મિશ્રિલાલજી ગંગવાલ અહીં પૂ. ગુરુદેવના દર્શને આવેલા અને લગભગ એક કલાક સુધી તત્ત્વચર્ચા કરી હતી, તેમાં તેમનો જિજ્ઞાસુભાવ અને ધર્મ-પ્રેમ દેખાઈ આવતો હતો. લલિતપુરના દિ૦ જૈનસમાજ તરફથી પં. પરમેષ્ઠીદાસજીએ અહીં આવીને, ગુરુદેવને લલિતપુર પધારવા આગ્રહભરી વિનંતિ કરી હતી.

ગુરુદેવ ભોપાલ પધારવાનો કાર્યક્રમ પહેલેથી નિશ્ચિત ન હતો, પરંતુ પાછળથી અચાનક નિશ્ચિત થયો હતો, તેથી ભોપાલની આસપાસના ગામોને પહેલેથી તેની ખબર ન હતી, પણ છેલ્લી ઘડીએ જેવી ખબર પડી કે તરત જ ગુરુદેવના દર્શન કરવા માટે આસપાસના ગામેથી સ્પેશ્યલ ટ્રેઇનમાં સેંકડો લોકો રવાના થયા...પણ વચ્ચે ટ્રેઇન કાંઈક મોડી થઈ; તેથી, ટ્રેઇન પહોંચ્યા પહેલાં ગુરુદેવ ભોપાલથી પ્રસ્થાન ન કરી જાય તે માટે તે લોકોના તાર ઉપર તાર આવતા કે "કાનજીસ્વામીકો રોકો... અમે સ્પેશ્યલ ટ્રેઇનમાં આવીએ છીએ કાનજીસ્વામીકો રોકો..."—આ ઉપરથી લોકોને ગુરુદેવના દર્શનની કેટલી જિજ્ઞાસા હતી તે દેખાઇ આવે છે. પરંતુ—(લખતાં ખેદ થાય છે કે) તેમનો સંદેશ પહોંચ્યા પહેલાં જ ગુરુદેવનું ભોપાલથી ગુના તરફ પ્રસ્થાન થઇ ગયું હતું...પાછળથી જ્યારે

સ્પેશ્યલ ટ્રેઇન આવી ને સેંકડો લોકો ગુરુદેવના દર્શન માટે તલસતા તલસતા ઝડપભેર શહેરમાં આવ્યા ત્યારે, "કાનજીસ્વામી તો પ્રસ્થાન કર ગયે" એ સાંભળીને તેઓ લાગણીથી ગદગદ થઇ ગયા.

◎ ⊞ ◎

કુરાના : ભોપાલથી ગુના તરફ જતાં વચ્ચે આઠ માઇલ પર કુરાના ગામ આવ્યું. આ પ્રાચીન ગામમાં ૧૫ ફૂટ ઊંચા અતિ પ્રાચીન ભવ્ય ખડ્ગાસન પ્રતિમાજીના દર્શનથી આનંદ થયો.

નરસિંહગઢ : કુરાનાથી આગળ વધતાં નરસિંહગઢ આવ્યું; અહીં સાંજના ભોજન માટે રોકાવાનું હતું. ત્યાં દિ૦ જૈનોનું એકેય ઘર નથી એટલે સાથેના ભક્તોને જ રસોઇનો પ્રબંધ કરવાનો હતો. શ્રીકારિણીમાતાના મંદિરની જગ્યામાં રસોઇનો બંદોબસ્ત થયો....ત્યાં તો કુરાનાથી ગુરુદેવની મોટર સડસડાટ કરતી આવી પહોંચી ને વનના વાતાવરણમાં નાનકડી થાળીમાં ગુરુદેવે આહાર કર્યો; પછી નેમિચંદભાઇ તથા ચંદુભાઇએ જમી લીધું ને તરત ત્યાંથી બ્યાવરા તરફ પ્રસ્થાન કર્યું. યાત્રાના અનેક આનંદકારી પ્રસંગોમાં અહીં નરસિંહગઢમાં ગુરુદેવના ભોજનનો પ્રસંગ પણ ભક્તોને બહુ યાદ રહી ગયો છે. પૂ બેનશ્રી–બેન જ્યારે એ પ્રસંગ વિસ્તારથી વર્ણવે છે ત્યારે તેઓશ્રીનો હર્ષ દેખીને પણ ઘણો પ્રમોદ થાય છે. યાત્રાપ્રવાસ દરમિયાન આ રીતે ક્યારેક રસ્તામાં અધવચ્ચે, કે વનજંગલમાં ગુરુદેવને જમાડવાનો (આહારદાનનો) અકસ્માત લાભ મળી જતો ત્યારે ભક્તોને ખૂબ જ આનંદ થતો, અને આવા પ્રસંગે રામચંદ્રજી વજ્રજંઘ વગેરેના વનમાં આહારદાન સંબંધી પુરાણના પ્રસંગો ખાસ યાદ આવતા... ને આ નિકૃષ્ટ કાળમાં, મુનિવરોના વિરહ વખતે પણ, જાણે તેમના જેવો જ લાભ મળ્યો હોય —એવો આનંદ ભકતોને થતો.

બ્યાવરા : પૂ. ગુરુદેવ સાંજે બ્યાવરા પધારતાં ત્યાંના સમાજે પ્રેમપૂર્વક લાંબુલાંબુ સ્વાગત કર્યું. ગુરુદેવે જિનમંદિરના દર્શન કર્યા...અહીં દિ૦ જૈનોના ૨૫–૩૦ ઘર છે. રાત્રે એક કલાક તત્ત્વચર્ચા થઇ.... સેંકડો માણસો અધ્યાત્મચર્ચા સાંભળીને ખુશી થયા. ગુરુદેવ રાત અહીં ડાકબંગલામાં રોકાયા હતા.

રાઘવગઢ : બીજે દિવસે (માહ સુદ ચોથે) સવારમાં બ્યાવરાથી ગુના તરફ જતાં વચ્ચે રાઘવગઢ આવ્યું. રાઘવગઢગામ, મુંબઇ–આગ્રાની મુખ્ય સડક ઉપર, સડકથી અઢી માઇલ દૂર આવેલું છે, પરંતુ આજે સવારમાં કાનજીસ્વામી અહીંથી પસાર થવાના છે એવી

ત્યાંના સમાજને ખબર પડી ગઈ હોવાથી, ત્યાંના ઉત્સાહી લોકો ધામધૂમથી ગુરુદેવના દર્શન અને સ્વાગત કરવા માટે અઢી માઈલ દૂર સડક ઉપર આવીને ઉભા હતા, સાથે બેન્ડવાજાં અને રેંકડીમાં લાઉડસ્પીકર પણ લાવ્યા હતા....ગુરુદેવ માટે દૂધ પણ લાવ્યા હતા. તેઓની નજર પડે તે પહેલાં તો ગુરુદેવ રાઘવગઢ ગામમાં જઇને ત્યાંના બે દિ. જિન-મંદિરોનાં દર્શન કરી આવ્યા. ત્યાં પૂજારીએ તથા ગામના માણસોએ ગુરુદેવને દેખીને બહુ હર્ષ બતાવ્યો... ત્યાંથી દર્શન કરીને ગુરુદેવ જેવા સડક ઉપર આવ્યા કે તેમને જોતાં જ ત્યાં એકઠા થયેલ રાઘવગઢના જૈનસમાજમાં હર્ષનો કોલાહલ થઈ ગયો...સૌએ ઘણા પ્રેમપૂર્વક જયજયકારથી ગુરુદેવનું સ્વાગત કર્યું. અને પછી ત્યાં જ ગુરુદેવે લગભગ ૧૫ મિનિટ મંગલપ્રવચન કરીને તેઓને ચૈતન્યરસનું પાન કરાવ્યું. ત્યારબાદ ગુરુદેવની મોટર ગુના તરફ આગળ વધી, સંઘની બીજી કેટલીક મોટરો પણ સાથે જ હતી, જેમાં સોનગઢ-સંસ્થાનું સ્ટેશનવેગન પણ હતું. પૂ. બેનશ્રીબેન, પ્રમુખશ્રી રામજીભાઇ વગેરે આજે આ સ્ટેશનવેગનમાં બેઠા હતા. ગુરુદેવની સાથે સાથે જ મોટરો દોડતી જતી હતી, તેથી સૌને હર્ષ થતો હતો....એવા હર્ષપૂર્વક પ્રવાસ કરતાં ગુરુદેવના સ્વાગત પહેલાં સૌ ગુનાશહેર આવી પહોંચ્યા.



# ગુનાશહેર

માહ સુદ ચોથે ગુરુદેવ ગુનાશહેર પધાર્યા કે તરત જ હજારોની માનવમેદનીએ ઉમળકાપૂર્વક ગુરુદેવનું ભવ્ય સ્વાગત કર્યું. શહેરને ઠાઠમાઠથી શણગાર્યું હતું; ઠેરઠેર દરવાજાઓ અને તોરણોથી બજાર શોભતી હતી...પોતાની દુકાનો પાસે કોઈએ સીંદરીના બંડલોનો કળામય દરવાજો બતાવ્યો હતો, તો કોઈએ કાપડના તાકા ગોઠવીને, અને કોઈએ બેટરી-ફાનસ વગેરે સામાનો ટાંગીને, (જેને જે ચીજનો વેપાર હોય તે ચીજોમાંથી) સુંદર દરવાજાઓ રચ્યા હતા...ને અકલંક દરવાજા, કુંદકુંદ દરવાજા વગેરે નામો આપ્યા હતા. આ રીતે ભવ્ય સ્વાગત, જિનમંદિરના દર્શન કરીને, પ્રવચન માટેના ખાસ મંડપમાં આવ્યું. મંડપ તદ્દન નવા કાપડમાંથી બહુ સુશોભિત બનાવવામાં આવ્યો હતો, ને તેમાં ગુરુદેવની બેઠક માટેની ખૂબજ ઊંચી વ્યાસપીઠ બહુ શોભતી હતી. ત્યાં ગુરુદેવે મંગલપ્રવચન કર્યું. વિશાળ મંડપ લગભગ ૧૨ થી ૧૫ હજાર માણસોથી ઊભરાઇ જતો હતો. ફક્ત ત્રીસેક હજારની વસતીવાળા ગામમાં, પંદર-પંદર હજાર માણસોની સભા થાય એ દેખીને સૌને આશ્ચર્ય થતું. ખાસ ગુરુદેવના દર્શનનો અને પ્રવચનનો લાભ લેવા માટે અશોકનગરથી સ્પેશ્યલટ્રેઇનમાં લગભગ બે હજાર માણસો આવ્યા હતા, બુંદીકોટાથી પણ હજારો માણસો આવ્યા હતા. ને આસપાસના બીજા પણ અનેક ગામોથી ઘણા માણસો આવ્યા હતા. ગુનામાં બે દિવસ સુધી જાણે કોઈ મોટો ધાર્મિક મેળો ભરાયો હોય - એવું વાતાવરણ જામેલું હતું.

ગુનામાં શેઠશ્રી પન્નાલાલજી, ગટુલાલજી, રાજમલ્લજી વગેરે ઘણા ભાઇઓને ગુરુદેવ પ્રત્યે ખૂબ ભક્તિભાવ છે, ને તેઓ વારંવાર સોનગઢ આવીને શિક્ષણવર્ગમાં પણ લાભ લે છે. ગુરુદેવ અહીં પધારતાં શેઠ પન્નાલાલજીએ તેમજ દિ૦ જૈનસમાજના બધાજ ભાઇઓએ ઘણો ઉલ્લાસ બતાવ્યો હતો; સંઘના દરેકે દરેક ઉતારે વારંવાર જાતે જઇને તેઓ યાત્રિકોની આગતાસ્વાગતા કરતા; સાદા ભોજનની સાથે ચાર ચાર પ્રકારના મિષ્ટાન્ન કરીને સંઘને બહુ વાત્સલ્યપૂર્વક જમાડતા...ને ચા-દૂધ, ગરમપાણી વગેરે ઉતારે ઉતારે પહોંચાડતા. કોઈ કહે કે તમે તો સંઘની બહુ મહેમાનગતિ કરી,-તો તેઓ કહેતા કે અરે, અમારા આંગણે આવો અવસર કયાંથી? અમારા મહાભાગ્યે ગુરુમહારાજ અમારા આંગણે પધાર્યા છે, અમે જેટલું કરીએ તેટલું ઓછું છે.

રાત્રે ચર્ચામાં પણ ૬-૭ હજાર ભાઇ-બેનો લાભ લેતા. પહેલે દિવસે ચર્ચા પછી શ્રી વછરાજજી શેઠની અધ્યક્ષતામાં અહીંની પાઠશાળાનો વાર્ષિક ઉત્સવ ઉજવાયો હતો, તેમાં બાળકોએ 'સીતાહરણ' નાટિકા ભજવી હતી. તેમજ લોકોના ખાસ આગ્રહથી પૂ. બેનશ્રી-બેને થોડીવાર ભક્તિ કરાવી હતી, ભક્તિમાં જાત્રાનો ઉલ્લાસ વ્યક્ત કરતાં તેઓ નીચે મુજબ ગવડાવતા —

આનંદ મંગળ આજ હમારે આનંદ મંગળ આજ જી...
ગુરુવર સાથે યાત્રા કરતાં આનંદનો નહિ પાર જી...
જિનવરપ્રભુકા દર્શન પાતે આનંદ મંગળ આજ જી...
સિદ્ધપ્રભુકા દર્શન પાતે આનંદનો નહિ પાર જી...
સિદ્ધપ્રભુજી હૈયે બિરાજે આનંદ મંગળ આજ જી...
સમ્મેદશિખરની યાત્રા કરતાં આનંદનો નહિ પાર જી...

આ સિવાય, "આજ મારે જિનવરજી કો શરણો"—એ ભજન પણ ગવડાવ્યુ હતુ.

અહીં ગુના શહેરમાં બે જિનમંદિરો છે, બંને પુરાણા છે; એક મંદિરમાં અનેક પ્રાચીન પ્રતિમાઓ છે, તેમાં કેટલાક ખડ્ગાસન પ્રતિમાજીનો દેખાવ બહુ ભવ્ય છે. યાત્રિકોએ ત્યાં દર્શન તેમજ પૂજનભક્તિ કર્યા.

પૂ. ગુરુદેવનો ઉતારો ગેસ્ટહાઉસમાં હતો .. અને ભોજન શેઠ પન્નાલાલજી, ગટ્ટુલાલજી રાખન, શેઠ રાજમલજી (જૈન સ્ટોરવાળા) વગેરેને ત્યાં થયું હતું. પૂ. બેનશ્રીબેનનો ઉતારો ઊંડીઊંડી ગૂફા જેવા એક મકાનમાં શોભતો હતો.

બજરંગઢ:—ગુનાથી પાંચ માઈલ દૂર બજરંગઢ ગામે બે દિ. જિનમંદિર છે. ત્યાં પણ યાત્રિકો દર્શન કરવા ગયા હતા...બસમાંથી ઊતરીને આનંદથી ભક્તિ ગાતાં ગાતાં જિન-મંદિરમાં ગયા....ને અંદર જઇને ભોંયરા જેવા ભાગમાં નજર કરી ત્યાં તો, અહા ! મોટા મોટા ત્રણ ભગવંતો દેખાયા....જાણે ઊંડીઊંડી ગૂફામાં મુનિવરો ધ્યાનમાં ઊભા હોય ! શાંતિનાથ-કુંથુનાથ-અરનાથ એ ત્રણ ચક્રવર્તી તીર્થંકરોની ત્રિપુટી ઘણી અદ્‌ભુત છે.... અસલ પાવાગીર-ઉન જેવો જ દેખાય છે. વચલા ભગવાન ૨૦ ફૂટ ઊંચા, ને આજુબાજુના ૧૫-૧૫ ફૂટ ઊંચા, એ ત્રણે ભગવંતોની ભવ્યમુદ્રાના દર્શનથી સૌને ઘણો આનંદ થયો.... ને ભક્તિથી અર્ઘ ચડાવીને પૂજન કર્યું. ત્યાંથી બીજા મંદિરના દર્શન કરીને, ભક્તિ કરતાં કરતાં પછા ગુના આવ્યા.

માહ સુદ (બીજી) ચોથે બપોરના પ્રવચન પછી સંઘે ગુનાથી પ્રસ્થાન કર્યું. આ રીતે ગુનાશહેરનો બે દિવસનો પ્રભાવશાળી કાર્યક્રમ પૂરો થયો. ગુનાના જૈનસમાજે સંઘના સ્વાગત માટે જે હાર્દિક વાત્સલ્ય બતાવ્યું તે પ્રશંસનીય છે.

⊙ ⊙ ⊙

**બદરવાસ-કોલારસ-સેસઇ-શિવપુરી** (માહ સુદ ચોથ): ગુનાથી પ્રસ્થાન કરીને ગુરુદેવ બદરવાસ ગામે પધાર્યા; ત્યાંના ચૈત્યાલયમાં જિનેન્દ્ર ભગવાનના દર્શન કરીને, અને ડાકબંગલામાં ભોજન કરીને, તરત ત્યાંથી કોલારસ પધાર્યા. કોલારસ પુરાણું ગામ છે ને ત્યાં બે જિનમંદિરો છે, તેમાં મોટા મોટા ભવ્ય પ્રતિમાઓ બિરાજે છે; તેમજ હસ્તલિખિત પ્રતોનો સંગ્રહ પણ છે. ગુરુદેવ અહીં દર્શન કરવા રોકાયા. એક મંદિરમાં મોટા મોટા ૧૦ ખડ્ગાસન ભગવંતોને દેખીને ગુરુદેવને બહુ આનંદ થયો...અને ઘણા ભાવથી એ ભગવંતોને નીહાળી રહ્યા.. સામે ત્રણ ભગવંતો, તથા આજુબાજુ ત્રણ ત્રણ ભગવંતો, એ રીતે એકજ નિજમંદિરમાં નવ ભગવંતો ખડ્ગાસને અદ્ભુત શોભી રહ્યા છે ત્રણ દિશામાં ત્રણ ત્રણ ભગવંતોની ત્રિપુટી એમ જ દર્શાવી રહી છે કે આ રીતે રત્નત્રયની એકતાવડે અમે આ અર્હંતપદ પામ્યા છીએ. આમાં વચ્ચેની મુખ્ય પ્રતિમા શ્રી ચંદ્રપ્રભસ્વામીની ૧૨ ફૂટ ઊંચી છે. આજુબાજુની જે ત્રણ ત્રણ પ્રતિમા છે તે છએ પાર્શ્વનાથપ્રભુની છે ને સાત ફૂટ ઊંચી છે. નિજમંદિરની બહાર અજિતનાથ ભગવાનની ૯ ફૂટની એક ચમકદાર ભવ્ય પ્રતિમા છે. અહા! ગુરુદેવના હૃદયમાં એ દસે ભગવંતો વસી ગયા છે....તેઓ કહેતા કે: એકસાથે આવડા મોટામોટા દસ ખડ્ગાસન ભગવંતો આપણે તો જિંદગીમાં અહીં પહેલી જ વાર જોયા. —ત્યાં ભાવપૂર્વક દર્શન કર્યા બાદ બીજા મંદિરમાં પણ દર્શન કરીને આગળ જતાં સેસઇ ગામ આવ્યું, ત્યાં પણ જિનમંદિરના દર્શન કરવા રોકાયા. સેસઇ ગામમાં ખાસ વસ્તી નથી; એક જિનમંદિર જર્જરિત અવસ્થામાં છે. તેમાં પંદર ફૂટ ઊંચા (નવગજા) ભવ્ય જિનપ્રતિમા બિરાજે છે. ત્યાં ભાવપૂર્વક દર્શન કરીને સાંજે સાત વાગે શિવપુરી પહોંચ્યા. ત્યાં એક જિનમંદિરમાં દર્શન કર્યા. તે ઉપરાંત બીજું એક બાવનગજા મંદિર કહેવાય છે તેમાં હાલ અન્ય મતીઓનો અધિકાર હોવા છતાં મૂળ તે જૈનોનું છે, તેમાં માનસ્તંભ અને ચરણપાદૂકા વગેરે પણ છે. અહીં રાત્રે ઠંડી છતાં ખુલ્લા ચોકમાં તત્ત્વચર્ચા થઇ, તેમાં અનેક શ્વેતાંબર ભાઇઓ સહિત સેંકડો માણસોએ લાભ લીધો હતો. અહીં રાત રોકાઇને માહ સુદ પાંચમની સવારમાં ગુરુદેવ ઝાંસી તરફ પધાર્યા.

# ઝાંસી નગરી

## * માહ સુદ પાંચમ *

પૂ. ગુરુદેવ ઝાંસી પધારતાં દિ. જૈનસમાજે લશ્કરીબેન્ડથી સ્વાગત કર્યું. મંગલપ્રવચન બાદ ગુરુદેવે તેમજ યાત્રિકોએ અહીંના નવ જેટલા જિનમંદિરોનાં દર્શન કર્યાં. સોનગઢમાં બેનોના બ્રહ્મચર્યાશ્રમના ઉદ્દ્ઘાટનનો આજનો દિવસ વીરાંગના લક્ષ્મીબાઇની ઝાંસીનગરીના ભાગે આવ્યો; અહીં 'ઝાંસીકી રાણી' લક્ષ્મીબાઇનું વીરતાસૂચક પૂતળું જોતાં ધાર્મિક વીરતાનું ખરું ઝાંસીનગર સોનગઢ યાદ આવતું,-આત્મિક વીરતાવડે ચૈતન્યરાજની સ્વતંત્રતાને સાધનારા આત્માર્થી વીરાંગનાઓની નગરી તો સોનગઢ છે. ગુરુદેવનો ઉતારો 'વર્ણીભવન' ધર્મશાળામાં હતો. સંઘના ભોજનની વ્યવસ્થા જૈનસમાજ તરફથી થઇ હતી, ને ગુરુદેવનું ભોજન ફૂલચંદ ગુલાબચંદ શેઠને ત્યાં થયું હતું. બપોરે ૨–૧૫ થી ૩–૧૫ પ્રવચન થયું હતું. ગુનાથી થુબોનજી-ચંદેરી તરફ ગયેલા કેટલાક યાત્રિકો અહીં ગુરુદેવના પ્રવચન પહેલાં આવી ગયા હતા. પ્રવચન બાદ સ્થાનિક દિ. જૈનસમાજ તરફથી ગુરુદેવનો આભાર માન્યો હતો, અને યાત્રાસંઘની આગતાસ્વાગતા કરવા માટે મંત્રીજીએ અહીંના સમાજનો આભાર માન્યો હતો. તથા તેઓને સોનગઢ આવવાનું આમંત્રણ આપ્યું હતું. આ રીતે સોનગઢ આવવાનું આમંત્રણ તો લગભગ દરેકે દરેક ગામે આપવામાં આવતું હતું. પ્રવચન બાદ તરત ગુરુદેવે લલિતપુર તરફ પ્રસ્થાન કર્યું.

લલિતપુર પૂ. ગુરુદેવની સાથે આખા સંઘને જવાનો પ્રોગ્રામ ન હતો; એટલે જે યાત્રિકો થુબોનજી–ચંદેરી વગેરે જોઇને ઝાંસી આવી ગયા હતા તેઓમાંથી કેટલાક યાત્રિકો તે જ દિવસે ઝાંસીથી પ્રસ્થાન કરીને સોનાગિરિ-સિદ્ધક્ષેત્ર પહોંચી ગયા ને કેટલાક ઝાંસીની



એક ધર્મશાળામાં રાત રોકાઇને બીજે દિવસે સોનાગિરિ પહોંચ્યા. આ રીતે સોનાગિરિ વહેલા પહોંચેલા યાત્રિકોને આખો દિવસ ગુરુદેવ વગર ચેન નહોતું પડતું...જો કે માહ સુદ છઠ્ઠે ઘણાખરા યાત્રિકોએ સોનાગિરિ–સિદ્ધક્ષેત્રની શાંતિપૂર્વક જાત્રા કરી, તોપણ હજી ગુરુદેવ સાથેની જાત્રા તો બાકી જ હતી...ને યાત્રિકો ગુરુદેવ પધારવાની આતુરતાપૂર્વક રાહ જોતા હતા.

હવે આપણે પ્રથમ થુબોનજી, ચંદેરી તથા દેવગઢનું અવલોકન કરી લઇએ...પછી પૂ. ગુરુદેવના ઝાંસીથી સોનાગિરિ સુધીના કાર્યક્રમનું અવલોકન કરીએ; અને ત્યારબાદ ગુરુદેવ સાથે ઉલ્લાસપૂર્વક સોનાગિરિ–સિદ્ધક્ષેત્રની યાત્રા કરશું.

થુબોનજી: ગુનાથી કેટલાક યાત્રિકો સીધા થુબોનજી ગયા હતા. થુબોનજી શાંત-રળિયામણું અતિશયક્ષેત્ર છે. જ્યાં તીર્થંકર ભગવાનના કલ્યાણક થયા હોય તેને તીર્થભૂમિ કહેવાય છે, જ્યાંથી આરાધક જીવો સિદ્ધપદ પામ્યા હોય તેને સિદ્ધક્ષેત્ર કહેવાય છે; અને એ બે સિવાય, જે ભૂમિમાં રત્નત્રય–આરાધક સંતો વિચર્યા હોય, જ્યાં તેઓએ જ્ઞાનધ્યાન કર્યા હોય અથવા જ્યાં વિશિષ્ટ જિનબિંબ વગેરે બિરાજતા હોય તેને અતિશયક્ષેત્ર કહે છે. અહીં હારબંધ પચીસ દેરીઓ છે, દરેકમાં મોટામોટા પાંચથી પચીસ ફૂટના ખડ્ગાસન પ્રતિમા બિરાજે છે. દરેક મંદિરનો લગભગ અડધો ભાગ જમીનની અંદર ભોંયરા જેવો છે. અંદર ઊતરીને ભોંયરામાં બિરાજમાન ભગવાનને નીહાળતાં ધ્યાનની પ્રેરણા જાગે છે. બહારથી જુઓ તો નાની દેરી ને નાનાં બારણા, પણ અંદર જઇને જોતા મોટાં ભગવાનને દેખીને આનંદ થાય છે. તેમાં ૧૨ પ્રતિમા તો પાર્શ્વનાથ ભગવાનના છે. પ્રતિમાની શિલ્પકળા જુનવાણી સાદી ઢબની છે. અહીં દર્શન કરીને તથા અર્ઘ ચડાવીને ચોવીસ ભગવંતોના દર્શન કરવા માટે બીજા તીર્થધામ આવ્યા.

કયા તીર્થધામ આવ્યા ?...ચંદેરી ...ચંદેરી...
ચોવીસ પ્રભુ બિરાજે કયાં ? ...ચંદેરી...ચંદેરી...

ચંદેરી : આનંદપૂર્વક ભક્તિની ધૂન કરતાં કરતાં રાત્રે ચંદેરી પહોંચ્યા. સૌ યાત્રિકો રાત્રે જ આનંદપૂર્વક જિનમંદિરમાં દર્શન કરી આવ્યા. ત્યારબાદ બીજે દિવસે ( માહ સુદ પાંચમે ) સવારમાં ફરીને દર્શન કરવા ગયા. અહીં ચોવીસી મંદિરમાં ૨૪ પ્રતિમાજી બિરાજે છે. તેનો વર્ણ પણ દરેક ભગવાનના વર્ણ અનુસાર છે. ચંદેરીની આ ચોવીસી પ્રસિદ્ધ છે. જિનમંદિરમાં ચારે બાજુ હારબંધ ૨૪ શિખરબંધ દેરીઓ છે તેમાં આ ચોવીસી બિરાજમાન છે. દરેક ભગવાન સોનગઢના સીમંધર ભગવાન જેવડા છે. મુદ્રા બહુજ ભાવવંતી છે. આ ચોવીસ ભગવંતોના દર્શનથી સૌને આનંદ થયો; તદ્દન નાનકડા

પ્રવેશદ્વારદ્વારા દેરીમાં જઇને ભાવથી ભગવાનના દર્શન કરી, અર્ઘ ચડાવી, દરેક ભગવાનની સ્તુતિ (જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી-ઈત્યાદિ) બોલતા. એક પછી એક ચોવીસે ભગવંતોના દર્શન-અર્ચન અને સ્તવન કર્યા બાદ, ૨૪ ભગવંતોની વચ્ચેના ચોકમાં ઘણા આનંદપૂર્વક ભક્તિ કરી.

મૈં ચોવીસ જિનવરકો ચિત્તમેં લગાકર ધ્યાઉં રે......
મૈં પ્રભુ ભક્તિમેં દિલકો લગાકર બોલું રે.

એ રીતે ચોવીસીમંદિરમાં દર્શન-ભક્તિથી યાત્રા જેવો આનંદ આવ્યો. ત્યારબાદ બીજા બે પ્રાચીનમંદિરોમાં પણ દર્શન કર્યા, તેમાં ભોંયરામાં વેદી ઉપર અનેક પ્રતિમા બિરાજે છે.

જિનમંદિરોના દર્શન બાદ યાત્રિકો ચંદેરીથી એક માઇલ દૂર ખંદારગિરિ-પહાડ ઉપર ગયા; આ નાનાશા પર્વતમાં અનેક જિનપ્રતિમા કોતરેલા છે; તેમાં એક પ્રતિમા લગભગ ૨૫ ફૂટ મોટા ખડ્‌ગાસને છે, તે જર્જરિત હાલતમાં હોવા છતાં મુદ્રા વગેરે સ્પષ્ટ દેખાય છે. એ પર્વતમાં કોતરેલા પ્રતિમાજીને દૂરથી જોતાં એવું લાગે છે કે જાણે ચોથા કાળના કોઇ મુનિરાજ પર્વત ઉપર ધ્યાનમાં ઊભા હોય. પર્વતની ટોચ ઉપર એક સુંદર ગૂફા છે તેમાં પણ અનેક જિનબિંબો કોતરેલા છે. અહીં પર્વત ઉપર શાંતગુફામાં જિનેન્દ્ર ભગવાનની સન્મુખ બેસતાં મુમુક્ષુને ધ્યાનની પ્રેરણા જાગે છે ને ત્યાં બેસી રહેવાનું મન થાય છે. પર્વત પર જતાં રસ્તામાં કયાંક કયાંક જર્જરિત જૂનાં પગલાં સ્થાપિત નજરે પડે છે,-એ ઉપરથી એમ અનુમાન થાય છે કે પૂર્વે અહીં અનેક સન્તો વિચર્યા હશે. ચંદેરીથી સાતેક માઈલ પર બુઢીચંદેરી છે, ત્યાં પણ કલામય અનેક પ્રાચીન પ્રતિમાઓ બિરાજે છે. ઘણા યાત્રિકો ત્યાં પણ દર્શન કરવા ગયા હતા.

એ રીતે ચંદેરી વગેરેના દર્શન કરીને યાત્રિકો ઝાંસી પહોંચ્યા; ત્યાં પૂ. ગુરુદેવનું પ્રવચન સાંભળીને અને જિનમંદિરનાં દર્શન કરીને સવારે સોનાગિરિ પહોંચ્યા. ત્યાં પર્વત ઉપર દર્શન કરીને ગુરુદેવ પધારવાની રાહ જોવા લાગ્યા.

દેવગઢ : કેટલાક યાત્રિકો દેવગઢ પણ ગયા હતા; અહીંના પર્વત ઉપર ૪૫ જેટલા પુરાણા ભવ્ય જિનમંદિરો છે અને એટલા બધા જિનબિંબો છે કે જાણે જિનેન્દ્રભગવંતોની એક નગરી જ વસી ગઈ હોય! અહીંને માટે એમ કહેવાય છે કે, ચોખાની આખી ગુણ ભરી હોય ને અહીંના એકેક પ્રતિમા પાસે ચોખાનો ફક્ત એકેક દાણો જ મુકીએ તો પણ તે ચોખા ખૂટી પડે. ઠેર ઠેર વીખરાયેલો જિનવૈભવ નજરે પડે છે; વીખરાયેલો હોવા છતાં ગૌરવપૂર્વક એ જૈનધર્મની જાહોજલાલીની કથા સંભળાવી રહ્યો છે. અહીંના પ્રતિમાજીની

કળા ખાસ વખણાય છે. મોટામોટા ખડ્ગાસન પ્રતિમાઓનું દૃશ્ય ઘણું ભવ્ય છે. એક ઠેકાણે તો ચક્રવર્તીની દીક્ષાનો દેખાવ છેઃ ચક્રવર્તી રાજા દીક્ષા લઈને મુનિ થયા છે, તેમણે છોડેલા નવનિધાનો ને ૧૪ રત્નો બાજુમાં ચરણ પાસે પડ્યા છે...પણ મુનિરાજ તેની સામે જોતા નથી.—એ દૃશ્ય જોતાં જાણે કે હમણાં જ ચક્રવર્તી દીક્ષા લઈ રહ્યા હોય, ને ચૈતન્ય-નિધાનમાં એકાગ્ર થયા હોય! ચૈતન્યના ધ્યાનની મહત્તા ને નવનિધાનની તુચ્છતા ત્યાં પ્રગટ પ્રતિભાસે છે. આ ઉપરાંત એક દિગંબર આચાર્ય ધર્મોપદેશ દઈ રહ્યા છે—એ દૃશ્ય પણ સુંદર અને ભાવવાહી છે, ને દિગંબર મુનિમાર્ગને તે પ્રસિદ્ધ કરે છે; જાણે કે અંતર્મુખ થવાની દેશના દેતાં દેતાં સ્વરૂપમાં ઠરી જતા હોય—એવો અદ્ભુત એનો દેદાર છે. વળી કેટલાક મુનિવરો પુરુષાકારે ધ્યાનમાં ઊભા છે. વર્ષાઋતુમાં વૃક્ષતળે ચાતુર્માસયોગ ધારણ કરીને ધ્યાનની મસ્તીમાં એવા એકાગ્ર છે કે વાળ વધી જવા છતાં લોચ કરવાનો વિકલ્પ પણ નથી ઊઠતો; ઉપરથી વરસાદની ધારા વરસે છે ને વાળ ભીંજાઈને તેમાંથી પાણી ટપક ટપક નીતરી રહ્યું છે, મુનિરાજને તો અંતરમાં આનંદરસની ધારા ટપકી રહી છે. અહા, જાણે ચોથા કાળમાં વિચરતા કોઈ મુનિરાજના જ સાક્ષાત્ દર્શન કરી રહ્યા હોઈએ એવા ભાવો ભક્તોને ઉલ્લસે છે. (જો કે આ સ્થાન બધા યાત્રિકોએ જોયું નથી પણ જેમણે જોયું છે તેઓ તેનું ભાવભીનું વર્ણન કરતાં ઉત્સાહમાં આવી જાય છે. સં. ૨૦૧૫ માં દક્ષિણયાત્રા વખતે ગુરુદેવે સંઘસહિત આ દેવગઢની યાત્રા કરી છે તેનું વર્ણન દક્ષિણયાત્રામાં આવશે.) દેવગઢ દર્શન કરવા ગયેલા યાત્રિકો પણ લલિતપુર થઈને સોનાગિરિ પહોંચી ગયા.

—૦—

**બબીના તથા તાલહબેટ :** ઝાંસીથી માહ સુદ પાંચમની બપોરે પ્રસ્થાન કરીને ગુરુદેવ બબીના ગામે પધાર્યા; અહીં દિ૦ જૈનોના ૪૦ જેટલા ઘર છે. તેઓ ઘણા પ્રેમપૂર્વક ગુરુદેવના દર્શન કરવા સડક ઉપર આવેલા હતા; અહીં ગુરુદેવે પાંચમિનિટ મંગલપ્રવચન કર્યું. ત્યાંથી લલિતપુર જતાં વચ્ચે તાલહબેટ આવ્યું. તાલહબેટમાં દિ૦ જિનમંદિરનો પ્રતિષ્ઠામહોત્સવ ગઈ કાલે જ પૂરો થયો હતો ને મોટી રથયાત્રા નીકળી હતી. તાજા જ પ્રતિષ્ઠિત થયેલા જિનમંદિરમાં ગુરુદેવે દર્શન કર્યા અને પ્રતિષ્ઠા માટેના મંડપમાં દસ મિનિટ પ્રવચન કર્યું...તેમાં જિનેન્દ્રભગવાનની વાસ્તવિક ઓળખાણ કઈ રીતે થાય ને આત્મામાં જિનેન્દ્રભગવાનની પ્રતિષ્ઠા કઈ રીતે થાય—તે સમજાવ્યું, તે સાંભળીને ઉપસ્થિત જનતાને આનંદ થયો. ભજનસાગર પં. ભૈયાલાલજી તથા બીજા એકબે વિદ્વાનો અહીં ગુરુદેવના દર્શનથી ખુશી થયા. સાંજનું ભોજન અહીં કરીને ગુરુદેવે લલિતપુર તરફ પ્રસ્થાન કર્યું.... એકાએક રસ્તામાં સડક ઉપર લલિતપુરના શેઠ શ્રી જિનેન્દ્રદાસજી તથા તથા પં. પરમેષ્ઠી-

દાસજીને ઉભેલા જોયા; ગુરુદેવની સામે આવતાં એમની મોટર અટકી ગયેલી તેથી તેઓ અધવચ્ચે ઊભા હતા; તેમને સંઘની મોટરમાં સાથે લઈ લીધા ને સાંજે છ વાગતાં સૌ લલિતપુર પહોંચી ગયા.

લલિતપુર : પૂ. ગુરુદેવ લલિતપુર પધારતાં જ ત્યાંની જનતાએ ઉમળકાથી ભવ્ય સ્વાગત કર્યું....સ્વાગતમાં હજારો માણસો ઊભરાઈ પડ્યા હતા. પ્રવચન બાદ જાહેર રસ્તા ઉપરના ખાસ મંડપમાં ગુરુદેવે મંગલ સંભળાવ્યું. પૂ. બેનશ્રીબેનની 'સતસેવિની' પણ અહીં આવી પહોંચી હતી; તેમજ આગ્રાના દિવસો નક્કી કરવા માટે ત્યાંના શેઠશ્રી મટરુ-મલજી તથા શેઠશ્રી સૌભાગ્યમલજી વગેરે ભાઈઓ પણ અહીં આવ્યા હતા. રાત્રે એક કલાક સુંદર તત્ત્વચર્ચા થઈ તેમાં પાંચેક હજાર માણસોએ ભાગ લીધો. બીજે દિવસે સવારમાં ગુરુદેવનું પ્રવચન સાંભળીને જનતા બહુ પ્રસન્ન થઈ. પહેલેથી કાર્યક્રમમાં ન હોવા છતાં લલિતપુરની જનતાને પૂ. ગુરુદેવનો જે લાભ મળ્યો તેનો મુખ્ય યશ પં. પરમેષ્ઠીદાસજીને આપીએ તો તે અયોગ્ય નહિ ગણાય. તેમને ગુરુદેવ પ્રત્યે ઘણો પ્રેમ છે, તેઓ અનેકવાર સોનગઢ આવી ગયા છે. ભા. વ. દિ. જૈન વિદ્વત્પરિષદનું ત્રીજું અધિવેશન સોનગઢમાં થયું તેના મૂળપ્રેરક પણ તેઓ જ હતા, અને સોનગઢના અનેક સાહિત્યનું હિંદી ભાષાંતર તેમણે કર્યું છે. ગુરુદેવ લલિતપુર પધારતાં તેમને ઘણો ઉલ્લાસ થયો. પ્રવચન બાદ લલિતપુરના કવિરાજ 'હરિ'એ સ્વાગતગીત ગાયું. લલિતપુરમાં અનેકવેદીસંયુક્ત બે ભવ્ય જિનમંદિરો છે, આ મંદિરો ઉપરાંત ત્રીજા એક મંદિરમાં ગુરુદેવ સાથે સૌએ દર્શન કર્યાં. ગામની બહારના ભાગમાં એક વિશાળ મંદિર છે તેમાં અનેક વેદી ઉપરાંત ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ વગેરે ભગવંતોની પ્રાચીન પ્રતિમાઓ છે. અહીં દર્શન કરીને ૧૧॥ વાગે ગુરુદેવ ચંદેરીના દર્શને પધાર્યા.


ચંદેરી : ચંદેરી પ્રાચીન ક્ષેત્ર છે, ત્યાં દિ. જૈનોના ૬૦ ઘર છે. ચંદેરીની ચોવીસી વગેરેનું વર્ણન આપણે અગાઉ કરી ગયા છીએ. પૂ. ગુરુદેવ ચંદેરી પધારતાં ત્યાંના લોકોએ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું; આજુબાજુના ગામથી પણ અનેક માણસો ગુરુદેવના દર્શને આવ્યા હતા...ગુરુદેવે ૧૫ મિનિટ સુધી મંગલપ્રવચન કર્યું. અહીંની ચોવીસીના દર્શન કરતાં ગુરુદેવને ઘણી પ્રસન્નતા થઈ. ચંદેરી-ચોવીસીના ભક્તિપૂર્વક દર્શન કરીને ગુરુદેવ પાછા લલિતપુર પધાર્યા...ને ત્યાંથી સોનાગિરિ તરફ પ્રસ્થાન કર્યું. વચ્ચે સાંજે લગભગ ૪॥ વાગે ઝાંસી આવ્યું...ત્યાં કલ્યાણવર્ષિણી પેટ્રોલ ભરવા રોકાણી, તે દરમિયાન ગુરુદેવે સાંજનું ભોજન ત્યાંજ કરી લીધું....અને તરત ત્યાંથી પ્રસ્થાન કર્યું. પૂ. બેનશ્રીબેનની "સતસેવિની" તથા બીજા કેટલાક યાત્રિકોની મોટરો પણ સાથે જ હતી.

આ તરફ, સોનાગિરિ સિદ્ધક્ષેત્રમાં ભક્તજનો ક્યારનાય ગુરુદેવની રાહ જોઈ રહ્યા છે, અને ગુરુદેવ પણ સિદ્ધક્ષેત્ર તરફ નીરખીને ભક્તોને યાદ કરી રહ્યા છે, એટલે ગુરુદેવને ઝડપથી સિદ્ધક્ષેત્ર પહોંચાડીને ગુરુ-શિષ્યોનું મિલન કરાવવા માટે "કલ્યાણવર્ષિણી" મોટર પૂરપાટ સિદ્ધક્ષેત્ર તરફ દોડી રહી છે...ગુરુદેવ મોટરમાં બેઠા બેઠા વનપર્વતના વાતાવરણનું પ્રસન્નતાપૂર્વક અવલોકન કરી રહ્યા છે. હવે તો સોનાગિરિ-સિદ્ધક્ષેત્ર ઉપરના જિનમંદિરોના ઉજ્વલ શિખરોનો સમૂહ પણ દૂરદૂરથી દેખાઈ રહ્યો છે....ગુરુદેવ કહે છે કે : 'વાહ ! પર્વતનો દેખાવ તો સરસ છે !' અહા, જાણે કે મુનિવરોનો સમૂહ પર્વત પર ધ્યાન ધરીને ઊભો હોય, ને મુનિઓ શુક્લધ્યાનની શ્રેણીવડે કેવળજ્ઞાન પામી પામીને સિદ્ધાલયમાં સિધાવતા હોય....એવું એના ઉજ્જવલ શિખરોનું દૃશ્ય દેખાય છે. પર્વતને ચકરાવો લેતાં લેતાં થોડીવારમાં જ સોનાગિરિસિદ્ધક્ષેત્રમાં આવી પહોંચ્યા...ને "કલ્યાણવર્ષિણી"ના કર્ણમધુર સુર વડે ગુરુદેવ આવી-પહોંચ્યાની વધામણી સાંભળતાં ભક્તજનો હર્ષભેર ગુરુદેવનું સ્વાગત કરવા દોડ્યા.





# સોનાગિરિ સિદ્ધક્ષેત્ર



પૂ. ગુરુદેવ સોનાગિરિસિદ્ધક્ષેત્રે પધારતાં જ યાત્રિકોએ જયજયકારપૂર્વક મંગલગીત ગાતાંગાતાં સ્વાગત કર્યું...એક દિવસના વિરહ બાદ ગુરુદેવના દર્શન થતાં સૌ પ્રફૂલ્લિત થયા...સ્વાગત બાદ થોડીવારમાં પૂ. ગુરુદેવ તથા યાત્રિકો જિનમંદિરના દર્શન કરવા આવ્યા. દર્શન કર્યા બાદ ગુરુદેવે કહ્યું : ચાલો ભક્તિ કરીએ. ભક્તિની વાત સાંભળતાં જ સૌ યાત્રિકો આનંદપૂર્વક એકઠા થઇ ગયા....જિનમંદિરનો વિશાળ ચોક ભરાઈ ગયો, માઈક પણ ગોઠવાઇ ગયું...પરંતુ પૂ. બેનશ્રી-બેન તો પાછળ રહી ગયેલા; તેમની મોટર હજી આવી ન હતી...પણ ભક્તિનો પ્રસંગ ભક્તોને દૂર કેમ રહેવા દે ? એક તરફ ભક્તિ માટે

જેવી તૈયારી થઇ કે બીજી તરફ તે જ વખતે બેનશ્રીબેનને લઇને દોડતી દોડતી સતસેવિની મોટર આવી પહોંચી....ને પૂ. બેનશ્રીબેન મોટરમાંથી ઊતરીને સીધા મંદિરે જ પધાર્યા. આવતાંવેંત ભગવાનના દર્શન કરીને તરત જ ભક્તિ શરૂ કરી. શાંતભાવે પહેલાં નીચેનું સ્તવન ગવડાવ્યું—

આજ મારે જિનવરજીકો શરણો.......આજ મારે જિનવરજીકો શરણો.
સુંદરસુરત પ્રભુજીકી કહિયે નિત ઊઠ દર્શન કરણો....આજ મારે જિનવરજીકો શરણો.
ધન દોલત ઔર માલખજાનાં ઈનકો મ્હારે કાંઈ કરણો...આજ મારે જિનવરજીકો શરણો.
અબ સેવક મિલકર ગુણ ગાવે ભવદધિ પાર ઉતરણો. આજ મારે જિનવરજીકો શરણો.

ત્યારબાદ, આ સિદ્ધક્ષેત્રથી મોક્ષ પામેલા અંગ–અનંગ વગેરે મુનિભંગવંતોને અનુલક્ષીને નીચેનું સ્તવન ગવડાવ્યું—

ધન્ય મુનિશ્વર આતમહિતમેં છોડ દિયા પરિવાર...કિ તુમને છોડા સબ સંસાર....
અંગ–અનંગ મુનિ આતમહિતમેં છોડ દિયા પરિવાર...કિ તુમને છોડા સબ સંસાર...
રાજ છોડા વૈભવ સબ છોડા છોડા સબ ઘરબાર...કિ તુમને છોડા સબ સંસાર..

ભવ—તન—ભોગ અનિત્ય વિચારા, આત્મસ્વરૂપમેં ચિત્ત લગાયા,
જ્ઞાન—દરશ—ચારિત્ર કો ધ્યાયા, કેવળજ્ઞાન લક્ષ્મી કો પાયા;

સોનાગિરિ તીરથ પરસે પાયા સિદ્ધિધામ...કિ તુમને છોડા સબ સંસાર.
પાંચક્રોડ મુનિ મુક્તિ ગયે એને વંદન વાર હજાર.. કિ એને વંદન વાર હજાર

અહા ! સિદ્ધિધામના શાંત વાતાવરણમાં મુનિવરોની ભક્તિનો ખૂબ રંગ જામ્યો હતો; મુનિભક્તિના તાનમાં ગુરુદેવ પણ વૈરાગ્યની ધૂનથી ડોલતા હતા. મુનિભક્તિના આવા આવા પ્રસંગોએ, શીઘ્રકવિની જેમ નવા નવા કાવ્ય જોડીને બેનશ્રીબેન ભક્તિની એવી ધૂન મચાવતા કે, આ ક્ષેત્રમાં અત્યારે મુનિવરોનો વિરહ છે—એ વાત પણ ત્યારે ભૂલાઈ જતી હતી. આ રીતે સિદ્ધક્ષેત્રમાં તો ભક્તિ ખૂબ જ ખીલી નીકળતી. સિદ્ધિના સાધકોને સિદ્ધક્ષેત્ર મલી જાય પછી એમની ભક્તિમાં શું બાકી રહે ! !

બીજું સ્તવન પૂરું થતાં જ મહાવીર ભગવાનના દરબારમાં ત્રીજું સ્તવન શરૂ થયું–

આજ મૈં મહાવીરજી આયા તેરે દરબારમેં...
સાથ હી મૈં ભક્તિ લેકર આયા તેરે દરબારમેં...

[ જાણે કે આ ક્ષેત્રેથી મોક્ષ પામેલા કરોડો સિદ્ધભગવંતોના દરબારમાં જ ગુરુદેવની સાથે બેઠા છીએ– એવો ભાવ ઉલ્લસતાં બેનીશ્રીબેને ગાયું – ]

અહો શ્રી સિધ્ધભગવાનજી મેં આયા તેરે દરબારમેં...
કહાન ગુરુકી સાથ મેં મૈં આયા તેરે દરબારમેં...
પછી,— "ધ્યાન આસનકી જગહ દે દે તેરે દરબારમેં"....

—એ કડી આવતાં ભક્તિનું ઉપશાંત વાતાવરણ બહુ શોભતું હતું. આમ બહુ આનંદપૂર્વક સોનાગિરિ સિદ્ધક્ષેત્રના જિનમંદિરમાં ભક્તિ થઇ.

રાત પડી ...જાત્રા બીજે દિવસે સવારે કરવાની હતી...પણ...ચાંદની રાત.. ને પાસેજ સિદ્ધક્ષેત્ર ! એટલે ઉપર જવા મન લલચાઈ જતું હતું...તેથી કેટલાક બ્ર. ભાઇઓ તો રાતે ને રાતે જ પર્વત પર જઇને દર્શન કરી આવ્યા. (પર્વત ઉપર જતાં ૪૦ મિનિટ લાગે છે.)



# સોનાગિરિ સિદ્ધક્ષેત્રની યાત્રા





મહા સુદ સાતમ : સવારમાં નીચેના જિનમંદરોનાં દર્શન કર્યા બાદ, પૂ. ગુરુદેવે સંઘસહિત સોનાગિરિ સિદ્ધક્ષેત્રની યાત્રાનો પ્રારંભ કર્યો. જાત્રા દરમિયાન આ છઠ્ઠું સિદ્ધક્ષેત્ર છે. આ સોનાગિરિસિદ્ધક્ષેત્રથી અંગ-અનંગ એ બે મુનિવરો તથા બીજા સાડા પાંચ કરોડ મુનિવરો મુક્તિ પામ્યા છે; તેમજ શ્રી ચંદ્રપ્રભસ્વામીનું સમવસરણ અનેક વખત અહીં આવેલું છે. આ સિદ્ધક્ષેત્ર ઘણું જ રળિયામણું છે. જાણે કે માથે મુગટના શણગાર સજ્યા હોય-એમ ૭૭ જિનમંદિરોથી સોનાગિરિ પર્વત શોભી રહ્યો છે. પર્વત ઉપર જિનમંદિરોની આટલી સંખ્યા બીજે ક્યાંય જોવામાં આવતી નથી. તેમજ તળેટીમાં પણ ૧૭ જિન-મંદિરો છે. પર્વત ઉપરની વ્યવસ્થા ઘણી સુંદર છે. આખા પર્વત ઉપર દરેક ઠેકાણે મંદિરને




સાંકળી લેતા પાકા રસ્તાની રચના તે આ સિદ્ધક્ષેત્રની વિશેષતા છે; અને ઉપરના મંદિરોની રચના એવી છે કે પહાડ ચડવાની શરૂઆત કરતાં જ અડધી અડધી મિનિટે એક પછી એક મંદિરો આવતા જાય છે, એટલે ક્યાંય ખાલી ચડવાનું નથી આવતું પણ દરેક મંદિર ઉપર અનુક્રમ નંબર લખેલ છે તે પ્રમાણે ક્રમબદ્ધ એક પછી એક મંદિરોનાં દર્શન કરતાં કરતાં સહેજે સિદ્ધગિરિ ઉપર ચડી જવાય છે. દરેક મંદિરના દ્વાર ઉપર, તેમાં જે ભગવાન બિરાજમાન હોય તેમનું નામ, તથા તેમની પૂજાસંબંધી એકેક ભાવવાહી શ્લોક લખેલ છે, તે શ્લોક બોલીને અર્ઘ ચડાવાય છે; આ સિદ્ધક્ષેત્રમાં ઉપર-નીચે થઈને ૯૪ જિનમંદિરો હોવા છતાં તે બધા જ દિગંબર જૈનમંદિરો છે, બીજા મંદિરો એક પણ નથી; આ રીતે પૂર્વના પાંચ સિદ્ધક્ષેત્રોની માફક આ છઠ્ઠું સિદ્ધક્ષેત્ર પણ શુદ્ધ દિગંબર જૈનોનું છે. અનેક મંદિરોને લીધે આ તીર્થને જોતાં સૌરાષ્ટ્રના શત્રુંજયગિરિનું સ્મરણ થાય છે, છતાંય સ્વચ્છતા, સૌંદર્યતા અને શાંત વાતાવરણ—એ આ ક્ષેત્રની વિશેષતાઓ છે.


આવા સિધ્ધિધામ ઉપર ૫૦૦ ઉપરાંત યાત્રિકો સહિત પૂ. ગુરુદેવ યાત્રા કરવા પધાર્યા, ત્યાંના સ્વયંસેવકોએ હાથમાં ઝંડા લઇને સ્વાગત કર્યું.




સુંદર દરવાજાવાળા ભવ્ય પ્રવેશદ્વારમાં દાખલ થતાંવેંતજ ભગવાનના દર્શનની શરૂઆત થઈ ગઇ. પ્રવેશદ્વારના દરવાજા ઉપર જ પહેલું જિનમંદિર છે; ત્યાં દર્શન કર્યા બાદ જયજયકારપૂર્વક એક પછી એક જિનમંદિરોના દર્શન કરતા જતા હતા. ને શ્લોક બોલીને અર્ઘ ચડાવતા હતા. ઘણાખરા મંદિરો નાના છે, એટલે સૌ દર્શન કરીકરીને આગળ વધતા હતા. ઘણાખરા પ્રતિમા ત્રણ ફૂટના ખડગાસન હતા, કોઇકોઈ મંદિરમાં ત્રણ કે પાંચ વેદીઓ પણ હતી. કોઇકોઇ મંદિર નાનકડી ગૂફા જેવા હતા; તેમાં ભગવાનના દર્શન કરીને ગુરુદેવ જ્યારે નાનકડા દ્વારમાંથી બહાર આવતા હોય ત્યારે જાણે ભગવાન સાથે ખાનગી વાત કરીને ગૂફામાંથી બહાર નીકળતા હોય-એવું લાગતું.




પર્વત ઉપરના સેંકડો પ્રતિમાઓમાં શ્રી પાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ, આદિનાથ ને નેમનાથ પ્રભુના પ્રતિમાઓની સંખ્યા ઘણી વધારે છે. કોઇક પ્રતિમાની મુદ્રા અતિશય ઉપશાંત છે, તો કોઈક પ્રતિમાજીની મુદ્રા ખુબજ હસતી હોય તેવી છે, કોઇક પ્રતિમા વૈરાગ્યરસમાં તરબોળ છે, તો કોઇક પ્રતિમા જાણે આપણી સાથે વાતો કરતા હોય એવા છે; આમ ભિન્નભિન્ન પ્રકારની પુરાણી કળાવાળા ચિત્ર-વિચિત્ર પ્રતિમાઓનાં દર્શનથી ભક્તોને આશ્ચર્ય થતું. ૩૪ નંબરના મંદિરમાં એક સ્તંભ ઉપર ચારે દિશામાં તેરતેર પ્રતિમા કોતરેલા છે— તે નંદીશ્વરની સ્થાપના છે. આમ એક પછી એક મંદિરોનાં દર્શન કરતાં ૫૭ મા મંદિરે આવ્યા; આ મૂળ મંદિર પર્વત ઉપરના મંદિરોમાં સૌથી મુખ્ય છે ને ઘણું મોટું છે. અંદર જમીનમાં-ભોંયરાની જેમ નીચાણમાં શ્રી ચંદ્રપ્રભુ ભગવાનના ૧૨ ફૂટ ઊંચા અને લગભગ ૧૭૦૦ વર્ષ પુરાણા અદ્ભુત પ્રતિમાજી ખડ્ગાસને બિરાજી રહ્યા છે; આજુબાજુ બીજા પણ ભગવંતો બિરાજે છે; તેમજ ચોવીસ ભગવંતોના પ્રતિમા છે. ગુરુદેવે અહીં સર્વે ભગવંતોના ઘણા ભાવપૂર્વક દર્શન કર્યા ને અર્ઘ ચડાવ્યો. જાત્રામાં દરેક ઠેકાણે ગુરુદેવ ભાવપૂર્વક અર્ઘ ચડાવતા. ગુરુદેવની હાજરીમાં ભક્તોએ જિનેન્દ્રદેવનો અભિષેક કર્યો. મંદિરની અંદર વિશાળ ચોક છે, ને ચારે તરફ દિવાલો ઉપર બાવીસ પરિસહયુક્ત મુનિવરો વગેરેના સુંદર ચિત્રો ચિતરેલા છે. જિનમંદિરમાં દર્શન કરીને બહાર આવ્યા... અહીં પર્વત ઉપર વિશાળ મેદાન છે...ને ખુલ્લા મેદાનમાં દસ ફૂટના શ્રી બાહુબલી ભગવાન બહુજ શોભી રહ્યા છે...આ બાહુબલીભગવાનના દર્શનથી સૌને ઘણોજ આનંદ થયો ગુરુદેવે તો તેમની નીકટ બેસીને ઘણીવાર સુધી તેમનું અવલોકન કર્યું....શીરથી માંડીને ચરણો સુધી એ ભગવાનને ફરીફરીને




નંદીશ્વર મંદિર : સોનગિર





માનસ્તંભ



ચંદ્રપ્રભુ : ચંદ્રપુરી (જુઓ પાનું. ૨૨૪)



બાહુબલીદર્શન : સોનાગિરિ



ભાવપૂર્વક નીહાળ્યા. પૂ. બેનશ્રીબેનના નયનો પણ એ વીતરાગમુદ્રા પ્રત્યે સ્તબ્ધ બની ગયા. સેંકડો યાત્રિકો પણ હર્ષનયને એ ભગવાનને નીહાળી રહ્યા...ઘણીવાર સુધી ધરાઈ ધરાઈને બધાએ દર્શન કર્યા....અભિષેક પણ કર્યો ત્યારબાદ ત્યાં ખુલ્લા ચોકમાં જ બેસીને બાહુબલીભગવાનની સન્મુખ ભક્તિ થઈ; પર્વત ઉપર લાઉડસ્પીકરની પણ વ્યવસ્થા હોવાથી આખો પર્વત ભક્તિના નાદથી ગાજી ઊઠતો હતો, જાણે કે આટલા બધા ભક્તજનોને દેખીને પર્વત પોતેજ તાનમાં આવીને જોરશોરથી ભગવાનની કથા સંભળાવતો હોય !

પહેલાં ગુરુદેવે ઘણા ભાવપૂર્વક નીચેનું સ્તવન ગવડાવ્યું—

ધન્ય દિવસ ધન્ય આજનો..ધન ધન ઘડી તેહ
ધન્ય સમય પ્રભુ માહરો, દરિશણ દીઠું આજ...મન લાગ્યું રે મારા નાથજી.

[ ભગવાનની મુદ્રા સામે નીહાળીને ગુરુદેવ ગવરાવી રહ્યા છે – ]

સુંદર મુરત દીઠી તાહરી, કેટલે દિવસે આજ...
નયન પાવન થયા માહરાં...પાપતિમિર ગયાં ભાજ...મન લાગ્યું રે મારા નાથજી.

[દરેક કડી ફરીફરીને ભાવપૂર્વક ગુરુદેવ ગવડાવે છે, ને ભક્તો એવા જ ઉમંગથી ઝીલી રહ્યા છે—]

સાચો ભક્ત જાણીને, કરુણા ધરો મનમાંહ્ય
સેવક પર હિત આણીને, ધરી હૃદય ઉમાહ...મન લાગ્યું રે મારા નાથજી.
નિર્મળ સેવા આપીએ, ભવના બુઝેરે તાપ,
હવે દરિશન વિરહ મત કરો, મેટો મનનો સંતાપ...મન લાગ્યું રે મારા નાથજી.

[ ભક્તિરસમાં ભીંજાયેલા ગુરુદેવ ભગવાનની સામે હાથ પહોળા કરીને કહે છે કે હે નાથ ! ]

ઘણું ઘણું શું કહીએ તુમને, તમે ચતુર સુજાણ,
મુજ મનવાંછિત પૂરજો, વહાલા સીમંધરનાથ....મન લાગ્યું રે મારા નાથજી.
—વહાલા બાહુબલીનાથ ! મન લાગ્યું રે મારા નાથજી...

અહા, સિદ્ધક્ષેત્રમાં ગુરુદેવની ભક્તિ અદ્ભુત હતી. ભક્તિ વખતનું વાતાવરણ જોઈને હિંદીયાત્રિકો—કે જેઓ સ્તવનની ગુજરાતીભાષા નહોતા સમજતા તેઓ પણ—સ્તબ્ધ બની ગયા હતા. ભક્તિ પૂરી થતાં જ હિંદીમાં તેનો ભાવાર્થ સમજાવતાં ગુરુદેવે ઘણા ઉમળકાથી કહ્યું : देखो, इसमें ऐसा कहा कि हे भगवान ? आजका मेरा दिवस और मेरी घडी धन्य हुई, मेरा यह समय धन्य हुआ कि मुझे आपका दर्शन हुआ । हे नाथ ! आपको देखकरके अब मेरा मन आपकी ही साथमें लगा है, अब वह दूसरमें नहि लगता । आपमें लगा हुआ मेरा मन अब संसारमें नहीं लगता ।

अहा ! आपकी यह सुंदर मुरत मैंने बहुत दिनके बाद देखी, उसे देखकर मेरे नयन पावन हुए और पाप नष्ट हो गये ।


फिर कहते है कि—हे भगवान ! अपना सच्चा भक्त जानकर हमारे उपर करुणा करो, आपके साक्षात् चरणोंकी निर्मल सेवा देकर के हमारे भवताप बुझा दो । हे प्रभो ! आपके साक्षात् दर्शन देनेमें अब विरह मत कीजिये । प्रत्यक्ष दर्शन देकर हमारे मनका संताप दूर कीजिये । अधिक क्या कहें ? हे वहाला सीमंधरनाथ ! हे वहाला बाहुबलीनाथ ! आप तो सब जानते ही हो ।

સોનાગિરિ પર્વત પર ગુરુદેવના મુખે સ્તવનનો ભાવભીનો ભાવાર્થ સાંભળતાં યાત્રિકોની ભક્તિમાં નવી ભરતી આવી....ને સૌને હજી વિશેષ ભક્તિ કરવાનું મન થયું. તેથી ગુરુદેવે બેનશ્રીબેનને બીજી ભક્તિ કરવાનું કહ્યું : બેનશ્રીબેનનું મન તો ભગવાનની ભક્તિમાં જ રમતું હતું એટલે તરત જ અંદરના ભાવો ભક્તિદ્વારા વ્યક્ત થવા માંડ્યા—

મેરા મન તો રમે પ્રભુ તુંહી ધ્યાને...
મેરા દિલ તો ભમે નાથ ત્હારા ગાને...મેરા૦



અહા ! ભગવાનના ભક્તોનું દીલડું તો સદાય ભગવાનના ગાન-ધ્યાનમાં જ રમી રહ્યું છે. જ્ઞાનીઓના હૃદયના ઊંડા ભાવોને જોવાનું અહીં યાત્રિકોને સૌભાગ્ય સાંપડયું હતું. "મેરા મન તો રમે પ્રભુ તુંહી ધ્યાને... " એ હૃદયોર્મિથી ગવાતી કડી પૂ. ગુરુદેવ આંખો ઢાળીને સાંભળતા હતા....ને ખરેખર એ વખતે એમનું મન પ્રભુના ધ્યાનમાં જ રમતું હતું.




અંગ–અનંગ મુનિ–
ચરણના દર્શન :
(સોનાગિર)

( જુઓ પાનું ૧૫૩ )





અંગ-અનંગ મુનિચરણસ્પર્શ (સોનાગિરિ)



ભક્તિ પૂરી થતાં અપરંપાર જયજયકારથી એ સિદ્ધક્ષેત્ર ગાજી ઊઠયું...અહીંની ભક્તિથી સૌને ઘણો આનંદ થયો. ત્યારબાદ એ બાહુબલીનાથની અતિપુરુષાર્થપ્રેરક ગંભીર ધ્યાનમુદ્રા ગુરુદેવે અને ભક્તજનોએ ફરીફરીને એકાગ્રનયને નીહાળી....ને મુદ્રા તેઓના અંતરમાં કોતરાઇ ગઇ.

ત્યારબાદ એ ચોકમાં જ એક તરફ સુંદર છતરી નીચે અહીંથી મોક્ષ પામેલા શ્રી અંગ તથા અનંગ મુનિવરોના ચરણકમળ સ્થાપિત છે, ત્યાં જઇને અતિભાવપૂર્વક દર્શન કર્યાં, ગુરુદેવે અને ભક્તજનોએ ભક્તિપૂર્વક એ ચરણોનો સ્પર્શ કર્યો ને પછી નીચે મુજબ અર્ઘ ચડાવ્યો--

અંગ–અનંગમુનિ ચરણકમળ પર બલિબલિ જાઉં મન-વચ-કાય
હે કરુણાનિધિ ભવદુઃખમેટો યાતેં મૈં પુજું તુમ પાય--



ॐ ह्रीं श्री सोनागिरिसिद्धक्षेत्रसे श्री अंग—अनंग मुनिराज तथा साड़ापांच करोड़ मुनिराज मोक्ष पधारे तिनके चरणकमल पूजनार्थे अर्घं निर्वपामीति स्वाहा...

એ રીતે અર્ઘ ચડાવ્યા પછી સૌએ પ્રદક્ષિણા કરી. પૂ. બેનશ્રી ચંપાબેન તથા પૂ. બેન શાન્તાબેન પણ અતિ ભાવભીના ચિત્તે ફરીફરીને એ મુનિવરોના પાવન ચરણોનો સ્પર્શ કરતા હતા...ને સિદ્ધાલયપ્રત્યે જોઇ જોઇને વંદન કરતા હતા.

ત્યારબાદ એ ચોકમાં જ વચ્ચે એક સુશોભિત માનસ્તંભ છે; તેની દાંડી ઉપર ૧૬ સ્વપ્નો તથા અષ્ટમંગલ કોતરેલા છે; માનસ્તંભમાં ઉપર નીચે બિરાજમાન જિનેન્દ્રદેવના સૌએ દર્શન કર્યા. સોનાગિરિસિદ્ધિધામ ઉપરના આ વિશાળ ચોકમાં એક બાજુ ચંદ્રપ્રભુનું ભવ્ય જિનમંદિર, બીજી બાજુ બાહુબલીભગવાન, ત્રીજી તરફ માનસ્તંભ અને ચોથી તરફ અંગ—અનંગ મુનિરાજના ચરણકમળ છે, તથા આસપાસ અનેક જિનમંદિરોથી આખો પર્વત છવાયેલો છે; ક્યાંક ક્યાંક પાણીના નાનકડા કુંડ છે; એ રીતે સિદ્ધક્ષેત્રનું દૃશ્ય ઘણું રમણીય છે.... અહીંથી ઉપર ખુલ્લા આકાશમાં જોતાં જાણે સિદ્ધાલય દેખાતું હોય—એવો પ્રમોદ આવે છે. આમ પ્રમોદપૂર્વક ગુરુદેવ સાથે ખુબજ દર્શન-ભક્તિ કર્યા; ત્યારબાદ ફરીને મંદિરમાં જઈને પૂ. બેનશ્રીબેને સમૂહપૂજા કરાવી.



ત્યારબાદ ૬૦ નંબરનું મંદિર આવ્યું; તેને ' ચક્કીવાળુ મંદિર ' અથવા 'મેરુમંદિર' કહે છે. તેની રચના સમવસરણની ત્રણપીઠિકા જેવી છે એટલે 'સમવસરણમંદિર' પણ કહેવાય છે. ઊંચી ઊંચી ત્રણ પીઠિકાના પગથિયાની રચના એવા પ્રકારની છે કે પગથિયા ચડતાં ચડતાં ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દેવાઈ જાય છે. આને ચક્કીવાળું મંદિર કહેવા બાબતમાં એવી કથા સંભળાય છે કે : એક હતી બાઈ, તે જિનધર્મની ભક્ત હતી; તેણે લોટની ચક્કી પીસીપીસીને પૈસા ભેગા કર્યા ને તેમાંથી આ મંદિર બંધાવ્યું; તેથી તેને 'ચક્કીવાળુંમંદિર' કહે છે. આ મંદિરની પ્રદક્ષિણા કરતાં કરતાં યાત્રિકો ઉપર ચઢ્યા ને ભગવાન પાસે આવીને બેઠા... જાણે ચંદ્રપ્રભુના સમવસરણની સભા ભરાણી.... અહીં આનંદથી ભક્તિ કરી... અહીં ઊંચી ઊંચી ત્રીજી પીઠિકા ઉપરથી સોનાગિરિ પર્વત ઉપરના ઘણા મંદિરો એક સાથે દેખાય છે; આટલા બધા મંદિરો જોતાં, જાણે કે જિનમંદિરોની જ નગરી રચાઈ ગઈ હોય ! એવું લાગે છે. અહીંથી આખાય સિદ્ધક્ષેત્રનું ખૂબખૂબ અવલોકન કર્યા બાદ, ઝડપથી એક પછી એક મંદિરોનાં દર્શન કરતાં કરતાં આગળ જતાં વચ્ચે એક તરફ કુંડ તથા એક મોટી 'વાગતી શીલા' આવે છે, તથા તાજમહેલ

જેવા આકારવાળું એક જિનમંદિર આવે છે મંદિરોના દર્શન કરતાં કરતાં યાત્રિકોને તો એમ જ લાગતું કે આપણે પર્વત ઉપર હજી આગળ જઇ રહ્યા છીએ, ને બધા મંદિરોનાં દર્શન કર્યા બાદ હવે પર્વત ઉપર જેટલું ચઢ્યા તેટલું ઉતરવાનું હશે ! પણ ૭૭ નંબરના જિનમંદિરના દર્શન કર્યા બાદ આગળ વધવા માટે જ્યાં નજર કરી ત્યાં તો ખબર પડી કે અરે ! આપણે તો પર્વત ઊતરીને ઠેઠ તળેટીની નજીક પહોંચી ગયા છીએ... કેમકે ૫૭ નંબરના જિનમંદિરના દર્શન કર્યા પછી આગળનાં મંદિરોના દર્શન કરતાં કરતાં સાથે સાથે પર્વત ઉપરથી ઊતરાતું જવાતું હતું. પણ જિનેન્દ્રભગવંતોના દર્શનની ધૂનમાં ને ધૂનમાં ક્યારે પર્વત ચડાઈ ગયો ને ક્યારે ઊતરાઇ ગયો—તેનોય ખ્યાલ નથી આવતો. આમ આનંદપૂર્વક સુવર્ણપુરીના સંતો સાથે સુવર્ણગિરિસિદ્ધક્ષેત્રની જાત્રા પૂરી કરી નીચે આવ્યા ત્યારે ભક્તો જયજયકારપૂર્વક મંગલગીત ગાતા હતા કે –

મારે સોના સમો રે સૂરજ ઊગીયો રે...
મેં તો હરખે નીહાળ્યા સિદ્ધિધામ.. મારે૦
મારે જાત્રા થઈ છે ગુરુજીની સાથ...મારે૦
મારે જીવનનો લહાવો છે આજ . મારે૦
(સોનાગિરિમાં) આજે સોના સમોરે સૂરજ ઊગીયો રે....મારે૦
મેં તો હરખે વધાવ્યા સિદ્ધક્ષેત્ર...મારે૦


આ રીતે પૂજ્ય શ્રી કહાનગુરુદેવ સાથે છઠ્ઠા સિદ્ધિધામ
શ્રી સોનાગિરિસિદ્ધક્ષેત્રની યાત્રા પૂર્ણ થઇ.

સોનાગિરિથી સિદ્ધિધામ સિદ્ધભગવંતોને નમસ્કાર હો....
એ સિદ્ધિધામદર્શક શ્રી કહાન ગુરુદેવને નમસ્કાર હો.

સિદ્ધક્ષેત્રની યાત્રા બાદ ધર્મશાળામાં સંઘે ભોજન કર્યું...સોનાગિરિ પર્વતને અડીનેજ વિશાળ ધર્મશાળા આવેલી છે....ને એ ધર્મશાળામાં વિશાળચોક છે—એનું નામ છે "ચંદ્રપ્રભુ ચોક !" ધર્મશાળાની વ્યવસ્થા સુંદર છે. અહીં વ્યવસ્થાપકોએ યાત્રિકો માટે ચીવટપૂર્વક ગરમપાણી વગેરેનો બંદોબસ્ત કર્યો હતો, પૂ. ગુરુદેવનું ભોજન દિલ્હીવાળા ભાઇઓને ત્યાં થયું હતું...ને સિદ્ધક્ષેત્રમાં ગુરુદેવને જમાડવાનો લાભ મળતાં તેમને ઘણો આનંદ થયો હતો. અહીં દિલ્હીના કેટલાક ભાઇઓ પૂ. ગુરુદેવને દિલ્હી પધારવા આમંત્રણ કરવા

આવ્યા હતા...અને સમ્મેદશિખરજીથી પાછા ફરતી વખતે દિલ્હીનો પ્રોગ્રામ રાખવાનું નક્કી થયું હતું.

હવે બપોરે, બરાબર સિદ્ધક્ષેત્રના પ્રવેશદ્વારના ચોકમાં જ ગુરુદેવનું પ્રવચન ચાલી રહ્યું છે સિદ્ધક્ષેત્રના પ્રવેશદ્વારમાં બેઠેલા ગુરુદેવ, બાજુના સિદ્ધક્ષેત્ર તરફ વારંવાર હાથ લંબાવીને, સિદ્ધપદનો ઉપાય સમજાવી રહ્યા છે—



"જુઓ, આ સિદ્ધક્ષેત્ર સોનાગિરિ ઉપરથી શ્રી અંગ—અનંગ આદિ કરોડો મુનિવરો મુક્તિ પામ્યા છે; તેઓ કઈ રીતે મુક્તિ પામ્યા ? ચિદાનંદસ્વરૂપ આત્માનું અંતરમાં ભાન કરીને પછી તેના ધ્યાનમાં લીનતાવડે મુક્તિ પામ્યા. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા અને સંતો કહે છે કે અરે જીવ ! તારો આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલો છે, તેનામાં સ્વપરને જાણવાની તાકાત છે; જેમ શરીરના એક અવયવ (આંગળી) વડે શરીરનો સ્પર્શ જણાય છે, તેમ આત્મા જ્ઞાનશરીરી છે તેના મતિશ્રુતજ્ઞાનરૂપ અવયવવડે આખા આત્માનું જ્ઞાન થાય છે. અંતર્મુખ જ્ઞાનવડે શુદ્ધજ્ઞાનસ્વભાવી આત્માને ઓળખીને તેનું વારંવાર ચિંતન તે મોક્ષનો ઉપાય છે અનંતા જીવો ચૈતન્યનું ચિંતન કરીકરીને જ મોક્ષ પામ્યા છે." ગુરુદેવ સાથે સિદ્ધિધામની યાત્રા બાદ, એ સિદ્ધિધામમાં જ સિદ્ધપદનો ઉપાય સાંભળતાં યાત્રિકોના

અંતરમાં અનેરો ઉત્સાહ જાગે છે. ગુરુદેવ પણ અધ્યાત્મની મસ્તીથી જાણે કે સિદ્ધભગવંતો સાથે વાતો કરતા હોય...કે સિદ્ધભગવંતોને સાદ પાડીને બોલાવતા હોય,—એ રીતે ઉપર નજર કરીને હાથવડે સિદ્ધાલયનો નિર્દેશ કરતા થકા કહે છે :

અહા, અહીંથી ઉપર સમશ્રેણીએ અનંત સિદ્ધભગવંતો આત્માના પૂર્ણાનંદમાં બિરાજી રહ્યા છે. અંગ– અનંગ વગેરે કરોડો મુનિવરો અહીં આત્મધ્યાન કરી કરીને મોક્ષ પામ્યા છે ને અત્યારે ઉપર સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છે...જુઓ, આ સિદ્ધક્ષેત્રમાં સિદ્ધભગવંતોનું સ્મરણ કરીએ છીએ...આપણને યાદ રહી જશે કે જાત્રા વખતે સિદ્ધક્ષેત્રમાં આ રીતે સિદ્ધભગવંતોને યાદ કર્યા હતા...”

સિદ્ધભગવંતોની સાથે સાથે, વિદેહક્ષેત્રના સીમંધરભગવાનને પણ યાદ કરીને ગુરુદેવે ભક્તિપૂર્વક કહ્યું : “ જુઓ, આ પૂર્વ દિશામાં વિદેહક્ષેત્રે શ્રી સીમંધર પરમાત્મા અત્યારે સાક્ષાત્ બિરાજે છે ને ત્યાંથી અત્યારે પણ જીવો મુક્તિ પામે છે...મુક્તિ પામ્યા તેનું આ તો ક્ષેત્ર છે પણ કયા ભાવથી મુકિત પામ્યા—તેની આ વાત છે...ભગવંતો જે ભાવથી મુકિત પામ્યા તે ભાવનો અંશ પોતામાં પ્રગટ કરવો તે ભગવાનના તીર્થની ( એટલે કે રત્નત્રયની ) ખરી યાત્રા છે...”

મંગલ તીર્થયાત્રા દરમિયાન સિદ્ધક્ષેત્રમાં ગુરુદેવના આવા ભાવભીનાં પ્રવચનો સાંભળતાં આત્માર્થી જીવોને ચૈતન્યના પ્રદેશેપ્રદેશે પ્રમોદ ઉલ્લસતો.. ને તેઓના હૈયામાંથી એવા ઉદ્દ્ગારો છૂટતા કે : જયવંત વર્તો ગુરુદેવ સાથેની આ આત્મવૃદ્ધિકર મંગલ તીર્થયાત્રા !

પ્રવચન પૂરું થતાં જ, “સિદ્ધિધામમાં સિધ્ધિનો માર્ગ દેખાડનાર ગુરુદેવનો જય હો” – એવા જયજયકારપૂર્વક સંઘના મોટા ભાગના યાત્રિકોએ સોનાગિરિથી ગ્વાલીયર—લશકર તરફ પ્રસ્થાન કર્યું....પૂ. ગુરુદેવ અને વછરાજજી શેઠ વગેરે કેટલાક યાત્રિકો સોનાગિરિ રોકાયા . સાંજે ગુરુદેવનું ભોજન આ તીર્થધામના મેનેજરને ત્યાં થયું હતું. યાત્રિકોએ હાથે જ રસોઈ કરીને સમૂહભોજન કર્યું હતું...આ રીતે સિદ્ધક્ષેત્રમાં સાધર્મીસંગે સમૂહ-ભોજન કરતાં ઊજાણી જેવો આનંદ થતો હતો.

ભોજન બાદ સાંજે સિદ્ધક્ષેત્રમાં ફરતાં ફરતાં ગુરુદેવ ભાવપૂર્વક એ સિદ્ધક્ષેત્રને નીરખતા હતા... અને કહેતા હતા કે આ બુંદેલખંડમાં તો ઠેરઠેર જિનેન્દ્રભગવાનનો ઘણો વૈભવ છે... ....લાખો જિનપ્રતિમાઓથી બુંદેલખંડ ભરેલો છે...શાંતિનાથ—કુંથુનાથ ને અરનાથ એ ત્રણ ચક્રવર્તી તીર્થંકરોના મોટા મોટા ખડ્ગાસન પ્રતિમાની ત્રિપુટી ઘણે ઠેકાણે દેખાય છે, તે તો યાદ રહી જાય તેવી છે...આ સિદ્ધક્ષેત્ર પણ કેટલા બધા જિનમંદિરોથી ભરેલું છે !

રાત્રે જિનમંદિરમાં તત્ત્વચર્ચા થઇ હતી.. જેમાં તીર્થયાત્રાના પ્રસંગોના વર્ણનની સાથે સાથે, તીર્થમાં વિચરેલ સંતમુનિવરોનો અદ્ભુતમહિમા ગુરુદેવે કર્યો હતો. ત્યારબાદ પૂ. બેનશ્રીબેન વગેરેએ ભકિતપૂર્વક તળેટીના ૧૭ જિનમંદિરોનાં દર્શન કર્યા હતા.

આ રીતે સોનાગિરિસિદ્ધક્ષેત્રનો ઉલ્લાસપૂર્ણ કાર્યક્રમ પૂરો કરીને, માહ સુદ આઠમની સવારમાં સિદ્ધક્ષેત્ર તથા જિનેન્દ્રભગવંતોને વંદન કરીને ગુરુદેવે ગ્વાલિયર—લશકર તરફ પ્રસ્થાન કર્યું.

સુપ્રભાતના સોનેરીકિરણોથી ઝગમગતા સોનાગિરિસિધ્ધક્ષેત્રને અર્ધચકરાવો લેતી 'કલ્યાણવર્ષિણી' ઝડપથી દોડી જાય છે...પાછળપાછળ 'સતસેવિની' પણ તેની સાથે થઇ જવા માટે દોડી આવે છે. 'કલ્યાણવર્ષિણી'માં બેઠેલા ગુરુદેવ વારંવાર સોનાગિરિસિદ્ધક્ષેત્રને નીહાળી રહ્યા છે ને એ સિદ્ધક્ષેત્રમાં ઉલ્લસેલા પ્રમોદભાવો અત્યારે પણ તેમની મુદ્રા ઉપર તરવરી રહ્યા છે...મોટર દૂરદૂર ચાલી જતાં સિદ્ધક્ષેત્ર દેખાતું બંધ થયું....ગુરુદેવ વિચારી રહ્યા છે કે હવે કયું તીર્થ આવશે !! 'હવે તો આપણા સૌરાષ્ટ્રના નેમિનાથ ભગવાનનું જન્મધામ શૌરીપુર આવશે'—એ જાણીને ગુરુદેવને ઘણો હર્ષ થયો...ને... ત્યાં તો ગ્વાલીઅર આવી ગયું...

# ગ્વાલીઅર — લશ્કર

**માહ સુદ આઠમ** : ગુરુદેવ ગ્વાલીઅરમાં પધારતાં જ દિ. જૈનસમાજે ઘણા ઉલ્લાસપૂર્વક ધામધૂમથી સ્વાગત કર્યું. ભવ્ય સ્વાગત બાદ શરાફબજારમાં મોટા જિનમંદિરમાં દર્શન કરીને ત્યાં જ ગુરુદેવે મંગળપ્રવચન કર્યું...ત્યારબાદ ગુરુદેવ અને યાત્રિકોએ અનેક જિનમંદિરોમાં દર્શન કર્યાં....

ગ્વાલીઅરમાં ૨૭ ભવ્ય જિનમંદિરો છે; કેટલાક મંદિરો તો ખૂબજ વૈભવશાળી ને સુંદર કારીગરીવાળા છે. મોટામંદિરમાં છતનું સોનેરી કામ ઘણું આકર્ષક અને લાખોના ખર્ચે થયેલું છે, આ મંદિરમાં સ્ફટિકરત્ન વગેરેના અનેક જિનબિંબો ઉપરાંત મહાવીર ભગવાનના મોટા ખડ્ગાસન પ્રતિમાજી ખાસ દર્શનીય છે. સોનેરી કારીગરીવાળા, રામચંદ્રજીના આહારદાન વગેરે દૃશ્યો પણ સરસ છે....અહા, જ્યાં ૨૭—૨૭ તો દિ. જિનમંદિરો છે—એવી જૈનધર્મની જાહોજલાલીવાળા અનેક શહેરો ભારતમાં દેખીદેખીને યાત્રિકોને આનંદ થતો હતો. ગ્વાલીઅર લશકર અને મુરાર ત્રણેની સંયુક્તવસતી ( ગ્રેટર ગ્વાલીઅરની ) સાત લાખ છે...સંઘનો ઉતારો ગ્વાલીઅરની હદમાં શ્રી મહાવીર ધર્મશાળામાં હતો. ગુરુદેવનો ઉતારો ત્યાંથી ચાર માઇલ દૂર લશકરમાં શેઠ લાલચંદજીના બંગલે હતો....પૂ. બેનશ્રીબેન અહીં જરાક મોડા પહોંચેલા ને ઉતારા માટે બે કલાકની મુશકેલી બાદ છેવટ મહાવીરધર્મશાળામાં ઉતર્યા હતા. જો કે પૂ. ગુરુદેવને કે સંઘને ઉતારાની મુશકેલી ન પડે તે માટે તેઓજ ધ્યાન રાખતા, પરંતુ સંઘના અનેક કાર્યક્રમોની વિચારણામાં પોતાના ઉતારા માટેની વ્યવસ્થાનું લક્ષ ન રહેતું, તેથી અનેક સ્થળે ઉતારા સંબંધમાં તેઓને મુશકેલી પણ પડતી તોપણ જાત્રાના ઉમંગભર્યા વાતાવરણમાં એવી કોઇ મુશકેલીને તેઓ ગણકારતા નહિ.

ગ્વાલીઅરમાં "દિ. જૈનધર્મસંરક્ષિણી સભા" તરફથી પૂ. ગુરુદેવના અને સંઘના સ્વાગત માટે પહેલેથી જ એક વિશાળ સ્વાગતસમિતિ નીમવામાં આવી હતી...ને ઘણાજ ઉમંગપૂર્વક સંઘના ભોજનાદિની વ્યવસ્થા કરી હતી. સ્વાગતસમિતિના અધ્યક્ષ શ્રી ગપ્પુલાલજી બાકલીવાલ હતા અને મંત્રી શ્રી મિશ્રીલાલજી પાટની હતા. શેઠશ્રી લક્ષ્મીચંદજી બરૈયાએ

સ્વાગત સંબંધી વ્યવસ્થા ખુબ ઉત્સાહ અને ભક્તિપૂર્વક કરી હતી; તેમના ઘરે ગુરુદેવે ભોજન કર્યું હતું.

મહાવીરધર્મશાળાની પાછળ બાજુમાં એક નશીયાજી છે, તેના બાગમાં ૨૫ ફૂટ ઊંચા શ્રી શાંતિનાથ ભગવાનના ખડ્ગાસન પ્રતિમાનું દૃશ્ય બહુ સરસ છે, તેની પાછળ પર્વતની રચના છે, તેથી દેખાવ વધુ રમણીય લાગે છે. પૂ. ગુરુદેવનું પ્રવચન કંપુ–સરસ્વતીભવન ( ગવર્મેન્ટ કોલેજ )માં થયું હતું.. પ્રવચનસ્થળને ખૂબજ શણગારવામાં આવ્યું હતું.... લોકો પ્રવચનમાં એટલો રસ લેતા કે પ્રવચન માટેનો હોલ નાનો પડતો ને સેંકડો માણસો બહાર ઊભા ઊભા સાંભળતા હતા.. ગુરુદેવને અહીં વિશેષ રોકાવા માટે ત્યાંના આગેવાનોએ ખૂબજ આગ્રહ કર્યો હતો....પરંતુ પહેલેથી નિશ્ચિત થયેલ બે દિવસનો કાર્યક્રમ વધી શકે તેમ નહતું. જૈનવિદ્યાર્થીઓ તરફથી તથા દિ. જૈનસમાજ તરફથી પૂ. ગુરુદેવને અભિનંદન પત્રો અર્પણ કરવામાં આવ્યા હતા...ગુરુદેવ પધારવાથી અહીંની જનતા બહુજ ખુશી થઈ હતી...અભિનંદનપત્રમાં તે ખુશાલી વ્યક્ત કરતાં લખ્યું હતું કે—


“ परमउपकारी, समयसारमर्मज्ञ ! आप जैनजातिके जीवनदाता है, आपकी दिव्य-वाणीके उत्कृष्ट प्रवाहद्वारा जैनजातिमें समयसारके अभ्यासकी रुचि जागृत हुई ।...आपके प्रवचन जैनसाहित्यकी अमरनिधि है ।...इस युगके महान आध्यात्मिक सन्त ! आपकी वाणी संसारी प्राणियोंके लिये अमृतवाणी है !...हमें आशीर्वाद दें कि हम छात्रावासके छात्र अपना सफल विद्यार्थीजीवन समाप्त कर जैनधर्मके सच्चे भक्त बनें ! ”

( છાત્રાવાસકે છાત્રના અભિનંદનપત્રમાંથી )

“ जैनपुरातत्त्वसे संपन्न, शांतिकेन्द्र, कुलभूषण आदि दिगंबर मुनियोंकी साधनास्थली, जैनरक्षक विजयसिंह कछवाडाकी राजधानी, प्राचीन जैनसंस्कृतिके केन्द्र ग्वालीअरके इस ऐतिहासिक नगरमें अध्यात्मयोगी श्री कानजीस्वामीका स्वागत करते हुए हमें परम हर्ष हो रहा है ।

.. शांतिरसकी जो विमलधारा सौराष्ट्रसे प्रारंभ होकर अनेक नगरों व उपनगरोंमें होती हुई अविरूद्ध प्रवाहसे बढती हुई इस नगरमें आई है, उससे हमें शांति और आत्मज्ञानका जो शुभसन्देश मिलाहै उसने हमारे हृदयकी ज्योतिको जगा दिया है ।...इस पुनीत अवसरपर बृहत्तरग्वालियरका दिगंबर जैनसमाज हृदयसें अभिनन्दन करता हुआ श्री १००८ भगवान जिनेन्द्रदेवसे प्रार्थना करता है कि आप चिरायु हो एवं आपका आत्मज्ञानका शुभ सन्देश संसारके कोनेकोनेमें सूर्यकी प्रखर किरणोंकी भांति फेले, यह हमारी शुभ कामना है !”


( —દિગંબર જૈનસમાજ : બૃહત્તરગ્વાલીઅરના અભિનંદનપત્રમાંથી )



વિદ્વાન ભાઇશ્રી હિંમતભાઈ તથા વજુભાઈ.



ભગવાન પાસે નાનકડા લાગતા ભક્તો.



ગુરુદેવ સાથે યાત્રા કરતાં આનંદનો નહિ પાર જો



દર્શક હૃદયમાં વીતરાગતાની લહરી ઊઠે છે

અહીં ગ્વાલીઅરનો કિલ્લો ખાસ જોવાલાયક ગણાય છે, કિલ્લા ઉપર લગભગ ૪૦૦ વર્ષ પહેલાંનો ઊંડો ઊંડો ભવ્ય રાજમહેલ છે; તેના પ્રવેશદ્વારની બંને બાજુ જિનબિંબો કોતરેલા છે; અને બંને બાજુની પહાડીમાં અડધો માઈલના વિસ્તારમાં મોટા મોટા અનેક જિનબિંબો કોતરેલા છે. સૌથી મોટા ૨૦ નંબરના પ્રતિમાજી તો લગભગ ૫૭ ફૂટ ઊંચા છે, તેનાં ચરણો ૯ ફૂટ પહોળા છે; ને પર્વતમાંથી વહેતા ઝરણાં બરાબર તેમના ચરણો ઉપર જ પડે છે—જાણે કે પર્વત એ પ્રતિમાજીના ચરણોનો અભિષેક કરતો હોય! આ દૃશ્ય જોઈને યાત્રિકોને ઘણો આનંદ થયો. રાજા બાબરે પોતાની આત્મકથામાં આ પ્રતિમાનો ઉલ્લેખ કર્યો છે. હાલમાં પર્વતનું ખોદકામ કરતાં સુંદર કારીગરીવાળા ૧૦ થી ૩૦ ફૂટના અનેક જિનબિંબો (પહાડમાં જ કોતરેલા નીકળી આવ્યા છે...કેટલાક મુસ્લીમ-યુગમાં ખંડિત થઈ ગયેલા છે, તો કોઈ કોઈ અખંડિત પણ છે....પ્રતિમાજીની આસપાસ, તીર્થંકરની માતાને ૧૬ સ્વપ્નો આવે છે તથા માતાજી બાલતીર્થંકરને ગોદમાં રાખીને સુતા છે—એવા એવા ભાવવાહી દૃશ્યો કોતરેલા છે. એક ઠેકાણે મહારાજા સિદ્ધાર્થ, ત્રિશલાદેવી તથા કુંવર મહાવીર—એ ત્રણેનો સરસ દેખાવ છે ( નં. ૩ માં ); આમાંથી ઘણાખરા જિનબિંબો પરના શિલાલેખમાં રાજા ડુંગરેન્દ્રદેવ ( સં. ૧૪૯૭ )નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રીતે ગ્વાલીઅરનો કિલ્લો, મુસ્લીમયુગમાંથી પસાર થવા છતાં આજે પણ પ્રાચીન જૈનવૈભવની ગૌરવપૂર્ણ ગાથા સંભળાવી રહ્યો છે.

ગ્વાલીઅરમાં એવું જ બીજું દર્શનીય સ્થાન ' ગોપગિરિ ' છે, મોટા લાંબા કિલ્લા જેવી આ આખી પહાડી કોતરીને વિશાળ જિનબિંબોની અને જિનમંદિરોની હારમાળા રચી દેવામાં આવી છે; આવડા મોટા પદ્માસન પ્રતિમાઓ બીજે ક્યાંય જોવામાં આવ્યા નથી. અહા, આખોય પર્વત ખોદાવીને તેમાં ૩૦—૪૦ ફૂટના પદ્માસન પ્રતિમાઓની ભવ્ય કોતરણી જેણે કરાવી—તે ધન્યશ્રાવકો કેવા હશે ! ને તે વખતની જૈનધર્મની જાહોજલાલી કેવી હશે ! પ્રતિમાજીની અંતર્મુખ ઢળતી આંખો...એવી તો ભાવવાહી છે કે દર્શકને પણ અંતર્મુખ થવાનું દર્શાવી રહી છે...... અહીંના દરેક પ્રતિમાની મુદ્રા અતિશય કળામય અને વીતરાગતાથી ભરપૂર છે... જેનાં દર્શનથી દર્શકના હૃદયમાં પણ જાણે વીતરાગતાની લહેરીઓ ઊઠે છે : વિશાળકાય પ્રતિમાજીના ગોઠણ પણ એવા છે કે તેની પાસે ઊભેલા ભક્તો સાવ નાના લાગે છે.



માત્ર ગોઠણ આટલા વિશાળ છે તો આખા ૩૦—૪૦ ફૂટના પ્રતિમાજીનો દેખાવ કેવો રોમાંચકારી હશે !! તે તો નજરે જોનારને જ ખ્યાલ આવે. પર્વતના ઊંચા ઊંચા ભાગ ઉપર કોતરેલા પ્રતિમાજીની ભવ્ય મુદ્રાનું નીકટથી અવલોકન કરવા માટે, પર્વતમાં જ પ્રતિમાજીની બંને તરફ પગથિયાં કોતરેલા છે, તેના ઉપર ચડીને ભગવાનના કાન પાસે કોઇ માણસ બેઠો હોય ત્યારે તે માણસ ભગવાનના કાન કરતાંય નાનકડો લાગે, એવા તે મોટામોટા પ્રતિમાજી છે. ક્યાંક મોટા મોટા ૨૪ ભગવંતોની હારમાળા કોતરેલી છે, તો કયાંક સેંકડો પ્રતિમાઓનો સમુહ એક સાથે કોતરેલો છે.

આ રીતે, ભારતમાં અનેક સ્થળે આખા પર્વતનાં પર્વત જિન-પ્રતિમાથી કોતરેલા દેખાય છે; એ દશ્યો જોતાં આખા પર્વતો જ જાણે દિ. જૈનધર્મની પરમસત્યતાને પોકારતા હોય એવું લાગે છે. પર્વતને જ ખોદીને તેમાં વિશાળ જિનપ્રતિમા કોતરી કાઢવામાં આવ્યા હોય એવા દશ્યો ખાસ કરીને શ્રવણબેલગોલ, બાવનગજા, ગ્વાલીઅર, ઇલોરાની ગૂફાઓ, ચંદેરીમાં ખંદારગિરિ, ખંડગીરી—ઉદયગીરી વગેરેમાં નજરે પડે છે. એ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે જ્યાં જ્યાં આ રીતે પર્વતમાંજ કોતરી કાઢેલા હજારો વર્ષ પુરાણા ભવ્ય જિનબિંબો મળી આવે છે તે બધાય દિગંબર જિનબિંબો જ છે. તેમાંય અહીંના અતિવિશાળ અને ખૂબજ ભાવવાહી જિનબિંબોનો દેખાવ તો અદ્ભુત છે. આવા અદ્ભુત ગૌરવવંત જિનવૈભવને નીહાળતાં ભક્તજનોને બહુ આનંદ થતો હતો. આ ગોપગિરિની એક મોટી બખોલમાં "એક પત્થરની વાવ" છે તેમાંથી નિરંતર પાણીનું ઝરણું વહ્યા કરે છે; લગભગ ૧૫ ફૂટ પહોળી ને ૧૫ ફૂટ લાંબી આ ગંભીર વાવ કેટલી ઊંડી હશે તે અંદર ડુબકી માર્યા વગર કલ્પી શકાતું નથી,—જેમ મુનિવરોની ઊંડી પરિણતિનો મહિમા અંતર્મુખ થયા વગર કલ્પી નથી શકાતો તેમ.

ગ્વાલીઅરનો આવો જૈનવૈભવ નીહાળીને, અને ગ્વાલીઅરની જનતાને અંતરંગ જૈનવૈભવ ઉપદેશીને, માહ સુદ ૯ના બપોરના પ્રવચન બાદ પૂ. ગુરુદેવે સંઘસહિત આગ્રા તરફ પ્રસ્થાન કર્યું.


# ધોળપુર

ગ્વાલીઅરથી આગ્રા જતાં વચ્ચે ધોળપુર આવે છે ત્યાં સાંજના ભોજન માટે સંઘ રોકાયો હતો. અહીં ધોળપુરના ડેપ્યુટી કલેકટર-જેઓ શેઠ વછરાજજીના સંબંધી થાય છે તેમણે ઘણા પ્રેમપૂર્વક ગુરુદેવનું અને સંઘનું સ્વાગત કર્યું હતું ને ભોજનાદની બધી વ્યવસ્થા કરી હતી. પૂ ગુરુદેવનો ઉતારો પણ તેમને ત્યાં જ હતો.

અહીં ધોળપુર આવી પહોંચતાં પહેલાં વચ્ચે ચંબલ નદી આવી હતી, તેને પાર કરવ માટે પાણીમાં તરતો પૂલ ( પીપ ઉપર થાંભલા વગરનો કાચો પૂલ ) બાંધેલો છે; તે તરતા-પૂલ ઉપરથી એક પછી એક મોટરો ને મોટરબસો પસાર થઇને ધોળપુર પહોંચી ગઈ... ને તેના યાત્રિકો તો ત્યાં ભોજન કરીને તથા જિનમંદિરના દર્શન કરીને ત્યાંથી આગ્રા પહોંચી ગયા....પરંતુ, ઇંદોર જતી વખતે નર્મદા પાર કરવાના પ્રસંગની જેમ અહીં પણ મુંબઈની અને સોનગઢ-આશ્રમની બે બસો છેલ્લી રહી ગઈ,—આ બે બસો સૌથી મોટી હોવાથી ઝૂલતા પૂલ ઉપરથી પસાર થઇ શકે તેમ ન હતું....તેથી બપોરથી સાંજ સુધી યાત્રિકો ત્યાં નદી કાંઠે બેઠા....છેવટે બીજી ખાલી બસો સામે કાંઠે આવી તેમાં બેસીને યાત્રિકો ધોળપુર પહોંચ્યા, અને બસોનો સામાન ખાલી કરીને હોડકાદ્વારા સામે કાંઠે લઇ ગયા, ને ખાલી બસો પૂલ ઉપરથી ધીમે ધીમે સાવચેતીપૂર્વક પસાર થઇને રાત્રે ધોળપુર આવી ગઇ. આ બસો પૂલ ઉપરથી પસાર કરવામાં ડે. કલેકટરસાહેબે ઘણી લાગણીપૂર્વક સહાય કરી હતી. પૂ. ગુરુદેવ, તેમજ રામજીભાઇ, શેઠશ્રી પ્રેમચંદભાઇ, વછરાજજી શેઠ, તથા આશ્રમની બસના યાત્રિકો ધોળપુરમાં જ રાત રોકાયા હતા. રાત્રે સુંદર તત્ત્વચર્ચા ચાલી હતી.. ધોળપુરના ઘણા ભાઇબહેનો ચર્ચા સાંભળીને ખુશી થયા હતા.

માહ સુદ દસમની સવારમાં પૂ. ગુરુદેવે આગ્રા તરફ પ્રસ્થાન કર્યું. બીજા યાત્રિકોને આગ્રહપૂર્વક ચાનાસ્તો કરવા રોકયા; સવારમાં જિનમંદિરના દર્શન કર્યા બાદ, અહીંના લોકોના આગ્રહથી બ્ર૦ બહેનોએ થોડીવાર ભક્તિ કરી . ત્યારબાદ તરત આગ્રા તરફ પ્રસ્થાન કર્યું.

## આગ્રા શહેર



જૈન કોલેજમાં જિનમંદિર અને માનસ્તંભ ( આગ્રા શહેર )

માહ સુદ દસમીની સવારે પૂ. ગુરુદેવ આગ્રા પધારતાં ત્યાંના જૈનસમાજે ભવ્ય સ્વાગત કર્યું; સ્વાગતમાં ચાર પાંચ હજાર માણુસોએ ભાગ લીધો હતો...સંઘનો ઉતારો " શ્રી મહાવીર દિ. જૈન ઇન્ટર કોલેજ "ના મકાનમાં હતો. આ કોલેજમાં ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે; સંઘના ઉતારા માટે આ કોલેજમાં ખાસ રજા પાડવામાં આવી હતી. પ્રવચન માટે ખાસ મંડપ પણ ત્યાંજ હતો; અનેક સુશોભિત દરવાજાઓમાંથી પસાર

થતું થતું સ્વાગત સરઘસ મંડપમાં આવ્યું, ત્યાં મંગલ પ્રવચન બાદ સ્વાગતઅધ્યક્ષ શેઠ શ્રી મટરૂમલ્લજીએ ગુરુદેવનું તથા સંઘનું હાર્દિક સ્વાગત કર્યું, અને કહ્યું કે : स्वामीजीके प्रवचनोंके प्रभावसे जैनजगतमें अभूतपूर्व ढंगसे धार्मिक चेतना जागृत हो रही है। સંઘના ભોજનાદિની વ્યવસ્થા પણ અહીંના દિ૦ જૈનસમાજ તરફથી ઘણા પ્રેમપૂર્વક કરવામાં આવી હતી. સંઘના ભોજન વખતે નેમિચંદભાઈના કુટુંબીજનો તેમજ આગ્રાના અનેક ભાઈઓ જાતે જ આવીને સંઘને હોંશેહોંશે પીરસતા...સાધર્મીવાત્સલ્યનો અનેરો આનંદ અહીં જોવા મળતો...

આગ્રા, ભાઈશ્રી નેમિચંદજી પાટનીનું વતન હોવાથી અહીં તેમના ઉપર બેવડી જવાબદારી હતી,—યાત્રાસંઘના મુખ્યમંત્રી તરીકે સંઘની વ્યવસ્થા પણ તેમણે સંભાળવાની હતી અને આગ્રાના વતની તરીકે સંઘનું સ્વાગત કરવામાં પણ મુખ્ય ભાગ તેમણે જ ભજવવાનો હતો....આગ્રાના દિ. જૈનસમાજના ઉત્સાહભર્યા સહકારને લીધે, તેઓ ઘણા ઉલ્લાસથી પોતાની બંને જવાબદારી સંભાળી રહ્યા હતા.

પૂ. ગુરુદેવ સંઘસહિત આગ્રામાં ત્રણ દિવસ રહ્યા; તે દરમિયાન હંમેશા સવારે તથા બપોરે પ્રવચન તથા રાત્રે તત્વચર્ચા થતી હતી....સખ્ત ઠંડી પડતી હોવા છતાં, અને પ્રવચનસ્થાન શહેરથી દૂર હોવા છતાં હજારો માણસો પ્રવચનનો લાભ લેતા. અહીંના દિ. જૈન સમાજ તરફથી સ્વાગતાધ્યક્ષ શ્રી મટરૂમલ્લજીએ ગુરુદેવને અભિનંદનપત્ર અર્પણ કર્યું હતું. તથા જૈનકોલેજ તરફથી ગુરુદેવને અભિનંદન કરતાં પ્રધાન અધ્યાપક [ —પ્રોફેસર ] શ્રીએ કહ્યું હતું કે : पू. स्वामीजीने हमारी कोलेजमें पधारकर हमारे गृहको पावन किया है, इसलिये हमारा कोलेजपरिवार स्वामीजीका आभारी है। मैं कहनेका साहस करता हूं कि सारा आग्राशहर आपके स्वागतके लिये बहुत उत्सुक है। हमारी कोलेजकी औरसे हम आपके एवं साथमें पधारे हुओ महमानोंके अभिनंदन करते है। और स्वामीजीके आशीर्वाद चाहते है कि हमारी यह कोलेज उन्नति करती रहे॥

બીજા એક અધ્યાપકશ્રીએ કાવ્યદ્વારા અભિનંદન કર્યું હતું. ગુરુદેવ અને સંઘ આગ્રા પધારવાથી નેમિચંદભાઈએ પણ ઘણો હર્ષ વ્યક્ત કર્યો હતો. સ્થાનિક " નવપ્રભાત " દૈનિકે પણ પહેલે જ પાને—

" सोनगढके सन्त श्री कानजीस्वामीका आगमन "

" जैनकोलेजमें अपूर्व आध्यात्मिक समारोह "

—એવા હેડીંગપૂર્વક ગુરુદેવના સ્વાગત વગેરેના સમાચારની સાથેસાથે લખ્યું હતું કે–उनके प्रवचनोंके प्रभावसे जैनजगतमें अभूतपूर्व ढंगसे धार्मिकचेतना जागृत हो रही है ॥

આ બાજુના દરેક શહેરોના દિ. જૈનસમાજને ગુરુદેવના સ્વાગત વગેરેનો કેટલો પ્રેમ અને ઉત્સાહ હતો તે માટે આગ્રાનો એક પ્રસંગ અહીં ટાંકીએ– તો તે અસ્થાને નહિ ગણાય—

પૂ. ગુરુદેવ જ્યારે આગ્રા પધારી રહ્યા હતા અને સ્વાગત વગેરેની જોસદાર તૈયારીઓ ચાલી રહી હતી, ત્યારે આગ્રાની આસપાસના કોઇ ગામે બિરાજમાન એક "ત્યાગી"ને વિરોધ કરવાનો વિચાર જાગ્યો... ને પોતાના આ વિચારના અમલ માટે આગ્રા આવવાનું તેણે આગ્રાના આગેવાનોને જણાવ્યું...પરંતુ દિ. જૈનસમાજના આગેવાનો તો વિચારશીલ હતા, તરત જ એ 'ત્યાગી'મહારાજને જવાબ મોકલી દીધો કે: અમારા આગ્રામાં કાનજીસ્વામીના વિરોધની પ્રવૃત્તિ થઈ શકશે નહિ; કાનજીસ્વામી જેવા આધ્યાત્મિક પુરુષ જ્યારે સંઘ સહિત અમારા આંગણે પધારી રહ્યા છે ત્યારે તેમનું હાર્દિક સ્વાગત કરવાની અમારા દિ. જૈન-સમાજની ફરજ છે...માટે આપ આગ્રા પધારશો નહિ. આમ છતાં જો તમે કાનજીસ્વામીનો વિરોધ કરવા આગ્રા આવશો તો, તમારી સભામાં તો ૫૦—૧૦૦ માણસો પણ મુશકેલીથી ભેગા થશે, ને કાનજીસ્વામીના પ્રવચનમાં તો પાંચ– પાંચ હજાર માણસો ભેગા થશે, એટલે ઊલટું તમારે જ શરમાવું પડશે....ને સમાજમાં ઊલટો તમારો વિરોધ થશે. માટે આપ વિવેકથી કામ લઇને કાનજીસ્વામીનો વિરોધ નહિ કરો—એવી આશા રાખીએ છીએ.

દિ. જૈનસમાજના વિચારવાન આગેવાનોએ ખોટી રીતે કોઈની શેહમાં તણાયા વગર, આવો સ્પષ્ટ જવાબ આપીને વિવેકપૂર્વક દિ. જૈનધર્મની સાન જાળવી રાખે એવો માર્ગ લીધો—તે જાણીને હર્ષપૂર્વક તેમના પ્રત્યે ધન્યવાદના ઉદ્ગાર નીકળે છે.

—આ તો આગ્રાની વાત કરી,—માત્ર આગ્રામાં જ નહિ પરંતુ જ્યાંજ્યાં આ પ્રકારના પ્રસંગો ઉપસ્થિત થાય તેવું લાગ્યું ત્યાંત્યાં દરેક ઠેકાણે દિ. જૈનસમાજના વિચારવંત આગે-વાનોએ વિવેક અને હિંમતપૂર્વક દિ. જૈનસમાજને શોભાવે એવો યોગ્ય માર્ગ લીધો છે, ને દરેક ઠેકાણે ગુરુદેવનું તથા સંઘનું હાર્દિક સ્વાગત કરીને ઘણું જ સાધર્મીવાત્સલ્ય દેખાડયું છે, તે જોઇને આનંદ થાય છે.

પૂ. ગુરુદેવ આગ્રામાં હતા તે દરમિયાન જૈનકોલેજમાં એક જૈન સરસ્વતીભવન (પુસ્તકાલય)નું શિલાન્યાસ થયું હતું....અને એ શિલાન્યાસવિધિ માટેની શિલા ઉપર ગુરુદેવના સુહસ્તે સ્વસ્તિક કરાવીને પછી પ્રમુખશ્રી રામજીભાઈના હસ્તે શિલાન્યાસ થયું હતું.

આ આગ્રા, ઉપાદાન--નિમિત્તના ૪૭ દોહરાની જન્મભૂમિ છે :

"નગર આગરા અગ્ર હૈ જૈની જનકો વાસ;
તિંહ થાનક રચના કરી "ભૈયા" સ્વમતિ પ્રકાશ."

પ્રવચનમાં જ્યારે ઉપાદાન-નિમિત્તની સ્પષ્ટતા ચાલતી, ત્યારે ગુરુદેવ સભાને સંબોધીને કહેતા : 'જુઓ, આ તો તમારા જ ગામમાં લખાયેલી વાત છે, એટલે તમારે તો તે સમજવી પડશેને !!' આગ્રાના તાજગંજમંદિરમાં એક "શ્રુતસ્કંધયંત્ર" છે, તેની પ્રતિષ્ઠા ભૈયા ભગવતીદાસજીએ સં. ૧૯૯૯ના ફાગણ સુદ ૮ને શનિવારના દિવસે કરહલનગરમાં કરી હતી. આ ઉપરાંત નાટક-સમયસારના કર્તા કવિ શ્રી બનારસીદાસજી પણ ઘણાં વર્ષો સુધી આગ્રામાં રહ્યા હતા, અને બાદશાહ જહાંગીરના દરબારમાં તેમનું ઘણું સન્માન હતું.

આગ્રામાં જૈનધર્મની જાહોજલાલી સારી છે, ત્યાં જૈનવસ્તી લગભગ ૧૦૦૦૦ છે અને ૩૩ જેટલા જિનમંદિરો છે. જ્યાં સંઘનો ઉતારો હતો તે જૈનકોલેજમાં પણ એક જિન-મદિર તથા સુશોભિત માનસ્તંભ છે. યાત્રિકો હંમેશા ત્યાં દર્શન—પૂજન તથા ભક્તિ કરતા; એ સિવાય શહેરના બીજા પણ અનેક જિનમંદિરોનાં દર્શન કર્યા હતા.

મોતીકટરાના એક જિનમંદિરમાં સાત ફૂટ ઊંચા, ગુલાબી પાષાણના ખડ્ગાસનસ્થિત અતિસૌમ્યમુદ્રાવંત શ્રી મહાવીરભગવાનને દેખતાં જ ભક્તજનો હર્ષથી નાચી ઊઠ્યા...ને પ્રદક્ષિણા દેતાં દેતાં ખૂબ ભક્તિ કરી. પૂ. બેનશ્રીબેને પણ "મહાવીરા તેરી ધૂનમેં આનંદ આ રહા હૈ" ઇત્યાદિ સુંદર ભક્તિ ગવડાવી. અહા! આ ભગવાનની પાવનમુદ્રા સામે જોતાં જાણે કે ભગવાનની દૃષ્ટિમાંથી આપણા ઉપર આશીર્વાદ વરસી રહ્યા હોય એવી પ્રસન્નતા થાય છે. આ ઉપરાંત બેલનગંજ, રાજામંડી વગેરેમાં પણ અનેક જિનમંદિરોનાં દર્શન કર્યાં. રોશનમહોલ્લાના એક મંદિરમાં (—જે હાલ શ્વેતાંબરોના કબજામાં છે તેમાં) શીતલનાથભગવાનના દિગંબર જિનપ્રતિમા બિરાજે છે, આ પ્રતિમા અહીં ખુબ પ્રસિદ્ધ છે...તેની વેદીની કારીગરી ઘણી સરસ—તાજમહેલ જેવી છે, ને જૈન તેમજ જૈનેતરલોકો પણ તેને માને છે. શ્વેતાંબર ભાઇઓ પણ એમને એમ આ પ્રતિમાને પૂજે છે, અને દર્શન-પૂજન માટે દિગંબર ભાઇઓને પણ હક્ક છે. આ ભવ્ય દિગંબર જિનપ્રતિમાને અહીં શ્વે૦ મંદિરમાં જોતાં જ ભક્તોને એમ થઈ જાય છે કે અરે ! અમારા ભગવાન અહીં ક્યાંથી ? ત્યાં તો જાણે ભગવાન જવાબ આપે છે કે : નહિ, હું તો મને ઓળખનારા મારા ભક્તોના હૃદયમાં વસું છું. આ ભગવાનને જોતાં ભક્તોને પણ એમ થતું કે હે ભગવાન ! જગતમાં ગમે ત્યાં આપ બિરાજતા હો—પરંતુ આપનું સ્થાન અમારા હૃદયમાં


છે; અમારા જેવા ભક્તોના જ હૃદયમાં આપ બિરાજો છો...પ્રભો ! આપ અમારાં છો....ને અમે આપનાં છીએ.


જિનમંદિરોના દર્શન બાદ, આગ્રાના ખાસ જોવાલાયક ગણુતા સ્થળો—તાજમહેલ, દયાળબાગ તથા લાલકિલ્લો જોવા ગયા હતા; પરંતુ ધર્મરંગથી રંગાયેલા સંતો અને ભક્તો ઊડતું અવલોકન કરીને તરત બહાર નીકળી ગયા હતા, એમના ચિત્તને એ કોઇ વસ્તુ આકર્ષી શકતી ન હતી. તાજમહેલ જોયા બાદ ગુરુદેવે "નૂરજહાં અને ફકીર"નું દૃષ્ટાંત યાદ કર્યું હતું : એક હતા ફકીરબાબા; લોકોમાં નૂરજહાંના રૂપની ઘણી પ્રસિદ્ધિ સાંભળીને એક વાર તે તેનું રૂપ જોવા ગયા...બાદશાહની હાજરીમાં નૂરજહાંનું રૂપ જોઇને ફકીરબાબાએ તો ઉદાસભાવે માથું ધૂણાવ્યું !! બાદશાહે આશ્ચર્યથી પૂછ્યું : કયું સાંઈબાબા ! કયોં શીર ધૂનાતે હો? ત્યારે ફકીરબાબા કહે : બાદશાહ ! લોગ કહતે હૈ કિ 'બીબી નૂરજહાંકાં રૂપ બહુત અચ્છા હે'—લેકિન વહ બાદશાહકી દૃષ્ટિમેં હોગા, ફકીરકી દૃષ્ટિમેં નહી !!—એવું આ તાજમહાલનું છે ! તાજમહેલના ચાર ખૂણે સેંકડો ફૂટ ઊંચા બૂરજ છે...અગાઉના વખતમાં તેના ઉપર ચઢી શકાતું પણ હાલ તે બંધ કરી દેવામાં આવ્યું છે. આ તાજમહેલ જોતાં કોઈ કોઇ ખાસ યાત્રિકોને બાલપણમાં લીધેલી તાજમહેલની મુલાકાતનાં પ્રસંગો યાદ આવતા હતા. આગ્રામાં યાત્રિકોને યાદ રહી જાય એવી કોઈ વસ્તુ હોય તો તે ત્યાંની સખ્ત ઠંડી ! યાત્રિકોને અહીં ઠંડીનો એવો અનુભવ થયો કે, તેઓ આગ્રાના તાજમહેલને તો કદાચ ભૂલી જશે પણ આગ્રાની ઠંડીને નહિ ભૂલે.

મુંબઈથી પ્રસ્થાન કર્યા બાદ, અનેક તીર્થધામોની યાત્રા કરતાં કરતાં અને અનેક શહેરોના હજારો સાધર્મીઓનું વાત્સલ્ય ઝીલતાં ઝીલતાં, ૨૫ દિવસે આગ્રા પહોંચ્યા. અહીં સુધી પહોંચતાં ૧૧૦૦ માઇલ ઉપરાંત પ્રવાસ થયો. અહીં ત્રણ દિવસનો મુકામ થતાં યાત્રિકોને પ્રવાસનો થાક કાંઇક હળવો થયો. માંગીતુંગી પછી અત્યારસુધીમાં યાત્રાસંઘની સભા કયાંય મળી ન હતી, તેથી અહીં યાત્રાસંઘની ખાસ સભા રાત્રે બોલાવવામાં આવી હતી; તેમાં અત્યારસુધીના યાત્રાપ્રવાસના અનુભવો, તથા યાત્રિકોને મળતી સગવડ-અગવડ વગેરેનું અવલોકન કરીને યાત્રિકોને યોગ્ય સલાહસૂચનાઓ આપવામાં આવી હતી, અને હવે પછીના યાત્રાપ્રવાસની વ્યવસ્થાસંબંધી ગોઠવણ કરવામાં આવી હતી. રાત્રે આગ્રાની સખ્ત ઠંડી છતાં ખૂલ્લા મંડપમાં બેસીને પૂ. બેનશ્રી-બેન સભાના કામકાજની દોરવણી તેમજ યોગ્ય શિખામણો આપતા હતા; તેઓશ્રીની લાગણી દેખીને યાત્રાસંઘને ઘણો ઉત્સાહ મળતો હતો.

આ રીતે આગ્રાશહેરનો ત્રણ દિવસનો કાર્યક્રમ પૂરો થયો હતો.


★








( જુઓ પાનું ૧૪૦ )




( જુઓ પાનું ૧૩૦ )

# તીર્થધામ શૌરીપુરની યાત્રા




માહ સુદ ૧૪ની સવારમાં પૂ ગુરુદેવે સંઘસહિત આગ્રાથી શૌરીપુર તરફ પ્રસ્થાન કર્યું. આગ્રાથી શૌરીપુર તરફ જતાં વચ્ચે જમુના નદી ઉપર બે માળનો મોટો પૂલ આવે છે; પૂલના નીચેના માળ ઉપર જ્યારે યાત્રિકોની બસો પસાર થતી હતી તે જ વખતે ઉપલા માળ પરથી ટ્રેઇન પણ ધમધમાટ કરતી જતી હતી,—જાણે કે આવા મહાન યાત્રા સંઘને પોતામાં બેસવાને બદલે મોટરબસોમાં બેઠેલ દેખીને તે ટ્રેઇનને ઈર્ષા થતી હતી ને




તેથી તે ધમપછાડા કરતી હતી; ત્યારે 'કલ્યાણવર્ષિણી' મોટર તો પોતામાં ગુરુદેવ બેઠેલા હોવાથી આનંદિત થઈને મીઠામધુર સંગીત ગાતી ગાતી ઉમંગભેર નેમનાથપ્રભુના જન્મધામ તરફ દોડી જતી હતી. સૌરાષ્ટ્રના નેમિનાથ ભગવાનની જન્મભૂમિમાં જતાં સૌરાષ્ટ્રના યાત્રિકોને ઘણો હર્ષ થતો હતો. શ્રી નેમિનાથ ભગવાનની ભક્તિ કરતાં કરતાં શૌરીપુર આવી પહોંચ્યા. યાત્રા દરમિયાન તીર્થંકર ભગવાનની કલ્યાણકભૂમિ આ પહેલીવહેલી જ છે. કલ્યાણકભૂમિમાં આવતાં જ ગુરુદેવને હર્ષ થયો. અહો! આ તો આપણા દેશના ભગવાનનું જ ધામ! ગુરુદેવનો હર્ષ દેખીને કલ્યાણવર્ષિણી પણ ઝડપથી તેમને ઠેઠ પહાડ ઉપર લઇ ગઈ.

નેમિનાથભગવાનનું આ જન્મધામ આગ્રાથી ત્રીસેક માઈલ દૂર જમુના નદીને તીરે બહુ શોભી રહ્યું છે, અને ભગવાનના જન્મધામને લીધે જમુના નદી પણ શોભી રહી છે આસપાસ રળિયામણી ઝાડી તથા ડુંરળમાળ વચ્ચે થઇને પર્વત ઉપર જવાય છે. ચાલીને ઉપર પહોંચતા લગભગ અડધી કલાક લાગે છે. નાની મોટરો તો ઠેઠ ઉપર સુધી પહોંચી ગઈ, અને મોટી બસોના યાત્રિકો ચાલીને ઉપર ચઢ્યા. ચડતાં ચડતાં વચ્ચે કોઇ સુંદર સ્થાન દેખીને બાલભક્તો એમ કહેતા કે : નેમકુંવર નાનકડા હશે ત્યારે અહીં રમ્યા હશે...ને આ ધૂળમાં તેમનાં પાવન પગલાં પડ્યાં હશે!—એમ કહીને એ ચરણરજ મસ્તકે ચડાવતા. —આમ આનંદપૂર્વક સૌ યાત્રિકો શૌરીપુરતીર્થ ઉપર પહોંચી ગયા, અને ત્યાં મંદિરમાં બિરાજમાન શ્રી નેમિનાથભગવાનના દર્શન કર્યા, મૂળમંદિરમાં બિરાજમાન નેમિનાથ ભગવાનના દર્શન કરીને, ગુરુદેવસહિત સૌએ અર્ઘ ચડાવ્યો... ત્યારબાદ બાજુમાં બીજું મંદિર છે, ત્યાં જઇને નેમિનાથ ભગવાનને નીહાળતાં જ "વાહ પ્રભુ વાહ!" એવા આનંદઉદ્ગાર ગુરુદેવના મુખમાંથી નીકળ્યા; બેનશ્રીબેન તો ભગવાનના ચરણે ઢળી ગયા.....આ દસ ફૂટ ઊંચા ખડગાસનપ્રતિમા પરમ ધ્યાનમુદ્રામાં એવા શોભી રહ્યા છે—જાણે કે સાક્ષાત ભગવાન જ આપણી સન્મુખ ઊભા હોય! આનંદરસ ટપકતી અદ્ભુત એમની મુદ્રા છે...મુખમુદ્રામાંથી તો જાણે વૈરાગ્યના શેરડા છૂટે છે... ને નયનોમાંથી પ્રસન્નતાના ઝરા ઝરતા હોય- એવું લાગે છે. આ ભગવાનને જોઇને ગુરુદેવને ઘણો પ્રમોદ આવ્યો, થોડીવાર સુધી ભગવાનસન્મુખ બેસીને પ્રભુજીની મુદ્રાના વીતરાગીભાવો નીહાળ્યા. યાત્રાપ્રસંગમાં આવડા મોટા ભગવંતોને ઘણા યાત્રિકો તો જીવનમાં પહેલીજવાર નીહાળતા હોવાથી તેઓ અચંબો પામતા. બેનશ્રીબેન તો જાણે ભગવાન સાથે વાતું જ કરવા મંડી ગયા, ભક્તોનું મન ભગવાન પ્રત્યે થંભી ગયું. આ પ્રસંગે. "હઠીલો છબીલો.. રંગભીનો મનલીનો હમારોજી..." એ સ્તુતિનું સ્મરણ થતું હતું. આ ભગવાન પાસે ગુરુદેવે ઘણા રંગથી ભક્તિ કરાવી—




પ્રાચીન પ્રતિમા શૌરીપુર (જુઓ પૃ. ૧૭૨)



પ્રાચીન મહેલના અવશેષોનું અવલોકન (જુઓ પૃ. ૧૭૩)

નેમનાથપ્રભુ (શૌરીપુર)



અમ બાળકોને ચરણમાં રાખજો........

મ્હારા નેમિ પિયા ગીરનારી ચાલ્યા .. મત કોઇ શોક લગાજો....હાં...મત કોઇ શોક લગાજો.
લારલાર સંયમ મૈં લેશું . મત કોઈ પ્રીત બઢાજો . હાં ..મત કોઇ પ્રીત બઢાજો.

એ વૈરાગ્યભર્યું સ્તવન ગવડાવ્યા બાદ, યાત્રિકોનો ખૂબજ ઉમંગ દેખીને ગુરુદેવે બીજું સ્તવન ગવડાવ્યું . જાણે કે હમણાં જ ભગવાન સંસારથી વિરક્ત થઇને ગીરનાર સીધાવ્યા હોય...ને એ જ વખતે આ સ્તવન ગવાતું હોય—એવી ઉર્મિથી ગુરુદેવ ગવડાવતા હતા—

જબ ચલે ગયે ગીરનાર મેરે ભરતાર, હે મેરી સહેલી, મૈં કર્યાં રહું અકેલી...
લો આભૂષણ નહિ ભાતે હે...યે પિયુ બિન નહિ સુહાતે હે;
જબ નવ ભવકે સાથીને દીક્ષા લેલી...મેં કર્યાં કર રહૂં અકેલી....

અહો નાથ ! જે પરમવૈરાગ્યજીવન આપે અંગીકાર કર્યું, અમારા ચિત્તમાં પણ તે જ રમી રહ્યું છે—અમારા મનને તે જ ગમ્યું છે;—તેથી અમે પણ આપના પગલે પગલે આવીને કર્મનો ક્ષય કરશું—આવા ભાવો વ્યક્ત કરીને ગુરુદેવે ભક્તિ પૂરી કરી. ગુરુદેવની એ ભાવનામાં સૌ ભક્તોએ પણ અતિ જોરજોરથી જયજયકાર કરીને સાથ પુરાવ્યો; ગુરુદેવની ભક્તિથી ખુશી થઇને યાત્રિકો એટલા બધા ઉલ્લાસથી જયજયકાર કરતા હતા કે, જે યાત્રિકો પાછળ રહી ગયા હતા અને હજી પર્વત ચડવાની શરૂઆત જ કરતા હતા–તેઓ પણ દૂરદૂરથી એ જયજયકાર સાંભળીને, જલ્દી જલ્દી એ ભક્તિમાં પહોંચવા માટે દોડતા હતા.

ભગવાનના જન્મનું પાવનધામ, સુપ્રભાતનો સમય, અને પર્વતની ટોચ ઉપર બિરાજમાન વૈરાગ્યમૂર્તિ નેમિનાથ ભગવાનની સન્મુખ ગુરુદેવની ભાવભીની ભક્તિ–વૈરાગ્યના સાજથી સજેલી એ અપૂર્વભક્તિ,—તે પ્રસંગ અદ્‌ભુત હતો. ત્યારપછી પૂ. બેનશ્રીબેને પણ, જાણે કે હમણાં જ ત્રિલોકીભગવાન નેમકુંવર અહીં જન્મ્યા હોય ને આપણે સૌ તેમના જન્મકલ્યાણક ઊજવવા માટે જ અહીં આવ્યા હોઇએ એવા ઉમંગભાવે આનંદપૂર્વક ભક્તિ કરાવી—

નેમિજિણંદજીકા દર્શન પાયા.. રોમરોમમેં હર્ષ સમાયા,...
તોરે ગુણગણગંગમેં ન્હાયા હર્ષ ભરાયા જન્મ સુહાયા;
આનંદ આજ અપાર જિનજી આનંદ આજ અપાર

શૌરીપુરકી શોભા ન્યારી... નેમ પ્રભુથી પાવનકારી,
પુનિતચરણથી પાવનકારી.. આનંદ આજ અપાર જિનજી.

ધન્યભૂમિ ધન્ય ધૂળ જિણંદા, ગર્ભ-જન્મ હુઆ નેમ જિણંદકા,
કેલિ કરતા નેમજિણંદા, સૌરાષ્ટ્રદેશે સિદ્ધિકો ધ્યાયા ..આનંદ આજ અપાર

પૂ. બેનશ્રીબેન હજારનયનો જેવી ઉત્સુક્તાથી ભગવાનની મુદ્રા સામે નીહાળી નીહાળીને ભક્તિની ધૂન મચાવી રહ્યા છે; એમના રોમેરોમથી ભક્તિના સૂર ઊઠી રહ્યા છે... ને ભક્ત જનો ભક્તિરસથી તરબોળ થઇને વારંવાર આકાશ સામે જુએ છે કે હમણાં જાણે ઉપરથી ઇંદ્ર આવીને અહીં રત્નવૃષ્ટિ કરશે કે શું !! આ પંચમકાળ છે એ વાત તો ત્યારે ભૂલાઇ જ ગઇ હતી; આ તો ચોથોકાળ છે, ને ચોથાકાળમાં જન્મેલા ભગવાનનો જન્મોત્સવ આપણે ઊજવી રહ્યા છીએ —એવું જ તે વખતનું વાતાવરણ હતું. પૂ. બેનશ્રીબેને દરેક તીર્થધામને યોગ્ય અનેક અવનવા ભાવવાહી સ્તવનો રચ્યા હતા, એટલે નવીનતાને લીધે ભક્તિમાં વિશેષ આનંદ આવતો :

મનોહર મુદ્રા આજ નીરખતા.. રોગશોક સહુ દૂર જ ટળીઆ,
આતમમેં સુખશાંતિ પાયા....આનંદ આજ અપાર જિનજી.

ગુરુવરસંગે દર્શન પાયા, આતમમેં આનંદ છવાયા,
જન્મસફલ મુજ ત્રિભુવનરાયા.. આનંદ આજ અપાર જિનજી.

આ રીતે ભગવાનના જન્મધામમાં ભગવાનના જન્મકલ્યાણક સંબંધી મહાનભક્તિ બાદ ભગવાનનું પૂજન કરીને મૂળમંદિરમાં આવ્યા....અહીં ખોદકામ કરતાં અતિપ્રાચીન સેંકડો પ્રતિમાઓ નીકળેલા છે તેનું અવલોકન કર્યું. હજારો વર્ષ પુરાણા આ દિગંબર પ્રતિમાઓની મુદ્રા ખૂબજ કળામય છે... મૂળમંદિરમાં ચાર કૂટ મોટા પદ્માસન નેમિનાથપ્રભુ બિરાજે છે ત્યાં જન્માભિષેક કરીને સૌએ ગંધોદક લીધું...ને પછી પૂ. બેનશ્રીબેને ઘણા ભક્તિભાવથી પૂજા કરાવી; તેમજ યમ, ધન્ય તથા વિમલાસુત મુનિવરોની આ સિદ્ધભૂમિ હોવાથી, સિદ્ધપૂજા પણ કરાવી.

આ શૌરીપુર નેમિનાથપ્રભુના ગર્ભ—જન્મકલ્યાણને લીધે તીર્થક્ષેત્ર છે; તેમજ યમ, ધન્ય, તથા વિમલાસુત—એ ત્રણે અંતકૃત કેવળીભગવંતો પણ અહીંથી મોક્ષ પામ્યા હોવાથી સિદ્ધક્ષેત્ર પણ છે, એ રીતે આપણી જાત્રા દરમિયાન આ સાતમું સિદ્ધક્ષેત્ર છે. તે ઉપરાંત સુપ્રતિષ્ઠમુનિરાજની કેવળજ્ઞાનભૂમિ પણ આ જ છે.—એ યમ-ધન્ય વગેરે મુનિભગવંતોના ચરણકમળ અહીં ચોકમાં ચાર દેરીઓમાં સ્થાપિત છે, ત્યાં જઇને સૌએ ચરણસ્પર્શ કરીને અર્ઘ ચડાવ્યો.

[ ધન્યમુનિની કથા ટૂંકમાં આ પ્રમાણે છે : વિદેહક્ષેત્રના વીતશોકપુરીના રાજા અશોકને એકવાર ભયંકર રોગ થયો; અને તે રોગની દવા તૈયાર કરીને જ્યાં તેનું સેવન કરવા જાય છે ત્યાં એક મુનિરાજ ત્યાં પધાર્યા, તે મુનિરાજ પણ એવાજ રોગથી ગ્રસિત હતા; રાજાએ મુનિને આહારદાનની સાથે સાથે પોતાના માટે બનાવેલી ઔષધિનું પણ દાન કર્યું અને તે દાનના પ્રભાવે ત્યાંથી ભરતમાં અમલકંઠનગરીના રાજાનો પુત્ર થયો, તેનું નામ—ધન્યકુમાર ! તે ધન્યકુમારને એકવાર ભગવાન નેમિનાથપ્રભુનો ઉપદેશ સાંભળવાનો અવસર મળ્યો; અને પોતાનું થોડું જ આયુષ્ય બાકી જાણીને, વૈરાગ્યપૂર્વક દીક્ષા અંગીકાર કરીને મુનિ થયા...

શ્રી ધન્યમુનિરાજ એકવાર નેમપ્રભુના જન્મધામ શૌરીપુરમાં જમુનાકિનારે આવીને આતપનયોગપૂર્વક ધ્યાન કરતા હતા; એવામાં શિકાર માટે ગયેલો એક રાજા ત્યાં આવી પહોંચ્યો, રાજાને આજે શિકાર નહોતો મળ્યો; " આ નગ્ન મુનિના કારણે જ મને શિકાર ન મળ્યો " એમ સમજીને ક્રોધપૂર્વક તેણે ધ્યાનસ્થ ધન્યમુનિરાજ ઉપર તીરનો મારો ચલાવ્યો...પરંતુ તે જ વખતે ધન્યમુનિરાજે તો વીરતાપૂર્વક મોહ ઉપર શુકલધ્યાનરૂપી તીરનો મારો ચલાવ્યો, ને મોહને નષ્ટ કરીને તરત જ સિદ્ધગતિ પ્રાપ્ત કરી. ધન્ય તે ધન્ય મુનિરાજ ! આ રીતે શૌરીપુરતીર્થ અતંકૃત કેવળી શ્રી ધન્યમુનિરાજની સિદ્ધભૂમિ પણ છે.]

અહીં પ્રાચીનમહેલ તથા મંદિરોના અવશેષો જમીનના ખોદકામમાંથી નીકળેલા છે. તે બધાનું ભાવપૂર્વક અવલોકન કરીને ગુરુદેવ ભક્તોને પણ દેખાડતા હતા.

આ ઉપરાંત પ્રસિદ્ધ ન્યાયગ્રંથ " પ્રમેયકમલમાર્ત્તંડ "ની રચના પણ આચાર્ય પ્રભાચંદ્ર સ્વામીએ આ પાવનભૂમિમાં જ કરેલી છે. જો કે નેમિનાથપ્રભુના જન્મને તો ૮૬૦૦૦ વર્ષ વીતી ગયા તો પણ, ભગવાનની આ જન્મભૂમિ જોતાં એ પ્રસંગ જાણે હમણાં તાજો જ બનેલો હોય એમ લાગતું હતું.

એ રીતે આનંદથી શૌરીપુર તીર્થધામની જાત્રા કરીને યાત્રિકો ત્યાં પર્વત ઉપર ઊજાણી કરવા બેઠા ..જાણે કે ભગવાનના જન્મની ખુશાલીમાં સમુદ્રવિજય મહારાજાના મહેલમાં જ ઊજાણી કરતાં હોઇએ એવો આનંદ થયો...આ તીર્થધામમાં ગુરુદેવને જમાડવાનો લાભ પૂ. બેનશ્રીબેન, નેમિચંદજી પાટની વગેરેને મળતાં તેઓને ઘણી પ્રસન્નતા થઇ હતી. નેમપ્રભુની આ ભૂમિમાં વિચરતાં ભક્તો કહેતા હતા કે : આપણે તો ભગવાનના ગામમાં આવ્યા છીએ ને ભગવાનના મહેમાન થયા છીએ. ભગવાનના પવિત્ર પગલાંની અસર હજી પણ જાણે કે આ ભૂમિમાં વતી રહી છે—એવું અહીંનું સુંદર વાતાવરણ છે. ભગવાનનો

જન્મોત્સવ ઊજવવા ઇંદ્રો અહીં આવ્યા હશે, નાનકડા નેમકુંવર દેવકુમારોની સાથે આ ભૂમિમાં જ ખેલ્યા હશે, ને પછી અહીંથી જ જાન જોડીને રાજીમતીને વરવા સૌરાષ્ટ્રદેશમાં ( જુનાગઢ ) પધાર્યા હશે...

શૌરીપુરસેં વ્યાહન આયે સ્વામી નેમકુમાર...
મોડ તોડકર દીક્ષાધારી જાય ચઢે ગીરનાર...સાંવરીયા૦

સૌરાષ્ટ્રના યાત્રિકો નેમનાથપ્રભુને સંબોધીને કહે છે : હે નાથ ! આપ આ શૌરીપુરમાંથી વિવાહ માટે અમારા સૌરાષ્ટ્રદેશમાં પધાર્યા...પરંતુ અમે તો અતિશય ભક્તિને લીધે આપને સૌરાષ્ટ્રમાં જ રાખી લીધા...હે નાથ ! અમારા આંગણે પધાર્યા પછી અમે આપને પાછા કેમ જવા દઇએ !! પ્રભો ! હવે આજે અમે સૌરાષ્ટ્રમાંથી આપના આંગણે આવ્યા છીએ.... તો આપ પણ હવે અમને ઠેઠ સિદ્ધપદ સુધી સાથે ને સાથે જ રાખજો.. એમ ભગવાનને વિનતિ કરતાં કરતાં અને જયજયકાર ગજાવતા ગજાવતા સૌ નીચે ઊતર્યા...ને શૌરીપુર-તીર્થધામની યાત્રા પૂર્ણ થઇ.

શૌરીપુર તીર્થધામમાં બિરાજમાન નેમિનાથપ્રભુને નમસ્કાર.
શૌરીપુરથી સિદ્ધિ પ્રાપ્ત કરનાર સિધ્ધભગવંતોને નમસ્કાર.
શૌરીપુર તીર્થધામની યાત્રા કરાવનાર કહાનગુરુદેવને નમસ્કાર.













## બટેશ્વર

“ પૂ. શ્રી કાનજીસ્વામી દિ૦ જૈન તીર્થયાત્રા સંઘ ”નું આ વર્ણન ચાલી રહ્યું છે. શૌરીપુર-તીર્થની યાત્રા પૂરી કરીને બટેશ્વર આવ્યા; શૌરીપુરના પર્વતની તળેટીમાં જ આ બટેશ્વર છે, ત્યાં દિ૦ જૈન ધર્મશાળામાં જ જિનમંદિર છે, તેમાં બિરાજમાન શ્રી અજિતનાથ વગેરે ભગવંતોના દર્શન કર્યા. લગભગ ૮૦૦ વર્ષ પુરાણા આ અજિતનાથ ભગવાનના પ્રતિમાજીની રચના એવી કળામય છે કે, દૂરથી જોતાં તેમના જ હૃદયમાં તેમનું જ નાનું પ્રતિબિંબ હોય તેવું દેખાય છે, તે જોઇને ભક્તોને આનંદ થાય છે;— “ પરમાત્માના હૃદયમાં પરમાત્મા ” દેખીને એમ લાગે છે કે, “ હૃદયમાં આ રીતે પરમાત્માને ધ્યાવી-ધ્યાવીને અમે પરમાત્મા થયા છીએ ”—એમ તે ભગવાન બતાવી રહ્યા છે.

આ ધર્મશાળા બરાબર જમુનાનદીના તીર ઉપર જ છે; ધર્મશાળાના નીચેના બે મજલાનો ભાગ તો જમુનાના પાણીમાં દબાયેલો છે; આ રીતે ધર્મશાળાને ઘસાઇને જ ચાલી જતી જમુના નદી જાણે કે જિનેન્દ્રભગવાનનો જન્માભિષેક કરવા માંગતી હોય એવું લાગે છે. એક બે વર્ષ પહેલાં જ [ સં. ૨૦૧૧માં ] પૂરથી ગાંડીતુર થઇને આખા દિલ્હી જેવા શહેરને પણ ભયભીત કરી દેનારી આ જમુના નદી અહીં પ્રભુજીના ચરણમાં તો ઉપશાંત બની ગઈ છે ! આવા જમુનાકિનારે જિનમંદિરના દર્શન કરીને ત્યાંથી પાછા આગ્રા આવ્યા. અને સાંજના ભોજનાદિ બાદ ત્યાંથી પ્રસ્થાન કરીને યાત્રિકો રાત્રે ચોરાસી—મથુરા પહોંચી ગયા. પૂ. ગુરુદેવ રાતે આગ્રામાં જ શેઠ મગનમલજીને ત્યાં રોકાયેલા, ને બાજુમાં જિનમંદિરમાં તત્ત્વચર્ચા થઈ હતી, તેમાં અનેક ભાઇઓ જિજ્ઞાસાપૂર્વક સમયસાર સંબંધી પ્રશ્નો પૂછતા બીજે દિવસે સવારમાં ગુરુદેવ આગ્રાથી પ્રસ્થાન કરીને મથુરા પધાર્યા.

# મથુરા સિદ્ધક્ષેત્રની યાત્રા

( માહ સુદ પૂર્ણિમા )



આ ભરતક્ષેત્રના અંતિમ સર્વજ્ઞ શ્રી જંબુસ્વામીના નિર્વાણધામ મથુરાનગરીમાં ગુરુદેવ પધારતાં ભક્તોએ સ્વાગત કર્યું...પછી ધામધૂમસહિત મંગલગીત ગાતાંગાતાં યાત્રિકો સહિત ગુરુદેવ જિનમંદિરમાં પધાર્યા. સુંદર જિનમંદિરમાં ભગવાન શ્રી જંબુ-સ્વામીના ઘણા પુરાણા ચરણકમળ બિરાજે છે; ત્યાં ગુરુદેવે ઘણા ભાવપૂર્વક ચરણસ્પર્શ કર્યો : અહા, નાથ ! આપ આ ક્ષેત્રના છેલ્લા કેવળી થયા...આપ મોક્ષપુરીમાં પધાર્યા ને ભરતક્ષેત્રમાંથી કેવળજ્ઞાન પણ આપની સાથે જ લઇ ગયા...છતાં હે નાથ ! અમારા જેવા ભવ્ય શિષ્યજનોને માટે આપના દિવ્ય જ્ઞાન—આનંદની પ્રસાદી આપ અહીં મુકતા ગયા છો,



આપનાં ચરણચિહ્નોથી હજી પણ મોક્ષમાર્ગ જયવંત વર્તે છે; આપનાં એ ચરણ પકડીને અમે પણ આપની પાછળપાછળ આપના માર્ગે આવી રહ્યા છીએ...એવા ભાવોપૂર્વક ગુરુદેવે એ અંતિમ કેવળીપ્રભુના ચરણોનું સ્પર્શન કર્યું. અને ભક્તિપૂર્વક સૌએ અર્ઘ ચડાવ્યો....શ્રી જંબુસ્વામી આ ભરતક્ષેત્રના અંતિમ કામદેવ અને અંતિમ કેવળી હતા; તેઓ અહીંથી મોક્ષ પામ્યા છે. આ રીતે જંબુસ્વામીનું આ સિદ્ધિધામ આપણી યાત્રાનું આ આઠમું સિદ્ધક્ષેત્ર છે. અહીંથી જંબુસ્વામીની સાથે મહામુનિ વિદ્યુત [પહેલાં જે વિદ્યુત ચોર હતા તે] વગેરે પાંચસો મુનિવરો પણ મોક્ષ પામ્યા છે, તેમને પણ અર્ઘ ચડાવ્યો. મંદિરમાં શ્રી અજિતનાથ ભગવાનના પુરાણા પ્રતિમાજી મૂળનાયકપણે બિરાજે છે...તેમનાં પણ દર્શન કરીને અર્ઘ ચડાવ્યો.

જેમનાં દર્શન કરતાં જ ભક્તોના હૃદયમાં આનંદની ઊર્મિ જાગે એવા શ્રી સપ્તર્ષિ મુનિભગવંતોની હારમાળા પણ અહીં આ મંદિરમાં જ બિરાજે છે. અહા, એક સાથે ઊભેલા સાત મુનિભગવંતોની શોભા અદ્ભુત છે, સાતેય મુનિવરો જાણે કે સાતમે ગુણસ્થાને જ નિર્વિકલ્પ આનંદમાં ઝૂલી રહ્યા હોય—એવી એમની મુદ્રા છે. મુનિસુવ્રતભગવાનના તીર્થમાં રાજા રામચંદ્રજીના બંધુ શ્રી શત્રુઘ્ન જ્યારે આ મથુરાનગરીના રાજા હતા, ત્યારે એકવાર વૈરથી પ્રેરાઈને ચમરેન્દ્રે આખી મથુરાનગરીમાં ભયંકર મરકીનો ઉપદ્રવ કર્યો. એ ઉપદ્રવ ચાલતો હતો એવામાં જ શ્રી મનુ, સ્વરમનુ, નિચય, સર્વસુંદર, જયવાન, વિનયલાલસ અને જયમિત્ર—એ સાત ગગનવિહારી—ચારણઋદ્ધિધારી મુનિવરો ( સપ્તર્ષિ ભગવંતો ) મથુરા નગરીમાં પધાર્યા, અને તેમની ઋદ્ધિના પ્રભાવથી મરકીનો ઉપદ્રવ એકદમ શાંત થઈ ગયો. તેથી સમસ્ત નગરજનોએ અતિભક્તિપૂર્વક એ સપ્તર્ષિભગવંતોનું પૂજન કર્યું; એ પ્રસંગની યાદગીરીમાં આજે પણ અહીં સપ્તર્ષિ ભગવંતોના સુંદર પ્રતિમા શોભી રહ્યા છે. આ સપ્તર્ષિના દર્શનથી પૂ. ગુરુદેવને, પૂ. બેનશ્રી બેનને અને સમસ્ત યાત્રિકોને ઘણો આનંદ થયો, અને સૌએ ફરીફરીને એ દિગંબરસંતોના પુનિત ચરણોમાં લળીલળીને શીર ઝુકાવ્યું! ગુરુદેવ કહે : વાહ ! જુઓ તો ખરા આ મુનિઓનો દેખાવ !! એક સાથે સાત મુનિવરો કેવા શોભી રહ્યા છે !! લાવો અર્ઘ ચડાવીએ !

— આમ કહીને ગુરુદેવસહિત સૌ યાત્રિકોએ એ મુનિવરોના ચરણોમાં અર્ઘ ચડાવ્યો.

શ્રી મનુ-આદિ ઋદ્ધિધારક મુનિનકી પૂજા કરું,<br>
તાકરિ પાતક હરે સારે, સકલ આનંદ વિસ્તરું.

ૐ હ્રીં શ્રી મથુરાસિદ્ધક્ષેત્રે બિરાજમાન મનુઆદિ સાત ઋદ્ધિધારક શ્રુતકેવલિ મુનીશ્વરાય ચરણકમલપૂજનાર્થે અર્ઘં નિર્વપામિતિ...સ્વાહા.

ત્યારબાદ એ જિનમંદિરની અંદરના ચોકમાં જ ગુરુદેવનું સુંદર પ્રવચન થયું. પ્રવચનમાં મથુરા દિ૦ જૈનસમાજના આગેવાનો, તથા રાજા ભગવાનદાસજી, વિમલાબેન અને જૈનસન્દેશના ભૂતપૂર્વ સંપાદક પં. બલભદ્રજી વગેરે ઉપસ્થિત હતા. આ ઉપરાંત દિલ્હીવાળા શેઠશ્રી રઘુવીરદયાળજી તથા પ્રેમચંદજી વગેરે પણ અહીં આવ્યા હતા ને ગુરુદેવને દિલ્હી પધારવાની વિનતિ કરી હતી.

જિનમંદિરમાં ભાવભીનું પ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું કે : આ ચૈતન્યસ્વરૂપ આત્મા તે આનંદનું મંદિર છે. તેમાં એકાગ્રતાવડે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રરૂપ વીતરાગતા પ્રગટે તે જ ખરો અહિંસાધર્મ છે. આવા આનંદમંદિરમાં પ્રવેશીને ચૈતન્યનું ધ્યાન કરી કરીને જંબુસ્વામી વગેરે અહીંથી મોક્ષ પામ્યા છે. અરે, વિદ્યુત—કે જે પહેલાં મોટો ચોર—પાંચસો ચોરોનો સરદાર હતો, તે પણ ચૈતન્યનું ધ્યાન કરીકરીને અહીંથી મોક્ષ પામી ગયો. તે વિદ્યુતચોર પહેલાં રાજકુમાર હતો પણ પછી મોટો ચોર થયેલો—પાંચસો ચોરનો સરદાર! તે એકવાર જંબુકુમારના મહેલમાં ચોરી કરવા આવેલો, તે વખતે જંબુકુમાર તે જ દિવસે પરણેલી તેની ચાર રાણીઓ સાથે વૈરાગ્યથી સવારમાં દીક્ષા લેવાની વાત કરી રહ્યા હતા; વિદ્યુતચોરે પણ તેની સાથે ઘણી ચર્ચા કરી...અંતે જંબુસ્વામીના વૈરાગ્યથી પ્રભાવિત થઈને તે પણ વૈરાગ્ય પામ્યો, અને ૫૦૦ ચોરસહિત તેણે પણ જંબુસ્વામી સાથે દીક્ષા લીધી....તે બધા કેવળજ્ઞાન પામીને અહીંથી મુક્તિ પામ્યા છે. જુઓ તો ખરા, ક્યાં ચોરના પરિણામ ! ને ક્યાં મોક્ષદશા ! ચૈતન્યમાં મોક્ષ પામવાની બેહદ તાકાત ભરી છે. જંબુસ્વામી આ ભરતક્ષેત્રમાં છેલ્લા કેવળી થયા, ત્યારપછી અનુબદ્ધ કેવળી થયા નથી; છતાં આત્મામાં કેવળજ્ઞાનની તાકાત પડી છે તેની પ્રતીત કરીને સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રરૂપ ધર્મ આ કાળે પણ થઈ શકે છે."

સભાના આનંદ વચ્ચે મથુરાનગરીમાં ગુરુદેવ કહે છે : જુઓને, અહીં સપ્તર્ષિના પ્રતિમા કેવા છે ! અહા, એને જોતાં જ એમ થાય છે કે વાહ ! મુનિઓ તો આવા જ હોય, જેને દેહ ઉપર વસ્ત્રનો તાણોય ન હોય, ને અંતરમાં ચૈતન્યના આનંદમાં ઝૂલતા હોય. અહા ! એ મુનિદશાની શી વાત !! એ તો પરમેષ્ઠીપદ છે."

પ્રવચન પૂરું થતાં જ, સ્વાગતપ્રવચન કરતાં પં. બલભદ્રજીએ કહ્યું :

आज इस मथुराक्षेत्रमें पू. कानजीस्वामीको इतने बडे संघसहित देखकर मुझे बहुत हर्ष हो रहा है। स्वामीजी यहाँ पधारे इनके लिये मथुराकी जनताकी औरसे मैं स्वामीजी का व संघका आभार मानता हूं। आज यहांपर ऐसा महान संमेलन देखकर हम सबके बहुत हर्ष होता है।

जैसे भगवान नेमिनाथने उत्तरसे पश्चिममें आकरके ( शौरीपुरथी सौराष्ट्रमां आवीने ) धर्मका सन्देश सुनाया, वैसे, आज इतने वर्षोंके बादमें वही सन्देश स्वामीजीके द्वारा वहांसे हमको यहां वापस मिल रहा है, यह हमारा बडा भाग्य है । पूर्वाचार्योंने उत्तरका सन्देश दक्षिणकी ओर भेजा, वही सन्देश आज दक्षिणसे फिर उत्तरकी ओर आरहे है । इस तरह सौराष्ट्रप्रांतके साथ पहेलेसेही हमारा सम्बन्ध चलता रहा है । हमारी समझमें नहीं आता कि कुछ लोग इनके विरोधकी बात क्यों करते हैं ? वे तो हमारे महेमान है, हमें उनका वात्सल्यपूर्वक स्वागत और सन्मान करना चाहिये ॥ प्रवचनमें हमने देखा कि स्वामीजीकी दृष्टि अंतरकी है । हमने कभी इस पद्धत्तिसे स्वाध्याय मनन नहि किया, यह जो नवीन दृष्टिकोण प्राप्त हुआ है वह स्वामीजीके आभारी है ।

यह अंतिम केवली जंबुस्वामीका निर्वाणक्षेत्र है, इसी पवित्रधाममें आज हम बेठे है । यह मथुरा बहुत पुरानी ऐतिहासिक नगरी है । सातवें तीर्थंकर सुपार्श्वनाथकी स्मृतिमें यहांपर एक सुवर्णस्थंभ बनाया गया था, उसका प्रमाण पार्श्वनाथ भगवानके समयसे मिलता हैं, उस वख्त उस स्तंभको ईंटोंसे चन लिया था । यहांके म्युज्यममें दूसरी शताब्दिके एक शिलालेखमें उसका " देवनिर्मित आयातस्थंभ "के रूपमें उल्लेख किया गया है । इसके सिवाय जंबुस्वामीके साथ उनके विद्युत आदि ५० अनुयायो यहांसे मोक्ष पधारे उनकी यादीमें भी यहां ५०० स्तंभ बनाये जानेका उल्लेख मिलता है । ऐसी ऐतिहासिकनगरीमें हम आपका फिरसे स्वागत करते है ।

પંડિતજીએ સ્વાગતપ્રવચન ઘણા ભાવથી કર્યું હતું; તેમાં પણ ઉત્તરનો સંદેશ પશ્ચિમમાં અને પશ્ચિમનો સંદેશ ઉત્તરમાં, એવા એકબીજાના સંબંધનો જ્યારે તેમણે હર્ષપૂર્વક ઉલ્લેખ કર્યો ત્યારે સભાને ઘણો આનંદ થયો હતો; તેમજ ગુરુદેવદ્વારા સ્વાધ્યાય—મનનનું નવું દષ્ટિકોણ પ્રાપ્ત થવાની વાત કરી તેમાં પણ પંડિતજીની જિજ્ઞાસા તથા ગુરુદેવ પ્રત્યેનો પ્રેમ જણાઇ આવે છે.


જિનમંદિરમાં ગુરુદેવના પ્રવચન પછી પૂ. બેનશ્રીબેને ભક્તિ કરાવી :

આવો આવોજી.. હાંહાં આવો આવોજી જૈનજગસારે . જંબુસ્વામી સિદ્ધ ભયે.
ગુણ ગાવોજી...હાંહાં....ગુણ ગાવોજી સકલ નરનારી જંબુસ્વામી મોક્ષ ગયે.
ધન્ય ધન્ય બ્રહ્મચારી ભૂષણ પ્રબલ પ્રતાપી નેતા,
અર્હદ્દાસ જિનમતિકે નંદન (૨) પાવન જીવન સારા....આવો આવોજી

પરમવૈરાગી મુનિપદધારી, રત્નત્રય આરાધા.
આતમધ્યાની, ક્ષાયક જ્ઞાની(૨) આઠોં કર્મ વિજેતા... આવો આવોજી૦
કેવળજ્ઞાનકી જ્યોતિ વિસ્તારી, દોષ સમૂલ નશાયે,
અંતિમ કેવલી જંબુસ્વામી (૨) ભવસે પાર લગાયે.... આવો આવોજી૦
સિદ્ધાલયમેં આપ બિરાજો, શાશ્વત આનંદકારી,
વિદ્યુતકો ભી પાર લગાયે(૨) તિનપ્રતિ ઢોક હમારી.... આવો આવોજી૦
ચોરાસી—મથુરાકી ભૂમિપર ચરણ પ્રભુકા સોહે,
પરમ વૈરાગી જંબુસ્વામી(૨) દેખ પ્રભુ મન મોહે... આવો આવોજી૦
દૂરદૂરસે યાત્રી આકર યાત્રોત્સવ મનાવે,
કહાનગુરુ સાથ દરશન પાકર(૨) અતિશય હર્ષિત હોવે... આવો આવોજી૦

ઘણા ઉલ્લાસપૂર્વક જંબુસ્વામીની ભક્તિ બાદ, સપ્તર્ષિ મુનિવરોની ભક્તિ ગવડાવી—

મૈં પરમ દિગંબર સાધુ કે ગુણ ગાઉં રે...
મૈં શુદ્ધ ઉપયોગી સંતનકો નિત ધ્યાઉં રે...
મૈં પંચમહાવ્રત ધારી કો શિર નાઉં રે....
મૈં સાત ચારણમુનિ ચરણોંકો નિત પાઉં રે....
મૈં ઋદ્ધિધારી મુનિવરકો નિત ધ્યાઉં રે....
ભવરોગ મિટાવન હારેકો નિત ધ્યાઉં રે....
મૈં રત્નત્રયકે ધારક સંત કો વંદું રે...
મથુરામેં રોગ પ્રગટતે, ચૌફેર અશાંતિ પ્રસરતે;
પાવન મુનીંદ્ર ચરણસે સમાધિ હોતી રે...
ઋદ્ધિધારી મુનીન્દ્ર ચરણસે શાંતિ હોતી રે...
મથુરાસે મુનિવર સિદ્ધિધામકો પાયા રે...
મથુરા નગરીકો તીરથધામ બનાયા રે...
ગુરુજી પ્રતાપે સેવક દર્શન પાયા રે...



સોનગઢ-જિનમંદિરમાં શોભી રહેલું સપ્તર્ષિ ભગવંતોનું ભાવવાહી દૃશ્ય
[ આ સાતેય મુનિવરો સગા ભાઈ છે, સાતેય શ્રુતકેવળી છે અને
સાતેય ચરમશરીરી છે. પરિચય માટે જુઓ પાનું ૧૭૭ ]

અહા, આ સપ્તર્ષિ ભગવંતોની ઉલ્લાસભરી ભક્તિ અદ્‌ભુત હતી, એક સાથે સાત સાત શ્રુતકેવળી મુનિવરોને દેખીદેખીને બેનશ્રીબેનનો આત્મા એ સંતો પ્રત્યે ભક્તિથી ઉલ્લસી જતો હતો; આજે પણ સોનગઢમાંથી ઉત્તરદિશાના આકાશમાં "સપ્તર્ષિ"ને જોતાંજ ઉત્તરપ્રદેશ ( મથુરા )ના એ સપ્તર્ષિભગવંતોનું સ્મરણ થાય છે. સાથે સાથે ત્યાંની અદ્‌ભુત ભક્તિ પણ યાદ આવે છે અને એ ભક્તિ દેખીને જાણે આકાશના સપ્તર્ષિ–તારલીયા પણ લબકઝબક કરતાં હસતાં હોય એવું લાગે છે ! એટલું જ નહિ, સમ્યક્ ભક્તિથી આકર્ષાઇને જાણે એ સપ્તર્ષિ—મુનિભગવંતો સોનગઢ પધાર્યા હોય એમ તેઓનું અતિ ભાવવાહી દશ્ય સોનગઢ–જિનમંદિરમાં શોભી રહ્યું છે. ભજન બાદ યાત્રિકો ભોજન કરવા બેઠા; જિન–મંદિરની સામેના ચોકમાં જ ભોજન કરતાં યાત્રિકોનું વાતાવરણ ઉમંગભર્યું હતું. અહીં જિન-મંદિરની સામેના ચોગાનમાં માનસ્થંભ તૈયાર થઇ ગયો છે પણ હજી તેમાં જિનબિંબ પ્રતિષ્ઠા થવાનું બાકી છે. ધર્મશાળા પણ ત્યાંજ છે, ને ત્યાં બાજુમાં જ કુવા ઉપર રેંટ ચાલતો હોવાથી યાત્રિકોને ધોવાની સુવિધા મળી હતી

બપોરે તત્ત્વચર્ચા બાદ સાંજે મ્યુઝીયમ (પુરાતત્ત્વસંગ્રહ) જોવા જવાનું હતું. પણ ગુરુ-દેવની 'કલ્યાણવર્ષિણી' મોટર તૈયાર ન હતી, કલ્યાણવર્ષિણીને બદલે તરત જ 'સતસેવિની' મોટર હાજર થઇ ગઈ...ને દસબાર ભક્તોસહિત ગુરુદેવ પહેલીજવાર 'સતસેવિની' માં બેસીને મ્યુઝીયમમાં આવી પહોંચ્યા. મ્યુઝીયમમાં એક "આયાગપટ્ટ" છે, જેના ઉપરનો જૈન–શિલાલેખ ૨૨૦૦ વર્ષ જેટલો પુરાણો છે. બીજા એક પ્રતિમાજી લગભગ ૨૦૦૦ વર્ષ પુરાણા છે. હજાર–દોઢહજાર વર્ષ પુરાણા તો અનેક પ્રતિમાઓ છે, અને અહિંથી એક માઈલ ઉપર આવેલ "કંકાલી ટીલા" નામની જગ્યામાંથી ખોદકામ કરતાં સેંકડો પ્રતિમાઓ મળી આવે છે. આ બધા પુરાણા દિ૦ જિનપ્રતિમાઓ હજારો વર્ષ પહેલાંના જૈનવૈભવની આજે પણ પ્રસિદ્ધિ કરી રહ્યા છે. આ જૈનપુરાતત્ત્વો જોતાં ગુરુદેવને એમ થતું કે અહો ! બે હજાર વર્ષ પહેલાનાં દિ૦ જિનપ્રતિમા અહીં છે, ઇતિહાસ પણ સાક્ષી પૂરે છે કે દિ૦ જૈનધર્મ કેટલો પુરાણો છે !' એમ કહેવાય છે કે શત્રુઘ્નના પુત્ર 'શૂરસેન'ના નામ ઉપરથી આ પ્રદેશનું નામ "શૌરસેન" પડ્યું છે.

મથુરાથી ચારપાંચ માઈલ દૂર 'વૃંદાવન' છે; વૈષ્ણવોનું એ મુખ્યધામ ! કહે છે કે ત્યાં કૃષ્ણના હજારો મંદિરો છે ત્યારે જૈનોનું મંદિર એકજ છે, જેમ હજારો તારલિયાના વૃંદ વચ્ચે એકજ ચંદ્ર શોભે છે તેમ એ હજારો કૃષ્ણમંદિરોની મધ્યે પણ નાનકડું એક જ જિનમંદિર શોભી રહ્યું છે, વૃંદાવનના મુખ્યમંદિરમાં એક સુવર્ણજડિત સ્થંભ ઉપરાંત બીજો ઘણો સાજ છે.

વૃંદાવન જોયા પછી ગોકુળ પણ જોવા ગયા હતા; ગોકુળ એટલે મીરાંબાઈનું ધામ ! પૂ. બેનશ્રીબેન જ્યારે ગોકુળની ગલીઓમાં વૈરાગ્યનું ભજન ગાતાંગાતાં ફરી રહ્યા હતાં ત્યારે એમ થતું હતું કે જૈનધર્મના સાચા મીરાંબેન તો આ રહ્યા !—કે જેમનું અંતર રગેરગે વીતરાગ પ્રભુની ભક્તિથી રંગાયેલું છે. પૂ. બેનશ્રી ચંપાબેન નાના હતા ત્યારે બાળપણમાં કેટલાક ભજન બોલતા, તે ભજન અહીં જમનાનદીના તીરે ગોકુળની કુંજગલીમાં ફરતાં ફરતાં યાદ આવતા હતા.

વૃંદાવન અને ગોકુળ જોઈને પછી મથુરાશહેર જોવા ગયા હતા. મથુરાની બજાર લાંબી છે ને તેની બાજુમાં જ જમુનાનદી વહી જાય છે. અહીં શ્રી વિજયએસ્ટેટમાં (વિમલાબેનના બંગલામાં) ગૃહચૈત્ય છે. તેમાં બિરાજમાન ભગવાનની પંચકલ્યાણક પ્રતિષ્ઠા સોનગઢમાં માનસ્તંભના પ્રતિષ્ઠામહોત્સવ વખતે ગુરુદેવના સુહસ્તે થઇ હતી; તેના પણ દર્શન કર્યા. તથા બીજા એક જિનમંદિરના પણ દર્શન કર્યા.

સાંજે જંબુસ્વામીના નિર્વાણધામમાં ઉત્સાહપૂર્વક આરતી થઈ—

ધન્ય ધન્ય આજ ઘડી કૈસી સુખકાર હૈ...
જંબુસ્વામી ધામ દેખા....જંબુસ્વામી ધામ હૈ,
સપ્તર્ષિ ભગવાન દેખા...સપ્તર્ષિ ભગવાન હૈ;
ગુરુજીકી સાથ યાત્રા....ગુરુકી સાથ હૈ.

ખુશીયાં અપાર આજ હર દિલમેં છાઈ હૈ,
યાત્રા કે હેતુ સબ જનતા અકુલાઇ હૈ...જનતા અકુલાઈ હૈ,
નિશદિન આતા હૈ નયા તીર્થધામ હૈ...
યાત્રા ઉત્સવ આજ દેખો... યાત્રા ઉત્સવ આજ હૈ
ગુરુજીકી સાથ યાત્રા ગુરુજીકી સાથ હૈ.

ભક્તિસે નૃત્યગાન કોઇ હુ કર રહે,
આતમસુબોધ કર પાપોંસે ડર રહે...પાપોંસે ડર રહે,
પલપલ પુણ્યકા ભરે ભંડાર હે...

યાત્રા ઉત્સવ આજ દેખો...યાત્રા ઉત્સવ આજ હૈ,
ગુરુજીકી સાથ યાત્રા...ગુરુજીકી સાથ હૈ

જિનમંદિરમાં આરતિ બાદ શ્રી સપ્તર્ષિભગવંતોની સન્મુખ પૂ. બેનશ્રીબેન શાંતિથી બેઠાબેઠા મુનિવરોને ધ્યાવતા હતા ને ભક્તિ કરતા હતા; ત્યાં તો બીજા અનેક ભક્તો ભેગા થઇ ગયા ને પૂ. બેનશ્રીબેને બે સ્તવનો ગવડાવીને વિશેષ ભક્તિ કરાવી—

(૧) ઓ સાધુ હૃદય મમ વસીયોજી... મેરે પાતક હરીયો જી...

(૨) ધન્ય મુનીશ્વર આતમહિતમેં.. છોડ દિયા પરિવાર કિ તુમને છોડા સબ ઘરબાર...
ધન્ય જંબુમુનિ આતમહિતમેં....છોડ દિયા પરિવાર કિ તુમને છોડા સબ સંસાર...
બાલ બ્રહ્મચારી જંબુસ્વામી જાના જગત અસાર કિ તુમને છોડા સબ ઘરબાર...
મહાવૈરાગી જંબુસ્વામી ક્ષણમેં ત્યાગી નાર કિ તુમને ક્ષણમેં ત્યાગી (ચાર) નાર.

જ્ઞાન દર્શન ચારિત્રકો ધ્યાયા, કેવળજ્ઞાનકો શીઘ્ર મિલાયા;
ચિદાનંદ ચેતનકા પ્રગટા, સિદ્ધસ્વરૂપ રૂપ હો પાયા;
તુમ ચરણોંસે સોહે આજે મથુરા સિદ્ધિધામ... કિ ધન ધન જંબુ મુનિભગવાન.

ધન્ય દિવસ આજે સુખકારા, જંબુસ્વામીકા દર્શન પાયા;
ચરમ કેવળજ્ઞાનીકો પાયા, અંતરમેં આનંદ ઊભરાયા,
મથુરાસેં પ્રભુ પાયા તુમને પાવન સિદ્ધિધામ કિ તુમને પાયા સિદ્ધિધામ...
મથુરાનગરી તુજ પ્રતાપે હોગઈ સિદ્ધિધામ... કિ તુમને પાયા સિદ્ધિધામ...
કહાનગુરુ સાથ આવી સેવક વંદે વારંવાર કિ તુમને પાયા સિદ્ધિધામ.

ઘણી ઉલ્લાસભરી ધૂનથી એ સ્તવન ગવાયું હતું. સાત મુનિભગવંતોની સન્મુખ અદ્‌ભુતભક્તિ જોઈને ભક્તો આશ્ચર્ય પામતા. ત્યારબાદ અજિતનાથ પ્રભુ પાસે, જંબુસ્વામીના ચરણ બિરાજે છે ત્યાં પણ, ઘણી ભક્તિ કરી હતી.

બીજે દિવસે સવારે જિનમંદિરમાં જંબુસ્વામીનું તેમજ સપ્તર્ષિભગવંતોનું ઘણા ઉલ્લાસપૂર્વક સમૂહપૂજન થયું હતું; તેમાં સપ્તર્ષિ મુનિભગવંતોની પૂજાનો રંગ તો જુદો જ હતો. પૂજન પછી ગુરુદેવ વગેરેએ જિનમંદિરની અગાશી ઉપરથી મથુરાનગરીના આસ. પાસના ઉદ્યાનોનું અવલોકન કર્યું ત્યારે ગુરુદેવના હૃદયમાં એ મુનિભગવંતોનું સ્મરણ જાગતું હતું ને તેથી તેઓનું ચિત્ત વૈરાગ્યરસથી ભીંજાઇ જતું હતું. ત્યારબાદ, ભોજન કરીને ઘણાખરા યાત્રિકોએ આગ્રા થઇને ફિરોજાબાદ તરફ પ્રસ્થાન કર્યું. પૂ. ગુરુદેવ સાંજે

વિમળાબેનને ત્યાં ભોજન કરીને આગ્રા પધાર્યા; ને રાત્રે ત્યાં રોકાઇને બીજે દિવસે સવારમાં ફિરોજાબાદ તરફ પ્રયાણ કર્યું. કેટલાક બાલભક્તોને મથુરામાં જ રાત રોકાવું પડયું હતું. ત્યાં રાત્રે જિનમંદિરમાં ખૂબજ ભક્તિ કરી હતી, જંબુસ્વામીના ચરણસમીપે કેટલાક બહેનોએ ભક્તિપૂર્વક રાસ પણ લીધા હતા; તથા સાતમુનિભગવંતોની સમીપે શાંતિથી ભક્તિભાવના કરતા હતા. બીજે દિવસે સવારે પ્રસ્થાન કરીને ફિરોઝાબાદ પહોંચી ગયા હતા.

**આ રીતે આઠમા સિદ્ધક્ષેત્ર મથુરાનગરની મંગલયાત્રા પૂરી થઇ.**

**ભરતના અંતિમ સર્વજ્ઞ શ્રી જંબુસ્વામીને નમસ્કાર.**
મથુરાસિદ્ધક્ષેત્રથી મુક્તિપ્રાપ્ત સિદ્ધભગવંતોને નમસ્કાર.
મથુરાક્ષેત્રે બિરાજમાન ભવરોગવિધ્વંસક સપ્તર્ષિભગવંતોને નમસ્કાર.
મથુરાતીર્થધામની યાત્રા કરાવનાર કહાન ગુરુદેવને નમસ્કાર.

મથુરાથી પ્રસ્થાન કરવા છતાં યાત્રિકોના દિલમાં મથુરાના જંબુસ્વામી ભૂલાતા ન હતા, એટલે બસમાં બેઠાબેઠા જંબુસ્વામીને યાદ કરી કરીને ભક્તિ કરતા હતા... જાણે કે સાક્ષાત જંબુસ્વામી પાસે જઇને સિદ્ધિનો માર્ગ પૂછતા હોય ને જંબુસ્વામી જવાબ દેતા હોય— એવા ભાવથી ભક્તિ ગાતા હતા—

[ ભક્તો કહે છે : ]

મથુરામાં મુક્તિ તમે પામ્યા હો જંબુ ! કયાંથી મુક્તિ પામ્યા ?
કયાંથી મુક્તિ પામ્યા પ્રભુ ! કેવી રીતે પામ્યા... મથુરામાં...
અનાદિકાળના કર્મસંબંધને, કેમ કરી છેદી તમે નાખ્યા હો...જંબુ૦
ભક્તજનોને કેવળ વિરહમાં, મુકી મુકી કેમ તમે ચાલ્યા...હો જંબુ૦

[ જંબુસ્વામી જવાબ આપે છે : ]

મથુરાનગરીના ચોરાશીધામમાં, અપૂર્વ સિદ્ધિ અમે પામ્યા....હો ભકત...સિદ્ધિધામ પાયા.
નિજસ્વરૂપનું ધ્યાન કરીને, કર્મબંધન છેદી નાંખ્યા...હો ભકત...સિદ્ધિધામ પાયા.

[ ગુરુદેવને સંબોધીને પણ ગાતાં—]

મથુરામાં જાત્રા કરી આવ્યા, હો કાન ! કયાં કયાં જઇ આવ્યા ?
કયાં કયાં જઇ આવ્યા....પ્રભુ ! શું શું જોઈ આવ્યા ?....મથુરામાં૦

[ અને ગુરુદેવ જાણે કે જવાબ આપે છે— ]


સિદ્ધવરકૂટના સિદ્ધપ્રભુને, નૌકાવિહાર કરી ભેટ્યા...હો ભક્ત...જાત્રા....
મથુરાનગરીમાં સપ્તર્ષિનાથને ભાવે કરીને અમે ભેટયા...હો...ભક્ત...જાત્રા ...

[ ભકતો ખુશી થઇને કહે છે— ]

'વાહ વા !'...ગુરુજી ! નૌકાવિહારની, 'વાહ વા !' એ સિદ્ધકૂટધામ....હો કાન...


—આમ યાત્રાને આનંદપૂર્વક યાદ કરી કરીને ભક્તિ કરતાં કરતાં ફિરોઝાબાદ પહોંચ્યા.





## ફિરોઝાબાદ


[ માહ વદ બીજ ]



સવારમાં પૂ. ગુરુદેવ ફિરોઝાબાદ આવી પહોંચતાં દિ૦ જૈનસમાજે ઘણું ભવ્ય સ્વાગત કર્યું. શેઠશ્રી છદામીલાલજીની આગેવાનીમાં પાંચ છ હજાર માણસોએ ઉમળકાથી સ્વાગતમાં ભાગ લીધો. પં. રાજેન્દ્રકુમારજી વગેરે હાથમાં ઝંડો લઈને ગુરુદેવની આગળ ચાલતા હતા. ઠેરઠેર રંગબેરંગી પુષ્પવૃષ્ટિ થતી હતી. સંઘની ૩૦—૪૦ મોટરો અને મોટરબસો પણ ઝંડાથી શણગારીને સ્વાગતસરઘસમાં સાથેસાથે જ ચાલતી હતી; આ રીતે સ્વાગત ઘણું પ્રભાવશાળી અને ઉત્સાહભર્યું હતું. ગુરુદેવનો આવો મહાન પ્રભાવ નજરે નીહાળીને

દિ૦ જૈનસમાજને તેમજ નગરીની જનતાને પણ આશ્ચર્ય થતું. સ્વાગતસરઘસ ફરતું ફરતું શેઠ છદામીલાલજીના જૈનબાગમાં આવ્યું અને ત્યાં ગુરુદેવે ભાવભીનું મંગલ પ્રવચન કર્યું. હવે આપણે શેઠ છદામીલાલજીનો અને તેમના જૈનબાગનો થોડો પરિચય આપીએ—

થોડા વર્ષ પહેલાં શેઠ છદામીલાલજી તથા દિલ્હીવાળા લાલા રાજકિશનજી યાત્રાપ્રવાસ કરતાં કરતાં સોનગઢ આવ્યા હતા; સોનગઢમાં ગુરુદેવના દર્શનથી તેમને ઘણી પ્રસન્નતા થઈ હતી અને ગુરુદેવને વિનતિ કરતાં કહ્યું હતું કે : "મહારાજ ! આપ હમારે પ્રાંતકી ઓર પધારીએ; એકવાર શિખરજીકી યાત્રાકે લીએ અવશ્ય હમારે દેશકી ઓર પધારીએ." એ વખતે તો તેઓ ઔપચારિક વિનય ખાતર કહે છે એમ લાગેલું, પરંતુ ખરેખર ગુરુદેવ જ્યારે ફિરોઝાબાદ પધાર્યા ત્યારે તેમણે હૃદયની ભાવનાપૂર્વક ખૂબજ ઉત્સાહ અને પ્રેમપૂર્વક ગુરુદેવનું ને સંઘનું સ્વાગત કર્યું,—અને ત્યારે જ ખબર પડી કે તેમને ગુરુદેવ પ્રત્યે કેટલી બધી ભાવના છે ! સોનગઢમાં તાજો જ થયેલો ભવ્ય માનસ્તંભ દેખીને તેમને ઘણો આનંદ થયો હતો, અને ફિરોઝાબાદમાં પણ એવો જ માનસ્તંભ કરાવવા માટે પોતાના ખાસ કારીગરોને તે માનસ્તંભ નજરે જોઇ આવવા અને તેનો નકશો કરવા સોનગઢ મોકલ્યા હતા. હાલ સોનગઢ જેવો જ માનસ્તંભ ફિરોઝાબાદમાં તેઓ બંધાવી રહ્યા છે.



તેની પીઠિકાના એક ચિત્રમાં તેમણે પૂ. ગુરુદેવની પ્રવચનસભાનો દેખાવ કોતરાવેલ છે, ને તેમાં ગુરુદેવ પ્રત્યે પોતે ( છદામીલાલજી શેઠ ) નમસ્કાર કરી રહ્યા છે–એ દૃશ્ય બતાવીને ગુરુદેવ પ્રત્યેનો ખાસ ભક્તિભાવ તેમણે વ્યક્ત કર્યો છે. કેટલાક વર્ષ પહેલાં ફિરોઝાબાદમાં શેઠ છદામીલાલજી તરફથી એક ખાસ "જૈનસંસ્કૃતિસંમેલન" ભરાયેલ, તે વખતે લગભગ ૩૫૦૦૦ માણસોની સભામાં રાજકોટ—પંચકલ્યાણકપ્રતિષ્ઠા-મહોત્સવની ફિલ્મ બતાવવામાં આવી હતી; અને શેઠશ્રી છદામીલાલજીએ તે પ્રસંગે રૂા. ૨૦,૦૦૦૦૦ (વીસ લાખ) જિનમંદિર તથા જૈનસંસ્કૃતિ સંબંધી કોલેજ વગેરે માટે વાપરવાનું જાહેર કર્યું હતું. તે અનુસાર આ જૈનબાગમાં એક વિશાળ જિનમંદિર, તેની સન્મુખ

ભવ્ય માનસ્તંભ, ધર્મશાળા, કોલેજ, પુસ્તકાલય વગેરે હાલ તૈયાર થઈ રહ્યાં છે; બધું તૈયાર થઇ જતાં ઘણો ભવ્ય દર્શનીય દેખાવ થશે. (આ જિનમંદિર, માનસ્તંભ વગેરેનું કાર્ય સંપૂર્ણ થઇ જતાં સં. ૨૦૧૮ના માગશર માસમાં પ્રતિષ્ઠાનો ભવ્ય પંચકલ્યાણક મહોત્સવ ઊજવાયો હતો; જેમાં યાત્રિકોને રહેવા માટે ૫૦૦૦ જેટલા ડેરાતંબુ હતા, તથા વીજળીની શાનદાર રોશની માટે ૬૦,૦૦૦ બલ્બ અને ૧૦૦૦ ટયુબલાઇટ હતી. જન્મકલ્યાણક વખતે આઠ હાથી તથા દોઢલાખ જનતા ઉપસ્થિત હતી.)

મંગલપ્રવચન બાદ "શ્રી કાનજીસ્વામી દિ. જૈન સરસ્વતીભવન"નું ઉદ્‌ઘાટન ગુરુદેવના શુભહસ્તે કરાવ્યું હતું અને તેમાં ગુરુદેવના હસ્તે સોનગઢથી પ્રકાશિત જૈન બાળપોથી વગેરે કેટલાંક પુસ્તકો મુકવામાં આવ્યા હતા. આ પ્રસંગે રંગબેરંગી પુષ્પોની ખુબજ વૃષ્ટિ કરીને લોકોએ પોતાનો ઘણો હર્ષ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ શ્રી પી. ડી. જૈન ઇન્ટર કોલેજના ખાસ આમંત્રણથી ગુરુદેવ ત્યાં પધાર્યા હતા; ત્યાં ગુરુદેવનું સન્માન કરીને અભિનંદનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું; ગુરુદેવે પ્રવચન કરીને 'સમ્યક્ વિદ્યા અર્થાત્ આત્મવિદ્યા'નું સ્વરૂપ દર્શાવ્યું હતું. ગુરુદેવ પધારવાથી તથા તેમનો સંદેશ સાંભળવાથી કોલેજના અધ્યાપકો અને સેંકડો વિદ્યાર્થીઓ બહુ ખુશી થયા હતા; અભિનંદનપત્રમાં પોતાની ખુશી વ્યક્ત કરતાં લખ્યું હતું કે : आपके शोधपूर्ण एवं ठोस अध्ययन तथा अनुभवने अध्यात्म-जगतमें एक युगान्तर ही उपस्थित कर दिया है। भारतवर्ष सहस्त्रोंवर्षोंसे सन्तभूमि है, परंतु आत्मतत्त्वकी इतनी मौलिक, जगन्मोहिनी एवं रसवती व्याख्या, जिनका निर्विरोध-रूपसे सर्वत्र स्वागत हूआ हो अद्यावधि कम ही हूई है।...आपके निर्विकार व्यक्तित्वके सन्मुख उग्र विरोधकशक्ति भी नत हो सेविका बननेमें ही आनन्दानुभव करती है।

અહીં એક 'રત્નત્રય—મંદિર' છે; આ જિનમંદિરમાં સુંદર કમળ ઉપર શ્રી શીતળનાથ ભગવાન બિરાજે છે; પાંચફૂટના પદ્માસનપ્રતિમાજીનો દેખાવ ઘણોજ ભવ્ય છે,—શીતલનાથ પ્રભુની મુદ્રામાંથી જાણે ચૈતન્યરસનું શીતલ ઝરણું વહી રહ્યું છે. જિનદેવની બાજુમાં પ્રભુ કુંદકુંદાચાર્યદેવ પરમગુરુનું મોટું ભવ્ય ચિત્રપટ છે, તે દેખીને કહાનગુરુ અને સોનગઢનના સૌ ભક્તજનોને વિશેષ આનંદ થયો. એ જિનદેવ અને પરમગુરુ ઉપરાંત ત્યાં શ્રી જિનવાણી શાસ્ત્રજીની પણ પ્રતિષ્ઠા છે. આ રીતે વીતરાગી દેવ—ગુરુ—શાસ્ત્ર એ ત્રણે રત્નોની સ્થાપના હોવાથી આ જિનમંદિરને "રત્નત્રય—મંદિર" નામ આપ્યું છે. આ રત્નત્રયમંદિરનાં દર્શન કરતાં ભક્તોને ઘણો આનંદ થયો. આ ઉપરાંત અહીં બીજા પણ ૮—૧૦ જિનમંદિરો છે, તેનાં પણ દર્શન કર્યાં.



( રત્નત્રય મંદિર )

જૈનબાગમાં જે ભવ્યમંદિર તૈયાર થાય છે તેનો કેટલોક ભાગ તૈયાર થયો છે, મંદિરની સામે જ એક વિશાળ હોજ છે, ને પછી માનસ્તંભ છે; હોજમાં રંગબેરંગી લાઇટો ગોઠવેલી છે, તેથી તેમાં મંદિર અને માનસ્તંભના પ્રતિબિંબો દેખાતાં ઘણો ભવ્ય દેખાવ લાગે છે. જે જિનમંદિર થાય છે તેનો એક માટીનો નમુનો બનાવીને એક હોલમાં રાખેલ છે, તે નમુનો પણ એક નાનકડા જિનમંદિર જેવો લાગે છે. એ સિવાય જૈનબાગમાં—કે જ્યાં સંઘનો ઉતારો હતો ત્યાં ગરમપાણીના નળ, પાણીનાં નાનાં ઝરણાં, તરવાનો હોજ વગેરે પણ હતા; મુસાફરીથી થાકેલો સંઘ બપોરે નહાવાધોવામાં રોકાયો હતો, તે વખતનો દેખાવ નદીકિનારા જેવો હતો. પૂ. ગુરુદેવનું ભોજન શેઠ છદામીલાલજીને ત્યાં થયું હતું. શેઠાણીજી પણ બહુ ઉત્સાહી હતા, તેમજ પૂ. બેનશ્રીબેનનો વિશેષ પરિચય થવાથી તેમને સોનગઢ પ્રત્યે વિશેષ પ્રેમ થયો હતો. મંદિર વગેરેનાં દર્શન કરાવવામાં પણ તેઓ સાથેને સાથેજ રહેતા. સંઘના બધા યાત્રિકોના ભોજનની વ્યવસ્થા પણ શેઠ છદામીલાલજી તરફથી ઘણા પ્રેમપૂર્વક કરવામાં આવી હતી. બપોરે યાત્રિકો બજાર જોવા ગયા હતા. અહીંની બજારમાં ખાસ જોવા જેવું હોય તો તે બંગડીના ઢગલા! ફિરોઝાબાદ એટલે બંગડીનું ધામ. દુકાને દુકાને ને ઘરેઘરે જ્યાં જુઓ ત્યાં લાખો—કરોડો બંગડીયું નજરે પડે....સાદી ત્રણસો બંગડીનું બંડલ માત્ર એક રૂ.માં મળે. યાત્રિકોએ લગભગ એક લાખ બંગડીયું અહીંથી ખરીદી હશે. અહીં કાચની વસ્તુઓના અનેક કારખાનાં છે. દિ. જૈનોની વસતી પાંચ હજાર જેટલી છે.


બપોરે બે વાગે ગુરુદેવના અભિનંદનસમારોહમાં અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ ભાવપૂર્ણ ભાષણવડે શ્રદ્ધાંજલિ અર્પી હતી. શ્રીમાન્ પં. શ્રી રાજેન્દ્રકુમારજીએ શ્રદ્ધાંજલી અર્પણ કરતાં કહ્યું કે पूज्य कानजीस्वामीके आगमनसे हमारी नगरीको हम धन्य समझते है । आज हमको उल्लास और आनंदका प्रसंग है । स्वामीजीके आध्यात्मिकसिद्धांत मात्र हमारे लिये ही नहि अपितु हमारे राष्ट्र और विश्वके लिये बडी उपयोगी चीज है । आज एसे महापुरुषके समागमसे हम सब धन्य है । हमारी नगरीमें कुछ अविचारीलोगोंने विरोधकी जो चेष्टा की उसके लिये हमें खेद है और हम क्षमा चाहते है । फिर जब आप दिल्ही पधारे तब यहांका प्रोग्राम ज्यादा रखनेकी प्रार्थना करते है ।–પંડિતજીના આ પ્રવચનમાં હજારો માણસોની આખી સભાએ હર્ષનાદપૂર્વક પોતાનો સૂર પૂરાવ્યો હતો. ત્યારબાદ "શ્રી મહાવીરજયંતિ સભા" તરફથી અભિનંદનપત્ર આપવામાં આવ્યું હતું. પાંચ છ હજાર માણસોની સભામાં અભિનંદનવિધિ બાદ પૂ. ગુરુદેવનું પ્રવચન થયું હતું. ગુરુદેવનું પ્રવચન સાંભળીને ફિરોઝાબાદશહેરના હજારો શ્રોતાજનો બહુજ હર્ષિત થયા હતા. પ્રવચન દરમિયાન શેઠ છદામીલાલજી વારંવાર પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા હતા.

લોકોને ગુરુદેવના પ્રવચનમાં આવતા અટકાવવા માટે કેટલીક વ્યક્તિઓએ પ્રવચન વખતે વિરોધસભા ગોઠવેલી, પરંતુ ફિરોઝાબાદના સુજ્ઞ દિ૦ જૈનસમાજે તેમાં ભાગ લીધો ન હતો. વિરોધસભામાં માંડમાંડ ૧૦૦–૨૦૦ માણસો હતા, જ્યારે તે જ વખતે ગુરુદેવની પ્રવચનસભામાં પાંચથી છ હજાર માણસો હતા. પ્રવચનબાદ યાત્રિકો જિનમંદિરોના દર્શન કરવા ગયા હતા. આ તરફ વાહન તરીકે રીક્ષાનો બહુ પ્રચાર છે. જ્યાં જુઓ ત્યાં યાત્રિકોની રીક્ષા દેખાતી હતી. અહીં લગભગ ૧૦ જેટલા જિનમંદિરો છે. એક પંચાયતી મંદિરમાં શ્રી ચંદ્રપ્રભભગવાનના સ્ફટિકના સવા ફૂટ મોટા પ્રતિમાજી બિરાજે છે, તે ઘણા પુરાણા છે અને લગભગ ૧૦૦ વર્ષ પહેલાં જમુનાનદીમાંથી મળી આવેલા છે. એક સ્થળે ૧૦ ફૂટના બાહુબલીભગવાનના બહુ સુન્દર પ્રતિમાજી છે.—આમ અનેક જિનમંદિરોનાં દર્શન કર્યાં. પંચાયતીમંદિરમાં દર્શન કરવા માટે પૂ. ગુરુદેવ સાંજે ગયા હતા.

રાત્રે ધર્મશાળામાં સૌ યાત્રિકો, 'કોણે કયા કયા મંદિરો જોયા' તેની પરસ્પર ચર્ચા કરતા હતા, ચર્ચા કરતાં કરતાં ચંદ્રપ્રભુના એક અત્યંત સુંદર પ્રતિમાજીની પ્રશંસા થઈ. તે સાંભળતાં જ, જેમણે તેના દર્શન નહોતા કર્યા એવા ભક્તોનું મન તે ભગવાનના દર્શન માટે ખૂબ લલચાયું, અને તેઓ તો ઊપડ્યા ભગવાનના દર્શન કરવા. ખૂબ શોધતાં શોધતાં રાત્રે અગિયાર વાગે તે મંદિરે પહોંચ્યા, પણ મંદિર તો બંધ ! ભક્તોએ ભગવાનને સાદ પાડીને જયજયકાર કર્યો...તે સાંભળતાં જ, 'યાત્રિકો દર્શન કરવા આવ્યા છે'—એમ જાણીને

બાજુમાંથી તરત વ્યવસ્થાપક ભાઇઓ દોડી આવ્યા, ને મંદિર તો ખોલ્યું, પણ અંદર નિજમંદિરની ચાવી ત્યાં હતી નહિ. હવે શું થાય !! વાદીરાજમુનિની સ્તુતિના બળે જેલનાં તાળાં જેમ તૂટી ગયા તેમ અહીં પણ ભક્તોની અતિશય ભક્તિ દેખીને વ્યવસ્થાપકોએ નકુચા તોડી તોડીને દ્વાર ખોલી નાંખ્યા, ને એ રીતે ભક્તોને દર્શન કરાવ્યા. અહા, ચાર ફૂટના ચંદ્રબિંબ જેવા ઉજ્જવળ ચંદ્રપ્રભુને જોતાં જ ભક્તોને અતિ હર્ષ થયો. 'જાણે હમણાં ભગવાન બોલશે !' એવી અદ્ભુત એમની મુદ્રા છે. બરાબર સોનગઢના સીમંધર પ્રભુ જેવી જ મુદ્રા છે. તેમના દર્શન કરતાં જાણે કે સોનગઢના સીમંધરપ્રભુનાં જ દર્શન કરી રહ્યા હોઇએ—એમ લાગતું. એ ભગવાનના દર્શન કરીને ખૂબખૂબ ભક્તિ કરી. ત્યાંથી પાછા ફરવાની તૈયારી કરતા હતા, પણ ભક્તિ દેખીને ખુશી થયેલા ત્યાંના ભાઇઓ કહે કે નહિ, હજી ઔરભી ભક્તિ કરો, હમારે આપકી ભક્તિકો દેખના હૈ. તેમણે નકુચા તોડીને દર્શન કરાવેલા એટલે તેઓની માગણીનો ઈન્કાર કેમ થઇ શકે ! ! શાંત રાત્રિ ફરીને ભક્તિના નાદથી ગાજી ઊઠી; ને ખૂબ ભક્તિ કરીને, અહીંના ભગવાને આ રીતે દર્શન દીધા તેની "વાહવા જી વાહવા" કરતા કરતા યાત્રિકો ધર્મશાળાએ આવ્યા.

માહ વદ ત્રીજે સવારમાં પૂ. ગુરુદેવે સંઘસહિત ફિરોઝાબાદથી મૈનપુરી તરફ પ્રસ્થાન કર્યું. થોડીવારમાં વચ્ચે શિકોહાબાદ આવ્યું. અહીં પૂ. ગુરુદેવની મોટર રોકીને દિ૦ જૈન-સમાજે હાથમાં ઝંડા લઇને જયજયકારપૂર્વક સ્વાગત કર્યું, અને ગામના જિનમંદિરે તેડી ગયા. ત્યાં શીતલનાથ ભગવાનના દર્શન કરીને ગુરુદેવે ત્યાંથી પ્રસ્થાન કર્યું. ત્યારબાદ સંઘની બીજી મોટરોને પણ ચાપાણી માટે ત્યાં રોકી. યાત્રિકોએ જિનમંદિરના દર્શન કરીને ચાપાણી પીધા. લગભગ બધી મોટરો આવી ગઈ પણ હજી 'સતસેવિની' મોટર કેમ ન આવી ?—તેની ભક્તો ચિંતા કરતા હતા.. ત્યાં તો બરાબર એ જ વખતે સતસેવિનીના સૂર સંભળાયા...ને પૂ. બેનશ્રીબેનને દેખતાં જ સૌ ભક્તો હર્ષિત થયા....અને સંઘની બધી મોટરોએ ત્યાંથી આગળ પ્રસ્થાન કર્યું. ગુરુદેવની 'કલ્યાણવર્ષિણી' તો ઝડપથી ક્યાંય આગળ નીકળી ગઇ હતી ને વહેલીવહેલી મૈનપુરી પહોંચી ગઇ હતી.



# મૈનપુરી

[ માહ વદ ત્રીજ ]

પૂ. ગુરુદેવ મૈનપુરી પધારતાં જ ત્યાંના દિ. જૈનસમાજે ઘણા ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું. આ તે જ મૈનપુરી છે કે જ્યાં આજથી દસેક વર્ષ પહેલાં (વીર સં. ૨૪૭૩ માં) શ્રી જૈન સાહિત્ય સભાએ, પૂ. ગુરુદેવની કલ્યાણકારી વાણી પ્રત્યેના અતિ પ્રેમને લીધે, એ વાણીનો આખી દુનિયામાં પ્રચાર થાય—એવી ભાવનાથી, સોનગઢમાં રેડિયો બ્રોડકાસ્ટીંગ સ્ટેશન સ્થાપવા માટેનો ઠરાવ કર્યો હતો. એ ઠરાવ નીચે મુજબનો હતો :

(ગુજરાતી ભાષાંતર) ૮૫, મિયાના સ્ટ્રીટ

મૈનપુરી. તા. ૧૪ જુન ૧૯૫૭

શ્રી જૈન સાહિત્યસભા—મૈનપુરી એવો ઠરાવ કરે છે કે સુવર્ણપુરી સોનગઢમાં એક વાયુપ્રવચનસ્થાન ( Bioadcasting Station ) સ્થાપિત કરવામાં આવે, જેના દ્વારા વર્તમાન સમયના ઉત્કૃષ્ટ જૈનતત્ત્વવેત્તા શ્રી કાનજીસ્વામીનાં પરમોપકારી આધ્યાત્મિક પ્રવચનો આખા જગતને સહેલાઇથી મળી શકે, જેથી જગતના મુમુક્ષુઓનું કલ્યાણ થાય.

મહેતાબચંદ્ર જૈન

(સર્વાનુમતે પસાર) મંત્રી

શ્રી જૈનસાહિત્ય સભા, મૈનપુરી.

જેવા ઉત્સાહથી એ ઠરાવ કર્યો હતો તેવા જ ઉત્સાહથી ત્યાંના જૈનસમાજે ગુરુદેવનું સ્વાગત કર્યું હતું. ઇંદોરની જેમ આ તરફના દરેક નગરમાં, અરે! વચ્ચે આવતા નાના

[ મૈનપુરીના ઉપરોક્ત ઠરાવ અનુસાર સોનગઢમાં બ્રોડકાસ્ટિંગ સ્ટેશન થવાનું તો સંભવિત દેખાતું નથી, પરંતુ એ ઠરાવની પ્રેરણાથી ગુરુદેવના સેંકડો પ્રવચનોનું રેકોર્ડિંગ થયું અને તેના દ્વારા દેશ—પરદેશના મુમુક્ષુઓ મશીન ઉપર ઘેર બેઠા ગુરુદેવના પ્રવચનો સાંભળી શકે છે. ]

નાના ગામોમાં પણ, દિ. જૈનસમાજે ઘણા વાત્સલ્યથી ધારવા કરતાં પણ વધુ ઉત્સાહથી સ્વાગત કર્યું. ગુરુદેવ સાથે આવડા મોટા પ્રભાવક સંઘને દેખીને ઠેરઠેર જૈનસમાજને આશ્ચર્ય અને આનંદ થતા. ગુરુદેવનું સ્વાગત પંચાયતી જિનમંદિરે આવ્યું; ત્યાં દર્શન કર્યા બાદ મંદિરના ચોગાનમાં ગુરુદેવે મંગલપ્રવચન કર્યું. મૈનપુરીમાં નવ જિનમંદિરો ઊંચા ઊંચા શિખરોથી શોભી રહ્યા છે, ને તેમાં માણેક પન્ના વગેરેના જિનબિંબો બિરાજે છે; ત્યાં યાત્રિકોએ દર્શન કર્યા. ભોજન બાદ સાંજને માટે ભાતું લઇને યાત્રિકોએ પ્રસ્થાનની તૈયારી કરી. મોટરબસો ગામબહાર રાખેલી ને ત્યાંથી યાત્રિકો ગામમાં આવ્યા હતા, તે દરમિયાન કેટલીક મોટરબસો આઘીપાછી ચાલી ગઇ. જમ્યા બાદ સંઘને આગળનો પ્રોગ્રામ જણાવવાનો હતો પણ સંઘની મોટરબસો ક્યાં છે તેનો પત્તો જ ન લાગે; તેથી ઘણીવાર તેની શોધ ચાલી. અનેક યાત્રિકોને પૂછ્યું—તમારી બસ ક્યાં ? સૌ કહેતાં : અમને ખબર નથી. જમીને તરત જવાનું હતું એટલે યાત્રિકો જલદી પોતપોતાની બસમાં પહોંચી જવા માટે ચાલ્યા. જ્યાં બસ દેખે ત્યાં યાત્રિકો જાય,—પણ જઇને જુએ તો બીજાની બસ નીકળે ! આ રીતે બપોરના તડકામાં અજાણ્યા અજાણ્યા પોતપોતાની બસને શોધવા માટે યાત્રિકો એક પછી એક બસ ઉપર ઘૂમતા હતા. "બસ ઉપર મોડા પહોંચશું ને કયાંક તે ઊપડી જશે તો !"—એવા ભયથી કંઇક આકુળિત યાત્રિકો અંતે સાયકલરીક્ષા કરીકરીને થોડીવારે પોતપોતાની બસમાં પહોંચી ગયા. અને તરત કાનપુર તરફ પ્રસ્થાન કર્યું.

મૈનપુરીમાં બપોરે ગુરુદેવે જિનમંદિરના ચોગાનમાં પ્રવચન કર્યું. અહીં દિ૦ જૈનોના ૧૫૦ જેટલા ઘર છે, તે બધાએ હોંશથી ભાગ લીધો હતો; તે ઉપરાંત આસપાસના ગામોથી પણ ઘણા માણસો અહીં આવ્યા હતા. પ્રવચન બાદ ત્યાંના યુવકસમાજે ગુરુદેવ પ્રત્યે અભિનંદનરૂપે ભાષણ કર્યું હતું. ત્યારબાદ તરત ગુરુદેવે ત્યાંથી કનોજ તરફ પ્રસ્થાન કર્યું હતું.

આગળ સંઘની મોટરબસો ચાલી જતી હતી ત્યાં ગુરુદેવની મોટર પણ આવી પહોંચી, ને ચાલતા પ્રવાસે ગુરુદેવના દર્શન થયા. કયારેક કયારેક આ રીતે વનજંગલમાં વચ્ચે દોડતી મોટરે ગુરુદેવના દર્શન થઇ જતા, ત્યારે ભક્તો એકદમ હર્ષથી જયજયકાર કરીને વાતાવરણ ગજાવી મુકતા, ને ગુરુદેવ પણ હસતાં હસતાં મીઠીનજર કરીને ઝડપથી આગળ નીકળી જતા. અહીં ગુરુદેવની મોટર પસાર થતાં જ યાત્રિકોએ પોતાની બસ તેની પાછળ દોડાવી મુકી. " પાર લગા પાર લગા પાર લગાના...ઓ નાથ મેરી બસ ચાલી, પાર લગાના "—એવી જોસદાર ધૂન ગાતાં ગાતાં પચાસ માઇલની ઝડપે ગુરુદેવની મોટરની સાથેને સાથે કેટલાક માઇલ સુધી દોડયા...જો કે 'કલ્યાણુવર્ષિણી' ચેતી ગઇ હતી તેથી તે ઝડપથી દોડતી હતી, પણ ભક્તો ગુરુદેવનો સાથ કેમ છોડે !! તેથી તેઓની બસ પણ એટલી જ ઝડપથી

દોડતી હતી. નજરસામે જ ગુરુદેવની મોટર દોડી રહી હોય ને પાછળ પોતાની બસ દોડી રહી હોય એવા પ્રસંગે ગુરુદેવની સાથેને સાથે મુસાફરી કરતાં યાત્રિકોને ઘણો હર્ષ થતો.

આગળ જતાં કનોજનો અને કાનપુરનો એમ બે રસ્તા જુદા પડતા હતા; યાત્રિકોની બસ તો કાનપુર તરફ ચાલી ગઈ, ને ગુરુદેવની મોટર કનોજ તરફ ગઈ. પરંતુ, 'હજી પણ ભક્તો મારી પાછળ આવતા હશે' એવા ભયને લીધે એ કલ્યાણવર્ષિણી લગભગ પચાસ માઈલ આગળ દોડી ગઈ ને બીજે રસ્તે ચડી ગઈ. એથી એને પચાસ માઈલ પાછું આવવું પડયું. એ રીતે ગુરુદેવને ૧૦૦ માઈલની વધારે મુસાફરી થઈ, ને રાતે કનોજ પહોંચ્યા. કનોજ જતાં વચ્ચે છિબ્રામઉ ગામે ગુરુદેવે ભોજન કર્યું હતું. કનોજમાં દિ૦ જિનમંદિર શોધીને દર્શન કર્યા, તથા રાત્રે તત્વચર્ચા થઈ હતી. ગુરુદેવ રાતે ત્યાંજ રોકાયા હતા.

હવે કાનપુર તરફ આગળ વધી રહેલા યાત્રિકોની મોટરબસોમાંથી એક બસ ( No. 2991 ) અધવચ્ચે અટકી પડી, કડક ઠંડીમાં યાત્રિકોને અધવચ્ચે જ રહેવું પડયું અને તેમના રક્ષણ માટે બાજુના ગામથી પોલીસનો બંદોબસ્ત કરવો પડયો હતો. આ બસના યાત્રિકો ઠેઠ બીજે દિવસે સાંજે બીજી બસમાં કાનપુર પહોંચ્યા હતા. આખો દિવસ ન મળે જમવાનું કે ન મળે ચાપાણી; સાથેના ભાતાથી જેમ તેમ આખો દિવસ સૌએ ચલાવી લીધું અને કાનપુર પહોંચ્યા કે તરત ત્યાંથી લખનૌ તરફ જવાનું થયું. આમ છતાં યાત્રાની ધૂનમાં આ પણ એક નવીન અનુભવ ગણીને યાત્રિકોએ હળીમળીને યાત્રાસંબંધી ચર્ચા–ભક્તિ વગેરેમાં સમય પસાર કર્યો હતો.

બીજા યાત્રિકો વચ્ચે વનમાં ભોજન કરીને તે જ દિવસે રાત્રે કાનપુર પહોંચી ગયા હતા. યાત્રાપ્રવાસમાં કોઇવાર શહેરમાં કે જંગલમાં ગમે ત્યાં મોટરો ભલે અટકી પડતી ને ગમે ત્યાં વનજંગલમાં રાતે કે દિવસે રોકાઈ જવું પડતું, કોઇવાર આખી રાત મુસાફરી થતી, મુસાફરીમાં ઊંચાનીચા રસ્તાના હડદા પણ લાગતા, ખાવાપીવાની કે સુવાની પણ કયાંક મુશકેલી પડતી; આ બધું છતાં, યાત્રાનું ધ્યેય હોવાને લીધે યાત્રિકોને આનંદ અને ઉલ્લાસ રહેતો હતો. બધાને એમ લાગતું કે યાત્રા તો આવી જ હોય. બધા સાધર્મીઓ સાથે હોવાથી, કયારેક રાતે જંગલમાં અટકી જવું પડે તોપણ મુશકેલીને બદલે એક જાતની મજા આવતી, ને મુશકેલીના પ્રસંગ વખતેય નવીનવી ભક્તિ વગેરેના પ્રસંગથી વાતાવરણ આનંદમય બની જતું ને મુશકેલીઓ ભૂલાઇ જતી. આ રીતે યાત્રાપ્રવાસ આનંદથી ચાલતો હતો. વળી યાત્રિકોને એમ પણ લાગ્યું કે ટ્રેઇન કરતાં આ રીતે મોટરદ્વારા મુસાફરીમાં વધારે મજા આવતી, ને હરેક સ્થળે જવાઆવવાની સુગમતા રહેતી; મોટરબસો જ ઘર જેવી બની ગઇ હતી, એટલે સામાન બાબત પણ નિશ્ચિંતતા રહેતી

# કાનપુર

મહા વદ ચોથ  સવારમાં આનંદપૂર્વક શ્રી જિનમંદિરમાં દર્શન-પૂજા કરીને યાત્રિકો ગુરુદેવના સ્વાગત માટે તૈયાર થઈ ગયા; કાનપુર-જૈનસમાજના ઉત્સાહી ભાઈઓ પણ સંઘની અને સ્વાગતની વ્યવસ્થામાં રોકાયેલ હતા ને આગલે દિવસે આખી રાત મહેનત કરીને ગુરુદેવના પ્રવચન માટેનો વિશાળમંડપ તૈયાર કર્યો હતો કાનપુરની ૧૬ લાખની વસતીમાં લગભગ પાંચ હજાર દિ૦ જૈનો છે. પૂ. ગુરુદેવ કાનપુર પધારતાં ત્યાંના જૈનસમાજે તેમજ યાત્રિકોએ સુંદર સ્વાગત કર્યું. એક ડોકટરના બંગલામાં ગુરુદેવનો ઉતારો હતો ને પ્રવચન માટેનો મંડપ પણ ત્યાંજ હતો. વચ્ચે જિનમંદિરના દર્શન કરતાં કરતાં મંડપમાં આવીને ગુરુદેવે મંગલપ્રવચન સંભળાવ્યું. અહીં પાંચ છ જિનમંદિરો છે. એક મોટા મંદિરમાં પંચ બાલબ્રહ્મચારી ભગવંતોના પ્રતિમાજીનું દૃશ્ય સુંદર છે, તથા કાચનું કામ તેમજ સોનેરી કારીગરી પણ ઘણી છે, અને એક નાનકડા સુવર્ણપ્રતિમા પણ છે. સંઘનો ઉતારો તથા ભોજનવ્યવસ્થા એક ધર્મશાળામાં હતા. ત્યાં યાત્રિકો જ્યારે જમતા હતા ત્યારે વરસાદની ઝરમર આવતી હતી, ને ભીના ચોકમાં બેઠાબેઠા યાત્રિકો જમતા હતા. ગરમ કાપડ માટે કાનપુર પ્રસિદ્ધ છે; આગ્રાની કડક ઠંડીથી ડરેલા યાત્રિકોએ અહીંથી હજારો રૂપીઆના કાપડની ખરીદી કરી,-એટલે ઠંડી તો ડરીને ભાગી જ ગઈ,-તે પાછી કયાંય દેખાણી જ નહીં. અહીંના વયોવૃદ્ધ પંડિતજી બપોરે ગુરુદેવ પાસે આવ્યા હતા અને ગુરુદેવદ્વારા દિ૦ જૈન-ધર્મની આવી મહાન પ્રભાવના દેખીને આનંદ વ્યક્ત કર્યો હતો. તેઓ ઘણુંખરું સંસ્કૃતમાં બોલતા હતા ને લગભગ અડધી કલાક ચર્ચા કરી હતી. બપોરે ગુરુદેવનું પ્રવચન ૨ાા થી ૩ાા હતું. પરંતુ આશ્રમની બસ તો તે પહેલાં જ, કેટલાક યાત્રિકોને મૂકીને લખનૌ તરફ ઉપડી ગઇ હતી. ગુરુદેવનું પ્રવચન સાંભળીને જનતાને ઘણો હર્ષ થયો હતો. પહેલાંના કાર્યક્રમ અનુસાર કાનપુરના બે દિવસ રખાયા હતા, પરંતુ પાછળથી ફેરફાર થઈ જતાં એકજ દિવસ રાખવામાં આવતાં કાનપુરના જિજ્ઞાસુ ભાઇઓ જરાક હતાશ થયા હતા અને યાત્રા બાદ પાછા ફરતાં કાનપુરને ફરીને લાભ આપવાની ખાસ આગ્રહભરી વિનંતિ કરી હતી,-જે સ્વીકારવામાં આવી હતી. પ્રવચન બાદ કાનપુરના દિ૦ જૈનસમાજ તરફથી ગુરુદેવને અભિનંદનપત્ર આપવામાં આવ્યું હતું. રાતે તત્ત્વચર્ચા ચાલી હતી. ગુરુદેવ રાતે અહીં જ રહ્યા હતા. યાત્રિકોએ બપોરે અહીંથી લખનૌ તરફ પ્રસ્થાન કર્યું હતું.

# લખનૌ શહેર

ઘણા યાત્રિકો સાંજે લખનૌ આવી ગયા હતા; આખા શહેરમાં પસાર થઇને ગામને બીજે છેડે ઊતારો હતો તે શોધતાં વાર લાગી; યાત્રિકોએ બસમાં બેઠાબેઠા જ સાંજનું ભોજન કરી લીધું ને પછી મંદિરો જોવા ગયા. કોઈપણ શહેરમાં જઇએ એટલે યાત્રિકોનું પહેલું કામ ત્યાંના જિનમંદિરો જોવાનું. લખનૌ શહેર ઘણું મોટું હોવા છતાં, તેના કેટલાક મંદિરો તો તદ્દન સાંકડી ઊંડી ઊંડી ગલીઓમાં છે, તેથી અજાણ્યા યાત્રિકોને રાતના જવામાં મુશકેલી પડે તેવું છે. કોઇકોઇ યાત્રિકો ભૂલા પડી જતા...એમ મુશકેલીપૂર્વક માર્ગ પસાર કરીને જ્યારે ભગવંતોનાં દર્શન થતાં ત્યારે ઘણો આનંદ થતો. એક મંદિર શોધતાં શોધતાં લગભગ બે માઇલ દૂર નીકળી ગયા, ત્યારે ભગવાનના દર્શન થયા. આ બાજુ રીક્ષાનો પ્રચાર ઘણો છે; યાત્રાસંઘનો મુકામ જે ગામમાં હોય તે ગામમાં જ્યાં જુઓ ત્યાં યાત્રિકોથી ભરેલી રીક્ષાઓ ઘૂમતી દેખાય. જિનમંદિરના દર્શન કરવા વગેરે પ્રસંગે યાત્રિકો એક સાથે જ્યારે રીક્ષામાં હારબંધ નીકળે ત્યારે તો જાણે કે યાત્રિકોનું રીક્ષાસરઘસ નીકળ્યું! કયારેક પૂ. બેનશ્રીબેન પણ રીક્ષામાં બેસતા. આ બાજુ રીક્ષાઓ એટલી બધી છે- કહે છે કે એકલા લખનૌશહેરમાં ૨૨૦૦૦ રીક્ષાઓ ચાલે છે. ચુંટણીનો પ્રસંગ હોવાથી કોઇકોઈવાર તો હજારહજાર રીક્ષાના સરઘસો જોવા મળતા. અહીં સંઘનો ઉતારો જૈનબાગમાં હતો; ઘણા યાત્રિકોની મોટરો રાત્રે મોડીમોડી આવી હતી. જૈનબાગમાં વિશાળ ધર્મશાળા છે, તે ઉપરાંત એક સુંદર જિનમંદિર છે; ત્યાં અતિ ઉપશાંતમૂર્તિ પાર્શ્વ–નાથપ્રભુના દર્શન થતાં યાત્રિકોનો ઉકળાટ શાંત થઈ જતો હતો. અહા, જાણે ભગવાન સન્મુખ બેસી રહીને ભગવાનની મુદ્રા નીહાળ્યા જ કરીએ....ને ભગવાન સાથે વીતરાગતાની વાતું કર્યા જ કરીએ—એમ થતું હતું...ત્યાં ભક્તોએ ભક્તિ કરી. પૂ. ગુરુદેવ તેમજ પૂ. બેનશ્રી બેન, મુરબ્બી રામજીભાઈ વૃજલાલભાઇ, હિંમતલાલભાઇ, નેમિચંદભાઈ, ચંદુભાઇ વગેરે તો હજી કાનપુર રોકાયા છે, તેઓ તો કાલ સવારે આવવાના છે, એટલે યાત્રિકો સવારે ગુરુદેવનું સ્વાગત કરવાની ભાવના ભાવતાં ભાવતાં સૂઇ ગયા.

માહ વદ પાંચમ : સવારમાં નાહીધોઇ જિનેન્દ્રપૂજન કરીને, ગુરુદેવના સ્વાગત માટે યાત્રાસંઘના બીલા લગાવીને સૌ યાત્રિકો તૈયાર થઇ ગયા; લખનૌનો દિ૦ જૈનસમાજ

પણ સ્વાગત માટે તૈયાર થઇ ગયો હતો, અને સૌ ગુરુદેવ પધારવાની રાહ જોતા હતા. ત્યાં તો "સત્‌સેવિની"એ આવીને વધામણી આપી કે ગુરુદેવ પધારી રહ્યા છે! થોડીક જ વારમાં "કલ્યાણવર્ષિણી"નું મધુર હોર્ન સંભળાયું કે તરત સ્વાગતબેન્ડે પણ જોસદાર સુર-વડે સલામી આપી. અનેક ભક્તો ગુરુદેવને પુષ્પવૃષ્ટિથી વધાવતા હતા, ને સ્વાગતમંત્રીએ સંઘના પાંચસોએ પાંચસો યાત્રિકોને પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કર્યું હતું. જૈનબાગ--ધર્મશાળામાં આવીને જિનમંદિરમાં દર્શન કર્યા બાદ, ત્યાં જ વિશાળહોલમાં ગુરુદેવનું મંગલપ્રવચન થયું. બપોરે પણ ત્યાંજ પ્રવચન થયું હતું. પ્રવચનમાં કાનપુરનો કોલાહલ યાત્રિકોને યાદ રહી ગયો છે. પ્રવચનનું સ્થાન શહેરથી બે માઇલ દૂર હતું ને ચુંટણીઓ ચાલતી હતી છતાં પ્રવચનમાં દોઢ બે હજાર માણસો આવ્યા હતા. પ્રવચન બાદ બેનશ્રી-બેને સુંદર ભક્તિ કરાવી હતી.


ત્યારબાદ ગુરુદેવ સહિત ઘણા યાત્રિકો શહેરના જિનમંદિરોના દર્શન કરવા તથા પુરાતત્ત્વ સંગ્રહાલય જોવા માટે ગયા. સંઘની અનેક મોટરો હારબંધ ચાલી જતી હતી તેમાં "સત્‌સેવિની" અને "કલ્યાણવર્ષિણી" એ બંને સાથે હોવાથી ભક્તિ અને જ્ઞાનના સુમેળનું સુંદર વાતાવરણ સર્જાઈ ગયું હતું; તે જોઇને ભક્તો આનંદિત થતા. 'ચોક'ના જિનમંદિરમાં નેમનાથપ્રભુના અતિશય ભાવવાહી પ્રતિમા બિરાજે છે, ત્યાં દર્શન કરીને ગુરુદેવ સહિત સૌએ અર્ઘ ચડાવ્યો; ત્યાં બીજા પણ અનેક ભગવંતો બિરાજે છે. તેમનાં પણ દર્શન કર્યા: ત્યારબાદ બીજાં પણ કેટલાક જિનમંદિરોમાં દર્શન કરીને પુરાતત્ત્વ સંગ્રહા-લયમાં આવ્યા; આ સંગ્રહાલયમાં દિ૦ જૈનધર્મના ઘણા પ્રાચીન અવશેષો નજરે પડે છે; કેટલાક પ્રતિમાજી તો ખૂબ જ મોટા, હજારો વર્ષ પ્રાચીન, અને અતિ પ્રશાંતમુદ્રાધારક છે. આ બધું જોઈ જોઇને ગુરુદેવ યાત્રિકોનું પણ ધ્યાન ખેંચતા; અને કહેતા કે 'આ વસ્તુ નોંધી લેવા જેવી છે; જુઓ, ઇતિહાસ પણ દિ૦ જૈનધર્મની પ્રાચીનતાની સાક્ષી પૂરે છે..' સંગ્રહાલયમાં માત્ર જિનબિંબો જ નહિ પરંતુ જૈનધર્મના અનેક પ્રાચીન શિલાલેખો, આયાગપટ્ટો-તામ્રપટ ઉપર વિધવિધ પ્રકારના મંડલો વગેરે અનેક વસ્તુઓ છે. ગુરુદેવ સાથે આ બધો દિ. જૈનધર્મનો પ્રાચીન વૈભવ જોઇને સૌને હર્ષ થયો. રાત્રે તત્ત્વચર્ચા થઇ હતી.

માહ વદ છઠ્ઠની સવારે દર્શન-પૂજન બાદ જિનમંદિરમાં સમૂહભક્તિ થઇ હતી. અહીંના દિ૦ જૈન સમાજ તરફથી યાત્રાસંઘ પ્રત્યે ઘણું વાત્સલ્ય બતાવવામાં આવ્યું હતું, ને સંઘના ભોજનાદિની વ્યવસ્થા પણ તેમના તરફથી કરવામાં આવી હતી. સવારની ભક્તિ પછી યાત્રિકો શહેર જોવા તથા ખરીદી કરવા ગયા હતા. આ લખનૌ શહેર ઘણું પુરાણું છે; કહે છે કે લંકાવિજયની યાદીમાં લક્ષ્મણજીએ આ શહેર વસાવ્યું હતું, અને લક્ષ્મણ-

જીના નામ ઉપરથી લખનૌ નામ પડ્યું છે. અહીં ધર્મશાળામાં વાંદરાઓ ઘણા હતા ને વારંવાર યાત્રિકો પાસે આવીને રમતગમત કરતાં કરતાં જે વસ્તુ હાથમાં આવે તે ઉપાડી જતા; ને કોઈકવાર વળી તે વસ્તુ પાછી પણ મુકી જતા.

બપોરે ભોજન કરીને અને સાંજને માટે ભાતું લઈને સંઘે અહીંથી અયોધ્યાનગરી તરફ પ્રસ્થાન કર્યું. આજે આનંદપૂર્વક અયોધ્યાનગરી જતાં વચ્ચે વનજંગલના રમણીય દશ્યો આવતા તે દેખીને પ્રસન્નતા થતી હતી. મંગલગીત ગાતાંગાતાં ને કિલ્લોલ કરતાં કરતાં, જાણે કે અયોધ્યાપુરીમાં ભગવાનનો જન્મકલ્યાણક ઊજવવા માટે જતા હોઈએ—તેમ સૌ ઝડપભેર જઈ રહ્યા હતા. ત્યાં તો વચ્ચે 'રત્નપુરી' આવી ને સંઘની મોટરો તથા બસો અટકી. જેમ ઈંદ્રનું સિંહાસન ડોલતાં "શું છે! શું છે!" કરતાં ઈંદ્રને આશ્ચર્ય થાય છે ને ભગવાનના જન્મકલ્યાણકની ખબર પડતાં જ આનંદથી સિંહાસન ઉપરથી ઊતરીને વંદન કરે છે, તેમ બસો ઊભી રહેતાં જ "શું છે! શું છે!" એમ આશ્ચર્યમાં પડેલા ભક્તોને જ્યાં ખબર પડી કે, "અરે, આ તો ધર્મનાથ ભગવાનનું જન્મધામ!!"—કે તરત જ જયજયકાર કરતા ભક્તો બસમાંથી ઊતરીને એ જન્મધામને વંદવા માટે દોડ્યા.





પ્રવચન સભા : બનારસ (જુઓ પાનું ૨૩૭)



રાત્રિચર્યા : ઈંદોર (જુઓ પાનું ૧૬૪)



રત્નપુરી ધામમાં



રત્નપુરી ( આશ્રમની બસમાં )

# રત્નપુરી તીર્થધામની યાત્રા

(માહ વદ છઠ્ઠ)

આ રત્નપુરી ધર્મનાથ ભગવાનની જન્મભૂમિ છે તેથી તીર્થધામ છે. સરયુ કિનારે આવેલા આ રત્નપુરી ધર્મધામમાં કેટલાક યાત્રિકો સહિત પૂ. ગુરુદેવ લગભગ અઢી વાગે આવી પહોંચ્યા હતા; સાથે શેઠશ્રી ખીમચંદભાઈ, છગનલાલભાઈ તથા ફૂલચંદભાઇ વગેરેની મોટરો પણ પહોંચી ગઈ હતી, અને તેઓને પૂ. ગુરુદેવ સાથે રત્નપુરીમાં ધર્મનાથ ભગવાનના જન્મધામની યાત્રાથી ઘણો હર્ષ થયો હતો. ભક્તો કહેતા કે, "ધર્મ"ની આ રત્નપુરીની યાત્રાની માફક, અનંત ધર્મોથી ભરેલી શાશ્વત રત્નપુરી સમાન અમારું જે આત્મધામ,-તે ધર્મધામની યાત્રા (રત્નત્રય ધર્મવડે) કરાવીને હે ગુરુદેવ ! ઠેઠ સિદ્ધિધામ-મોક્ષપુરીની યાત્રા સુધી અમને સાથે ને સાથે રાખીને અમારું કલ્યાણ કરો. આમ ભાવનાપૂર્વક ભક્તજનોએ ગુરુદેવ સાથે વંદન-સ્તવન કર્યું. ધર્મનાથપ્રભુના ચરણપાદુકાને ભક્તિપૂર્વક સ્પર્શીને ગુરુદેવે અર્ઘ ચડાવ્યો. સંઘની બીજી મોટરો અને બસો પણ એક પછી એક આવવા લાગી, ને યાત્રિકો જયજયકાર કરતા રત્નપુરીની યાત્રાએ જવા લાગ્યા. રત્નપુરીમાં જન્મધામ સડકથી લગભગ એક માઇલ દૂર છે, ત્યાં સુધી બસ જઇ શકતી નથી, એટલે સૌ યાત્રિકો ચાલતાં ચાલતાં જન્મધામમાં આવ્યા. જન્મધામમાં નાનકડું મંદિર છે, ત્યાં ધર્મનાથ ભગવાનના પ્રતિમાજી તેમજ ચરણકમળ છે; ચરણકમળ બહુ નાનકડા ને આકર્ષક છે. જંગલ વચ્ચે આ જન્મધામના ભક્તિપૂર્વક દર્શન કર્યા, અને અર્ઘ ચડાવ્યો; તે મંદિરની બાજુમાં જ બીજા એક સ્થાનમાં ભગવાનના સુંદર ચરણકમળ છે, ને તેની નીચે "ધર્મનાથ-સ્વામીકા જન્મધામ-રત્નપુરી" એવા અર્થનો લેખ છે; સરયુનદીના કિનારે, જંગલમાં આ સ્થાન શોભી રહ્યું છે. અહીં ભગવાનના ચરણોનો સ્પર્શ કરીને સૌએ અર્ઘ ચડાવ્યો. ને પૂ. બેનશ્રીબેને ભગવાનના જન્મકલ્યાણક સંબંધી ભક્તિ પણ કરાવી:

મારા નાથની વધાઈ આંહીં છે...
ધર્મનાથની વધાઈ આહીં છે...

એના જયનાદ ગગનમાં ગાજે છે...
ગુરુદેવ સાથે યાત્રા થાયે છે...

થોડીવાર ઉલ્લાસભરી ભક્તિ કરીને, એ તીર્થધામની આસપાસના વાતાવરણનું અવલોકન કર્યું; અને પછી ધર્મનાથ ભગવાનના જયજયકાર કરતા ત્યાંથી સૌ પાછા આવ્યા. આપણી આ 'મંગલ તીર્થયાત્રા'માં પહેલું જન્મધામ નેમિનાથ પ્રભુનું આવ્યું હતું ને આ બીજું જન્મધામ ધર્મનાથ પ્રભુનું આવ્યું. અને એકંદરે નવમા તીર્થધામની યાત્રા થઇ. આ રીતે રત્નપુરી તીર્થધામની યાત્રા પૂર્ણ થઇ.

**રત્નપુરી તીર્થધામમાં બિરાજમાન ધર્મનાથ પ્રભુને નમસ્કાર.**

**રત્નપુરી તીર્થધામની યાત્રા કરાવનાર કહાનગુરુદેવને નમસ્કાર.**

રત્નપુરી તીર્થધામની યાત્રા કરીને, ઉલ્લાસપૂર્વક ભક્તિ અને 'વાહવા જી' કરતી ભક્તોની હારમાળા ચાલી-એ દેખાવ સુંદર હતો. રસ્તા ઉપર ઊભેલી બસ પાસે પહોંચ્યા ત્યારે લગભગ સાંજ થઈ હતી એટલે ત્યાં રત્નપુરીના શાંત વનજંગલમાં જ સૌ યાત્રિકો નાસ્તો કરવા બેઠા. જાણે કે ભગવાનના જન્મધામમાં ભગવાનના જન્મોત્સવની ખુશાલીમાં સૌ ઊજાણી કરતા હોય એવો દેખાવ હતો એ દૃશ્ય દેખીને સૌને આનંદ થતો. આ રીતે, ધર્મનાથ પ્રભુના જન્મધામમાં યાત્રા અને વનભોજન કરીને, જયજયકાર કરતા ત્યાંથી અયોધ્યાપુરી તરફ પ્રસ્થાન કર્યું.

ભોજન પછી હવે ભજન ચાલુ થયું. જો કે આજનો પ્રવાસ લાંબો હતો, પણ ભક્તિ કરતાં કરતાં આનંદપૂર્વક રસ્તો ખૂટી જતો હતો. મુસાફરી વખતે અનેક મોટર-બસોમાં યાત્રિકોની ભક્તિ તો ચાલુ જ હોય. જાણે કે ભક્તિના બળે જ મોટર ચાલતી હોય, તેમ ભક્તિની ધૂન વધતાં મોટરની ઝડપ પણ વધતી, ને ભક્તિ ધીમી પડી જતાં મોટરો પણ ધીમી પડી જતી. ભક્તિની ધૂન સાંભળીને ડ્રાઇવરો પણ રંગમાં આવી જતા. કયારેક લાંબી મુસાફરીમાં ભક્તિ કરી કરીને થાકેલા ભકતો મોટરમાં બેઠાબેઠા ઝોલાં ખાવા માંડે તો અચાનક મોટરો થંભી જાય, ને 'શું થયું' એમ પૂછતાં ડ્રાઈવરો કહે કે आप लोग भक्ति नहि करते तो मोटर कैसे चले? आप सो जाओगे तो मोटर भी सो जायगी। આમ

થતાં, ઊંઘમાંથી ઝબકીને પાછા સૌ ભક્તિ કરવા મંડી જતા. ક્યારેક તો સતત ૧૨-૧૨ કલાકથી પણ વધુ મુસાફરી કરવી પડતી, ત્યારે " અંતકડી " કરી કરીને મુસાફરીનો અંત લાવતા; જ્યારે આગળ જતી કોઇક બસ ખૂબ ધૂળ ઊડાડતી હોય ને તેનાથી આગળ નીકળી જવું હોય, ત્યારે ભક્તો ભક્તિની એવી જોસદાર ધૂન મચાવતા કે એ ધૂન સાંભળીને જાણે કે મોટરને પણ તાન ચડી જતું હોય તેમ ધડધડાટ કરતી તે આગળ નીકળી જતી. આવા પ્રસંગને માટે નીચેના બે સ્તવનોનો ખાસ ઉપયોગ થતો.—

(૧) એક તૂંહી આધાર હો જગમેં....અય મેરે ભગવાન...કિ તુમસા ઔર નહીં બલવાન.

(૨) પાર લગા.. પાર લગા...પાર લગાના ઓ નાથ! મેરી બસ ચલી.......પાર લગાના


આ પ્રમાણે મુસાફરીમાં આનંદ કરતાં કરતાં, અત્યાર સુધીમાં બે હજાર માઈલ ઉપરાંત પ્રવાસ કરીને, હવે તીર્થંકરોની શાશ્વત જન્મભૂમિ એવી અયોધ્યાપુરીમાં પહોંચ્યા.

卐



## અનંતા તીર્થંકરોની શાશ્વત જન્મભૂમિ

# અયોધ્યાપુરી તીર્થ



માહ વદ છઠ : અનંત તીર્થંકરોની આ જન્મભૂમિમાં પૂ. ગુરુદેવ તો સૌથી પહેલાં પહોંચી ગયા. આ અયોધ્યામાં તો અનંત તીર્થંકરો જન્મ્યા છે; જન્મભૂમિને પણ 'જનની'ની ઉપમા છે, તે જોતાં આ અયોધ્યાપુરી અનંત તીર્થંકરોની જનેતા છે; તેણે પોતાની ગોદમાં અનંતા તીર્થંકરોને ખેલાવ્યા છે, અને એ ભૂમિમાં આજે પણ જાણે માતાનું વાત્સલ્ય ઝરી રહ્યું છે. જેમ બાળક માતાને ભેટવા દોડે તેમ, અથવા તો જેમ દિગ્કુમારી દેવીઓ તીર્થંકર-પ્રભુના માતાની સેવામાં દોડી આવે તેમ, 'કલ્યાણવર્ષિણી' પણ આ કલ્યાણકભૂમિને ભેટવા માટે દોડતી દોડતી આવી પહોંચી.



બપોરે ત્રણ વાગે અયોધ્યાપુરીમાં પગ મુકતાં જ ગુરુદેવને ઘણો પ્રમોદ થયો, અને કહ્યું : અહીં તો ઈંદ્રોએ આવીને અનંત તીર્થંકરોના જન્મકલ્યાણક ઊજવ્યા છે; આ અયોધ્યા તો ખાસ તીર્થ છે. જેમ સમ્મેદશિખર એ તીર્થંકરોનું શાશ્વત સિદ્ધધામ છે, તેમ આ અયોધ્યાનગરી તીર્થંકરોનું શાશ્વત જન્મધામ છે. શિખરજીની જેમ આ અયોધ્યાપુરીની નીચે પણ શાશ્વત સાથીઓ છે.

તીર્થંકરોના જન્મધામના પ્રથમ દર્શને ગુરુદેવને ઘણો આનંદ થયો. ને તરત જ જિનમંદિરમાં દર્શન કરવા પધાર્યા. અહા. જિનમંદિરમાં ભગવાન આદિનાથ અને આજુ-બાજુ ભરત- બાહુબલી,—એ રીતે ત્રિપુટી ભગવંતોના અતિમનોજ્ઞ ભવ્ય પ્રતિમાજીને જોતાં ગુરુદેવ આહ્લાદથી સ્તબ્ધ થઇ ગયા. વાહ, પિતા– પુત્રની ત્રિપુટી !! એક 'તીર્થંકર પિતા' અને એમના કેવળજ્ઞાનનો વારસો લેનાર 'બે પુત્રો'—એવી પિતા-પુત્રની ત્રિપુટીને જોતાં ગુરુદેવના હૃદયમાં ઘણી ઉર્મિ ઊઠતી હતી, ને ઘડીભર તો ભૂત—ભવિષ્યના ઊંડા વિચારમાં ઊતરી જતા હતા. ત્યાં દર્શન કર્યા બાદ, તે જ મંદિરમાં બિરાજમાન સુમતિનાથ પ્રભુનાં ચરણકમળના તેમજ અન્ય ભગવંતોના દર્શન કર્યા. ત્યારબાદ ભોજન કરીને સાંજે આદિનાથ ભગવાન વગેરેના જન્મધામના પણ દર્શન કરી આવ્યા; જો કે હજી સંઘસહિતની યાત્રા તો આવતી કાલે સવારે થવાની છે, તો પણ ગુરુદેવ વહેલાવહેલા જઇને ભગવંતોના ચરણોને ભેટી આવ્યા. રાત્રે ફરીને આદિનાથ તથા ભરત-બાહુબલી ભગવંતો પાસે આવીને ગુરુદેવ બેઠા. ભગવંતોને નીહાળતાં જ ભક્તિ કરવાની ભાવના ઉલ્લસી; શેઠશ્રી પ્રેમચંદભાઇ વગેરેએ ભક્તિ શરૂ કરી. ભગવાનનો દરબાર ભરાઇ ગયો હતો પરંતુ હજી બેનશ્રી-બેન અયોધ્યામાં આવ્યા ન હતા તેથી તેઓની રાહ જોવાતી હતી.

થોડીજવારમાં જયજયકાર કરતા અનેક યાત્રિકો સહિત બેનશ્રીબેન અયોધ્યાપુરીમાં આવી પહોંચ્યા; આવતાંવેંત મોટરમાંથી સીધેસીધા મંદિરમાં આવીને શીર ઝુકાવી રહ્યા છે ત્યાં તો ગુરુદેવે ભક્તિ કરાવવાનું કહ્યું. બેનશ્રીબેનને પણ આ જન્મધામની ભક્તિ માટે ઘણો જ રંગ—ઉમંગ હતો. એટલે તરત જ જન્મકલ્યાણકસંબંધી ખાસ બનાવેલું સ્તવન શરૂ કર્યું.—

આવો આવોને સુરનરવૃંદ હરખે આવો રે....
અહીં જન્મ્યા ત્રિભુવન નાથ અયોધ્યાનગરે રે...

નગરી અયોધ્યાધામ અતિ અતિ સોહે રે...
એની શોભા વરણી ન જાય મનડું મોહે રે...

ત્રણકાળના ત્રિભુવનનાથ અયોધ્યા જન્મે રે
અનાદિ અનંત તીર્થધામ કહીએ શું વચણે રે...


જન્મકલ્યાણક અનંતા થાય અયોધ્યા નગરે રે...
એ શાશ્વત છે તીર્થધામ અંતર ઊછળે રે...

અહા, શી એ ભક્તિના ભાવોની ઉર્મિ! જાણે અત્યારે જ અહીં જન્મકલ્યાણક ઊજવાતો હોય! તીર્થંકરના જન્મની તૈયારી થઇ ગઇ હોય ને સુરેન્દ્રો ઉપરથી આવતા હોય–એવા તાદૃશભાવથી પૂ. બેનશ્રીબેન આ ભક્તિ ગવડાવી રહ્યા છે. ને એ ભક્તિના આવા સરસ ભાવને લીધે પૂ. ગુરુદેવ પણ તાનમાં આવીને વચ્ચે વચ્ચે તાલ પુરાવી રહ્યા છે. યાત્રિકો પણ ભક્તિની ધૂનમાં લીન થયા છે. ઘણી સરસ ધૂનપૂર્વક ભક્તિ ચાલી રહી છે–


અહીં નાભિરાયના નંદ તીર્થંકર બિરાજતા રે...
ઋષભ અજિત જિણંદ અયોધ્યા જનમ્યા રે...
શ્રી અભિનંદન જિણંદ અયોધ્યા જન્મ્યા રે...
સુમતિ અનંત જિણંદ અયોધ્યા જન્મ્યા રે...
આ ભૂમિમાં વિચર્યા (રમતા) જિનદેવ કેલી કરતા રે...
એ દૃશ્ય અહો અદ્દભુત પાવનકારી રે...
ધન્ય ભૂમિ ધન્ય આ ધામ ધન્ય આ ધૂળને રે...
પુનિતપગલાંથી પાવન ધામ મંગળકારી રે...
દેવ દેવેન્દ્રોના વૃંદ અહિંયા ઊતરે રે...
જન્મકલ્યાણક ફરીફરી થાય અયોધ્યા નગરે રે....
ધન્ય ભાગ્ય અમારા આજ ગુરુવર સાથે રે...
આ શાશ્વત યાત્રા થાય ગુરુજી પ્રતાપે રે...


અનંત તીર્થંકરોના જન્મકલ્યાણકધામ અયોધ્યાનગરીમાં આવી મહાન ભક્તિપૂર્વક ગુરુદેવની સાથે યાત્રાનો પ્રસંગ આવતાં ભક્તોનો ઉમંગ તો સમાતો નથી. ઘણાખરા ભકતોને તો પહેલવહેલા જ આવા તીર્થધામોનાં દર્શન થાય છે; અને તેઓ હૃદયના ભાવથી કહે છે કે 'અમારે આ અયોધ્યાધામની પહેલવહેલી યાત્રા આવા સરસ ભક્તિભાવથી સંતોની સાથે થાય છે તે અમારા જીવનનું સૌભાગ્ય છે. ગુરુદેવના પ્રતાપે અમને આવી મહાન તીર્થયાત્રા થાય છે.'

–અને, સામે બિરાજમાન રત્નત્રયભગવંતો પ્રત્યે ફરીફરીને ભક્તોનું લક્ષ ખેંચાય છે....અહા, શી અદ્દભુત મુદ્રા! કેવું સરસ ભાવભીનું દૃશ્ય!! વચમાં પિતાજી આદિનાથ-




પિતા-પુત્રોની ત્રિપુટી





ભરત આદિનાથ બાહુબલી



ભગવાન (બાર ફૂટ ઊંચા) બિરાજે છે, ને તેમની બંને બાજુ બે પુત્રો (ભરત-બાહુબલી) શોભી રહ્યા છે. પિતા-પુત્રની આ ત્રિપુટી ઘણી અદ્‌ભુત છે...જાણે કે ભરત-બાહુબલીને લડતાં લડતાં જુદા પાડીને, બંનેને કેવળજ્ઞાન-સામ્રાજ્યનો વારસો આપતા હોય-એવું સરસ ભાવભર્યું દશ્ય છે. બંને ભાઈઓએ પિતાજીના કેવળજ્ઞાનનો વારસો લીધો છે. અહો નાથ! આપ ત્રણેએ આ અયોધ્યાપુરીમાં જન્મ લઈને આ જન્મને સફળ બનાવ્યો, ને અયોધ્યાપુરીને પાવન કરી. આ ત્રિપુટીમાં વચ્ચે આદિનાથ ભગવાન પરમધ્યાનમય ગંભીરમુદ્રામાં બિરાજે છે, ભરતજીની મુદ્રા એકદમ સૌમ્યતાભરી અને નિર્દોષ રાજકુમાર જેવી જ છે, ત્યારે બાહુબલીની મુદ્રા એકદમ શાંતિ અને દઢતા ભરેલી છે,—મહાપરાક્રમ કર્યા પછીની શાંતદશા જેવી તેમની મુદ્રા છે.—એ ત્રણેની ભાવભરી પાવન મુદ્રાઓ ઘણીવાર સુધી નીહાળ્યા જ કરીએ તોપણ સંતોષ નથી થતો ને હજી ફરીફરીને એને નીરખવાની ભાવના થાય છે. અત્યારે પણ જાણે 'આ આપણી સામે જ ઊભા !'—એવું લાગે છે.

ભરતક્ષેત્રના આદિ તીર્થંકર, આદિ ચક્રવર્તી અને આદિ કામદેવ,—એવા પિતા—પુત્રોની ત્રિપુટી કેવળજ્ઞાન પામીને એક સાથે અયોધ્યાપુરીમાં ઊભી છે, ને તેમની સન્મુખ હજારો યાત્રિકોના સમૂહમાં ભક્તિ ચાલી રહી છે: એક સ્તવન પૂરું થતાં, ઘણા જ ભાવથી ભગવાનના જન્મની વધાઈ ગાવાનું શરૂ કર્યું;—જાણે કે નાભિરાજાના દરબારમાં બેઠા છીએ, ને ભગવાનના જન્મોત્સવની ખુશાલી મનાવી રહ્યા છીએ,—એવા ભાવથી બેનશ્રીબેન ગવડાવી રહ્યા છે -

આજ તો વધાઈ રાજા નાભિકે દરબારજી....
મરુદેવી બેટો જાયો, જાયો ઋષભકુમારજી...
અયોધ્યામેં ઉત્સવ કીનો ઘરઘર મંગલાચારજી　આજ તો વધાઈ૦

અહા, તીર્થંકરભગવાન અહીં જન્મે ત્યાં તો ત્રણલોકમાં દૂરદૂર પણ આનંદ ફેલાઈ જાય છે,—તો પછી ભગવાનની સાક્ષાત્ જન્મભૂમિમાં જ ભગવાનના જન્મની વધાઈ સાંભળતાં ભક્તોના હૃદયમાં આનંદ ફેલાઇ જાય તેમાં શું આશ્ચર્ય !! ભક્તિ પછી બીજા દિવસની યાત્રાનો કાર્યક્રમ નક્કી કરીને જયજયકાર કરતા યાત્રિકો વિખરાયા ને બીજા મંદિરોના તથા સુમતિનાથપ્રભુના ચરણકમળના દર્શન કરીને ધર્મશાળામાં ગયા.

જ્યાં ભક્તિ થઇ એ મંદિરની બાજુના એક રૂમમાં જ ગુરુદેવનો ઉતારો હતો...અને યાત્રિકો વિશાળ ધર્મશાળામાં ઉતર્યા હતા. રાતે સૂતા પહેલાં યાત્રિકો આ પાવન તીર્થધામનો મહિમા વિચારતા હતા: શાશ્વત તીર્થરાજ સમ્મેદશિખરજી જેવું જ આ અયોધ્યા

નગરીનું માહાત્મ્ય છે; શિખરજી એ શાશ્વત સિદ્ધિધામ છે, તો અયોધ્યા એ શાશ્વત જન્મધામ છે. સામાન્યપણે ભરતક્ષેત્રના તીર્થંકરો અયોધ્યામાં જન્મે છે, ને સમ્મેદશિખરજીથી મોક્ષ પામે છે. વિશેષમાં, આ ભરતક્ષેત્રની જેમ ઐરવતક્ષેત્રમાં પણ અયોધ્યાનગરી છે,અને વિદેહક્ષેત્રમાં પણ અયોધ્યાનગરી છે, ને તે અયોધ્યાનગરીમાં અનેક તીર્થંકરો જન્મ્યા છે. આ ભરતક્ષેત્રના છેલ્લા ૨૪ તીર્થંકરોમાંથી શ્રી આદિનાથ, શ્રી અજિતનાથ, શ્રી અભિનંદન સ્વામી, શ્રી સુમતિનાથ અને શ્રી અનંતનાથ—એ પાંચ તીર્થંકરો અયોધ્યામાં જન્મ્યા છે.* એ રીતે આપણી જાત્રામાં આ દશમું તીર્થધામ છે. આ ઉપરાંત પ્રથમ તીર્થંકરના પુત્ર ભરતરાજ, કે જેઓ આ ભરતક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી હતા તેઓ પણ અહીં જ જન્મ્યા છે, ને તેમની રાજધાની આ જ છે. આદિનાથના પુત્ર પ્રથમ કામદેવ બાહુબલજીનું જન્મધામ પણ આ જ છે. અનેક ચક્રવર્તીઓ ઉપરાંત રાજા દશરથ અને રાજા રામચંદ્રજીની રાજધાની પણ આ જ છે. અનેક પુરાણપુરુષોને ઉત્પન્ન કરનારી આ નગરીના મહિમાનું શુ વર્ણન કરવું ? અનંતા તીર્થંકરો અહીં જન્મ્યા છે ને હજી અનંતા તીર્થંકરો અહીં જન્મશે —એમાં જ એની બધી ગૌરવગાથા સમાઇ જાય છે. અહા, જે અયોધ્યાપુરીના મહિમાનું વર્ણન સાંભળતાં ભગવાન પાર્શ્વનાથ જેવા પણ વૈરાગ્ય પામીને તીર્થંકરોના પંથે વિચર્યા તેના મહિમાની શી વાત ! ‘ અમે અત્યારે ગુરુદેવ સાથે આવી અયોધ્યાપુરીમાં આવ્યા છીએ ’— એમ સ્મરણ કરતાં પણ યાત્રિકોને હર્ષ થતો; સવારમાં અયોધ્યાનગરીમાં જન્મેલા તીર્થંકરોના જન્મધામની યાત્રાએ જવાનું છે—તેની ભાવના ભાવતાભાવતા મોડામોડા યાત્રિકો સૂતા. અને ભગવાનના માતાજીએ ભગવાનના જન્મ પહેલાં આ જન્મધામમાં ૧૬ મંગળસ્વપ્નો જોયા હતા, તેમ ભક્તો પણ ઊંઘમાં ને ઊંઘમાં આ જન્મધામની યાત્રા કરવાની ઉત્કટ ધૂનને લીધે ભગવાનના જન્મસંબંધી અનેક મંગલસ્વપ્નો આ જન્મધામમાં જોતા હતા...ત્યાં તો મંગલપ્રભાત ઊગ્યું...ને ભક્તો જાગ્યા...



## ૨૪ ભગવાનના ૧૬ જન્મધામ

*૧ અયોધ્યા : ઋષભદેવ; અજિતનાથ; અભિનંદન, સુમતિનાથ,અનંતનાથ
*૨ શ્રાવસ્તી : સંભવનાથ
૩ કૌશમ્બીઃ પદ્મપ્રભુ
*૪ કાશીપુરી : સુપાર્શ્વનાથ, પાર્શ્વનાથ
*૫ ચંદ્રપુરી : ચંદ્રપ્રભુ
૬ કાકન્દીનગરી : સુવિધિનાથ
૭ ભદ્રિકાનગરી : શીતલનાથ
*૮ સિંહપુરી : શ્રેયાંસનાથ
*૯ ચંપાપુરી : વાસુપૂજ્ય
૧૦ કમ્પિલાનગરી : વિમલનાથ
*૧૧ રત્નપુરી : ધર્મનાથ
*૧૨ હસ્તિનાપુરી : શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ
૧૩ મિથિલાપુરીઃ મલ્લિનાથ, નમિનાથ.
*૧૪ રાજગૃહી : મુનિસુવ્રતનાથ
*૧૫ શૌરીપુર : નેમનાથ
*૧૬ કુંડલપુર : વર્દ્ધમાનપ્રભુ.

—આપણી આ મંગલતીર્થયાત્રામાં કુલ ૧૭ ભગવંતોના ૧૦ જન્મધામની (જેમાં ફૂદડીનું નિશાન છે તેની) યાત્રા થશે. બાકીના જન્મધામોને પરોક્ષપણે નમસ્કાર કરીએ છીએ.

## ૨૪ ભગવંતોના નિર્વાણધામ

(૧) કૈલાસગિરિ : ઋષભદેવ
(૨) ચંપાપુરી : વાસુપુજ્ય,
(૩) ગીરનાર : નેમિનાથ,
(૪) પાવાપુરી : વર્દ્ધમાન પ્રભુ,
(૫) સમ્મેદશિખર : બાકીના ૨૦ તીર્થંકરો.

—આપણી આ મંગલ તીર્થયાત્રામાં ૨૩ ભગવંતોના ચાર મોક્ષધામની યાત્રા થશે. કૈલાસગિરિ સિદ્ધિધામને પરોક્ષરૂપે નમસ્કાર કરીએ છીએ.

## શાશ્વત તીર્થધામ અયોધ્યાપુરીમાં
## પાંચ ભગવંતોના જન્મધામની યાત્રા




માહ વદ સાતમ : જગતમંગલકારી જિનેન્દ્રભગવંતોના જન્મધામની મંગલયાત્રા કરવા માટે ગુરુદેવ વહેલાવહેલા ઊઠીને તૈયાર થઇ ગયા; ને ગુરુદેવની સાથે સાથે બીજા

યાત્રિકો પણ જાત્રા માટે તૈયાર થઇ ગયા. પ્રથમ જિનમંદિરમાં બિરાજમાન આદિનાથ ભગવાનના દર્શને ગયા; ત્યાં આદિનાથપ્રભુની જન્મનગરીમાં બિરાજમાન આદિનાથપ્રભુનો જન્માભિષેક કર્યો. અહા, શાશ્વત જન્મધામ અયોધ્યાનગરીમાં બિરાજમાન આદિનાથ તીર્થંકરનો અભિષેક કરતાં ભક્તોને ઘણો આનંદ થયો; સાથે સાથે ભરત—બાહુબલિનો પણ અભિષેક કર્યો.

ત્યારબાદ, તે મંદિરના ચોકમાં જ સુમતિનાથ ભગવાનનું જન્મસ્થાન છે. ત્યાં ચરણ કમળના દર્શન કરીને સૌએ અર્ઘ ચડાવ્યો, ને ભાવથી ભગવાનના ચરણને ભેટીને ત્રણ પ્રદક્ષિણા દેતાં દેતાં સ્તુતિ કરી. એ રીતે સુમતિનાથ ભગવાનના જન્મધામની યાત્રા કરીને બીજા ચાર ભગવંતોના જન્મધામની યાત્રા માટે સૌ જયજયકાર કરતા ચાલ્યા.

સુમતિનાથ ભગવાનને નમસ્કાર હો.

卐

આદિ—અજિત—અભિનંદન ને અનંત એ ચાર ભગવંતોના જન્મસ્થાનો લગભગ બે માઇલના ઘેરાવામાં થોડેથોડે દૂર છે, ને તે સ્થાને મંદિરોમાં તે તે ભગવાનના પુનિત ચરણકમળ સ્થાપેલા છે. સરયુનદીના કિનારે આવેલું અનંતનાથ ભગવાનનું જન્મધામ તો બહુ જ રળિયામણું છે.

ઇંદ્રોએ રચેલી આ અયોધ્યાનગરીની શોભા નીહાળતા નીહાળતા ગુરુદેવ અને યાત્રિકો જન્મધામની યાત્રા કરવા ચાલ્યા જાય છે. બેનશ્રીબેન ઉમંગપૂર્વક મહામંગળ જન્મવધાઇ ગવરાવી રહ્યા છે. ઇંદ્રોએ રચના કરી તે વખતના જેવી શોભા અત્યારે જોકે નથી, પરંતુ અતિશયભક્તિના બળે યાત્રિકભક્તોને તે વખતની શોભામાં ને અત્યારની શોભામાં કાંઇ ફરક હોવાની કલ્પના પણ નથી ઊઠતી...અરે! ' ભગવાન અહીં પૂર્વે જન્મ્યા હતા ' એમ નહિ પરંતુ ' અત્યારે જ અહીં ભગવાન જન્મ્યા છે ને આપણે અહીં ભગવાનનો જન્મકલ્યાણક ઊજવવા આવ્યા છીએ '—આવા ભાવથી ગુરુદેવ સાથે સૌ યાત્રા કરી રહ્યા છે.

પહેલાં અભિનંદનભગવાનના જન્મધામમાં આવ્યા. અહીં મંદિરમાં ભગવાનના ચરણ કમળ બહુ જ શોભી રહ્યા છે. ગુરુદેવ સહિત સૌ ભક્તજનો ભાવપૂર્વક અભિનંદનપ્રભુના ચરણને અભિનંદ્યા અને ભક્તિપૂર્વક અર્ઘ ચડાવ્યો, પછી પ્રભુના પાવન ચરણોનું ગુરુદેવે પાંચવાર સ્પર્શન કર્યું; ત્યારબાદ સૌએ સ્તુતિ કરી—

ચોથા આરા રૂપ નભ વિષે દીપતા સૂર્ય જેવા,<br>
ઘાતી કર્મો રૂપ મૃગ વિષે કેશરી સિંહ જેવા;

સાચે ભાવે ભવિકજનને આપતા મોક્ષ મેવા,
ચોથા સ્વામી ચરણયુગલે હું થઉં નિત્ય રહેવા.

દર્શન—વંદન—પૂજન અને સ્તુતિ બાદ સૌએ પ્રદક્ષિણા કરી. એ રીતે ઘણા જ ભાવથી પ્રભુચરણને ભેટીને સૌ યાત્રિકોએ જયજયકારપૂર્વક અભિનંદનભગવાનના જન્મ ધામની જાત્રા પૂર્ણ કરી.

અભિનંદન ભગવાનને નમસ્કાર હો.

卐

આ અભિનંદન ભગવાનનું લાંછન (ચિહ્ન) વાંદરો છે; જાણે કે એ લાંછનની પ્રસિદ્ધિ કરવા માટે જ અહીં અનેક વાંદરાઓ મંદિરની આસપાસ ફરી રહ્યા છે, અને યાત્રિકોની સાથે સાથે પોતાને પણ જાણે કે ભગવાનની પૂજા કરવી હોય તેમ યાત્રિકોના હાથમાંથી અર્ઘના બટવા ઝૂંટવી જાય છે. ગુરુદેવના પગલેપગલે પાંચસો યાત્રિકોની વણઝાર જન્મ-ધામમાં પ્રભુના ચરણને ભેટવા માટે ચાલી જાય છે; વિધવિધ ધૂન અને ભક્તિ તો ચાલુ જ છે—

અયોધ્યાપુરી ધામમાં....વાહ વા...જી...વાહ વા !
તીર્થંકરદેવ જન્મ્યા આજ....વાહ વા...જી....વાહ વા !
અનંત તીર્થંકર જન્મ્યા આંહીં...વાહ વા...જી...વાહ વા !
શાશ્વત જન્મધામમાં...વાહ વા...જી...વાહ વા !
કહાનગુરુ સાથમાં...વાહ વા...જી...વાહ વા !
યાત્રા અદ્‌ભુત થાય આજ....વાહ વા...જી...વાહ વા !
પ્રભુનાં જન્મધામ દેખી...વાહ વા...જી...વાહ વા !
ગુરુજીનાં હૈડાં હરખે આજ વાહ વા...જી...વાહ વા !

—એમ ઉલ્લાસથી "વાહવા જી વાહવા" કરતાં કરતાં અજિતનાથ ભગવાનની ટૂંક તરફ જતા હતા; સાંકડી કેડી ઉપર ચાલતાં ચાલતાં ધૂળ ઊડતી ત્યારે ભક્તજનો કહેતા : 'અહા ! તીર્થંકરપ્રભુના ચરણોથી સ્પર્શાયેલી પવિત્રભૂમિની રજ પણ અમારે શીરે ક્યાંથી !! એ રજકણથી અમારું મસ્તક પાવન થયું.'—આમ કહીને એ ભૂમિની રજને ભક્તિપૂર્વક પોતાના શીર ઉપર ચડાવતા. અને બેનશ્રીબેન ગવડાવતા કે :

તુજ પાદપંકજ અહીં થયા આ દેશને પણ ધન્ય છે....
તુજ માત કુળજ વંદ્ય છે આ ગામ પુરને ધન્ય છે...
તારા કર્યાં દર્શન અહા, આ જીવન અમ કૃતપુણ્ય છે,
" તુજ પાદથી સ્પર્શાઈ એવી (આ) ધૂલિને પણ ધન્ય છે. "

છેલ્લી લીટી બોલાતી ત્યારે ભક્તોનું મસ્તક આ ' બહુરત્ના વસુંધરા ' માતા પ્રત્યે નમી પડતું હતું.

થોડીવારમાં અજિતનાથ ભગવાનની ટૂંકે પહોંચ્યા, આ ટૂંકની દેરી અંદરથી વિશાળ અને સુશોભિત છે; ભગવાનના ચરણકમળની શોભાની તો વાત જ શી !! સૌએ અંદર જઈને પ્રભુચરણોમાં શીર ઝુકાવીને નમસ્કાર કર્યા. દરેક ઠેકાણે અર્ઘ ચડાવતા પહેલાં ગુરુદેવ શું કરે ?—કે પહેલાં તો ચરણો ઉપરના જુના અર્ઘને દુર કરીને ભગવાનના ચરણો ખુલ્લા કરે, અને પછી સોનાની રકાબીમાં રત્નમિશ્રિત અર્ઘ લઈને ભગવાનના ચરણે ચઢાવે; ત્યાર બાદ પાંચવાર ભગવાનના ચરણોનું સ્પર્શન કરે. યાત્રામાં ગુરુદેવના આવા ભાવો દેખીને ભકતજનોને પણ ઘણો જ ઉલ્લાસ આવતો. અજિતનાથ પ્રભુના ચરણકમળમાં અર્ઘ ચડાવ્યા બાદ સ્તુતિ શરૂ કરી—

દેખી ચરણો અજિત જિનનાં નેત્ર મ્હારાં ઠરે છે,
ને હૈડું આ ફરી ફરી પ્રભુ! ધ્યાન તેનું ધરે છે;
આત્મા મ્હારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

સ્તુતિ બાદ ભક્તોએ અતિશય ભક્તિભાવથી પ્રભુચરણે શીર ઝુકાવીને નમસ્કાર કર્યા, અને પછી પ્રદક્ષિણા કરતાં કરતાં ધૂન મચાવી—

જય અજિતનાથ જય અજિતનાથ જય અજિતનાથ દેવા...
માતા તેરી " મહાદેવી ", પિતા " મહારાયા "...જય૦
અયોધ્યામેં જન્મ લિયા પ્રભુ! હો દેવન કે દેવા;
કહાનગુરુજી હરખે નીરખે જન્મધામ તુમારા....જય૦

અહા, તીર્થંકરોના જન્મધામમાં ગુરુદેવ વારંવાર પ્રમોદભર્યા ઉદ્ગારોવડે પોતાના અંતરનો હર્ષ વ્યક્ત કરતા હતા. ખરેખર સાધકસંતોનો આત્મા સર્વજ્ઞપ્રભુના ચરણને દેખીદેખીને ઉલ્લસતો હતો. તીર્થંકરપ્રભુના કલ્યાણકધામ પ્રત્યે જ્ઞાનીઓને કેવી ઊર્મિ

ઊભરાય છે તે અહીં અમે નજરે જોયું. અમને તો એક તરફથી તીર્થંકર ભગવંતની કલ્યાણકભૂમિનાં દર્શન, અને બીજી તરફથી સંતોના હૃદયના પવિત્રભાવોનાં દર્શન,—આમ સાધ્ય—સાધક બંનેના એક સાથે દર્શનથી અમારા અંતર ઉલ્લાસથી ઊછળતા હતા. ખરેખર, ગુરુદેવ સાથેની આ મંગલ તીર્થયાત્રા એ જીવનનો એક સોનેરી પ્રસંગ હતો, એ સોનેરી પ્રસંગના સુમધુર સંભારણાં યાદ કરતાં આજ પણ આ મનરૂપી હંસલાને ભક્તિરૂપી પાંખો આવે છે ને એ હંસલો અહીંથી ઊડીને ઠેઠ અયોધ્યાપુરી પહોંચી જાય છે!... અને ત્યાં જઈને પ્રભુજીના ચરણોમાં નમસ્કાર કરે છે...




અજિતનાથ ભગવાનને નમસ્કાર હો.

卐

સુમતિનાથ, અભિનંદન અને અજિતનાથ એ ત્રણ ભગવંતોના જન્મધામની યાત્રાબાદ હવે શ્રી આદિનાથ ભગવાનના જન્મધામમાં યાત્રિકો જઈ રહ્યા છે. કોઈ મોટરમાં, તો કોઈ રીક્ષામાં, અને ઘણાખરા પગપાળા. એ રીતે યાત્રિકોનું લાંબુંલાંબું સરઘસ હર્ષનાદ કરતું કરતું યાત્રાધામમાં ફરી રહ્યું છે. ગુરુદેવ સાથેના આવા યાત્રિકસંઘને જોઈને આજે તો અયોધ્યાની ભૂમિ પણ આનંદથી હસી રહી છે..'ભગવાનને અહીં જન્મ્યાને તો યુગનાયુગ (અસંખ્ય વર્ષો) વીતી ગયા છતાં આજે પણ આ ભક્તો મારું આટલું બધું બહુમાન કરે છે!'—એવા ગૌરવથી એ કલ્યાણકભૂમિ ખીલી ઊઠી છે. અહા! પૃથ્વી પણ જ્યાં ખીલી ઊઠે ત્યાં ભવ્યજીવોનું અંતર ખીલી ઊઠે—એમાં શું આશ્ચર્ય!!

અહા, જે ભૂમિમાં તીર્થંકરભગવાન જન્મ્યા, જે ભૂમિમાં સ્વર્ગમાંથી આવીને ઈન્દ્રોએ મંગલ જન્મોત્સવ ઊજવ્યો, જે ભૂમિમાં ભગવાને પા-પા પગલી માંડી, જે ભૂમિમાં બાલ તીર્થંકર દેવકુમારોની સાથે ખેલ્યા, મોટા થઈને જે ભૂમિમાં ભગવાને રાજ્ય કર્યું, અને વૈરાગ્ય પામીને જે ભૂમિમાં ભગવાન સ્વયંદીક્ષિત થયા—એવી આ પાવન ભૂમિમાં, પાંચસો જેટલા યાત્રિકો સાથે વિચરતા કાનજીસ્વામી ઘણાજ હર્ષપૂર્વક એક મહાન ઐતિહાસિક તીર્થયાત્રા કરી રહ્યા છે,—કહાનગુરુદેવની આ 'મંગલ તીર્થયાત્રા' 'ભારતપ્રસિદ્ધ' બની ગઇ છે.

મંગલ યાત્રા કરતાં કરતાં હવે આદિનાથ ભગવાનની ટૂંકે પહોંચ્યા. બધી ટૂંકોમાં આ ટૂંક મુખ્ય ગણાય છે, તેથી અહીં પૂજા-ભક્તિ વિશેષ ઉલ્લાસપૂર્વક થયા હતા. છૂટાછવાયા બધા યાત્રિકો અહીં ભેગા થઈ ગયા હતા. ગુરુદેવ સાથે આ ટૂંકની યાત્રા કરતાં સૌને આનંદ થયો. પ્રથમ ભગવાનના ચરણકમળના દર્શન કરીને સૌએ અર્ઘ ચડાવ્યો. ને પછી મંદિરના ચોકમાં પૂ. બેનશ્રીબેને સરસ ભક્તિ કરાવી—

આજ તો વધાઇ રાજા નાભ કે દરબારજી......
મરૂદેવી બેટો જાયો જાયો ઋષભકુમારજી............
અયોધ્યામેં ઉત્સવ કીનો ઘરઘર મંગલાચારજી...આજ તો વધાઈ૦

( અહા, ભગવાનના જન્મની વધામણી એ જગતમાં સર્વોત્કૃષ્ટ વધામણી છે, એ મંગલ વધામણી સાંભળતાં જગતમાં કોને હર્ષ ન થાય ! ભગવાનના જન્મધામમાં ઘણા ઉલ્લાસપૂર્વક બેનશ્રીબેન એ વધામણી સંભળાવી રહ્યા છે-)

ઘનનન ઘનનન ઘંટા વાગે દેવ કરે જયકારજી
ઇંદ્રાણ્યાં મિલી ચોક પુરાયો ભરભર મોતીયન થાળજી...આજ તો વધાઈ૦

હાથ જોડ મેં કરું વિનતી પ્રભુ જીવો ચિરકાળજી,
નાભિરાજા દાન દેવે, વરસે રતન અપારજી...આજ તો વધાઈ૦

(વળી નાભિરાજાએ દાનમાં બીજું શું શું આપ્યું ?-)

હાથી દીના, ઘોડા દીના, દીના રથ ભંડારજી,
નગર સરીખા પટ્ટણ દીના દીના સબ સિંગારજી...આજ તો વધાઈ૦

તીન લોકમેં દીનકર પ્રગટે ઘરઘર મંગલાચારજી
કેવલ કમલારૂપ નિરંજન આદીશ્વર જયકારજી...આજ તો વધાઈ૦

એક સ્તવન પૂરું થતાં બીજું સ્તવન શરૂ થયું: અહા, આજ તો જાણે ભક્તિનો સમુદ્ર ઊછળી રહ્યો છે:

મોરી હાલી... આજ વધાઈ ગાઇયાં....હો...મોરી હાલી૦
મરૂદેવી બેટો જાયો, શ્રી ઋષભ જિન નામ ધરાયો,
સબહી કે મન ભાઇયાં...સો મોરી હાલી...આજ વધાઈ૦

નાભિરાય રાજા ઘર બાજત વધાઇયાં.........વાહવા જી વાહવા!
આયે હૈ ગુણી સબ ગાવત વધાઇયાં.........વાહવા જી વાહવા!
આયે હૈ ભક્ત સબ ગાવત વધાઈયાં......... વાહવા જી વાહવા!
બાજત તાલ મૃદંગ નૌબત સનાઇયાં.........વાહવા જી વાહવા!
દાન દીયો રાજા નાભિ મન ભાઇયાં.........વાહવા જી વાહવા!
એ મોરી હાલી આજ વધાઇ ગાઇયાં.........

આદિનાથપ્રભુના જન્મધામમાં કોઈ અદ્ભુત ભક્તિ થઇ; જીવનમાં કયારેક જ જોવા મળે એવી એ ભક્તિ દેખીને યાત્રિકોને ઘણો આનંદ થયો. બેનશ્રીબેન આનંદથી જન્મવધાઈ આપતા હતા ને ભક્તજનો ગગનભેદી હર્ષનાદપૂર્વક " વાહવા જી વાહવા " કરતા તે વધાઇ ઝીલતા હતા. મંદિર તો આખુંય ભક્તોથી ચિક્કાર ભરાઇ ગયું હતું. અરે ! ઉપરની જાળીમાંથી વાંદરાઓના ટોળાં પણ ડોકીયા કરી કરીને આશ્ચર્યપૂર્વક ભક્તિ સાંભળતાં હતા. તેમને એમ થતું હશે કે યાત્રિકો તો ઘણા જોયા છે—પણ આવી મજાની ભક્તિ કરનારા યાત્રિકો તો આજે જ જોયા. યાત્રિકોના ઉરમાં ઉલ્લાસ સમાતો ન હતો એટલે જયજયકારના જોરદાર ધ્વનિરૂપે તે બહાર આવતો હતો.

પછી આદિનાથપ્રભુના ચરણને ભક્તોએ પ્રદક્ષિણા કરી, ફરીફરી ચરણસ્પર્શ કર્યા; ને આદિનાથ ભગવાનના તથા સંતોના જયજયકાર કરતાં આ જન્મધામની યાત્રા પૂરી થઇ....

આદિનાથ ભગવાનને નમસ્કાર હો.

卐

આદિનાથ ભગવાનના જન્મધામનું આ મંદિર ઘણું પ્રાચીન છે, ને તે સંબંધી ઇતિહાસ આ પ્રમાણે છે : ૪૦૦ વર્ષ પહેલાં મોગલ બાદશાહના રાજમાં લાલા કેશરીસિંહ નામના જૈન દીવાન હતા, કે જેમણે અહીં પાંચ તીર્થંકરોના જન્મસ્થાનના સ્મારકરૂપ મંદિરોનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેમની પહેલાં આદિનાથપ્રભુના જન્મધામના આ

મંદિરને સ્થાને કોઇ બાદશાહે મસ્જીદ બંધાવવાનો હુકમ કરેલ; પરંતુ દીવાનજીને વારંવાર સ્વપ્નમાં ભાસ થતો કે : આ ભૂમિની નીચે તો આદિનાથપ્રભુના જન્મધામનું મંદિર છે.— આથી દીવાનજીએ બાદશાહને તે વાત કરી, અને બાદશાહે તેનું પ્રમાણ માંગતાં દીવાનજીએ કહ્યું કે—ખોદતાં ખોદતાં પ્રથમ એક દીપક, એક સ્વસ્તિક તથા એક શ્રીફળ નીકળશે... બાદશાહના હુકમથી ખોદીને તપાસ કરતાં એ જ વસ્તુઓ નીકળી. એટલે બાદશાહે તે સ્થાને મંદિર બાંધવાની રજા આપી; અને તરત જ દીવાનજીએ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવીને તેમાં આદિનાથપ્રભુના ચરણકમળ બિરાજમાન કર્યાં.—આજે પણ આ મંદિરની રચના જોતાં એ વાતનો ખ્યાલ આવી જાય છે; મંદિરનો કેટલોક ભાગ જમીનના ઉંડાણમાં છે એટલે તેમાં પ્રવેશતાં ભોંયરાની માફક થોડુંક નીચે ઊતરવું પડે છે, ને મંદિરની બાજુમાં અમુક અવશેષો આજે પણ નજરે પડે છે. અહીંના વ્યવસ્થાપકો પાસેથી આ મંદિરનો ઈતિહાસ સાંભળીને ગુરુદેવે મંદિરનું નિરીક્ષણ કર્યું. અહીં વાંદરાઓ ઘણા છે ને હાથમાંથી વસ્તુઓ ઝુંટવી જાય છે, તેથી મંદિરના ઉપરના ભાગમાં ઝીણી જાળી જડેલી છે. યાત્રિકો હાથમાં બટવો લઇને ભક્તિ કરતા કરતા ચાલ્યા જતા હોય ત્યાં તો વાંદરો અચાનક આવીને હાથમાંથી બટવો ઝૂંટવી જાય: વળી કોઈ હિંમતવાન યાત્રિક હોય તો એની પાસેથી બટવો પાછો પડાવી લ્યે.

આદિનાથ ભગવાનના જન્મધામની યાત્રામાં સૌને વિશેષ આનંદ આવ્યો ને એમ થયું કે વાહ ! ગુરુદેવ સાથેની આપણી યાત્રા સફળ થઇ. આ રીતે ચાર ભગવંતોના જન્મધામની યાત્રા બાદ યાત્રિકો શ્રી અનંતનાથ ભગવાનના જન્મધામ તરફ ચાલ્યા.

અનંતનાથ પ્રભુનું જન્મધામ બરાબર સરયુનદીના કિનારા ઉપર જ છે; સરયુના રાજઘાટ ઉપર આ જન્મધામ છે, તેને બદલે ઘણાખરા યાત્રિકો રસ્તો ભૂલીને બીજા જ ઘાટ ઉપર પહોંચી ગયા; જ્યાં ખબર પડી કે તરત ઝડપથી રાજઘાટ ઉપર પહોંચ્યા. રાજઘાટ તે જૈનોનો ઘાટ છે, અને તે કોઈક જૈનરાજવીએ બંધાવ્યો હોવાનું મનાય છે. અહીં રાજઘાટ ઉપર એક પુરાણું મંદિર હતું, તેમાં અનંતનાથપ્રભુના ચરણકમળ બિરાજીત હતા; સરયુનદી અનેકવાર ઉલ્લસી ઉલ્લસીને એ ચરણોનો અભિષેક કરી જતી. થોડા વખત પહેલાં સરયુનદીમાં ખૂબજ પૂર આવવાથી આ મંદિરને ધક્કો લાગ્યો ને તે પડું પડું થઇ રહ્યું હતું. પરંતુ જ્યાંસુધી તેમાં ભગવાનનાં ચરણ બિરાજમાન હતા ત્યાંસુધી કાંઇ ન થયું; છેવટે જ્યારે તેમાં બિરાજમાન પાવન ચરણપાદુકાને સુરક્ષિતપણે બીજે સ્થળે ખસેડયાં કે તરત જ એ મંદિર પડી ગયું. હાલ તેની બાજુમાં બીજું નવું સ્થાન બનાવીને તેમાં ભગવાનના ચરણકમળ બિરાજીત કરવામાં આવ્યા છે, અને યાત્રિકો આનંદપૂર્વક તેનાં દર્શન-પૂજન કરે છે.

માહ વદ સાતમના રોજ, પાવન અયોધ્યાનગરીમાં આ તીર્થયાત્રા ચાલી રહી છે. સવારના નવ વાગે સરયુનદીના રાજઘાટ ઉપર અનંતનાથ પ્રભુના જન્મધામને સેંકડો ભક્તો ભક્તિપૂર્વક નીહાળી રહ્યા છે. આ સ્થાનનું કુદરતી દશ્ય ગુરુદેવને બહુ ગમ્યું. સાથેના ભક્તોને પણ ગુરુદેવ પ્રમોદપૂર્વક બધું દેખાડતા હતા. પાસે જ વહેતી સરયુનદી આ સ્થાનની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. સરયુ સરિતા ઘણી જ મોટી અને ભવ્ય છે; અનંતનાથ ભગવાનના જન્મધામને ઘસાઇને કલરવ કરતી તે એવી રીતે ચાલી જાય છે કે જાણે ભગવાનનો અભિષેક કરતી કરતી બાલ-તીર્થંકરના હાલરડાં ગાતી હોય! સરયુનું સ્વચ્છ અને શાંત વહન જોતાં અર્જિકામાતાનું સ્મરણ થતું. જાણે સંતોએ વહાવેલું શાંતરસનું ઝરણું ચાલી રહ્યું હોય એવી એ સરયુનદીમાં ડુબકી મારવાનું દિલ થઈ જતુ હતું ને કોઇ કોઈ યાત્રિકો તેમાં પગ ઝબોળીને હર્ષિત થતા.

સરયુ નદીનું અવલોકન કરતાં રામચંદ્રજીના વિદેશગમન પ્રસંગનું સ્મરણ થતું. અહીંથી રામચંદ્રજી વન તરફ ગયેલા; ત્યારે રામ-લક્ષ્મણ-સીતાને આ નદીએ માર્ગ કરી દીધો હતો. એ તો મહાપુણ્યવંત પુરુષો, એટલે કુદરતે નદીનાં પાણી ઘટી ગયાં ને માર્ગ થઇ ગયો,—અનેક રાજાઓ અને પ્રજાજનો આ કાંઠે રહી ગયા. પ્રજાજનોએ સાથે લઇ જવાની વિનતિ કરી ત્યારે રામચંદ્રજીએ કહ્યું: બસ, અમારો અને તમારો અહીં સુધીનો જ સાથ હતો.—એમ કહીને તેઓ ચાલ્યા ગયા; તેથી વૈરાગ્ય પામીને ઘણા રાજાઓએ અને પ્રજાજનોએ ત્યાંને ત્યાં દીક્ષા લઇ લીધી.—આમ વૈરાગ્યપૂર્વક સરયુકિનારે બધું સ્મરણમાં આવતું હતું. એ રીતે ભગવાનના જન્મધામમાં ચારે તરફનું અવલોકન કર્યા બાદ અનંત પ્રભુના ચરણોના દર્શન કરીને ચરણસ્પર્શ કર્યો. અને ત્યાં ચોકમાં બેઠા બેઠા સમૂહપૂજન કર્યું.

"ચોવીસોં શ્રી જિનચંદ આનંદ કંદ સહી,
પદ જજત હરત ભવફંદ પાવત મોક્ષ મહી"

ૐ હ્રીં શ્રી અનંતનાથ આદિ અનંત તીર્થંકરજન્મધામમાં
અનંત જિનેન્દ્ર ચરણકમલપૂજનાર્થે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા....

પૂજા પછી એ જન્મધામમાં બેનશ્રી-બેને ભક્તિ કરાવી—

આવો આવો ને સુરનરવૃંદ હરખે આવો રે....
અહીં જનમ્યા ત્રિભુવનનાથ અયોધ્યા નગરે રે....
આ નગરી અયોધ્યાધામ અતિ અતિ સોહેરે...
એની શોભા વરણી ન જાય મનડું મોહે રે....

જન્મ કલ્યાણક અનંતા થાય અયોધ્યા નગરે રે
આ શાશ્વત તીરથધામ અંતર ઊછળે રે....
ધન્ય ભૂમિ ધન્ય આ ધામ ધન્ય આ ધૂળને રે....
પ્રભુ ચરણોથી પાવન ધામ મંગળકારી રે...
ધન્ય ભાગ્ય અમારા આજ ગુરુવર સંગે રે....
આ શાશ્વત યાત્રા થાય ગુરુજી પ્રતાપે રે...

—ભક્તિ પછી, હવે જાણે કે ભગવાનના જન્માભિષેક માટે મેરુપર્વત ઉપર જતા હોઈએ—તેમ સરયુના કિનારે ઊંચા ઘાટ ઉપર આવ્યા; સમુદ્ર જેવી સરયુને જોતાં ભાવુક ભક્તોને ભગવાનના જન્માભિષેકની ભાવના જાગી, એટલું જ નહિ, જળના કળશ ભરી ભરીને હાથોહાથ એકબીજાને દેવા પણ માંડ્યા, ને 'હરિ'એ હર્ષથી તાંડવનૃત્ય પણ શરૂ કરી દીધું.—આમ સરયુકિનારે થોડીવાર જન્માભિષેકનું વાતાવરણ ચાલ્યું. આ પ્રસંગે પૂ. બેનશ્રી-બેને ભક્તોને ઘણો આનંદ કરાવ્યો અને યાત્રિકોના અપાર હર્ષ વચ્ચે અનંતનાથ ભગવાનની ધૂન ગવડાવી. એ રીતે ઘણા જ આનંદથી ને ઘણા જ ભક્તિભાવથી ભગવાનના પાવન જન્મધામની યાત્રા પૂર્ણ કરીને જયજયકાર કરતા સૌ યાત્રિકો ધર્મશાળાએ આવ્યા.

**અનંતનાથ ભગવાનને નમસ્કાર હો.**

卐 卐 卐 卐 卐

અહા ! ગુરુદેવ સાથે આ અયોધ્યા તીર્થધામની યાત્રા કોઈ અનેરા ઉત્સાહથી થઈ; જાણે પંચમકાળે ફરીને તીર્થંકરોના જન્મ કલ્યાણક ઉજવતા હોઈએ—એવો ઉલ્લાસ થતો હતો. એ પ્રસંગ તો જેણે પ્રત્યક્ષ જોયો હોય તેને જ પૂરો ખ્યાલ આવે. બાકી વર્ણનમાં તો કેટલુંક આવે !! કવિએ ખરૂં જ કહ્યું છે કે :—

'કલ્યાણકાળ પ્રત્યક્ષ પ્રભુકો લખેં જે સુરનર ઘને,
તિહ સમયકી આનંદ મહિમા કહત કયોં મુખસોં બને ?

શાશ્વત જન્મધામ અયોધ્યાપુરીમાં જન્મેલા પાંચ જિનેન્દ્રોને નમસ્કાર.
શાશ્વત જન્મધામ અયોધ્યાપુરીમાં જન્મેલા અનંત જિનેન્દ્રોને નમસ્કાર.
શાશ્વત જન્મધામ અયોધ્યાપુરીની યાત્રા કરાવનાર ગુરુરાજને નમસ્કાર.

**હે તીર્થંકર ભગવંતો !**

**આપની કલ્યાણકભૂમિની મંગલયાત્રા અમારું કલ્યાણ કરો**

卐 卐 卐 卐 卐

મંગલયાત્રા બાદ ધર્મશાળામાં પૂ. ગુરુદેવે અતિશય ભક્તિ અને વૈરાગ્યથી ભરપૂર પ્રવચન કર્યું; તેમાં, ઇંદ્રોએ અહીં ભગવાનના જન્મકલ્યાણકો ઉજવ્યા છે તેનું ભક્તિભર્યું વર્ણન કર્યું; તથા ભરતજી જ્યારે છખંડ સાધીને અયોધ્યાની સમીપ આવે છે ત્યારે ચક્ર ત્યાં અટકી જાય છે-અયોધ્યામાં પ્રવેશ નથી કરતું, ભરત-બાહુબલીનું યુદ્ધ થાય છે, બાહુબલી વૈરાગ્ય પામે છે-એ બધા પ્રસંગો પણ અહીંજ બન્યા હતા-એમ કહીને તેનું વૈરાગ્યભર્યું વર્ણન કર્યું; અને રામચંદ્રજીના વિદેશગમન વખતના વૈરાગ્યપ્રસંગનું તો એવું અદ્‌ભુત રોમાંચક વર્ણન કર્યું કે શ્રોતાઓને તે સાંભળીને ઝળઝળિયા આવી ગયા. રામ-લક્ષ્મણ-સીતા અયોધ્યા છોડીને જ્યારે જાય છે ત્યારે માતાઓ રડે છે, ભરત રડે છે, અનેક રાજાઓ રડે છે, પ્રજા રડે છે...એ પ્રસંગનો ઉલ્લેખ કરીને અતિ વૈરાગ્યથી ગુરુદેવે કહ્યું: અહા ! રામચંદ્રજી આ સરયુનદી ઓળંગીને અયોધ્યામાંથી જ્યારે ચાલી નીકળ્યા ત્યારે અયોધ્યાના હજારો-લાખો પ્રજાજનો આંસુભીની આંખે તેમને વિનવતા, પણ રામચંદ્રજી તો એ બધાને ત્યાંજ છોડીને ચાલ્યા ગયા. બહારથી જોનારા લોકોને એમ લાગે કે અરે, આ શું થયું !! ક્યાં અયોધ્યાનું રાજ, ને ક્યાં આ પરદેશગમન !! પણ રામચંદ્ર તો ધર્માત્મા હતા, તે જાણતા હતા કે અમારો આત્મા રાજમાંય ન હતો ને વનમાંયે નથી; અમારો આત્મા તો સર્વદા અમારા જ્ઞાનસ્વભાવમાં જ છે. અમે તો અમારા આત્માના જ્ઞાન-આનંદમાં જ છીએ. પણ લોકોને જ્ઞાનીનાં હૃદય સમજવા મુશ્કેલ પડે છે.—આ રીતે ગુરુદેવ કરુણરસમાંથી વૈરાગ્યરસમાં, અને વૈરાગ્યરસમાંથી અધ્યાત્મરસમાં લઈ જતા, તે વખતે શ્રોતાજનો મુગ્ધ બનીને થંભી જતા હતા; અને જ્યારે તીર્થંકરના જન્મકલ્યાણકને યાદ કરીને ગુરુદેવ પાછા ભક્તિરસનો પ્રવાહ રેલાવતા ત્યારે યાત્રિકો ભક્તિમાં તરબોળ બની જતા.

અયોધ્યાના મહિમા સંબંધી ગુરુદેવે કહ્યું કે: "આ અયોધ્યા શાશ્વત તીર્થધામ છે; આ અવસર્પિણી (હલકો) કાળ છે એટલે કેટલાક તીર્થંકરો બીજે જન્મ્યા, નહિતર તો બધા તીર્થંકરો અહીં અયોધ્યામાં જન્મે ને સમ્મેદશિખરજીથી મોક્ષ પામે, એવો નિયમ છે. આ બંને તીર્થોની નીચે શાશ્વત સાથીયા છે. અહીંની જાત્રા કરવાના ઘણા ભાવ હતા, તે આજે પૂરા થયા. લોકોને ઉત્સાહ પણ ઘણો છે. આ જાત્રા તો એવી થાય છે કે બધાને યાદ રહી જશે. આ તીર્થસ્થાન બહુ સરસ છે, અહીં રહેવા જેવું હતું પણ આપણને સમય થોડો છે; આપણું પ્રયોજન જાત્રાનું હતું, તે જાત્રા તો આનંદથી થઈ ગઈ.'

પ્રવચનમાં ભાવભીના ચિત્તે ગુરુદેવ કહે છે: "અહા, તીર્થંકરો જ્યારે અહીં જન્મતા,

ત્યારે ઇન્દ્રો આવીને આ અયોધ્યાનગરીને શણગારતા, ને ઉપરથી રત્નોની વૃષ્ટિ થતી... એ વખતની શોભાની શી વાત !! કયાં એ વખતની શોભા, ને કયાં અત્યારની સ્થિતિ !! અરે, સંસારની ક્ષણભંગુરતા !!–ભલે બધું પલટાઇ ગયું છતાં આ ભૂમિ અને આકાશ તો તેના તે જ છે કે જે ભગવાન વખતે હતા. ભગવાનના જન્મથી આ ભૂમિ પણ મંગળ છે–પૂજ્ય છે. "અહા, જ્યારે બાલ-તીર્થંકર અહીં ખેલતા હશે ને નાનકડા પગલાથી પૃથ્વીને પાવન કરતા હશે ત્યારે આ ભૂમિનો વૈભવ કેવો હશે !"–આમ સરયુતીરે જ્ઞાન–વૈરાગ્ય ને ભક્તિની વહેતી ધારામાં સ્નાન કરીને યાત્રિકો પાવન થયા.

ગુરુદેવના પ્રવચન પછી કેટલાક યાત્રિકો અયોધ્યાનગર જોવા ગયા. અહીં લગભગ એક લાખ માણસની વસ્તી છે, જૈનોની વસ્તી ઘણી ઓછી છે. અહીં વૈષ્ણવોના રામ–લક્ષ્મણસીતા વગેરેના મંદિરો લગભગ પાંચ હજાર હોવાનું કહેવાય છે. રામરાજ્યને બદલે આજ તો અહીં વાનરોનું સામ્રાજ્ય વર્તી રહ્યું છે. જૈનોનું એક વિશાળ જિનમંદિર છે જેમાં આદિનાથ તથા ભરત–બાહુબલીના પ્રતિમા છે તથા પાંચ સ્થળે તીર્થંકરોની ચરણપાદુકાના મંદિરો છે. આ ઉપરતાં હર્ષની વાત છે કે, હાલમાં અયોધ્યાનગરીમાં આદિનાથ ભગવાનની ૩૨ ફૂટ ઉંચી આરસની ભવ્ય પ્રતિમાજીનું સ્થાપન થવાનું છે; દુનિયાની આરસની પ્રતિમાઓમાં આ પ્રતિમા સૌથી મોટી હશે. તેને માટે આરસનો જે પાષાણ વપરાયો છે તે પાષાણની જ કિંમત ૫૦,૦૦૦ રૂ. હતી. તે પ્રતિમાજીના સ્થાપનમાં એકંદર ૪,૦૦,૦૦૦ રૂ. નું ખર્ચ અંદાજવામાં આવ્યું છે. એ પ્રતિમાજી તૈયાર થઇને અયોધ્યા પહોંચી ગયા છે.*

---

*COLOSSAL STATUE OF LORD ADINATH UNDER CONSTRCTION

The colossal statue of lord Adinath which was under construction at Makrana village., Jaipur has now been transported to Ayodhya, dist Faiz–abad U. P, where it will be enshrined. The statue when completed will stand 32 feet high. It is learnt that it will be placed on a 12 feet high marbel plinth, The statue is being carved out from a single piece of marble which was purchased at a cost of Rs. 50000, The cost involved in the completion of this statue is estimated at Rs. 4 lacs.

Negotiations are being made to obtain the garden of Rani of Ayodhya for enshrining world's one of the highest one–piece marble statues. The garden is surrounded on all sides with a high parapet wall and encloses well laidout beautiful Flower–beds. B. J. I. News Service ("ઇંગ્લીશ જૈન ગેઝેટ"માંથી)

આ ઉપરાંત અયોધ્યામાં એક દિ. જૈન ઋષભ બ્રહ્મચર્યાશ્રમ પણ છે, જેમાં કેટલાક વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

અયોધ્યાપુરીની યાત્રા પછી યાત્રિકોએ ભગવાનની જન્મભૂમિમાં ભોજન કર્યું. ત્યારબાદ જિનમંદિરમાં દર્શન કરીને સંઘના યાત્રિકોએ પ્રસ્થાનની તૈયારી કરી. સાંજનું ભાતું સાથે લઈ લીધું અને 'હે ભગવાન! આપની નગરીની શીતલછાયામાં સંતોની સાથે સાથે આવ્યા છીએ, આપનો જ રાહ અંગીકાર કરીને આપની મોક્ષભૂમિ તરફ આવીએ છીએ ...ને સંતોની સાથે આપના પુનિત પગલે પગલે ભવનો પાર કરીને આપની પાસે આવશું. એવી ભાવનાપૂર્વક ભગવાનની ચરણરજને મસ્તકે ચઢાવીને, જયજયકાર પૂર્વક બનારસ (કાશી) નગરી તરફ પ્રસ્થાન કર્યું; પાંચ ભગવંતોની જન્મભૂમિમાંથી હવે ચાર ભગવંતોની જન્મભૂમિ તરફ ચાલ્યા. આ રીતે ઉપરાઊપરી તીર્થંકર ભગવંતોની કલ્યાણકભૂમિ આવતાં યાત્રિકોને બહુ આનંદ થયો. મોટરબસમાં બેઠા બેઠા યાત્રિકો ભકિત કરતા હતા. પૂ. બેનશ્રીબેનની મોટર પણ સાથે જ હતી તેથી વિશેષ હર્ષ થતો હતો. સાંજે રસ્તાના એક રળિયામણા વનમાં સૌ નાસ્તાપાણી માટે રોકાયા. પ્રવાસ દરમિયાન જ્યારે આ રીતે વનમાં રોકાવાનું બનતું ત્યારે યાત્રિકોને વનવાસી સંતોનું વિશેષ સ્મરણ થતું ને વનનું વાતાવરણ સૌને ગમતું. વનભોજન બાદ પાર્શ્વનાથ પ્રભુની ધૂન ગાતાંગાતાં સાંજે સાત વાગે પાર્શ્વનાથ વગેરે ભગવંતોની જન્મભૂમિમાં આવી પહોંચ્યા. અહીં મેદાગીન ધર્મશાળામાં ઉતારો હતો. ધર્મશાળામાં જ પાર્શ્વપ્રભુનું ભવ્ય જિનમંદિર છે. આવતાંવેંત જિનમંદિરમાં દર્શન-ભકિત કરીને, ૧૩૩ માઈલની મુસાફરીના થાકથી થાકેલા યાત્રિકો, બીજા દિવસે વેલાવેલા ગુરુદેવનું સ્વાગત કરવાની ભાવના ભાવતા સૂઈ ગયા.


ગુરુદેવ અયોધ્યાપુરીથી પ્રસ્થાન કરીને રાત્રે જોનપુર મુકામે રોકાયા ને બીજે દિવસે સવારમાં બનારસ નગરી તરફ પધાર્યા.



# તીર્થધામ બનારસ



માહ વદ આઠમની સવારમાં સા..રે...ગ. મ.. ના મધુર વાજાં વગાડતી 'કલ્યાણ-વર્ષિણી' ભગવાનના જન્મધામમાં આવી પહોંચી. ગુરુદેવ બનારસ પધારતાં જ પં૦ કૈલાશચંદ્રજી, પં૦ ફૂલચંદ્રજી, પ્રો૦ ખુશાલચંદ્રજી વગેરે સહિત બનારસના જૈનસમાજે તેમજ યાત્રિકોએ સ્વાગત કર્યું. બનારસ જેવા સુપ્રસિદ્ધ શહેરમાં દિ. જૈનોના માંડ પચીસેક ઘર છે, છતાં સ્વાગત સુશોભિત થયું હતું. સ્વાગત વખતે ગુરુદેવની સાથે સાથે એક તરફ સિદ્ધાંતશાસ્ત્રી પં૦ કૈલાશચંદ્રજી, અને બીજી તરફ સિદ્ધાંતશાસ્ત્રી પં૦ ફૂલચંદ્રજી, એ રીતે બે સિદ્ધાંતશાસ્ત્રીઓની વચ્ચે ગુરુરાજનું દશ્ય પ્રભાવશાળી હતું. (ભારતવર્ષીય




દિગંબર જૈન "વિદ્વત્પરિષદ"ના અધ્યક્ષપદે પણ આ બંને વિદ્વાનો આવી ગયેલા છે.) અહીં ગુરુદેવના સ્વાગત માટે, તથા સંઘની વ્યવસ્થા માટે, અને કોઇપણ પ્રકારનો વિરોધ ન થાય તે માટે ઉપરોક્ત બંને વિદ્વાનબંધુઓએ ઘણી લાગણીપૂર્વક પરિસ્થિતિ સંભાળી હતી. આ વિદ્વાનો સોનગઢ આવી ગયા છે, ને સોનગઢના અધ્યાત્મ-વાતાવરણથી તેઓ પ્રભાવિત છે; ગુરુદેવદ્વારા થતી દિ. જૈનધર્મની પ્રભાવનાથી તેઓને પ્રસન્નતા થાય છે. દિગંબર સંતોએ કહેલું જે પરમસત્ય કાનજીસ્વામી સમજાવે છે તેને જૈનસમાજ કોઈ પણ રીતે સમજે અને જૈનધર્મની પ્રભાવના થાય-એવી પં૦ ફૂલચંદ્રજીને તો ખૂબ જ લાગણી છે, અને તે લાગણીને અનુસરતું કાર્ય યાત્રા દરમિયાન ઠેર ઠેર તેમણે કર્યું છે ને હજી પણ કરી રહ્યા છે. પં૦ કૈલાશચંદ્રજી અહીંના "સ્યાદ્વાદ મહાવિદ્યાલય"ના પ્રધાન અધ્યાપક તેમજ 'जैन सन्देश'ના સમ્પાદક છે, તેમનો પણ સમાજમાં સારો પ્રભાવ છે, ને બનારસમાં ગુરુદેવના સ્વાગત માટે તેમણે તથા પં. ખુશાલચંદ્રજી પ્રોફેસર વગેરેએ ઘણા પ્રેમથી ભાગ લીધો હતો. સ્વાગત ધર્મશાળાએ આવતાં ગુરુદેવે પ્રથમ જિનમંદિરમાં પાર્શ્વપ્રભુનાં દર્શન કર્યાં, પછી તે ધર્મશાળાની અગાશીમાં સ્વાગત સભા થઇ; તેમાં પ્રથમ પં૦ કૈલાસચંદ્રજીએ ટૂંકું સ્વાગતપ્રવચન કર્યું, અને ત્યારબાદ પં. ફૂલચંદ્રજીએ સ્વાગત પ્રવચન કરતાં કહ્યું કે: આજ હમારે સૌભાગ્યકા વિષય હૈ કિ સ્વામીજી સંઘસહિત ઇસ નગરીમેં પધારે હૈં; આપકે દ્વારા બડી ધર્મપ્રભાવના હૂઈ હૈ। મુઝે ખેદ હૈ કિ કુછ અનજાન લોગ ધર્મકી પ્રભાવના કો તો ધ્યાનમેં નહિ લેતે ઔર વિના સમઝે હી વિરોધ કરતે હૈં। -આમ કહીને ગુરુદેવનું સંક્ષિપ્ત જીવન અને તેમના દ્વારા થયેલી પ્રભાવનાનો ખાસ પરિચય આપ્યો હતો, તેમજ સંઘની સાથેની મુખ્ય મુખ્ય વ્યક્તિઓ-પૂ. બેનશ્રી તથા પૂ. બેન, પ્રમુખ શ્રી રામજીભાઇ, પં૦ શ્રી હિંમતલાલભાઇ વગેરેનો પરિચય આપ્યો હતો અને છેવટે કહ્યું કે: બનારસમાં સ્વામીજીના સ્વાગતનો આ પ્રસંગ શોભાવવા માટે હમારે બન્ધુવર પં૦ કૈલાશ-ચંદ્રજીએ ખાસ પ્રયત્ન કર્યો છે, ને તેમણે અમારા બનારસની સાન જાળવી છે.

ત્યારબાદ મંગલપ્રવચનમાં "जीवो चरित्तदंसणणाणठ्ठिउ...." ઉપર બોલતાં ગુરુદેવે કહ્યું કે: સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપે પરિણમીને તેમાં જે જીવ સ્થિત છે તે સ્વસમય છે, ને તે જ મંગળરૂપ છે...વિકારમાં ટકેલો જીવ પરસમય છે. જીવની જીવનશક્તિ એવી છે કે તે પોતાના ચૈતન્યપ્રાણથી જીવે; વિકારમાં ટકીને જીવે એવો તેનો સ્વભાવ નથી; પણ પોતાના જ્ઞાન-આનંદ સ્વભાવમાં ટકીને જીવે તે તેનો સ્વભાવ છે, ને તે જ મંગલરૂપ છે.


કારણજીવ 'ત્રિકાળમંગળ' છે; ને તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રવડે જે પરમાત્મદશા પ્રગટે




બનારસ-સ્વાગત (બે સિદ્ધાંતશાસ્ત્રીઓની વચ્ચે ગુરુદેવ)



પં. ફૂલચંદજી સ્વાગત-પ્રવચન કરી રહ્યા છે.



પ્રવચનસભાનું એક દૃશ્ય : ટાઉનહોલ : બનારસ




શ્રેયાંસધામ સિંહપુરી

તે 'અપૂર્વ મંગળ' છે. આમ મંગળના આશ્રયે મંગળ પ્રગટે છે,-કારણસ્વભાવના અવલંબને મોક્ષમાર્ગ અને મોક્ષરૂપ કાર્ય થાય છે; એવું કાર્ય પ્રગટ કરીને સ્વસમયપણે જીવવું તે માંગળિક છે. આ રીતે ભગવાનના જન્મધામમાં માંગળિક કર્યું.

જેનું બીજું નામ કાશી છે એવી આ બનારસીનગરી ગંગાનદીના કાંઠે જ આવેલી છે, ને સુપાર્શ્વનાથ તથા પાર્શ્વનાથ ભગવંતોના જન્મકલ્યાણકથી તે પાવન થયેલી છે; આ ઉપરાંત ચંદ્રપ્રભુની ચંદ્રપુરી અહીંથી ચૌદેકમાઈલ દૂર છે, ને શ્રેયાંસપ્રભુની સિંહપુરી સાતેક માઈલ દૂર છે. આ રીતે બનારસનગર એકંદર ચાર ભગવંતોનું જન્મધામ છે.—ભગવંતોના જન્મધામમાં ગુરુદેવ સાથે વિચરતાં યાત્રિકોને આનંદ થયો. ગુરુદેવનું ભોજન પૂ. બેનશ્રીબેનને ત્યાં થયું; ભોજનબાદ બપોરે જન્મધામોની યાત્રા માટે ચાલ્યા. પ્રથમ ચંદ્રપુરી આવ્યા...



# ચંદ્રપુરી તીર્થધામની યાત્રા



ચંદ્રપ્રભુ ભગવાનનું જન્મધામ ચંદ્રપુરી ગંગાનદીના કિનારે છે. ગંગાને તીરે ઊંચી જગ્યા ઉપર સુંદર જિનમંદિરમાં ચંદ્રપ્રભુ ભગવાન બિરાજે છે. ગુરુદેવ સાથે યાત્રિકોએ ચંદ્રપુરીમાં ચંદ્રપ્રભુનાં દર્શન કર્યાં. અહીં ચંદ્રપ્રભુના ચરણકમળ પણ છે, તેનાં પણ દર્શન કરીને, સૌએ અર્ઘ ચડાવ્યોઃ

અતિશય ક્ષેત્ર સુચંદ્રપુરી જહાં ચંદ્રપ્રભુ અવતારી
દીજે શિવસુખ નાથ હમેં પ્રભુ દુઃખ ભવોદધિ હારી...

અર્ઘ ચડાવ્યા બાદ ગુરુદેવે ચંદ્રપ્રભુની ભક્તિ કરાવી. લગભગ દરેક તીર્થધામમાં ગુરુદેવ ભક્તિ કરાવતા તેથી ભક્તોને બહુ આનંદ થતો. ગુરુદેવની ભક્તિ બાદ ગંગાતીરે એ જન્મધામમાં પૂ. બેનશ્રીબેને ભગવાનના જન્મની વધાઈ ગવડાવી.

આજ તો વધાઈ રાજા ચંદ્રસેન દરબારજી...
ચંદ્રસેન દરબાર...રાજા...ચંદ્રસેન દરબારજી...આજ તો વધાઈ૦

વિમલા દેવી બેટો જાયો ..જાયો ચંદ્રકુમારજી ..
દેવ–દેવેન્દ્રે ઉત્સવ કિનો, ઘરઘર મંગલાચારજી...આજ તો વધાઈ૦


ઠાંસોઠાસ ભરેલા ચંદ્રપ્રભુના દરબારમાં ભક્તજનો ઘણા આનંદપૂર્વક ભગવાનના જન્મની વધાઈ ઝીલી રહ્યા હતા. બનારસથી ૧૪ માઈલ દૂર આ ચંદ્રપુરી અત્યારે તદ્દન ગામડા જેવી દશામાં છે, પણ મંદિરનું સ્થાન બહુ રળિયામણું અને શાંત છે; ગંગાકિનારે જન્મધામનું દૃશ્ય ભક્તોને પ્રસન્નતા ઉપજાવે છે. તે સ્થાન જોતાં જ એમ થાય છે કે વાહ! કેવી સરસ ભૂમિ છે! ભગવાન નાના હશે ત્યારે અહીં રમતા હશે ને આ ગંગા નદીમાં નહાતા હશે...અને તેથી જ આ ગંગાનદી તીર્થ કહેવાણી હશે. ભગવાનના ચરણપ્રતાપે આ સ્થાન અત્યારે પણ શોભીતું લાગે છે. આવા કલ્યાણકધામની ગુરુદેવ સાથે વંદના કરી. ભગવાનના જન્મકલ્યાણકધામ તરીકે આપણી યાત્રામાં આ ચોથા તીર્થની વંદના થઇ, અને એકંદરે આ અગિયારમા તીર્થધામની વંદના થઈ. એ રીતે ચંદ્રપ્રભુ ભગવાનના જન્મધામની યાત્રા કરીને જયજયકાર કરતા સિંહપુરી તરફ ચાલ્યા.

ચંદ્રપુરી તીર્થધામમાં બિરાજમાન ચંદ્રપ્રભુને નમસ્કાર.
ચંદ્રપુરી તીર્થની યાત્રા કરાવનાર કહાનગુરુદેવને નમસ્કાર.

卐



# સિંહપુરી તીર્થધામની યાત્રા



શ્રેયાંસનાથ પ્રભુની જન્મભૂમિ સિંહપુરી બનારસથી સાતેક માઈલ દૂર છે. આ સિંહપુરીમાં શ્રેયાંસનાથ પ્રભુનું સુંદર જિનમંદિર છે; તેમાં પ્રવેશીને ભગવાનને નીહાળતાં જ હૃદયમાં શાંતિના શેરડા પડે છે....અહા, કેવું સરસ શાંતિનું ધામ!! શ્રેયાંસપ્રભુની મુદ્રા બહુ જ ભાવભાહિની છે, નયનોમાંથી તો જાણે શાંતરસ નીતરી રહ્યો છે. આવું શાંતિધામ નીરખીને ગુરુદેવને ઘણી પ્રસન્નતા થઈ, ને ઘણા ભાવપૂર્વક જન્મધામમાં બિરાજમાન શ્રેયાંસપ્રભુના દર્શન કરીને સેંકડો યાત્રિકો સહિત ગુરુદેવે અર્ઘ ચડાવ્યો....ત્યારબાદ પૂ. બેનશ્રીબેને ભક્તિ કરાવી. ગુરુદેવ સાથે તીર્થોની વંદના અને ભક્તિ કરતાં યાત્રિકોને અદ્ભુત ઉલ્લાસ

આવતો. કોઈ કોઈ વાર તો ભક્તિ વગેરેના એવા અદ્ભુત પ્રસંગો બનતાં કે જોનારને આશ્ચર્ય થતું. અહીં ભક્તોએ વિનતિ કરતાં ગુરુદેવે પણ એક ભજન ગવડાવ્યું હતું, ગુરુદેવ ભાવભીના ચિત્તે પોતની મીઠી મધુર હલકથી ભજન બોલતા....ને ભક્તો ઉમંગપૂર્વક તે ઝીલતા હતા, તે વખતે કોઈ કોઇ ભક્તો ભક્તિના ઉમંગથી ભગવાનને ચામર પણ ઢાળતા હતા. આ ઉપરાંત—

મૈં તેરે ઢીગ આયા રે....શ્રેયાંસપ્રભુ ઢીગ આયા..
હાંજી રટતા રટતા આયા રે....કહાનગુરુ સાથ આયા..

—ઇત્યાદિ ભક્તિ પણ થઈ હતી. આ રીતે ગુરુદેવ સાથે શ્રેયાંસનાથ પ્રભુનું ઘણા સરસ શાંત વાતાવરણવાળું જન્મધામ જોઇને અને ભક્તિ કરીને ભક્તોનું હૃદય તૃપ્ત થયું, ને જય જયકારપૂર્વક સિંહપુરી તીર્થધામની યાત્રા પૂરી થઈ. [ આ રીતે અત્યાર સુધીમાં ( ૬૮ દિવસોમાં ) એકંદર ૮ સિદ્ધક્ષેત્રોની અને ૫ જન્મકલ્યાણક તીર્થધામોની મંગલયાત્રા ગુરુદેવે કરાવી. કુલ ૯ ભગવંતોના જન્મધામ આપણે જોયા; અને કુલ બાર તીર્થોની મંગલ યાત્રા ગુરુદેવ સાથે થઇ. ]*

**સિંહપુરી તીર્થધામમાં બિરાજમાન શ્રેયાંસનાથ ભગવાનને નમસ્કાર હો.**
**સિંહપુરી તીર્થધામની યાત્રા કરાવનાર ગુરુદેવને નમસ્કાર હો.**

卐

શ્રેયાંસપ્રભુના જન્મધામની યાત્રા કરીને ગુરુદેવ સાથે યાત્રિકો બહાર આવ્યા. અહીં દિ. જૈનમંદિરની સામેના ભાગમાં નજીકમાં બૌદ્ધોનો સારનાથસ્તૂપ તથા બૌદ્ધમંદિર વગેરે છે, તેનું પણ અવલોકન કર્યું. તે વખતે અહીં કેટલાક યુરોપીઅન મુસાફરો પણ આવેલા, ગુરુદેવનો અતિશય પ્રભાવ અને અધ્યાત્મતેજથી સુશોભિત તેમની મુદ્રા દેખીને તે યુરોપીય-નોને પણ એમ થઇ ગયું કે ' અહા ! મારા દેશના લોકો પણ ભારતના આવા મહાન સંતનાં દર્શન કરે. ' આ રીતે પોતાના દેશના લોકોને દર્શન કરાવવા માટે તેણે ગુરુદેવની ફિલ્મ ઉતારી લીધી; અને એ ગુરુદેવની ફિલ્મ ઉતારનારની ફિલ્મ આપણે ઉતારી લીધી. જેમ આપણી યાત્રાની ફિલ્મ જોતાં આપણને તે યુરોપીઅનભાઈ દેખાય છે, તેમ તેણે

* આઠ સિદ્ધક્ષેત્ર : ગજપંથા માંગીતુંગી, બડવાની, પાવાગીર-ઉન, સિદ્ધવરકૂટ, સોનાગિર, શૌરીપુર, મથુરા.
પાંચ જન્મકલ્યાણકધામ : શૌરીપુર, રત્નપુરી, અયોધ્યા, ચંદ્રપુરી, સિંહપુરી.

ઉતારેલી ફિલ્મ યુરોપ વગેરેમાં જ્યાં જ્યાં જોવાતી હશે ત્યાં ત્યાં તેમાં ભારતના મહાન સંતોનાં દર્શનથી યુરોપીઅન લોકો ખુશી થતા હશે. અહીં બૌદ્ધમંદિરના ઘંટનો અવાજ જોકે મધુર હતો તોપણ કલ્યાણવર્ષિણીના સુમધુર સૂરની તુલનામાં તે ન આવી શકે.-ક્યાંથી આવે? -કેમ કે તે ઘંટને ક્યાં કલ્યાણ વર્ષાવનારા સંતોનો સુયોગ મળ્યો હતો? -ત્યારે આ કલ્યાણવર્ષિણીને તો ખરેખર કલ્યાણ વર્ષાવનારા સંતનો સુયોગ સાંપડ્યો હતો,—એટલે તે તો ગુરુદેવની કલ્યાણકારિણી મધુર વાણીની નકલ કરતાં શીખી ગઇ હતી.

બૌદ્ધમંદિર બાદ સારનાથનું મ્યુઝીયમ જોવા ગયેલા, પરંતુ તેમાં સાર જેવું નહિ લાગવાથી કલ્યાણવર્ષિણી તો ગુરુદેવને લઇને ઝટઝટ બનારસ પહોંચી ગઇ. કલ્યાણકારી એવા શ્રી જિનેન્દ્ર ભગવાન જ્યાં ન બિરાજતા હોય ત્યાં કલ્યાણવર્ષિણીને કેમ ગમે? (ન જ ગમે.) એટલે એવા સ્થાનેથી તો તે તરત જ ભાગતી; કલ્યાણવાર્ષણી જતાં તેની પાછળ સંઘની બધી મોટરો પણ સડસડાટ કરતી ચાલી જતી... કેમકે 'કલ્યાણવર્ષિણી' તો સંઘની બધી મોટરોના 'એન્જીન' જેવી હતી.

કલ્યાણવર્ષિણીમાં બેસીને ભગવાનના કલ્યાણકધામની યાત્રા કરી આવ્યા બાદ કલ્યાણનો ઉપાય દર્શાવતાં રાત્રિચર્ચામાં ગુરુદેવે કહ્યું કે 'ભૂતાર્થ સ્વભાવનો આશ્રય કરવો તે જ કલ્યાણનો ઉપાય છે.' રાત્રિચર્ચા શહેરના ટાઉન હોલમાં થતી, ને કાશીના અનેક પંડિતો ઉપરાંત બીજા ઘણા માણસો તત્ત્વચર્ચામાં રસ લેતા હતા; ને અધ્યાત્મની સૂક્ષ્મચર્ચા સાંભળીને પ્રમોદિત થતા હતા.

❁

આ કાશીનગરીમાં ગુરુદેવ સંઘસહિત બે દિવસ રહ્યા હતા. ગુરુદેવની નીકટમાં જ ઉતારો હોવાથી ભક્તજનોને સવારમાં ઊઠતાંવેંત ગુરુદેવના દર્શન થતાં આનંદ થતો હતો; ને વારંવાર ગુરુદેવના ચરણોમાં જઇને યાત્રાનો ઉમંગ વ્યક્ત કરતા હતા.

બીજે દિવસે (માહ વદ ૯ના રોજ) સવારમાં ગુરુદેવ રત્નપ્રતિમાના દર્શને પધાર્યા. રેવાબાઇની ધર્મશાળા સામે ભાટ ગલ્લીમાં ધર્મચંદ ઝવેરીના મકાનમાં ત્રીજા માળે ઘરચૈત્યમાં પાર્શ્વપ્રભુના સુંદર રત્નપ્રતિમા છે; ભક્તજનો સહિત ગુરુદેવે ભાવપૂર્વક એ રત્નપ્રતિમાને અર્ઘ ચડાવ્યો, એ રત્નપ્રતિમાની મુદ્રામાં ઝલકતી રત્નત્રયની પ્રભાને ફરીફરીને નીહાળી. આ રીતે બનારસમાં જન્મેલા પાર્શ્વનાથ ભગવાનના રત્નપ્રતિમાના ગુરુદેવ સાથે દર્શન થતાં સૌને આનંદ થયો; ને દર્શન કર્યા બાદ રસ્તામાં ભક્તિ કરતાં કરતાં સૌ બીજા મંદિર તરફ ચાલ્યા—

જય પારસ જય પારસ જય પારસ દેવા,
બનારસીમેં જન્મ લિયા પ્રભુ હો દેવન કે દેવા...જય૦
બનારસીમેં ગુરુજી સાથે દર્શન તારાં કીધાં,
ગુરુવર સાથે જન્મભૂમિમાં પાર્શ્વપ્રભુજી દીઠાં...જય૦
રત્નત્રયના ધારક એવા રત્નપ્રતિમા સોહે,
ગુરુદેવ સાથે જાત્રા કરતાં ભક્તો જય જય બોલે...જય૦

મહાન કાશીનગરીની સાંકડી ગલ્લીઓમાં ગુરુદેવની સાથે સાથે ભક્તોની લાંબી વણ-ઝાર ભક્તિ કરતી કરતી ચાલી જતી હતી, એ દેખાવ સરસ હતો. ત્યારબાદ પંચાયતી મંદિરના દર્શન કરીને, સૌ યાત્રિકો પાર્શ્વનાથપ્રભુની જન્મભૂમિના દર્શને ચાલ્યા.

## પાર્શ્વ-જન્મધામની યાત્રા

બનારસમાં જ ભેલુપુરમાં પાર્શ્વનાથભગવાનનું જન્મધામ છે. ગુરુદેવ તો ઝડપથી ત્યાં પહોંચી ગયા, ને બીજા યાત્રિકો પણ રીક્ષામાં બેસી બેસીને ત્યાં જવા લાગ્યા. સેંકડો રીક્ષાઓ દોડાદોડ કરતી ભગવાનના જન્મધામ તરફ જઇ રહી હતી. ઘણી રીક્ષાઓ તો એવી ઝડપથી દોડી કે 'કલ્યાણવર્ષિણી'ની સાથે જ પહોંચી ગઈ.

અહીં ભેલુપુરમાં કુલ ત્રણ મંદિરો છે; તેમાંના બે દિગંબર જૈનોના છે, ને એક શ્વેતાંબર-દિગંબરોનું સંયુક્ત છે. પહેલા એક મંદિરમાં પાર્શ્વનાથપ્રભુના દર્શન કર્યા, તેમાં ધરણેન્દ્ર અને પદ્માવતીદેવી, ઉપસર્ગ વખતે પાર્શ્વનાથપ્રભુની સેવા કરી રહ્યા છે,—કમઠના ઘોર ઉપસર્ગ વખતે, નીચે હજાર પાંખડીનું કમળ ને ઉપર હજાર ફેણનું છત્ર ધરીને ભગવાનને જળથી તદ્દન અલિપ્ત રાખે છે,—એ ભક્તિભીના દૃશ્યમાં પાર્શ્વનાથપ્રભુના દર્શન કરીને સૌ બાજુના મંદિરમાં આવ્યા. આ મંદિર દિગંબર-શ્વેતાંબર બંનેનું ભેગું છે, ને એક જ વેદી ઉપર બંનેના અલગ અલગ પ્રતિમાઓ બિરાજમાન છે. વેદીની પાછળના ભાગમાં પાર્શ્વનાથપ્રભુના ચરણકમળ છે. અહીં પાર્શ્વનાથ ભગવાનનું જન્મધામ ગણાય છે. ભગવાનના જન્મધામમાં, ભગવાનના દર્શન કરતાં સૌને ઘણો આનંદ થયો. જોકે આ

મંદિરમાં મિશ્ર-પરિસ્થિતિ હતી તોપણ "આપણા ભગવાન આ રહ્યા" એવા ભાવથી સૌ ભક્તો વીતરાગી પાર્શ્વપ્રભુને ભેટયા....અર્ઘ ચડાવ્યો...ને પછી પૂ. બેનશ્રી-બેને પાર્શ્વપ્રભુની ભક્તિ કરાવી—

પાર્શ્વ જિણંદને પ્રીતથી નિત્ય વંદું...
હાંરે નિત્ય વંદું રે...નિત્ય વંદું...
હાંરે કીધાં પાપ તે સર્વ નિકંદું,
હાંરે કરી દરિશણ આજ.......પાર્શ્વ...

બનારસી નગરી અતિ મનોહારી,
હાંરે સહુ જનને અતિ સુખકારી,
હાંરે અશ્વસેનરાય ઘરનારી,
હાંરે વામા દેવીના નંદ...પાર્શ્વ...

પાર્શ્વપ્રભુના જન્મધામથી પાવન પ્રસિદ્ધ કાશીતીર્થનું નામ ઘણા વખતથી સાંભળતા, ને તેને યાદ કરી કરીને ભક્તિ કરતા હતા; આજે ગુરુદેવ સાથે આ કાશી તીર્થધામ નજરે નીહાળતાં, ને એ તીર્થધામમાં પાર્શ્વપ્રભુનું ભજન કરતાં, ભક્તોની ઘણા વખતની ભાવના પૂરી થઇ, તેથી સૌને ઘણો આનંદ થયો. ગુરુદેવ પણ કાશીનગરીને ભાવપૂર્વક નીહાળતા હતા...પં. કૈલાસચંદ્રજી સાથે ને સાથે રહીને બધું બતાવતા હતા...અને ગુરુદેવનો તથા યાત્રિકસંઘનો અંતરનો આવો ભક્તિભાવ જોઇને તેઓ આશ્ચર્ય પામતા.

કાશીનગરીના ભેલુપુરમાં પાર્શ્વનાથ પ્રભુ સન્મુખ ભક્તોની ભીડ જામી છે, આખું મંદિર ચિક્કાર ભરાઈ ગયું છે ને ભક્તિ ચાલી રહી છે—

જય પારસ જય પારસ જય પારસ દેવા...જય૦
માતા તેરી વામાદેવી પિતા અશ્વસેના...
કાશીજીમેં જન્મ લીયા પ્રભુ હો દેવન કે દેવા...જય૦

ભગવાનના જન્મધામમાં સેંકડો ભક્તોએ ઊભાઊભા થનથન કરતાં ખૂબજ ભક્તિ કરી. "બનારસીમેં જન્મ લીયા...પ્રભુ..." એ ધૂન સોનગઢમાં તો ઘણા વખતથી બોલતા, ને તે વખતે પાર્શ્વભગવાનની બનારસીનગરી જોવાને માટે ભક્તોનું હૈયું તલસતું હતું;—આજે ગુરુદેવની સાથે બનારસીનગરીમાં પાર્શ્વપ્રભુની જન્મભૂમિ જોતાં એ ભક્તોના હૃદયની ઝંખના પૂરી થઇ...ને ભક્તોએ ધરાઈ ધરાઈને ભક્તિ કરી. અનેક ભક્તો તો ભક્તિ કરતાં કરતાં

નાચી ઊઠયા...જાત્રામાં દર્શનાદિ બાદ જયાં સુધી છેલ્લી ખાસ ધૂન ન થાય ત્યાંસુધી જાત્રાનો કાર્યક્રમ અધૂરો જ ગણાતો...પૂ. બેનશ્રી-બેનની જોસદાર ધૂન પછી ગગનભેદી જયકારપૂર્વક યાત્રાનો કાર્યક્રમ પૂરો થતો.

પાર્શ્વપ્રભુની ભક્તિની જોસદાર ધૂન પૂરી થતાં તે વેદીની પાછળના ભાગમાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથપ્રભુના પાવન ચરણપાદુકાના દર્શન કરીને, ભાવપૂર્વક સૌ ભગવાનના ચરણોને ભેટયા...અને પ્રાર્થના કરી : "હે નાથ ! આ ભવસમુદ્રમાં ડુબતા જીવોને ઊગરવા માટે તારા પાવન ચરણોનું જ અવલંબન છે, તારા આ ચરણો પકડીને તેના અવલંબને અમે આ ભવસમુદ્રને તરી જશું."

આ રીતે ભેલુપુરમાં પાર્શ્વપ્રભુના બીજા જિનમંદિરમાં દર્શન-ભક્તિ કરીને, બાજુના ત્રીજા મંદિરમાં સૌએ દર્શન કર્યા. આ મંદિરમાં ત્રણ વેદી છે, તેના ઉપર બિરાજમાન પાર્શ્વનાથાદિ જિનેન્દ્ર ભગવંતોના દર્શન કરીને ગુરુદેવ સહિત સૌ યાત્રિકોએ અર્ઘ ચડાવ્યો,—ને પછી પાર્શ્વનાથપ્રભુનો જયજયકાર કરતા ને યાત્રાનો આનંદ વ્યકત કરતા સૌ ધર્મશાળા તરફ આવ્યા. આ રીતે પૂ. ગુરુદેવની સાથેની આ "મંગલયાત્રા"માં છઠ્ઠા કલ્યાણકધામની યાત્રા થઇ.

બનારસ તીર્થધામમાં બિરાજમાન પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર હો.
પાર્શ્વનાથ જન્મધામની યાત્રા કરાવનાર ગુરુદેવને નમસ્કાર હો.

卐

ભેલુપુરમાં ભગવાનના જન્મધામ પાસે અનેક મોટરો અને સેંકડો રીક્ષાઓની ભીડ જામી હતી, અને ગામોગામના ભક્તજનો આવીને ભગવાનના જન્મધામનું અભિનંદન કરતા હતા, તેથી આખી નગરીમાં આનંદનું વાતાવરણ જામી ગયું હતું. ભગવાનના જન્મપ્રસંગે જેમ આખા વિશ્વમાં આનંદ છવાઇ જાય છે, તેમ અહીં ભગવાનના જન્મ-ધામની જાત્રાના પ્રસંગે ગુરુદેવ પધારવાથી આખી નગરીમાં આનંદ છવાઈ ગયો હતો અને આ રીતે તીર્થંકરોના કલ્યાણકારી શાસનનો પ્રભાવ હજી આ ભારતમાં ગુરુદેવના પ્રતાપે કેવો વર્તી રહ્યો છે—તે પ્રગટ દેખાતું હતું.



# સુપાર્શ્વ–જન્મધામની યાત્રા

બનારસી નગરીમાં પૂ. શ્રી કાનજી સ્વામી દિ. જૈન તીર્થયાત્રાસંઘનું માહ વદ ૯ ના રોજનું આ વર્ણન ચાલી રહ્યું છે. સવારે પ્રાર્શ્વપ્રભુના જન્મધામની યાત્રા પછી ભોજનાદિ બાદ ગુરુદેવ ગંગાકિનારે "સ્યાદ્વાદ મહાવિદ્યાલય"માં પધાર્યા; સુપાર્શ્વનાથ ભગવાનનું જન્મધામ પણ અહીં જ છે. ગુરુદેવની સાથે સાથે સેંકડો ભક્તોની હારમાળા પણ ચાલી. સૌથી આગળ સારેગમના સુંદર સૂરવડે સુપાર્શ્વપ્રભુની સ્તુતિ બોલતી ગુરુદેવની કલ્યાણવર્ષિણી શોભતી હતી, તેની પાછળ બીજી અનેક મોટરો, અને રીક્ષાઓનું લાંબુ લંગર, ને તેમાં સૌથી પહેલી રીક્ષામાં પૂ. બેનશ્રીબેન, આવું યાત્રાસરઘસ જ્યાં જ્યાંથી પસાર થતું ત્યાં સેંકડો નગરજનો આશ્ચર્યથી જોઈ રહેતા... અને "શું છે... શું છે..." એમ પૂછતા ત્યારે યાત્રિકો હર્ષથી જવાબ દેતા કે "સોનગઢસે કાનજી સ્વામીકા સંઘ આયા હૈ... ઔર ભગવાનકે જન્મધામમેં જા રહા હૈ."–એ સાંભળીને નગરજનો પણ આનંદિત થતા.

આમ નગરમાં આનંદનું વાતાવરણ ફેલાવતું ફેલાવતું યાત્રાસરઘસ ગંગાનદીના ભદૈની ઘાટ ઉપર આવી પહોંચ્યું. "સ્યાદ્વાદ મહાવિદ્યાલય" અને સુપાર્શ્વપ્રભુનું જન્મધામ–આ ભદૈનીઘાટ ઉપર જ આવેલું છે. ગુરુદેવ પધારતાં વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પુષ્પવૃષ્ટિ દ્વારા સ્વાગત કર્યું. ઉપરથી પુષ્પવૃષ્ટિનું સુંદર દશ્ય એવું શોભતું હતું-જાણે કે અત્યારે જ સુપાર્શ્વ–પ્રભુનો જન્મકલ્યાણક ઊજવાતો હોય ને આકાશમાંથી દેવો રત્નવૃષ્ટિ કરતા હોય. અહીં ગંગાકિનારે ભદૈનીઘાટ ઉપર બે જિનમંદિરો છે, એક વિદ્યાલયની બહારના ભાગમાં છે, ને બીજું વિદ્યાલયની અંદર ભોંયરામાં છે. પહેલાં બહારના મંદિરના દર્શન કરીને વિદ્યાલયમાં આવ્યા. અહીં જન્મધામમાં સુપાર્શ્વનાથ વગેરે ભગવંતો બિરાજે છે; ઘણા ભાવથી તેમના દર્શન કરીને સૌએ અર્ઘ ચડાવ્યો. અહા! સંતોની સાથે આ જન્મધામની જાત્રાથી સૌને આનંદ થયો...ભગવાનના જન્મધામને લીધે અહીંથી વહેતી ગંગાનદી પણ કેવી સુશોભિત ભાસે છે! ગંગાનદી દૂરદૂરથી કલ્લોલો ઊછાળતી ભગવાનના ચરણોને ભેટવા માટે દોડી આવે છે, ને સુપાર્શ્વપ્રભુના ચરણોની સમીપતા પામીને ગૌરવવંતી બની જાય છે. અહા, જે સુપાર્શ્વપ્રભુના ચરણોની સમીપતાના પ્રભાવે ગંગાનું જળ પણ લોકોમાં પવિત્ર મનાયું, તે સુપાર્શ્વપ્રભુના ચરણોની પવિત્રતાની શી વાત!! ગંગાકિનારે પવિત્ર જન્મધામમાં ભક્તિ

માટે ભક્તોની મોટી ભીડ જામી હતી. દર્શન-પૂજન બાદ પૂ. બેનશ્રી-બેને ઘણા ભાવથી આ તીર્થનું સ્તવન ગવડાવ્યું—

**જય સુપાર્શ્વ પ્રભો...... સ્વામી જય સુપાર્શ્વ પ્રભો...**

**બનારસીમેં જન્મ લિયા પ્રભુ હો તારક દેવા...ૐ જય સુપાર્શ્વ પ્રભો.**

**ધન્ય પિતા ધન્ય માત પ્રભુના, ધન્ય ત્રિભુવન સ્વામી...અહો, ધન્ય ત્રિભુવન સ્વામી,**

**પાવન મંગળકારી બનારસી (૨) જનમ્યા જગનામી...ૐ જય સુપાર્શ્વ પ્રભો.**

**જન્મકલ્યાણક સુરપતિ ઊજવે...માત પિતા દ્વારે...અહો ! માત પિતા દ્વારે,**

**(જન્મકલ્યાણક સુરપતિ ઊજવે... ઊતરે ભરત મોઝાર.... અહો, ઊતરે ભરત મોઝાર)**

**જન્મોત્સવને સ્મરણ કરતાં, આનંદ અપરંપાર......ૐ જય સુપાર્શ્વ પ્રભો.**

**મહાપ્રસંગને સ્મરણ કરતાં, આનંદ અપરંપાર......ૐ જય સુપાર્શ્વ પ્રભો.**

**શ્રી ગુરુવર સંગે દર્શન કરતાં હર્ષતણો નહિ પાર.....સ્વામી હર્ષતણો નહિ પાર,**

**નિશદિન ગુરુવર સંગે રહીએ, એ જ અરજ દિનરાત...ૐ જય સુપાર્શ્વ પ્રભો.**

સુપાર્શ્વપ્રભુના જન્મધામમાં આનંદભર્યા વાતાવરણ વચ્ચે અનેક સ્તવનોથી બહુ ઉલ્લાસપૂર્વક ભક્તિ થઈ. વચ્ચે વચ્ચે ગુરુદેવ પણ જાત્રાનો હર્ષ અને પ્રસન્નતા વ્યક્ત કરતા હતા. આજની ભક્તિ વખતે ખૂબ આનંદનું વાતાવરણ હતું. અદ્‌ભુત ભક્તિપૂર્વક ગુરુદેવ સાથે યાત્રા કરતાં સૌને ઘણો આનંદ થયો: આ રીતે ઉલ્લાસપૂર્વક જન્મકલ્યાણકધામમાં ભક્તિ કરીને, સૌ સુપાર્શ્વપ્રભુનો જયજયકાર કરતાં, ભોંયરામાંથી ઉપર સ્યાદ્‌વાદવિદ્યાલયના મુખ્ય હોલમાં આવ્યા,—જાણે ભક્તિગૂફામાંથી નીકળીને જ્ઞાનપર્વત ઉપર આવ્યા. આ રીતે સુપાર્શ્વનાથપ્રભુના જન્મકલ્યાણકધામની યાત્રા પૂર્ણ થઈ. આપણી તીર્થયાત્રામાં આ છઠ્ઠું કલ્યાણકધામ હતું; અને અત્યારસુધીમાં કુલ તેર તીર્થધામોની યાત્રા થઈ.

**બનારસ તીર્થધામમાં બિરાજમાન સુપાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર હો.**

**સુપાર્શ્વનાથ જન્મધામની યાત્રા કરાવનાર ગુરુદેવને નમસ્કાર હો.**



સુપાર્શ્વનાથપ્રભુના જન્મધામની યાત્રા પૂરી થતાં, સ્યાદ્વાદમહાવિદ્યાલયનું વાર્ષિક અધિવેશન શરૂ થયું...ગુરુદેવના સન્માન નિમિતે તેમની છત્રછાયામાં જ આ અધિવેશન યોજવામાં આવ્યું હતું. કાશીનું આ સ્યાદ્વાદ વિદ્યાલય એ દિ. જૈનસમાજની બાવન વર્ષ જુની વિદ્યાસંસ્થા છે, અનેક વિદ્વાનો તેમાં ભણેલા છે. શ્રી કૈલાસચંદ્રજી સિદ્ધાંતશાસ્ત્રી તેના પ્રધાન-અધ્યાપક છે. વિદ્યાલયના મુખ્ય હોલમાં અધિવેશન થયું હતું. આ હોલની દિવાલો ઉપર, માનતુંગસ્વામીના ભક્તામરસ્તોત્રની ૪૮ કડી સંબંધી ૪૮ ચિત્રો ભાવવાહી અને સુશોભિત છે. યાત્રાસંઘ સહિત ગુરુદેવ અહીં પધારતાં અધ્યાપકોએ તેમજ સ્નાતકોએ હર્ષપૂર્વક સ્વાગત કર્યું હતું; અને સ્વાગતપ્રવચન કરતાં પં. કૈલાસચંદ્રજીએ કહ્યું હતું કે : पूज्य स्वामीजी सौराष्ट्रमेंसे इस तरफ पहलीवार पधार रहे है-यह जब से सुना तबसे हमारे हर्षका पार नहीं था। और आज हमारे विद्यालयमें आपको बिराजमान देखकर हमें और भी विशेष हर्ष हो रहा है। यह वही पावन नगरी है जिस नगरीमें श्री पार्श्व-सुपार्श्व तीर्थंकरोंने जन्म लिया है। गंगाके तीर पर इस विद्यालयमें ही सुपार्श्वप्रभुका जन्मधाम है। ५२ वर्ष पहले स्थापित इस विद्यालयमें ७ अध्यापक है, ५५ विद्यार्थी है, ३०००) रु. मासीक खर्च है। और भारतकी सबसे बडी संस्कृत कोलेज जोकि काशीमें है-उसके साथ इस विद्यालयका सम्बन्ध है, उत्तर भारतका यह एक आदर्श विद्यालय है। हमारे इस विद्यालयमें भारतके अनेक राजनैतिक नेता (गांधीजी वगैरह) तथा धार्मिक नेता आ गये है, लेकिन अबतक ये महाराजजीका आगमन नहीं हुआ था। वे भी आज पधारनेसे हमको बडी प्रसन्नता हो रही है। और हम महाराजजी के साथ साथ संघके सभी सदस्योंका भी हार्दिक स्वागत करते हैं।

ત્યારબાદ શ્રી પંડિત ફૂલચંદ્રજી સિદ્ધાંતશાસ્ત્રીએ પણ ભાવભીનું સ્વાગત કરતાં કહ્યું: हमारे बडे सौभाग्य है कि आज एक बडे आध्यात्मिक सन्त हमारे विद्यालयमें पधारे है। जैसे यहांपर गंगाका प्रवाह बह रहा है वैसे ही अभी आप यहांपर स्वामीजीके मुखसे अध्यात्मगंगाका प्रवाह बहता हुआ देखेंगे। ત્યારબાદ ગુરુદેવનું સંક્ષિપ્ત જીવનચરિત્ર દર્શાવીને પંડિતજીએ કહ્યું કે: स्वामीजीने समयसार अपने जीवनमें उतार दिया है, यहांके लोगोंने स्वामीजीका प्रवचन सूना और आंखें खूल गई। लोगों व्यामोहमें पड गये है कि यह क्या कहते है। आप सम्यक्त्वके उपर ही भार देते है, क्योंकि वही तो दुर्लभ है। तीन लोकमें अनंतानंत जीव हैं, उसमें त्रसजीव असंख्यात ही हैं, उसमें भी पंचेन्द्रिय कम हैं, और पंचेन्द्रियोंमें भी सम्यग्द्रष्टि तो पल्यके असंख्यातवें भाग प्रमाण ही हैं, इस तरह संसारमें सम्यक्त्व अतीव दुर्लभ है। सम्यक्त्वकी तो क्या बात, सम्यक्त्व न हो

लेकिन भद्र हो—सम्यक्त्वकी बात आदरपूर्वक सुनता हो—तो वह भी सुमार्गशाली हैं, क्योंकि यथार्थ देशनालब्धि भी बहुत महत्वकी है। ऐसी देशनालब्धि जहां मिलती है वहांतक जो भाई-बहन पहूंचे है वे भी अभिनंदनीय है।

આગળ જતાં તેમણે કહ્યું: स्वामीजी ५०० भक्तोंकी मंडलीके साथ यहां पधारे है, उनका कितना धर्मप्रेम है ! कितना विश्वास है ! कितनी श्रद्धा है ! यही मैं तो देख रहा हूं. मेरी सात सालकी लडकी जो कि स्कुल जाती थी, एकबार मैंने उससे पूंछा: बेटी, तुझको किसने बनाई ? वह बोली 'इश्वरने मुझे बनायी' यह सुनतेही मेरा मस्तक चक्करमें पड गया—मेरे हृदयमें चोट लग गई: अरे ! कहां तो जैनधर्मकी संस्कृति ! और कहां ये इश्वर-कर्तृत्वके संस्कार ! बस, तभी से जैन संस्कृतिके प्रचारकी मुझे धून लगी थी। और आज स्वामीजीके सान्निध्यमें इस स्याद्वाद महाविद्यालयका सुवर्ण अवसर देखकर मुझे प्रसन्नता हो रही है। अब इस अधिवेशनके उपलक्षमें विद्यालयमें ही स्वामीजीका प्रवचन होगा।

પં. ફૂલચંદ્રજીના ઉપરોક્ત ભાષણ બાદ ઉપસભાપતિ તથા મંત્રીજીએ ગુરુદેવના ચરણસમીપે માળા અર્પણ કરતાં કહ્યું: हम पू. गुरुदेवको माला अर्पण करके आपका सन्मान करते है, और संघके प्रमुखश्री तथा मंत्रीजीको भी माला अर्पण करके सारे संघका हम विद्यालयमें स्वागत करते हैं।—આ પ્રમાણે કાશીનગરીમાં ગંગાકિનારે સ્યાદ્વાદ—મહાવિદ્યાલયના અધિવેશનમાં સ્વાગતવિધિ થયા બાદ પૂ. ગુરુદેવનું પ્રવચન શરૂ થયું.

સમયસારની ૧૧મી ગાથા ઉપર પ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું: "જગતમાં સ્યાદ્વાદ તે મહાવિદ્યા છે, તે સ્યાદ્વાદ વિદ્યાવડે એટલે કે ભાવશ્રુત જ્ઞાનવડે અંતરમાં ભૂતાર્થસ્વભાવનો આશ્રય કરવો તે મુક્તિનું કારણ છે. ભૂતાર્થસ્વભાવની વિદ્યા વગર સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર થતું નથી; માટે શુદ્ધ સ્વભાવનો આશ્રય કરવો ને રાગાદિનો આશ્રય છોડવો તે સ્યાદ્વાદ વિદ્યાનું તાત્પર્ય છે. આ રીતે સમ્યગ્જ્ઞાનરૂપી મહા-સ્યાદ્વાદ વિદ્યાનો ઉપાય કહ્યો; આવી સ્યાદ્વાદ વિદ્યા તે જ મોક્ષનું કારણ છે: "सा विद्या या विमुक्तये" તે આ જ વિદ્યા છે."

અહા, સ્યાદ્વાદ વિદ્યાલયમાં ગુરુદેવના શ્રીમુખથી જ્યાં શ્રુતગંગા વહેવા માંડી ત્યાં તો ગંગાનદી બિચારી શરમાઈને દૂર દૂર ભાગવા માંડી. 'અહા, આ અધ્યાત્મ-ગંગાના પાવન પ્રવાહ પાસે મારા જડ પ્રવાહની શી ગણતરી છે? આ શ્રુતગંગાનું જળ તો જીવોના અજ્ઞાનમળને ધોઈ નાંખે છે,—ત્યારે હું તો પોતે અજ્ઞાનમય જળથી ભરેલી છું, તો મારામાં અજ્ઞાનમળને ધોવાની તાકાત ક્યાંથી હોય!!"—આમ વિચારતી બિચારી ગંગાનદી,

સુપાર્શ્વપ્રભુના ચરણે નમીને નીચે ચાલી ગઇ. ગંગાતીરે "સ્યાદ્વાદવિદ્યાલય" માં ગુરુદેવે સ્યાદ્વાદવિદ્યાની ગંગા વહેવડાવી. લોકો કહે છે કે ગંગાજળમાં સ્નાન કરવાથી જીવોનાં પાપ ધોવાઇ જાય છે,—એ વાત તો સાચી, પણ એ ગંગા કઇ? ગુરુદેવના પ્રવચન વખતે બંને ગંગા અહીં એક સાથે ચાલી રહી હતી, ઉપર તો સ્યાદ્વાદ-વિદ્યાના પ્રવાહથી ભરેલી શ્રુતગંગા વહેતી હતી, ને નીચે જડ પાણીના પ્રવાહથી ભરેલી ગંગાનદી વહેતી હતી; એ જડ ગંગામાં નહિ પરંતુ શ્રુતગંગામાં સ્નાન કરનારા જીવો પાવન થઇ જતા હતા. પ્રવચનમાં શ્રોતાઓને કોઇ વાત સૂક્ષ્મ લાગતી ત્યારે ગુરુદેવ કહેતા -જુઓ, આ કાશી તો વિદ્યાનું ધામ ગણાય છે એટલે સૂક્ષ્મ વાત ન સમજાય- એમ કહેશો તે નહીં ચાલે.

પ્રવચન બાદ, વિદ્યાલયની આગાશીમાં આવીને ગુરુદેવે તેમજ યાત્રિકોએ કાશીનગરીનું અને ગંગાનદીનું અવલોકન કર્યું; નદીમાં તરતી અનેક નૌકાઓ, ભવપાર થવા માટેના ભગવાનના ઉપદેશનું તેમજ ભેદજ્ઞાન-નૌકાનું સ્મરણ કરાવતી હતી. ગંગાનદી અને તેના કિનારે કાશીનગરીનું દૃશ્ય બહુ રમણીય છે,—જેને નીહાળતાં પાર્શ્વ અને સુપાર્શ્વપ્રભુના સંસ્મરણો તાજા થાય છે. ધરાઈ ધરાઇને પ્રસન્નતાથી નગરીનું સૌંદર્ય નીહાળીને, સુપાર્શ્વ-પ્રભુના જયજયકારપૂર્વક કાર્યક્રમ પૂરો થયો. ત્યારબાદ ત્યાંથી ગુરુદેવ 'સન્મતિ નિકેતન' (જૈનવિદ્યાલય) માં પધાર્યા, ત્યાં પ્રો. ખુશાલચંદ્રજી પંડિત, તથા વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક સ્વાગત કર્યું. ત્યાંથી પાછા ફરતાં રસ્તામાં કાશી વિશ્વવિદ્યાલય વગેરેનું સામાન્ય અવલોકન કર્યું હતું. આસપાસમાં જ શ્રી મહાવીર ભગવાનનું મંદિર છે, તેમાં સૌ યાત્રિકો દર્શન કરવા ગયા. આ દિ. જૈન મંદિર શ્રી હુકમચંદજી શેઠનું બંધાવેલું છે, મંદિરના રમણીય અને ઉપશાંત વાતાવરણમાં વીર ભગવાન ઉપશાંતરસમાં ઝૂલી રહ્યા છે; તે ભગવાન સન્મુખ ભક્તો શાંતિથી બેઠા, આનંદરસઝરતી ભવ્યમુદ્રા નીહાળી અને શાંતચિત્તે ભક્તિ કરી. ત્યારબાદ નગરીની શોભા નીહાળતા નીહાળતા સૌ યાત્રિકો ધર્મશાળાએ આવ્યા. સાંજે પાર્શ્વપ્રભુની ભક્તિ કરી: રાત્રે તત્ત્વચર્ચા કરી.

**માહ વદ દસમ :** "પૂ. શ્રી કાનજીસ્વામી દિ. જૈન તીર્થયાત્રા સંઘ"નું બનારસ મુકામનું આ વર્ણન ચાલી રહ્યું છે. અહીં મૈદાગીન ધર્મશાળામાં સવારમાં ઊઠતાં વેંત શ્રી ગુરુદેવના દર્શન થતા, તેથી યાત્રિકોને બહુજ આનંદ થતો; યાત્રા દરમિયાન જ્યાં બે ત્રણ દિવસનો મુકામ હોય ને લગભગ એકજ સ્થળે ઉતારો હોય ત્યાં, સવારથી સાંજ સુધી હરતાં ફરતાં પૂ. ગુરુદેવના દર્શન થયા કરે ને તેઓનો નિકટ સહવાસ રહ્યા કરે, એટલે જીવનનો આદર્શ નજરસમક્ષ વર્ત્યા કરે—તેથી ભક્તોને ઘણી પ્રસન્નતા થતી, અને ક્ષણે

ક્ષણે સાક્ષાત્ તીર્થની જાત્રા થયા કરતી. ભેદજ્ઞાનરૂપ જહાજવડે ભવસાગરને તરનારા ને તારનારા એવા સંતોનું જીવન પોતેજ ખરેખર સાક્ષાત્ તીર્થસ્વરૂપ છે. અહા, આવા તીર્થ-સ્વરૂપ સંતોની સાથે ભારતના અનેક તીર્થોની યાત્રા કરતાં ભક્તોને અનેરો આનંદ વર્તી રહ્યો છે, ને તેથી ગુરુદેવના ઉપકારને વારંવાર વ્યક્ત કરે છે.

સવારમાં ઊઠીને યાત્રિકોએ પાર્શ્વપ્રભુની આ જન્મનગરીમાં પાર્શ્વપ્રભુના દર્શન કર્યા ને ભગવાનના જન્મકલ્યાણકને યાદ કરીને ભક્તિથી અભિષેક તથા પૂજન ભક્તિ કર્યા. ત્યારબાદ ટાઉનહોલમાં ગુરુદેવનું પ્રવચન થયું. કાશીનગરી એટલે પંડિતપુરી! જૈન તેમજ અજૈન વિદ્વત્સમાજ ગુરુદેવનું પ્રવચન સાંભળવા આવેલ, ને કાશીમાં ગુરુદેવનું પ્રવચન પણ અધ્યાત્મના સૂક્ષ્મ ભાવોથી ભરેલું આવતું, નિશ્ચય—વ્યવહાર વગેરે સંબંધી સ્પષ્ટ ખુલાસા આવતા.

પ્રવચન બાદ પં. કૈલાસચંદ્રજીએ કહ્યું કેઃ आपके ससंघ आगमनसे हम सबको बहुत प्रसन्नता हूई है, और यात्रासे वापस लोटते समय भी आप यहां दोचार दिन ठहरनेका प्रोग्राम अवश्य रक्खें–ऐसी विनति है.

એ પ્રમાણે વિનતિ કર્યા બાદ તેમણે કહ્યું કેઃ महाराजजीके प्रवचनके बारेमें मैं कूछ कहना चाहता हूं. अध्यात्मकी यह कथनी सुनते लोगोंको ऐसा होता है कि "यह क्या कहते है !–यह तो एक आत्माकी ही बात करते है."–लेकिन यही तो प्रयोजनकी चीज है, यह अपनी ही बात है, इस शरीरके भीतर रहे हुए आतमरामकी यह चर्चा है !–

" सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा ।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ॥ "
समयसारः ४

इसलिये यही तो दुर्लभ है; शरीरकी और शरीरके साथ सम्बंध रखनेवाली शिक्षा सब जगह चलती है लेकिन शरीरमें स्थित आतमराम क्या चीज है इसकी शिक्षा नहीं चलती; जिसकी शिक्षा नहीं, जिसकी चर्चा नहीं वह बात महाराजजी अपने प्रवचनमें बतला रहे है । लेकिन मैं क्या कहूं !–

" मोहे सुन सुन आ गइ हंसी...पानीमें मीन पीयासी "

शुद्धनयके अनुसार आत्माका वास्तविक स्वरूप आप दिखला रहे है, आचार्योंने भी यही दिखलाया है–

"आत्मस्वभावं परभावभिन्नं
आपूर्णमाद्यंतविमुक्तमेकम् ।
विलीन संकल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति ॥ १० ॥

यह चोज अनुभवगम्य है. ઇત્યાદિ પ્રકારે ગુરુદેવની પ્રવચનશૈલી સંબંધી સ્પષ્ટતા કરીને તેની પ્રશંસા કરી હતી.

પ્રવચન બાદ યાત્રિકો નગરીમાં ફરવા નીકળ્યા હતા. બનારસના પ્રખ્યાત શેલા અને સાડીઓ અનેક યાત્રિકોએ ખરીદ કર્યાં,—તો ઘણાંએ કાશીનાં મીઠા બોર ખાધાં, ને કોઇને અહીંનું દહીં વિશેષ પસંદ આવ્યું. આ રીતે સંઘને લીધે આખી નગરીનું વાતાવરણ ઉમંગમય લાગતું હતું. ખરીદી કર્યા બાદ ભોજન કરીને બપોરે સંઘે બનારસથી ડાલમીઆ-નગર તરફ પ્રસ્થાન કર્યું.

ooo—ooo—ooo

જય પારસ...જય પારસ...જય પારસ દેવા......
બનારસીમેં જન્મ લિયા...પ્રભુ હો દેવન કે દેવા...જય૦
સંતજનો કે સંગ તુમ્હારી યાત્રા આનંદકારી...
દાસ તુમ્હારા ચરણ સેવકે હો જાતે ભવપારી...જય૦


—એમ જાત્રાની ધૂન કરતી કરતી અનેક મોટરબસો અને મોટરો બનારસથી ડાલમીઆનગર તરફ ચાલી જાય છે; પૂ. ગુરુદેવ વગેરેની મોટરો હજી પાછળ છે, તેથી ભક્તો પાછળ નજર લંબાવીને તેમના આવવાની રાહ જોઈ રહ્યા છે, હમણાં ગુરુદેવની મોટર પસાર થશે ને જયજયકાર કરી મુકશું—આમ સૌ અધીરા બનીને ગુરુદેવના દર્શન માટે આતૂર છે... ત્યાં તો થોડીવારે દૂરદૂરથી કલ્યાણવર્ષિણી ઝડપભેર દોડી આવતી દેખાણી, તરત જ તેને રસ્તો આપવા માટે બધી મોટરો ને બસો થંભી ગઇ. કલ્યાણવર્ષિણી નજીક આવી પહોંચી, ભક્તોએ જયજયકારથી ગુરુદેવને વધાવ્યા...અને, કલ્યાણવર્ષિણી પસાર થઇ જવાને બદલે ભક્તોના આશ્ચર્ય વચ્ચે બરાબર ત્યાં જ થંભી ગઇ, ભકતો તરત જ બસમાંથી ઊતરીને આનંદપૂર્વક ગુરુદેવના દર્શન માટે દોડ્યા, ને મોટર પાસે જઇને દર્શન કરતાં ગુરુદેવે પ્રસન્નમુખે હાથ ઊંચો કરીને આશીર્વાદ આપ્યા. અહા! આ રીતે યાત્રા દરમિયાન અધવચ્ચે ગુરુદેવના દર્શનથી ને આશીર્વાદથી ભકતોને જે આનંદ ઉલ્લસતો તેનું અહીં શું વર્ણન થાય!!

થોડી વાર ત્યાં રોકાઈને ગુરુદેવે સંઘની મોટરોની વાતચીત કરી. પછી જલપાન કરીને મોટર ઝડપભેર ડાલમીઆનગર તરફ ઊપડી; ભક્તોએ ઘણા જોસથી બસો દોડાવીને તેનો પીછો પકડ્યો પણ અંતે પાછળ રહી ગયા; ને કલ્યાણવર્ષિણી અલોપ થઈ ગઈ. આમ ગુરુદેવ સાથે આનંદમય વાતાવરણપૂર્વક મુસાફરી કરતાં કરતાં સાંજ સુધીમાં આખો સંઘ ડાલમીઆનગર પહોંચી ગયો.





## ડા....લ....મી....આ....ન....ગ....ર



સીમેન્ટ વગેરે અનેકવિધ ઉદ્યોગોની પ્રધાનતાથી આધુનિક શૈલિએ રચાએલું ડાલમીઆનગર એક સુંદર શહેર છે. પ્રસિદ્ધ જૈન ઉદ્યોગપતિ શાહુ શાંતિપ્રસાદજીના અનેક કારખાના અહીં ચાલે છે; તેમણે ગુરુદેવને તથા સંઘને ડાલમીઆનગર પધારવાનું ખાસ આમંત્રણ આપ્યું હતું, અને સંઘના આગમનથી તે વિદાય સુધીની નાની મોટી બધી વ્યવસ્થા ઘણી સરસ અને ઉમંગપૂર્વક કરી હતી ઘણી વાર મોટા શહેરમાં પહોંચ્યા પછી ઉતારો શોધવા માટે રસ્તો પૂછી પૂછીને એકાદ કલાક ફરવું પડતું ત્યારે થાકયાપાકયા માંડ માંડ ઉતારે પહોંચતા, પરંતુ અહીં સંઘની મોટરો આવતાં અજાણ્યા શહેરમાં રસ્તા માટે કે ઉતારા માટે કોઇને પૂછવું ન પડે એ રીતે પહેલેથીજ ઠેર ઠેર માર્ગદર્શક સ્વયંસેવકો ગોઠવી દીધા હતા,

એટલે બધી મોટરો સીધેસીધી ઉતારે પહોંચી ગઈ. એક બંગલામાં ગુરુદેવનો ઉતારો હતો, ને તેની આસપાસમાં બીજા અનેક બંગલાઓમાં સંઘનો ઉતારો હતો. સાંજે પૂ. ગુરુદેવે શેઠ જગતપ્રસાદજીને ત્યાં ભોજન કર્યું હતું.

અહીં એક જૈન મંદિરમાં મહાવીર ભગવાનના ઘણા સુંદર ભાવવાહી પ્રતિમાજી બિરાજે છે. રાત્રે ત્યા ભક્તિ થઇ; ભક્તિ વખતે આનંદમય વાતાવરણ હતું, ને મંદિરમાં ભકતોની ભીડ જામી હતી. કોઇ કોઇ ભક્તોને જગ્યા ન મળે તો ગુરુદેવ નજીક બોલાવીને પોતાની પાસે બેસાડી દેતા. પૂ. બેનશ્રીબેન પણ ભક્તિમાં ખૂબ ખીલ્યા હતા, અને જોસદાર ધૂન-પૂર્વક, બે નહિ પણ ચાર સ્તવનો ગવડાવ્યા હતા—

(૧) વીર છબી ભાયે...અરૂ ન સુહાયે....ઓ દૃગ વસીયા રે...

(૨) બનારસની જાત્રા હજી તાજી જ હોવાથી બીજું પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન ગવડાવ્યું.

જય પારસ દેવા....સ્વામી....જય પારસ દેવા...
પોષ વદિ ગ્યારસ કાશીમેં....આનંદ અતિ ભારી...સ્વામી આનંદ અતિ ભારી.
અશ્વસેન વામા માતા ઉર લીનો અવતારી....ૐ જય પારસ દેવા.

(૩) સામાન્ય રીતે બે સ્તવનો ગાઇને ભક્તિ પૂરી કરવામાં આવે છે, પરંતુ આજે તો ભગવાનના ચરણસમીપે ભક્તિ ઉલ્લસી હતી તેથી ત્રીજું સ્તવન ગવડાવ્યું: " મેં તેરે ઢીગ આયારે.... વીરપ્રભુ ઢીગ આયા......"

(૪) અહા ! વીતરાગીનાથને જોઈ જોઇને, તેની ભક્તિના તાનમાં મશગૂલ બનેલા ભકતો જીવનના દુઃખોને ભૂલી જતા હતા, અને પૂ. બેન-શ્રીબેને પણ બરાબર એ જ ભાવો વ્યક્ત કરતું ચોથું સ્તવન ગવડાવ્યું—


મૈં જીવન દુ:ખ સબ ભૂલ ગયા....
વે પાવનપ્રભુકો દેખ....પ્રભુ....તેરી....સુંદર મુરત દેખ પ્રભુ...
યહ મન ભક્તિમેં લીન હુઆ....લીન હુઆ....હાં....લીન...હુઆ...
યહ જીવન તુજ જીવન હો જીવન હો...હાં જીવન હો....

અહા, એ ભક્તિની શી વાત ! જાણે અત્યાર સુધીના ૧૩ તીર્થોની યાત્રાનો ભેગો થયેલો આનંદ, ભકતોના હૃદયમાંથી ઉલ્લસી ઉલ્લસીને બહાર નીકળતો હોય ! સંઘના ૫૦૦ જેટલા યાત્રિકોનો સમૂહ ભક્તિની મસ્તીમાં ચડ્યો હતો, એટલું જ નહિ, ગુરુદેવ પણ


ઉમળકાપૂર્વક ભક્તિમાં સાથ પુરાવતા હતા; આવી અદ્દભુત ભક્તિ દેખીને સૌ આશ્ચર્ય પામતા હતા, અને અહીં કોઇ ખાસ તીર્થનું સ્થાન ન હોવા છતાં અદ્દભુત ભક્તિને લીધે જાણે કોઇ મહાન તીર્થની યાત્રા જ કરી રહ્યા હોય--એવો ઉમંગ થતો હતો.. (ડાલમીઆનગરમાં થયેલી આ અદ્દભુત ભક્તિના સંસ્મરણો તો અહીંને અહીં જ લખી લેવા એમ ધારીને, રાત્રે ૧૨ વાગે ડાલમીઆનગરમાં પૂ. ગુરુદેવના ઉતારે બેઠાબેઠા આ સંસ્મરણો લખાયા છે. ) યાત્રિક ભકતો દિનરાત યાત્રાને યાદ કરીને આત્મહિતની ભાવના ભાવતા; પૂ. ગુરુદેવની સાથે સાથે જે સિદ્ધિધામની યાત્રા કરી રહ્યા છીએ તે સિદ્ધિધામમાંથી સિદ્ધિ પામેલા સિદ્ધ ભગવંતોનું સ્મરણ કરતા . અને, અમને પણ અમારા જીવનસાથી ગુરુદેવના પ્રતાપે ઝટઝટ એવા સિદ્ધપદની પ્રાપ્તિ થાઓ—એમ અંતરમાં ઊંડી ઊંડી ભાવના ભાવતા. રાત્રે સ્વપ્નામાં પણ જાણે સિદ્ધિસાધક સંતોની સાથે કોઇ દિવ્ય તીર્થની યાત્રા કરી રહ્યા છીએ—એવા દર્શન થતા.

બીજે દિવસે (મહા વદ અગિઆરસે) સવારમાં નાહી ધોઇને સૌ યાત્રિકોએ જિનેન્દ્ર ભગવાનનાં દર્શન પૂજન કર્યા. આજે શેઠ શાંતિપ્રસાદજી શાહુ તથા તેમના ધર્મપત્ની સૌ. રમાદેવી સવારમાં ગુરુદેવ પાસે દર્શન કરવા આવ્યા, તેમણે ઘણો પ્રેમ બતાવ્યો, તથા સંઘસહિત ગુરુદેવના અહીં પધારવાથી બહુ પ્રસન્નતા વ્યક્ત કરી.


સંઘના ઉતારા-ભોજનાદિમાં શેઠજીએ ખૂબ આગતા-સ્વાગતા કરી. સવારે ચાપાણી સાથે અનેક પ્રકારની મીઠાઈ તેમજ મેવા, ફરસાણ વગેરે પીરસ્યા...ત્યારબાદ રોટરી કલબના હોલમાં ગુરુદેવના સન્માનનો સમારંભ થયો. સ્વાગતઉત્સવની શરૂઆતમાં, 'મહાવીર ભગવાન દૃષ્ટિસમક્ષ થઇને અમને સાક્ષાત દર્શન આપો' એમ બાબુ ચૈતન્યલાલજીએ મંગલાચરણ કર્યું. ત્યારબાદ વ્યાકરણાચાર્ય પં. પાંડેએ—' भरतभूमिके भूषणस्वरूप गौरवगुण गरिमासे गरिष्ट.. ' ઈત્યાદિ સ્વાગતગાયન ગાયું. ત્યારપછી બીજા એક પંડિતજીએ સ્વાગત–પ્રવચન કરતાં કહ્યું—આજે આધ્યાત્મિક જગતના એક સંતનું સ્વાગત કરવાનું અમને સૌભાગ્ય મળ્યું છે. આ વિષમય જમાનામાં તેમણે એ સાબિત કરી આપ્યું છે કે જો શાંતિ જોઈએ તો તે બહારથી નહિ આવે, તે પોતાના આત્મામાંથી જ મળશે. આજ સોનગઢસે કૌન અપરિચિત હૈ? સોનગઢ તો અધ્યાત્મધામ બન ગયા હૈ અગાઉ પં. મંડનમિશ્રજીની બાબતમાં કહેવાય છે કે—કુવા ઉપર પાણી ભરી રહેલી પનિહારીને કોઇ અજાણ્યા મુસાફરે પૂછયું પં. મંડનમિશ્રનું ઘર કયાં આવ્યું ? આશ્ચર્યપૂર્વક તે પનીહારીએ જવાબ આપ્યો: जिस घरमें तोता और मैना भी ' स्वत: प्रमाणं परत: प्रमाणं ' की बात रट रहे हो वही मंडनमिश्रका घर समझना. એ જ રીતે જો મને કોઇ પૂછે કે સોનગઢ કયાં આવ્યું ? તો હું



પ્રવચન સભા ( ડાલમીઆનગર )







સ્વાગત-સમારોહ ( ડાલમીઆનગર )

કહ્યું કે જ્યાં બચ્ચાં પણ હંમેશાં અધ્યાત્મની ચર્ચા કરતા હોય તે સોનગઢ સમજો. સોનગઢ વાસ્તવમેં સુવર્ણકા નહીં કિન્તુ અધ્યાત્મકા ગઢ બન ગયા હૈ; જ્યાં હંમેશા અધ્યાત્મની ચર્ચાનું વાતાવરણ રહે છે એવા સોનગઢના આ આધ્યાત્મિક સંતનું તથા અમારા આ બધા સાધર્મીઓનું સ્વાગત કરતાં અમને આનંદ થાય છે. ડૉ. ભાગચંદ્રજીએ પણ શ્રદ્ધાંજલિ વડે તેમાં સુર પૂરાવ્યો. આ રીતે ઠેર ઠેર અજાણ્યા વિદ્વાનો પણ ગુરુદેવ પ્રત્યે હાર્દિક સન્માન પ્રગટ કરતા, અને સોનગઢનું નામ લેવામાં પણ ગૌરવ અનુભવતા, તે દેખીને યાત્રિકોને બહુ પ્રસન્નતા થતી; અને ગુરુદેવનો ધર્મપ્રભાવ કેટલે દૂર દૂર સુધી ભારતના ખુણેખુણે ફેલાઈ ગયો છે તે જોઇને આશ્ચર્ય થતું.

પં. અયોધ્યાપ્રસાદજી ગોયલીય—જેઓ ભારતીય જ્ઞાનપીઠ-કાશીના મંત્રી છે—તેમણે સન્માનપત્ર અર્પણ કરતાં પહેલાં પોતાના ભાષણમાં કહ્યું—જબ સૂર્ય ઔર ચંદ્ર હજારો વર્ષો સુધી ભટકી ભટકીને પૃથ્વીના ખૂણેખૂણામાં શોધે છે ત્યારે હજારો વર્ષની તેમની તપસ્યાના ફળમાં કોઈક મહાન સંત દેખાય છે; તેમ ભારતવર્ષમાં આજે આપણને આ મહાન અધ્યાત્મ સંતનો સુયોગ બન્યો છે તે આપણી કોઈ પૂર્વ તપસ્યાનું જ ફળ સમજવું જોઇએ. જે વિશ્વવંદ્ય વિભૂતિના દર્શન માટે અમારે સોનગઢ જવાનું હતું તે વિભૂતિ સ્વયં આજ અમારા આંગણે આવી છે તે અમારા મહાન સૌભાગ્યનો વિષય છે.

સ્વામીજી કાનજી મહારાજ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ માર્ગની પ્રભાવના કરી રહ્યા છે; તેઓનું પ્રવચન હમણાં થશે તે સાંભળતાં આપણને ખ્યાલ આવશે કે તેઓનું આધ્યાત્મિક જ્ઞાન કેટલું ઊંડું છે! અહીંના સમાજ તરફથી હું આપને આ સન્માનપત્ર સમર્પણ કરું છું.– આમ કહીને તેમણે સન્માનપત્ર અર્પણ કર્યું હતું. ત્યારબાદ સૌ. શ્રીમતી રમાદેવી શેઠાણીએ પુષ્પમાળા દ્વારા શ્રદ્ધાંજલિ સમર્પણ કરી હતી; પછી શેઠ શાંતિપ્રસાદજી શાહૂએ પૂ. ગુરુદેવને પુષ્પહાર વડે શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું કેઃ હું અહીં ડાલમીઆનગરની જનતા તરફથી તથા મારા તરફથી સ્વામીજીને શ્રદ્ધાંજલિ અર્પું છું. અમારું પરમ સૌભાગ્ય છે કે પૂ. સ્વામીજી અમારા આંગણે પધાર્યા છે ને અમને તેમના સ્વાગતનું સૌભાગ્ય મળ્યું છે. હું આ શ્રદ્ધાંજલિ અર્પણ કરીને સ્વામીજીનું અને સંઘનું સ્વાગત કરું છું. ત્યારબાદ શેઠ જગતપ્રસાદજીએ પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યુંઃ मैं डालमिआनगरकी जैनसमाजको ओरसे तथा नगरकी सारी जनताकी ओरसे पू. स्वामीजीको श्रद्धांजलि भेट करता हूं।

એ પ્રમાણે સન્માનસમારંભનો વિધિ પૂરો થતાં, ત્યાંજ પૂ. ગુરુદેવનું પ્રવચન થયું. પ્રવચન સાંભળીને સૌ પ્રસન્ન થયા. અને અયોધ્યાપ્રસાદજી ગોયલીયે પોતાની પ્રસન્નતા વ્યક્ત

કરતાં કહ્યું કે-પૂ. સ્વામીજી અહીં સંઘસહિત પધાર્યા, તેમનું સ્વાગત કરવા માટે અમારી પાસે શબ્દો નથી...કયા શબ્દોથી અમે આપનું સ્વાગત કરીએ? અરે! स्वामीजीकी मोटरकी धूलिसे भी हम अपनेको पावन समझते है। આગળ જતાં ગોયલીયાજીએ કહ્યું: અમે સ્વામીજીને શું અર્પણ કરીએ? અમારી પાસે આ શ્લોકવાર્તિક વગેરે પુસ્તકો છે તે અમે શ્રદ્ધાપૂર્વક સ્વામીજીના કરકમળમાં અર્પણ કરીએ છીએ. (એમ કહીને ભારતીય જ્ઞાનપીઠના અનેક મહત્વનાં પ્રકાશનો અર્પણ કર્યા હતા.) છેવટમાં શાહુ શાંતિપ્રસાદજીએ પણ ફરીને ગુરુદેવને અને સંઘને અભિનંદન આપતાં કહ્યું: हमारे लिये आज यह शुभ अवसर है कि आप सब यहां पधारें हैं, और हमें आपके सन्मानका अवसर मिला है। इसी तरह आगे फिर भी सम्मेदशिखरजी, कलकत्ता आदिमें भी हमें आपके दर्शनका व परिचयका सुअवसर प्राप्त होगा। आपकी यह महान तीर्थयात्रा सफल हो-ऐसी मैं भावना करता हूं। (શાહુ શાંતિપ્રસાદજી કલકત્તાની સ્વાગત-સમિતિના પ્રમુખ હતા.)

ત્યાબાદ, અહીંના અનેક મોટામોટા કારખાનાઓ- સીમેન્ટફેકટરી, પેપરમીલ, ડાલડા વેજીટેબલનું કારખાનું, સ્યુગર ફેકટરી, સોડાએશ ફેકટરી વગેરે યાત્રિકોને બતાવવાની વ્યવસ્થા શેઠજીએ કરી હતી, તેથી યાત્રિકો તે કારખાના જોવા ગયા હતા, શેઠજીના આગ્રહથી ગુરુદેવ પણ પધાર્યા હતા; કયાં તીર્થધામોના વાતાવરણની શાંતિ...ને કયાં આ ઉદ્યોગધામનો ધમ-ધમાટ! કારખાનાઓનું ઉપર-ઉપરથી ઊડતું અવલોકન કરીને યાત્રિકો પ્રસ્થાનની તૈયારી કરવા લાગ્યા. (અહીં ખાંડના કારખાનામાં જ્યાં ખાંડની શુદ્ધતા થતી હતી ત્યાં વ્યસ્થાપકોએ સૌનું લક્ષ ખેંચ્યું હતું અને જણાવ્યું હતું કે ચુનામાંથી એક જાતનો ગેસ ઉત્પન્ન કરીને તેના વડે ખાંડની શુદ્ધી કરવામાં આવે છે.)

ગુરુદેવનું ભોજન શેઠ શાંતિપ્રસાદજીને ત્યાં થયું હતું. તેમજ આખા સંઘના ભોજનની વ્યવસ્થા પણ તેમણે ઘણા ઉત્સાહપૂર્વક કરી હતી. કેટલાક અગ્રગણ્ય યાત્રિકોને પોતાને ઘેર જમવા તેડી ગયા હતા. કયાંક કયાંક આ તરફની ભોજનપદ્ધત્તિ અનુસાર સૌથી પહેલાં ભાત પીરસાતા, પછી રોટલી પીરસાતી, અને લગભગ જમી લીધા પછી અનેકવિધ મિષ્ટાન્ન આવતા; તે દેખીને ગુજરાતી યાત્રિકો હસી પડતા. આ લોકો શા માટે હસે છે એની જયારે તે લોકોને ખબર પડતી ત્યારે તેઓ પણ આશ્ચર્યથી હસતા અને કહેતા કે અરે આ મુખ્ય ચીજ તો રહી ગઈ. અમને આવી ખબર હોત તો સૌથી પહેલા આ વસ્તુ પીરસત; લેકિન પહેલે આપ કયોં નહીં બોલે? અબ આપકો યહ ખાના હી પડેગા! ત્યારે યાત્રિકો કહેતા કે શેઠજી! હમારે તો ભાત વ પાપડ આયે કિ ભોજનકી સમાપ્તિ હો ગઈ! આમ દેશદેશની જુદીજુદી પદ્ધત્તિને લીધે પણ અનેકવાર હાસ્યપ્રસંગ બની જતા.

ભોજન બાદ, મોટરો અને બસોમાં સામાન ચડાવીને ડાલમીઆનગરથી આરા તરફ પ્રસ્થાન માટે સૌ યાત્રિકો તૈયાર થઇ ગયા.... આરા પહોંચતાં રાત પડી જાય તેમ હોવાથી વચ્ચે સાંજના ભોજન માટે શેઠજીએ સંઘને અનેક પ્રકારની મીઠાઇ-ફરસાણ-ફળ અને મેવાનું ભાતું બંધાવ્યું. અને મોટરબસોમાં બેઠાબેઠા જ ગુરુદેવનાં દર્શન કરીને જય જયકારપૂર્વક સંઘે આરાશહેર તરફ પ્રસ્થાન કર્યું. સંઘના પ્રસ્થાનનું ઉમંગભર્યું દૃશ્ય ગુરુદેવ હસતાં હસતાં નીહાળી રહ્યા હતા. દરેક સ્થળે સંઘના પ્રસ્થાન વખતનું દશ્ય જોવા જેવું રહેતું. કોઈ પાછળ રહી ગયું હોય ને દોડાદોડ આવતું હોય, કોઇ મોટરમાં બેઠા પછી કંઇક ચીજ ભૂલી ગયાનું યાદ આવતાં ઝડપથી લેવા જતું હોય, કોઇ બૂમાબૂમ કરીને કોઇક યાત્રિકને શોધતું હોય, તો કોઇક બસમાં બધાય તૈયાર થઇને જલદી જલદી બસ ઉપાડવા માટે ભક્તિની ધૂનદ્વારા ડ્રાઈવરને પ્રેરણા કરતા હોય, કોઈ મોટરો ભૂંગળા વગાડી વગાડીને આગલી મોટરોને રસ્તો આપવાનું કહેતી હોય, તો કોઇક બસ પોતે સૌથી પહેલી રવાના થઇ તેના હર્ષથી જય-જયકાર ગજાવતી દોડી જતી હોય, અને કોઇ બસ અમુક ખાસ મોટરની સાથે રહેવાનો પ્રયત્ન કરતી હોય. આમ પ્રસ્થાન સમયનું દશ્ય બહુ ઉમંગભર્યું લાગતું.

ગુરુદેવ સાંજ સુધી ડાલમીઆનગર રહ્યા હતા; સાંજે ડૉ. ભાગચંદજીને ત્યાં ભોજન કરીને, પાંચ વાગે ત્યાંથી પ્રસ્થાન કર્યું હતું ને વચ્ચે વિક્રમગંજમાં રાત રહ્યા હતા. સંઘના યાત્રિકો સીધા જ આરાશહેર પહોંચી ગયા હતા.


# આરાનગર (જૈનપુરી)

[ માહ વદ ૧૨ ]


શ્રી સમ્મેદશિખરજી વગેરે પવિત્ર તીર્થધામોની મંગલયાત્રા કરવા માટે જઈ રહેલો "પૂ. શ્રી કાનજીસ્વામી દિગંબર જૈન તીર્થયાત્રા સંઘ" આરાનગરીમાં આવી પહોંચ્યો. આ આરાનગરી તે જૈનપુરી છે, ૪૦ જેટલા જિનમંદિરોથી આ જૈનપુરી શોભી રહી છે. અહીંના દિ. જૈન સિદ્ધાન્ત ભવનમાં અનેક શાસ્ત્રોનો સંગ્રહ છે. શહેરથી લગભગ બે માઇલ દૂર બ્ર. ચંદાબાઇ સંચાલિત જૈન-બાલાશ્રમ છે; ત્યાં સંઘનો ઉતારો હતો. આ બાલાશ્રમમાં જિનમંદિર તેમજ બાહુબલી ભગવાનના ભવ્ય પ્રતિમાજી, માનસ્તંભ વગેરે છે. સવારમાં શ્રી જિનેન્દ્ર ભગવાનના દર્શન-પૂજન કરીને યાત્રિકો પૂ. ગુરુદેવના સ્વાગત માટે કટિબદ્ધ થઈ ગયા...અને સ્વાગત માટે શહેરમાં પહોંચવા બસોમાં બેસીને સ્વાગત-ગીત ગાતાં ગાતાં ચાલ્યા—

જય ગુરુદેવા...જય ગુરુદેવા...જય ગુરુદેવા...દેવા...
જૈનપુરીમાં આપ પધાર્યા સ્વાગત આજ તુમારા...
શાશ્વત તીર્થની જાત્રા કરવા સંઘ સહિત પધાર્યા...જય૦


લગભગ સાડાઆઠ વાગે પૂ. ગુરુદેવ પધારતાં આરા શહેરના જૈન સમાજે ખૂબ ઉત્સાહથી ભાવભીનું સ્વાગત કર્યું. ગુરુદેવ જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં ગુરુદેવના અતિશય પ્રભાવથી જનતા બહુજ પ્રભાવિત થતી, ને તેને સહેજે સહેજે સ્વાગતનો ઉલ્લાસ આવતો હતો. અહીંનું સ્વાગત પણ વાત્સલ્યભીનું હતું...અનેક વૈભવયુકત સ્વાગતમાં વચ્ચે ઠેર ઠેર પુષ્પવૃષ્ટિ વગેરે થતું હતું. સ્વાગત વખતે વચ્ચે વચ્ચે જૈનમંદિરોના દર્શન પણ ગુરુદેવ કરતા જતા હતા.. સ્વાગત શાંતિનાથભગવાનના પંચાયતી મંદિરે આવ્યું અને ત્યાં દર્શન કરીને તથા અર્ઘદ્વારા પૂજન કરીને મંદિરના વિશાળ ચોકમાં ગુરુદેવે મંગલપ્રવચન કર્યું; તેમાં કહ્યું કે આત્માનો પવિત્ર સ્વભાવ છે તે ત્રિકાળમંગળ છે, ને તેના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરવા તે અપૂર્વમંગળ છે. કેમકે તે પવિત્રતાને પમાડે છે ને અપવિત્રતાનો નાશ કરે છે. આવું માંગળિક પ્રગટ કરવું તે મોક્ષનું કારણ છે; આવું મંગળ પ્રગટ કરીને અનંતા જીવો મોક્ષ પામ્યા છે, તે



માનસ્તંભ : આરા



પ્રવચન : આરા



નંદીશ્વર મંદિર : આરા

જીવો જ્યાંથી મોક્ષ પામ્યા તે ભૂમિ પણ વ્યવહારથી મંગળરૂપ છે એટલે કે તીર્થરૂપ છે. એવા તીર્થની યાત્રા માટે અમે નીકળ્યા છીએ.

તીર્થયાત્રા દરમિયાન ગુરુદેવના આવા ભાવો સાંભળીને યાત્રિકોને વિશેષ પ્રમોદ અને ઉલ્લાસ થતો. મંગલપ્રવચન બાદ પૂ. ગુરુદેવ ભક્તજનો સહિત આ જૈનપુરીના જિનમંદિરોના દર્શન કરવા પધાર્યા. ગુરુદેવની સાથે મુખ્ય મુખ્ય જિનમંદિરોનાં દર્શન કરતાં ભક્તોને બહુ હર્ષ થતો હતો. ગુરુદેવ સાથે આનંદપૂર્વક જિનમંદિરોનાં દર્શન કરતાં કરતાં એક જલમંદિર આવ્યું....તેમાં જવા માટે એક નાનકડા પૂલ ઉપરથી ભક્તિ ગાતાં ગાતાં પસાર થયા...ને અંદર જઇને ભક્તિપૂર્વક ગુરુદેવ સાથે સૌએ અર્ઘ ચડાવ્યો. એક મંદિરથી બીજા મંદિરે જતાં વચ્ચે પૂ. બેનશ્રીબેન ભક્તિ ગવરાવતા—

જય જિનવર નમીએ આપને, જપીએ પાવન તુમ જાપને ...જય.
આતમરામી શિવપદ ગામી, હરતા ભવ ભવ પાપને......જય.
ઉપશમ રસધર મૂરતિ સુંદર, સેવક પૂજે અરિહંતને ......જય.

આગળ જતાં "નંદીશ્વર મંદિર" આવ્યું; અહીં પંચમેરુ અને નંદીશ્વરના બાવન જિનાલયોની સુંદર રચના છે. તેના દર્શનથી ગુરુદેવ અને સૌ ભક્તજનો પ્રસન્ન થયા. ગુરુદેવની સાથે સૌએ નંદીશ્વર જિનધામને અર્ઘ ચડાવ્યો. ત્યારબાદ એ નંદીશ્વરધામની પ્રદક્ષિણા કરી...સૌ ભક્તો આનંદથી નીચેની ધૂન ગાતાં ગાતાં ગુરુદેવની સાથે જિનેન્દ્રદેવની પ્રદક્ષિણા કરતા હતા—

હિલમિલકર સબ ભક્તો ચાલો નંદીશ્વર જિનધામમેં..
નંદીશ્વર જિનધામમેં...નંદીશ્વર જિનધામમેં...નંદીશ્વર
જિનધામમેં.. હાં ગુરુવરકી સાથમેં...હિલ૦
નંદીશ્વરકી શોભા ભારી......બાવન મંદિર છે મનહારી..
દરશન કીધાં આનંદકારી...કહાનગુરુકી સાથમેં...(૪)
હિલમિલ કર સબ ભક્તો ચાલો નંદીશ્વર જિનધામમેં......

—આમ આનંદપૂર્વક નંદીશ્વર જિનધામના દર્શન કરીને જય જયકાર કરતા સૌ બીજા મંદિરોમાં ગયા. ક્યાંક ચક્રવતી-તીર્થંકર ત્રિપુટી (શાંતિ-કુંથુ-અરનાથ ભગવંતોની


ત્રિપુટી) શોભતી હતી, તો ક્યાંક પંચબાલયતી-તીર્થંકરો (વાસુપૂજ્ય–મલ્લિનાથ–નેમનાથ–પાર્શ્વનાથ અને વર્ધમાન એ પાંચ બાલબ્રહ્મચારી તીર્થંકરો) બ્રહ્મરસમાં નિમગ્નપણે એક સાથે શોભતા હતા; ક્યાંક સપ્તર્ષિ ભગવંતો શોભતા હતા, તો ક્યાંક ચોવીસે તીર્થંકરો એક સાથે શોભતા હતા, ને ક્યાંક સમ્મેદશિખરજી તીર્થની રળિયામણી રચના શોભતી હતી...આમ જૈનપુરીના અનેક જિનમંદિરોનાં દર્શન કર્યાં.

'જૈન બાલાશ્રમ' ગામથી લગભગ બે માઈલ દૂર શાંત વાતાવરણમાં છે....પં૦ ચંદાબાઈ આ આશ્રમના સ્થાપક અને સંચાલક છે. આ આશ્રમનું મુખ્ય આકર્ષણ છે—બાહુબલી ભગવાન! બગીચા વચ્ચે કૃત્રિમ પહાડ ઉપર લગભગ પંદર ફૂટ ઊંચા બાહુબલી ભગવાન બિરાજે છે. બાહુબલી ભગવાનની સામે જ લગભગ ૪૦ ફૂટ ઊંચો માનસ્તંભ છે, જેમાં આદિનાથ ભગવાન બિરાજે છે. આ રીતે એકબીજાની સન્મુખ પિતા–પુત્રના મિલનનું દશ્ય શોભી રહ્યું છે, વચ્ચે દર્શન–પૂજન માટેની વેદીકા છે. આ માનસ્તંભમાં ઉપર–નીચે અને વચ્ચે ત્રણે સ્થાને જિનબિંબો છે. આ ઉપરાંત આશ્રમમાં એક જિનચૈત્યાલય છે; જેમાં મહાવીરાદિ ભગવંતો બિરાજે છે... આશ્રમની સામે બે વિશાળ પ્રાચીન જિનમંદિરો છે–જેમાં અનેક જિનબિંબો તેમજ સહસ્રકૂટ ચૈત્યાલય વગેરે છે. આ બધાના દર્શન કર્યાં.


ગુરુદેવના સ્વાગત વગેરેમાં તેમજ સંઘની આગતા–સ્વાગતામાં શ્રી. ચંદાબાઈએ તેમજ અહીંના જૈનસમાજે સારો પ્રેમ બતાવ્યો હતો. ગુરુદેવનું ભોજન બાબુ નિર્મલકુમારજીને ત્યાં થયું હતું. સંઘના ભોજનની વ્યવસ્થા પણ અહીંના સમાજ તરફથી (જૈન બાલાશ્રમમાં) કરવામાં આવી હતી. બપોરે ગુરુદેવનું પ્રવચન પંચાયતીમંદિરે (–શાંતિનાથ ભગવાનના મોટા મંદિરે) થયું હતું; પ્રવચન સાંભળીને આરાની જનતાએ આવા અધ્યાત્મ–પ્રવચનોનો વિશેષ લાભ આપવાની વિનતિ કરી હતી.

અહીં આ પુસ્તકના લેખક પ્રવચનમાં ગયેલ ત્યાં પાછળથી તેની બસ રાજગૃહી જવા માટે ઊપડી ગઈ.. બસ તો ગઇ ને બધોય સામાન પણ લેતી ગઈ...એ પણ સારૂં જ થયું–કેમકે પાછળથી તેને પૂ. ગુરુદેવ સાથે બાહુબલીભક્તિ, સાંજની ખાસ ચર્ચા, પટણા–યાત્રા અને ભક્તિ, તેમજ આરાથી રાજગૃહી સુધી ગુરુદેવ સાથે યાત્રાપ્રવાસ વગેરે વિશેષ લાભો પ્રાપ્ત થયા.


બપોરનું પ્રવચન પૂરું થતાં તરત જ ગુરુદેવ બાહુબલી ભગવાન પાસે આવીને બેઠા; —થોડીવારમાં બેનશ્રીબેન પણ આવી પહોંચ્યા; સૌએ થોડીવાર બાહુબલીનાથની પરમ



બાહુબલી ભગવાન ( આરા )



બાહુબલી ભગવાન



બાહુબલી-ભક્તિ

ધ્યાનમુદ્રાનું અવલોકન કર્યું. પછી તરત ગુરુદેવે ભક્તિ કરવાનું કહ્યું...આ વખતે પૂ. ગુરુદેવ, બ્ર. ચંદુભાઇ, બ્ર. હરિભાઈ, તથા પૂ. બેનશ્રી-બેન અને થોડા ભક્ત ભાઈબેનો અને બીજા સ્થાનિક બેચાર ભાઈઓ—આમ માત્ર આઠદસ માણસો જ હતા, છતાં શાંત વાતા-વરણમાં ઉમંગભરી ભક્તિ શરૂ થઈ...

આજ મારા હૃદયમાં આનંદસાગર ઊછળે...
જિનચંદ્રના દર્શનવડે સંસાર તાપ સહુ ટળે...
—બાહુબલી-દર્શનવડે સંસારતાપ સહુ ટળે...
કળિકાળમાં જિનદેવનું દર્શન જીવન આધાર છે,
પામશે જે શુદ્ધભાવે તરી જશે સંસાર તે...

—જેમ જેમ ભક્તિ ચાલતી ગઇ તેમ તેમ સેંકડો ભક્તો ભેગા થઇ ગયા....પહેલું સ્તવન પૂરું થતાં પૂ. બેનશ્રીબેને નીચેનું બીજું સ્તવન ગવડાવ્યું—

ધન્ય મુનીશ્વર આતમહિતમેં છોડદિયા પરિવાર કિ તુમને છોડા સબ ઘરબાર...
—ધન્ય બાહુબલી આતમહિતમેં છોડદિયા પરિવાર કિ તુમને છોડા સબ ઘરબાર..
ધન છોડા...વૈભવ સબ છોડા...જાના જગત અસાર કિ તુમને છોડા સબ સંસાર...

એક તો બગીચાનું શાંત વાતાવરણ, સામે જ પર્વત ઉપર પરમ ધ્યાની વૈરાગ્યમૂર્તિ બાહુબલી ભગવાન, ગુરુદેવ સાથેની યાત્રા, અને આવી સરસ વૈરાગ્યમય ભક્તિ...એટલે યાત્રિકોને કોઇ અનેરો આનંદ આવતો હતો. ખૂબજ ઉમંગપૂર્વક ભક્તિ પૂરી થયા બાદ સૌએ બાહુબલીનાથની મુદ્રાનું ફરીફરીને અવલોકન કર્યું. બાહુબલીપ્રભુના એક ચરણ પાસે હાથ જોડીને ઊભેલા ગુરુદેવ, અને બીજા ચરણ પાસે હાથ જોડીને ઊભેલા ભક્તો—અહા! જાણે ધર્મપિતાની ગોદમાં તેમના નાનકડા બાળકો ઊભાં હોય એવું એ દૃશ્ય હતું....સાધ્યની છાયામાં ઊભેલા સાધકોનું એ ભાવભીનું દૃશ્ય નીહાળીને ભક્તો અતિ હર્ષિત થતા હતા.. એ સાધ્યસાધકોનું મિલન ખરેખર અદ્‌ભુત હતું!

સાંજે ગુરુદેવનું ભોજન આશ્રમમાં જ થયું હતું.. ભોજન બાદ ગુરુદેવ ત્યાં ફરતા હતા, એવામાં ચંદાબાઇ ત્યાં આવી પહોંચ્યા.. પ્રથમ તો પોતાના આશ્રમમાં ગુરુદેવના પધારવાથી તેમણે ઘણી પ્રસન્નતા વ્યક્ત કરી, અને પછી બીજી અનેક ધર્મચર્ચા થઈ...ગુરુદેવ પણ ખૂબ પ્રસન્નતાપૂર્વક વાતચીત કરતા હતા...વાતચીત દરમિયાન આરાના અને સોનગઢના બ્રહ્મચર્ય-આશ્રમ સંબંધી વાત નીકળતાં પૂ. ગુરુદેવે બેનશ્રીબેનનો ખાસ પરિચય આપતાં

કહ્યું કે—હમારે સોનગઢમેં ચંપાબેન ઔર શાન્તાબેન દો બહિનેં બહુત પવિત્ર હૈ....વીસ બાલબ્રહ્મચારી દીકરીઓ ઉનકી છાયામેં હી રહતી હૈ....ઉન દોનોં બહિનોંકી અનુભૂતિકી ક્યા બાત ? વિશેષ પરિચય કરનેસે માલુમ પડે ઐસી બાત હૈ. ઉનકા હૃદય ઊંડા હૈ.... ઇત્યાદિ અનેક વાત કરી. ગુરુદેવના શ્રીમુખથી આ વાત સાંભળીને બ્ર. ચંદાબાઇએ પ્રમોદ વ્યક્ત કર્યો. ત્યારબાદ જૈનબાલાશ્રમની બાળાઓ તરફથી ગુરુદેવને અભિનંદનનો કાર્યક્રમ હતો. તેમાં પ્રથમ હાર સમર્પણ કરીને પછી બાળાઓએ વાજિંત્રસહિત અભિનંદનગીત ગાયું. ત્યારબાદ ગુરુદેવે આશ્રમની બાળાઓને સંબોધીને કેટલોક સદ્‌બોધ આપ્યો...આ પ્રસંગે ત્યાં સો-દોઢસો માણસોની સભા ભેગી થઇ ગઇ હતી. બાળકોને ઉત્સાહ પ્રેરે એવો બોધ આપતાં ગુરુદેવે કહ્યું : દેખો બચ્ચે! ઇસ દેહકે ભીતરમેં આત્મા હૈ, વહ છોટા મોટા નહીં હૈ, આત્મા તો સભીકા સમાન હૈ...હમારે સૌરાષ્ટ્રમેં વવાણીઆ ગ્રામમેં શ્રીમદ્‌ રાજચંદ્ર હુએ હૈ....જબ વે સાત વર્ષકે થે તબ ઉનકે પડૌશી એક વૃદ્ધઆદમીકો સર્પને ડસ લિયા ઔર વહ મર ગયે...સ્મશાનમેં ઉનકી દેહકો જલતી દેખકે વે સાતવર્ષકા લડકા દેહ ઔર આત્માકી ભિન્નતાકે ગહરે વિચારમેં પડ ગયે...ઔર ઉસી વખ્ત-સીર્ફ સાત વર્ષકી છોટી ઉમ્રમેં ઉસકો અપને પૂર્વ-ભવકા ભાન હૂઆ, યહ આત્મા ઇસ ભવકે પહેલે કહાં થા ઉસકા ઉસે ભાન હો ગયા... ઔર પીછે સીર્ફ ૧૬ વર્ષ ઔર ૫ માસકી વયમેં "મોક્ષમાલા" નામકા એક પુસ્તક લિખા હૈ, જિસમેં ૧૦૮ પાઠ હૈ...સમેં એક ઉપાઠમેં કહતે હૈ કિ—

'હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?'

અર્થાત મૈં કૌન હૂં, કહાંસે હૂઆ, મેરા સચ્ચા સ્વરૂપ ક્યા હૈ ? ઇસકા વિચાર કરો... ક્યા યહ દેહ 'મૈં' હૂં ? નહીં. મૈં તો દેહસે ભિન્ન આત્મા હૂં.. 'મૈં કહાંસે હૂઆ ?" મૈં નયા નહીં હૂઆ હૂં, મૈં તો અનાદિસે હી હૂં...યહ દેહ નયા હૂઆ હૈ ઔર ઉસકા નાશ હો જાયગા, લેકિન મૈં આત્મા ન તો નયા હૂઆ હૂં ઔર ન મેરા કભી નાશ હી હોતા હૈ...મૈં દેહસે ભિન્ન જ્ઞાનસ્વરૂપ હૂં... યહી મેરા સચ્ચા સ્વરૂપ હૈ...ઇસ પ્રકાર આત્માકા વિચાર કરકે સચ્ચી પહચાન કરની ચાહિએ...

બાળાઓને સંબોધીને ગુરુદેવે કહ્યું : ઐસી પહચાન સ્ત્રીપર્યાયમેં ભી હો સકતી હૈ... એસા મત સમઝના કિ હમ તો સ્ત્રી હૈ, હમ ક્યા કર સકતી હૈ? સ્ત્રીકા દેહ તુમ નહીં, તુમ તો આત્મા હો, ઇસલિયે અપની આત્માકી પહચાન કરની, યહી કર્તવ્ય હૈ. ગુરુદેવનો આવો સુંદર અને સરળ ઉપદેશ સાંભળીને બાળાઓ ખુશી થઇ હતી. પં. ચંદાબાઇ કહે : હમને

સુના હૈ કિ સોનગઢકા વાતાવરણ બહુત પવિત્ર હૈ, સારે દિન સબ લોગ બસ ધર્મચર્ચા ઔર ભક્તિમેં હી રહતે હૈ. પછી પોતાના આશ્રમની બહેનોને સંબોધીને તેમણે કહ્યું: દેખો, યહ સોનગઢકી બહિનોંકી બાત! ઐસા પવિત્ર જીવન બનાનેકા ધ્યેય રખના ચાહિએ...તુમ સબ ઇનકા અનુકરણ કરો...અપની આત્માકો પહચાનકર કલ્યાણ કરના યહી તો કર્તવ્ય હૈ...ઇસકે બિના આશ્રમમેં રહનેકા કયા પ્રયોજન?

પ્રસન્ન વાતાવરણમાં ગુરુદેવના મુખથી આજની વિવિધ ચર્ચા સાંભળીને ઉપસ્થિત ભક્તોના અંતરમાં ઘણો ઘણો પ્રમોદ થતો હતો....ખરેખર, આજનો પ્રસંગ એ એક યાદગાર પ્રસંગ હતો. ત્યારબાદ આશ્રમની બાલિકાઓએ ફરીને બીજું રાષ્ટ્રગીતના રાગનું અભિનંદન-ગીત "શિવપુર પથ પરિચાયક જય હૈ....સન્મતિ યુગ નિર્માતા"—એ ગાયું....રાત્રે પંચાયતી મંદિરમાં તત્ત્વચર્ચા થઈ હતી..ચર્ચામાં આરા શહેરના હજારો જિજ્ઞાસુ ભાઈબહેનોએ ઘણા પ્રેમથી ભાગ લીધો હતો. તેઓ નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા વગેરે સંબંધી તત્ત્વચર્ચા સાંભળીને પ્રભાવિત થયા હતા, અને આવા સુંદર તત્ત્વજ્ઞાનનો લાભ આપવા માટે આરાશહેરમાં બેચાર દિવસ વધારે રહેવાની આગ્રહભરી વિનંતિ કરી હતી. અધ્યાત્મચર્ચાનો અહીંના જિજ્ઞાસુઓનો પ્રેમ દેખીને ગુરુદેવને પણ પ્રસન્નતા થઇ હતી, પરંતુ નિશ્ચિત કાર્યક્રમમાં ફેરફાર થઈ શકે તેમ ન હતું. ચર્ચા દરમિયાન જૈનપુરીના જૈનસમાજ તરફથી પૂ. ગુરુદેવને ભાવભીનું અભિનંદનપત્ર શેઠશ્રી નિર્મળકુમારજીએ અર્પણ કર્યું હતું. ચર્ચા બાદ પં. ચંદાબાઇએ પૂ. બેનશ્રીબેનને પોતાના નિવાસસ્થાને બોલાવીને લગભગ પોણી કલાક સુધી વિધવિધ ચર્ચા કરી હતી....ને સોનગઢ પ્રત્યે ઘણો પ્રેમ વ્યક્ત કર્યો હતો...

—આ રીતે જૈનપુરી-આરાશહેરનો એક દિવસનો કાર્યક્રમ ઉલ્લાસપૂર્વક પૂરો કરીને સંઘે પટણા શહેર તરફ પ્રસ્થાન કર્યું.



# સિદ્ધક્ષેત્ર પટનાશહેર

( માહ વદ તેરસ )

" પૂ. શ્રી કાનજીસ્વામી દિ. જૈન તીર્થયાત્રા સંઘ " આરાથી પટના તરફ જઇ રહ્યો છે...આગળ પૂ. ગુરુદેવની 'કલ્યાણવર્ષિણી' મોટર આજ કાંઇક ધીમે ધીમે દોડી જાય છે....એની પાછળ જ શાંતભક્તિ કરતી કરતી બીજી મોટરો દોડી રહી છે.... યાત્રા-પ્રવાસમાં ગુરુદેવની સાથે ને સાથે રહેતાં આજે ભક્તોને ઘણો હર્ષ થાય છે...આનંદથી પ્રવાસ કરતાં કરતાં પટના શહેર આવી ગયું...ગંગા કિનારે આ શહેર ખૂબ લાંબું લાંબું લગભગ સાત માઈલના વિસ્તારમાં પથરાયેલું છે....ગામ શરૂ થયા પછી ૪-૫ માઈલ ચાલવા છતાં આરો જ ન આવે, એટલે ભૂલા પડ્યાની શંકા થાય તેવું હતું, પરંતુ આગળ જ ગુરુદેવની મોટર ચાલી જતી હોવાથી ભક્તો પણ નિઃશંકપણે તેના ચીલે ચીલે મોટર ચલાવ્યે જતા હતા...છેવટે આખું ગામ પસાર કરીને ગુલઝારબાગની ધર્મશાળા પાસે મોટરો અટકી. ધર્મશાળામાં જ સુંદર જિનમંદિર છે. જતાંવેંત ગુરુદેવ સહિત સૌ ભક્તોએ જિનમંદિરમાં દર્શન કરીને અર્ઘ ચડાવ્યો...

આ પટના શહેરમાં ગુલઝારબાગ ધર્મશાળાની સામે લગભગ બે ફર્લાંગ દૂર, બ્રહ્મચારી સુદર્શન શેઠની મોક્ષભૂમિ છે....સુદર્શન શેઠ ચંપાપુરીમાં થયા. તેમના સૌન્દર્ય ઉપર મુગ્ધ થઇને રાણીએ કપટથી તેમને પોતાના મહેલમાં લાવીને અનુચિત માંગણી કરી...પરંતુ ધર્માત્મા સુદર્શન તો પોતાના બ્રહ્મચર્યમાં સંપૂર્ણ દૃઢ રહ્યા....આથી ઉશ્કેરાઈને રાણીએ તેના ઉપર ખોટું કલંક મૂકીને રાજાને ફરિયાદ કરી....રાજાએ તેને દેહાંત દંડની શિક્ષા કરી...એ જ વખતે એ અડગ બ્રહ્મચારી અને પરમ વૈરાગી ધર્માત્માએ પ્રતિજ્ઞા કરી લીધી કે જો આ ઉપસર્ગ દૂર થાય તો મુનિવ્રત ધારણ કરી લઈશ. પુણ્યપ્રભાવે ઉપસર્ગ દૂર થયો....તલવારના પ્રહારને બદલે પુષ્પની માળા થઇ ગઈ...અને સુદર્શનને સિંહાસન ઉપર બેસાડીને દેવોએ તેનું સન્માન કર્યું...રાજાએ ક્ષમા માંગી...સુદર્શન શેઠ સંસાર છોડીને રત્નત્રયધારક મુનિ થયા...મુનિ થયા પછી ફરીને પણ એક ગણિકાએ તેમના ઉપર એવો જ ઉપસર્ગ કર્યો, તે વખતે પણ અડગ રહીને તેમણે એવી પ્રતિજ્ઞા કરી કે આ ઉપસર્ગ દૂર થાય તો ફરીને નગરમાં ન જવું, સંન્યાસ લઇને વનમાં જ રહેવું. અંતે એ ઉપસર્ગ પણ દૂર થયો અને એ અડગ વીર કેવળજ્ઞાન પ્રગટ કરીને અહીંથી પોષ સુદ પાંચમે મોક્ષ

પામ્યા...અહીં તેમની મોક્ષભૂમિમાં એક મંદિરમાં તેમના ચરણકમળની સ્થાપના છે. આપણી યાત્રામાં આ દસમી સિદ્ધભૂમિ છે, ચૌદમું તીર્થધામ છે, અને ૪૩મો દિવસ છે.

## પટના—સિદ્ધક્ષેત્રની યાત્રા

જિનમંદિરમાં દર્શન-પૂજન બાદ, સૌ હળીમળીને ગુરુદેવ સાથે, ભકિત ગાતાં ગાતાં સુદર્શન મુનિરાજની મોક્ષભૂમિની યાત્રાએ ચાલ્યા....ખેતરની વચ્ચે સાંકડી કેડી ઉપર ગુરુદેવના પગલે પગલે સેંકડો ભક્તોની વણઝાર ગીત ગાતી ચાલી જતી હતી—

કોનાં પગલે પગલે ચાલે મુક્તિની વણઝાર…
કહાનગુરુના પગલે ચાલે મુકિતની વણઝાર....
ચાલો જઇએ સુદર્શનકી મોક્ષભૂમિ મોઝાર—

—ઇત્યાદિ ગાતાં ગાતાં કહાનગુરુ જેવા બાલબ્રહ્મચારી સંતની સાથે, સુદશન જેવા દૃઢ બ્રહ્મચારી—ધીર-વૈરાગ્યવંત સંતની સિદ્ધભૂમિમાં જતાં યાત્રિકોને ઉલ્લાસપૂર્વક બ્રહ્મ-વૈરાગ્ય ભાવનાઓ જાગતી હતી. એ સિદ્ધભૂમિમાં પહોંચીને સૌએ સુદર્શન ભગવાનના ચરણકમળના દર્શન કરીને અર્ઘ ચડાવ્યો...ત્યારબાદ સુદર્શનભગવાનનું પૂજન કર્યું.—

જંબુદ્વીપ ભરત આરજ મેં દેશ બિહાર સુહાવે,
પટના નગરી ઉપવન મેં શિવ શેઠ સુદર્શન પાયે...
—નિત પૂજો રે ભાઈ...યા શ્રાવક કુલ મેં આય કે...

—ઇત્યાદિ પૂજન બાદ ભક્તિ થઇ. ભક્તિમાં પ્રથમ "આજ મેં મહાવીરજી આયા તેરે દરબારમેં..." એ સ્તવન ગવાયું હતું....તેમાં—

બન ગયા શૂલી સે સિંહાસન સુદર્શન કે લિયે,
હો રહા ગુણગાન અબ ઉસ શેઠ કા સંસાર મેં...આજ૦
રાજય કી નહીં ચાહ મુઝે ચાહ નહીં સંસાર કી,
ધ્યાન આસન કી જગહ દે દે તેરે દરબાર મેં...આજ૦

દૂર હો ઈસ જગ કે સારે ઝંઝટે મુઝ સે પ્રભુ,
શિવરમા સૌભાગ્ય વરલું યહ તેરે દરબાર મેં... આજ૦

ઇત્યાદિ કડી પૂ. બેનશ્રીબેને બહુ ભાવથી ગવડાવી હતી. ત્યારપછી બીજું સ્તવન ગવાયું—

આવો આવો જી... હાં હાં... આવો આવો જી... જૈન જગ સારે... સુદર્શન-મુનિ મોક્ષ ગયે...
ગુણ ગાવોજી . હાં . હાં .. ગુણ ગાવોજી સકલ નરનારી પ્રભુ શિવથાન ગયે... આવો...

નેમિનાથપ્રભુના નિર્વાણનું આ સ્તવન કેટલાક શબ્દો ફેરવીને ગવડાવવામાં આવતું હતું અને ભક્તિની સરસ ધૂન ચાલતી હતી... ત્યાં 'ધન્ય ધન્ય યાદવકુળભૂષણ..." એ કડી આવતાં તેના શબ્દો ફેરવી બીજું જોડીને બંને બહેનો બોલે તે પહેલાં તો ભક્તિની હોંસમાં ને હોંસમાં શીઘ્રકવિની જેમ ગુરુદેવે જ "ધન્ય ધન્ય વણિક કુલભૂષણ" કહીને તરત પૂરું કરી દીધું. ને ઉલ્લાસપૂર્વક ભક્તિ આગળ ચાલી—

ધન્ય ધન્ય વણિકકૂલભૂષણ... દૃઢ બ્રહ્મચારી નેતા
વૃષભશેઠ શ્રી જિનમતિ નંદન જયજય કર્મ વિજેતા .. આવો૦
–દૃઢ બ્રહ્મચારી-પરમવૈરાગી.... જયજય કર્મ વિજેતા .. આવો૦

વીતરાગ નિર્ગ્રંથ દિગંબર મુનિમુદ્રા તપધારી...
આતમધ્યાન લગા કર પાવન કર્મસૈન્ય કો મારી... આવો૦


અજર અમર અવિચલ અવિનાશી નિજાનંદ પદધારી .
સિદ્ધ હુએ યહાં શેઠ સુદર્શન તિન પ્રતિ ઢોક હમારી.. આવો૦

નગર પટન કે ઉપવનમાંહીં ચરણ પ્રભુકા સોહે...
દૂર દૂર સે યાત્રી આકર દેખ પ્રભુ મન મોહે... આવો૦


આનંદપૂર્વક એ સ્તવન પૂરું થતાં ત્રીજું સ્તવન ગુરુદેવે ગવડાવ્યું...


પાયે પાયે જી.... હાં.... હાં... પાયે પાયે જી સુદર્શન દર્શન જિયા હરષાયેજી૦
સબ ટલે હમારે પાતક પુણ્ય કમાયે જી.... પાયે પાયે જી૦

ગુરુદેવે સિદ્ધિધામમાં ભાવભીની ભક્તિ કરાવી તેથી સૌને ઘણો ઉલ્લાસ થયો; ઘણા ઉત્સાહપૂર્વક ભકિત પૂરી થતાં, સુદર્શનભગવાન વગેરેના જોસદાર જયજયકારપૂર્વક આ સિદ્ધક્ષેત્રની યાત્રા પૂરી થઇ.



સુદર્શન-સિદ્ધિધામમાં ભક્તિ





નાલંદા અવલોકન (જુઓ પાનું ૨૮૩)

પટના સિદ્ધક્ષેત્રથી સિદ્ધિ પ્રાપ્ત શ્રી સુદર્શન ભગવાનને નમસ્કાર હો....
એ સિદ્ધિધામની યાત્રા કરાવનાર કહાન ગુરુદેવને નમસ્કાર હો....

સુદર્શન સિદ્ધિધામની યાત્રા કરીને ગુરુદેવ સાથે પાછા ફરતા ભકતજનો આનંદથી પોતાનો હર્ષ વ્યકત કરતા હતા....ને ઉમંગથી ગાતા હતા—


ભવિ ભાવે તે સિદ્ધયાત્રા ગ્યા'તા....ગુરુજીની સાથમાં રે....
ત્યાં દર્શન કર્યાં શુદ્ધ ભાવે....સુદર્શન ધામના રે....
ત્યાં પૂજન કર્યાં બહુ ભાવે....ગુરુજીની સાથમાં રે....
ત્યાં ભક્તિ કરી બહુ ભાવે...સુદર્શન ધામમાં રે...
રોજ નવનવા તીર્થ ભેટાય...ગુરુજીની સાથમાં રે...
આ યાત્રા અપૂર્વ થાય...સુદર્શન ધામમાં રે...

વિવિધ તીર્થોમાં ગુરુદેવ સાથેની મંગલ યાત્રા અને વળી બેનશ્રી-બેનની ભકિતનો ઉમંગ....એટલે તો બસ ! જાણે સોનામાં સુગંધ મળી. ભકતોને ઘણો આનંદ થતો.... ગુરુદેવના અંતરપટ ખોલીને આવતા વૈરાગ્યના ઉદ્ગારો... ને ભકિતના પ્રસંગો તે તે તીર્થસ્થાને બનેલા પૂર્વપ્રસંગોનું સાક્ષાત્ દ્રશ્ય ખડું કરી દેતા હતા... અહા, 'જયાં અમારો ભકિતનો ભાવ ઉલ્લસ્યો ત્યાં, હે ભગવાન ! આપની સાથે ભાવથી અંતર નથી તો ક્ષેત્રથી કે કાળથી અંતર કેમ રહી શકે !'–એમ જ્ઞાની ભકિતના બળે સિદ્ધ ભગવાનને ઉપરથી અહીં ઉતારતા હતા... સૌને એમ જ થતું કે વાહ !–ગુરુદેવ સાથેની આ યાત્રાની બલિહારી છે !–આ જીવનનો એક સોનેરી પ્રસંગ છે !


યાત્રા કરીને ધર્મશાળાએ આવ્યા બાદ પૂ. ગુરુદેવના ભોજનનો પ્રસંગ બેનશ્રીબેનને ત્યાં બન્યો...આવા પ્રસંગની પૂર્વ તૈયારીમાં પણ સેવકોને કેવો ઉમંગ હોય છે તે અહીં જોવા મળ્યું...યાત્રાના પ્રસંગોમાં મહાપુરુષના આહારદાનનો લાભ મળતાં ધર્માત્માને જે આનંદ થાય છે તે અકથ્ય છે. આજે યાત્રા પછી ગુરુદેવને જમાડવાનો આકસ્મિક લાભ મળતાં ભકતોને ઘણો હર્ષ થયો. હવે રાજગૃહી, પાવાપુરી, સમ્મેદશિખરજી અને ચંપાપુરી જેવાં મુખ્ય તીર્થોની યાત્રા આવે છે; આ મહત્વના તીર્થોની યાત્રામાં ગુરુદેવ સાથે જોડાવા

માટે પાંચસો ઉપરાંત યાત્રિકોને લઇને એક સ્પેશીયલ ટ્રેઈન અમદાવાદથી રવાના થયેલી તે આજે અહીં પટનાશહેર આવી પહોંચી અને બીજા પણ કેટલાક યાત્રિકો આવી પહોંચ્યા; આથી સંઘના યાત્રિકોની સંખ્યા એક હજાર ઉપરાંત થઇ ગઇ. ગુરુદેવના પ્રભાવથી આવો વિશાળ યાત્રાસંઘ બહુ શોભતો હતો.

પટણા શહેરના મ્યુઝીયમમાં જમીનમાંથી નીકળેલી મૌર્યકાલીન પ્રાચીન દિગંબર જૈન-પ્રતિમાઓ છે તેનું પણ ગુરુદેવે અવલોકન કર્યું હતું. આ પટના શહેરનું જુનું નામ પાટલિપુત્ર છે, અહીં પાંચ જિનમંદિરો છે. બપોરે ૧૧ા વાગે અહીંના સમાજ તરફથી ગુરુદેવનું સ્વાગત થયું; ત્યારબાદ ગુરુદેવનું પ્રવચન થયું. પ્રવચન બાદ સંઘે રાજગૃહી તરફ પ્રસ્થાન કર્યું. વચ્ચે બિહાર-શરીફ ગામે ગુરુદેવ ભોજન માટે રોકાયા હતા, ને બીજા યાત્રિકો સીધા રાજગૃહી પહોંચી ગયા હતા.








( માહ વદ ૧૩ થી ફાગણ સુદ એકમ )

રા...જ.. ગૃ.. હી.. ન...ગ...રી ! અહા, તીર્થંકર ભગવાનના સમવસરણનું પવિત્ર ધામ ! એ રાજગૃહીના ધર્મદરબારમાં જતાં કોને આનંદ ન થાય ? નવ બસો અને ત્રીસ જેટલી મોટરોમાં છસો જેટલા યાત્રિકો હર્ષપૂર્વક ગાતાં ગાતાં એ પાવન તીર્થ તરફ જઈ રહ્યા છે :

હો ચાલોને...જઇએ શ્રી રાજગૃહીધામમાં...હો ચાલોને...જઇએ શ્રી વીર દરબારમાં...
હો ચાલોને...જઇએ શ્રી કહાનગુરુ સાથમાં–
ગુરુદેવ સાથમાં, શ્રી વીરપ્રભુ પાસમાં; વીરપ્રભુ પાસમાં, શ્રી રાજગૃહીધામમાં...
—હો ચાલોને૦
રાજગૃહીધામમાં, ને દિવ્યધ્વનિ સુણવા, દિવ્યધ્વનિ સુણવા, ને રત્નત્રય પામવા
—હો ચાલોને૦
રત્નત્રય પામવા ને ભવભ્રમણ ટાળવા; ભવભ્રમણ ટાળવા, ને મોક્ષસુખ પામવા...
—હો ચાલોને૦



અહા, ભગવાનના સમવસરણધામ તરફ જઈ રહ્યા છીએ; ભગવાનના દરબારમાં જશું ને રત્નત્રયને સાધશું. ભગવાનના દરબારમાં જતા ભકતોને ભક્તિ ઊછળ્યા વગર કેમ રહે? આજે બધા યાત્રિકોમાં ભક્તિનું વાતાવરણ પ્રસરેલું હતું; મોટી બસો કે નાની મોટરો— બધામાં યાત્રિકો ભક્તિ કરતા હતા. પૂ. બેનશ્રીબેન મોટરમાં 'સમવસરણ'ને યાદ કરી કરીને અંતરમાંથી વિધવિધ ભક્તિ વ્યક્ત કરતા હતા. અહા, શાંતભક્તિ! જાણે જિનગુણોનું મધુરું ગીતગુંજન! દૂર દૂર રાજગૃહીની પંચપહાડી દેખાતી હતી. ને મોટરો ઝડપભેર તેને ભેટવા દોડતી હતી. સમવસરણધામની નજીક જતાં જેમ જેમ ક્ષેત્રનું અંતર તૂટતું જતું હતું તેમ તેમ સાથે સાથે કાળનું અંતર પણ તૂટતું જતું હતું, ને એ સમવસરણ જાણે વર્તમાનગોચર થવા માંડતું હતું: આ રહ્યું સમવસરણ....આ બેઠા મહાવીર ભગવાન! આ આવ્યા ગૌતમ... ને આ...છૂટયા દિવ્યધ્વનિના નાદ! ચૈતન્યવૈભવનું શ્રવણ કરતાં સર્વત્ર હર્ષ છવાઈ રહ્યો.... ને સાધક જીવોની પરિણતિ તો આનંદથી નાચી ઊઠી.—એવો જ હર્ષ આજે ગુરુદેવ સાથે આ ધામમાં આવતાં સર્વે યાત્રિકોમાં છવાઇ રહ્યો છે...ને સાધક જીવોની પરિણતિ તો આનંદથી નાચી રહી છે.

અહા, જેમના પ્રતાપે આવા તીર્થધામોની યાત્રા થાય છે એવા ગુરુદેવના ઉપકારને હૃદય કઇ રીતે વ્યક્ત કરે? ટૂંકમાં માત્ર એટલું જ કહેવું બસ છે કે, ભાવતીર્થ ને દ્રવ્યતીર્થ એવી આ 'મંગલતીર્થયાત્રા'ના પ્રણેતા ગુરુદેવ જ છે; તેથી તીર્થયાત્રામાં પગલે પગલે ભકતોના હૃદયમાંથી ગુરુદેવનો ઉપકાર વ્યક્ત થાય છે; ને હૃદયના ધબકારા પણ જાણે કે ગુરુદેવના ઉપકારગીતમાં તાલ પુરાવી રહ્યા છે.


એમ કરતાં કરતાં ત્રણ વાગે રાજગૃહીનગરી આવી પહોંચ્યા. મુનિસુવ્રતનાથની જન્મનગરીમાં હર્ષભેર સૌ યાત્રિકો ઊતર્યા. દિગંબર જૈન ધર્મશાળામાં ઉતારો હતો. ધર્મશાળામાં એક નાનું જિનમંદિર છે, ને બાજુમાં એક વિશાળ જિનમંદિર અનેક વેદીથી શોભી રહ્યું છે. આ જિનમંદિરોના દર્શન કર્યા બાદ સૌ યાત્રિકો ગુરુદેવના સ્વાગત માટે તૈયાર થયા.

❁ ❁ ❁


આ તરફ, પટણાથી પ્રસ્થાન કરીને વચ્ચે બિહાર–શરીફ ગામે ભોજન માટે રોકાયેલા ગુરુદેવ, કલ્યાણવર્ષિણીમાં રાજગૃહી તરફ આવી રહ્યા છે. અહા, પહેલી જ વાર વિપુલાચલ તરફ પધારી રહેલા ગુરુદેવના અંતરમાં આજે અનેક ઊર્મિઓ જાગી રહી છે...કેવા હશે




રાજગૃહીમાં અભિષેક જુઓપાનું (૨૮૧)



રાજગૃહી ભક્તિ





એ સમવસરણના ધામ! ને કેવી હશે એ ગણધરાદિ સંતોની સભા! કેવો હશે એ ૐકારધ્વનિ...ને કેવા હશે એના ઝીલનારા!–આમ તીર્થંકરોનો આખો વૈભવ પોતાના હૃદયમાં ચિતારીને ગુરુદેવ ઊંડા ઊંડા સ્મરણોમાં મશગુલ છે; કલ્યાણવર્ષિણી–મોટર અત્યારે કેટલી ઝડપથી સમવસરણ તરફ દોડે છે તેનુંય લક્ષ નથી. અચાનક સેંકડો યાત્રિકોના જયનાદ સાંભળીને ગુરુદેવે બહાર નજર કરી ત્યાં તો સામે જ વિપુલાચલ!

વિપુલાચલ અને રાજગૃહીનગરીને દેખતાં જેમ ગુરુદેવને અતિ હર્ષ થયો તેમ રાજગૃહીમાં પધારેલા ગુરુદેવને દેખીને હજારો યાત્રિકોને પણ અતિ હર્ષ થયો, અને જયજયકારથી રાજગૃહીનગરીને ગજાવીને ઉત્સાહપૂર્વક સૌએ સ્વાગત કર્યું. સ્વાગતમાં તેમજ સંઘની વ્યવસ્થામાં કલકત્તાના ભાઈઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હિંદુસ્તાનના આ પૂર્વપ્રદેશમાં સાંજ ખૂબ વહેલી પડે છે. ચાર સાડાચાર વાગતાં તો સૂર્યાસ્ત થઈ જાય ને છ વાગ્યા પહેલાં તો એકદમ અંધારું થઈ જાય.

રાત્રે જિનમંદિરમાં ભક્તિ થઈ. દિવ્યધ્વનિના આ ધામમાં મહાવીરભગવાન પ્રત્યે ખૂબ જ ભક્તિ ઉલ્લસતી હતી. પૂ. ગુરુદેવે પણ ભગવાનના સમવસરણનું ભજન ઘણા પ્રમોદથી ગવડાવ્યું હતું. અહા, જાણે હમણાં જ મહાવીર ભગવાનની દિવ્ય વાણી છૂટી હોય ને તેના રણકાર હજી સંતોના હૃદયમાં ગૂંજતા હોય—એવું ભાવવાહી વાતાવરણ હતું. જિનમંદિરમાં -ભગવાનના દરબારમાં પ્રવેશ કરતાં જ વીરનાથને દેખીને ભક્તહૃદયની સીતાર ગૂંજી ઊઠી કે–

આજ મેં મહાવીરજી આયા તેરે દરબારમેં...
સાથ હી મૈં ભક્તિ લેકર આયા તેરે દરબારમેં..

અને પછી ભક્તિની ધૂન વધતાં ભક્તહૃદયમાંથી આનંદના રણકાર ઊઠયા—

મહાવીરા તેરી ધૂનમેં આનંદ આ રહા હૈ...આનંદ આ રહા હૈ

અજબ ભક્તિપૂર્વક એ બંને સ્તવનો ગવાયા હતા. ભગવાનના દરબારમાં થયેલી એ ભક્તિ, આરાધકજીવો જ કરાવી શકે એવી અપૂર્વ હતી.

ભક્તિ પછી, હજી તો રાજગૃહીનગરીનું વર્ણન લખવાનું શરૂ પણ નથી કર્યું ત્યાં તો, ભગવાન મહાવીર અને ગૌતમ ગણધર, બાહ્યવૈભવથી વિરક્ત કરનારી માતા દિવ્ય–વાણી અને અચિંત્ય વૈભવથી યુક્ત સમવસરણ, વળી મુનિસુવ્રતનાથના ૪ કલ્યાણક અને ૨૩–૨૩ તીર્થંકરોના સમવસરણ, શ્રેણિક, ચેલણા ને અભય તો બીજી તરફ જંબૂસ્વામીનો

વૈરાગ્ય—એ બધાયનાં સુસ્મરણો એક સાથે આવીને મન ઉપર હલ્લો કરે છે,—એક કહે છે : અમને પહેલાં લખો ને બીજા કહે છે કે અમને પહેલાં લખો. મન કહે છે : અરે સંસ્મરણો ! તમે બધા એક સાથે હલ્લો ન મચાવો, થોડીવાર શાંત થાવ. પહેલાં મને મારા ગુરુ સાથે આ વિપુલાચલ વગેરે તીર્થની મંગલયાત્રા કરી લેવા દ્યો.—આમ, મનમાં ઊભરાતા રાજગૃહીના ચારેકોરનાં સંસ્મરણોને શાંત પાડીને સવારમાં ગુરુદેવ સાથે વિપુલાચલધામની યાત્રા માટે તૈયારી કરી.





# રાજગૃહી તીર્થધામ—સિદ્ધિધામની યાત્રા

**માહ વદ ૧૪ :** સવારમાં **પૂ. ગુરુદેવ** સાથે રાજગૃહીના પંચપહાડીતીર્થની મંગલ યાત્રા શરૂ થઇ. શાસનના નાયક **શ્રી મહાવીર** તીર્થંકરે જ્યાંથી પહેલવહેલી ધર્મદેશના આપી—એવા આ પવિત્રધામમાં ગુરુદેવની સાથે વિચરતાં હજારો યાત્રિકો હર્ષવિભોર બન્યા હતા.

'**અત્યારે ગુરુદેવ સાથે** આપણે કયાં વિચરીએ છીએ ?—કે રાજગૃહીધામમાં.' અહા, **રાજગૃહી** !—રત્નત્રયનું ધામ !—અહીં તીર્થંકરોના પાવન ઉપદેશથી અનેક જીવો રત્નત્રયના આરાધક બન્યા; ગૌતમ જેવા અનેક જીવો રત્નત્રય પામ્યા, ને શ્રેણીક જેવા અનેક જીવો સમ્યક્ત્વ પામ્યા.—આવું આ પવિત્રધામ ! રત્નત્રયતીર્થનું અહીં પ્રવર્તન થયું...વીર-શાસનનું ધર્મચક્ર અહીંથી ચાલુ થયું. ગુરુદેવની સાથે આવા રત્નત્રયધામમાં આવીને આપણે પણ હવે ખાલી હાથે પાછા જવાના નથી, એવી ભાવના સાથે યાત્રિકો હર્ષભેર ગુરુદેવ **સાથે યાત્રા** કરવા જઇ રહ્યા છે. પર્વતનો કણેકણ જાણે કે રાજગૃહીની પાવન કથા સંભળાવતો હોય—એમ પગલેપગલે રાજગૃહીનાં સ્મરણો તાજાં થાય છે :

આ રાજગૃહી ભારતની અતિ પ્રાચીન અને સમૃદ્ધિશાળી નગરી છે; ભગવાન મહાવીરના વખતમાં તો તેની સમૃદ્ધિ ચરમસીમા ઉપર હતી. મગધરાજ્યની આ રાજધાની, મહાવીર ભગવાનના દિવ્યધ્વનિને લીધે આખા ભારતના જૈનશાસનની રાજધાનીનું ગૌરવ પામી હતી. અહીંના રાજા શ્રેણીક, તેઓ મહાવીર ભગવાનના માત્ર 'માસા' જ નહિ—પરંતુ પરમ ઉપાસક હતા. પાંચ સુંદર પર્વતોની તળેટીમાં સ્થિત આ રાજગૃહીનો મહાભારતના સભાપર્વમાં તથા બીજા હિન્દુપુરાણોમાં 'ગિરિવ્રજ' તરીકે ઉલ્લેખ આવે છે. જૈનપુરાણો અનુસાર આ રાજગૃહીનગરી શ્રી વાસુપૂજ્ય સિવાયના ત્રેવીસ તીર્થંકર ભગવંતોના પુનિત આગમનથી પાવન થઇ છે. મુનિસુવ્રતનાથ ભગવાનના ચાર કલ્યાણક અહીં થયા છે.



અંતિમકેવળી શ્રી જંબુસ્વામી* તેમજ વીરપ્રભુના કેટલાક ગણધરો અહીંથી મુક્તિ પામ્યા છે તેથી આ 'સિદ્ધક્ષેત્ર' છે. યશોધર મુનિરાજનો ઉપસર્ગ મહારાણી ચેલણાએ દૂર કર્યો અને શ્રેણીકરાજા જૈનધર્મી બન્યા— એ પ્રસંગ પણ આ જ નગરીના ઉદ્યાનમાં બન્યો હતો. શ્રી કૃષ્ણના પ્રતિસ્પર્દ્ધી જરાસંઘ પ્રતિવાસુદેવની રાજધાની પણ અહીં જ હતી. ઈસ્વીસનની પૂર્વે— એટલે આજથી લગભગ બે હજારવર્ષ પહેલાં, સોપારાથી એક અર્જિકાસંઘ અહીં તીર્થવંદના માટે આવેલ, ધીવરી પૂતગંધા પણ તેમાં હતી, તેણે ક્ષુલ્લિકાવ્રત ગ્રહણ કરીને અહીંની નીલીગુફામાં સમાધિમરણ કર્યું હતું. જૈન, હિન્દુ કે બૌદ્ધ—સર્વે આ રાજગૃહીને પવિત્ર માને છે. અહીં પર્વતમાંથી આવતા ગરમપાણીના ઝરણાં અને કુંડ અનેક રોગને મટાડનાર મનાય છે,— અહા! આ ભૂમિમાં જિનનાથના શ્રીમુખથી વહેલી શ્રુતગંગા જ્યાં ભવરોગનો પણ નાશ કરનાર છે ત્યાં બીજા રોગની શી વાત? મહાવીરભગવાન થયા પહેલાં પણ આ રાજગૃહીનગરી તીર્થ તરીકે પ્રતિષ્ઠા પામી ચૂકી હતી; તેના ભૂગર્ભમાં રહેલા મહાવીરકાલીન કે તેનાથી પણ પહેલાંના જૈન સંસ્કૃતિના અવશેષો ખોદકામ કરતાં મળી આવે છે, અને તે પ્રાચીન જૈનધર્મની ગૌરવગાથા પ્રસિદ્ધ કરે છે.

—આવી આ રાજગૃહીનગરીમાં પાંચ પર્વતો શોભી રહ્યા છે: ૧. વિપુલાચલ ૨. રત્નગિરિ ૩. ઉદયગિરિ ૪. સુવર્ણગિરિ (સોનાગિરિ અથવા શ્રમણગિરિ) અને ૫. વૈભારગિરિ. ભગવાન વીરસેનસ્વામીએ શ્રી ધવલાટીકામાં બહુમાનપૂર્વક આ પંચશૈલપુર (રાજગૃહી)નો ઉલ્લેખ કર્યો છે. વૈશાખ સુદ દસમે જૃમ્ભગામમાં ઋજુકૂલાનદીના કિનારે * કેવળજ્ઞાન પામ્યા બાદ ભગવાન મહાવીર ત્યાંથી વિહાર કરીને રાજગૃહીનગરીમાં પધાર્યા....વિપુલાચલ પર સમવસરણ રચાયા.... બાર સભા ભરાણી....હજારો–લાખો જીવોનાં ટોળેટોળાં આવ્યા ને ભગવાનનો ઉપદેશ સાંભળવા આતૂર બન્યા. અંતે ૬૬ દિવસ બાદ, અષાડ વદ એકમે જ્યારે શ્રી ઇન્દ્રભૂતિ-ગૌતમ આવ્યા ત્યારે ભગવાનના સર્વાંગેથી દિવ્યધ્વનિના મેઘ વર્ષ્યા, ને ભવ્ય જીવોના આનંદનો પાર ન રહ્યો. જેમ પ્રથમવર્ષા થતાં હર્ષિત મયુર કળાસહિત નાચી ઊઠે તેમ ધર્મની પ્રથમવર્ષા થતાં જ ભવ્યમયુરો જ્ઞાનકળા ખીલવી-ખીલવીને આનંદથી નાચી ઊઠ્યા; ગૌતમસ્વામી રત્નત્રય પામ્યા ને ગણધર થઈને બાર અંગ રચ્યા.

---

* જંબુસ્વામીના મોક્ષસ્થાન તરીકે મથુરા તેમજ રાજગૃહી—બંનેનો ઉલ્લેખ જોવામાં આવે છે; તેથી આ પુસ્તકમાં બંને સ્થાનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમના જન્મનો તથા લગ્નના બીજે જ દિવસે વૈરાગ્યથી વિદ્યુતપ્રભાદિ ૫૦૦ રાજકુમારો સહિત દીક્ષાનો પ્રસંગ આ રાજગૃહીમાં જ બન્યો હતો. —લેખક.

* આ સ્થાન સમ્મેદશિખરના મધુવનથી દસેક માઈલ દૂર છે: નદીકિનારાનું દૃશ્ય બહુ રમણીય છે.

અહા, આ તેમની દીક્ષાભૂમિ, આ તેમના ગણધરપદની ભૂમિ, અહીં જ તેમને ચાર જ્ઞાન પ્રગટ્યા અને અહીં જ તેમણે બાર અંગની રચના કરી, એટલે શાસ્ત્રરચનાની પણ આજ ભૂમિ.—આમ, તીર્થંકરદેવ, ગણધરદેવ અને જિનવાણી એ ત્રણેના સર્વોત્તમ સંગમથી શોભતી આ ભૂમિ, આજે પણ ગુરુદેવના સંઘસહિત આગમનથી જાણે કે એવી જ શોભી રહી છે;—'જાણે આજે જ અહીં તીર્થંકરો-ગણધરો અને જિનવાણી સાક્ષાત્ બિરાજતા હોય'-એવા પ્રમોદથી સૌ યાત્રિકો ગુરુદેવ સાથે યાત્રા કરી રહ્યા છે. આ સ્થાનનો રજકણે-રજકણ પવિત્ર છે. આ તીર્થની વંદના કરતાં (અને તે પણ ગુરુદેવ જેવા આરાધકજીવોની સાથે વંદના કરતાં) હૃદયમાં જાગતી આરાધનાની ઉત્તમ ભાવનાઓ વડે અંતરાત્મા પાવન થાય છે.

## (૧) વિપુલાચલ તીર્થધામની યાત્રા

અહા! ધનભાગ્ય—ધન્ય ઘડી! આજે ગુરુદેવ સાથે વિપુલાચલધામની યાત્રા થાય છે, ભગવાનના સમવસરણમાં ગુરુદેવ આપણને લઈ જાય છે. ગુરુદેવે જ્યાં વિપુલાચલ પર પહેલું પગલું મૂક્યું ત્યાં વીરપ્રભુના જયનાદથી પર્વત ગાજી ઊઠ્યો.. પર્વતની શરૂઆતમાં જ વીરપ્રભુના ધર્મપ્રવર્તનસંબંધી સ્મૃતિ લખેલી નજરે પડે છે,- જાણે કે પર્વત જ પોતાના મુખથી એ સ્મરણો કહેતો હોય: "इस पर्वतके उपर आजसे लगभग छट्ठी शताब्दि ई० पूर्वे श्रावण वदि एकमके दिन जैनधर्मके अन्तिम तीर्थंकर भगवान महावीरकी प्रथम देशना हुई थी"— એ સ્મરણ વાંચીને ઝટઝટ વિપુલાચલ ઉપર પહોંચવા માટે યાત્રિકોના પગમાં જોમ આવે છે. અને વળી વચ્ચેવચ્ચે ગુરુદેવ પણ વીરનાથના સ્મરણો યાદ કરી કરીને યાત્રિકોને આનંદ કરાવે છે. આજે વીરનાથની ભૂમિમાં વિચરતાં ગુરુદેવને ઘણોજ પ્રમોદ અને પ્રસન્નતા થાય છે, અને એ પ્રસન્નતાના પડઘા ભક્તોના હૃદયમાં પડે છે. આમ હર્ષમય વાતાવરણમાં ગુરુદેવના પગલે પગલે હજારો યાત્રિકોની લાંબીલાંબી વણઝાર વિપુલાચલ ઉપર ચાલી જાય છે. અહા! કેવું મજાનું દૃશ્ય! સમવસરણ તરફ જીવોનાં ટોળેટોળાં જતા હશે-એ વખતનું દૃશ્ય કેવું હશે-તેનો નમુનો અત્યારે દેખાય છે. આગલી રાત્રે થાકેલા યાત્રિકોને એમ થતું કે સવારમાં પાંચ પર્વત કેમ ચડાશે?—પરંતુ આ તો સમવસરણની ભૂમિ, અને વળી ગુરુદેવ જેવા સત્પુરુષોનો સંગ, તેમાં થાક ક્યાંથી

લાગે ? પર્વત ચડતી વખતે એ બધોય થાક ભૂલાઈ ગયો,—જેમ અજ્ઞાનદશાનો થાક જ્ઞાન–દશા થતાં ભાગી જાય તેમ.

થોડુંક ચડ્યા ત્યાં વચ્ચે પ્રાચીનકાળના મોટા ચરણપાદૂકાના દર્શન થયા; મહાવીર ભગવાનના આ ચરણપાદૂકાના દર્શનથી હર્ષ થયો. ભગવાનના પદચિહ્નો ઓળખી–ઓળખીને સંતો તેમના પગલે જઇ રહ્યા છે, ને યાત્રિકો પણ એ પદચિહ્નોને શિર નમાવીને તથા તેની ચરણરજ મસ્તકે ચઢાવીને ગુરુદેવના પગલે પગલે જઈ રહ્યા છે.

ગુરુદેવ સાથે સમવસરણધામની આવી અપૂર્વ યાત્રાંથી પૂ. બેનશ્રીબેનને અપાર હર્ષ થતો હતો ને ભક્તિવડે પોતાનો હર્ષ વ્યક્ત કરતા હતા. આનંદમય ભકિતવડે યાત્રાનો ઉત્સવ અનેરો શોભતો હતો. એક તરફ આકાશમાં સોનેરી સૂરજ ઊગી રહ્યો હતો...તો બીજી તરફ વિપુલાચલ ઉપર બહેનો ગાતાં હતા કે—

આજ મારે સોના સમોરે સૂરજ ઊગીયો...રે...
મારે યાત્રા અપૂર્વ ગુરુજી સાથ...મારે...


ભગવાનના દરબારમાં ગુરુદેવ સાથે જતાં યાત્રિકોને તો ઉમંગ હોય....પરંતુ આવી મહાન પ્રભાવશાળી યાત્રા દેખીને ડોળીવાળા લોકો પણ હોંશમાં આવી જતા ને 'ભગવાનની તથા સમોસરણની જે' બોલાવતા.—આમ આનંદપૂર્વક ગુરુદેવ સાથે સૌ વિપુલાચલ ઉપર આવી પહોંચ્યા, અહા ! ભગવાનના દરબારમાં આવી પહોંચ્યા. ગુરુદેવ તો એ ધામને ઘણીવાર સુધી નીહાળી જ રહ્યા. વિપુલાચલ પર ત્રણ-ચાર મંદિરો છે, તેમાં શ્રી મહાવીર ભગવાન, ચંદ્રપ્રભ ભગવાન વગેરેનાં પ્રતિમાજી તેમજ વીરપ્રભુના ચમણકમળ સ્થાપિત છે. સૌએ ત્યાં દર્શન કરીને અર્ઘ ચડાવ્યો ને પછી પ્રભુજીના ચરણસન્મુખ પૂજન કર્યું. પૂજન પછી ભક્તિ થઇ. પહેલાં ગુરુદેવે નીચેનું ભજન ગવડાવ્યું—


વીરસભામાં અહીં ગૌતમ પધાર્યા....અમૃત વરસ્યા મેહ રે....વીરજીની વાણી છૂટી રે....
રત્ન અમોલક ગણધરદેવ શ્રી શોભાવ્યા શાસન રે....વીરજીની વાણી છૂટી રે....
તરસ્યાં ચાતક દેવ માનવ તીર્થંચની તત્ત્વપિપાસા છિપાય રે....વીરજીની વાણી છૂટી રે....
દરશન જ્ઞાન ને ચારિત્ર કેરા મોંઘેરા ફાલ્યા ફાલ રે....વીરજીની વાણી છૂટી રે....
મોંઘો મારગ જ્યાં મુક્તિતણો ત્યાં જીવોનાં જૂથ ઊભરાય રે....વીરજીની વાણી છૂટીરે....
ધન્ય નગર ધન્ય સમવસરણ ધન્ય ધન્ય સભા નરનાર રે....વીરજીની વાણી છૂટી રે....





વિપુલાચલ યાત્રા





દિવ્યધ્વનિના વહ્યા પ્રવાહ એ ધન્ય દિવસ ધન્ય રાત રે....વીરજીની વાણી છૂટી રે....
સાક્ષાત્ સુણવા એ દિવ્યધ્વનિને મન મારું તલસાય રે....વીરજીની વાણી છૂટી રે....

અહા, હજારો યાત્રિકોના હર્ષ અને ભક્તિભર્યા કોલાહલથી વિપુલાચલનું વાતાવરણ સમવસરણ જેવું બની રહ્યું હતું. જાણે કે અત્યારે જ અહીં વીરપ્રભુની ધર્મસભા ભરાણી હોય, ગૌતમસ્વામી આવતા હોય ને પ્રભુની વાણીના ધોધ વહેતા હોય, આપણે પણ ધર્મસભામાં બેઠાબેઠા એ દિવ્ય વાણી સાંભળવામાં મશગુલ હોઇએ,-એવા ભાવે ગુરુદેવ ભક્તિ કરાવી રહ્યા હતા. એક તો વીરપ્રભુનું વિપુલાચલધામ, અને વળી ગુરુદેવની ભક્તિ! યાત્રિકોને માટે એ સોનેરી ઘડી હતી. ગુરુદેવના હૃદયમાં ઉલ્લસતી જિનેન્દ્રભક્તિ શ્રોતાઓને પણ જિનમાર્ગ પ્રત્યે પરમ બહુમાન જગાડતી હતી. અહા, ગુરુદેવની સાથે વીરસભામાં બેસીને ભક્તિ કરવાનો એ ધન્ય અવસર હતો. એક સ્તવન પૂરું થયું ને તરત ગુરુદેવે બીજું સ્તવન શરૂ કર્યું: “પ્રભુની વાણી જોર રસાળ...મનડું સાંભળવા તલસે.” દિવ્યધ્વનિના આ ધામમાં ગુરુદેવને દિવ્યધ્વનિના સ્મરણો તાજા થતા હતા એટલે ગુરુદેવ ખૂબ જ ભાવભીના હૃદયે ભક્તિ ગવડાવતા હતા. અને,-જાણે કે ભગવાનની બારેય સભા ભરાણી હોય ને ગણધરાદિ સંતજનોના ચરણસમીપે બેસીને તેમની સાથે જ ભક્તિ કરતા હોઇએ-એવા વાતાવરણ વચ્ચે યાત્રિકો પરમ ઉત્સાહથી ભક્તિ ઝીલતા હતા. ગુરુદેવની ઉલ્લાસભરી ભક્તિથી સૌ યાત્રિકોને ઘણો આનંદ થયો, ને ચારેકોર જયજયકાર ગાજી ઊઠ્યા. ત્યારબાદ ગુરુદેવની આજ્ઞાનુસાર બંને પૂ. બહેનોએ પણ અદ્‌ભુત ભક્તિ કરાવી... ભક્તહૃદયના તાર ઝણઝણી ઊઠ્યા ને વીતરાગરસભીનું સંગીત શરૂ થયું—

અહીં દિવ્યધ્વનિ છૂટી વીરમુખથી રે....અહીં ૐધ્વનિ છૂટી વીરમુખથી રે....
અનંત જીવોના તારણહાર...આજ દિવ્ય૦....સહુ મહોત્સવ કરીએ આજ....આજ દિવ્ય૦
આજ પાત્ર ગૌતમજી પધારીયા રે....પ્રભુ દિવ્યધ્વનિના છૂટયા ધોધ....અહીં દિવ્ય૦
વિપુલાચલે સમોસરણ જામીયા રે....શ્રેણીક રાજાની રાજધાની માંહી....આજ દિવ્ય૦
રૂડી રાજગૃહી નગરી માંહી....આજ દિવ્યધ્વનિ છૂટી વીર મુખથી રે....
ચાર તીર્થ ધ્વનિરસે તરબોળ થયા રે....ગણધરમુનિ-શ્રાવકના થયા વૃંદ....અહીં દિવ્ય૦
આત્મ આનંદમાં નાચી ઊઠ્યા આજ...અહીં દિવ્યધ્વનિ છૂટી વીર સુખથી રે..

—એ સ્તવન વખતે ‘ભગવાનના દરબાર’ની ધૂન તો કોઇ અજબ હતી. અહા, આ વિપુલાચલની યાત્રા-ભક્તિ ગુરુદેવ સાથે કોઈ અનેરા ભાવથી થઇ છે; સૌને એમ જ થતું

કે વાહ, ગુરુદેવ જેવા જ્ઞાની મહાત્માની સાથે યાત્રાની ખરેખર બલિહારી છે. જાણે મહાવીર ભગવાન અહીં બિરાજતા હોય, દિવ્યધ્વનિ છૂટતો હોય ને સભામાં બેસીને અત્યારે સાંભળતા હોઇએ, એવું સાક્ષાત દૃશ્ય ખડું થઇ ગયું હતું. દિવ્યધ્વનિ સાંભળીને સૌ આનંદ કરતાં હોઈએ—એવો ઉલ્લાસ સૌને યાત્રામાં આવતો. અહા, જ્ઞાનીઓના ભક્તિ અને ભાવો અચિંત્ય કોઈ જુદા જ છે ! એ ભાવો જગતથી જુદા તરવાઈ જતા. એ અવનવા દૃશ્યો ને અવનવા ભાવો નીહાળવાનું સદ્ભાગ્ય મળતાં સૌને આનંદ થતો..ધન્ય થયું જીવન...કે ગુરુદેવ સાથે આવી યાત્રા થઈ ! આજના સૂર્યોદયનું સોનેરી દૃશ્ય પણ કોઈ અનેરું હતું....ખરેખર આજે જીવનનો સોનેરી દિવસ હતો.

ગુરુદેવ આ ભૂમિનું અવલોકન કરીને માહાત્મ્યપૂર્વક કહેતા હતા કે સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા અહીં બિરાજતા હતા ને ઉપરથી ઇન્દ્રોનાં ટોળાં અહીં ભગવાનની સેવા કરવા ઊતરતા હતા; ભગવાનની વાણી સાંભળીને ઘણા જીવો ધર્મ પામતા હતા.—એ રીતે ખૂબ જ મહિમા કરતા હતા. દિવ્યધ્વનિનું આ ધામ નીહાળતાં કોઇક પાવનહૃદયમાં એવી ઉર્મિ જાગતી હતી—જાણે કે હમણાં તાજેતરમાં જ ભગવાનની દિવ્યવાણી સાંભળી હોય ! ક્યારેક તો એ ઊર્મિ એટલી ઉગ્ર બનતી—જાણે કે અત્યારે જ ભગવાનની સભામાં બેઠા બેઠા ॐકારનાદ સાંભળતા હોય !—એમ દેહ સ્તબ્ધ બની જતો.

વળી બીજા કોઇ યાત્રિકો પર્વતનું અવલોકન કરતા, નયનો દ્વારા પર્વત સાથે વાતો કરતા, અને પર્વતને પૂછવાનું મન થતું કે અરે પર્વત ! તેં તો વીરનાથભગવાનની દિવ્ય વાણી સાંભળી છે,-કહે તો ખરો...કેવી હતી એ વીરપ્રભુની વાણી ! ત્યારે પર્વતનેય જાણે વાચા ફૂટતી હોય-એમ તેમાંથી પડઘા ઊઠે છે કે "અહા, એ વાણીની શી વાત !! ચૈતન્યનો અપાર વૈભવ બતાવીને આત્માને અંતર્મગ્ન કરનારી એ વાણી સાંભળી-સાંભળીને ઘણા જીવો સમ્યગ્દર્શન પામીને આત્મામાં લીન થતા હતા. અરે, અમને પણ એવું મન થઈ જતું હતું, પરંતુ અમે તો જડ; અમને એવી લીનતા ક્યાંથી હોય ? છતાંય અમારા ધનભાગ્ય કે પ્રભુના ચરણની નીકટતાથી અમે પાવન થઇ ગયા."—એ સાંભળીને યાત્રિકોને પણ એમ થતું કે ધન્ય આ પર્વત ! ને ધન્ય આ ધૂળ !—આમ કહીને પ્રભુચરણથી પાવન થયેલી રજને સૌ પોતાના મસ્તકે ચડાવતા. ગુરુદેવ ફરી ફરીને ભાવપૂર્વક પ્રભુચરણોનો સ્પર્શ કરતા...કેટલી વાર ?-ત્રણ વાર નહીં પણ સાત વાર !

—આમ ગુરુદેવ સાથે વિપુલાચલ તીર્થધામની ઘણી ભાવભીની યાત્રા કરી....ને સેંકડો-હજારો યાત્રિકોના હૃદયમાંથી જયજયકારધ્વનિ ગાજી ઊઠ્યો : "બોલિયે...શ્રી મહાવીર



મંગલ તીર્થયાત્રા (૨૬૬)

ભગવાનકી જય હો! બોલિયે...શ્રી ગૌતમ ગણધર દેવકી જય હો! દિવ્યધ્વનિ જિનવાણી માતકી....જય હો! ભગવાન કે સમવસરણકી...જય હો! મંગલયાત્રા કરાવનાર ગુરુદેવકી જય હો!"—પર્વતના હૃદયમાંથી પણ એ જયધ્વનિના એવા ધીર-ગંભીર પડઘા ઊઠ્યા.. જાણે કે પર્વતરાજે ભગવાનના દિવ્યધ્વનિને હજી પોતાના હૃદયમાં 'રેકોર્ડિંગમશીન'ની જેમ સંઘરી રાખ્યો હોય... ને અત્યારે ગૌતમ જેવા પાત્રભક્તોને દેખીને તે ધ્વનિ તેમને સંભળાવી રહ્યો હોય!—આમ કાનમાં ગૂંજી રહેલા દિવ્યધ્વનિના નાદ સહિત પહેલા પર્વતની યાત્રા પૂર્ણ કરીને સૌએ બીજી પહાડી તરફ પ્રસ્થાન કર્યું.

વિપુલગિરિના વૈભવસ્વરૂપ વીરવાણીને નમસ્કાર હો.
વિપુલગિરિ તીર્થધામની યાત્રા કરાવનાર કહાનગુરુદેવને નમસ્કાર હો.



## (૨) રત્નાગિરિ તીર્થધામની યાત્રા

પૂ. ગુરુદેવ સાથે એક હજાર યાત્રિકોનો સંઘ વિપુલાચલ તીર્થની યાત્રા કરીને હવે બીજા રત્નગિરિપર્વત તરફ જઈ રહ્યો છે. સંઘનો એક છેડો રત્નાગિરિ ઉપર છે ને બીજો છેડો વિપુલાચલ ઉપર છે, યાત્રિકોની લાંબી હારમાળાથી બંને પર્વતો જોડાઈ ગયા છે. પૂ. બેનશ્રી-બેનને પૂ. ગુરુદેવ સાથે યાત્રા કરવામાં વિશેષ આનંદ આવે છે એટલે તેઓ ચાલતાં ચાલતાં ભક્તિ ગવડાવી રહ્યા છે—

તુજ પાદ પંકજ અહીં થયા...આ દેશને પણ ધન્ય છે;
તુજ પાદથી સ્પર્શાઈ એવી આ ધૂલીને પણ ધન્ય છે.

વિપુલાચલથી નીચે ઊતરવામાં યાત્રિકોના પગ ઝટ ઊપડતા ન હતા, કેમકે યાત્રિકોને એમ થતું કે હે ભગવાન! જ્યારે આપ અહીં સમવસરણમાં સાક્ષાત્ બિરાજતા હતા ત્યારે અહીં આપની પાસે ઘણા જીવો આવતા, ને ઉપર આવ્યા પછી ફરીને તેમને નીચે ઊતર-

વાનું બનતું ન હતું; આપની દિવ્યવાણી સૂણીને ચૈતન્યમાં એવા લીન થઇ જતા કે ઉપર ને ઉપર જ કેવળજ્ઞાન પામી જતા. અહા ! આપની પાસે આવીને અનેક જીવો આપના જેવા થઇ ગયા. હે ભગવાન ! અમે પણ આપના જેવા થવા માટે જ આપની પાસે આવ્યા છીએ.

અહા, ધન્ય એ તીર્થંકર...ને ધન્ય એ સમવસરણ, ધન્ય એ ૐકારનાદ ને ધન્ય એના શ્રોતા, ધન્ય એ મુનિવરોની સભા ને ધન્ય એ શ્રેણિકરાજા, ધન્ય આ રાજગૃહી ને ધન્ય આ વિપુલાચલ ! આમ મહિમાપૂર્વક ભક્તિ કરતાકરતા સૌ યાત્રિકો રત્નાગિરિ તરફ ચાલી રહ્યા છે,-ચાલી નહીં પણ દોડી રહ્યા છે, કેમકે સૌને ગુરુદેવ સાથે જ રહેવાની હોંસ છે. તીર્થંકરોના ધામ નજરે નીહાળીને ગુરુદેવને ઘણી પ્રસન્નતા થઈ છે, તેઓ ડોળીમાં બેઠાબેઠા પણ તીર્થધામનો મહિમા કરતા જાય છે ને યાત્રાની પ્રસન્નતા વ્યક્ત કરીને સૌને આનંદ કરાવે છે.

—આમ ગુરુદેવ સાથે આનંદ કરતા સૌ યાત્રિકો બીજા રત્નાગિરિપર્વત પર આવી પહોંચ્યા. આ રત્નાગિરિ ઉપર મુનિસુવ્રતભગવાનના કેવળજ્ઞાનકલ્યાણકનું સ્થાન છે. મુનિ-સુવ્રતભગવાનના ગર્ભ-જન્મ-તપ અને જ્ઞાન એ ચાર કલ્યાણક આ રાજગૃહીનગરીમાં થયા છે. રત્નાગિરિ પર્વત ઉપર એક નાનકડા મંદિરમાં તેમની પ્રતિમા છે તથા વીરપ્રભુના પવિત્ર ચરણોની સ્થાપના છે. મંદિરનું પ્રવેશદ્વાર બહુ નાનું છે એટલે સૌએ એક પછી એક અંદર જઇને દર્શન કર્યા, અર્ઘ ચડાવ્યો; ગુરુદેવ વગેરેએ પણ ભાવસહિત રત્નાગિરિ પર રત્નમિશ્રિત અર્ઘ ચડાવ્યો. રત્નત્રયમાર્ગના પથિક પૂ. ગુરુદેવ અને તેમના સેવકો થોડીવાર રત્નગિરિધામમાં બેઠા ને યાત્રાની આનંદભરી ચર્ચા કરી; પછી વીસમા અને ચોવીસમા તીર્થંકરના જયજયકારપૂર્વક ત્રીજી પહાડી તરફ પ્રસ્થાન કર્યું.

રત્નાગિરિ પર બિરાજમાન મુનિસુવ્રતનાથ ભગવાનને નમસ્કાર હો.

રત્નાગિરિ તીર્થની યાત્રા કરાવનાર કહાન ગુરુદેવને નમસ્કાર હો.



# (૩) ઉદયગિરિ તીર્થધામની યાત્રા


માહ વદ ૧૪ના દિવસે, કહાનગુરુદેવનો યાત્રાસંઘ રાજગૃહીમાં તીર્થયાત્રા કરતાં કરતાં બીજી પહાડી પરથી ઊતરીને ત્રીજી પહાડી તરફ જઇ રહ્યો છે. આ ઉતરાણ જરાક લાંબું છે, ત્યારબાદ ત્રીજી પહાડી ઉદયગિરિ આવે છે. એક પહાડથી બીજે પહાડે, ને બીજેથી ત્રીજે પહાડે જતાં રસ્તામાં ભક્તિ તો ચાલુ જ હોય. ગુરુદેવના આનંદકારી ઉદ્ગારો ઝીલવા અને બેનશ્રીબેનની ભક્તિ સાંભળવા માટે યાત્રિકો દોડંદોડ કરતા હતા, પરંતુ દોડતાં-દોડતાંય ભક્તિના તાલની સાથે પગના તાલ મેળવવાનું ચૂકતા નહીં. આમ લાંબો રસ્તો પણ ભક્તિના તાનમાં ઝટ પૂરો કરીને ત્રીજી પહાડી પાસે આવી પહોંચ્યા. જેમ ક્ષપક-શ્રેણીનો કાળ તો નાનો છે પણ પુરુષાર્થ ઘણો છે તેમ આ ઉદયગિરિ પહાડી તો નાની છે પણ તેનું ચઢાણ ઘણું કઠણ છે;—પરંતુ, જેમ ચૈતન્ય પરમાત્માને ધ્યેયરૂપે રાખીને સાધકજીવો અંતર્મુહૂર્તમાં ક્ષપકશ્રેણી ચઢી જાય છે તેમ ભગવાનને સામે ધ્યેયરૂપે રાખીને યાત્રિકો અંત-ર્મુહૂર્તમાં જ ઉપર પહોંચી ગયા. ભગવાન પ્રત્યેના ઉલ્લાસનું બળ ભક્તોને ઉપર લઇ ગયું. 'જ્યાં સાચો ઉલ્લાસ હોય ત્યાં માર્ગ વિકટ લાગતો નથી.' ભગવાનને ધ્યેયરૂપે રાખીને અને ગુરુદેવને સાથે રાખીને ઉદયગિરિ ઉપર આવી પહોંચ્યા. રસ્તામાં ભલે થાક લાગે પણ ધ્યેયસ્થાને પહોંચ્યા પછી થાક દૂર થઇ જાય છે, તેમ ઉદયગિરિ ઉપર પહોંચીને જિનનાથના દર્શન કરતાં માર્ગનો થાક દૂર થઈ ગયો. અહીં મહાવીરભગવાન, ચંદ્રપ્રભભગવાન, શાંતિ-નાથભગવાન તથા પાર્શ્વનાથભગવાન બિરાજે છે; તેમનાં દર્શન કરીને ગુરુદેવ સહિત સૌએ અર્ઘવડે પૂજન કર્યું. વીતરાગી દિગંબર જૈનધર્મના સાક્ષાત્ મૂર્તિમંત ખડ્ગાસન પ્રતિમાઓ પ્રત્યે યાત્રિકોનું ધ્યાન ખેંચીને ગુરુદેવ ભાવપૂર્વક કહેતા કે જુઓ, જૈનમાર્ગમાં મુનિઓની દશા પણ આવી જ હોય છે,—આમ ગુરુદેવ યાત્રા કરતાં કરતાં ભગવંતોનું અને મુનિ-વરોનું સ્વરૂપ પણ દેખાડતા જતા હતા તેથી યાત્રિકોને ઘણો પ્રમોદ આવતો. અહા, ગુરુદેવ સાથેની મહાન યાત્રામાં યાત્રિગણના હર્ષનો પાર ન હતો, દુનિયાના વાતાવરણથી દૂરદૂર કોઇ ધર્મયુગમાં વર્તી રહ્યા હોઇએ—એમ સૌને લાગતું હતું. આ રીતે આનંદપૂર્વક રાજ-ગૃહીમાં ત્રીજા ઉદયગિરિ પહાડની યાત્રા પૂર્ણ થઇ.


ઉદયગિરિ-તીર્થધામની યાત્રા કરાવનાર ગુરુદેવને નમસ્કાર હો.


ઉદયગિરિની યાત્રા કરીને સૌ ભક્તિ કરતાં કરતાં નીચે આવ્યા. આ પર્વતની તળેટીમાં વિશ્રામસ્થાન છે ત્યાં દિગંબર તેમજ શ્વેતાંબર બંને તરફથી યાત્રિકોને ભાતું અપાય છે. ઘણાખરા યાત્રિકો અહીં વિસામો લેવા રોકાયા, ને યાત્રાની ખુશાલીમાં આનંદભરી ઉજાણી કરતા હોય તેમ સૌએ ભાતું ખાધું. આમ આનંદપૂર્વક ત્રણ પહાડની યાત્રા કરીને ધર્મશાળાએ આવ્યા.

એ રીતે માહ વદ ૧૪ના રોજ રાજગૃહીનગરીમાં પૂ. ગુરુદેવે સંઘ સહિત દિવ્યધ્વનિના ધામ વિપુલાચલ તીર્થની યાત્રા કરી, વિપુલાચલ પર વીરપ્રભુના સમવસરણના અને દિવ્યધ્વનિના ધામને હૃદયની ઊંડી ઉર્મિઓપૂર્વક નજરે નીહાળ્યા, ને દિવ્યધ્વનિ છૂટવાના એ ધન્ય પ્રસંગને યાદ કરીને ભાવભીની અદ્‌ભુત ભક્તિ કરી. ત્યારબાદ હવે નીચે પધારીને, જિનમંદિરમાં હજારો યાત્રિકોની સભા વચ્ચે પ્રવચનમાં શ્રુતજ્ઞાનનું ઝરણું વહાવી રહ્યા છે, ને રાજગૃહીનું ભાવભીનું વર્ણન કરીને વીરપ્રભુના વખતનું સાક્ષાત્ વાતાવરણ ખડું કરી રહ્યા છે: અહા, શી એ અદ્‌ભુત વાણી! વીરપ્રભુના ધામમાં ગુરુદેવની આ વાણી સાંભળતાં ભક્તોને દિવ્યધ્વનિના શ્રવણ જેવો હર્ષ થાય છે. અરે, રાજગૃહીમાં અત્યારે જિનમંદિરના ચોકમાં બેઠા છીએ? ...કે...તીર્થંકર ભગવાનના સમવસરણમાં?—એ પણ ભૂલાઇ જાય છે. પ્રવચનમાં બહુ ભાવથી ગુરુદેવ કહે છે કે: "આ રાજગૃહી પવિત્ર તીર્થ છે; ૨૩-૨૩ તીર્થંકરોના સમવસરણ અહીં આવ્યા છે; અનેક ગણધર ભગવંતો અહીં વિચર્યા છે, ભગવાનનો ૐકારધ્વનિ પહેલવહેલો અહીં છૂટ્યો ને બાર અંગ અહીં જ રચાયા. અહીં ભગવાનની વાણી ઝીલીને અનેક જીવો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ તીર્થને પામ્યા છે."

"આત્મધ્યાનમાં અનુરક્ત સંતોના ચરણોથી સ્પર્શાયેલી ભૂમિ તે તીર્થ છે. આત્માના જ્ઞાન—આનંદને પામેલા જીવો જે ભૂમિમાં વિચર્યા તે ભૂમિને જોતાં આત્માના જ્ઞાન-આનંદનું સ્મરણ જાગે છે કે અહો! આત્માના અતીન્દ્રિય જ્ઞાન ને આનંદને પામેલા સર્વજ્ઞો અને સંતો અહીં આ ભૂમિમાં વિચર્યા છે; તેથી એ ભૂમિ પણ તીર્થ છે. ભાવતીર્થ તો આત્માના જ્ઞાન-ધ્યાનરૂપ પરિણામ છે અને તે જ્ઞાનધ્યાનવાળા સંતો જ્યાં વિચર્યા,—તેમનાં ચરણોથી જે ભૂમિ સ્પર્શાઇ તે ભૂમિ પણ તીર્થ છે; જે કાળમાં તેઓ વિચર્યા તે કાળ પણ મંગળ છે; અને તેમનું આત્મદ્રવ્ય પણ મંગળ છે. આવી તીર્થભૂમિને જોતાં આત્માના જ્ઞાન-આનંદને લક્ષમાં લઇને તે જ્ઞાન-આનંદસ્વભાવ તરફ જે જીવ ઝૂકે છે તે જીવ સ્વયં તીર્થરૂપ થઇને ભવથી તરી જાય છે."







"તરવાના સ્વભાવવાળા સંતો ( –સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રધારક ધર્માત્માઓ) જયાં વિચર્યા ત્યાં તે ભાવતીર્થનો આરોપ કરીને ભૂમિને પણ તીર્થ કહ્યું. અહો ! આત્માના જ્ઞાન-ધ્યાનમાં લીન સન્તો જે ભમિમાં વિચરે તે ભૂમિ જગતમાં તીર્થ છે, તે સન્તોના ચરણોથી જે ધૂળ સ્પર્શાઇ તે ધૂળ પણ તીર્થ છે. જેને આત્માના જ્ઞાન-ધ્યાનનો પ્રેમ છે તે જ્ઞાન-ધ્યાનનું સ્મરણ કરીને આવી ભૂમિનું પણ બહુમાન કરે છે કે અહો ! જ્ઞાનધ્યાન-ધારક આરાધક જીવો અહીં વિચરતા હતા."

વીરપ્રભુની રાજગૃહીમાં ગુરુદેવનો ધર્મદરબાર બહુજ શોભતો હતો; ભારતના હજારો યાત્રિકો ગુરુદેવની વાણી સાંભળીને અને ગુરુદેવ સાથે યાત્રા કરીને, સમવસરણમાં આવ્યા જેવો જ હર્ષ અનુભવી રહ્યા હતા. પ્રવચન બાદ પટનાશહેર તથા ગયાશહેરના જૈનસમાજ તરફથી ગુરુદેવને અભિનંદનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે રાજગૃહીના જોવાલાયક સ્થળોનું ગુરુદેવ વગેરેએ અવલોકન કર્યું; તેમાં ખાસ કરીને રાજમહેલના પ્રાચીન અવશેષો, તેને ફરતા જુના કિલ્લાની દિવાલો, બૌદ્ધમંદિર, જેલ, આયુધશાળા, જુનો કૂવો વગેરે સ્થળો જોયા. ચીનના યાત્રિક ફાહ્યાન (ઇ. સ. ૧૨૦૦ લગભગ)ના વિવરણ અનુસાર રાજગૃહીને ફરતી લગભગ આઠ માઇલના ઘેરાવાની દિવાલ હતી; તેના અવશેષો આજે પણ નજરે પડે છે. ગરમપાણીના કુંડ અહીંનું એક આકર્ષણ છે. ઘણા યાત્રિકો તેમાં સ્નાન કરીને થકાવટ દૂર કરતા.

રાત્રે જિનમંદિરમાં અતિ આનંદભર્યો ભક્તિનો પ્રસંગ બન્યો. પંચશૈલપુરમાં પાંચ વેદીથી શોભતું જિનમંદિર યાત્રિકોથી ભરચક હતું; ગુરુદેવ પણ હર્ષપૂર્વક ભક્તિમાં ભાગ લઈ રહ્યા હતા. અહા, એ ભક્તિની શી વાત ! ૐકારધ્વનિના ધામમાં સંતોનું હૃદય સહેજે ભક્તિથી ઉલ્લસી જતું હતું. જાણે ભગવાનના સમવસરણમાં બેઠા હોઇએ....હમણાં જ ભગવાનની દિવ્યવાણી સાંભળી હોય....ને પછી ભક્તિ કરતા હોય—એવા ઉત્કટભાવથી ભક્તિ કરાવતા હતા. પૂ. બેનશ્રીબેને 'ભગવાનના દરબાર'નું સ્તવન ઘણા હર્ષોલ્લાસથી ગવડાવ્યું હતું—

આજ મૈં મહાવીરજી....આયા તેરે દરબારમેં,
સાથ હી મેં ભક્તિ લેકર આયા તેરે દરબારમેં....
એક છોટીસી તમન્ના લે તેરે દરબારમેં....
વીર જિન આયા હૈ બંદા યહ તેરે દરબારમેં....આજ૦

લાખોં સુખસે સુન ચૂકા હૂં તૂંને લાખોંકી સુની,
આજકા અવસર હૈ મેરા યહ તેરે દરબારમેં....આજ૦

રાજ્યકી નહિ ચાહ મૂઝે ચાહ નહીં સંસારકી,
ધ્યાન-આસનકી જગહ દે દે તેરે દરબારમેં....આજ૦

ત્યારપછી "હે વીર! તુમ્હારે દ્વારે પર યહ ભક્ત તુમ્હારે આયે હૈ" ઇત્યાદિ સ્તવનો પણ અદ્ભુત ધૂનથી ગવડાવીને ગુરુદેવ સાથેની યાત્રાનો હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો હતો. યાત્રા દરમિયાન આવા વિરલ ભક્તિપ્રસંગો નીહાળીને યાત્રિકોને એમ થતું કે વાહ! ગુરુદેવ જેવા સત્પુરુષો સાથે અપૂર્વ યાત્રાની બલિહારી છે. ધન્ય છે સન્તોની અપૂર્વ દશાને! કુંદકુંદસ્વામીએ ખરું જ કહ્યું છે કે સાધકના હૃદયમાં સિદ્ધ ભગવંતોની સ્તુતિ કોતરાયેલી છે. જ્ઞાન અને વૈરાગ્યની જેમ સાધકોની ભક્તિ પણ જુદી જાતની હોય છે;–એ ભક્તિપ્રસંગનું દર્શન પણ માર્ગની ઉપાસના પ્રત્યે પરમ ઉત્સાહ જગાડનાર હતું. ભક્તિ પૂરી થતાં રાજગૃહીના જિનમંદિરમાં ઝૂલી રહેલું ઘંટનું તોરણ મંગલનાદથી ગાજી ઊઠયું અને જિનમંદિરમાં ચારે કોર જયજયકાર થઇ રહ્યા. આમ પહેલા દિવસનો યાત્રા-ભક્તિનો કાર્યક્રમ ઘણા હર્ષોલ્લાસથી પૂર્ણ થયો. બીજે દિવસે.. ....

## (૫) વૈભારગિરિ તીર્થધામની યાત્રા

માહ વદ અમાસ: રાજગૃહીતીર્થધામના ત્રણ પહાડોની યાત્રા ગઇકાલે કરી, હવે બાકી રહેલા બે પહાડની યાત્રા કરવા માટે આજે ગુરુદેવ સંઘ સહિત પધાર્યા. પહેલાં પાંચમી પહાડીની યાત્રા કરીને પછી ચોથી પહાડીની યાત્રા કરી. પાંચમી પહાડીનું નામ છે વૈભારગિરિ. આ રમણીય પહાડીનું ચઢાણ પણ સુગમ છે; જેમ ગુરુના માર્ગદર્શન વડે શાસ્ત્રનું રહસ્ય સુગમ બની જાય છે ને શિષ્યજન આનંદિત થાય છે તેમ ગુરુદેવના માર્ગે વૈભારગિરિનો વૈભવ નીહાળતાં યાત્રિકજનો આનંદિત થતા હતા. યાત્રિકોને બેવડો આનન્દ હતો–એક તો આવા મહાન તીર્થોની યાત્રા, અને વળી આવા મહાન ગુરુદેવનો સાથ. એકલાએકલા તીર્થોની યાત્રા કરી આવીએ તે જુદી વસ્તુ છે ને ગુરુદેવ જેવા સંત–મહાત્મા-ની સાથે વિચરતા-વિચરતા યાત્રા કરીએ તે કોઇ અનેરી વસ્તુ છે. ગઇકાલની યાત્રા અને ભક્તિના રણકાર હજી યાત્રિકોના હૃદયમાં ગૂંજતા, એટલે આજની યાત્રામાં ગુરુદેવ સાથે પહાડી ચડતાં યાત્રિકોને એવું લાગતું હતું–જાણે કે ગુરુદેવ ફરીને ભગવાનના સમવસરણમાં તેડી જાય છે. યાત્રિકો હર્ષપૂર્વક ગાતા હતા કે—




ભક્તિ



આનંદ



લીનતા....


श्री दिगम्बर जैन मन्दिर

આનંદમંગળ આજ હમારે....આનંદમંગળ આજ જી....
ગુરુદેવ સાથે યાત્રા કરતાં આનંદનો નહિ પાર જી....
તીર્થંકરદેવને ભેટવા કાજે ગુરુજી પધારે જો....
રાજગૃહીના ધામ નીરખતાં સેવક હૈયા ઉલ્લસે જો....

આમ ભક્તિ કરતાં કરતાં ઉપર પહોંચ્યા...જાણે સમવસરણમાં આવ્યા. અહા, એ વખતનું દ્રશ્ય! હજાર ઉપરાંત યાત્રિકોથી ઉભરાતો વૈભારપર્વત નાનકડા સમવસરણ જેવો શોભતો હતો; ચારેકોરનું વાતાવરણ પ્રસન્ન હતું; મંદિરમાં આસપાસ યાત્રિકોનો મોટો દરબાર ભરાયો હતો, લાઉડસ્પીકર દુદુંભીની જેમ ગર્જના કરતું હતું ને દૂરદૂરથી યાત્રિકોને આકર્ષી રહ્યું હતું. જિનમંદિરમાં એક શિલા પર કોતરેલા ૨૪ ભગવંતો બિરાજમાન છે, તેમજ બીજા અનેક જિનબિંબો તેમજ ચરણપાદૂકા છે. ત્યાં દર્શન તથા અભિષેક કરીને ઘણા ભાવપૂર્વક ૨૪ તીર્થંકરોનું સમૂહપૂજન કર્યું :

ચોવીસોં શ્રી જિનચંદ આનંદકંદ સહી
પદ જજત હરત ભવફંદ પાવત મોક્ષ મહી.

[ૐ હ્રીં શ્રી ગુરુદેવ સાથે યાત્રામહોત્સવે રાજગૃહી–વૈભારગિરિસ્થ શ્રી ચોવીસ
જિનેન્દ્રદેવ ચરણકમલપૂજનાર્થે મહા અર્ઘં નિર્વપામીતિ...સ્વાહા. ]

પૂજન પછી ઘણી મહાન ભક્તિ થઈ; જાણે સાક્ષાત તીર્થંકરના સમવસરણમાં આવ્યા છીએ ને ભક્તિ કરીએ છીએ એવા અદ્‌ભુત ઉમંગથી ગુરુદેવ ગવડાવતા હતા કે—

આશ ધરીને અમે આવીયા રે....અમને ઉતારો ભવોદધિ પાર રે....જિનરાજ લગન લાગી રે.
સમવસરણે અમે આવીયા રે....અમને ઉતારો ભવોદધિ પાર રે...જિનરાજ લગન લાગી રે.
પ્રભુજી સાથે પ્રીત બાંધી રે....પુણ્ય ફળ્યા અપાર રે....જિનરાજ લગન લાગી રે.

પાંચમી પહાડી પર ભક્તિ કરાવતા કરાવતા ગુરુદેવ કહે : "વિપુલાચલ પર વીરભગવાનની વાણી છૂટી; અત્યારે તો ત્યાં જગ્યા થોડી છે પણ ભગવાનનું સમવસરણ તો આટલામાં બધેય વિસ્તરેલું હશે. અહા ! એ કાળે અહીં ધર્મના ધોધ વહેતા હતા. ઇન્દ્ર ગૌતમને તેડી લાવ્યા, માનસ્તંભ દેખીને એનાં માન ગળી ગયા, મુનિપણું લીધું, મનઃપર્યયજ્ઞાન પ્રગટ્યું ને બાર અંગની રચના કરી,—એ બધું અહીં બન્યું હતું. અહા, એ કાળ ને એ દશાની શી વાત ! આ ક્ષેત્ર જોતાં જાણે એ બધું અહીં નજરે તરવરે છે."—આવા આવા ભક્તિભર્યા

ઉદ્‌ગારો સહિત ગુરુદેવ ભક્તિ કરાવતા હતા. ગુરુદેવનો ભક્તિનો રંગ દેખીને યાત્રિકોને એમ થતું કે અહા, જીવનમાં જોયેલું ઘણું ભૂલાશે પણ આ યાત્રાપ્રસંગ કદી નહિ ભૂલાય. જેમ આપણે કદિ નહિ અનુભવેલું આત્મતત્ત્વ ગુરુદેવ દર્શાવી રહ્યા છે તેમ જીવનમાં કદી નહિ જોયેલા ભક્તિપ્રસંગો ગુરુદેવ સાથેની યાત્રામાં જોવા મળે છે, અને ભક્તોને હર્ષ થાય છે કે વાહ, યાત્રા સફળ થઇ ! જીવન સફળ થયું.


--એમ નથી કે એકલા યાત્રિકો જ આવો હર્ષ અનુભવતા, યાત્રાના હર્ષમાં ગુરુદેવ પણ યાત્રિકોની સાથે જ હતા. કોઇ કહે કે 'એ ક્યાંથી ખબર પડી ?' તો–ચાલુ ભક્તિએ ગુરુદેવના શ્રીમુખથી વારંવાર જે ઉદ્‌ગારો નીકળતા તે તેમના અંતરંગ હર્ષ અને ભક્તિને વ્યક્ત કરતા હતા. એક સ્તવન પછી બીજું સ્તવન પણ ગુરુદેવે એવી જ મહા ભક્તિથી ગવડાવ્યું :

પ્રભુની વાણી જોર રસાળ મનડું સાંભળવા તલસે....
'સજલ-જલદ' જિમ ગાજતો જાણું વરસે અમૃતધાર...મનડું૦
વાણી સીમંધરજિણંદની છે મુક્તિની દાતાર....મનડું૦
વાણી શ્રી વીરજિણંદની છે મુક્તિની દાતાર....મનડું૦
વાણી શ્રી સન્મતિનાથની છે મુક્તિની દાતાર....મનડું૦
સાક્ષાત્ સુણવા એ દિવ્યધ્વનિને મન મારું તલસાય....મનડું૦
ફરી સુણવા એ દિવ્યધ્વનિને મન મારું તલસાય....મનડું૦

વચ્ચે 'સજલ-જલદ' શબ્દ આવતાં ગુરુદેવ કહે : જુઓ, ભગવાનની વાણી મેઘની પેઠે ગાજતી; મેઘ ખાલી ગાજે એવો નહિ પણ 'સજલ' એટલે કે પાણીથી ભરપૂર. તેમ ભગવાનની વાણી છૂટે તે 'સજલ' છે, એટલે વાણી છૂટે ને કોઇ જીવો ધર્મ ન પામે–એમ બને નહિ; વાણી છૂટે ને ખાલી જાય એમ બને નહિ. વાણી જ ગૌતમ આવ્યા પછી છૂટી. ગણધર જેવા ઝીલનારા વગર વાણી છૂટે નહિ. અહા, એ વાણી છૂટી એટલે તો જાણે અમૃતની ધારા વરસી. ગુરુદેવના આવા ઉદ્‌ગારો સાંભળીને બેનશ્રીબેને ઘણા હર્ષપૂર્વક જયનાદથી વૈભારગિરિને ગજાવી મૂકયો...ને હજારો યાત્રિકોએ તેમાં સાથ પૂર્યો–

"વૈભારગિરિ પર ભાવભીના હૃદયે દિવ્યધ્વનિની ભક્તિ કરાવનાર ગુરુદેવનો જય હો."

"રાજગૃહીમાં ગુરુદેવના અંતરની ભાવભીની ભક્તિનો જય હો."





ત્યારબાદ ગુરુદેવની આજ્ઞાનુસાર પૂ. બેનશ્રીબેને ઘણા હર્ષોલ્લાસથી નીચેની મંગલ વધાઈ ગવડાવી :

આજ તો વધાઈ વ્હાલા વીરપ્રભુ દરબારજી....
વીરપ્રભુ દરબાર વ્હાલા વીરપ્રભુ દરબારજી....આજ તો વધાઈ૦

કેવળજ્ઞાન ગુણાકર પ્રગટ્યા, પ્રગટ્યા ચૈતન્યદેવજી,
ૐકારધ્વનિના ઘોષ છૂટયા ઊછળ્યા સમુદ્ર અગાધજી....આજ તો વધાઈ૦

ઇંદ્રોએ મળી મહોત્સવ કીનો, ઘરઘર મંગલાચારજી,
ગૌતમસ્વામી અહીં પધાર્યાં છૂટયા ધ્વનિના ઘોષજી....આજ તો વધાઈ૦

ભવ્યો બહુ આતૂર હતા ને મળ્યા અમૃતપાનજી,
વિપુલાચલમાં સમોસરણ ને આશ્ચર્ય ભરતે થાય જી....આજ તો વધાઈ૦

રાજગૃહીમાં આનંદમંગળ ઠાઠ તણો નહિ પારજી,
સભાભૂમિમાં મુનિ અર્જિકા સુરપતિ નરપતિવૃંદજી....આજ તો વધાઈ૦

લયલીન બન્યા સૌ પ્રભુધ્વનિમાં અંતરઆતમ ઊછળ્યાજી,
શ્રી તીર્થંકર વૈભવ કેરા ગુણો કેમ ગવાયજી....આજ તો વધાઈ૦

કહાનગુરુના પરમપ્રભાવે જિનેશ્વર નીહાળ્યાજી,
કહાનગુરુના સંગ આજે યાત્રા અપૂર્વ થાયજી....આજ તો વધાઈ૦

અહા, હજાર હજાર યાત્રિકો સાથે આવી મંગળ વધાઈ સાંભળીને આખો પર્વત જાણે આનંદિત થતો હતો. આવા તીર્થધામોમાં ગુરુદેવ જેવા પાવન સંતના ચરણસાન્નિધ્યમાં બેસીને અદ્‌ભુત ભક્તિ-પૂજા સહિત યાત્રા કરતાં ઘણો આનંદ થતો હતો.

ભક્તિ-પૂજન બાદ, આ પાંચમી પહાડી ઉપર ભૂગર્ભમાંથી નીકળેલા બેહજાર વર્ષ કરતાંય વધુ પ્રાચીન જિનમંદિરના અવશેષો તેમજ અનેક દિગંબર જિનપ્રતિમાઓનું ગુરુદેવ સહિત સૌએ અવલોકન કર્યું. બેહજાર વર્ષ જુના જિનવૈભવને જોતાં ગુરુદેવના મુખમાંથી અનેકવાર ઉદ્‌ગારો નીકળતા કે જમીનમાંથી નીકળેલી આ મૂર્તિઓ પણ દિગંબર જૈનધર્મની સાક્ષી પૂરે છે. અનેક યાત્રિકોને ગુરુદેવ પ્રાચીન દિગંબરપ્રતિમાઓ બતાવીને કહેતા કે જુઓ,

ઠેકઠેકાણે આવી હજારો વર્ષ જુની પ્રતિમાઓ જમીનમાંથી નીકળી છે તે બતાવે છે કે સાચો ધર્મ કયો છે! ગ્વાલિઅરના કિલ્લામાં તો કેવા મોટામોટા પ્રતિમાઓ હતા! અહીં ગુરુદેવે આ પુરાણા પ્રતિમા બતાવીને ભકતોને પૂછયું કે તમે જાત્રા કરવા આવ્યા ત્યારે આ જોયું હતું? તેઓ કહે: ના સાહેબ, અમે આવ્યા ત્યારે આ ન હતું; આ બધું હમણા નીકળ્યું છે. જાત્રામાં આપના પ્રતાપે ઘણું નવું નવું જોવા મળે છે. અહા! જેમ પગલેપગલે જમીનમાંથી નિધાન નીકળે તેમ અહીં ગુરુદેવ સાથે યાત્રામાં ઠેરઠેર જિનવૈભવના દર્શન થાય છે; જયાં ત્યાં અણધાર્યા અનેક મહાન જિનબિંબોના દર્શન પ્રાપ્ત થઈ જાય છે, તેથી યાત્રિકો પોતાને મહા ભાગ્યવંત માને છે. આમ ઘણા ઉલ્લાસથી યાત્રા સફળ થતી આગળ ચાલી જાય છે. યાત્રિકોને એમ થાય છે કે અહા, શિખરજી જતાં અહીં વચ્ચેવચ્ચેના તીર્થોમાં પણ આવો આનંદ થાય છે તો મૂળ સમ્મેદશિખરજી તીર્થધામની યાત્રા તો કેવી અદ્‌ભુત આનંદકારી થશે! સમ્મેદશિખરજીને જોતાં ને તે ભૂમિમાં વિચરતાં ગુરુદેવ કેવા ખીલી ઊઠશે! અહા, સંતોનું ધ્યેય તો પરમ આનંદમય છે અને તે ધ્યેય તરફ જતો માર્ગ પણ ખરેખર આનંદમય છે. જેમ જેમ શિખરજીની નીકટ પહોંચીએ છીએ તેમ તેમ પથિકજનોના અંતરમાં આનંદની ભરતી થતી જાય છે. જેમ સાધકજીવ રત્નત્રયતીર્થમાં જેમ જેમ આગળ વધતા જાય છે તેમ તેમ તેનો આનંદ પણ વધતો જાય છે તેમ, અહીં ગુરુદેવ સાથે તીર્થયાત્રામાં જેમજેમ આગળ વધતા જઈએ છીએ તેમતેમ યાત્રાનો આનંદ પણ વધતો જાય છે. યાત્રાના આનંદમાં યાત્રિકો એવા મશગુલ બન્યા છે કે ઘરમાં-કુટુંબમાં-સોનગઢમાં કે સૌરાષ્ટ્રદેશમાં શું બની રહ્યું છે તે પણ યાદ આવતું નથી.

--આમ વૈભારગિરિ પર ખૂબ જ આનંદથી યાત્રા કરીને, તથા વૈભારગિરિનો વૈભવ નીહાળીને હવે બાકી રહેલી શ્રમણાગિરિ પહાડી તરફ જવા માટે સૌએ ભકિતની ધૂન ગાતાં ગાતાં ઊતરવા માંડયું. 'જય મહાવીરા...જય મહાવીરા...' પાયે પાયેજી વીર કે દરશન....અને આજ મારે સેનાસમોરે સૂરજ ઊગીયો...એ બધા ગાયનો ઉપરાંત 'વાહવા જી વાહવા...'ની ધૂનદ્વારા યાત્રિકો વિશેષ ઉલ્લાસ વ્યકત કરતા હતા; પૂ. બેનશ્રીબેન ગવડાવતા હતા ને યાત્રિકો ઝીલતા હતા –

ગુરુદેવ સાથે યાત્રા કીધી, વાહવા....જી....વાહવા!
રાજગિરિના ધામ દેખ્યા, વાહવા....જી વાહવા!
વીરપ્રભુ દરબાર દેખ્યા, વાહવા....જી વાહવા!
દિવ્યધ્વનિના ધામ દેખ્યા, વાહવા....જી....વાહવા!

આ દિવ્યધ્વનિના ધોધ છૂટે, વાહવા....જી...વાહવા !
મુનિસુવ્રતધામ દેખ્યા, વાહવા...જી....વાહવા !
સમોસરણ દરબાર દેખ્યા, વાહવા....જી....વાહવા !
ગુરુદેવે ભકિત કરાવી, વાહવા....જી....વાહવા !
અદ્દ્ભુત તીર્થો ગુરુજી બતાવે, વાહવા . જી...વાહવા !
આનંદકારી યાત્રા કરાવે, વાહવા....જી....વાહવા !

વૈભારગિરિ તીર્થધામની યાત્રા કરાવનાર ગુરુદેવને નમસ્કાર હો.

રાજગૃહીમાં પૂ. કાનજીસ્વામી સાથે એક હજાર યાત્રિકોનો સંઘ પાંચમી ટૂંકની યાત્રા પૂર્ણ કરી ચોથી ટૂંક તરફ જઇ રહ્યો છે. વૈભારગિરિથી શ્રમણગિરિ (સોનાગિરિ) તરફ જતાં વચ્ચે લગભગ બે માઇલ સીધા રસ્તે ચાલવાનું આવે છે. જતાં જતાં રસ્તામાં એક ઠેકાણે યાત્રિકોની ભીડ હતી; ત્યાં જઇને જોયું તો મુનિઓની ગૂફા ! બે ગૂફાઓ જોઇને આનંદ થયો. અહો, શી એ રમણીય ગૂફાઓ ! સૈકાઓ જુની આ વિશાળ અને શાંત ગૂફામાં પ્રવેશતાં જ એમ થાય છે કે અહીં પૂર્વે અનેક સંતમુનિઓ વસતા હશે ને આત્મધ્યાન કરતા હશે. મુનિવરોની ઉપશાંતપરિણતિ જાણે હજી પણ આ ગૂફામાં બિરાજતી હોય—એવી શાંત ગૂફા છે. ગૂફાની ચારે દિવાલો પર તીર્થંકરભગવંતો વગેરેના જૈનચિત્રો કોતરેલા છે. ગૂફાની અંદર પ્રવેશદ્વારસન્મુખ એક સ્તંભ ઉપર ચાર ભગવંતો (ઋષભ—અજિત—સંભવ—અભિનંદન) ખડ્ગાસને સ્થિત છે તે દશ્ય સુંદર છે; દૂરથી જોતાં જાણે ચાર મુનિઓ ગૂફામાં ધ્યાનસ્થ ઊભા હોય! એવું લાગે છે. પ્રવેશદ્વારની બંને બાજુ પણ અનેક ચિત્રો (જિનબિંબ વગેરે) કોતરેલા છે. અહો, આ ગૂફાઓમાં અનેક સંત-મુનિવરોએ આત્મધ્યાન કર્યાં હશે, અનેક ધર્માત્માઓએ પરમ વૈરાગ્યભાવના ભાવી હશે, ને નિર્વિકલ્પપણે સિદ્ધભગવંતોની સાથે બેસીબેસીને આત્માનો અતીન્દ્રિય સ્વાદ ચાખ્યો હશે,—એમ ગૂફામાં મુનિવરો બહુ યાદ આવતા હતા, ને એમ થતું કે અત્યારે આ ગૂફામાં એકાદ મુનિ સાક્ષાત બેઠા હોય તો કેવું સારું ! ગુરુદેવ પણ ગૂફાઓ જોઇને પ્રસન્ન થતા હતા; ગૂફામાં પ્રવેશીને કહે કે મુનિઓ આવા સ્થાનમાં રહેતા હોય ને ચૈતન્યમાં મશગુલ હોય. અહો, સંતોની ધ્યાનભૂમિ આજે પણ હિતમાર્ગની પ્રેરણા આપે છે. એક ગૂફાની બાજુમાં બીજી પણ એક ગૂફા ખંડિત જેવી છે, તેની દીવાલો પર પણ ૨૪ ભગવંતોની આકૃતિ કોતરેલી છે,—જેમાંથી કેટલીક ઘસાઈ ગયેલી છે ને કેટલીક સ્પષ્ટ દેખાય છે. ગૂફાઓનું અવલોકન કરીને મુનિવરોના ધામસમાન શ્રમણગિરિ પાસે ઝડપથી આવી પહોંચ્યા.

# (૪) શ્રમણગિરિ(સોનાગિરિ)તીર્થની યાત્રા

ચોથી પહાડીનું નામ શ્રમણગિરિ છે. (તેને સુવર્ણગિરિ અથવા સોનાગિરિ પણ કહે છે.) આ પહાડી કંઈક મોટી છે. હજારેક વર્ષ પહેલાં અહીં આવેલ ચીની યાત્રિક લખે છે કે તે વખતે અહીં લગભગ ૭૦૦ શ્રમણો-મુનિવરો વસતા હતા ને જ્ઞાનાધ્યયન કરતા હતા. અહા, તે કાળ કેવો હશે કે જ્યારે મુનિવરોનો આવડો સમૂહ આ ભારતભૂમિને પાવન કરતો હશે! અનેક મુનિવરોના ચરણોથી પાવન થયેલી આ શ્રમણગિરિની ભૂમિ પણ ફરીને એવા ધન્ય કાળને માટે ઝંખી રહી છે. એ મુનિવરોના સ્મરણથી ગુરુદેવને પણ ઘણી ભાવનાઓ જાગતી'તી, ને પ્રમોદથી ભક્તિપૂર્વક મુનિવરોની ચર્ચા કરતા હતા. ઉપર ભગવાનના દર્શન કરીને અર્ઘ ચડાવ્યા બાદ ગુરુદેવે મુનિવરોની ભક્તિ ગવડાવી હતી —

મારા પરમ દિગંબર મુનિવર આવ્યા...સબ મિલ દરશન કર લો....<br>
હાં....સબ મિલ દરશન કરલો...<br>
બાર બાર આના મુશકિલ હૈ...ભાવભક્તિ ઉર ધરલો...<br>
હાં...ભાવભક્તિ ઉર ધર લો....

ભક્તિ વખતે ગુરુદેવની ધૂન જોઇને સૌ યાત્રિકો ઘણા પ્રસન્ન થયા હતા પહાડ ઉપરથી ઊતરતાં ઊતરતાં પણ ગુરુદેવ ધીમે ધીમે મુનિવરોની ભક્તિ બોલતા હતા અને યાત્રાની હર્ષભરી ચર્ચાદ્વારા યાત્રિકોને આનંદ કરાવતા હતા. આમ આનંદપૂર્વક પંચપહાડી તીર્થધામની યાત્રા પૂર્ણ થઇ.

શ્રમણગિરિ પર વિચરેલા શ્રમણ ભગવંતોને નમસ્કાર હો.<br>
શ્રમણગિરિ તીર્થધામની યાત્રા કરાવનાર ગુરુદેવને નમસ્કાર હો.

યાત્રા કરીને આનંદપૂર્વક નીચેનું ગીત ગાતા ગાતા યાત્રિકો ધર્મશાળા તરફ ચાલ્યા—

આશ ધરીને અમે સુવર્ણપુરીથી આવ્યા યાત્રાને કાજ રે....ધન્ય દિન આજે ઊગ્યો રે....
સદ્દગુરુદેવના પરમ પ્રતાપથી યાત્રા અપૂર્વ થઇ આજ રે....ધન્ય દિન આજે ઊગ્યો રે....
અપૂર્વ કરુણાધારી અમોને યાત્રા કરાવી રૂડી આજ રે....ધન્ય દિન આજે ઊગ્યો રે....
રાજગૃહીમાં વીર પ્રભુ વિચર્યા આજે વિચરે છે ગુરુ-સંત રે...ધન્ય દિન આજે ઊગ્યો રે....
ગણધર-મુનિઓ અહીં વિચરતા આજે વિચરે છે સાધકસંત રે...ધન્ય દિન આજે ઊગ્યો રે....
સાધકસંતના ચરણકમળથી ભૂમિ આજે હરખાય રે..ધન્ય દિન આજે ઊગ્યો રે....
ધન્ય શ્રી વીરપ્રભુ ધન્ય શ્રી ગૌતમ ધન્ય શ્રીકહાનગુરુદેવ રે....ધન્ય દિન આજે ઊગ્યો રે....
ધન્ય સમોસરણ ધન્ય રાજગૃહી ધન્ય સભા નરનાર રે....ધન્ય દિન આજ ઊગ્યો રે....
તીરથયાત્રા સંતોના સાથમાં જીવન સફળ થાય રે....ધન્ય દિન આજે ઊગ્યો રે....

પંચ પહાડીથી મુક્તિ પામેલા સિદ્ધભગવંતોને નમસ્કાર હો.
રાજગૃહીના પંચપહાડી તીર્થધામમાં વિચરેલા તીર્થંકરો સંતોને નમસ્કાર હો.
વીરનાથની દિવ્યધ્વનિ જિનવાણી-માતા અમને બોધિસમાધિ આપો.
દેવ-ગુરુ-શાસ્ત્રના પાવનધામની યાત્રા કરાવનાર ગુરુદેવને નમસ્કાર હો.






રાજગૃહીના તીર્થધામની યાત્રા કરીને સૌ ધર્મશાળાએ આવ્યા. આજની યાત્રા આનંદકારી થઈ. યાત્રા પછી ગુરુદેવને જમાડવાનો લાભ શ્રી નેમિચંદજી પાટનીને મળ્યો હતો. ઉપરાઉપરી બે દિવસની યાત્રાને લીધે આજે યાત્રિકો કંઇક થાકેલા હતા, પરંતુ થાક ઉતારવા માટેના સરસ સાધન જેવા ઉનાપાણીના કુંડ પણ અહીં જ હોવાથી ઘણા યાત્રિકો તેમાં સ્નાન કરીને તાજામાજા થઇ જતા હતા. સાંજે ગુરુદેવે રાજગૃહીનગરીનું અવલોકન કર્યું: શ્રેણીકરાજાના મહેલનું સ્થાન, રાજગૃહી ફરતો શ્રેણીક રાજાએ બંધાવેલો ગઢ વગેરે સ્થળો જોયા. કોઈ યાત્રિકો ગરમપાણીનો કુંડ જોવા ગયા, કુંડ જોતાં તેમાં નહાવાનું પણ મન થઇ જતું. રાત્રે જિનમંદિરમાં ઉત્તમ ભક્તિ થઇ; ગુરુદેવ સાથે પવિત્ર તીર્થધામની અદ્‌ભુત યાત્રા થઇ તેની ખુશાલી યાત્રિકો ભક્તિદ્વારા વ્યક્ત કરતા હતા. "મહાવીરા તેરી ધૂનમેં આનંદ આ રહા હૈ" અને "તિહારે ધ્યાનકી મૂરત અજબ છબીકો દિખાતી હૈ" ઇત્યાદિ સ્વતનો બાદ, નીચેના સ્તવનમાં યાત્રાનો ઉલ્લાસ ભેળવીને પૂ. બેનશ્રી-બેને અદ્‌ભુત ભક્તિ કરાવી હતી—


મારા વીરપ્રભુજીકી સુંદર મૂરત મારે મન ભાઈ જી...
મારા વીરપ્રભુકા સુંદર સમોસરણ મારે મન ભાયા જી...
મારા વીરપ્રભુકી સુંદર દિવ્યધ્વનિ મારે મન ભાઈ જી...
ગૌતમસ્વામીને તુમકો ધ્યાયા મોક્ષકા માર્ગ દિખાયા જી...મારે
મારા મુનિસુવ્રતજીકી સુંદર મૂરત મારે મન ભાઈ જી...
મારા ત્રેવીસ પ્રભુકી સુંદર મૂરત મારે મન ભાઈ જી...
મારા ત્રેવીસ પ્રભુકા સુંદર સમોસરન મારે મન ભાઈ જી...
મારા ત્રેવીસ પ્રભુકી સુંદર દિવ્યધ્વનિ મારે મન ભાઈ જી...


અહા, યાત્રા અને ભક્તિ વખતે વર્તમાનના સન્તો ભૂતકાળના મહાન સન્તોને પણ વર્તમાનમાં ખડા કરી દેતા હતા. ખરેખર, વર્તમાન સન્તદ્વારા જ ભતકાળના મહાન સન્તો ઓળખાય છે. છેલ્લી ભક્તિ વખતે તો આખા વાતાવરણમાં લીલાલહેર પ્રસરી ગઇ હતી:

આજ લીલા લહેર...હુઈ પ્રભુ મંદિર, આજ જિનેન્દ્રવૃંદો દેખીયા જીરે... આજ૦
મેં તો જિનવરના મુખડા ભાળીયા, મેં તો ભવકેના દુઃખડા ટાળીઆ.
આજ આનંદ મંગળ વધામણાં જરે...આજ લીલા લહેર૦
મુને પંચમકાળે જિન ભેટીઆ મારા આતમમાં સુખ ઉલટીઆ,
પ્રભુ મોંઘેરા દર્શન દેખીયા જીરે... આજ લીલા લહેર૦









આજ ગુરુવર યાત્રા પધારીયા જીરે...આજ લીલા લહેર૦
આજ જિનેન્દ્ર દરબાર દેખીયા જીરે.. આજ લીલા લહેર૦
આજ દિવ્ય દેહધારી પ્રભુ દેખીયા જીરે.. આજ લીલા લહેર૦
અહો, દિવ્ય જિનેન્દ્ર દેખીયા જીરે...આજ લીલા લહેર૦
અનંત ચતુષ્ટવંત એ પરમેશ્વરા, દિવ્યધ્વનિના નાદ વરસાવતા,
આજ દિવ્ય અવતારી પ્રભુ દેખીયા જીરે...આજ લીલા લહેર૦
ધન્ય ધન્ય મંગળ દિન આજના મારા ગુરુવર યાત્રા પધારીયા,
ગુરુરાજે જિનેન્દ્ર ઓળખાવીયા જીરે આજ લીલા લહેર૦
અહો, સાક્ષાત્ સમોસરણ દેખીયા જીરે...આજ લીલા લહેર૦
આજ જિનેન્દ્ર મહિમા નીરખતા, મારા ગુરુવર હૈડામાં હરખતા,
જાણે ચોથા આરા ફરી આવીયા જીરે...આજ લીલા લહેર૦
મારે ચોથા આરા રે ફરી આવીયા, મારે કહાન જેવા રે ગુરુ પાકીયા,
જેણે જગતમાં અમૃત વરસાવીયા જીરે...આજ લીલા લહેર૦
આજ લીલા લહેર....હું પ્રભુમહેર
આજે જિનેન્દ્રવૃંદો દેખીયા જીરે....

માહ વદ અમાસના રોજ રાજગૃહીમાં થયેલી એ ભક્તિની ઝણઝણાટી આજે પણ હૃદયમાં આનંદ ઉપજાવે છે. બીજે દિવસે-ફાગણ સુદ એકમની સવારમાં જિનમંદિરમાં સમૂહપૂજન થયું હતું, ને યાત્રાની ખુશાલીમાં મોટી રથયાત્રા નીકળી હતી. ત્યારે એમ થતું કે આ રાજગૃહીમાં જ્યારે ચેલણા રાણી રથયાત્રા કઢાવતી હશે ત્યારે કેવો ભવ્ય તેનો દેખાવ હશે! આજની રથયાત્રામાં ગુરુદેવ પણ સાથે હતા. રથયાત્રા બાદ ૧૦૮ કલશથી જિનેન્દ્રઅભિષેક થયો. એ પ્રસંગે પટનાશહેર તથા ગયા શહેરના જૈનસમાજ તરફથી ગુરુદેવને સન્માનપત્ર સમર્પણ કરવામાં આવ્યું. વિશાળ સંઘસહિત ગુરુદેવના પદાર્પણથી મગધદેશની આ પ્રાચીન રાજધાની ગૌરવાન્વિત થતી હતી.


આમ રાજગૃહીનગરીમાં લગભગ ત્રણ દિવસ સુધી ધૂમધૂમ ભાવપૂર્વક ગુરુદેવ સાથે યાત્રા અને ભક્તિ કરીને, તેનાં મધુર સ્મરણો હૃદયમાં ભરીને, બપોરે સંઘે પાવાપુરી તરફ પ્રસ્થાન કર્યું.

# કુંડલપુર તથા નાલંદા


રાજગૃહીથી પાવાપુરી જતાં વચ્ચે કુંડલપુર તથા નાલંદા આવે છે. કુંડલપુર એટલે વીરપ્રભુનું જન્મધામ.* અત્યારે કુંડલપુરમાં ખાસ વસતી નથી. એકાદ માઇલ દૂર નિર્જન સ્થાનમાં મહાવીરપ્રભુનું દિગંબર જૈનમંદિર છે; ત્યાં દર્શન કરીને વીરપ્રભુને અર્ઘ ચડાવ્યા બાદ ગુરુદેવ કહે : આજે ઘણો ટાઈમ છે માટે બરાબર ભક્તિ જમાવો. લગભગ એક કલાક રોકાઇને ગુરુદેવે વીરપ્રભુની ભકિત કરાવી હતી, તથા બેનશ્રી-બેને વીરપ્રભુના જન્મકલ્યાણકની વધાઇની ધૂન ગવડાવી હતી. 'કુંડલપુરીકે મંઝાર...છાયા હરષ અપાર—'એ સ્તવન વખતે કુંડલપુરીમાં યાત્રિકોને ખરેખર અપાર હર્ષ છવાઈ રહ્યો હતો. ભક્તિ બાદ વીરપ્રભુના જયજયકાર કરતા સૌએ ત્યાંથી પ્રસ્થાન કર્યું ને નાલંદા આવ્યા.


કુંડલપુરીથી એક માઇલના અંતરે નાલંદા છે; ત્યાં ખોદકામ કરતાં બૌદ્ધોની ઘણી મોટી જુની વિદ્યાપીઠના ખંડેરો નીકળ્યા છે. આ વિદ્યાપીઠમાં શ્રી અકલંક-નિકલંક ગુપ્તવેશે ભણતા હતા ને પકડાઈ જતાં તેમને કોટડીમાં પૂર્યા હતા, ત્યાંથી છટકીને જતાં નિકલંકનું બલિદાન દેવાયું; પછી તો અકલંકસ્વામીએ વાદવિવાદમાં બૌદ્ધને હરાવીને જૈનધર્મનો જોરદાર પ્રભાવ ફેલાવ્યો;—અને મુનિદશા અંગીકાર કરીને અસાધારણ પ્રતિભાસંપન્ન ન્યાયસાહિત્યની રચના કરી.—આ બધો ઇતિહાસ નાલંદા-વિદ્યાપીઠના અવલોકન વખતે તાજો થતો હતો,

* અત્યાર સુધી કુંડલપુરીના જિનમંદિરના સ્થાને વીરપ્રભુનું જન્મધામ મનાવામાં આવતું તેથી એ જ લક્ષે ત્યાં ભક્તિ વગેરે કરવામાં આવેલ હતું. બાકી હાલમાં તો બિહારમાં 'વિસાલિયો' એ જ મહાવીરપ્રભુનું જન્મધામ વૈશાલી હોવાનું નક્કી થયું છે. મહાવીર તીર્થંકર પ્રત્યે ત્યાંના અજૈનો પણ બહુમાન ધરાવે છે, ત્યાં ભગવાન મહાવીરનો જન્મોત્સવ ઊજવવા લાખોની સંખ્યામાં જનતા એકત્ર થાય છે; બિહાર સરકાર પણ તેમાં રસ લ્યે છે. વૈશાલીના આ સ્થાનમાં બે એકર જમીનને પવિત્ર માનીને ત્યાંના જમીનદારો તેમાં વંશપરંપરાથી હળ ચલાવતા નથી. ઈ. સ. ૧૯૫૨માં ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદજીના સુહસ્તે અહીં વૈશાલી વિદ્યાપીઠનું શિલાન્યાસ થયું છે, અને એક શિલાપટ ઉપર મહાવીરતીર્થંકરની સ્મૃતિ કોતરવામાં આવી છે.





કુંડલપુર






નાલંદા અવલોકન






અકલંક–નિકલંકના સ્થાનનું અવલોકન

અને યાત્રિકો લાગણીવશ બની જતા ને હૃદય જૈનધર્મ પ્રત્યેની ભક્તિથી ભરાઈ જતું હતું. અકલંક-નિકલંકની કોટડી વગેરે સ્થાનોનું અવલોકન કરીને ગુરુદેવ સૌને બતાવતા. વિદ્યાપીઠમાં એક પ્રાચીન કૂવો છે જેનું પાણી અકલંકદેવે પીધું હશે. અહીં બુદ્ધમૂર્તિના અવશેષો ઠેરઠેર નજરે પડે છે. વિદ્યાપીઠનું અવલોકન કરીને સામેના ભાગમાં મ્યુઝીયમ (સંગ્રહસ્થાન) છે, તેમાં વીરપ્રભુ આ ભૂમિમાં અનેકવાર વિચરેલા તેના પ્રાચીન ઉલ્લેખો તેમજ પ્રાચીન જિનપ્રતિમાઓ વગેરેનું ઝડપી અવલોકન કરીને ત્યાંથી પાવાપુરી તરફ પ્રસ્થાન કર્યું. અને સાંજે લગભગ ચાર વાગે પાવાપુરી આવી પહોંચ્યા.




# પાવાપુરી સિદ્ધિધામ



ફાગણ સુદ એકમ : જેમ આરાધક સન્તોની પરિણતિ મોક્ષને ભેટવા દોડે, તેમ યાત્રાસંઘની મોટરો વીરનાથના મોક્ષધામને ભેટવા દોડી રહી છે. વીરપ્રભુ આ બિહારપ્રદેશમાં બહુ વિચર્યા છે. ભગવાનના 'વિહાર'ને લીધે જેનું નામ 'બિહાર' પડયું એવી આ પાવનભૂમિમાં ગુરુદેવ સાથે યાત્રાવિહાર કરતાં મન આનંદિત થતું હતું.






પાવાપુરી જલમંદિર



પાવાપુરી ધર્મશાળા



મહાવીરભગવાન : પાવાપુરી

મોટરો તો દોડી જતી હતી પરંતુ યાત્રિકોની નજર તો વિહારભૂમિને નીરખવામાં જ થંભી ગઈ હતી. એ પવિત્રભૂમિ હૃદયના ઊંડાણમાંથી—ગંભીર વૈરાગ્યવાળા અર્જિકામાતાની જેમ—વીરપ્રભુના વિહારની મંગલગાથા જાણે વિરહના વેદનપૂર્વક સંભળાવી રહી હતી. અને એ સાંભળતાં યાત્રિકોનું હૃદય ક્ષણવારમાં અઢી હજાર વર્ષને વીંધીને વીરનાથની સ્મૃતિના ઊંડાણમાં ઊતરી જતું.

થોડીવાર થઈ ત્યાં પાવાપુરી દેખાણી....સરોવરની વચ્ચે શોભતું જલમંદિર પણ દેખાયું. અહા, આ તો આપણા ભગવાનનું મુક્તિધામ! અને આ રહ્યા ભગવાન! દૂરથી પણ મહાવીર ભગવાનની મુક્તિનગરી જોતાં યાત્રિકોને આનંદ થયો,–જેમ સાધકને સિદ્ધિનાં દર્શનથી આનંદ થાય તેમ. જેની મધ્યમાં નિર્વાણધામ છે એવા પદ્મસરોવરને લગભગ પ્રદક્ષિણા દેતી દેતી મોટરો પાવાપુરીમાં પ્રવેશતી હતી ત્યારે એમ થતું હતું કે આપણા ભગવાન આ સ્થળ ઉપર સિદ્ધભગવંતોના દેશમાં મુક્તિપુરીમાં બિરાજી રહ્યા છે, આ એ જ મુક્તિપુરી છે. આપણે ભગવાનના દેશમાં આવી ગયા છીએ ને સંસારને ભૂલી ગયા છીએ. ભગવાનના દેશમાં કોને આનંદ ન હોય? આજે તો મુક્તિધામમાં મુક્તિમાર્ગપ્રદર્શક ગુરુદેવ પણ સાથે જ છે તેથી ઘણો આનંદ થાય છે. પાવાપુરીનો દેખાવ અદ્ભુત છે, તેમાંય પૂ. ગુરુદેવ પધારતાં ચારેકોરનું વાતાવરણ આનંદમંગલથી ભર્યું ભર્યું બની ગયું છે. મંગલ વાજિંત્રનાદ ગાજી રહ્યા છે. હજારો યાત્રિકોથી હર્ષભરેલું વાતાવરણ હૃદયને પ્રસન્ન કરે છે. ઘણા વર્ષોથી સાંભળેલી અને ચિત્રમાં જોયેલી વીરનાથની નિર્વાણભૂમિને સાક્ષાત્ નીહાળતાં, અને એ ભૂમિમાં વિચરતાં ગુરુદેવ પણ અનેરો આહ્લાદ અનુભવી રહ્યા છે.

અહીં લગભગ બે માઈલના ઘેરાવામાં રમણીય પદ્મસરોવર છે, તેની મધ્યમાં વીરનાથના મોક્ષસ્થાને આરસનું ઊજવળ મંદિર અનેક સુવર્ણકળશોથી શોભી રહ્યું છે, ને યાત્રિકોના ચિત્તને આકર્ષી રહ્યું છે. પદ્મસરોવરના કિનારે વિશાળ દિગંબર જૈન ધર્મશાળામાં સંઘનો ઉતારો છે. આ ધર્મશાળાની મધ્યમાં જ વિશાળ જિનમંદિર છે. ગુરુદેવ અનેક યાત્રિકોસહિત જિનમંદિરમાં દર્શન કરવા પધાર્યા. સૌથી પહેલાં એક પ્રતિમાજીને દેખતાં જ આનંદથી હૃદય પુલકિત થયું; ગુરુદેવ તો એકીટશે જોઈ જ રહ્યા, જાણે મહાવીર ભગવાન સાક્ષાત્ ઊભા હોય એવો અદ્ભુત દેદાર છે. વાહ, આ ભગવાનને જોતાં કેવો અપાર હર્ષ થાય છે! મુદ્રા તો કોઈ દિવ્ય....પ્રશાંત....અને પ્રસન્નતાથી ઝરતી છે. સ્વરૂપમગ્ન સ્થિરનયનો જોતાં, જાણે કે હમણાં જ મોક્ષમાં જવાની તૈયારી કરીને અયોગીપણે ઊભા હોય એવા ધ્યાનમૂર્તિ વીરવીતરાગીભગવાનના દર્શન થાય છે. એની સન્મુખ જોતાં 'ભગવાન આ અહીં જ ઊભા'

એવું જ લાગે છે. લટકતા લાંબા હાથ જાણે કે ભક્તોના શિર પર મુક્તિના મંગલ આશીર્વાદ વરસાવી રહ્યા છે. ધન્ય ભગવાન...આપનું આ દિવ્યદર્શન! હે નાથ! ગુરુદેવના પ્રતાપે તારા દર્શનથી મારી મુક્તિ નજીક આવી; મારા ચક્ષુ સફળ થયા, મારું જીવન ધન્ય થયું.

—આમ ઘણા ઘણા ભાવથી ગુરુદેવ સાથે મહાવીર ભગવાનનાં દર્શન કર્યા. આસપાસ બીજી વેદીઓમાં શ્રી ચંદ્રપ્રભુ વગેરે ભગવંતો બિરાજે છે. ઉપરના ભાગમાં પણ અનેક વેદી છે; તેમાં એક ઠેકાણે ત્રણ ગોખ છે, વચ્ચેના ગોખમાં શ્રી મહાવીરાદિ ભગવંતો બિરાજે છે, તેની પાસે મહાવીરપ્રભુના નાનકડા ચરણપાદુકા છે; ભગવાનની જમણી બાજુ ચોવીસ તીર્થંકરભગવંતોના ચરણપાદુકા ( તે તે ભગવાનના વર્ણ અનુસાર વર્ણના) છે, તેનું દૃશ્ય ઘણું સરસ છે. તેની પ્રશસ્તિમાં पद्मसरोवरस्थ निर्वाणभूमौ स्थापितं...' ઇત્યાદિ લખેલ છે. આ ચરણપાદુકા પહેલાં પદ્મસરોવરની વચ્ચે જલમંદિરમાં સ્થાપિત હતા પણ અમુક કારણે તેને ધર્મશાળાના મંદિરમાં બિરાજમાન કરવા પડ્યા છે. ભગવાનની બીજી તરફ શ્રી ગૌતમસ્વામી-ગણધરપ્રભુના બહુજ રૂપાળા ચરણપાદુકા છે. આ તીર્થંકરોના અને ગણધર-દેવના ચરણકમળ જોઈને યાત્રિકોનું અંતર આનંદિત થયું અને વારંવાર ભક્તિપૂર્વક એ ચરણોનું સ્પર્શન કર્યું.


રાત્રે મહાવીરપ્રભુના દરબારમાં અદ્ભુત ભક્તિ થઈ; હજાર જેટલા યાત્રિકોથી મહાવીર પ્રભુનો દરબાર શોભતો હતો. ગુરુદેવને યાત્રાનો રંગ ઓર હતો. ભગવાનની ખરેખરી માયા લાગી હતી; એટલે ભક્તિમાં પણ તેઓશ્રી હૃદયના ભાવ ખોલીને ગવડાવતા હતા કે–

ત્રિશલાના જાયાની લાગી મને માયા....
મહાવીરના મીઠાં સંભારણાં....

વીરપ્રભુ સાથે મેં તો બાંધી છે પ્રીતડી,
દીલમાં વસી ગઈ મૂરતિ અલબેલડી,
ધરું સંયમ કેરા ચીર...મીઠાં સંભારણાં....

ઘણા ઘણા ભાવથી ગુરુદેવે ભક્તિ કરાવી. ને પછી બેનશ્રી–બેનને ભક્તિ બોલવાનું કહ્યું. યાત્રામહોત્સવનાં જાણે ભગવાનને સાક્ષાત્ બોલાવતા હોય–એવા ઉમંગથી બેનશ્રી–બેને ભક્તિ શરૂ કરી–

વ્હાલા વીરજી તું આવ મારા મનોમંદિરે...
જ્યોતિ ભક્તિની જગાવ મારા મનોમંદિરે...



મહાવીરપ્રભુના દરબારમાં

દિવ્ય જ્ઞાન પ્રગટાવ મારા મનોમંદિરે....
તારા સુગુણો વસાવ મારા મનોમંદિરે....
તારા શાસનને શોભાવે મારા કહાનગુરુજીદેવ,
વ્હાલા વીરજી તું આવ તારું શાસન જોવાને....

આ ઉપરાંત બીજા પણ અનેક સ્તવનોદ્વારા અદ્‌ભુત ભકિત થઈ હતી. ભકિત બાદ હવે આવતી કાલે ગુરુદેવ સાથે જલમંદિરે નિર્વાણધામની યાત્રા કરવા માટે યાત્રિકો આતૂર છે; સાધક જેમ સિદ્ધિને ઝંખે, તેમ યાત્રિકો સિદ્ધિધામની યાત્રાને ઝંખી રહ્યા છે.





# પાવાપુરી સિદ્ધિધામની યાત્રા



ફાગણ સુદ બીજ : સવારમાં મંગલદર્શન કરીને, વીરપ્રભુના સિદ્ધિધામની યાત્રા માટે એક હજાર જેટલા યાત્રિકો સાથે ગુરુદેવે જલમંદિર તરફ પ્રસ્થાન કર્યું. જયગાન કરતા યાત્રિકોની હારમાળા એટલી લાંબી હતી કે જ્યારે એક છેડો જલમંદિરે પહોંચ્યો ત્યારે બીજો છેડો હજી ધર્મશાળાએ હતો. દરવાજા પાસે આવતાં નજીકમાં જળમંદિર દેખીને ચિત્ત ઉપશાંત થાય છે. સુંદર જળથી ભરેલા ને અનેક કમળોથી શોભતા વિશાળ પદ્મ-સરોવરની વચ્ચે રળિયામણું જલમંદિર પોતાની નીરાળી છટાથી શોભી રહ્યું છે, સરોવરમાં

ખીલેલાં કમળો જાણે મુખ ઊઘાડીને કહી રહ્યા હોય કે ભગવાન તો સંસારથી અલિપ્ત હતા ને ભગવાનના સંગથી અમે પણ અલિપ્ત થઇ ગયા. એ કમળપુષ્પો પાંદડારૂપ હાથ પહોળા કરીને જાણે કે ભગવાન પાસે તેડી જવાનું આપણને કહેતા હોય–એવું દશ્ય છે. અલિપ્તસ્વભાવવાળા કમળ જોતાં ભગવાનના આત્માના અલિપ્તપણાનું સ્મરણ થાય છે. અહા, ભગવાન સંસારથી અલિપ્ત થઇને મુક્તિ અહીંથી જ પામ્યા. અરે, ભગવાનના ચરણથી સ્પર્શાયેલી અહીંની ધૂળ પણ અલિપ્તસ્વભાવવાળી થઈને કમળપત્રરૂપે ઊગી નીકળી. સમયસારની ૧૪મી ગાથામાં પણ અલિપ્ત કમળપત્રના દૃષ્ટાંતે આત્માનો શુદ્ધસ્વભાવ સમજાવ્યો છે તે આ કમળપત્ર જોઇને યાદ આવતું હતું. કમળપત્ર ઉપર પડેલા પાણીના કોઈ કોઇ બિંદુવા અસલ સ્ફટિકની કણી જેવા ઝળહળતા હતા. કમળથી છવાયેલું આ સરોવર બારે માસ પાણીથી ભરચક રહે છે. વચ્ચેના જલમંદિરમાં જવા માટે એક દિશામાં સુશોભિત પૂલ છે. મોક્ષધામની આસપાસની અદ્ભુત શોભા નીહાળતાં નીહાળતાં, ને ભગવાનની દિવ્યતાનો મહિમા કરતા કરતા, પૂલ ઉપર થઇને જલમંદિરમાં આવ્યા. મંદિરને ફરતો વિશાળ ચોક છે, ચાર ખૂણે ચાર દેરીઓ છે. સરોવર વચ્ચે મંદિરનું કુદરતી દશ્ય જોતાં 'અહીં જ ભગવાન બિરાજ્યા છે' એવો ભાસ થાય છે. અંદર મંદિરમાં વચ્ચે નાનકડું જિન મંદિર છે, નીચા નમીને અંદર જવાય છે. ત્યાં ત્રણ દેરી ( ગોખ ) છે, વચ્ચેની દેરીમાં શ્રી મહાવીરપ્રભુના પવિત્ર ચરણપાદુકા છે; આજુબાજુની બંને દેરીમાં ગૌતમસ્વામી તથા સુધર્મસ્વામીના ચરણપાદુકા છે. ત્યાં જઇને દર્શન કરીને અર્ઘ ચડાવ્યો. પછી પ્રભુજીના ચરણસન્મુખ અતિશય ભીડાભીડમાં જેમતેમ કરીને સૌ બેઠા. શરૂઆતમાં ગુરુદેવે કહ્યું : જુઓ, ભગવાન અહીંથી મોક્ષ પધાર્યા...અહીંથી ઉપર સિદ્ધાલયમાં ભગવાન બિરાજે છે.– એમ કહીને હાથ ઊંચો કરીને સિદ્ધાલય બતાવ્યું. અને પછી ભગવાનની ભક્તિ શરૂ કરી–

આજે વીરપ્રભુજી નિર્વાણ પદને પામીયા રે....
અહીંથી વીરપ્રભુજી નિર્વાણ પદને પામીયા રે...
શ્રી ગૌતમ ગણધરજી પામ્યા કેવળજ્ઞાન....
....સુરનર આવો આવો નિર્વાણ મહોત્સવ ઊજવવા રે....

ચરમ તીર્થંકર વીરપ્રભુ, ચોવીસમા જિનરાય;
ભારતના વીતરાગજી, વિરહ પડયા દુ:ખદાય.

ભગવાનના વિરહની વાત આવતાં ગુરુદેવ ગદગદ થઇ ગયા હતા, અને એ ગદગદતા ભરેલી ભક્તિ ભક્તોના હૈયાને પણ હચમચાવતી હતી. ચારે બાજુ ગંભીરતા છવાઇ ગઈ

હતી. અહા, એ વખતના વાતાવરણમાં તો બસ વૈરાગ્ય ! વૈરાગ્ય ! વૈરાગ્ય !! ગુરુદેવની ભાવભીની ભક્તિ સાંભળતાં સૌના હૃદયના તાર ઝણઝણી ઊઠતા હતા. વૈરાગ્યભીના ભક્તિ-રસથી ગુરુદેવના નયનો પણ ભીંજાઈ રહ્યા હતા; બેનશ્રી-બેનની સામે જુઓ તો તેઓ પણ વૈરાગ્યરસમાં તરબોળ! અને હજારો યાત્રિકો તરફ જોતાં દરેક યાત્રિક ભક્તિમાં તલ્લીન !

ભક્તિ વખતના આવા સ્તબ્ધ વાતાવરણમાં જાણે કે ભક્તો ગુરુદેવને પૂછી રહ્યા છે કે હે ગુરુદેવ ! ભગવાન અહીંથી કઇ રીતે—ક્યા માર્ગે મુક્તિ પધાર્યા? તે અમને બતાવો. ત્યારે ગુરુદેવ ભક્તિદ્વારા બતાવે છે કે—

**અહીં પાવાપુરમાં સમશ્રેણી પ્રભુ આદરી રે**
**મુક્તિમાં બિરાજ્યા વીરપ્રભુ ભગવંત....**
**....આંહી ભરતક્ષેત્રે તીર્થંકર વિરહા પડયા રે.**

ભગવાન જ્યાંથી મુક્તિ પામ્યા એ જ ધામમાં બેઠાબેઠા આ ભક્તિ ચાલી રહી છે. વીરપ્રભુના પગલેપગલે મુક્તિમાર્ગે ચાલતાચાલતા ગુરુદેવ ભક્તોને બતાવી રહ્યા છે કે ભગવાને તો ત્રીસવર્ષની કુમાર અવસ્થામાં તપ આદર્યા ને ઉગ્ર આત્મધ્યાન કરીકરીને કેવળ જ્ઞાન લીધું, પછી અનેક ભવ્યજીવોને ઉગારીને, અહીંથી સમશ્રેણી માંડીને મોક્ષધામ સીધાવ્યાઃ


**ત્રીસ વર્ષે તપ આદર્યા, લીધાં કેવળજ્ઞાન;**
**અગણિત ભવ્ય ઉગારીને પામ્યા પદ નિર્વાણ.**

ભગવાન પાસે બાળકની જેમ ભક્તિ કરતાંકરતાં હાથ જોડીને સંત કહે છે: હે નાથ!

**અમ બાળકની આપે લીધી નહિ સંભાળ,**
**અમને કેવળના વિરહામાં મૂકી ચાલીયા રે....**

છેવટે બેધડકપણે આત્મસાક્ષીથી કહે છે કે હે નાથ ! આપ મુકિત ભલે પામ્યા; અમે પણ આપના બાળક છીએ ને આપના શાસનને શોભાવતા શોભાવતા અમે પણ આપની પાસે ચાલ્યા આવીએ છીએ.

આવા ભાવપૂર્વક ગુરુદેવે ભાવભીની ભકિત કરાવી; આવા તીર્થધામમાં ગુરુદેવની આવી ઉત્તમ ભકિત દેખીને બધા જ યાત્રિકોને ઘણો આનંદ થયો. વીતરાગ પરમાત્મા પ્રત્યે ધર્માત્માઓના આત્મપ્રદેશે જે સહજ ભકિત નિરંતર ઉલ્લસી રહી છે તે ક્યારેક આવા યાત્રા



ગુરુદેવ ભક્તિ કરાવે છે

વગેરેના ખાસ પ્રસંગે વ્યક્ત થાય છે, ને મુમુક્ષુને ધર્માત્માની અંતરંગપરિણતિ સ્પષ્ટ જોવાનું સદ્ભાગ્ય સાંપડે છે-જે દેખીને આનંદની ઉર્મિઓ જાગે છે ને ચૈતન્યની આરાધના પ્રત્યે સુમધુર તરંગો ઊઠે છે. અહા! પાવાપુરીમાં ભક્તિ પ્રસંગે મુમુક્ષુહૃદયમાં ઉલ્લસેલા મોજાં હજી પણ શમ્યા નથી.

ગુરુદેવની ભક્તિ બાદ પૂ. બેનશ્રીબેને પણ મહા ઉલ્લાસથી ભક્તિ કરાવી-

નિર્વાણમહોત્સવ થયા આંહી,....વીરપ્રભુ સિદ્ધ થયા છે.
વીરપ્રભુજી સિદ્ધ થયા છે, ગૌતમ કેવળજ્ઞાન...વીર પ્રભુ સિદ્ધ થયા છે.
સમશ્રેણી પ્રભુ પાવાપુરીમાં, મુક્તિમાં બિરાજ્યા નાથ....વીરપ્રભુ સિદ્ધ થયા છે.
પુનિત પગલાં કાલ હતા ભરતમાં, આજે થયા ચિદ્બિંબ....વીરપ્રભુ સિદ્ધ થયા છે.
કાલે વીરજી અરિહંત હતા, આજે સિદ્ધ ભગવાન...વીરપ્રભુ સિદ્ધ થયા છે.
ભરતક્ષેત્રે પાવાપુરીમાં સ્મરણ વીરના થાય....વીરપ્રભુ સિદ્ધ થયા છે.
હે વીર! હે વીર! ભરતક્ષેત્રમાં સેવક કરે તુને સાદ....વીરપ્રભુ સિદ્ધ થયા છે.
સિદ્ધમંદિરે નાથ બિરાજ્યા, શાસનમાં જાગ્યા કોઈ સંત...વીરપ્રભુ સિદ્ધ થયા છે.
આતમ આધાર એ અમસેવકના, શિવપુરનો એ સાથ...વીરપ્રભુ સિદ્ધ થયા છે.
વીરપ્રભુજી સિદ્ધ થયા છે, ગૌતમ કેવળજ્ઞાન....વીરપ્રભુ સિદ્ધ થયા છે.

અહા, ગૌતમ ગણધરના કેવળજ્ઞાનની પણ આ જ ભૂમિ છે. વિપુલાચલે મહાવીર પ્રભુનું તીર્થંકરપદ ને ગૌતમસ્વામીનું ગણધરપદ, ત્યાંથી આગળ આવતાં આ પાવાપુરી-ધામમાં મહાવીરપ્રભુનું સિદ્ધપદ અને ગૌતમપ્રભુનું અર્હંતપદ;—આ રીતે તીર્થંકર-ગણધરની સરસ જોડીના પાવનધામોનાં દર્શનથી ઘણો આહ્લાદ થતો હતો....ને હૃદય નમી પડતું હતું કે—

શ્રમણો, જિનો, તીર્થંકરો એ રીત સેવી માર્ગને,
સિદ્ધિ વર્યા, નમું તેમને; નિર્વાણના આ ધામને.

જેમ તીર્થંકરદેવના સમવસરણમાં મુક્તિ માટે જીવોનાં જૂથ ઊભરાય તેમ અહીં ગુરુદેવ સાથે ભક્તિ માટે જીવોનાં જૂથ ઊભરાયા છે, ને ગુરુદેવ ફરીફરીને ગવડાવી રહ્યા છે કે—


વીરપ્રભુજી મોક્ષ પધાર્યા ગૌતમ કેવળજ્ઞાન રે...વીરજીનું શાસન ઝૂલે રે.
પાવાપુરી સિદ્ધક્ષેત્ર પ્રભુજી સમશ્રેણી કહેવાય રે....વીરજીનું શાસન ઝૂલે રે.

ગુરુદેવ ભક્તિરૂપી દોરી વડે ભગવાનના શાસનને ઝુલાવી રહ્યા હોય એવું એ ભક્તિનું વાતાવરણ હતું ને બધા યાત્રિકો ભક્તિના રંગમાં ડોલી ઊઠ્યા હતા. તે વખતે એમ થતું કે અહા! સંતધર્માત્માઓ સાથે તીર્થની યાત્રા કરવાનું ને આવી અદ્ભુત ભક્તિ કરવાનું કોઈક વિરલ પ્રસંગે જ બને છે. આપણા ધન્યભાગ્ય છે કે આ કાળના ઉત્કૃષ્ટ ધર્મપ્રસંગો આપણને જોવા મળ્યા છે...ને ગુરુપ્રતાપે આત્મલાભનો સુઅવસર આવ્યો છે.

ભક્તિ પછી ગુરુદેવે અંદર નિજમંદિરમાં જઈને વીરપ્રભુના ચરણોનો અભિષેક કર્યો. બહાર આવીને કહ્યું–આ યાત્રા જ જિંદગીમાં પહેલવહેલી થાય છે એટલે આપણે તો બધું નવું જ છે. ખરેખર ગુરુદેવ સાથેની યાત્રામાં બધી નવીનતા ને અપૂર્વતા જ લાગતી હતી. ગુરુદેવ ભગવાનના ચરણોનો ભાવભીના હૃદયથી અભિષેક કરતા હતા અને ભાવભીના હૃદયથી દર્શન કરતા હતા, એ દૃશ્ય અપૂર્વ હતું. એ દૃશ્ય જોઈને ભક્તોના હૃદય આનંદથી ઊભરાઈ જતા હતા. ભક્તિ-અભિષેક બાદ સમૂહપૂજન થયું; પુરાણોમાં મોટામોટા પૂજનમહોત્સવનું વર્ણન આવે છે—એવો જ એક આ પૂજનપ્રસંગ હતો. સિદ્ધક્ષેત્રમાં હજાર જેટલા યાત્રિકો ગુરુદેવની સાથે અર્ઘ...સ્વાહા....કરી રહ્યા હતા ને ગુરુદેવ સાથે જિનેન્દ્રદેવના પૂજનનો લહાવો લઈ રહ્યા હતા. વીરનાથની સ્તુતિમાં સમન્તભદ્રસ્વામીએ કહેલું વચન તે વખતે યાદ આવતું હતું કે હે જિનેન્દ્ર! તારા ચરણની યથાર્થ સેવના જ્ઞાનીઓ જ કરે છે.

वर पद्मवन भर पद्मसरवर बहिर पावाग्राम ही।
शिवधाम सन्मति स्वामी पायो जजों जो सुखदा मही ॥

—એ પૂજન કરતાં કરતાં, ફળપૂજા આવી: ગુરુદેવના હાથમાં પૂજન માટે શ્રીફળ આપવા માંડયું; થોડી વાર વિચાર કરતાં કરતાં છેવટે ગુરુદેવે ફળપૂજા કરવા માટે શ્રીફળ હાથમાં લીધું....જીવનમાં પહેલી જ વાર શ્રીફળ લઈને હસતાંહસતાં ગુરુદેવે मोक्षफलप्राप्तये फलं...स्वाहा કર્યું, ને એક સાથે હજાર જેટલા યાત્રિકોનો 'સ્વા...હા'નો પડઘો ઠેઠ મોક્ષધામ સુધી પહોંચ્યો.



વીરચરણ (જલમંદિર)



ફૂલં....સ્વાહા....




પાવાપુરી પ્રદક્ષિણા

-આમ પાવાપુરિ સિદ્ધિધામમાં અતિ ઉલ્લાસભર્યા ભક્તિપૂજન સહિત યાત્રા થઈ. ચોવીસ ભગવંતોમાંથી ત્રેવીસ ભગવંતોનું નિર્વાણધામ તો પર્વતો ઉપર છે, જ્યારે આ ભગવાનનું નિર્વાણધામ પાણીની મધ્યમાં છે. ભગવાન વખતે તો સપાટભૂમિ હતી પરંતુ પછી તળાવ બન્યું. આ સંબંધમાં એમ કહેવામાં આવે છે કે, ભગવાન મોક્ષ પધાર્યા બાદ તે પાવનભૂમિની પવિત્ર રજ અસંખ્ય ભાવુક ભક્તોએ એટલા બધા ઉમળકાપૂર્વક લીધી કે ત્યાં મોટો ખાડો થતાં તળાવ બની ગયું. યાત્રા બાદ ગુરુદેવે ચારેકોર ઉપર નીચે સિદ્ધિધામનું અવલોકન કર્યું, ને યાત્રિકોને પણ બતાવ્યું: જુઓ, અહીંથી સીધા સમશ્રેણીએ ઉપર લોકાગ્રે ભગવાન બિરાજે છે, તેમના સ્મરણ માટે આ યાત્રા છે. ભગવાનને અયોગી ગુણસ્થાન અહીં વર્તતું હતું; કેવું? કે—

મન વચન કાયા ને કર્મની વર્ગણા, છૂટે જહાં સકલ પુદ્ગલ સંબંધ જો:
એવું અયોગી ગુણસ્થાનક 'અહીં' વર્તતું, મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો.
એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા, પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય, અગુરુલઘુ અમૂર્ત સહજ પદરૂપ જો...

અને પછી—

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી, ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિઅનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો...

દેહથી છૂટીને ભગવાન સિદ્ધપદ પામ્યા, ને તે જ ક્ષણે ઊર્ધ્વગમન કરીને સિદ્ધાલયમાં—અનંત સિદ્ધભગવંતોના મેળામાં પધાર્યા; ત્યાં સાદિ અનંતકાળ સુધી આત્માના અનંતજ્ઞાન-દર્શન ને સુખ સહિત બિરાજમાન રહેશે. ધન્ય એ દશા! આવી દશા ભગવાનને અહીં પ્રગટ થઈ. આવા પરમધ્યેયને યાદ કરવા માટે ને તેની ભાવના તાજી કરવા માટે આ તીર્થયાત્રા થાય છે.

ગુરુદેવના આ ભક્તિભર્યા ઉદ્ગારો સાંભળીને હજાર યાત્રિકોએ ઉત્સાહપૂર્વક સેંકડો જયજયકાર વડે હર્ષ વ્યક્ત કર્યો: ત્યાર પછી પૂ. બેનશ્રીબેને પરમભક્તિથી જલમંદિર-સિદ્ધિધામને પ્રદક્ષિણા દેવા માંડી: પળવારમાં તો સેંકડો યાત્રિકો પ્રદક્ષિણામાં જોડાઈ ગયા ને ઉમંગભરી ધૂન ગાતાંગાતાં ત્રણને બદલે છ પ્રદક્ષિણા દેવાઈ ગઈ.

ત્રિશલામાતાના જાયા હો દેવ! વર્દ્ધમાન પાયા ...
વર્દ્ધમાન પાયા પ્રભુ વર્દ્ધમાન પાયા, ભક્તિની ધૂન મચાયા હો દેવ...

પાવાપુરીમાં શિવધામ પામ્યા, સિદ્ધબિંબ તેં પૂરણ પાયા...હો વીર...
પાવાપુરીમાં મોક્ષધામ પામ્યા, ચિદ્‌બિંબ તેં પૂરણ પાયા...હો વીર...

અહા, જાણે ઉપરથી સિદ્ધ ભગવાનને ભક્તિના બળે હૃદયમાં ઉતારતા હતા; જગતને ભૂલીને એક સિદ્ધપદની જ લગનીમાં લયલીનતા હતી. પ્રદક્ષિણા બાદ ઘૂંટણભર થઈને ભાવભીના ચિત્તે બંને બહેનોએ શિર લગાવીને-ઉપર હાથ જોડીને સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યા... જાણે કે નમસ્કારમંત્રના બળે સિદ્ધભગવંતોને આત્મામાં પધરાવ્યા. અહા, જ્ઞાનીઓના એ અતીન્દ્રિય આનંદ સહિતના ભક્તિના ભાવોનો ચિતાર કરવા માટે જગતમાં કોઈ શબ્દો જડતા નથી. દેહભાન ભૂલીને ભગવાન પ્રત્યે લયલીનતાથી થતી એ ભક્તિ દેખીને હૃદય એમ ઝંખતું હતું કે ધન્ય આ ભક્તિ! ક્યારે આવા અપૂર્વ ભાવ સહિત ભગવાનની ભક્તિ કરીએ...ને ક્યારે આમના જેવું અમારું જીવન બને! અરે, આવી ભક્તિ નજરે જોવાનું મળે એ પણ કોઈ મહાન ભાગ્ય છે.

હૃદયમાં ભરપૂર ભક્તિ ભરીને જલમંદિરથી ધર્મશાળા તરફ જતાં જતાં, વચ્ચે પૂલ ઉપર પણ– "હે વીર! તુમ્હારે દ્વારે પર એક દર્શ ભીખારી આયા હૈ" એ ભક્તિની અદ્‌ભુત ધૂન જામેલી, યાત્રિકો એકતાન થઈ ગયેલા; નજરે નીહાળનારાના હૈયામાં એ પ્રસંગ કોતરાઈ ગયો છે. એનાં આ સ્મરણ લખતી વખતે પણ આંખો ભક્તિ રસથી ભીંજાઈ રહી છે, –તો એ પ્રસંગની શી વાત! નજરે નહિ જોનારાને માટે તો એ એક કલ્પનાનો જ વિષય છે—જેમ બીન અનુભવીને માટે સિદ્ધભગવંતોનું સુખ તે માત્ર કલ્પનાનો જ વિષય છે તેમ.

છેવટે ભક્તિની પૂર્ણાહૂતિ કરતાં યાત્રિકોએ જયજયકારથી પાવાપુરી ગજાવી મુકી.... અને ઠેઠ સિદ્ધલોક સુધી સંભળાય એવા ગગનભેદી નાદે સૌ યાત્રિકો બોલ્યા—


## મહાવીર સિદ્ધભગવાનકી....જે....


ખરેખર, સિદ્ધાલયમાં બેઠાબેઠા વીરભગવાન પણ તે જયનાદ સાંભળી રહ્યા હતા.

પાવાપુરીથી સિદ્ધિપ્રાપ્ત શ્રી મહાવીર ભગવાનને નમસ્કાર હો.


પાવાપુરી-સિદ્ધિધામની યાત્રા કરાવનાર શ્રી કહાનગુરુદેવને નમસ્કાર હો.

સિદ્ધિધામની ઉલ્લાસભરી યાત્રા કરીને યાત્રિકો ધર્મશાળા તરફ જતા હતા; પરંતુ હૃદયમાં જ્યાં યાત્રાનો અપાર હર્ષ ઊભરાતો હોય ત્યાં યાત્રિકો મૂંગા કેમ રહી શકે? એટલે નીચેની ધૂન દ્વારા સૌ પોતાનો હર્ષ વ્યક્ત કરતા હતા—





"હે વીર! તુમ્હારે દ્વારે પર...."



જલમંદિરની શોભા (જુઓ પાનું ૨૯૭)

પાવાપુરી ધામ દેખ્યા....વાહવા જી વાહવા! મુક્તિનાં આ ધામ દેખ્યા....વાહવા જી વાહવા!
ગુરુદેવની સાથે દેખ્યા....વાહવા જી વાહવા! ગુરુદેવે ભક્તિ કરી....વાહવા જી વાહવા!
ગુરુદેવે પૂજન કીધાં....વાહવા જી વાહવા! પ્રભુ ચરણને ભેટયા આજ....વાહવા જી વાહવા!
અદ્ભુત આનંદ આવ્યો આજ...વાહવા જી વાહવા! અદ્ભુત ભક્તિ દેખી આજ....
વાહવા જી વાહવા!
સંતો સાથે યાત્રા થઈ....વાહવા જી વાહવા! અનંતકાળની ભૂખ ભાંગી....વાહવા જી વાહવા!
અદ્ભુત ભાવો ઉલ્લસ્યા આજ....વાહવા જી વાહવા! ફરી ફરીને યાત્રા કરાવો....
વાહવા જી વાહવા!


યાત્રા બાદ ધર્મશાળાએ આવીને ગુરુદેવ પાસે સૌ પોતાનો પ્રમોદ વ્યક્ત કરતા હતા. એક હજાર યાત્રિકો સાથેની તીર્થયાત્રાનો આ એક મહાન ઐતિહાસિક પ્રસંગ છે. આજની યાત્રાથી ગુરુદેવ પણ ઘણા પ્રમોદિત હતા. યાત્રાની ધૂનમાં જો કે સોનગઢ ભૂલાઈ ગયું હતું, પરંતુ યાત્રા બાદ જ્યારે ખબર પડી કે આજે તો ફાગણ સુદ બીજ.... સોનગઢમાં સીમંધરભગવાનની પ્રતિષ્ઠાનો મહામંગળ દિવસ!! ત્યારે ગુરુદેવ પ્રમોદથી કહે કે વાહ, કેવો સુમેળ! આપણને યાદ રહી જશે કે ફાગણ સુદ બીજે પાવાપુરીમાં હતા ને અભિષેક કર્યો હતો. સીમંધરભગવાનની પ્રતિષ્ઠાના દિવસે મહાવીર પ્રભુના મોક્ષધામની યાત્રા થઈ.

–આમ હર્ષપૂર્વક વિધવિધ તીર્થોની યાત્રા કરતા કરતા...ને તેના મધુર સ્મરણો હૃદયમાં ભરતા ભરતા સમ્મેદશિખર તરફ જઇ રહ્યા છીએ. ધ્યેયના મુકામે પહોંચાય ત્યારના આનંદની તો શી વાત! પણ તે ધ્યેયસ્થાને પહોંચવાના માર્ગની મુસાફરી પણ કેવી મજેદાર છે!! જેમ– ધ્યેયરૂપ સિદ્ધપદ તો પરમ ઉત્તમ છે, અને તેનો માર્ગ પણ મહા આનંદદાયક છે. ધ્યેયના માર્ગની મુસાફરીમાં વચ્ચે આવતી મુશકેલીઓ પથિકને રોકી તો નથી શકતી પરંતુ ઊલટી તેને ધ્યેય પ્રત્યે પહોંચવાના પુરુષાર્થમાં ઉત્તેજિત કરે છે, એટલે ગમે તેવી મુશકેલીઓને ઓળંગીને હોંસે હોંસે ધ્યેયને હાંસલ કરવા માટે તે માર્ગમાં આગળ વધે છે. ગુરુદેવ સાથે તીર્થયાત્રામાં આગળ વધતાં યાત્રિકોને એમ થાય છે કે અહા, રસ્તાના તીર્થોમાં પણ જ્યાં આવો મહા આનંદ થાય છે તો સાક્ષાત સમ્મેદશિખરજી તીર્થધામમાં કેવો આનંદ થશે! મુમુક્ષુઓ જેમ મોક્ષને ઝંખે તેમ યાત્રિકો મોક્ષધામ એવા સમ્મેદશિખરજી તીર્થને ઝંખી રહ્યા છે: કયારે સમ્મેદશિખરજી પહોંચીએ...ને ગુરુદેવ સાથે એ મહાન તીર્થની યાત્રા કરીને પાવન થઇએ!

બપોરે પૂ. ગુરુદેવ સાથે યાત્રિકો સમવસરણ–મંદિરના દર્શને ગયા. પાવાપુરીમાં જલ-

મંદિરના દરવાજાની સામે વર્દ્ધમાનતીર્થંકરની અંતિમદેશનાનું સ્થાન છે, ત્યાં ત્રણ પીઠિકા સહિત એક મંદિર છે, તેને સમવસરણ-મંદિર કહેવાય છે. આસપાસમાં બીલ્વફળનાં વૃક્ષ વગેરે રમ્ય દૃશ્યોથી મંદિર શોભી રહ્યું છે, ને તેની મધ્યમાં શ્રી વીરપ્રભુના ઘણા પુરાણા (૨૦૦૦ વર્ષ કરતાંય વધુ પ્રાચીન) ચરણપાદુકા છે. આ પ્રાચીન અને વિશાળ ચરણપાદુકાનું ભાવવાહી દૃશ્ય જોતાં સમવસરણનો દેદાર નજરસમક્ષ ખડો થાય છે. અહા, ધનતેરસે છેલ્લી છેલ્લી વખત ભગવાને જ્યારે ૐકારનાદ વડે ચૈતન્યના સન્દેશ સંભળાવ્યા હશે અને ગૌતમગણધર જેવા શ્રોતાજનોએ તે ઝીલ્યા હશે, એ દૃશ્ય કેવું હશે! ગુરુદેવ સાથે એ પાવનધામ નીહાળતાં, હૃદયોર્મિઓ ૨૪૮૩ વર્ષોના કાળપટને ભેદીને ઠેઠ વીરપ્રભુ પાસે પહોંચી જતી હતી. વીરપ્રભુના ચરણોમાં મસ્તક નમાવી વારંવાર ભાવપૂર્વક સૌ ચરણસ્પર્શ કરતા હતા. ગુરુદેવ વગેરે સાથે સમવસરણની પ્રદક્ષિણા કરતાં આનંદ થતો હતો. પ્રદક્ષિણા વખતે પૂ. બેનશ્રીબેન સમવસરણની ભક્તિ ગાતા હતા.

બપોરે ધર્મશાળામાં પૂ. ગુરુદેવનું અપૂર્વ પ્રવચન થયું. વીર પ્રભુના મોક્ષધામમાં ગુરુદેવે મોક્ષના સન્દેશ સંભળાવ્યા. 'મહાવીર ભગવાન આમ કહેતા હતા' એમ કહી કહીને ગુરુદેવ મહાવીરપ્રભુને તાદૃશ કરીને તેમનો માર્ગ પ્રકાશિત કરતા હતા, અને સાથે સાથે યાત્રાનો ભાવવાહી ઉલ્લેખ કરીને વીરનાથ પ્રત્યેની પરમ ભક્તિને ભેગી મેળવતા. વીરપ્રભુના ધામમાં વીરનાથનો સન્દેશ સાંભળતાં સૌને પ્રસન્નતા થઇ. પ્રવચન પછી વીરપ્રભુના ધામમાં યાત્રિકો હરતાફરતા કલ્લોલ કરતા હતા. ઉદ્યાન જેવી પાવાપુરીમાં પદ્મસરોવરના કિનારે સંધ્યાનું વાતાવરણ ઘણું રમ્ય હતું.–એ પદ્મસરોવરના કિનારે બેઠા બેઠા આ યાત્રાના સંસ્મરણો લખાતા હતા. અગાઉના વખતમાં રાજાઓએ તળાવના કિનારે પડાવ નાંખ્યો હોય ને ત્યાં કુદરતે મુનિરાજના આહારદાનનો પ્રસંગ બની જતો...તેનું (વજ્રજંઘ-શ્રીમતી વગેરેનું) અદ્ભુત રોમાંચકારી વર્ણન પુરાણોમાં આવે છે તે અહીં તળાવના તીરે યાદ આવતું હતું, ને તેવી ભાવનાઓ જાગતી હતી.



સંધ્યા તો ગઇ ને તેનું સામ્રાજ્ય લેવા રાત્રિ આવી પહોંચી; પરંતુ, જ્યાં ભગવાન બિરાજતા હોય ત્યાં રાત્રિનું સામ્રાજ્ય ક્યાંથી હોય? અનેક દીપકમાળાના પ્રકાશથી ઝગમગતું

જળમંદિર રાત્રિના સામ્રાજ્યને દૂર કરી નાખતું હતું. સરોવરના જળમાં એ દીપકોના પ્રતિબિંબ પવનની લહરોથી ઝૂલી રહ્યા હતા, ને તેનાથી એ સરોવર એવું લાગતું હતું કે જાણે આંખો ઊઘાડબંધ કરીકરીને વીરનાથના વૈભવને નીહાળવા તલસી રહ્યું હોય! દીપમાળાના શણગારથી જળમંદિર બહુ શોભે છે, તેમાંય દીવાળીના ઉત્સવ પ્રસંગે તો સરોવરની વચ્ચે પ્રકાશથી ઝળહળતું મંદિર જાણે કે પોતાની બધી શોભા ભેગી કરીને ભગવાનની મુક્તદશાને અભિનંદી રહ્યું હોય!–એવું શોભી ઊઠે છે. આવું સુશોભિત જળમંદિર દીપકોના પ્રકાશ વડે દૂરદૂરથી યાત્રિકોને આકર્ષી રહ્યું હતું.

રાત્રે ગુરુદેવ સાથે જલમંદિરમાં ભક્તિ કરવા ગયા. ચારેકોર બત્તીના પ્રતિબિંબને લીધે સરોવરના પાણીમાંથી પણ પ્રકાશનાં કિરણો ફેંકાતા હતા, ને પાણીમાં બત્તી દેખાય ત એવી લાગતી કે સરોવર જાણે હજાર-હજાર આંખો ખોલીને ભગવાનની મુક્તિને નીહાળી રહ્યું હોય! આ મંગલકારી વાતાવરણમાં આત્મા ઘણો આનંદિત થતો હતો. અહો, જાણે મુક્તિનો અહીં સ્વયંવર મંડાયો છે, મહાવીરપ્રભુ મુક્તિને વરવાની તૈયારીમાં છે ને ગૌતમ-ગણધર ધીરગંભીરપણે આત્મધ્યાનમાં વધુ ને વધુ એકાગ્ર થતાં થતાં વીરપ્રભુની સર્વજ્ઞતાનો વારસો લેવાની તૈયારી કરી રહ્યા છે,–આવો બધો ચિતાર અહીં ખડો થતો હતો. પ્રભુનો મોક્ષકલ્યાણક પણ ખરેખર કેવો મંગલકારી છે તે અહીં ખ્યાલમાં આવતું હતું. મોક્ષ થતાં જોકે અહીંના જીવોને ભગવાનનો વિરહ થાય છે–તોપણ, મોક્ષ જતાંજતાં છેવટ સુધી પણ ભગવાન હજારો-લાખો જીવોને આત્મજાગૃતી કરાવતા જાય છે: અરે જીવો! આત્માનું અંતિમ ધ્યેય જે સિદ્ધદશા,–સંસારના સર્વબંધનથી રહિત પરમ ઈષ્ટ ઉત્કૃષ્ટ પદ, તે જ પ્રાપ્ત કરવા જેવું છે–એમ દર્શાવતા-દર્શાવતા ભગવાન મુક્તિમાં ચાલ્યા જાય છે....ને ભગવાનનું એ મુક્તિગમન નજરે નીહાળીને અનેક ભવ્ય જીવો પણ તે મુક્તિમાર્ગમાં લાગી જાય છે. 'અમને આવા મુક્તિમહોત્સવનું ધામ ગુરુદેવ સાથે જોવા મળ્યું!'–એમ યાત્રિકોને અપાર ઉલ્લાસ થાય છે ને મોક્ષગામી પુરુષોના પવિત્ર પગલેપગલે મોક્ષમાર્ગે જવાની ભાવના જાગે છે, આત્મા અંતરથી તે માટે ઊછળે છે. ખરેખર ગુરુદેવ સાથે આ સિદ્ધ-ધામમાં આવીને સિદ્ધભગવંતો સાથે પ્રીતડી બાંધી,–એવી પ્રીતડી બાંધી કે મોક્ષધામમાં મુક્તિના કોલકરાર કર્યા....ભગવન્! આપ અમને મૂકીને ભલે મોક્ષમાં ચાલ્યા ગયા પરંતુ આપની પાસે મોક્ષમાં આવવાનો માર્ગ આપ અમને દેખાડી ગયા છો, તે જ માર્ગે અમે આપની પાસે ચાલ્યા આવીએ છીએ.

જલમંદિરને ભૂલીને આપણે ઠેઠ સિદ્ધભગવાન પાસે પહોંચી ગયા! હવે આ બાજુ જલમંદિરમાં રાત્રે વીરનાથની ભક્તિ ચાલી રહી છે. જેમ ભગવાનના સમવસરણમાં મુક્તિ

માટે જીવોનાં જૂથ ઊભરાતા, તેમ ગુરુદેવ સાથેની યાત્રામાં ભક્તિ માટે જીવોનાં જૂથ ઊભરાય છે; ક્ષણ પહેલાં જ્યાં ચકલુંય ન ફરકતું હોય ત્યાં ગુરુદેવ પધારતાં જ એવી ભીડ જામે કે ઊભા રહેવાની જગ્યા પણ માંડમાંડ મળે. જલમંદિરમાં ભરચક ભીડ અને ઉમંગભર્યા વાતાવરણ વચ્ચે ફાગણ સુદ બીજની રાત્રે ગુરુદેવે ભાવભીની ભક્તિ કરાવી—

પ્રભુ આશધરીને અમે આવીયારે અમને ઉતારો ભવોદધિ પારરે.. જિનરાજ લગન લાગી રે.
પ્રભુજી સાથે પ્રીત બાંધી રે વ્હાલા પુણ્ય ફળ્યા અપાર રે....જિનરાજ લગન લાગી રે.
મનમંદિરે વેલા આવજો રે આપ સાથે કીધો છે ખરો સ્નેહ રે...જિનરાજ લગન લાગી રે.
સહકાર આગે શી માગણી રે જિનજી મોંઘે કાળે મળ્યા આજ રે...જિનરાજ લગન લાગી રે.
પાકા વોળાવા મને ભેટીઆ રે જિનભક્તના સિધ્યાં કાજ રે....જિનરાજ લગન લાગી રે.

ગાયન ગુજરાતી ભાષાનું હોવાથી વચ્ચે વચ્ચે ગુરુદેવ તેનો ભાવાર્થ પણ હિંદી લોકોને સમજાવતા જતા હતા. 'સહકાર આગે....' આવતાં ગુરુદેવે પ્રસન્નતાપૂર્વક કહ્યું કે સહકાર એટલે આંબો; હે ભગવાન! આપ તો આંબા જેવા છો, આપની પાસે તે માંગવું પડે? જેમ આંબા પાસે કેરી માગવી ન પડે, તેનો સ્વભાવ જ એવો છે કે તે પોતે જ સહેજે કેરી આપે...અને કેરી પાકતાં તે આંબો એવો નીચો નમી જાય કે નાનકડા-છોટા બચ્ચા ભી કેરી લઇ શકે; તેમ હે નાથ! હમ તો આપકે બચ્ચે હૈ, ઔર આપ આમકે વૃક્ષ જૈસે હો; હમકો અંબ (કેરી) દો ઐસા માંગના નહીં પડતા, કિન્તુ આપકી સચ્ચી ભક્તિસે મોક્ષ તો હો હી જાતા હૈ. આમ ભગવાન પાસે પોતાને બાળક જેવા વર્ણવીને ગુરુદેવ ભક્તિ કરતા, ત્યારે યાત્રિકો પણ ગુરુદેવ પાસે નાના બાળક જેવા બનીને હર્ષિત થતા. આ રીતે, સંતજનોના અંતરમાં જેમ નિશ્ચય-વ્યવહારરૂપ (નિર્વિકલ્પ-સવિકલ્પ) દ્વિધાભક્તિ વર્તે છે તેમ અહીં પણ ગદ્યપદ્યમય દ્વિધાભક્તિ ચાલતી. 'પ્રભુજી સાથે પ્રીત બાંધી રે...' એ પદ આવતાં ગુરુદેવે ગદ્યમાં કહ્યું કે હે નાથ! હે વીતરાગી ચૈતન્ય પરમાત્મા! અમે તો આપની સાથે પ્રીતડી બાંધી છે; રાગની ને સંસારની પ્રીતિ તોડીને અમે તો આપની જ પ્રીતિ બાંધી છે. હવે રાગને તોડીને, આપના જેવા થઇને આપની પાસે આવ્યે છૂટકો.

આમ, મોક્ષમાર્ગ પ્રત્યે ઉલ્લસાયમાન કરે એવા ગુરુદેવના ઉદ્ગારોથી યાત્રિકોને યાત્રાનો ખરો લહાવો મળતો. ખરેખર તીર્થયાત્રાનો ઉદ્દેશ પણ એ જ છે કે મોક્ષમાર્ગી સન્તોનું સ્મરણ અને પરમ બહુમાન જાગે, અને પોતાને પણ તેવા મોક્ષમાર્ગનો ઉત્સાહ જાગે. જ્ઞાની સન્તની સાથે યાત્રામાં આ ઉદ્દેશ સહેલાઈથી સફળ થતો હતો.

ગુરુદેવની ભાવભીની ભક્તિ બાદ પૂ. બેનશ્રી-બેને પણ 'મહાવીર-અષ્ટક' વગેરે સ્તવનો

ગવડાવ્યા હતા-જેમાં એવી ભાવના હતી કે હે મહાવીરસ્વામી! અમને સાક્ષાત દર્શન આપો, છેવટે, નીચેના સ્તવનોદ્વારા ભગવાનને લાખો-કરોડો પ્રણામ કરીને ભક્તિ પૂર્ણ થઈ-


મહાવીર દયાકે સાગર તુમકો લાખોં પ્રણામ...તુમકો ક્રોડો પ્રણામ....
પાવાપુરીકે વાસી પ્રભુકો લાખોં પ્રણામ....પ્રભુકો ક્રોડો પ્રણામ....
તુમદર્શનકી ભારી પ્યાસા, સદા રહે મિલનકી આશા,
તેરા તો સિદ્ધાલય વાસા, પાવાપુરસેં શિવપદ પાયા,
સંતહૃદય વિરાજિત તુમકો લાખોં પ્રણામ....તુમકો ક્રોડો પ્રણામ....
ગુરુ-હૃદય બિરાજિત તુમકો લાખોં પ્રણામ....તુમકો ક્રોડો પ્રણામ...

-એ રીતે જલમંદિરમાં ભાવભીની ભક્તિ કરીને, અને ફરીફરીને આવવાની ભાવના સાથે લઇને સૌ ધર્મશાળાએ આવ્યા. યાત્રાના આનંદની ચર્ચા કરતા કરતા સુતેલા યાત્રિકો રાત્રે નીંદમાં પણ યાત્રાનાં જ મધુરદશ્યો નીહાળતા હતા.


બીજે દિવસે, ફાગણ સુદ ત્રીજની સવારમાં દર્શન-પૂજન બાદ, યાત્રાની ખુશાલીમાં પાવાપુરીમાં ભવ્ય રથયાત્રા નીકળી. રથયાત્રા ધર્મશાળાથી શરૂ થઇ પદ્મસરોવરના કિનારે કિનારે ફરતી જલમંદિરે આવી; ત્યાં જિનેન્દ્રઅભિષેક થયો....અને મહાન જયનાદપૂર્વક પાવાપુરી સિદ્ધિધામનો યાત્રા-મહોત્સવ પૂર્ણ થયો. સાધકોના હૃદયમાં જેમની પરમસ્તુતિ કોતરાયેલી છે એવા હે સિદ્ધ ભગવંતો! આપને મારા નમસ્કાર હો, મારા આત્મામાં આપ બિરાજો...सिद्धा सिद्धि मम दीसन्तु.

ભગવાન તો આપણા ધર્મપિતા છે; આપણે કોઇ પરદેશમાં નહિ પણ આપણા ધર્મ-પિતાના ધામમાં આવ્યા છીએ; આપણે ભગવાનના અને સંતના પુત્ર છીએ ને આ આપણા ધર્મપિતાનો દેશ છે. આપણા ધર્મપિતા અહીં વિચર્યા હતા, આ તેમની આત્મસાધનાની ભૂમિ છે, આપણે પણ તેમના માર્ગે ચાલીને આત્માને સાધીએ. જેમ ગૌતમસ્વામીએ વીરપ્રભુનું અનુસરણ કર્યું તેમ આપણે પણ કરીએ. ભગવાને કહેલો મુક્તિનો માર્ગ કહાનગુરુ આપણને દર્શાવી રહ્યા છે એ તેમનો મહાન ઉપકાર છે. મોક્ષમાર્ગદર્શક ભગવાન આજે આપણી સન્મુખ નથી તો પણ ભગવાને દર્શાવેલો માર્ગ તો આજે ય જીવંત પ્રવર્તી રહ્યો છે; ગુરુદેવની સાથે સાથે એ માર્ગે જઇએ ને આત્મહિત સાધીએ...આવી ભાવનાઓ ભાવતાં ભાવતાં યાત્રિકોએ બપોરે પાવાપુરીથી ગુણાવા તરફ પ્રસ્થાન કર્યું, વીરધામમાંથી ગૌતમધામ તરફ ચાલ્યા.


# ગૌતમધામ ગુણાવા સિદ્ધક્ષેત્ર




પાવાપુરીથી પંદરેક માઇલ દૂર ગુણાવા તે ગૌતમસ્વામીનું મોક્ષધામ છે. ભગવાન મહાવીર જે દિવસે મોક્ષ સિધાવ્યા તે જ દિવસે ગૌતમગણધર કેવળજ્ઞાન પામ્યા; ને અર્હંતપણે અનેક વર્ષો વિચરી, અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી, આ ગુણાવાધામથી સિદ્ધપદ પામીને તેને સિદ્ધક્ષેત્ર બનાવ્યું. બપોરે યાત્રાસંઘ આ સિદ્ધક્ષેત્રમાં આવી પહોંચ્યો. ગુણાવામાં આવતાં જાણે ગણધરપ્રભુના ધામમાં આવ્યા. આ સ્થાન શાંત....સુંદર....ને રળિયામણું છે. જેમ સંતધર્માત્માનો સમાગમ મુમુક્ષુને આહ્લાદ ઉપજાવે છે તેમ આ ધામ યાત્રિકોના હૃદયને આહ્લાદિત કરે છે ધર્મશાળાની આસપાસ ઊંચાઊંચા તાડવૃક્ષોના ઝૂંડ જાણે કે ભક્તિની મસ્તીમાં ઝૂલતા ઝૂલતા ગણધરના ગુણગાન કરી રહ્યા છે. ધર્મશાળામાં કૂવો પણ માત્ર ત્રણચાર હાથની ઊંડાઇમાં જ વગર તકલીફે મીઠું જળ આપીને યાત્રિકોનું સ્વાગત



જલમંદિર : ગુણાવા





જલમંદિરથી પાછા ફરતાં

કરે છે. ફરતા રમણીય ઉપશાંત વાતાવરણ વચ્ચે જિનમંદિર શોભી રહ્યું છે; તેમાં કુંથુનાથ ભગવાનના મોટા પ્રતિમાજી બિરાજે છે, તથા મહાવીર ભગવાનના પ્રતિમાજી તેમજ ચોવીસ તીર્થંકરોના ચરણપાદૂકા શોભી રહ્યા છે. મંદિરની એક બાજુ દેરી છે તેમાં શ્રી ગૌતમગણધરદેવના ચરણપાદૂકા સ્થાપવાના છે. ગણધરદેવના ધામમાં ગણધરદેવના પવિત્ર ચરણોના દર્શનથી ઘણો આનંદ થયો. મંદિરની બીજી બાજુ નાનકડો માનસ્તંભ છે, તેમાં ઉપર ચારે બાજુ ખડ્ગાસન ભગવંતો બિરાજે છે. જિનમંદિરથી જરાક દૂર નાનકડા સુશોભિત સરોવરની વચ્ચે જલમંદિર છે,-અસલ પાવાપુરીનો નમુનો છે; જેમ મહાવીર ભગવાનનું અનુકરણ ગૌતમસ્વામીએ કર્યું તેમ પાવાપુરીનું અનુકરણ ગુણાવાએ કર્યું છે. જલમંદિરમાં પાર્શ્વનાથ ભગવાનની નાની પ્રતિમા તથા ગૌતમસ્વામીના ચરણપાદૂકા સ્થાપિત છે.

યાત્રાસંઘે આવતાંવેંત જિનમંદિરમાં દર્શન કર્યાં, અર્ઘ ચડાવ્યો, અને પછી ભક્તિ શરૂ થઇ. પ્રથમ કુંથુનાથ ભગવાનનું સ્તવન ગવાયું, પછી—

ભજ ભજ પ્યારે ભજ ભગવાન જો તું ચાહે નિજકલ્યાણ...
શ્રી અરહંતા સિદ્ધમહાન હૈ પરમાતમ ધરિયે ધ્યાન...
ભજ ભજ ગૌતમ ગુરુ ભગવાન કુન્દકુન્દ આચાર્ય મહાન...

એ સ્તવનમાં ગૌતમસ્વામીનું નામ આવતાં ગૌતમધામમાં પૂ. બેનશ્રીબેને ઘણા ભાવથી ભક્તિ કરાવી હતી. એક તરફ તો ભક્તિની ધૂન ચાલી રહી હતી ત્યારે બીજી તરફ યાત્રિકો દર્શન-વંદન કરીને તથા જલમંદિરની યાત્રા કરીને ગયાશહેર તરફ પ્રસ્થાન કરી રહ્યા હતા. કેમ કે અહીંની ધર્મશાળામાં આખા યાત્રાસંઘનો સમાવેશ થઇ શકે તેમ ન હતું એટલે સાંજ પહેલાં તો ઘણીખરી મોટરો અને બસો ગયા શહેર તરફ વિદાય થઈ ગઇ; વછરાજજી શેઠવાળી આશ્રમની બસ કોડરમા ગામે થઇને સમ્મેદશિખરજી તરફ ગઇ. સાંજે તો ગુણાવામાં પૂ. ગુરુદેવ અને થોડાક જ યાત્રિકો રહ્યા. આવા તીર્થયાત્રાના પ્રસંગમાં નાનીશી ઝૂંપડીમાં પધારીને ગુરુદેવ ભોજન કરે-એ દૃશ્યથી બહુ આનંદ થતો. ભોજન બાદ ગુરુદેવ ધર્મશાળામાં ટહેલી રહ્યા હતા, ને એક તરફ ભક્તજનો ભોજન કરી રહ્યા હતા. ટહેલતા ટહેલતા આસપાસનું અવલોકન કરતાં ગુરુદેવની નજર જ્યાં ઇન્દ્રભૂતિ-ગૌતમની કૂટિરનું સ્થાન હતું ત્યાં પડી, તરત આશ્ચર્યથી ભક્તોને એ સ્થાન બતાવ્યું કે જુઓ, સામે દેખાય તે સ્થાને ગૌતમસ્વામીની કૂટિર હતી, ને મહાવીર ભગવાનના સમવસરણમાં તેડી જવા માટે ઇન્દ્ર અહીં તેમની પાસે આવેલ. ગુરુદેવે બતાવેલ એ 'ગૌતમકૂટિર'નું સ્થાન જોઇને સૌને ઘણી પ્રસન્નતા થઈ...ને ગણધરદેવના જયકારથી ગુણાવા ગાજી ઊઠ્યું.

ગુણાવા...એક તો કુદરતી શાંતધામ, તેમાં ગુરુદેવના નીકટ સમાગમપૂર્વક વાસ, અને ગણધરદેવના જીવનના મીઠા સંભારણાં...એ અનેરો પ્રસંગ તો યાત્રાની એક મધુરી મૂડી છે. સાંજે ગુરુદેવ અને ગુણાવામાં રોકાયેલા થોડાક યાત્રિકો ફરીને જળમંદિરે સિદ્ધિધામના દર્શન કરવા ગયા. સરોવર કિનારે શાંત વાતાવરણમાં યાત્રાની હર્ષભરી ચર્ચા કરીને ગુરુદેવે સૌને આનંદ કરાવ્યો. રાત્રે જિનમંદિરમાં ઘણી ભક્તિ થઇ, તેમાં કુલ ૯ સ્તવનો ગવાયા, ગુણાવાપૂજનની જયમાલા, તથા 'પ્રભુ પતિતપાવન મૈં અપાવન ચરન આયો શરનજી" વગેરે સ્તવનો ગુરુદેવે ગવડાવ્યા. તથા—

(૧) આવો આવોજી...હાં હાં...આવો આવોજી...જૈન જગ સારે....ગૌતમપ્રભુ મોક્ષ ગયે...
(૨) તેરી રાહ ધરકે...ભવપાર કરકે...મુઝે આના તુમારે આંગના...મુઝે આના તુમારે આંગના...

ઇત્યાદિ સ્તવનોદ્વારા બેનશ્રીબેને પણ ખૂબ ખૂબ ભક્તિ કરાવી હતી. મંત્રીજી નેમીચંદજી પાટની અને તેમનું કુટુંબ, પંડિતશ્રી હિંમતભાઈ, વૃજલાલભાઈ એન્જીનીયર અને તેમનું કુટુંબ, બ્ર. ચંદુલાલભાઇ વગેરે, તેમજ પૂજ્ય ચંપાબેન, પૂજ્ય શાન્તાબેન વગેરેને અહીં ગુરુદેવ સાથે સાંજે યાત્રા-ભક્તિનો લાભ મળતાં ઘણો આનંદ થયો હતો. આ રીતે ગુણાવાસિદ્ધક્ષેત્રમાં અડધા દિવસમાં પણ અનેરો આનંદ આવ્યો ને યાત્રા પૂર્ણ થઈ.

ગુણાવાસિદ્ધિધામથી મોક્ષપ્રાપ્ત શ્રી ગૌતમગણધરદેવને નમસ્કાર હો.
ગુણાવાસિદ્ધિધામની યાત્રા કરાવનાર કહાનગુરુને નમસ્કાર હો.



# ગ યા શ હે ર

ફાગણ સુદ ચોથ : સવારમાં સાડાપાંચ વાગે પૂ. ગુરુદેવે ગુણાવાથી ગયા શહેર તરફ પ્રસ્થાન કર્યું. વચ્ચે નવાદા ગામે જિનમંદિરના દર્શન કરીને આઠ વાગે ગયા શહેર પધારતાં ત્યાંના જૈન સમાજે તથા યાત્રિકોએ ભવ્ય સ્વાગત કર્યું; મેઘરાજા પણ દોડતા સ્વાગતમાં ભાગ લેવા આવ્યા, પણ તે જરાક મોડા પડ્યા એટલે સ્વાગત પૂરું થયા પછી પહોંચ્યા. એક વિશાળ અગાશીમાં સુસજ્જિત મંડપ હતો તેમાં ગુરુદેવે મંગલ પ્રવચન કર્યું.

ગયા શહેરમાં બે દિ. જિનમંદિરો છે; તે ઉપરાંત વૈષ્ણવોનું અને બૌદ્ધોનું આ મોટું ધામ છે, ઠેર ઠેર મંદિરો ને નહાવાના કુંડ છે. બુદ્ધ-ગયામાં ગૌતમબુદ્ધનું બોધિસત્ત્વવૃક્ષ તથા વિશાળ બૌદ્ધમંદિર, બૌદ્ધમઠ, પુસ્તકાલય, સંગ્રહાલય વગેરેનું અવલોકન કર્યું. ગુરુદેવ સાથે જ્યોર્જ નામના એક અંગ્રેજ બૌદ્ધસાધુની મુલાકાત થઈ. બપોરે ગુરુદેવનું પ્રવચન થયું તથા ગયા શહેરના જૈનયુવકમંડળ તરફથી અભિનંદનપત્ર આપવામાં આવ્યું. પ્રવચન બાદ યાત્રિકોએ યાત્રાના ધ્યેયરૂપ એવા **તીર્થાધિરાજ શ્રી સમ્મેદશિખરધામ** તરફ પ્રસ્થાન કર્યું.

આ તરફ ગયા શહેરમાં જ્યારે ગુરુદેવનું સ્વાગત ચાલતું હતું ત્યારે સમ્મેદશિખર-મધુવનમાં શું થતું હતું?—આશ્રમની બસના યાત્રિકો ગુણાવાથી સીધા અહીં પહોંચી ગયેલા, ને આખો દિવસ ગુરુદેવને યાદ કરી કરીને યાત્રાસંબંધી ચર્ચા-ભાવનામાં ટાઇમ પસાર કરતા હતા. ગુણાવાથી ગયાને બદલે સીધા શિખરજી તરફ જતાં વચ્ચે કોડરમા ગામ આવેલ, ત્યાં તાજેતરમાં જ પંચ-કલ્યાણક મહોત્સવ થયેલ હતો; જિનમંદિરમાં તાજા જ પ્રતિષ્ઠિત થયેલા ભાવવાહી ભગવાનના દર્શન કર્યા. ત્યાંના સમાજે ગુરુદેવની પ્રશંસા સાંભળેલી, તેમના આગ્રહથી થોડીવાર જિનમંદિરમાં ભક્તિ કરવા રોકાયા. તેઓએ આગ્રહ કરીને બસના યાત્રિકોને જમવા માટે રોકયા. ત્યાંથી પ્રસ્થાન કરીને રાતના ૧૨ વાગે સમ્મેદશિખરજી ધામની ગોદમાં-જેમ માતાની ગોદમાં બાળક સમાઈ જાય તેમ-સૌ સમાઈ ગયા. બીજો આખો દિવસ સમ્મેદશિખર સિદ્ધિધામને નીહાળી-નીહાળીને તેની છાયામાં ભક્તિભાવનાપૂર્વક પસાર કર્યો. ગયા શહેરથી પ્રસ્થાન કરીને યાત્રાસંઘની કેટલીક મોટરો

અને મોટરબસો ક્રમે ક્રમે શિખરજી ધામ તરફ આવવા લાગી. 'સત્સેવિની'ના યાત્રિકો પણ ગયા શહેરથી સાંજના પ્રસ્થાન કરીને શિખરજી ધામ તરફ આવી રહ્યા હતા. મધુવન આવતા પહેલાં પંદરેક માઇલ લાંબી ગીચ ઝાડી વચ્ચે પ્રવાસ કરતી વખતે પૂ. બેનશ્રી–બેનને ઘણી જ પ્રસન્નતા થતી હતી; પૂ. ગુરુદેવ સાથે અનેક યાત્રાઓ કરી અને પૂ. ગુરુદેવ સાથે સમ્મેદશિખરની મહાન યાત્રા કરશું–એવા જીવનના ધન્ય સોનેરી પ્રસંગોના–મીઠા સ્મરણ કરતા કરતા અને મીઠી ભાવના ભાવતા ભાવતા ચાલ્યા આવતા હતા, તેમજ શિખરજીધામ પ્રત્યે હાથ જોડીજોડીને તેઓ ભક્તિ પણ કરતા હતા. અનંતા સન્તોની ચૈતન્યસાધનાનું ધામ ચૈતન્યસાધક જીવોને પરમ પ્રસન્નતા ઉપજાવે છે. ભાઇશ્રી હિંમતભાઇ તથા વૃજલાલભાઇ વગેરે પણ શિખરજીના દર્શનથી બહુ જ પ્રસન્ન થયા. તેઓ શિખરજી ધામમાં આવી પહોંચ્યા પછી ધોધમાર વરસાદ શરૂ થયો.

એક તરફ તો ગાજવીજ કરતો વરસાદ વરસી રહ્યો હતો, ને બીજી તરફ ગયા શહેરથી રવાના થયેલી અનેક મોટરો અને મોટરબસો તો હજી રસ્તામાં હતી; તેથી શિખરજીમાં સૌ તેની ચિન્તા કરતા હતા. પરંતુ યાત્રિકોના અંતરમાં રહેલું ધ્યેય તરફનું જોર અંધકારમાં પણ મોટરોને ઝડપથી દોડાવી રહ્યું હતું. તેથી, રાતના અંધકારમાં ગાજવીજ સાથે વરસાદની ઝડી અને પવનના વાવાઝોડા વચ્ચે પણ વનવગડાને વીંધતી યાત્રિકોની મોટરો મધરાત સુધીમાં મધુવનમાં આવી પહોંચી. ખરેખર સિદ્ધિપંથના પથિકને સંસારના કોઇ વાવાઝોડા રોકી શકતા નથી તો સિદ્ધિધામના યાત્રિકોને આ વાવાઝોડું કેમ રોકી શકે? વાવાઝોડા વચ્ચે પણ ઉત્સાહથી પ્રવાસ કરતા કરતા યાત્રિકો શિખરજી ધામમાં આવી પહોંચ્યા. આ રીતે યાત્રાસંઘની આઠ મોટરબસો ઉપરાંત અનેક મોટરો પણ શિખરજીધામમાં આવી પહોંચી; જેમાં મુરબ્બીશ્રી નાનાલાલભાઇ, રામજીભાઇ તથા નેમિદાસભાઇ, નેમિચંદજી-ભાઇ પાટની અને વજુભાઇ તથા હિંમતભાઇ, મોહનભાઇ જસાણી, વછરાજજી શેઠ, ખીમચંદભાઇ, મહેન્દ્રકુમાર મીઠાલાલજી શેઠી, તલકશીભાઇ, મૂળજીભાઇ, મોહનભાઇ કરાંચીવાળા, ભુરાલાલભાઇ તથા પ્રેમચંદભાઇ, વછરાજભાઇ, ફૂલીચંદ ખેમરાજજી, ખેમરાજ કપુરચંદ, મલુકચંદભાઇ, મગનલાલ સુંદરજી, રીખબદાસજી, મોહનભાઇ તથા જેચંદભાઈ, છગનભાઈ, ફુલચંદભાઇ વગેરે અનેક યાત્રિકો શિખરજી ધામમાં આવી પહોંચ્યા. યાત્રા-પ્રવાસનો સૌને ઉત્સાહ હતો. આ ઉપરાંત શ્રી પ્રેમચંદભાઇ, નાનચંદભાઇ ખારા, શેઠ જેઠાલાલ સંઘજી, માણેકલાલભાઈ, મુકુન્દભાઇ વગેરે અનેક ભાઇઓ પણ સ્પેશ્યલ ટ્રેઇન વગેરે દ્વારા ગુરુદેવ સાથે યાત્રા કરવા ઉત્સાહપૂર્વક સમ્મેદશિખરજી આવી પહોંચ્યા હતા. ને સૌના ઉત્સાહને લીધે આ મહાતીર્થમાં યાત્રામહોત્સવનું અનેરું વાતાવરણ જામ્યું હતું.

ગયા શહેરથી સમ્મેદશિખરજી તરફ આવતી વખતે વરસતા વરસાદમાં વનજંગલ વચ્ચે રાતના અંધકારમાં થયેલી મુસાફરી જુના કાળની યાત્રાને યાદ કરાવતી હતી. અહા, ૫૦-૧૦૦ વર્ષ પહેલાંનો એ જમાનો—જે વખતે ટ્રેઈન કે મોટરો ન હતી, જે વખતે પગે ચાલીને કે બહુ તો ગાડામાં બેસીને સેંકડો-હજારો ગાઉની મુસાફરી કરવી પડતી, જ્યારે ચોરલૂટારાનો પણ ભય હતો, જ્યારે તાર-ટપાલની પણ વ્યવસ્થા ન હતી, ઘેરથી નીકળીને બેત્રણ વર્ષે માંડ માંડ યાત્રાસ્થાને પહોંચાતું, ને યાત્રા કરીને ઘેર પાંચ વર્ષે પાછા અવાતું. એટલા લાંબા કાળ સુધી ઘરબાર કે વેપારધંધાની ઉપાધિથી દૂર, જ્યાં સન્દેશા પણ ન મળે, એ યાત્રાપ્રસંગો કેવા હશે! છતાં ત્યારે પણ ભાવીક જીવો આનંદથી તીર્થયાત્રા કરતા; યાત્રાએ જનારને આખું ગામ બહુમાનપૂર્વક વિદાય આપતું ને યાત્રા કરીને આવે ત્યારે પણ બહુમાનથી સન્માન કરતું.-આવો મહિમા તે વખતે તીર્થયાત્રા કરનારનો હતો; તેમાં પણ જે યાત્રાસંઘ કાઢે તેનું તો ખાસ બહુમાન થતું. ખરેખર, તીર્થયાત્રા એ જીવનમાં ગૌરવભર્યો એક મહાન પ્રસંગ છે...યાત્રિક પોતાની યાત્રાના મધુરા સ્મરણોને જીવનભર ભૂલતો નથી; જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ વખતે પણ યાત્રાના મીઠા સંભારણાં તેને આહ્લાદિત કરે છે. સાક્ષાત્ તીર્થ ઉપર વિચરતા હોઇએ તે યાત્રાના આહ્લાદની તો શી વાત! એ તીર્થયાત્રાની ચર્ચા પણ આહ્લાદકારી હોય છે,-જેમ ચૈતન્યના સાક્ષાત્ અનુભવના આનંદની તો શી વાત!-એ ચૈતન્યના અનુભવની વાર્તા પણ જિજ્ઞાસુને અતિશય આહ્લાદિત કરે છે.


વરસતા વરસાદ વચ્ચે વનજંગલમાં પ્રવાસ કરીને શિખરજીધામની ગોદમાં પહોંચેલા યાત્રિકોમાં ખેદ નહોતો જણાતો પણ આહ્લાદ દેખાતો હતો; ગમે તેવી મુશકેલી ઓળંગીને પણ અમે અમારા ઈષ્ટ-તીર્થધામમાં આવી પહોંચ્યા!-એમ સફળતાનો ઉમંગ હતો. અને એ ઉમંગભર્યા હૈયે ભકતો વાટ જોતા હતા કે કાલ સવારમાં ગુરુરાજ આ તીર્થરાજને ભેટવા આવી પહોંચશે.. ....ને આપણે હોંસેહોંસે સ્વાગત કરશું.








( સં. ૨૦૧૩ ફાગણ સુદ પાંચમ )

અહા, ભરતક્ષેત્રના આ તીર્થાધિરાજ ચાલીસ ચાલીસ માઈલ દૂરથી દર્શન આપીને ભવ્ય જીવોને આકર્ષી રહ્યા છે. ગયાશહેરથી પ્રસ્થાન કરીને ૧૨૧ માઈલ દૂર શિખરજીધામ તરફ ગુરુદેવ પધારી રહ્યા છે. ઘણા ઘણા દિવસોથી જેની રાહ જોતા હતા તે પાવન તીર્થધામમાં પહોંચવા માટેનો આજનો પ્રવાસ ઘણો પ્રસન્નકારી હતો. બસ, હવે ઈષ્ટધામમાં પહોંચવાનું છે... એવા ઇષ્ટ પ્રત્યેક ગુરુદેવના પ્રમોદને લીધે કલ્યાણવર્ષિણી—મોટર પણ આજે તો વધુ ઝડપે દોડતી હતી. ગુરુદેવના અંતરમાં મોક્ષગામી તીર્થંકરો અને સંતોના સ્મરણો ઘૂમતા હતા ને બહારમાં તેમના નયનો શિખરજી તરફ મીટ માંડી રહ્યા હતા: હમણાં શિખરજી દેખાશે....હમણાં દેખાશે! કેવા હશે એ ધામ!!—એવા રટણપૂર્વક ગુરુદેવ અવારનવાર પૂછતા કે શિખરજી દેખાય છે? ઘડીકમાં આંખો મીંચીને ગુરુદેવ શિખરજી ધામ ઉપર વિચરેલા સાધક સન્તોના ટોળાને અંતરમાં નીહાળતાં, ઘડીકમાં જાણે શિખરજી ઉપરથી સન્તોના સાદ સંભળાતા હોય–એમ દૂર દૂર નજર લંબાવીને નીહાળતા. એવામાં ૩૦-૪૦ માઈલ દૂરથી સમ્મેદશિખર—સિદ્ધિધામનાં દર્શન થતાં ગુરુદેવનું હૈયું પ્રસન્નતાથી નાચી ઊઠ્યું.







ઇષ્ટધામ તરફ....



"આવોરેઆવો....આ રહ્યું ભારતનું શાશ્વત સિદ્ધિધામ!"



–જેનાં દર્શન થતાં ગુરુદેવનું હૈયું પ્રસન્નતાથી નાચી ઊઠ્યું....



અહા, એ સિદ્ધિધામનાં પ્રથમ દર્શનની ઉર્મિઓની શી વાત! જેમ ચંદ્ર દૂર રહીને પણ દરિયાને આનંદથી ઉછાળે છે ને પોતાની તરફ ખેંચે છે, તેમ સમ્મેદશિખરજી ધામ હજી દૂર હોવા છતાં પણ ભક્તહૃદયોમાં આનંદના તરંગ ઉછાળતા થકા તેઓને પોતાની તરફ ખેંચી રહ્યા છે;... અથવા તો, સિદ્ધાલયવાસી સિદ્ધભગવંતો જાણે કે સાધકોનાં હૃદયને સિદ્ધપદ તરફ ઉલ્લસાવતા હોય!—એવી સરસ ઉર્મિઓ જાગતી હતી. દૂરદૂરનું દર્શન પણ ગુરુદેવના હૃદયમાં આનંદ ઉપજાવતું હતું, જેમ થોડીક દૂર રહેલી મુક્તિનુ દર્શન પણ મોક્ષાથીને આનંદ ઉપજાવે છે તેમ. અહો, ભેટ્યા....ભેટ્યા આજે સિદ્ધિધામ! સમ્યગ્દર્શન થાય ને નિર્વિકલ્પ ધ્યાનમાં સિદ્ધપદનો પોતાના અંતરમાં જ ભેટો થતાં જે આનંદ અનુભવાય, તે ઝટ વ્યક્ત નથી થતો પણ ધર્માત્માના હૃદયની ગંભીરતામાં જ સમાઇ રહે છે, તેમ જીવનમાં શિખરજીના પ્રથમ દર્શને ઉલ્લસતી કોઇ અકથ્ય આનંદની ઉર્મિઓ થોડીવાર વાણીને બંધ કરી દે છે, ને હૃદયની ગંભીરતામાં જ તે ઉર્મિઓ સમાઇ જાય છે. અહા, કેવું અદ્‌ભુત એ દર્શન!


ગુરુદેવ તો પારસનાથ ટૂંક ઉપર મીટ માંડીને નીહાળી જ રહ્યા; પારસટૂંકના ધ્યેયે પંથ તો ઝડપભેર કપાતો જતો હતો—જેમ સિદ્ધપદના ધ્યેયે ચિદાનંદ સ્વભાવમાં મીટ માંડતાં સાધકનો પંથ ઝડપભેર ખૂટી જાય છે તેમ. માતાને દેખીને જેમ બાળક તેને ભેટવા

દોડે તેમ મોટરો શિખરજીને ભેટવા દોડી રહી છે. હવે ગુરુદેવની મોટર ૧૬ માઈલ લાંબી ઘાટી ઝાડી વચ્ચેથી પસાર થઈ રહી છે. વનનાં વૃક્ષો પણ અનેરા પ્રકારે ખીલી ઊઠ્યા છે, જાણે કે એ વૃક્ષો વનવાસી સાધક સન્તોને તાપથી રક્ષવા માટે મધુરી છાયા પાથરીને તેમની સેવા કરી રહ્યા છે. રમણીય પહાડો ને ગીચ ઝાડીઓ વચ્ચેથી મોટરો પસાર થતી ત્યારે ન તો આકાશ દેખાય, કે ન જમીન દેખાય; માત્ર ઝાડના ઉપલા ભાગો દેખાય, નીચેના ભાગ ન દેખાય. જાણે દુનિયાના વાતાવરણથી દૂર દૂર કોઈ ગંભીર–અગમ્ય ઊંડાણમાં ઊતર્યા હોઈએ! વનરાજીની છાયાથી છવાયેલો ૧૬ માઈલનો આ રસ્તો એવો મનોહર છે—જાણે ઉપશમભાવની છાયા પથરાયેલી હોય. વિધવિધ રંગના પુષ્પોથી શોભતી વનરાજી પણ, જાણે રત્નત્રયનાં ફળ આવવાની તૈયારી હોય—તેમ બહુ સુશોભિત અને પ્રફૂલ્લ છે. આવા પ્રસન્ન અને પ્રશાંત વાતાવરણમાં અનંતા સાધકોની સાધનાભૂમિને નીહાળતાં યાત્રિકનું હૃદય પણ પ્રસન્ન અને પ્રશાંત થઇને સાધનાના વિચારોના હિલોળે ચડે છે. સિદ્ધિધામની છાયામાં આવ્યા એટલે તો બસ! જાણે સિદ્ધભગવંતોની નજીક આવ્યા...ને હવે અનંત સિદ્ધોની વસ્તીમાં જવાની તૈયારી થઇ. અહા, આવો સમ્મેદશિખરજીનો આસપાસનો વૈભવ જોતાં શિખરજી તીર્થનો ખૂબ-ખૂબ મહિમા આવતો હતો. શિખરજી એટલે જાણે સિદ્ધભગવાન, અને આ બધા આસપાસના નાના પહાડો તે જાણે કે સિદ્ધિના સાધક મુનિવરો; સિદ્ધભગવાનની આસપાસ જાણે કે મુનિઓનાં ટોળાં વીંટાઇને બેઠા હોય! એમ શિખરજી પર્વતની આસપાસ અનેક નાના પર્વતો વીંટાયેલા છે; અને જેમ સાધક જીવો સિદ્ધભગવાનની મહત્તાને પ્રસિદ્ધ કરે, તેમ એ નાના પર્વતો મોટા શિખરજી ધામની મહત્તાને પ્રસિદ્ધ કરી રહ્યા છે. અને સૌથી ઊંચી સુવર્ણભદ્ર ટૂંક તો જાણે પોકાર કરી રહી છે કે 'આવો....રે....આવો...આ રહ્યું ભારતનું શાશ્વત સિદ્ધિધામ!' એને નીહાળીને શિખરજીધામને ભેટવાની ખૂબ તાલાવેલી જાગે છે. જેમ મુનિની પરિણતિ મોક્ષ તરફ દોડે તેમ 'કલ્યાણવર્ષિણી' મોક્ષધામ તરફ દોડી રહી છે, અને શિખરજીને નજરે દેખ્યા પછી તો તે એવી દોડી...એવી દોડી... કે જેવી ક્ષપકશ્રેણીમાં મુનિની પરિણતિ કેવળજ્ઞાન તરફ દોડે. જેમ જેમ નજીકથી સિદ્ધિધામનાં સ્પષ્ટ દર્શન થાય છે તેમ તેમ ગુરુદેવનું હૃદય આનંદથી ઊછળે છે. બોલ્યા વગર પણ તેમની મુદ્રામાંથી પ્રસન્નતાના એવા ભાવો ઊઠે છે કે અહા, મારા વહાલા નાથનો આજે ભેટો થયો....ધન્ય ઘડી! ધન્ય જીવન!

* * *

સૌથી ઊંચી પારસનાથપ્રભુની (સુવર્ણભદ્ર નામની) ટૂંક છે તે તથા એક બીજી ટૂંક–એમ બે ટૂંક દૂરથી દેખાય છે; જીવનની એક ઝંખના આજે પૂરી થાય છે, તેથી અંતરીયું

આનંદે ઊભરાતું હતું. દૂરથી શિખરજીધામનાં દર્શન કરતાં કરતાં માર્ગ ક્યારે પૂરો થઇ ગયો તેનીયે ખબર ન પડી. મધુવન આવી પહોંચ્યું. દૂરથી કલ્યાણવર્ષિણીને જોતાં જ હજારો યાત્રિકોના જયનાદ અને વાજિંત્રોના મંગલનાદના પડઘા શિખરજીના પહાડ સાથે પ્રતિઘોષિત થઇ થઇને પાછા આવવા લાગ્યા...જાણે કે પર્વત પણ પોતાના હૃદયમાંથી વાજિંત્રના નાદવડે સ્વાગતમાં સાથ પુરાવતો હોય! પર્વતરાજ જો કે સ્વભાવથી જ પાવન છે છતાં પાવન પુરુષો પ્રત્યેના શિષ્ટાચારને માટે તથા યાત્રામહોત્સવની પૂર્વતૈયારી માટે આગલી રાત્રે મેઘજળ વડે નાહીને સ્વચ્છપણે તૈયાર થઈને શોભી રહ્યો હતો,—જાણે પ્રશાંતરસનો પૂંજ. આ તરફ ગુરુદેવની મીટ તો શિખરજી ઉપર જ હતી; જ્યારે 'કલ્યાણ-વર્ષિણી" ઊભી રહી અને જયનાદ ગજાવતા યાત્રિકો મોટરને ઘેરી વળ્યા ત્યારે ગુરુદેવને ખબર પડી કે શિખરજીની તળેટીમાં આવી પહોંચ્યા. 'ૐ ભગવાન...' કહેતાંક ગુરુરાજ મોટરમાંથી ઊતર્યા ને સૌથીપહેલાં શિખરજીપ્રત્યે હાથ જોડીને ઘણાઘણા ભાવથી વંદન કર્યા.



જેમ મુનિરાજના દર્શનથી મુમુક્ષુજીવ આનંદિત થાય, જેમ સીમંધરનાથના દર્શનથી કુંદકુંદસ્વામી આનંદિત થાય, જેમ આત્મદર્શનથી આત્માર્થી જીવ આનંદિત થાય, જેમ ગુરુને દેખીને શિષ્ય આનંદિત થાય જેમ માતાને દેખીને બાળક આનંદિત થાય, જેમ આદિનાથને દેખીને ભરત આનંદિત થાય, જેમ એક ધર્માત્માને દેખીને બીજા ધર્માત્મા આનંદિત થાય, તેમ સમ્મેદશિખરધામને દેખીને કહાનગુરુ આનંદિત થયા; અને કહાનગુરુરાજને શિખરજીધામમાં દેખીને હજારો યાત્રિકો આનંદિત થયા.

ગુરુદેવ શિખરધામ-મધુવનમાં પધારતાં જ દેશોદેશના હજારો યાત્રિકોએ ઉમંગભર્યું સ્વાગત કર્યું. ગુરુદેવ જેવા પવિત્ર આત્મા અને શિખરજી જેવું પવિત્ર ધામ,-પછી સ્વાગતના ઉત્સાહમાં શું બાકી રહે? ભારતભરના પ્રાંતેપ્રાંતમાંથી ભેગા થયેલા યાત્રિકોએ કેવા

ઉમંગથી સ્વાગત કર્યું તે નીચેના સ્વાગતગીત ઉપરથી ખ્યાલ આવશે.—

આજ પધાર્યા આજ પધાર્યા, શ્રી ગુરુવરજી આજ પધાર્યા....
આજ પધાર્યા આજ પધાર્યા, તીર્થયાત્રા આજ પધાર્યા....
આજ પધાર્યા આજ પધાર્યા, સમ્મેદાચલ ગુરુ આજ પધાર્યા...
ભક્તજનોના ભાવ પૂરાયા, સમ્મેદાચલ ગુરુ આજ પધાર્યા....

કુમકુમ પગલે નાથ પધારે, યાત્રા દિને મંગલ થાયે,
ભક્તજનો જયજયકાર ગાવે, શ્રી ગુરુવરજી આજ પધાર્યા...


શ્રી ગુરુવરજીએ તીર્થ બતાવ્યા, સિદ્ધકેરા ધામ બતાવ્યા,
અપૂર્વ યાત્રા ગુરુવર સાથે, સમ્મેદાચલ ગુરુ આજ પધાર્યા....

સમ્મેદાચલ-ગિરિ નયણે દેખ્યા, જિનવરપ્રભુના ધામ નીરખ્યા,
સુવર્ણ દિન આજે ઉગ્યા, સમ્મેદાચલ ગુરુ આજ પધાર્યા....

દેવદુંદુભી વાજિંત્ર વાગે.... શ્રી જિનવરનો મહિમા ગાજે,
દિવ્ય ગંધોદક અમૃત વરસે, સમ્મેદાચલ ગુરુ આજ પધાર્યા....

સોના સૂરજ આજે ઊગે.... તીર્થયાત્રા ગુરુજી પધારે....
સેવકજનના મન હરખાયે, સમ્મેદાચલ ગુરુ આજ પધાર્યા...

—આવા આનંદમંગળભર્યા વાતાવરણ વચ્ચે શિખરજીની સુંદર છાયામાં ગુરુદેવનું ભવ્ય સ્વાગત થયું. પરંતુ ગુરુદેવનું ધ્યાન સ્વાગતમાં ન હતું, તેમનું ધ્યાન તો સામે અડોલ ઊભેલા પરમ પાવન સિદ્ધિધામ ઉપર જ લાગેલું હતું. સિદ્ધિધામનું આ પહેલવહેલું દર્શન તેમના હૃદયને અતિશય આકર્ષી રહ્યું હતું. હૃદયમાં પ્રમોદ અને પ્રસન્નતા એટલા ઊભરાતા હતા કે વાણી પણ તેને વ્યક્ત કરી શકતી ન હતી. આવી પ્રસન્નતાપૂર્વક સ્વાગત દિ. જૈન તેરાપંથી કોઠીમાં આવી પહોંચ્યું. ત્યાંના મુખ્ય જિનમંદિરમાં પુષ્પદંતપ્રભુના તથા પાર્શ્વ-નાથપ્રભુના અતિ ભક્તિથી દર્શન કર્યા, પછી મધુવનની નાનકડી બજારમાંથી પસાર થઈને સ્વાગતસરઘસ દિ. જૈન વીસપંથી કોઠીમાં ઊભા કરેલા ખાસ મંડપમાં આવી પહોંચ્યું, ને ત્યાં ત્રણચાર હજાર શ્રોતાજનોની સભામાં માંગળિક સંભળાવ્યું. અહા, મંગળધામ શિખ-રજીની મંગલછાયામાં મંગલમૂર્તિ ગુરુદેવની પહેલવહેલી મંગલવાણી સાંભળીને સૌને ઘણો આનંદ અને ઉલ્લાસ થયો. માંગળિકમાં ગુરુદેવે પ્રસન્નતાપૂર્વક કહ્યું કે :-



"અનંતા તીર્થંકરો અને સંત–મુનિવરો રત્નત્રયરૂપ તીર્થની આરાધના વડે સંસારને તરીને અહીંથી મોક્ષ પામ્યા છે; તેથી આ સમ્મેદશિખરજી મંગલતીર્થ છે. જુઓ, અહીંથી ઉપર અનંત સિદ્ધભગવંતો બિરાજે છે. આત્માનો જ્ઞાન–આનંદ સ્વભાવ જે ભાવથી પ્રગટ્યો તે સમ્યગ્દર્શનાદિ ભાવ પણ મંગળ છે. 'ધવલા' ટીકામાં શ્રી વીરસેનાચાર્ય કહે છે કે ભવિષ્યમાં મોક્ષ પામનાર આત્મદ્રવ્ય પણ ત્રિકાળ મંગળ છે, અલ્પકાળમાં થનાર કેવળજ્ઞાનાદિ મંગળપર્યાય સાથે તે સંકળાયેલું છે; અને, જે કાળે આત્મા મુક્તિ પામ્યો કે મુક્તિનો માર્ગ પામ્યો તે કાળ પણ મંગળ છે. જેણે આત્માના જ્ઞાનાનંદસ્વભાવની પ્રતીત કરીને પોતાના આત્મામાં સમ્યગ્દર્શન–જ્ઞાનરૂપ મંગળ પ્રગટ કર્યું તે જીવ ભગવાનને પણ પોતાના મંગળનું કારણ કહે છે, ને ભગવાન જ્યાંથી મોક્ષ પધાર્યા એવા આ સમ્મેદશિખરજી વગેરે તીર્થધામને પણ તે મંગળ કહે છે. આવી નિર્વાણભૂમિ જોતાં તેને મોક્ષતત્ત્વનું સ્મરણ થાય છે; એટલે મોક્ષતત્ત્વની પ્રતીતમાં અને સ્મરણમાં આ ભૂમિ નિમિત્ત છે તેથી આ ભૂમિ પણ મંગળરૂપ તીર્થ છે. તેની યાત્રા માટે અહીં આવ્યા છીએ. આ રીતે દ્રવ્ય ક્ષેત્ર કાળ ને ભાવ સર્વ પ્રકારે માંગળિક કર્યું."


તીર્થધામમાં આવું ઉલ્લાસભર્યું માંગળિક સાંભળીને સૌને ઘણો આનંદ થયો હતો. ગુરુદેવ આ તીર્થધામમાં પધારતાં અહીંનું આખું વાતાવરણ ઘણું ઉમંગભર્યું ને પ્રફુલ્લતામય લાગતું હતું; ઈષ્ટધામમાં આવ્યાનો સૌને સંતોષ હતો. ધર્મપિતાના ધામમાં ધર્માત્માઓને આનંદથી વિચરતા દેખીને જિજ્ઞાસુ ભક્તોનાં હૃદય ઉલ્લસતા હતા. અહીં યાત્રાસંઘમાં ૧૫૦૦ જેટલા યાત્રિકો થઈ ગયા હતા, ને બીજા યાત્રિકો પણ બે હજાર જેટલા હતા. ગુરુદેવ સાથે આ શાશ્વત સિદ્ધિધામને ભેટવા સૌનાં હૃદય આતુર થઇ રહ્યા હતા.

ક્યારે સિદ્ધિધામને ભેટીએ! ને ક્યારે ગુરુદેવ સાથે યાત્રા કરીને સિદ્ધિધામના વૈભવને દેખીએ! એમ સૌ ભાવના ભાવી રહ્યા હતા. સિદ્ધક્ષેત્રમાં ડગલે ને પગલે સિદ્ધોનું ને સાધક સંતોનું સ્મરણ થતું હતું. સિદ્ધનું સ્મરણ સંસારને ભૂલાવી દે છે, તેમ સિદ્ધિ–ધામમાં પહોંચેલા યાત્રિકો સંસારના વાતાવરણને ભૂલી ગયા હતા. જેમ સિદ્ધપદ પામ્યા પહેલાં પણ સાધકને તેનો આનંદ હોય છે તેમ સિદ્ધિધામની યાત્રા કર્યા પહેલાં પણ તેની છાયામાં યાત્રિકોને યાત્રા જેવો આનંદ થતો હતો. ખરેખર તો યાત્રાની શરૂઆત પર્વત ઉપર ચડીએ ત્યારે નહીં પરંતુ યાત્રાનો સંકલ્પ કરીને ઘરેથી નીકળ્યા ત્યારથી જ યાત્રાની શરૂઆત થઈ ગઈ; ને પર્વત પર પહોંચ્યા ત્યારે તો એ સંકલ્પનું ફળ આવ્યું,–જેમ યથાર્થ નિર્ણયનું ફળ અનુભવ આવે છે તેમ.

આ શાશ્વત તીર્થધામમાં ગુરુદેવને આહારદાનનો મહાન લાભ પવિત્ર આત્માઓ પૂ. ચંપાબેન તથા પૂ. શાંતાબેનને મળ્યો હતો, તે પ્રસંગ સ્મરણીય હતો. સમ્મેદશિખર–ધામમાં પૂ. ગુરુદેવ આઠ દિવસ રહ્યા હતા, તે દરમિયાન આહારદાનનો મહાન લાભ સમ્મેદ-શિખરમાં આવેલા મહેમાનો તથા નેમિચંદજી પાટની, તલકશીભાઈ શેઠ વગેરે યાત્રિકોને મળ્યો હતો, તે પ્રસંગ સૌને ઉલ્લાસકારી હતો.


બપોરે એક વાગે પૂ. ગુરુદેવ ઈસરી–આશ્રમમાં પધાર્યા હતા; જિનમંદિરોના દર્શન કર્યા બાદ શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે લગભગ અડધી કલાક વાત્સલ્યપૂર્વક વાતચીત થઈ હતી. એ પ્રસંગે પં. ફૂલચંદ્રજી, પં. સુમેરચંદજી (ભગત), પં. રાજકિશનજી, પં. રતનલાલજી, પં. ખુશાલચંદ્રજી, પં. નંદલાલજી, તથા પાછળથી પં. મખ્ખનલાલજી વગેરે ઉપ-સ્થિત હતા; પૂ. ગુરુદેવ સાથે યાત્રાસંઘના અનેક યાત્રિકો, પં. હિંમતલાલભાઈ, રામજીભાઈ, ખીમચંદભાઈ, નેમિચંદભાઈ, પૂ. બેનશ્રી ચંપાબેન, પૂ. બેન શાંતાબેન, તેમ જ બ્ર. ભાઈઓ વગેરે હતા. ચર્ચાવાર્તા બાદ ઇસરીઆશ્રમમાં બ્ર. પતાસીબાઈ વગેરેએ પૂ. બેનશ્રીબેન પ્રત્યે ઘણો પ્રમોદ બતાવ્યો હતો. અહીં મધુવનમાં અનેક ત્યાગીઓ અને વિદ્વાન પંડિતો પૂ. ગુરુદેવના પરિચયમાં આવ્યા હતા ને તેમના પરિચયથી ખૂબ પ્રસન્ન અને પ્રભાવિત થયા હતા. ઇંદોરના પં. બંશીધરજી તથા કાશીના પં. કૈલાશચંદ્રજી તેમ જ પં. ફૂલચંદ્રજી વગેરેએ ઘણો પ્રેમ બતાવ્યો હતો.

બપોરે મધુવનમાં ગુરુદેવનું પ્રવચન થયું. શિખરજીની શીતલ છાયામાં પ્રવચનસભાનું દૃશ્ય ઘણું ભવ્ય હતું. અનેક ત્યાગીઓ, વિદ્વાનો તેમજ પ્રતિષ્ઠિત ગૃહસ્થો સહિત ત્રણચાર હજાર જેટલા શ્રોતાજનોથી સભા ઘણી સુશોભિત લાગતી હતી. नमः समयसाराय એ




ઈ સ રી માં...





મધુવનમાં પ્રવચન



શ્લોક ઉપર અદ્‌ભુત ભાવભર્યું પ્રવચન થયું હતું.... તેમાં ગુરુદેવે સ્વાનુભૂતિરૂપ સિદ્ધિનો માર્ગ દર્શાવ્યો હતો. સિદ્ધિધામમાં સિદ્ધિનો માર્ગ સાંભળતાં સૌને પ્રમોદ થયો. ગુરુદેવ ભક્તિપૂર્વક શિખરજી પ્રત્યે હાથ લંબાવીને વારંવાર કહેતા કે જુઓ, અહીંથી અનંતા જીવો સિદ્ધપદ પામ્યા છે, તેઓ આ સ્વાનુભૂતિના માર્ગે જ સિદ્ધપદ પામ્યા છે. તે માર્ગના સ્મરણ માટે આ સિદ્ધિધામની યાત્રા છે. અહો, સિદ્ધિધામમાં વિચરેલા સંતોની પરિણતિ કેવી હતી.... ને તે અનુભૂતિ કેમ પ્રગટે તેનું વર્ણન સિદ્ધિધામમાં જ બેસીને સાંભળતાં ઘણો હર્ષ થયો. ખરેખર, સમ્મેદશિખરજી ધામમાં આવી મહાન સભા અને આવા મોટા સંઘ-સહિત યાત્રા એ આધુનિક જૈન ઇતિહાસમાં એક મહાન પ્રસંગ બન્યો.

રાત્રે જિનમંદિરમાં ઘણા ઉલ્લાસપૂર્વક ભક્તિ થઈ. શિખરજી જેવા ધામમાં ગુરુદેવ સાથેની આ પહેલીવહેલી ભક્તિ સિદ્ધભગવંતો પ્રત્યે ને મુનિવરો પ્રત્યે હૃદયમાં રોમાંચ જગાડતી હતી, ને તેમના માર્ગે જવાની પ્રેરણા કરતી હતી. ભગવાન પ્રત્યે લયલીનતાથી પૂ. બેનશ્રી-બેન જે અલૌકિક ભક્તિની ધૂનવડે વૈરાગ્યના સમુદ્રને ઉછાળતા તે જોઈને લોકો દિંગ થઈ જતા; ચારેબાજુથી યાત્રિકોના ટોળા તે ભક્તિ સાંભળવા એકઠા થઈ જતા, અને વિરોધી વિચાર-વાળા જીવો પણ તે વૈરાગ્યરસઝરતી ભક્તિ દેખીને આશ્ચર્ય પામી જતા હતા. આમ શિખરજી સિદ્ધિધામમાં ગુરુદેવ સાથેનો પહેલો દિવસ બહુ આનંદોલ્લાસપૂર્વક પસાર થયો. યાત્રા સંબંધી કાર્યક્રમોની વિચારણા માટે રાત્રે ૧૧ વાગે યાત્રાસંઘના કાર્યકરોની મિટિંગ મળી હતી.

બીજે દિવસે (ફાગણ સુદ છઠ્ઠ) સવારમાં અનેક ભક્તજનો સહિત ગુરુદેવ તળેટીના જિનમંદિરોનાં દર્શન કરવા પધાર્યા. ગુરુદેવની સાથે જિન મંદિરોનાં દર્શન કરતાં કરતાં હૈયું હર્ષથી પોકારી ઊઠ્યું કે—

આજ મારા હૃદયમાં આનંદ સાગર ઊછળે,  
જિનવૃંદનાં દર્શનવડે સંસારતાપ સહુ ટળે;  
સિદ્ધિધામનાં દર્શનવડે સંસારતાપ સહુ ટળે.


અહીં અનેક જિનમંદિરો છે. તેમાં સૌથી મુખ્ય મંદિરમાં મૂળનાયકપણે સુવિધિનાથ ભગવાન બિરાજે છે. તે ઉપરાંત પાછળના ભાગમાં ઉપશમરસઝરતા મોટા પાર્શ્વનાથ ભગવાન બિરાજે છે. અહો, શ્યામવર્ણા એ પાર્શ્વપ્રભુની મુદ્રા વૈરાગ્યરસથી અભિસિંચિત થઈ રહી છે. આ શિખરજીધામથી મોક્ષ પામનારા તીર્થંકરોમાં સૌથી છેલ્લા (વિક્રમ સંવતની


પૂર્વે લગભગ ૭૦૦ વર્ષ પહેલાં ) પાર્શ્વનાથ ભગવાન મોક્ષ પામ્યા છે. તેથી તેમના નામ ઉપરથી આ પર્વત પણ 'પારસનાથ હીલ' એવા નામે બિહારમાં પ્રસિદ્ધ છે. અહીંના રેલ્વે સ્ટેશનનું નામ પણ 'પારસનાથ' છે. જિનમંદિરમાં પાર્શ્વનાથ પ્રભુની મુદ્રા યાત્રિકોને



પોતાના તરફ આકર્ષી લે છે. અહો, શી એ ભવ્ય પ્રતિમા છે! તેમની ચરણછાયામાં બેઠા હોઈએ ત્યારે પ્રભુજી આપણા ઉપર ઉપશાંતરસ ભરેલી અમીદૃષ્ટિ વરસાવતા હોય છે.... ને ભગવાનની એ પરમ પ્રસન્નદૃષ્ટિ નીહાળતાં પાવન થઈ જઈએ છીએ. ભગવાનની ચરણછાયાથી દૂર ખસવાનું મન જ થતું નથી. અહો નાથ! તારા દર્શનથી મારું મન પ્રસન્ન થયું. આમ ઘણી પ્રસન્નતાથી આ ભગવાનના દર્શન કરીને ગુરુદેવે સુવર્ણરકાબીમાં અર્ઘ ચડાવ્યો.


મહાવીર ભગવાન અને ૨૪ તીર્થંકર ભગવંતોનાં દર્શન પણ ખૂબ જ આનંદકારી છે. મહાવીર ભગવાન (લગભગ દસ ફૂટ ઊંચા) ખડગાસને કુમાર-અવસ્થામાં ધ્યાનસ્થ બિરાજે છે; ચૈતન્યની અદ્‌ભુત વીરતાથી તેમની મુદ્રા એવી શોભી રહી છે—જાણે કે.... 'આ રીતે ધ્યાન વડે અમે સિદ્ધિ પામ્યા' એમ યાત્રિકોને દર્શાવી રહી છે. એમની આસપાસ ૨૪ તીર્થંકરોના એકસરખા હારબંધ પ્રતિમાજી ઊભા છે, એ દૃશ્ય બહુ જ સુંદર છે. એમને જોતાં જ ગુરુદેવ કહે: 'વાહ! કેવો સરસ દેખાવ છે!' જાણે કે ચોવીસે તીર્થંકર ભગવંતો એક સાથે પ્રસન્ન થઈને સન્મુખ પધાર્યા છે; એમનાં દર્શન થતાં જ કુંદકુંદપ્રભુની વંદના યાદ આવે છે –





મંગલ તીર્થયાત્રા (૧૩૪)





તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,
વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને.

જાણે તીર્થયાત્રાના મંગલ-મહોત્સવમાં બધા ભગવંતો એક સાથે પધારીને આશીર્વાદ આપે છે. અહો, આ તીર્થંકરોનો મેળો ખરેખર દર્શનીય છે, પરમ ભક્તિથી વંદનીય છે. જૈનધર્મના એવા ભક્તોને પણ ધન્ય છે કે જેમણે ભક્તિપૂર્વક આવા જિનવૈભવની પ્રતિષ્ઠા કરાવી છે. ગુરુદેવ સાથે આ ભગવંતોનાં દર્શન કરતાં સૌને બહુ જ પ્રમોદ થયો ને ઘણી ભક્તિથી ગુરુદેવ સાથે અર્ઘ ચડાવ્યો—

ચોવીસોં શ્રી જિનચંદ આનંદકંદ સહી,
પદ જજત હરત ભવફંદ પાવત મોક્ષ મહી.

ઉપર જેમને અભિવંદના કરી તે શ્રી પાર્શ્વનાથપ્રભુ તથા મહાવીરપ્રભુનો અભિષેક પણ ઘણા ભાવપૂર્વક કર્યો હતો. અભિષેકમાં ભગવાનનો સાક્ષાત્ સ્પર્શ થતાં બહુ પ્રસન્નતાથી રોમાંચ થતો હતો.

મંદિરમાં બંને બાજુ ચૌમુખી મંદિર (ત્રણ પીઠિકા સહિત સમવસરણ) છે; એકમાં શ્રી ચંદ્રપ્રભુ બિરાજે છે ને બીજામાં શ્રી પાર્શ્વપ્રભુ બિરાજે છે. આ પ્રાંતમાં દરેક ઠેકાણે ચંદ્રપ્રભુ અને પાર્શ્વનાથ ભગવંતોની ઘણી વિશેષતા છે. શિખરજી ઉપરથી મોક્ષ પામનારા છેલ્લા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન છે, તેથી તેમની વિશેષતા છે—એ તો સ્પષ્ટ છે, અને ચંદ્રપ્રભુ ભગવાનની વિશેષતા માટે એમ લાગે છે કે સમન્તભદ્રસ્વામીની સ્તુતિના પ્રતાપથી ચંદ્રપ્રભુ ભગવાન પ્રગટ થયા-તેના પ્રભાવથી ઠેરઠેર ચંદ્રપ્રભસ્વામીની સ્થાપના થતી આવતી હશે. એક વેદીમાં નેમિનાથપ્રભુ તથા આસપાસ ખડ્ગાસને શાંતિનાથપ્રભુ વગેરે ભગવંતો શોભી રહ્યા છે. સરસ્વતીભવન (સ્વાધ્યાયશાળા) પણ શાંત અને વિશાળ છે; અંદર જતાં જ જિનવાણીમાતાની ગોદમાં શાંતિથી સ્વાધ્યાય ને સામાયિક કરવાનું દિલ થઈ જાય છે. સ્વાધ્યાયશાળાની દિવાલમાં આરસ પર તત્ત્વાર્થસૂત્રજી, ભક્તામરસ્તોત્ર તથા પદ્મનંદીપચ્ચીસી વગેરે કોતરેલા છે. એક મંદિરમાં સહસ્રકૂટ-ચૈત્યાલયની સુંદર રચના છે—જેમાં કૂલ ૧૦૦૮ પ્રતિમા છે; તેમના દર્શન કરતાં યાત્રિકને એમ લાગે છે કે અહો! જિનેન્દ્રોની મહાન વસ્તીમાં હું આવ્યો, સર્વે ભગવંતો એક સાથે મારી સન્મુખ થયા. વળી મંદિરની બાજુમાં પંચમેરુ સહિત નંદીશ્વરદ્વીપના બાવન સુશોભિત ઉન્નત મંદિરોની સુંદર રચનાના પણ દર્શન થયા, વચ્ચે ઊંચા ઊંચા પાંચ મેરુ શોભે છે ને ફરતા બાવન જિનાલયોની અતિશય મનોરમ્ય રચના છે. અષ્ટાહ્નિકાના પ્રસંગે આવા નંદીશ્વર જિનધામની

રચનાના દર્શન થતાં ઘણો આનંદ થયો. પંચમેરુને અને નંદીશ્વરજિનધામને ભક્તિથી પ્રદક્ષિણા કરી. ગુરુદેવે બધી રચનાનું ભાવપૂર્વક અવલોકન કર્યું ને ભક્તોને પણ બતાવીને કહ્યું કે આ નંદીશ્વરધામની રચના પૂરી થઈને તેમાં જ્યારે ભગવંતોની પ્રતિષ્ઠા થશે ત્યારે તે એક ઘણી જ અદ્ભુત રચના થશે.

તળેટીના વૈભવમાં અહીં સુધી જેનું વર્ણન કર્યું તે બધોય વૈભવ એક જ મૂળ મંદિરમાં સમાઈ જાય છે; મંદિર ઘણું વિશાળ ને સુશોભિત છે. વચ્ચે મોટું ચોગાન છે. રાત્રે વીજળીના પ્રકાશમાં આ મંદિરના ભગવંતોનું દૃશ્ય બહુ સરસ લાગે છે. આ મંદિરની સન્મુખના મોટા ચોકમાં એક રળિયામણો માનસ્તંભ છે. ૫૧ ફૂટ ઊંચો આખો માનસ્તંભ કારીગરીવાળો છે; આ માનસ્તંભ લાડનૂવાળા શેઠ શ્રી વછરાજજી ગંગવાલ અને તેમના ભાઈઓએ કરાવેલો છે; તેમાં ચારે બાજુ ચંદ્રપ્રભ ભગવાન બિરાજમાન છે. માનસ્તંભની પીઠિકાઓ તથા ચોક વગેરે સુશોભિત છે. માનસ્તંભની છાયામાં આવતાં આહ્લાદ થાય છે. સૌએ ભક્તિભાવથી ગંધકૂટિસ્થિત ભગવાનના દર્શન-વંદન કર્યાં; કોઈએ પ્રદક્ષિણા કરી ને કોઈએ ભક્તિથી રાસ પણ લીધા.

તે જ ચોકમાં માનસ્તંભ પાસે બીજું એક જિનમંદિર છે. તેમાં ચંદ્રપ્રભ ભગવાન બિરાજમાન છે. અને, આ મંદિરની જમણી તરફની બારીમાં, ચિત્તને અત્યંત પ્રસન્નકારી એવા શ્રી સીમંધરસ્વામી-ચરણપાદુકા બિરાજમાન છે. સં. ૨૦૦૩ના ફાગણ સુદ ત્રીજે તેની સ્થાપના થઈ છે. અહો, અચાનકપણે સીમંધરનાથના ચરણની પ્રાપ્તિ થતાં અપાર હર્ષ થયો.. સીમંધરનાથના ચરણનો સ્પર્શ થતાં હૃદય આનંદિત થયું; જાણે કે ભગવાને કૃપા કરીને ભરતક્ષેત્રના ભક્તોને ચરણનું શરણ આપ્યું. 'અહા! ભરતક્ષેત્રના સાધકોની ભક્તિથી પ્રસન્ન થઈને સીમંધર ભગવાને ભરતક્ષેત્રે પધારીને સાક્ષાત ચરણસેવાનો લાભ આપ્યો.' યાત્રા માટે સોનગઢથી નીકળતાં એવી ભાવના ભાવી હતી કે – 'સમ્મેદશિખરજી પૂર્વમાં છે ને વિદેહક્ષેત્ર પણ પૂર્વમાં છે—એટલે શિખરજી જતાં પૂર્વવિદેહ તરફ સીમંધર ભગવાનની નજીક ને નજીક જઈ રહ્યા છીએ,—જાણે વિદેહ તરફ જતા જતા રસ્તામાં શિખરજીધામને વંદન કરીએ છીએ.' હે નાથ! મારા વહાલા ભગવાન! તારા ચરણકમળ મારા હૃદયમાં સ્થાપિત છે ને મારું હૃદય સદાય તારા ચરણમાં જ રહેલું છે; એટલે પ્રસન્ન થઈને ભરતક્ષેત્રમાં પણ ઠેર ઠેર આ બાળકોને દર્શન આપીને આપ સંભાળ લ્યો છો.... આવી આવી અનેક ભક્તિઉર્મિથી ભગવાનના ચરણકમળના દર્શન કર્યાં.

પછી બીજા ચોકમાં એક મંદિર છે, તેમાં પણ ચંદ્રપ્રભ ભગવાન બિરાજમાન છે. ૪-૫ ફૂટના વિશાળ ભગવાન ચંદ્રપ્રભ આખાય મંદિરમાં શાંત શાંત શીતળ ચાંદની પાથરી રહ્યા છે, ને એ ચંદ્ર-ચાંદનીમાં ભવ્ય ભક્તો સંસારના આતાપને ભૂલી જાય છે. આ બધોય વૈભવ તેરાપંથી ધર્મશાળામાં છે. અહો, જેવું ગૌરવશાળી શાશ્વત સમ્મેદશિખરધામ છે એવો જ એની તળેટીનો વૈભવ છે. બસ, ઉપર જુઓ તો અનંત સિદ્ધોનો મેળો, ને નીચે જુઓ તો અરિહંતોનો મેળો! વાહ....ભગવાન...વાહ, તારી નગરીમાં આવતાં મારું જીવન સફળ થયું...મારું ચિત્ત પ્રસન્ન થયું... મારું ભ્રમણ ટળી ગયું. અહીં સિદ્ધિધામ તો હરતાં ને ફરતાં નજરસમક્ષ જ તરવરે.

—આમ, ગુરુદેવ સાથે અપાર હોંશથી સિદ્ધિધામનો વૈભવ નીહાળ્યો. અહો, જિનધામમાં આવી પહોંચ્યા...બસ! હવે જાણે આ જિનધામમાં જ રહીએ, ને જિનમાર્ગને ઉપાસીને ભગવાન સાથે સાદિ-અનંત સંબંધ જોડી દઈએ. ગુરુદેવ સાથે જિનધામના દર્શન કરતાં ભક્તિથી હૈયું ભરાઇ જતું હતું: અહો, આજે મારા નાથ ભેટ્યા...મારા ભગવાનની નગરીમાં હું આવ્યો. અનંતા સિદ્ધોની સાધનાભૂમિ એવું આ તીર્થધામ....ને વળી ગુરુદેવનો સાથ.-વાહ, ધન્ય અવસર!

ગુરુદેવ સાથે જિનવૈભવના દર્શન બાદ અપાર ભક્તિપૂર્વક જિનમંદિરમાં સમૂહપૂજન થયું. અહા, એ પૂજનનું દૃશ્ય! એક હજાર જેટલા યાત્રિકો એક સાથે એ સમૂહપૂજનમાં ભાગ લઇ રહ્યા હતા. ગુરુદેવ પણ ઘણા ભાવપૂર્વક પૂજન કરતા હતા. સોનગઢવાળા યાત્રિકો કેટલા ભાવથી પૂજા કરે છે-એ દૃશ્ય દેખીને બીજા યાત્રિકો આશ્ચર્ય પામતા, અને ટગટગ નયને હર્ષપૂર્વક એ ભાવભીની પૂજા જોઇ રહેતા. સૌથી પહેલાં સમ્મેદશિખરજી-સિદ્ધિધામનું પૂજન કર્યું—

સમ્મેદ ગઢ ગીરનાર ચંપા પાવાપુરી કૈલાસકે,
પૂજોં સદા ચૌવીસ જિન નિર્વાણભૂમિ નિવાસકે;
પૂજોં સદા અનંત જિન નિર્વાણભૂમિ નિવાસકે,
પૂજોં સદા શાશ્વત તીર્થ નિર્વાણભૂમિ નિવાસકે.

જેમ સોનગઢમાં રહીને વિદેહીનાથ સીમંધરપ્રભુના પરોક્ષ વંદન-પૂજન દરરોજ કરીએ છીએ,-પણ જો વિદેહક્ષેત્રમાં જ જઈને સીમંધરનાથના સાક્ષાત વંદન-પૂજન કરવાનો પ્રસંગ બને તો કેટલો આનંદ થાય! તેમ સોનગઢમાં રહીને પરોક્ષપણે તો ઘણીવાર સમ્મેદ-

શિખરજીનું પૂજન કરતા પણ આજે તો પ્રત્યક્ષપણે શિખરજીધામમાં જ તેનું પૂજન થતું હતું તેથી અનેરો ઉત્સાહ હતો. પૂ. બેનશ્રી–બેનની વૈરાગ્ય અને ભક્તિભરેલી પૂજા ભણાવવાની શૈલી સૌને મુગ્ધ કરી દેતી હતી. તેઓશ્રી જ્યારે સ્વાહા....મંત્ર બોલતા ત્યારે એક બે નહિ, પચીસ પચાસ નહિ, પરંતુ એક સાથે હજાર હજાર પૂજકો તેમાં હોંશથી સાદ પૂરાવીને અર્ઘં....સ્વાહા કરતા. જિનેન્દ્રપૂજનનો એ મહાયજ્ઞ મંડાયો હતો. એ ભવ્ય પૂજનમહોત્સવ અપૂર્વ હતો. એક સાથે આટલા યાત્રિકોએ પૂજન કર્યું હોય એવો પ્રસંગ આ જિનમંદિરમાં કદાચ પહેલો જ હશે. આજે તો ગુરુદેવ સાથે સિદ્ધિધામમાં મહાપૂજનનો પ્રસંગ એટલે એક બે પૂજાથી કેમ સંતોષ થાય? ઉપરાઉપરી પાંચ પૂજન કરાવ્યા. સમ્મેદશિખરજી વગેરે સિદ્ધિધામના પૂજન બાદ અનંતા સિદ્ધભગવંતોનું અને સાથે સાથે સીમંધરભગવાનનું પૂજન કર્યું:—

સીમંધર ભગવંત ગુણાતમ શુદ્ધ સહી;
શ્રી સિદ્ધપ્રભુ ભગવંત ગુણાતમ શુદ્ધ સહી;
તુમ ધ્યાવત મુનિજન સંત પાવત મોક્ષમહી.

અહો, સિદ્ધભગવંતો! અનંતા મુનિવરો-સંતજનો આપને ધ્યાવી–ધ્યાવીને અહીંથી સિદ્ધપદ પામ્યા છે, તેમને નમસ્કાર હો. હે પ્રભો! હું પણ આપને ધ્યાવી ધ્યાવીને સિદ્ધપદ લેવા આપની સિદ્ધભૂમિમાં આવ્યો છું. —આવા ભાવથી ગુરુદેવ સાથે સિદ્ધપૂજન કરતાં યાત્રિકોને આનંદ થતો હતો. જિનેન્દ્રપૂજનનો ખરો મહિમા અહીં જોવા મળતો. સિદ્ધપદના સાધકોને સિદ્ધભગવંતો પ્રત્યે કેવા ભાવો ઉલ્લસે છે તે અહીં જોવા મળતું.

બીજી પૂજા બાદ ફરીને સિદ્ધભગવાનની એક ત્રીજી પૂજા કરી; પછી ચોથી પૂજા ૨૪ ભગવંતોની કરી; અને છેવટે ફરીને શિખરજી શાશ્વતતીર્થધામની પૂજા કરી.—


श्री विंशति तीर्थंकर मुख मुनि असंख्यात जहँते शिव पाय
सम्मेदाचल तीर्थराजमें, पूजत तिनको ध्यान लगाय।


પૂજનમાં એક હજાર જેટલા યાત્રિકો ઉત્સાહથી ભાગ લઇ રહ્યા હતા. આવો વ્યવસ્થિત અને પ્રભાવશાળી કાર્યક્રમ જોઇને લોકો આશ્ચર્ય પામતા; તેમાંય જ્યારે ખબર પડી કે આ પૂજન કરનારાઓમાંના મોટા ભાગના યાત્રિકો પહેલાં મૂર્તિપૂજાને નહિ માનનારા (–સ્થાનકવાસી) હતા તેઓ જ અત્યારે આવા ભાવથી જિનેન્દ્રપૂજા કરી રહ્યા છે, –ત્યારે ગુરુદેવનો આવો મહાન પ્રભાવ જોઈને દિ. સમાજને ઘણો પ્રમોદ થતો હતો. પૂજન બાદ 'નિર્વાણ-કાંડ-સ્તોત્ર' બોલ્યા હતા. એ રીતે પૂ. શ્રી કાનજીસ્વામી સહિત હજાર જેટલા યાત્રિકોએ સમ્મેદશિખરજી–સિદ્ધિધામમાં મહાન ભક્તિથી પૂજન કર્યું. વીસપંથી ધર્મશાળામાં પણ અનેક જિનમંદિરો છે ત્યાં પણ દર્શન કર્યા.










શાશ્વત તીર્થ શ્રી સમ્મેદ શિખરજી

બપોરે એક મુનિ તેમજ બીજા અનેક ત્યાગીઓ-વિદ્વાનો પૂ. ગુરુદેવને મળ્યા, ને સૌએ તેમના પ્રત્યે ઘણો પ્રેમ દર્શાવ્યો. શ્રી ગણેશ દિ. જૈન વિદ્યાલય (સાગર)નો સુવર્ણ-જયંતિ મહોત્સવ અહીં પૂ. ગુરુદેવની છાયામાં ઊજવવાનું નક્કી થયું હતું; તે સંબંધી નિમંત્રણ કરવા માટે તથા તેના કાર્યક્રમ સંબંધી વિચારણા કરવા માટે બપોરે શ્રી પં. ફૂલચંદ્રજી, પં. પન્નાલાલજી, પં. ખુશાલચંદ્રજી તથા પં. દયાચંદજી ગુરુદેવ પાસે આવ્યા હતા. તેઓ કહેતા હતા કે -વર્ણીજી મહારાજ આપની પ્રસન્નમુદ્રાના વારંવાર વખાણ કરે છે ને કહે છે કે ઈનકી પ્રસન્નમુદ્રા મુઝે બહુત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઇસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા. તે ઉપરાંત તે વિદ્વાન ભાઈઓએ ઘણી લાગણી-પૂર્વક પ્રવચન તેમજ પૂજન-ભક્તિના કાર્યક્રમોની પ્રશંસા કરતાં કહ્યું કે આપકા પ્રવચન ઔર પૂજનભક્તિકા કાર્યક્રમ દેખકર દો દિનમેં તો યહાંકા સારા વાતાવરણ પલટ ગયા. ઐસા વ્યવસ્થિત ઔર ભાવપૂર્ણ કાર્યક્રમ ઔર ઐસી ભક્તિ હમને કહીં નહીં દેખી. ત્યારે ગુરુદેવ કહે કે હમારી દો બહનેં હૈ વોહી સબ કરતી હૈ; તેમની અનુભૂતિ, તેમનું સમ્ય-ગ્દર્શન વગેરે બીજું ઘણું છે. લેકિન યહ બાત અંતરકી હૈ. આ રીતે બપોરે ગુરુદેવ સાથેની વાતચીતમાં સૌ વિદ્વાનો પ્રસન્ન થયા હતા.

બપોરે ૨ાા થી ૩ાા મધુવનમાં ગુરુદેવનું પ્રવચન થયું. પ્રવચન માટે વીસપંથી કોઠીના ચોગાનમાં મોટો મંડપ બાંધવામાં આવ્યો હતો. અનેક ત્યાગીઓ તેમ જ વિદ્વાનો સહિત ત્રણ-ચાર હજાર માણસોની વિશાળ સભાનું દૃશ્ય ઘણું ભવ્ય હતું. સિદ્ધિધામની છાયામાં ગુરુદેવના પ્રવચનો પણ બહુ ભાવભીના આવતા હતા. તદ્દન નીકટમાં બિરાજમાન સિદ્ધિ-ધામ તરફ વારંવાર દિગ્દર્શન કરીને ગુરુદેવ કહેતા કે જુઓ, આત્માના પરમાર્થસ્વભાવના આશ્રયે આવો મુક્તિમાર્ગ સાધી સાધીને અનંતા જીવો આ સમ્મેદશિખરજી પરથી મુક્તિ પામ્યા છે, ને અહીંથી ઉપર સમશ્રેણીએ બિરાજી રહ્યા છે. હવે આવતી કાલે તો આપણે પણ એ સિદ્ધિધામ ઉપર જવાનું છે; ત્યાં ઉપરના સિદ્ધભગવાન દેખાડશું. ગુરુદેવના આવા ઉદ્ગારો સાંભળીને શ્રોતાજનો મુગ્ધ બની જતા....ને સિદ્ધિધામની યાત્રા માટે તથા સિદ્ધ-ભગવાનને નીહાળવા માટે હૃદયમાં તાલાવેલી જાગતી હતી.


શિખરજીધામની છાયામાં (મધુવનમાં) ત્રણ ધર્મશાળા (કોઠી) છે, એક દિ. તેરાપંથી, દિ. વિસપંથી અને શ્વેતાંબર; ત્રણે ધર્મશાળા ખૂબ વિશાળ છે. પહેલાં બીક હતી કે આવડામોટા યાત્રાસંઘને જગ્યા માટે મુશ્કેલી પડશે; પરંતુ વિશાળ ધર્મશાળાઓમાં યાત્રા-સંઘને માટે પૂરતો બંદોબસ્ત થઈ ગયો હતો. આખા યાત્રાસંઘની ભોજનવ્યવસ્થા પણ ત્યાંજ હતી. ચારેકોર યાત્રાસંઘનું વાતાવરણ નજરે પડતું હતું; ઘણા યાત્રિકો આવતીકાલની યાત્રાની તૈયારીમાં ગુંથાયા હતા; કોઈ ડોળી માટેની શોધમાં હતા, તો કોઇ નહાવા-ધોવાની

તૈયારીમાં હતા, કોઇ અર્ઘની સામગ્રી તૈયાર કરતા હતા તો કોઇ ભક્તિ-પૂજા સંબંધી તૈયારી કરતા હતા, કોઇ ઉપર જઇને શું કરશું ને કેવી ભાવના ભાવશું-તેની મનમાં ગોઠવણી કરતા હતા;—સૌને એકજ ધૂન...કે કાલે ગુરુદેવની સાથે અપૂર્વ આનંદથી આ મહાન તીર્થધામની યાત્રા કરવી છે. ભારતના ઉત્કૃષ્ટ તીર્થની ભારતના ઉત્કૃષ્ટ સન્ત સાથેની યાત્રાનો આ સોનેરી અવસર છે. કાલે ગુરુદેવ સાથે ભારતના સર્વોત્કૃષ્ટ સિદ્ધિધામ સમ્મેદ-શિખરજીની યાત્રા કરવી છે....અને, વધુમાં વધુ આત્મલાભનું કારણ થાય એવા ઉત્તમ ભાવથી તે યાત્રા કરવી છે. ગુરુદેવ જેવા સન્ત સાથે સિદ્ધિધામની યાત્રાનો આવો સોનેરી અવસર મળ્યો છે તે સફળ કરવો છે.

—આમ યાત્રાની ધૂનમાં મોડે સુધી તૈયારી કરીને યાત્રિકો સૂતા; ઊંઘ તો શેની હોય? તન્દ્રામાંય સિદ્ધિધામનાં દૃશ્યો માનસપટમાં તરવરતા હતા. ગુરુદેવને પણ યાત્રાનો ઉમંગ કોઇ અનેરો હતો. કેવો ઉમંગ હતો? - કે યાત્રા માટેના પ્રસ્થાનનો સમય સવારના ૪ વાગ્યાનો રાખેલ તેને બદલે ૧૨ાા વાગે તો ગુરુદેવ જાગી ગયા, ને દોઢ વાગ્યામાં તો તૈયાર થઇને ધર્મશાળાએ આવીને યાત્રિકોના ઉમંગભર્યા કોલાહલનું અવલોકન કરતા હતા. ગુરુદેવ પધારવાની ખબર પડતાં જ યાત્રિકો વીજળીવેગે તૈયાર થઇ ગયા. પૂ. બેનશ્રી-બેન ચંપાબેન-શાન્તાબેન પણ ઘણા આનંદપૂર્વક તૈયાર થઇ ગયા હતા. એક તો સમ્મેદશિખર જેવા શાશ્વત સિદ્ધિધામની યાત્રા.. ને વળી ગુરુદેવનો સાથ...પછી આનંદની શી ખામી હોય!

ગુરુદેવને આજે સિદ્ધિધામને ભેટવાની એટલી તાલાવેલી છે કે સાડાબાર વાગ્યાથી જાગીને રાહ જોતા બેઠા છે-હમણાં યાત્રા કરવા જઇએ. ધાર્યા કરતાં ઘણા વેલાવેલા તૈયાર થઇને બેઠા છે.-જેમ વિખૂટો બાળક પોતાની માતાને દેખ્યા પછી ધૈર્ય ન રાખી શકે ને અત્યંત તાલાવેલીથી પ્રેમપૂર્વક તેને ભેટવા દોડે...તેમ સિદ્ધિધામને નીહાળવા ઘણા દિવસથી તલસતા ગુરુદેવ તેની શીઘ્ર યાત્રા કરવા માટે આજે ખૂબ તાલાવેલ હતા. અહા, અનંત સિદ્ધોનું જે સિદ્ધિધામ....અનંતા તીર્થંકરો જ્યાં વિચર્યા.. તે તીર્થધામમાં આજે વિહરશું ને ખૂબ ખૂબ ભાવથી યાત્રા કરશું– એમ ગુરુદેવ સિદ્ધભગવંતોનું સ્મરણ કરતા હતા. ત્યારે, ગુરુદેવ સાથે યાત્રા માટે હાથમાં લાકડી લઇને ખડે પગે કટિબદ્ધ થયેલા હજારો યાત્રિકો, ગુરુદેવ સાથેની યાત્રા કેવી મહાન હશે-એની કલ્પનામાં ઝૂલતા હતા....ત્યાં તો...એક સાથે હજારો યાત્રિકોના કોલાહલથી ચારેકોરનું વાતાવરણ ગૂંજી ઊઠ્યું....અત્યંત આનંદકારી જય-જયકાર સાથે ગુરુદેવે સિદ્ધિધામ પ્રત્યે પ્રથમ પગલું માંડ્યું...

'મં....ગ....લ... તી....ર્થ....યા....ત્રા....'નો પ્રારંભ થયો.





# સમ્મેદશિખર—શાશ્વત સિદ્ધિધામ
# મંગલ તીર્થયાત્રા

**સમ્મેદશિખર સોહામણો રળિયામણો રે...**
**જ્યાં સિધ્યા તીર્થંકર વીસ તીરથ તે નમું રે...**


(સંવત ૨૦૧૩ના ફાગણ સુદ સાતમ શુક્રવાર)

અહા . સિદ્ધિધામને ભેટવાની કહાનગુરુદેવની ભાવના આજે પૂરી થાય છે. ગુરુદેવ સાથે સમ્મેદશિખરજી શાશ્વત સિદ્ધિધામની યાત્રા કરવાની હજારો યાત્રિકોની ભાવના આજે ઉલ્લાસપૂર્વક પૂરી થાય છે. મંગલ તીર્થયાત્રાનો આ પવિત્ર પ્રસંગ જીવનમાં સિદ્ધિપંથ પ્રત્યેની પુનિત પ્રેરણા સદાય આપ્યા કરો...હે સિધ્ધભગવંતો! કહાનગુરુ સાથેની આ સિદ્ધિધામની અપૂર્વ યાત્રાના ભાવો ઝીલવાની મને શક્તિ આપો...અને મને પણ સિધ્ધિપંથ પ્રત્યે દોરી જાઓ.

卐 卐 卐

અનંતા સિદ્ધભગવાનનો જય હો....શાશ્વત સિદ્ધિધામનો જય હો....
રત્નત્રયસાધક સંતોનો જય હો...સિદ્ધિધામના યાત્રિક ગુરુદેવનો જય હો....
સિદ્ધિધામની અપૂર્વ યાત્રા કરાવનાર કહાનગુરુદેવનો જય હો ..


— એમ સેંકડો-હજારો જયજયકાર સહિત ને પંચપરમેષ્ઠીના નમોક્કારમંત્રના સ્મરણ સહિત આનંદભરેલા વાતાવરણમાં ગુરુદેવે સિદ્ધિધામની યાત્રાનો મંગલ પ્રારંભ કર્યો. સિદ્ધિધામ પ્રત્યે પહેલું પગલું મૂકતાં જ અનેરો આહ્લાદ જાગે છે....



રોમરોમમાં કોઇ નવો જ ઝણઝણાટ વ્યાપી જાય છે. નૂતન સમકિતી જેમ ચૈતન્યને ભેટે ને આનંદિત થાય તેમ ગુરુદેવ એ તીર્થને ભેટ્યા ને આનંદિત થયા. ગુરુદેવના પગલે પગલે ચાલી રહેલા યાત્રિકોને પણ આજે અનેરો હર્ષ હતો. પહાડ ચડવાના પ્રારંભે જાણે પરાક્રમનો કોઇ નવો જ યુગ પ્રારંભાયો હતો. સિદ્ધો અને સાધકોનું સ્મરણ થતું હતું, પંચ પરમેષ્ઠી પ્રત્યે પ્રણમન થતું હતું, રત્નત્રયની ભાવનાઓ જાગતી હતી. આવી ભાવનાસહિત ગુરુદેવ સાથે સિદ્ધોને હૃદયમાં સ્થાપીને સિદ્ધિધામ પ્રત્યે પગલાં માંડ્યા. અહો સિદ્ધભગવંતો! મારા ગુરુ સાથે તમારા પવિત્રધામ પ્રત્યે મેં પ્રસ્થાન કર્યું. પગલેપગલે પ્રભુજીનું સ્મરણ થાય છે, ને હૃદયમાં એવી ઝણઝણાટી જાગે છે —જાણે કે સિદ્ધભગવાનને દેખીને પ્રદેશે પ્રદેશેથી કર્મો ખરી રહ્યા હોય! જીવનનો આ પવિત્ર પ્રસંગ મુમુક્ષુહૈયામાં કોતરાઈ ગયો છે.

સાધકજનો સાથે સિદ્ધિધામની યાત્રાની શરૂઆત કરતાં જાણે કે સાધકભાવની જ શરૂઆત કરતા હોઇએ —એમ ઉમંગ થતો હતો. ને ખરેખર, ગુરુદેવની કૃપાથી તેમની સાથે થયેલી આ યાત્રાને મુમુક્ષુઓ સાધકભાવનું જ નિમિત્ત બનાવશે. મુમુક્ષુહૃદયમાંથી ઉપકારના એવા નાદ ઊઠે છે કે, હે ગુરુદેવ! આપ જેવા સંતોએ જ સિદ્ધિધામનો માર્ગ ખુલ્લો કર્યો છે ને પ્રોત્સાહન આપીને અમને તે માર્ગે લીધા છે... જેમ સિદ્ધિધામની યાત્રા કરાવી તેમ આત્મિકસિદ્ધિનો માર્ગ બતાવીને અમને તે માર્ગે લઇ જાઓ.

ગુરુદેવ સાથે સિદ્ધિધામની યાત્રાનો પ્રારંભ કરતાં બેનશ્રી ચંપાબેન તથા બેનજી શાન્તાબેન પણ ખૂબ જ પ્રસન્નતાથી હૃદયોર્મિ વ્યક્ત કરતા હતા કે, અહા! ઘણા દિવસોથી પૂ. ગુરુદેવ સાથે આ તીર્થની યાત્રા કરવાની ભાવના અમારા હૃદયમાં હતી, તે બસ! આજે પૂરી થાય છે. પહેલાં જ્યારે આ શિખરજીધામને નજરે નીહાળ્યા ન હતા ને છબીમાં તેના દર્શન કરતા ત્યારે હૃદયમાં એમ થઇ જતું કે અહા! ભરતક્ષેત્રમાં આવું શાશ્વત તીર્થ છે કે જ્યાં અનંત જિનેન્દ્રોના નિર્વાણકલ્યાણક ઈન્દ્રોએ ઊજવ્યા છે, અનંતા સાધકો જ્યાં સિદ્ધપદને પામ્યા છે, મુનિઓ અને અનંતા તીર્થંકર-કેવળી ભગવંતોના ટોળાં જ્યાં વિચર્યા છે; આવું આ પવિત્ર તીર્થ છે, તે જીંદગીમાં એકવાર જરૂર જોવું જ છે, તેની યાત્રા કરવી જ છે.–તે અવસર કયારે આવશે? કયારે શાશ્વતતીર્થમાં જઇએ? કયારે એને વંદીએ! ને કયારે એની પાવન રજને ભક્તિથી મસ્તકે ચડાવીએ!



સાધકજનો સાથે સિદ્ધિધામની યાત્રાની શરૂઆત



ચાલો....ચાલો...સૌ હોંશે હળીમળી આજ સિદ્ધગિરિવર ચડીએ....



ચાલો....ચાલો....સહુ ગુરુવર સંગે આજ સમ્મેદાચલ જઈએ....

ઈન્દ્રો મેરુપર્વતે જિનેન્દ્રભગવંતનો જન્મકલ્યાણક ઊજવવા જાય, શાશ્વત નંદીશ્વરદ્વીપે ભક્તિ કરવા જાય,–તે જેમ શાશ્વત તીર્થ છે તેમ ભરતક્ષેત્રમાં આ સમ્મેદશિખરજી શાશ્વત નિર્વાણ ભૂમિનું મહાન તીર્થ છે; તે તીર્થની વંદના–યાત્રા આજે ગુરુદેવ સાથે થતી હોવાથી ભક્તોની ભાવના આજે ફળીભૂત થાય છે; ને ઉલ્લાસપૂર્વક પૂ. બેનશ્રીબેન પર્વત ચડતાં ચડતાં ગવડાવી રહ્યા છે કે—

ચાલો ચાલો....સહુ હોંશે હળીમળી આજ સિદ્ધગિરિવર ચઢીએ....
ચાલો ચાલો....સહુ ગુરુવર સંગે આજ સમ્મેદાચલ જઈએ....
ચાલો ચાલો....સહુ ગુરુવર સંગે આજ જિનવરધામ નીરખીએ...ચાલો૦
ચાલો ચાલો....શ્રી જિનેન્દ્રદેવના આદર્શ આજે ઉરમાં ભરીએ....
ચાલો ચાલો....શ્રી મુનિવરના આદર્શ આજે ઉરમાં ભરીએ....
ચાલો ચાલો....એ સાધક જીવન આદર્શ આજે ઉરમાં ભરીએ....ચાલો૦
ભક્તિભાવે હોંશે દર્શન આજ કરીને પાવન થઈએ....
ભક્તિભાવે તીર્થંકર–ચરણરજ આજ હોંશે મસ્તક ધરીએ....
મીઠા મીઠા સ્મરણ તીર્થંકર દેવના આજ હોંશે શિખરજી નીરખીએ....ચાલો૦

(આ ભાવભીનું પૂરું ગીત અન્યત્ર આપેલ છે)

જેમ મોક્ષમાર્ગના પથિકને પર્યાયે પર્યાયે નવીન આનંદની સ્ફૂરણા થાય છે, તેમ સિદ્ધિધામના યાત્રિકોને પગલે પગલે નવીન હર્ષની ઉર્મિઓ જાગે છે. જેમ જેમ શાશ્વત તીર્થનું આરોહણ કરીએ છીએ તેમ તેમ ગુરુદેવ બધાના હૃદયમાં આનંદ કરાવે છે. જરાક ચાલતાં જ વનરાજી શરૂ થાય છે. આખોય સમ્મેદશિખર પર્વત અતિશય ગીચ મનોહર વનરાજીથી છવાયેલો છે. અહા, મુનિવરોએ જેની વચ્ચે બેસીને આત્મસાધના કરી એવી આ વનરાજી બહુજ શોભી રહી છે. સુંદર વનરાજીનાં એ અદ્‌ભુત દૃશ્યો! સુંદર ઝાડ–પાન ને પુષ્પોથી ખીલેલું એ વન,–જાણે કે મુનિદર્શનની પ્રસન્નતા હજીયે અનુભવી રહ્યું હોય એવું પ્રફુલ્લ લાગે છે: એ પ્રફુલ્લિત વનરાજી વચ્ચેથી પસાર થતી વખતે હૃદયમાં વનવાસી દિગંબર મહામુનિઓ, સ્વરૂપમાં ઝૂલનારા એ સંતો, જ્યારે અહીં વિચરતા હતા એ દૃશ્ય ખડું થાય છે, ને મુમુક્ષુહૃદયોમાં એ દશાની ભાવના જાગે છે. જેમ સુપ્રભાતમાં

કમળ ખીલે તેમ આ વનમાં જ્ઞાનીઓનાં હૃદયકમળ સંયમભાવનાથી ખીલી ઊઠે છે. તીર્થંકર-મુનિવરોના પ્રતાપે સમ્મેદશિખરજી પહાડ તો શોભિત ને પૂજિત છે, પરંતુ તેના ઉપરનું એકેક વૃક્ષ, તેનાં પુષ્પ ને પાંદડાં પણ કેવા સુંદર શોભી રહ્યા છે! અને અહીં વિચરનાર સંતોના હૃદયમાં ખીલેલી રત્નત્રયપરિણતિની તો શી વાત! અહો, ગીચ વનમાં ગુપ્તપણે રત્નત્રયના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારા એ સન્તો! આ ગીચ વનમાંથી પસાર થતાં ધર્માત્માઓને ભાવના થાય છે-જાણે કે અહીં જ રહીએ ને મુનિ કે અર્જિકા થઇ જઇએ, પછી કોઇને નજરે પણ ન પડીએ.

કહાનગુરુ સાથે બે હજાર ઉપરાંત યાત્રિકોનો સંઘ સમ્મેદશિખરજી સિદ્ધિધામ ઉપર ચડી રહ્યો છે. ગગનમાં તારલિયારૂપી આંખો મલકાવતું આકાશ આ યાત્રા-મહોત્સવ નીહાળી રહ્યુ છે. તીર્થંકરો અને મુનિવરોનાં સ્મરણો પગલે પગલે તાજા થતા જાય છે.. ને હૃદય આ ભૂમિ પ્રત્યે નમી પડે છે કે વાહ! ધન્ય આ ભૂમિ! આ ભૂમિમાં મધરાતે પણ જ્ઞાનીઓનાં સમ્યક્ કિરણોથી સુપ્રભાત ખીલી રહ્યું છે. યાત્રાની ધૂનમાં રાત છે કે દિવસ–એ ભૂલાઇ જાય છે; ને બે વાગે ધૂન બોલતાં બોલતાં યાત્રિકો પહાડ ચડી રહ્યા છે.—

બોલો સમ્મેદશિખરકી જય...બોલો નિર્વાણભૂમિકી જય...
બોલો અનંત તીર્થંકરકી જય....બોલો જય જય જય...
બોલો ગણધરોંકી જય....બોલો મુનિવરોંકી જય...
બોલો કહાનગુરુકી જય....બોલો જય જય જય....

અહા, આ યાત્રાસંઘમાં ગુરુદેવના ભાવોની શી વાત! ગુરુદેવ અપૂર્વ ભાવે સિદ્ધિધામને નીહાળી રહ્યા છે ને યાત્રિકોમાં કાલીઘેલી ભક્તિ અને ઉમંગ દેખીને પોતે પણ પ્રસન્ન થાય છે; વારંવાર કહે છે કે આપણે તો આ પહેલવહેલી યાત્રા છે. સિદ્ધિધામનું અને સિદ્ધપદસાધકસંતોનું આ મિલન કોઇ અનેરું પ્રેરણા-દાયી છે. જેમ સિદ્ધસ્વરૂપના સાક્ષાત્કારથી સાધક પરમ આનંદિત થાય તેમ અહીં સિદ્ધિધામના સાક્ષાત્કારથી સાધકોનું હૃદય પરમ આહ્લાદિત થાય છે. જેમ ગુરુ-દેવનું અંતર ભૂત-ભાવિના ઇતિહાસથી ગંભીર છે. તેમ આ પર્વતરાજનું હૃદય પણ અનંત તીર્થંકર–સંતોની આત્મસાધનાના ઇતિહાસથી ગંભીર છે. એક શાશ્વત સ્થિર મહાન તીર્થ, અને એક હાલતું ચાલતું તીર્થ,–બંને તીર્થના પ્રથમ મિલનનું

દૃશ્ય અદ્‌ભુત છે. જેમ બે મહાપુરુષોના મિલનને અન્ય જનો ઉત્સુકતાથી નીહાળી રહે તેમ શિખરરાજ ને ગુરુરાજના મધુરમિલનનું દૃશ્ય હજારો યાત્રિકો ઉત્સુકતાથી નીહાળી રહ્યા છે. પર્વતરાજ જાણે કે વનરાજીરૂપી ચામર વડે મધુર હવા નાખીને આતિથ્ય કરી રહ્યા છે. ગુરુદેવ સાથે સિદ્ધિધામમાં પહેલું પગલું માંડતાં જ મુમુક્ષુહૃદયોના તાર ઝણઝણી ઊઠ્યા કે ધન્ય આજનો અવસર! હે સિદ્ધ ભગવંતો! મારા ગુરુ સાથે તમારી પાસે આવું છું, તમારા પગલે પગલે આવું છું, તમારા પવિત્ર માર્ગે આવું છું. તીર્થયાત્રામાં જ્યાં જઈએ ત્યાં એમ જ થાય કે જાણે ભગવાનના જ ઘરે આવ્યા છીએ, ભગવાનના જ ઘરે ઊતર્યા છીએ ને ભગવાનના જ મહેમાન બન્યા છીએ. અહો, સાધકોએ ભગવાનને સાથે જ રાખ્યા છે; જીવનમાં ભગવાન અને ગુરુ આપણી સાથે જ છે. શૌરીપુરમાં નેમિનાથ ભગવાનના ઘરે ઊતર્યા હતા, તો ગુણાવામાં ગૌતમપ્રભુના ઘરે મહેમાન થયા હતા, અયોધ્યામાં આદિનાથપ્રભુને ત્યાં ને પાવાપુરીમાં મહાવીરપ્રભુને ત્યાં, -અને અહીં સમ્મેદશિખરજીમાં તો અનંતા તીર્થંકરો અને અનંતા સિદ્ધભગવંતોના મહેમાન થયા છીએ. બસ, જાણે ભગવાનના દેશમાં અનંત સિદ્ધભગવંતોની વસતી વચ્ચે ગુરુદેવ સાથે વિચરી રહ્યા છીએ. -આવી ઉત્કટ ભાવનાથી યાત્રિકો ગુરુદેવના પગલે પગલે 'મંગલ તીર્થયાત્રા' કરી રહ્યા છે. જેમ જીવનની કોઈ વિરલક્ષણે થયેલું ચૈતન્યવેદન ધર્માત્માને જીવનમાં કદી ભૂલાતું નથી ને જ્યારે જ્યારે યાદ કરે ત્યારે ત્યારે તેને પ્રમોદિત કરે છે, તેમ જીવનમાં પ્રાપ્ત થયેલ આ મંગલ-યાત્રાનો વિરલ પ્રસંગ મુમુક્ષુને જીવનમાં કદી ભૂલાશે નહિ, ને જ્યારે જ્યારે યાદ કરે ત્યારે ત્યારે તેને પ્રમોદિત કરશે.

હજી આખા પહાડની યાત્રા તો બાકી છે; પરંતુ પહાડ ઉપર પગ મુકતાં જ કેવા આનંદથી હૃદય ઊછળવા લાગે છે! જેમ સિદ્ધિ પામ્યા પહેલાં પણ સાધકના અંતરમાં આનંદની સ્ફૂરણા થઈ જાય છે તેમ સિદ્ધિધામની યાત્રા કર્યા પહેલાં પણ એ ધામમાં વિચરતાં યાત્રિકોને હર્ષની ઉર્મિઓ જાગે છે. સાક્ષાત આખા પર્વતની યાત્રાના આનંદની તો શી વાત! પરંતુ નજીકથી પહેલા જ પગલે એના પ્રથમ સ્પર્શને જે અનેરો આહ્‌લાદ જાગે છે તે પણ કદી ન ભૂલાય એવો છે;- જેમ ચિદાનંદ ભગવાનના સાક્ષાત્ અનુભવના આનંદની તો શી વાત! પરંતુ વિશિષ્ટ બહુમાનથી એની સ્પર્શના થતાં પણ જે કોઈ અનેરો આહ્‌લાદ જાગે છે તે જીવનભર ભૂલાતો નથી.

મંગલ તીર્થયાત્રાનુ આ પુસ્તક છપાયા પહેલાં તેનું કેટલુંક લખાણ ગુરુદેવને વાંચવા આપેલ, તે વાંચીને ગુરુદેવ ગદ્‌ગદ થઇ ગયા હતા અને કહ્યું હતું કે 'અહા! જાત્રા તો અલૌકિક થઈ; વાંચતાં બધું સામે તાદૃશ ખડું થાય છે ને કેટલીયે વાર આંસુ ચાલ્યા જાય છે. મુંબઇથી નીકળ્યા ત્યારથી પાછા આવ્યા ત્યાં સુધીના પરિણામ!! અહો, એ ઉલ્લાસ જુદો હતો. સાક્ષાત્ દર્શન જેવો ઉલ્લાસ હતો...એનાં સ્મરણથી આજે આંસુ આવી જાય છે.' ગુરુદેવના આ ઉદ્‌ગાર ઉપરથી ખ્યાલ આવશે કે તેમણે કેટલા ભાવથી તીર્થયાત્રા કરી હશે!

ગુરુદેવની સાથે આવી મહાન તીર્થયાત્રાના પ્રસંગે ભક્તોનું અંતરિયું પણ આનંદથી ઊભરાઇ રહ્યું છે. અહા! જીવનની એક મધુરી ઝંખના આજે પૂરી થાય છે. આનંદભર્યા જય જય ઘોષથી પર્વત ગાજી રહ્યો છે; પર્વત પણ આનંદના સામા પડઘા પાડે છે. ગુરુદેવ સાથે હજાર–હજાર યાત્રિકોએ સિદ્ધોને હૃદયમાં સ્થાપીને સિદ્ધિધામ પ્રત્યે પગલાં માંડ્યા છે. અહો સિદ્ધભગવંતો! આપના પવિત્ર ધામની યાત્રાનો મહોત્સવ મંડાયો છે, તેમાં આપ અમારા હૃદયના આંગણે પધારો. ગુરુ પ્રતાપે આ ધન્ય અવસર આવ્યો છે. પગલે પગલે ગુરુનો ઉપકાર ભૂલાતો નથી: હે ગુરુદેવ! આ બાળકોને સિદ્ધિધામની યાત્રામાં સાથે રાખ્યા તેમ આત્મિકસિદ્ધિનો માર્ગ બતાવીને સિદ્ધિપંથમાં પણ સાથે જ રાખો.

—આમ ખૂબ જ ભક્તિથી, ખૂબ જ ભાવથી, હૈયાના ઉમળકાથી, આત્માના ઉલ્લાસથી યાત્રામાં આગળ વધી રહ્યા છીએ. શિખરજીધામની છટા અને ઘટા કોઇ નીરાળી છે. ઘનઘોર ઘટા વચ્ચે ચાલતાં નથી દેખાતું ઉપર આકાશ કે નથી દેખાતી નીચે ધરતી, –બસ! સન્મુખ એક સિદ્ધભગવાન જ છે; ભગવાન જ માર્ગદર્શક છે ને ભગવાન જ ધ્યેયરૂપ છે. ક્યારેક ક્યારેક ઝાડીને ભેદીને ઉપર આકાશમાં એકાદ ચકચક થતો તારલિયો દેખાય છે, ત્યારે જાણે ઉપર બિરાજમાન સિદ્ધપ્રભુજી દર્શન દેતા હોય –એવું લાગે છે. અહીં દુનિયા દેખાતી નથી, સંસાર યાદ આવતો નથી; બસ, હૃદયમાં એક વહાલા સિદ્ધભગવાન જ બિરાજે છે, –ક્યારે પ્રભુજીને ભેટીએ! ક્યારે સિદ્ધ થઇએ! સંતોની આરાધનાના આ ધામમાં આરાધક સન્તોની સાથે વિચરતાં આરાધના માટેની ભાવનાઓ સેવાય છે. ખરેખર, આરાધના માટે જીવન તે એ જ ખરું જીવન છે.

—આમ ઘણા જ હર્ષોલ્લાસપૂર્વક ગુરુદેવ સાથે સમ્મેદશિખર પર્વત ઉપર આરોહણ થઇ રહ્યું છે. ચાલતાં ચાલતાં થોડે દૂર જતાં જોસદાર અવાજ સંભળાવા લાગ્યો; પહેલાં તો ટ્રેઈનના અવાજ જેવો ખળભળાટ લાગ્યો, પણ પછી થોડી વારે ખબર પડી કે આ તો પાણીનાં ઝરણાંનો ખળખળ અવાજ છે. તરત ગાંધર્વ નાલું આવ્યું, તેમાં ઝરઝર પાણી વહે છે. શાંત વાતાવરણમાં એ ઝરણું બહુ રળિયામણું લાગે છે. જેમ મુનિવરોના હૃદયના ઊંડાણમાં અપૂર્વ શાંતરસ ભર્યો હોય છે તેમ મુનિસમ અચલ એવા આ ગિરિરાજ પણ પોતાના અંતરમાં શાંતરસથી ભરેલા છે ને તેમાંથી આ ઝરણાં વહી રહ્યા છે. આ ઝરઝર ઝરતું ઝરણું કલરવ કરતું જાણે કે ભગવાનનો પવિત્ર ઇતિહાસ જ સંભળાવી રહ્યું હોય ને સંતોના ગુણગાન ગાઈ રહ્યું હોય –એમ લાગે છે.

ત્યાંથી આગળ ચાલતાં લગભગ સાડા ત્રણ માઇલે શીતલનાલા (સીતાનાલા) આવે છે, તે પણ ભગવાનના ગુણોને યાદ કરીને –કે પછી અમારા જેવા સાધર્મી ભક્તજનોના આનંદને દેખીદેખીને –આનંદથી ખળભળાટ કરતું હતું. અનેક યાત્રિકોએ પણ તેના આનંદમાં સાથ પૂરાવવા પોતાના હાથ-પગ તેમાં ઝબોળી દીધા, તથા અનેક યાત્રિકો આ ઝરણાનાં પાણીમાં અર્ઘ ધોતા હતા.

જો કે આ શાશ્વત તીર્થરાજ સ્વભાવથી જ સુશોભિત છે, તેમાંય આજે તો ગુરુદેવ સહિત ભક્તિમાન યાત્રિકોથી છવાઇ ગયેલા પવર્તની ઉષ્મા કોઇ અનેરી છે, આખો પર્વત જીવંત–ચેતનવંતો લાગે છે: આગળ પાછળ દૂર દૂર સુધી યાત્રિકોના હર્ષનાદ ને જયનાદ સંભળાઇ રહ્યા છે. એક તરફ પૂ. બેનશ્રીબેન ગવરાવે છે અને બ્ર. બહેનો વગેરેનો સમૂહ ગાઇ રહ્યો છે કે—'આજ મારે સોના સમો રે સૂરજ ઊગીઓ રે....મારે યાત્રા થાયે ગુરુજીની સાથમાં રે...' તો બીજી તરફ પૂર્વાકાશમાં ઊગી રહેલો સાતમનો સૂર્ય સોનેરી કિરણોદ્વારા ગગન ચોકમાં કેસરી રંગની અત્યંત સુંદર રંગોળી પૂરીને યાત્રિકોનું સ્વાગત કરી રહ્યો છે. સિદ્ધિધામની યાત્રામાં પગલે પગલે યાત્રિકોનો આનંદ વધતો જાય છે. જેમ મોક્ષના સાધકનો આનંદ પર્યાયે પર્યાયે વધતો જાય છે તેમ મોક્ષધામના યાત્રિકો પગલે પગલે આનંદિત થાય છે. આનંદ અને ભક્તિની પ્રબળતાને લીધે ભૂત–વર્તમાન-ભાવિનો ભેદ ભૂલાઈ જાય છે, એટલે, ભૂતકાળે અહીં વિચરેલા તીર્થંકરો ને ગણધરાદિ સન્તો જાણે અત્યારે જ અહીં સાક્ષાત્ વિચરતા હોય-એવા ઉત્સાહથી તીર્થભૂમિની યાત્રા થાય છે.

સમ્મેદશિખરના માર્ગની કેડી સુંદર છે; બંને બાજુ ઘનઘોર ઘટાની શાંત છાયા વચ્ચે રળિયામણિ કેડી ચાલી જાય છે. પર્વતનું ચઢાણ છ માઇલ જેટલું લાંબું હોવા છતાં, કુદરતના અતિ રમ્ય ને ઉપશાંત વાતાવરણને લીધે લાંબું ચાલતાં પણ થાક લાગતો નથી;—તીર્થભક્તિનું જોર યાત્રિકને ઉપર લઈ જાય છે. માર્ગની આસપાસ ઊંચાનીચા વિવિધ વૃક્ષો પચરંગી પુષ્પો વડે પથિકને અભિનંદી રહ્યા છે. વિકટ પર્વતની રમણીય કેડી માર્ગને સુલભ બનાવે છે. બંને બાજુ વિભાવો જેવા ઊંચાનીચા ટેકરાઓ વચ્ચે સળંગ સુંવાળી કેડી ચાલી જાય છે,—જેમ મોક્ષમાર્ગના પથિકને વચ્ચે બાહ્યજ્ઞેયપણે વિવિધ વિભાવો હોવા છતાં તેની દૃષ્ટિનો પંથ તો સુંદર—નિષ્કંટક સળંગ ચાલ્યો જાય છે. અહા, ગીચ ઝાડીથી છવાયેલા પર્વતની ગંભીરતા...... એ તો જાણે મુનિવરોની પરિણતિની ગંભીરતા! આવા ગંભીર પર્વતની ગીચ ઝાડી વચ્ચે રાતના ત્રણ વાગે વિચરતા પણ ભય થતો નથી, પણ આનંદ થાય છે. મુનિઓ તો હૃદયમાં સાથે જ છે. કુદરત પણ જાણે કે આ સિદ્ધિધામનાં ગુણગાન કરતી હોય તેમ ગીચ ઝાડી વચ્ચેથી પસાર થતા પવનના સૂસવાટા વડે સુમધુર સંગીત રચાય છે. અનંત ભગવંતોના ચરણની સંગિની થવાથી આ ભૂમિ ગૌરવવંતી દીસે છે, અને ભગવાનના ભક્તોને દેખીને મલકાતી પ્રભુનાં પાવન ગુણગાન કરી રહી છે. આ ભૂમિના રજકણેરજકણ જાણે કે રત્નત્રયનો પ્રેરણાકારી સન્દેશ સુણાવી રહ્યા છે. ઝરણાનાં મીઠા કલરવદ્વારા આખો પર્વત જાણે કે તીર્થંકરોનાં ગુણગાન ગાઇ રહ્યો છે ને ભક્તોને કહે છે–હે ભક્તજનો! આપણા ભગવાન અહીં મારા શિરે બિરાજતા હતા; ભગવંતોએ અહીં જ સમશ્રેણી માંડી હતી તેનો હું સાક્ષી છું. –આવા આવા સ્મરણોથી મુમુક્ષુ યાત્રિકોના હૃદયમાં એમ થતું કે વાહ, ધન્ય આ ભૂમિ! આ આખોય પર્વત મહાન તીર્થ છે; એનાં રજકણે રજકણ પૂજ્ય છે. તીથ પ્રત્યે જેવો ખરેખરો પૂજ્યભાવ જ્ઞાનીને આવશે તેવો અજ્ઞાનીને નહિ આવે, –કેમકે જ્ઞાનીએ રત્નત્રયરૂપ ભાવતીર્થને પણ જાણ્યું છે. –આ કારણે જ્ઞાનીઓ સાથેની તીર્થયાત્રાની બલિહારી છે. એક તો જ્ઞાનીનો આત્મા સ્વયં તીર્થ છે, ને વળી તેમની સાથે ભારતના સર્વોત્કૃષ્ટ તીર્થધામની યાત્રા થાય છે, –એવી આ મંગળ તીર્થયાત્રાના આનંદની શી વાત!!

'સમ્મેદશિખર!' જેનાં દર્શન કરતાં અનંત સિદ્ધભગવંતોનું સ્મરણ થાય ...ને સિદ્ધપદને સાધનારા તીર્થંકરો તથા સંતોનો સમૂહ સ્મૃતિસમક્ષ તરવરતો

થકો આપણને મોક્ષમાર્ગની પ્રેરણા જગાડે.. એવા આ સિદ્ધિધામની યાત્રા તે મુમુક્ષુ-જીવનનો એક આનંદપ્રસંગ છે. રત્નત્રયતીર્થના પ્રવર્તક તીર્થંકરો અને તેને સાધનારા સન્તો આ ભૂમિમાં વિચર્યા; એ તીર્થસ્વરૂપ સન્તોના પવિત્ર ચરણના પ્રતાપે આ ભૂમિનો રજકણેરજકણ પાવનતીર્થ તરીકે જગતમાં પૂજ્ય બન્યો. આવી ભારતની આ શાશ્વત તીર્થભૂમિની મંગલયાત્રા કરવા માટે તલસી રહેલા ભક્તોના હૃદય આજે તૃપ્ત થતા હતા—અહા, એકલી આ ચોવીસીમાં જ વીસ તીર્થંકરો અને ૧૬૪૮,૦૦૦ ૧૨ ૩૧ ૭૧ ૭૩ ૪૭૫ (સોળસો અડતાલીસ ક્રોડાક્રોડી, ઉપરાંત બાર અબજ એકત્રીસ કરોડ, એકોત્તેર લાખ, તોંતેર હજાર ને ચારસો પંચોતેર) મુનિવરો અહીંથી મોક્ષ પામ્યા છે. આવી મોક્ષભૂમિમાં ગુરુદેવ સાથે યાત્રાનો આજે ધન્ય અવસર છે, સિદ્ધિધામ જાણે કે સાદ પાડી પાડીને સંતભક્તોને બોલાવી રહ્યું છે. પ્રકૃતિનું સૌંદર્ય આનંદનો ઉત્સવ ઊજવી રહ્યું છે. આકાશમાંથી જાણે કે ભૂમંડળ ઉપર કલ્યાણ વર્ષી રહ્યું છે. ભક્તજનોના હૃદયમાં હર્ષનો સાગર ઉલ્લસી રહ્યો છે ને આનંદમંગળ ગવાઈ રહ્યા છે—

આનંદ મંગળ આજ હમારે આનંદ મંગળ આજ જી....
ગુરુદેવ સાથે યાત્રા કરતાં આનંદનો નહિ પાર જી...
શાશ્વત તીર્થની યાત્રા કરતાં આતમ ઉલ્લસી જાય જી....
સમ્મેદશિખરને નજરે નીહાળી ગુરુદેવ ઉલ્લસી જાય જી...
સિદ્ધોનાં ધામ નજરે નીહાળી ગુરુદેવ ઉલ્લસી જાય જી....
મુનિવરધામમાં ગુરુવર વિચરે આનંદનો નહિ પાર જી...
આનંદ મંગળ આજ હમારે આનંદ મંગળ આજ જી...

આજે ફાગણ સુદ સાતમ : આજનો દિવસ અનેક પ્રકારે મંગળરૂપ છે; નંદીશ્વર-અષ્ટાહ્નિકાનું શાશ્વતપર્વ પણ આજે જ શરૂ થાય છે, સાથે સાથે ચંદ્રપ્રભ ભગવાનના મોક્ષકલ્યાણકનો મંગળ દિવસ પણ આજે જ છે. આમ, મંગળ દિવસે, મંગળ આત્માઓ સાથે, મંગળ ભાવનાઓ પૂર્વક, મંગળ તીર્થની યાત્રા થઇ રહી છે. પહેલી ટૂંકના દર્શનની ઉત્કંઠાથી યાત્રિકો હોંસે હોંસે પર્વત ચડી રહ્યા છે... જેમ પોતાનું પરમ ઇષ્ટ પરમ વહાલું એવું સિદ્ધપદ સાધતાં સાધતાં સાધકને થાક નથી લાગતો, ઉલટો આનંદ વધતો જાય છે, તેમ સિદ્ધિધામ તરફ જવા માટે

પહાડ ચડતાં ચડતાં યાત્રિકોને થાક નથી લાગતો પણ ઉલટો ઉત્સાહ વધતો જાય છે. લગભગ સાડાપાંચ વાગે થોડો થોડો પ્રકાશ થયો. હજુ પહેલી ટૂંક આવવાને થોડી વાર હતી, ત્યાં દૂરદૂર એક ટૂંકના દર્શન થયા. એને જોતાં જ ગુરુદેવ કહે– જુઓ, એ... ટૂંક દેખાય ! ટૂંકના દર્શન થતાં યાત્રિકો હર્ષોલ્લાસમાં આવી ગયા. જેમ ચંદ્રને દેખીને દરિયો ઉલ્લસે તેમ તીર્થધામની ટૂંકના દર્શનથી તેને ભેટવા ભક્તહૃદયમાં હર્ષનો દરિયો ઉલ્લસવા લાગ્યો. દૂરદૂરથી દેખાતી એ સૌથી ઊંચી 'સુવર્ણભદ્ર' ટૂંક હતી. પારસનાથની એ સૌથી ઊંચી ટૂંકના દર્શન થતાં સૌએ લળીલળીને આખા શિખરજી તીર્થને ભક્તિથી વંદન કર્યા અને જયઘોષપૂર્વક પહેલી ટૂંકે પહોંચવા ઝડપથી આરોહણ કર્યું. જેમ દર્શનસહિતના પુરુષાર્થમાં જુદું જ જોર હોય છે તેમ ટૂંકના દર્શન પછી યાત્રિકોના આરોહણમાં જુદું જ જોર આવ્યું... ને થોડી જ વારમાં પહેલી ટૂંકે આવી પહોંચ્યા.

* * 卐 * *


પહેલી ટૂંક કુંથુનાથભગવાનની છે; એનું નામ છે જ્ઞાનધર ટૂંક. વાહ! નામ પણ કેવું મંગળ છે! જ્ઞાનધારી સંતોએ જ્યાં જ્ઞાયકભાવની ઉપાસના કરી એવી આ જ્ઞાનધર ટૂંક દેખીને સૌ ભક્તિથી નમી પડ્યા. એની બાજુમાં જ બીજી ટૂંક છે, એને 'ગણધર ટૂંક' કહેવાય છે; તેમાં પારસનાથપ્રભુના દશ ગણધરોના તથા ગૌતમગણધરના તેમ જ ૨૪ તીર્થંકરોના ચરણપાદુકા સ્થાપિત છે. સમ્મેદશિખર પર્વત ઉપર કૂલ ૨૫ ટૂંક છે, તે બધી ટૂંકોમાં ભગવંતોના ચરણપાદુકા જ સ્થાપિત છે, પર્વત ઉપર ક્યાંય જિનબિંબ નથી. દરેક ટૂંકનું દર્શન વીતરાગતાપ્રેરક છે; –જાણે ઉપશાંતભાવની છાયાથી છવાયેલી હોય એવી ટૂંકમાં આવતાં અહો! જાણે સિદ્ધોની વસ્તીમાં આવ્યા. નીચે જુઓ તો અરિહંત ને ઉપર જુઓ તો સિદ્ધ! બસ, ત્રીજું કાંઇ દેખાતું નથી. ભગવાન અને ભગવાનના ગણધરો હમણાં જ અહીંથી મોક્ષ ગયા ને તેમના તાજેતાજા પગલા જાણે કે આપણને મોક્ષનો પંથ બતાવી રહ્યા હોય! ઉપર નજર કરતાં જાણે કે સિદ્ધભગવંતો બોલાવી રહ્યા હોય! એવું લાગે છે.


આ ટૂંક ઉપર એક વિશ્રામધામ છે. પૂ. ગુરુદેવ અનેક અનેક યાત્રિકો સાથે પહેલી ટૂંકે આવી પહોંચ્યા; પરંતુ હજી પાછળ પણ યાત્રિકોની મોટી હારમાળા હાલી આવતી હતી, એટલે પૂજન–ભક્તિના કાર્યક્રમમાં તે બધા યાત્રિકો પહોંચી




એ.........ટૂંક દેખાય









મંગલ તીર્થયાત્રા (૩૩૧)

જાય –તે માટે ગુરુદેવ વિશ્રામસ્થાનમાં થોડીવાર બેઠા. સેંકડો યાત્રિકોની ખૂબ જ ભીડથી વિશ્રામસ્થાન ભરાઇ ગયું; તેમાં બેઠાબેઠા ગુરુદેવે આ યાત્રા સંબંધી ઘણો જ પ્રમોદ વ્યક્ત કરતાં કહ્યું : આજે આ મહામંગળ પ્રસંગ છે; દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ બધું મંગળ છે-

卐 અહીંથી અનંત જીવો મોક્ષ પામ્યા છે તેથી આ સમ્મેદશિખરભૂમિ મંગળ છે.

卐 આજે ભગવાનના મોક્ષનો દિવસ છે તેથી આ કાળ પણ મંગળ છે.

卐 આત્મદ્રવ્ય અલ્પકાળમાં મોક્ષ પામનાર છે તે દ્રવ્યમંગળ છે; તીર્થંકરાદિના આત્માને ત્રિકાળ મંગળદ્રવ્ય કહ્યું છે.

卐 આજનો ભાવ પણ મંગળ છે. આ રીતે આપણે બધું મંગળ છે.

ગુરુદેવના શ્રીમુખથી શાશ્વત તીર્થરાજની યાત્રાના પ્રારંભમાં આ પ્રમાણે માંગળિક સાંભળતાં સૌને ઘણો આનંદપ્રમોદ થયો. આ ઉપરાંત ગુરુદેવે અહીં ૨૪ તીર્થંકરો સંબંધી પણ સુંદર અર્થ કર્યા હતા. ત્યારબાદ પહેલી ટૂંકે હજારો યાત્રિકોની ભીડ વચ્ચે પૂજન–ભક્તિ શરૂ થયા.—

**कुंथुनाथ जिनराजका कूट ज्ञानधर जेह,**
**मन वच तन कर पूजहुं शिखरसम्मेद यजेह (१)**

ૐ હ્રીં શ્રી સમ્મેદાચલ સિદ્ધક્ષેત્રે જ્ઞાનધરકૂટ ઉપર શ્રી કુંથુનાથ જિનેન્દ્રાદિ ૯૬ ક્રોડાક્રોડ, ૯૬ કરોડ, ૩૨ લાખ, ૯૬ હજાર સાતસો ને બેંતાલીસ મુનિરાજ સિદ્ધપદ પામ્યા, તેમને મન–વચન–કાયાથી વારંવાર નમસ્કાર હો... ગુરુદેવ સાથે યાત્રામહોત્સવમાં તેમના ચરણકમળપૂજનાર્થે મહા અર્ઘં નિર્વપામીતિ...સ્વાહા...

જેવા પૂ. બેનશ્રી–બેન સ્વાહાનો મંત્ર બોલ્યા કે તરત જ કુંથુનાથપ્રભુના ચરણ પાસે અર્ઘનો મોટો ઢગલો થઇ ગયો; ગુરુદેવે પણ ઘણા ભાવથી સુવર્ણરકાબીમાં અર્ઘ લઇને પ્રભુચરણે ચડાવ્યો, અને વારંવાર ભગવાનના ચરણોનું સ્પર્શન કર્યું. આ જ્ઞાનધરટૂંકેથી વૈશાખ સુદ એકમે કુંથુનાથ ભગવાન મોક્ષ પામ્યા છે; કુલ ૯૬૦૦૦૦૦૯૬૩૨૯૬૭૪૨ મુનિવરો આ ટૂંકેથી આ ચોવીસીમાં મુક્તિ પામ્યા છે. આવું મુક્તિધામ નીહાળતાં ગુરુદેવ ઘણા પ્રમોદિત થયા, ભક્તિથી તેમનું આખું શરીર પ્રભુચરણોમાં લળી ગયું. ભાવપૂર્વક તેમણે આખા શિખરજી ધામનું

અવલોકન કર્યું. એક તરફ સૌથી ઊંચી પાર્શ્વપ્રભુની ટૂંક (સુવર્ણભદ્ર ટૂંક) દેખાય છે, તો બીજી તરફ ચંદ્રપ્રભુની ટૂંક (લલિતકૂટ) દેખાય છે. આ મુખ્ય ટૂંકો ઉપરાંત બીજી પણ અનેક ટૂંકો દેખાય છે. ઠેર ઠેર મુકિતધામ દેખીને ભવ્યાત્માઓ આનંદિત થાય છે ચારેકોર મોક્ષસાધક ધર્માત્માઓથી ઘેરાયેલા તીર્થંકરદેવ સમવસરણમાં જેવા શોભે તેવું આ શિખરજીધામ ચારેકોર મોક્ષની સાધનાના સ્થાનથી શોભી રહ્યું છે; એના કણેકણ સન્તોની આત્મસાધનાનો પુનિત સન્દેશ સંભળાવી રહ્યો છે, ને મુમુક્ષુ યાત્રિકોના હૃદયમાં તે આત્મસાધનાની ભાવનાઓ જગાડે છે. પહેલી ટૂંકે અર્ઘવડે પૂજન કરીને પછી આખા સમ્મેદશિખર તીર્થધામનું પણ ભકિતથી અર્ઘ ચડાવીને પૂજન કર્યું. પૂજન પછી ભકિત થઈ, તીર્થભકિતના ખાસ સ્તવનો પૂ. બેનશ્રીબેને બનાવેલા, તેમાંથી એક સ્તવન પૂ. ગુરુદેવે ગવડાવ્યું: -

(તે ગુરુ મેરે મન વસો—એ રાગ)

શિખર સંમેદ સોહામણા (સુહાવના) તીરથરાજ સુખદાય,
ઊંચો ગગન વિહારી હૈ.......... અદ્ભુત રમણીક ધામ...શિખર (૧)

શિખર સંમેદ, વનવૃક્ષો કી, શોભા વરણી ન જાય,
શાશ્વત તીરથધામ હૈ....... નિત્ય અનાદિ અનંત.... શિખર (૨)

અજીત-સંભવ-પદ્મજિણંદજી, આ યુગના (ચોવીસીના) જિન વીસ,
મુક્તિ ભયા શિખરસંમેદસે ધન્ય ધન્ય આ ધામ...શિખર (૩)

અનંત તીર્થંકર આ ભૂમિમાં, સિદ્ધ હુઆ ભગવાન,
અનંત હોશે ભવિષ્યમાં... શાશ્વત તીર્થ મહાન...શિખર (૪)

અણુઅણુ શિખરકા પાવન ભયા, (જિનવર) પ્રભુજી પધાર્યા અનંત,
પુનિત ચરણ ભગવંતના પાવન હુઆ તીરથરાજ...શિખર (૫)

કૈ ચારણમુનિ આય હૈ......, જિન વંદન કાજ,
ધ્યાન ધરે શુભ ધામમેં...., પાવે શિવપુરરાજ..........શિખર (૬)

કૈ શ્રુતમુનિ આવતે (કૈ ગણધરમુનિ આવતે) ધ્યાન કરન કો કાજ,
કેવળ પામી સિદ્ધિ વરે...., ઐસે હુએ અનંત.......શિખર (૭)

પ્રત્યક્ષ જિનવર દર્શન કરે, પ્રત્યક્ષ સુને જિનવૈન,
પ્રત્યક્ષ કલ્યાણીક નિરખે, ધન્ય ધન્ય તે જીવ...શિખર (૮)

ઇત્યાદિક મહિમા ઘણી, કેમ કરી વરણાય,
સહસ્ર જીભ જો કિજીએ, તો હું પાર ન પમાય....શિખર (૯)

અનંત ચોવીશ જિનેશ્વરા, ગણધર મુનિ સુરનર વૃંદ,
પુનીત પ્રસંગ તીર્થરાજ પર, એનાં સ્મરણો અહીં થાય....શિખર (૧૦)

ધન્ય ભૂમિ ધન્ય ધૂળને, ધન્ય હુઆ અમ ભાગ્ય,
ગુરુવર સાથે દર્શન થયા, નીરખ્યા પવિત્ર ધામ....શિખર (૧૧)

સાક્ષાત્ જિનવર દર્શન થયા, મેરુ જૈસા દેખ્યા ધામ,
સાક્ષાત સિદ્ધને નિરખ્યા, એવો આનંદ અપાર...શિખર (૧૨)

સમ્મેદશિખરની સેવા કરે, દેવગણોના રે વૃંદ,
પાવન પાવન ધામ હૈ, શિખર મંગળકાર...શિખર (૧૩)

ધન્ય ધન્ય દિન આજનો, ધન્ય ધન્ય પ્રસંગ,
આજે શિખર નીહાળીયા, શરણે રાખો નાથ....શિખર (૧૪)

મોંઘેરા ગુરુજી સાથજ મળ્યો, શરણે રાખો નાથ....શિખર (૧૫)

અસંખ્ય પ્રદેશે સિદ્ધભક્તિના પરમ આહ્લાદથી ચૈતન્યના તાર ઝણઝણાવીને ભક્તિ ગવડાવતાં ગવડાવતાં વચ્ચે ગુરુદેવે કહ્યું કે ‘જુઓ, અહીંથી અનંતા તીર્થંકરો ને મુનિવરો મોક્ષ પધાર્યા છે, ને અનંતા સિદ્ધભગવંતો અત્યારે ઉપર બિરાજી રહ્યા છે.. ઉપર પંક્તિમાં (સમશ્રેણીએ) અનંતા સિદ્ધભગવંતો બિરાજે છે તેનાં અહીં સ્મરણ થાય છે,’ આવા ઉદ્‌ગારોપૂર્વક ગુરુદેવે સમ્મેદશિખરજીની પહેલી ટૂંકે સ્તવન ગવડાવ્યું. શાશ્વત તીર્થધામની યાત્રાના પ્રારંભમાં જ ગુરુદેવના હર્ષભર્યા ઉદ્‌ગારો ને ભાવભીની ભક્તિ સાંભળીને બધા યાત્રિકો આનંદિત થયા. ગુરુદેવની ભક્તિ બાદ પૂ. બેનશ્રીબેને પણ ઘણા ઉલ્લાસભાવે શાશ્વત તીર્થાધિરાજની ભક્તિ ગવડાવી—

અહો આજ શાશ્વત તીર્થાધિરાજને રે, દેખી દેખી હૈડું હરખાય...આજ૦
અહો દર્શન થયા જિનધામનાં રે, શ્રી શાશ્વત જિનના ધામ....આજ૦
અહો દર્શન થયા સિદ્ધિધામનાં રે, અનાદિ અનંત શાશ્વત ધામ...આજ૦
સાક્ષાત્ તીર્થંકરો આ ભૂમિમાં રે, પધાર્યા અનંતા દેવ....આજ૦
સિદ્ધ સ્વરૂપ સાધ્યું આ ભૂમિમાં રે, પામ્યા અનંતા પૂર્ણાનંદ...આજ૦
શાશ્વત અકૃત્રિમ આ તીર્થ છે રે, એની મહિમા તણો નહિ પાર....આજ૦
એના રજકણ રજકણ પાવન થયા રે, પુનિત ચરણો થકી પવિત્ર...આજ૦
પુનિત પગલા થયા તીર્થનાથના રે, અનંત જિનેન્દ્રનાં સિદ્ધિધામ...આજ૦
એવું દૃશ્ય અદ્ભુત (અહો) આ ભૂમિમાં રે, એનાં સ્મરણો અંતર ઊભરાય આ૦
જિનભૂમિ ભેટંતા જિન જાણે ભેટીયા રે, જાણે દેખ્યા વિદેહનાં ધામ આજ૦
સમ્મેદશિખરધામને દેખીયા રે, જાણે દેખ્યા મેરુનાં ધામ....આજ૦
સિદ્ધપ્રભુનાં સિદ્ધિધામ દેખીયાં રે, જાણે નજરે નીહાળ્યા આ ધામ....આજ૦
ધન્ય ભૂમિ અને ધન્ય ધૂળ છે રે, પુનિત પગલા થકી પવિત્ર....આજ૦
અહો, અપૂર્વ યાત્રા આજ થાય છે રે, અમ અંતરમાં આનંદ ઊભરાય....આજ૦
અહો, અપૂર્વ યાત્રા ગુરુજી સાથમાં રે, અમ અંતરમાં આનંદ ઊભરાય....આજ૦

ભક્તિ બાદ ગુરુદેવ કહે–આ કુંથુનાથપ્રભુની ટૂંક છે. 'કુંથુ' એટલે પૃથ્વીમાં સ્થિર; પોતાના જ્ઞાન–આનંદ વગેરે અનંત ગુણોરૂપ જે સ્થિર ચૈતન્યભૂમિ–ચૈતન્યપૃથ્વી તેમાં ભગવાન સ્થિર છે. ભગવાન નિજ ચૈતન્યધામમાં સ્થિર થયા તેનું આ સ્થાન છે. તેરમા ગુણસ્થાને ભગવાન અહીં બિરાજતા હતા; પછી ૧૪મું અયોગી ગુણસ્થાન અને સિદ્ધપદ પણ ભગવાન અહીં જ પામ્યા. આમ તો અહીંની કાંકરી–કાંકરીએથી અનંતા જીવો મોક્ષ ગયા છે,–આખા અઢી દ્વીપ તે સિદ્ધક્ષેત્ર છે,–પણ નજીકના કાળને હિસાબે વર્તમાન ચોવીસીમાં શ્રી કુંથુનાથ તીર્થંકર તથા અનેક ક્રોડાક્રોડ મુનિવરો અહીંથી મોક્ષ પામ્યા છે. મોક્ષપદ જગતમાં સૌથી શ્રેષ્ઠ છે તેથી સિદ્ધભગવંતો લોકમાં સૌથી શ્રેષ્ઠ-ઊંચા સ્થાને બિરાજે છે.–આમ કહીને ગુરુદેવે ઉપર હાથ જોડીને સિદ્ધભગવંતોને નમસ્કાર કર્યા. આમ ઘણા ઘણા પ્રકારે ગુરુદેવ સિદ્ધભગવંતોનો મહિમા કરતા હતા. 'અહો ! આવા સિદ્ધભગ-

વંતોને અમારા હૃદયમાં સ્થાપીને તેમનું ધ્યાન કરીએ'–એવી પ્રેરણા યાત્રિકોના હૃદયમાં જાગતી હતી. હજારો યાત્રિકોથી ઊભરાતું તીર્થધામ ડગલે ને પગલે જયજયકારથી ગાજી રહ્યું હતું. રસ્તાઓ યાત્રિકોથી છવાઈ ગયા હતા. પર્વતની શોભા આજે અનેરી હતી. ભક્તિના ભાવોનો રંગ આજે કોઈ જુદો જ હતો.

આ કુંથુનાથપ્રભુની ટૂંક સમ્મેદાચલની લગભગ મધ્યમાં છે, તેની પૂર્વ તરફ લગભગ ૧૪ ટૂંક છે. ને પશ્ચિમ તરફ લગભગ ૧૦ ટૂંક છે. અહીંથી એક તરફ દૂર દૂર ચંદ્રપ્રભુની લલિત ટૂંકના દર્શન થાય છે ને બીજી તરફના છેડે દૂર દૂર ઊંચી પાર્શ્વનાથપ્રભુની સુવર્ણભદ્રટૂંકના દર્શન થાય છે. એ બે મહાન ટૂંકની વચ્ચે સમ્મેદાચલ ઉપર ઊભેલો યાત્રિક પોતાના ઇષ્ટ ધ્યેયને નજર સમક્ષ દેખીને કૃતાર્થતા અનુભવે છે. એ બે મહાન ટૂંકો ઉપરાંત આસપાસની બીજી અનેક ટૂંકોના પણ અહીંથી દર્શન થાય છે. ચારેકોર લીલીછમ ઝાડીઓથી દર્શકના હૃદયને ઠારતા પર્વતરાજ વચ્ચે કંદોરા જેવી નાની કેડીથી શોભી રહ્યા છે. ૪૪૮૦ ફૂટ ઉન્નત પર્વતરાજની આવી મહાનતા દેખીને તેના ગૌરવ પાસે યાત્રિકને પોતાની લઘુતાનું ભાન થાય છે કે અરે, મારે તો હજી ઘણી સાધના કરવાની બાકી છે! ખરેખર, માણસ ઊંચે ચડે ત્યારે જ તેને પોતાની લઘુતાનું ખરું દર્શન થાય છે, અને તે જ લઘુતામાંથી પૂર્ણતા તરફ જાય છે. અહીંથી આખા સિદ્ધિધામનું દશ્ય ઘણું જ સરસ દેખાય છે. એ પાવન દર્શન યાત્રિકને આહ્લાદિત કરીને તીર્થધામ પ્રત્યે પૂજ્યભાવ જગાડે છે. અહા, અહીં વિચરેલા તીર્થંકરો ને સન્તોની તો શી વાત! –આ મુક્તિધામમાં વસનારી ધૂળને પણ ધન્ય છે–, એમ કહીને ચરણરજને ભક્તોએ મસ્તકે ચડાવી. અહો, જે જિનેન્દ્રદેવો ને સાધક સન્તોના ચરણોથી સ્પર્શાયેલી ધૂળ હજારો-લાખો વર્ષો પછી પણ ચક્રવર્તીનાય મસ્તકે ચડે તે જિનેન્દ્રો અને સન્તોના આત્મવૈભવની શી વાત? ધન્ય છે અમારો આ દિવસ...કે ગુરુરાજ સાથે આપના વૈભવના દર્શન થયા. ગુરુદેવ સાથે આ મહાન સિદ્ધિધામને ભેટવાની ઝંખના આજે પૂરી થઈ. ધન્ય ગુરુદેવ! તમે આ આ બાળકોને સિદ્ધિધામ દેખાડયા.-આમ લાગણીપૂર્વક ખૂબ જ ભાવથી પર્વતનું નિરીક્ષણ કરતા હતા. ચારે તરફના દર્શન કરતાં કરતાં યાત્રિકોનું શિર આખા તીર્થધામ પ્રત્યે ઝૂકી પડતું હતું; લળી લળીને ચારે દિશામાં તેમજ ઉપર ઘણી જ ભક્તિ પૂર્વક ફરી ફરીને સૌ નમસ્કાર કરતા હતા. આ રીતે સમ્મેદશિખર સિદ્ધિધામમાં જ્ઞાનધર ટૂંક ઉપર ઘણા જ ભાવથી કુંથુનાથ

પ્રભુના ચરણોમાં પૂજનભક્તિપૂર્વક કહાનગુરુ સાથે પહેલી ટૂંકની યાત્રા પૂર્ણ થઈ ને જયજયકારથી એ પાવન તીર્થ ગૂંજી ઊઠ્યું.

શાશ્વત સિદ્ધિધામનો જય હો.
અનંતા સિદ્ધભગવંતોનો જય હો.
સિદ્ધપદ સાધક સન્તોનો જય હો.

* 卐 *

કુંથુનાથપ્રભુની જ્ઞાનધરટૂંકની બાજુમાં જ 'ગણધર ટૂંક' છે; તેમાં પાર્શ્વનાથપ્રભુના દસ ગણધરોની તેમજ ચોવીસે તીર્થંકરોના ગણધરોની ચરણપાદુકા સ્થાપિત છે, યાત્રિકોને સૌથી પહેલા દર્શન આ ટૂંકના થાય છે. આ ટૂંકે પણ ઘણા ભાવપૂર્વક પૂજન–ભક્તિ થયા હતા.

चोवीसों जिनराजके गणनायक है जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (२)

ચોવીસે તીર્થંકર ભગવંતોના સર્વે ગણધરો ભિન્નભિન્ન પર્વત, ઉદ્યાન વગેરેથી મોક્ષ પધાર્યા. તેમનું સ્મરણ કરીને આ ટૂંકે અર્ઘ ચડાવવામાં આવે છે. જો કે ગૌતમાદિ ગણધરભગવંતો મોક્ષ તો અન્ય સ્થળેથી પામ્યા છે, પણ યાત્રામહોત્સવના મંડપમાં કોઈ બાકી ન રહી જાય, ને સર્વે સંતો જાણે અહીં સાક્ષાત્ પધાર્યા હોય એવું જ યાત્રિકોને લાગે તે રીતે આ શિખરજી સિદ્ધિધામ ઉપર એક ટૂંકમાં ગણધરોની સ્થાપના છે, તેમજ ઋષભાદિ ચાર તીર્થંકર–જેઓ કૈલાસગિરિ વગેરેથી મોક્ષ પધાર્યા છે–તેમની પણ સ્થાપના આ સમ્મેદશિખરની ચાર ટુંકો ઉપર છે. ફેર એટલો છે કે, જે વીસ તીર્થંકરો અહીંથી મોક્ષ પધાર્યા છે તે તીર્થંકરોની ૨૦ ટૂંકના ખાસ નામો (જ્ઞાનધરટૂંક, સુવર્ણભદ્રટૂંક, આનંદટૂંક, કુંદપ્રભટૂંક વગેરે નામો) છે, જ્યારે બીજા ચાર તીર્થંકરોની અને ગણધરોની ટૂંક–એ પાંચ ટૂંકના કોઈ ખાસ નામ નથી પણ તે–તે ભગવંતોની ટૂંકના નામે જ (ઋષભદેવની ટૂંક, ગણધરોની ટૂંક વગેરે નામે જ) તે ટૂંકો ઓળખાય છે. સૌથી પહેલી જ્ઞાનધરટૂંકે જ્ઞાનીઓ સાથે એક કલાક સુધી આનંદપૂર્વક પૂજનભક્તિ કરીને પછી અન્ય ટૂંકોની યાત્રા માટે આગળ વધ્યા. ગુરુદેવ સાથે આ શાશ્વતતીર્થધામની યાત્રામાં અપૂર્વ આહ્લાદ હતો.

અહા! આ યાત્રામહોત્સવ અનેરો છે; છ માઈલ ચડવાનો થાક તો ક્યાંય દેખાતો જ નથી.-દેખાય છે માત્ર સિદ્ધિધામ....અને તેના સાધક સન્તો! સિદ્ધિધામનું પ્રાકૃતિક દૃશ્ય પ્રફૂલ્લ વનરાજીને લીધે એવું લાગે છે કે જાણે આનંદથી ઊભરાતું હોય! અને વનના ઉપશાંત વાતાવરણને લીધે એવું દેખાય છે કે જાણે ચારે બાજુ વીતરાગતા છવાઈ રહી હોય! આવા આનંદભર્યા વીતરાગી ધામમાં વિહાર કરતાં મુમુક્ષુના પરિણામમાં ઘણી ઉજ્વળતા થાય છે; એની યાત્રાથી મનુષ્યજન્મની સાર્થકતા થાય છે.-આમ પરિણામની ઉજ્વળતા કરતા કરતા યાત્રિકો બીજી ટૂંક તરફ જઇ રહ્યા છે. બે ત્રણ મિનિટમાં જ બીજી ટૂંક આવી ગઈ. આ ટૂંકનું નામ 'મિત્રધરટૂંક'. કયા ભગવાનની હશે આ ટૂંક! – એવો પ્રશ્ન ઊઠે તે પહેલાં તો ટૂંક પોતે જ જાણે પુકાર કરતી હોય તેમ ટૂંક પરથી નમિનાથ ભગવાનના જયકાર સંભળાયા. ૨૧મા નમિનાથ ભગવાન અહીંથી ચૈત્ર વદ ૧૪ના રોજ મોક્ષ પામ્યા છે. ટૂંકના દર્શન કરતાં કરતાં એક યાત્રિક બીજા યાત્રિકને પૂછે છે કે આ મિત્રધરટૂંકેથી કેટલા મુનિઓ મુક્તિ પામ્યા? ત્યારે બીજા યાત્રિક ચોપડીમાં જોઇને કહે છે કે આ મિત્રધર ટૂંક પરથી નમિનાથ તીર્થંકરાદિ ૯૮૦ ક્રોડાક્રોડી, એક અબજ, પીસ્તાલીસ લાખ સાત હજાર નવસો ને બેંતાલીસ મુનિવરો મોક્ષ પામ્યા છે. બધી ટૂંકોમાં આ ટૂંકેથી સૌથી વધુ જીવો મોક્ષ પામ્યા છે. આટલા બધા જીવો અહીંથી મોક્ષ પામ્યા!-એ સાંભળીને બહુમાનપૂર્વક સૌએ વંદન કર્યાં. કોઈ કોઇ યાત્રિકો દરેક ટૂંકે ચરણપાદુકાનો અભિષેક પણ કરતા. ગુરુદેવ દરેક ટૂંકે ભાવપૂર્વક નમસ્કાર કરીને પાંચ છ વાર ચરણસ્પર્શ કરતા; ક્યાંક ક્યાંક શિલાલેખ વાંચતા ને પછી સુવર્ણરકાબીમાં અર્ઘ લઇને પૂજન કરતા—

नमिनाथ जिनराजका कूट मित्रधर जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (२)

દરેક ટૂંકે સ્વાહા...મંત્ર પૂ. બેનશ્રી-બેન બોલતા; ગુરુદેવ સાથે દરેક ટૂંકે ઘણા ભાવપૂર્વક તેઓ પૂજન કરાવતા. આમ સમ્મેદશિખરધામની ત્રણ ટૂંકની યાત્રા કરીને જય જયકાર કરતા ચોથી ટૂંકે ચાલ્યા. કેટલાક યાત્રિકો આગળ હતા ને ઘણા યાત્રિકો પાછળ હતા. દરેક ટૂંકે યાત્રિકોની ભીડ જામતી. સૌથી વધુ ભીડ ગુરુદેવની આસપાસમાં રહેતી. સૌને ગુરુદેવ સાથે રહેવાની ને તેઓ શું

બોલશે તે સાંભળવાની ઉત્કંઠા, એટલે ત્યાં સૌથી વધુ ભીડ રહેતી. યાત્રાનાં દશ્યો અવનવા હતા. યાત્રિકોની જુદી જુદી મંડળીમાં કોઈ ગાતું હોય, કોઇ જયકાર ગજાવીને ગાવાવાળાનેય દાબી દેતા હોય, તો કોઈ યાત્રાસંબંધી આનંદવિનોદમાં મશગુલ હોય; કોઇ આસપાસની વનઝાડી જોતું હોય તો કોઇ વાનરો સાથે મજા કરતા હોય. આવા વાતાવરણમાં ચોથી ટૂંકે આવી પહોંચ્યા. એનું નામ 'નાટકકૂટ' અરનાથ ભગવાન આ ટૂંકેથી ચૈત્ર સુદ અગિયારસે મોક્ષ સિધાવ્યા છે.

अरहनाथ जिनराजका नाटक कूट है जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (४)

એ શ્લોક બોલીને સૌએ અર્ઘ સ્વાહા કર્યો. આ નાટક ટૂંકેથી સંસારનું નાટક પૂરું કરીને ૯૯,૯૯,૯૯,૯૯૯ (એક અબજમાં એક કમ) મુનિવરો મુક્તિ પામ્યા છે. એ મુનિવરોના પાવન પથને અભિનંદતા અને તેમના પાવન પગને અભિવંદતા જયજયકારપૂર્વક 'સંબલ' ટૂંકે આવ્યા. આ પાંચમી ટૂંકેથી ઓગણીસમા તીર્થંકર સહિત ૯૬ કરોડ મુનિવરો મુક્તિ પામ્યા છે; મલ્લિનાથ ભગવાન ફાગણ સુદ પાંચમે અહીંથી મુક્તિ પામ્યા છે.

मल्लिनाथ जिनराजका संबलकूट है जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (५)

એ રીતે પાંચમી ટૂંકે વિધિ મુજબ દર્શન, વંદન, અર્ઘ ચરણસ્પર્શન અને જયનાદ–એમ પંચવિધ યાત્રા કરીને છઠ્ઠી ટૂંક તરફ ચાલ્યા. ગુરુદેવ વારંવાર પોતાનો પ્રમોદ વ્યકત કરતા હતા. આપણે તો પાંચ ટૂંકની યાત્રા કરીને છઠ્ઠી ટૂંકે જઇ રહ્યા છીએ ત્યારે કેટલાક યાત્રિકો તો હજી પહેલી ટૂંકે વંદના કરી રહ્યા છે, અને કેટલાક બહાદૂર યાત્રિકો આગળ છઠ્ઠી–સાતમી ટૂંકે પહોંચી જઇને જગ્યા રીઝર્વ કરીને ગુરુદેવની રાહ જોતા ઊભા છે. છઠ્ઠી ટૂંકનું નામ છે 'સંકૂલટૂંક.' આ ટૂંકેથી શ્રાવણ સુદ પૂર્ણિમાએ શ્રેયાંસનાથ તીર્થંકર મુકિત પામ્યા છે; કુલ ૯,૬૦,૦૦,૦૦,૯૬,૯૬,૦૯,૫૪૨ મુનિવરો આ ટૂંકેથી આ ચોવીસીમાં મુકિત પામ્યા છે. અહા! એ બધાય ભગવંતો અત્યારે આપણા શિર ઉપર લોકાગ્રે બિરાજી રહ્યા છે. લોકાગ્રે બિરાજમાન એ ભગવંતોને આત્મધ્યાનરૂપી મંત્રદ્વારા પોતાના અંતરમાં ઊતારીને સાધકસન્તો પૂજે છે—

श्रेयांसनाथ जिनराजका संकूलकूट है जेह
मन वच तन कर पूजहुं शिखरसम्मेद यजेह (६)

ગુરુદેવ જેવા ધર્માત્માઓ સાથે યાત્રા કરતાં મુમુક્ષુ યાત્રિકોને કોઇ અનેરા ભાવો ઉલ્લસે છે ને એમ થાય છે કે વાહ! ગુરુદેવ કેવા ભાવથી ભગવાનની યાત્રા કરી રહ્યા છે! આવા ભાવથી તીર્થયાત્રા કરનારને ભવનો છેદ થઈ જાય તેમાં શું આશ્ચર્ય!

જેમ સાધક રત્નત્રયના માર્ગે પોતાના જીવનના અનેક ઊંચા નીચા પ્રસંગોને ઓળંગીને અંતે ચૈતન્યને સાધે છે તેમ મનોહર માર્ગે ઊંચા-નીચા ડુંગરાઓ ચડતાં-ઊતરતાં, ને પ્રાકૃતિક દૃશ્યો જોતા જોતા, શિખરજી ધામનો ખોળો ખૂંદતા ખૂંદતા યાત્રિકો સિદ્ધિધામની યાત્રામાં આગળ વધતા જાય છે. જેમ માતાના ખોળામાં બાળક આનંદિત થાય તેમ સમ્મેદશિખરજી ધામના પ્રાકૃતિક ખોળામાં યાત્રિકો આનંદિત થાય છે. સંસારના કોઇ ઝંઝટો કે જગતની કોઇ ઉપાધિ અહીં દેખાતી નથી....અહીં દેખાય છે માત્ર પ્રસન્નતા ને મુનિઓના માર્ગે જવાની ઉત્કંઠા.

હવે આવ્યા સાતમી ટૂંકે. શરૂઆતની કેટલીક ટૂંકો નજીક નજીક છે, એટલે થોડી થોડીવારમાં જ નવી નવી ટૂંકો આવતી જાય છે. દરેક ટૂંકે શાંતિથી ભાવસહિત વંદના-નમસ્કાર કરીને અર્ઘ ચડાવતા ને ભકિત તથા જયકારનાદથી આખો પહાડ સતત ગૂંજયા કરતો હતો. પાછળ રહેલા યાત્રિકો જયકારનાદ વડે પોતાના આગમનને પ્રસિદ્ધ કરે, તો આગળના યાત્રિકો વધારે જોરથી જયકાર વડે તેનો જવાબ આપીને પોતાના વિજયને પ્રસિદ્ધ કરે. યાત્રિક બહેનોમાં ભકિતનાં ગીત-ગાન તો સતત ચાલુ જ હોય. આવા વાતાવરણ પૂર્વક પુષ્પદંત પ્રભુની ટૂંકે આવી પહોંચ્યા. આસો સુદ ૮ના રોજ પુષ્પદંત સ્વામી આ સુપ્રભટૂંકેથી સિદ્ધાલયમાં સીધાવ્યા છે; કુલ ૧ કોડાકોડી ૯૯ લાખ ૭ હજાર ૪૮૦ મુનિવરો અહીંથી મોક્ષ પામ્યા છે. દરેક ટૂંકે ભગવાનના ચરણપાદુકા જ છે. ભાવથી તેના દર્શન-વંદન કરીને અર્ઘ ચડાવ્યો.—

पुष्पदंत जिनराजका सुप्रभकूट है जेह
मन वच तन कर पूजहुं शिखरसम्मेद यजेह (७)

ગુરુદેવ સાથે દરેક ટૂંકની યાત્રા કરતા કરતા ને સમ્મેદશિખરજી ધામની પાવન ચરણરજથી મસ્તકને પાવન કરતા કરતા આઠમી ટૂંકે આવ્યા. અહા, સમ્મેદશિખરજી મહાન પવિત્ર તીર્થ...એની યાત્રા કરતાં પગની સફળતા થઇ,

એને નયને નીહાળતાં આંખો પાવન થઇ, એને અર્ઘ ચડાવતાં હાથ સફળ થયા, એનાં ગુણગાન કરતાં જીભ કૃતાર્થ થઇ, એને વંદન કરતાં મસ્તક પાવન થયું;– આમ ભાવભીની યાત્રાથી સર્વાંગ પાવન થયા. અહીં વિચરેલા સન્તોના સ્મરણથી મન પણ પવિત્ર થયું ને પ્રત્યક્ષીભૂત સંતોના અંતેવાસથી જીવન પણ પાવન થયું. આમ તન મન ને જીવનને પાવન કરતા કરતા, મોહને નાશ કરનારી એવી 'મોહન ટૂંક' પર આવ્યા. આ મોહનટૂંક પરથી માહ વદ ૧૪ના રોજ પદ્મપ્રભુ ભગવાન મુક્તિ પામ્યા છે. કુલ ૯૯૮૭૪૩૭૨૭ મુનિવરો આ ટૂંકેથી મોક્ષ પામ્યા છે. અહા, એ ભગવંતો તો મોહરહિત હતા જ....ને એમના ચરણના પ્રસાદથી અહીંની પૃથ્વી પણ નિર્મોહ થઇને 'મોહ-ન' નામ પામી, તો પછી એમના આત્મસાન્નિધ્યથી ચેતનવંતા જીવો નિર્મોહ થઇ જાય–એમાં શું આશ્ચર્ય !

पद्मप्रभजिनराजका मोहनकूट है जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (८)

આ શાશ્વત તીર્થનો કોઈ અચિંત્ય મહિમા છે અને તેની ભાવસહિત વંદનાનું વિશિષ્ટફળ દર્શાવ્યું છે. પચીસ ટૂંકોમાં સૌથી ઊંચી ટૂંક પાર્શ્વનાથ ભગવાનની છે પણ ત્યાંથી સૌથી ઓછા ( ૮૨૮૪૪૫૭૪૨ ) જીવો મોક્ષ પામ્યા છે; અને સૌથી વધુ ( ૯૦૦,૦૦૦૦૧૦૦૪૫૦૭૯૪૨ ) જીવો મિત્રધર નામની ત્રીજી ટૂંકેથી મોક્ષ પામ્યા છે. જ્ઞાનનયને જોતાં અહીંની કાંકરિએ કાંકરિએ અનંતા સિદ્ધભગવંતો દેખાય છે; અનંતાચોવીસીના અનંતા તીર્થંકર ભગવંતો અને બીજા અનંતા મુનીશ્વરોની મોક્ષસાધનાનો પાવન ઇતિહાસ આ પર્વતના પાવન પટ ઉપર આલેખાયેલો છે. આ સિદ્ધિધામનું પ્રત્યક્ષ દર્શન મુમુક્ષુના હૃદયમાં સિદ્ધિને સાધવાની કોઇ અનેરી ઉર્મિઓ જગાડે છે. અગાઉ સગર ચક્રવર્તી, સાગર ચક્રવર્તી, મઘવા, સનતકુમાર, આનંદ, પ્રભુસેન, લલિતદંત, કુંદસેન, સૈન્યદત્ત, વરદત્ત, સોમપ્રભ, ચારૂસેન વગેરે હજારો રાજાઓએ તથા સીતાજી વગેરે અનેક ધર્માત્માઓએ સમ્મેદશિખરજીની યાત્રા કરી છે. અગાઉ એક જમાનો એવો હતો કે શિખરજીની વંદના કરવા માટે અતિ વિકટ પ્રવાસ ખેડીને પાંચ વર્ષે માંડ ઘરે પાછા ફરાતું; અત્યારે કોઇ ધારે તો (હિન્દુસ્તાનના કોઇ પણ ખૂણેથી) શિખરજીની વંદના કરીને આઠ દિવસમાં તો પાછો ઘરે આવી શકે–એવી સુવિધા છે. શિખરજીધામની જ્યારે સાક્ષાત્ યાત્રા કરતા હોઇએ ત્યારે તેનો બધો મહિમા તાદશરૂપ દેખાય છે ને ઘણા જ મહિમાથી હૃદય શિખરજી પ્રત્યે નમ્રીભૂત થાય છે.

—એ રીતે અપાર મહિમાપૂર્વક ગુરુદેવ સાથે યાત્રા કરતા કરતા, આઠ ટૂંકની યાત્રા કરીને હવે નવમી ટૂંક તરફ જઇએ છીએ. નિર્મોહતા વડે નિર્જરા થાય છે તેમ આઠમી નિર્મોહ ( મોહ–ન ) ટૂંક પછી નવમી 'નિર્જર' ટૂંક આવે છે. શ્રી મુનિસુવ્રત ભગવાન અને બીજા ૯૯ કોડાકોડી, ૯૭૦૯૦૦૯૯૯ મુનિવરો આ નિર્જરા ટૂંકેથી સંપૂર્ણ કર્મોની નિર્જરા કરીને મોક્ષે સિધાવ્યા છે. ભગવાન મુનિસુવ્રત તીર્થંકર માહ વદ ૧૨ના રોજ અહીંથી સર્વ કર્મની નિર્જરા કરીને મોક્ષ પામ્યા. ભગવાન જ્યારે મોક્ષ પામે ત્યારે ઇન્દ્રો આવીને નિર્વાણકલ્યાણક ઊજવે અને નિર્વાણસ્થાને વજ્રથી ચરણચિહ્ન ઉકેરે. એ રીતે અનંતા તીર્થંકરોના નિર્વાણકલ્યાણક આ પર્વત ઉપર ઉજવાયા છે. એવું આ નિર્વાણધામ અનંતા તીર્થંકરોનું સ્મરણ જગાડે છે. આ તીર્થની વંદના માટે દેવોનું પણ આગમન સતત થયા કરતું હોય છે. સારા કાળમાં તો દેવો પ્રગટ થતા, આ કાળમાં ભાગ્યે જ પ્રગટ થાય છે.–પરંતુ ઘડીભર તો દેવોની ભક્તિનેય ભૂલાવે એવા ઉત્તમભાવથી સંતો આ તીર્થધામની યાત્રા–પૂજા કરાવી રહ્યા છે.—

मुनिसुव्रत जिनराजका निरजर कूट है जेह
मन वच तनकर पूजहूं शिखरसम्मेद यजेह (९)

ॐ ह्रीं શ્રી સમ્મેદશિખર શાશ્વતધામની નિરજરટૂંકથી મુનિસુવ્રતનાથ આદિ અનેક કોડાકોડી મુનિવરો મુક્તિ પામ્યા તેમના ચરણારવિંદમાં મન–વચન–કાયાથી અમારા વારંવાર નમસ્કાર હો, તેમના ચરણકમલપૂજનાર્થે મહાર્ઘં નિર્વપામીતિ....સ્વાહા...


શિખરજી ધામની પૂર્વદિશામાં એક પછી એક ટૂંકની યાત્રા કરતા કરતા આગળ વધી રહ્યા છીએ. ખૂબ ખૂબ ભક્તિથી ને હૈયાના ઉમળકાથી દરેક ટૂંકે તીર્થંકર ભગવંતોની સાથે તે ટૂંકેથી મોક્ષ પામેલા અનેક કોડાકોડી મુનિભગવંતોને પણ અર્ઘ ચડાવીએ છીએ. ઘણા યાત્રિકો પોતાના સગાવહાલાને યાદ કરીને તેમના વતી પણ અર્ઘ ચડાવે છે. મોક્ષગામી મુનિવરોની કરોડો–અબજોની મહાન સંખ્યા જાણીને આનંદથી એમ થાય છે કે વાહ! અહીંથી આટલા બધા મુનિવરો મુક્તિમાં સીધાવ્યા... હવે હું પણ થોડા વખતમાં તેમની વસ્તીમાં ભળી જવાનો છું. આમ ગુરુદેવ સાથે નવ ટૂંકની યાત્રા કરીને દસમી ટૂંક તરફ આગળ વધ્યા. નવ ટૂંક તો ઉપરાઉપર આવી પણ દસમી ટૂંક આવતાં વાર લાગી. યાત્રિકો ચાલી રહ્યા છે ને વિચારી રહ્યા છે કે દસમી ટૂંક કયારે આવશે?—કયા ભગવાનની

હશે એ ટૂંક! પર્વત વચ્ચે એક માણસની કેડી ઉપર હજારો યાત્રિકોની હારમાળા ગાતી ગાતી ચાલી જાય છે—એ દૃશ્ય રળિયામણું લાગે છે. પર્વતની અતિ વિશાળતા પાસે યાત્રિકો તો નાના ટપકા જેવા લાગે છે, પરંતુ તેમનો મોટો અવાજ આખા પર્વતને ગજાવી મૂકે છે—

**આજ મારે સોના સમો રે સૂરજ ઊગીયો રે....**
**વરસ્યા આજે અમૃતના વરસાદ રે, તીર્થયાત્રા ગુરુવર સાથમાં રે લાલ...**
**—સમ્મેદાચલયાત્રા ગુરુવર સાથમાં રે લાલ....**

**આજે નયણે નીરખ્યા સિદ્ધિધામને રે....**
**નીરખ્યા મુનિવર કેરા ધામ રે, સિદ્ધગિરિ યાત્રા ગુરુવર સાથમાં રે લાલ....**
**નીરખ્યા તીર્થંકર કેરા ધામ રે, અપૂર્વ યાત્રા ગુરુવર સાથમાં રે લાલ.**

—આમ ભક્તિ કરતાં કરતાં ઊંચાનીચા રસ્તાને ઓળંગતા યાત્રિકો ચાલ્યા જાય છે; દૂર એક ટૂંક દેખાઇ રહી છે, એ છે દસમી ટૂંક. નવ ટૂંકો તો એક-બીજાની નજીક નજીક હોવાથી સમૂહમાં છે, જ્યારે આ દસમી ટૂંક બીજી બધી ટૂંકોથી જુદી એકલી અટૂલી ઊભી છે, ને જાણે કે પ્રસન્નપણે યાત્રિકોને દૂરદૂરથી બોલાવી રહી છે: યાત્રિકો! આવો રે આવો! જુઓ, આ એકત્વસ્વભાવને સાધવાનું સ્થાન! યાત્રિકો દૂરથી એ ટૂંકને દેખીને પ્રસન્ન થાય છે. એક યાત્રિક બીજા યાત્રિકને કહે છે કે આજે ફાગણ સુદ સાતમ છે એટલે એ ટૂંકની યાત્રા કરવાની બહુ મજા આવશે. બીજા યાત્રિક પૂછે છે કે એમ કેમ? ત્યારે પહેલા યાત્રિક કહે છે કે એ વાતની તે ટૂંક ઉપર ગયા પછી તમને ખબર પડશે. દૂરદૂરથી દેખાતી એ ટૂંક થોડીવારમાં એકદમ નજીક આવી ગઈ. જેમ જેમ ટૂંકની નજીક આવતા ગયા તેમ તેમ ચઢાણ અઘરું આવતું ગયું. ટૂંક થોડી દૂર રહી ત્યાં ડોળીવાળાઓએ ડોળી અટકાવી દીધી ને કહ્યું કે હવે આગળ ડોળી નહિ ચાલી શકે. પર્વતનું બાકીનું ચઢાણ કઠણ હતું એટલે વયોવૃદ્ધ યાત્રિકોને ઉપર ટૂંક સુધી પહોંચવું કઠણ હતું; આથી કેટલાક યાત્રિકો વિચારતા હતા કે હવે શું કરવું?—ઠેઠ ઉપર જવું કે અહીંથી જ દર્શન કરી લેવા!—એમ હાલકડોલક થતા હતા, પરંતુ જ્યાં આ દસમી ટૂંકના મહત્વની ખબર પડી કે તરત તેમના પગમાં નવું જોમ આવ્યું ને લાકડીના ટેકે ડગુમગુ કરતા ઉપર પહોંચી ગયા. ઉપર જઇને એક યાત્રિકે બીજા યાત્રિકને પૂછ્યું:-રસ્તામાં તમે કહેતા હતા કે આ ટૂંકની




યાત્રા કરવામાં વિશેષ મજા આવશે, તેનું શું કારણ? તે યાત્રિક જવાબ આપે તે પહેલાં તો ગુરુદેવ ઉવાચ— આ ચંદ્રપ્રભ ભગવાનની ટૂંક છે; ચંદ્રપ્રભ ભગવાનના મોક્ષનું આ ધામ છે ને બરાબર આજે જ તેમના મોક્ષનો દિવસ છે. એ રીતે કુદરતે મેળ છે. ગુરુદેવના મુખેથી આ વાત સાંભળીને ચંદ્રપ્રભસ્વામીના જયકારથી લલિતટૂંક ગુંજી ઊઠી ને પાછળ રહેલા યાત્રિકો પણ આનંદોત્સવમાં ભાગ લેવા ઝડપથી આવી પહોંચ્યા. ( વીંછીયા–સૌરાષ્ટ્રમાં ચંદ્રપ્રભસ્વામીની પ્રતિષ્ઠા પણ આ દિવસે જ થઈ હતી. )

આ ટૂંકનું વાતાવરણ અનેરું હતું; યાત્રિકોના ભાવો પણ અનેરા હતા. જેમ જિનેન્દ્રદેવના ચરણને ભાવથી ભેટતાં સંસારનો થાક ઊતરી જાય છે તેમ અહીં પ્રભુના પાવનચરણને ભેટતાં જ યાત્રાનો થાક ઊતરી જતો હતો, ને માત્ર યાત્રાના આનંદનું જ વેદન રહેતું. જેમ નિર્વિકલ્પ દશામાં પહેલાંના વિકલ્પોની ગડમથલનો થાક રહેતો નથી, આનંદનું જ વેદન રહે છે, તેમ પર્વત ચડવાની પૂર્વ તૈયારીની અનેક ગડમથલ અત્યારે ગૂમ થઇ ગઈ હતી, બીજા વિચારો છૂટીને અત્યારે તો બસ, યાત્રાના આનંદનું જ વેદન હતું. અહા! આજે ફાગણ સુદ સાતમે અહીંથી જ ચંદ્રપ્રભભગવાન મોક્ષ પધાર્યા, એ કાળ ને એ ક્ષેત્રની સાથે ભગવાનના મોક્ષગમનનો ભાવ પણ મુમુક્ષુહૃદયોમાં તાદૃશ ખડો થતો હતો. જેમ ભગવાનના મોક્ષનું ધામ ને કાળ નજરે દેખાઇ રહ્યા હતા તેમ જાણે કે એ મોક્ષગમનનો રત્નત્રયભાવ પણ અહીં જ અત્યારે આપણી સમક્ષ ભગવાન સેવી રહ્યા હોય, ને આપણને એ માર્ગ ઉપદેશી રહ્યા હોય–એવું આ ટૂંકનું વાતાવરણ હતું. ભગવાનના એ માર્ગનો ઉપદેશ ઝીલીને તે માર્ગને સાધનારા સન્તો આજે

આ ભગવાનના ધામને શોભાવી રહ્યા હતા; એટલે તેમની સાથેની યાત્રા અનેરા ઉમંગથી થતી હતી. જાણે મોક્ષધામમાં મોક્ષકલ્યાણક ઉજવાતો હતો—


સાતેં સુદી ફાગુનકે મહિના સમ્મેદાચલ શૃંગ મહાન,
લલિત કૂટ ઉપર જગપતિને પાયો આતમ શિવકલ્યાણ.
સુરસુરેશ મિલિ પૂજ રચાઇ ગાયો ગુણ હર્ષિત ચિત્ત ઠાન,
સુગુરુ સમન્તભદ્રકે સ્વામી દેહુ હમ સબકો સત્ જ્ઞાન.

દર્શન-વંદન બાદ, આજના દિવસના ને આજની યાત્રાના મહિમાપૂર્વક સૌએ અર્ઘ ચડાવ્યો—


चंद्रप्रभ जिनराजका ललितकूट है जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (१०)

જ્યાંથી ૯૮૪ અબજ ૭૨ કરોડ ૮૦ લાખ ૮૪ હજાર ૫૯૫ મુનિવરો મુક્તિ પામ્યા છે એવી આ દશમી ટૂંક ઉપર હજારો યાત્રિકોએ અર્ઘ ચડાવ્યો. ચરણ-પાદૂકા અર્ઘના ઢગલા નીચે દબાઇ ગયા. અહીંના વાંદરાઓ યાત્રિકોની અહિંસકતાને જાણતા હોય એમ નિર્ભયપણે વર્તે છે ને ચરણપાદૂકા પાસે જે અર્ઘ ચડાવ્યો હોય તે અર્ઘ ત્યાં આવીને તે જ વખતે ખાઇ જાય છે. એ દૃશ્ય જોઈને એમ થાય છે કે અરેરે! ક્યાં આ બિચારા પશુની પામરતા! ને ક્યાં મારા ભગવાનની પ્રભુતા! હે નાથ! ધન્ય છે તારી દશાને. પ્રભો! સંસારની આવી દીન-પામરદશામાંથી તેં અમને છોડાવ્યા.

આ ટૂંક ઉપર ખૂબ ખૂબ ભક્તિ થઇ. પૂ. બેનશ્રી-બેનનો ભક્તિનો ઉમંગ અનેરો હતો; છેલ્લી ધૂન અદ્ભુત હતી, એ ધૂન વખતે તો યાત્રિકો ભક્તિના તાનમાં જાણે આસપાસનું ભાન ભૂલી ગયા હતા. આ ભક્તિ વખતે ગુરુદેવ પણ ખૂબ પ્રસન્ન હતા ને યાત્રિકોનું પણ લક્ષ ખેંચતા કે જુઓ, કેવી ભક્તિ છે! ગુરુદેવે પણ આ ટૂંકે ચંદ્રપ્રભુની સ્તુતિ ઘણા પ્રમોદથી ગવડાવી હતી. ભક્તિ પછી ગુરુદેવે આ ટૂંકેથી આખા સમ્મેદશિખરજી પર્વતનું અવલોકન કર્યું. આ ઊંચી ઊંચી ટૂંકેથી સિદ્ધિધામનું ઘણું જ સુંદર ને મનમોહક દૃશ્ય નીહાળીને ગુરુદેવ બહુ પ્રસન્ન થયા. પશ્ચિમ બાજુ દૂર દૂર જાણે કે આ ટૂંક સાથે હરીફાઇ કરતી હોય એવી ઊંચી ઊંચી સુવર્ણભદ્રટૂંક ( પારસપ્રભુની ) શોભી રહી છે; ખુલ્લા



મંગલ તીર્થયાત્રા (૩૪૪)



મંગલ તીર્થયાત્રા (૩૪૫)

આકાશમાં સામે જ ઊભેલ એ ટૂંક જાણે કે મુમુક્ષુ યાત્રિકને મોક્ષમાં આવવા આમંત્રી રહી છે.. ને પારસપ્રભુનો પંથ દર્શાવી રહી છે. પૂર્વ તરફ બીજી અનેક ટૂંકો એક સાથે દેખાય છે. ઊંચીનીચી અનેક ટૂંકો સહિત શિખરજી તીર્થધામ અહીંથી તેના વિરાટસ્વરૂપે પ્રતિભાસે છે. એ વિરાટસ્વરૂપના દર્શનને જ્યારે લક્ષમાં આવે છે કે તે પોતે અત્યારે આ વિરાટસ્વરૂપની ટોચ ઉપર ઊભેલો છે, ત્યારે તેને શિખરજી તીર્થધામ સાથે આત્મીયતા અનુભવાય છે. ચારે તરફનાં દૃશ્યો અદ્ભુત રમણીયતાથી ભરેલા છે; આ ઉપશાંતતાનો ઢગલો જોતાં નયનો અને હૃદય ઠરે છે, ને આત્મા મોક્ષમાર્ગની ઉપશાંત ભાવનાઓમાં ઝૂલવા લાગે છે. તીર્થધામના આ પાવન દૃશ્યો જોઇને ગુરુદેવ ખૂબ જ પ્રસન્ન થયા હતા, યાત્રિકોને પણ બહુ પ્રમોદ હતો. દુનિયામાં તાજમહેલ વગેરેનું સૌન્દર્ય ભલે વખણાતું હોય પરંતુ એના દર્શનની ક્ષણિક ઉર્મિ મુમુક્ષુહૃદયમાં ટકી શકતી નથી, જ્યારે અહીંના પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે જાગતા મોક્ષગામી સંતોના સ્મરણના ઊંડા ભાવો મુમુક્ષુહૃદયમાં એવા કોતરાઇ જાય છે કે જીવનભર ભૂલાતા નથી અને મોક્ષમાર્ગ તરફ દોરી જાય છે. આ ટૂંકે ઘણીવાર રોકાઇને પૂજન-ભક્તિ કર્યા તેમજ તીર્થનું વીતરાગતાપ્રેરક પ્રાકૃતિક સૌન્દર્ય નયન ભરીભરીને નીહાળ્યું. જીવનમાં જોયેલું ઘણું ભૂલાશે પણ આ શિખરજી-ધામનું વિરાટ દર્શન કદી નહિ ભૂલાય. જેમ સિદ્ધપદનો સાધક આખા સંસારને ભૂલશે પણ પોતાના ચૈતન્ય-પદને કદી નહિ ભૂલે, તેમ આ સિદ્ધિધામનો યાત્રિક આખા સંસારને ભૂલશે પણ તીર્થધામના વિરાટ દર્શનને કદી નહિ ભૂલે; જીવનસાધનાની એ એક સોનેરી મૂડી છે.

આમ, આનંદોલ્લાસપૂર્વક સમ્મેદશિખર શાશ્વત સિદ્ધિધામની આ દસમી ટૂંકની યાત્રા પૂર્ણ થઇ, ને ચંદ્રપ્રભ ભગવાનના જયજયકાર ગાજી ઊઠ્યા.

આજે મોક્ષકલ્યાણક પ્રાપ્ત ચંદ્રપ્રભ ભગવાનકી જય હો.
અહીંથી સિદ્ધપદ પ્રાપ્ત શ્રી ચંદ્રપ્રભ ભગવાનકી જય હો.
ઉપર બિરાજમાન ચંદ્રપ્રભ સિદ્ધ ભગવાનકી જય હો.
અનંતાનંત ચૈતન્યબિંબ સિદ્ધ ભગવંતોંકી જય હો.
મહાન તીર્થ શાશ્વત સિદ્ધિધામ સમ્મેદશિખરકી જય હો.
સિદ્ધપદના મહાન યાત્રિક સાધક સંતોકી જય હો.
કહાનગુરુ સાથે આજની મંગળ તીર્થયાત્રાનો જય હો.

—આવા આવા સેંકડો જયકારપૂર્વક યાત્રાનો એક તબક્કો પૂરો થયો, અને દસમી ટૂંક તરફથી અગિયારમી ટૂંક તરફ પગલા માંડ્યા. તીર્થધામમાં પગલે પગલે પ્રભુના ગુણોનું સ્મરણ થતું હતું—

પગલે પગલે પ્રભુનાં ગુણો સંભારતાં ...ગુણો સંભારતાં, અંતરના વિસરે ઉચાટ રે....
તીર્થધામ ભેટ્યા અલબેલડા...સિદ્ધિધામ ભેટ્યા અલબેલડા....
આતમા અનંત પ્રભુ આપે ઉગારિયા...તારો સેવકને ભવપાર રે...
તીર્થધામ ભેટ્યા અલબેલડા...સિદ્ધિધામ ભેટ્યા અલબેલડા....

એક ટૂંકથી બીજી ટૂંકે જતા જતા રસ્તામાં ચાલતી યાત્રાએ પણ રોમરોમ ઉલ્લસી જાય એવી ભક્તિ બેનશ્રી–બેન ગવડાવતા; અનેકવિધ નવી નવી ધૂનથી યાત્રિકોમાં ઉત્સાહનું મોજું ફરી વળતું -

બોલો સમ્મેદશિખરકી જય, બોલો સિદ્ધપ્રભુકી જય....
બોલો મુનિવરોંકી જય, બોલો જય જય જય....
અનંત તીર્થંકરોંકી જય, અનંત મુનિવરોંકી જય....
શાશ્વત તીર્થધામકી જય, બોલો જય જય જય....
અનંત સિદ્ધભૂમિકી જય, પાવન તીર્થભૂમિકી જય....
બોલો ચૈતન્યપ્રભુકી જય, બોલો જય જય જય....

આવી ધૂનદ્વારા તીર્થંકરો સિદ્ધો અને મુનિવરોનો મોટો સમૂહ જાણે નજર સમક્ષ હાજરાહજૂર હોય એમ લાગતું હતું. મહાપુરુષોને ભક્તિપૂર્વક યાદ કરતા કરતા, ને પગલે પગલે તેમના જયકાર ગજાવતા ગજાવતા યાત્રિકો પહાડ ઉપર એક ટૂંકેથી બીજી ટૂંકે જઈ રહ્યા છે. ચંદ્રપ્રભુની ટૂંકેથી પાછા ફરતાં એક સ્થળે બે રસ્તા ભેગા મળે છે ત્યાં લોખંડી બોર્ડમાં લખ્યું છે કે 'जलमन्दिर जानेका रास्ता'. જલમંદિરનું નામ વાંચતાં પાવાપુરીનું જલમંદિર યાદ આવે છે, ને જાણે એવું જ જલમંદિર અહીં જોવા મળશે–એવી આશામાં યાત્રિક આગળ વધે છે; ત્યાં તો થોડીવારમાં અગિયારમી ટૂંક આવે છે. આદિનાથ પ્રભુની આ ટૂંક એક નાનકડા શિખર ઉપર શોભી રહી છે, ને તેના પર આદિનાથ પ્રભુના ચરણકમળ મોટા અને સુંદર છે; તે જોતાં એવા ભાવ ઉલ્લસે છે કે જાણે સાક્ષાત્

જ આદિનાથ પ્રભુના પગ હોય! ઉપર ખુલ્લા આકાશ નીચે ટૂંકોનો દેખાવ અદ્ભુત દીસે છે. ખુલ્લા આકાશની અનંતતામાં સિદ્ધાલય ભણી નજર કરતાં મુમુક્ષુહૃદયમાં સિદ્ધસ્વરૂપનું ચિંતન જાગે છેઃ અહો, અમે સિદ્ધભગવાનના ધામમાં આવ્યા છીએ; અમે પણ ક્યારે સિદ્ધ થઇએ! અમારા આત્મામાં પણ સિદ્ધપણું ભરેલું છે, તેથી આત્મામાં સિદ્ધપણું સ્થાપીને સિદ્ધભગવાનનું પરમ બહુમાન કરીએ છીએ. અહો ધન્ય એ સિદ્ધદશા! આ બાહ્યસંયોગ કે અંતરના વિકલ્પ-સંકલ્પો, તે હવે સ્વપ્ને પણ જોઈતા નથી. તે બધાથી પાર હું એક જ્ઞાન જ છું. સંયોગ અને સંકલ્પ-વિકલ્પો કાઢી નાખતા બાકી જે એકલું જ્ઞાન રહ્યું તે હું છું. તે જ્ઞાન આનંદથી ભરેલું છે. આ સિદ્ધભગવંતોમાં જે કાંઇ બાકી રહ્યું છે તેટલું જ મારું સ્વરૂપ છે, 'सिद्धोहं'....'सिद्धा सिद्धि मम दीसन्तु'

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,  
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો.  
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,  
અગુરુલઘુ અમૂર્ત સહજ પદરૂપ જો....  
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

અહો, આવા અયોગીપદ ને સિદ્ધપદની આ ભૂમિ છે. ભગવાન આદિનાથ તો કૈલાશપર્વત ઉપર (પોષ વદ ૧૪ના રોજ) મુક્તિ પામ્યા, છતાં તેમના ચરણકમળ આજે અબજો-અસંખ્ય વર્ષો બાદ અહીં પૂજાય છે. આ ધૂળ ચક્રવર્તીનાય મસ્તકે ચડે છે. રત્નમણિના રસ્તા ઉપર ચાલનારો ચક્રવર્તી આ ધૂલીને પોતાના મસ્તકે હોંસથી ચડાવે છે. -શા માટે? -કેમ કે જ્યાં આ ધૂલી છે ત્યાં એક વખત પરમાત્માનો અતીન્દ્રિય ભાવ હતો; ભગવાનના અતીન્દ્રિય ભાવના અચિંત્ય મહિમાની તો શી વાત, પરંતુ તે ભાવની સાથે રહેલી એવી આ જડ ધૂલી પણ આજે વંદનીક થઈ ગઈ છે. એ ધૂલી પૂર્ણાનંદી આત્મસ્વભાવની જાહેરાત કરી રહી છે. ભક્તિથી એ ધૂલીને શિર ઉપર ચડાવનાર, ધૂલીનું બહુમાન નથી કરતા પણ આત્માના અતીન્દ્રિય ભાવનું સ્મરણ કરીને તેનું બહુમાન કરે છે, તેના પ્રત્યેની પોતાની રુચિને પ્રસિદ્ધ કરે છે. ઇત્યાદિ ભાવનાપૂર્વક ભગવાનની પવિત્ર ચરણરજને મુમુક્ષુઓ પોતાના શિરે ચડાવતા હતા. દર્શન-વંદન અને ચરણસ્પર્શન કરીને પછી ગુરુદેવસહિત સૌએ અર્ઘ ચડાવ્યો.—

ऋषभदेव जिन सिद्ध हूए गिरि कैलाससे जोय
मन वच तन कर पूजहूं शिखर नमूं पद दोय (११)

કૈલાશપર્વત પરથી શ્રી આદિનાથભગવાન સહિત દસહજાર મુનિવરો મુક્તિ પામ્યા છે. જાણે કે કૈલાસપર્વત ઉપર આદિનાથપ્રભુનું પૂજન કરતા હોઇએ-એવા ભાવથી સૌએ આ શિખરજીધામની અગિયારમી ટૂંકે આદિનાથપ્રભુને અર્ઘ ચડાવ્યો. બીજી ટૂંકોની જેમ આ ઋષભદેવ પ્રભુની ટૂંકનું બીજું કોઈ ખાસ નામ નથી. હવે પછી આવનાર ટૂંકોમાં વાસુપૂજ્યભગવાનની ( ૧૫મી ), નેમિનાથભગવાનની ( ૨૪મી ) અને મહાવીરભગવાનની ( ૨૦મી )–એ ત્રણે ટૂંકોમાં પણ એ જ રીતે છે; કેમકે આ ચાર ભગવંતો સમ્મેદશિખરથી નહિ પણ કૈલાસગિરિ–મંદારગિરિ –ગીરનારગિરિ અને પાવાપુરીથી મુક્તિ પામ્યા છે; આમ છતાં અહીં એ ચારે તીર્થંકરોની ટૂંકની સ્થાપના હોવાથી, વીસ તીર્થંકરોના નિર્વાણધામ શિખરજીની યાત્રા કરતા યાત્રિકને બીજા ચાર તીર્થંકરોનું પણ સ્મરણ અને યાત્રા થઈ જાય છે.

આદિનાથભગવાનની ટૂંકની યાત્રા કરીને બારમી ટૂંક તરફ ચાલ્યા. સમ્મેદશિખરના ઉપરના ભાગમાં ૨૫ ટૂંકોની યાત્રા કરતાં લગભગ છ માઈલ જેટલી પ્રદક્ષિણા થાય છે. છ માઇલ ચડવાનું, છ માઇલ ફરવાનું ને છ માઈલ ઊતરવાનું –એમ ૧૮* માઇલની યાત્રા હોવા છતાં, રળિયામણા કોમળ રસ્તા અને શીતળ ઉપશાંત વાતાવરણને લીધે યાત્રિકને થાક જણાતો નથી. જેમ સાધકને માટે સિદ્ધધામનો માર્ગ સુગમ છે તેમ આ સિદ્ધિધામતીર્થની સુંવાળી ભૂમિમાં યાત્રિકનો માર્ગ સુગમ છે. આમ સુગમ માર્ગે ગુરુદેવ સાથે, હોંસે હોંસે મંગલગીત ગાતાં ગાતાં એક ટૂંકથી બીજી ટૂંક ઉપર જતા હતા. ગુરુદેવ સાથે આવી તીર્થયાત્રા દરમિયાન પૂ. બેનશ્રી અને પૂ. બેન બંને ભક્તિપૂર્વક અનેક પ્રકારના ગાયન અવારનવાર ગાતા હતા

ચાલો ચાલો સહુ હોંશે હળીમળી આજ સિદ્ધગિરિ વંદન જઇએ....
ચાલો ચાલો સહુ ગુરૂવર સંગે આજ સમ્મેદાચલ (ચઢીએ) જઇએ....
ચાલો ચાલો સહુ ગુરુવર સંગે આજ યાત્રા જિનધામની કરીએ...

---

* 'जैनप्रचारक' એપ્રિલ ૧૯૫૩ના અંકમાં લખે છે કે...'जानकारी करनेसे ज्ञात हूवा कि यहां ११ फर्लांगका मील है। अतएव वन्दना लगभग २४–२५ मील हो जाती है।

ચાલો ચાલો સહુ ગુરુવર સાથે આજ શ્રી જિનધામ નીરખીએ....
ચાલો ચાલો શ્રી જિનેન્દ્રદેવના આદર્શ આજે ઉરમાં ભરીએ....
ચાલો ચાલો....શ્રી મુનિવરના આદર્શ આજે ઉરમાં ભરીએ....
ભક્તિભાવે હોંશે દર્શન કરીને આજ પાવન થઇએ....
ભક્તિભાવે તીર્થંકર-ચરણરજ આજ હોંશે મસ્તક ધરીએ....
ભક્તિભાવે ત્રિલોકીનાથ ચરણરજ આજ હોંશે મસ્તક ધરીએ....
ચાલો ચાલો સિદ્ધદર્શન કરીને આજ સહુ સિદ્ધ સમરીએ....
હોંશે હોંશે મુનિકુળ સિદ્ધિધામ આજ નયણે નીરખીએ....
ચાલો ચાલો એ સાધકજીવનઆદર્શ આજે ઉરમાં ભરીએ....
ચાલો ચાલો એ જિનનાથ ચરણરજ આજ હોંશે મસ્તક ધરીએ....
મીઠા મીઠા સ્મરણ તીર્થંકર દેવના આજ હોંશે શિખરજી નીરખીએ....
ચાલો ચાલો એ સિદ્ધજીવન આદર્શ આજે હોંશે સમરીએ....
ભક્તિભાવે હોંશે દર્શન કરીને આજ પાવન થઇએ...
ભક્તિભાવે મુનિકુળ ચરણરજ આજ હોંશે મસ્તક ધરીએ...

—આમ શિખરજી જેવા સિદ્ધિધામની ગીચ ઝાડી વચ્ચે ભાવભીનાં ગીત ગાતાં ગાતાં પૂ. બંને બહેનો પૂ. ગુરુદેવ સાથે સંઘસહિત તીર્થયાત્રા કરી રહ્યા હતા; જ્ઞાન-વૈરાગ્ય સહિતની ભક્તિના એ ભાવો જીવનમાં કદી નહિ ભૂલાય. બહુમાન-ભક્તિ-હર્ષ અને ઉલ્લાસ સહિત યાત્રા કરતા કરતા ૧૨ મી ટૂંકે આવી પહોંચ્યા. આ ટૂંકનું નામ વિદ્યુતવર ટૂંક; આસો સુદ આઠમે શ્રી શીતલનાથ ભગવાન ઇત્યાદિ ૧૮ કોડાકોડી ૪૨ કરોડ ૩૨ લાખ ૪૨ હજાર ૯૦૫ મુનિવરો આ ટૂંકેથી મોક્ષ પધાર્યા છે. તેમનું પૂજન કરીને અર્ઘ ચડાવ્યો —

शीतलनाथ जिनराजको कूट विद्युतवर जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (१२)

જેમ વિદ્યુતને અને શીતળ મેઘને સુમેળ છે તેમ આ વિદ્યુત ટૂંક ઉપર શીતલધામનો સુમેળ છે; જગતના જીવોને વીજળી જેવો જ્ઞાનપ્રકાશ અને મેઘ

જેવી શીતળતા દેનાર શીતળનાથ ભગવાન આ વિદ્યુત ટૂંકેથી મુક્તિ પામ્યા; તેમને અમારા નમસ્કાર હો.

વિદ્યુત ટૂંક પછી આવ્યા સ્વયંભૂ ટૂંકે. તેરમા ગુણસ્થાને બિરાજમાન સ્વયંભૂ ભગવાન આ તેરમી સ્વયંભૂ ટૂંકે પધાર્યા, ને (ફાગણ વદ ચોથે) એ ૧૪મા ભગવાને અહીં ૧૪મું ગુણસ્થાન પ્રાપ્ત કર્યું....પછી એ અનંતનાથ ભગવાન અહીંથી અનંત સિદ્ધોની વસ્તીમાં સિધાવ્યા.

अनन्तनाथ जिनराजका कूट स्वयंभू जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (१३)

સમ્મેદશિખરજીની ૨૫ ટૂંકોના હિસાબે ગણતાં આ ટૂંક વચલી છે; અહીંથી અનંતનાથ આદિ અનંત મુનિવરો મુક્તિ પામ્યા છે. આ ચોવીસીમાં ૯૬ ક્રોડાક્રોડ, ૭૦ કરોડ, ૭૦ લાખ, ૭૦ હજાર ને ૭૦૦ મુનિવરો અહીંથી મોક્ષ પામ્યા છે; તેમને અર્ઘ ચડાવીને ૧૪મી ટૂંકે આવ્યા.

આ ટૂંકનું નામ ધવલ ટૂંક; ધવલ આકાશ નીચે ચૈતન્યના ત્રીજા ધવલધ્યાન વડે સંભવનાથ ભગવાને આ ટૂંકને પણ ધવલ બનાવી. ચૈત્ર સુદ છઠ્ઠને દિવસે આ ૧૪મી ટૂંક પર ૧૪મા ગુણસ્થાને ભગવાન બિરાજતા હતા, ને પછી અહીંથી જ એ ત્રીજા તીર્થંકરે ચોથા શુક્લધ્યાન વડે પંચમગતિ છઠ્ઠના દિવસે પ્રાપ્ત કરી, ને સાતમને દિવસે એવા આ સિદ્ધિધામની યાત્રા થઇ રહી છે.

संभवनाथ जिनराजका धवल कूट वर जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (१४)

શ્રી સંભવનાથ આદિ ૯ ક્રોડાક્રોડી ૭૨ લાખ ૪૨ હજાર ૫૦૦ મુનિવરો આ ધવલ ટૂંકેથી મુક્તિ પામ્યા છે. એ સિદ્ધિધામની વંદના કરીને પંદરમી ટૂંકે આવ્યા. આ ટૂંક વાસુપૂજ્ય ભગવાનની છે. ભાદરવા સુદ ૧૪ (અનંત ચતુર્દશી) ના રોજ બારમા તીર્થંકર વાસુપૂજ્ય આદિ ૧૦૦૦ મુનિવરો મંદારગિરિ (ચંપાપુરી) થી મુક્તિ પામ્યા છે, તેમનું સ્મરણ કરીને આ ટૂંકે અર્ઘ ચડાવ્યો.—

वासुपूज्य जिन सिद्ध भये चंपापुरसे जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (१५)

જ્યાં વાસુપૂજ્ય ભગવાનના પંચકલ્યાણક થયા છે એવા ચંપાપુરી તીર્થધામની સાક્ષાત્‌યાત્રા તો ત્રણ દિવસ પછી થવાની છે, પરંતુ તે પહેલાં અહીં શિખરજી ધામ ઉપર બેઠાબેઠા એ ભગવાનનું પૂજન કરતાં આનંદ થાય છે. પર્વત ઉપર દરેક ટૂંકે દરેક ભગવાનની ચરણપાદૂકા છે, તેમાં આ ટૂંકે એટલી વિશેષતા છે કે એકને બદલે પાંચ ચરણપાદૂકા સ્થાપિત છે, કેમકે વાસુપૂજ્ય પ્રભુના એક જ સ્થળે પાંચ કલ્યાણક થયા છે તેથી પાંચ કલ્યાણકસૂચક પાંચ ચરણપાદૂકા સ્થાપિત છે. એ જ રીતે નેમનાથ પ્રભુના પણ નિર્વાણકલ્યાણક વગેરે ત્રણ કલ્યાણક એક જ સ્થળે થયા છે તેથી તેમની ટૂંકે પણ ચરણપાદૂકાની ત્રણ જોડી સ્થાપિત છે.

હવે, જેને અભિનંદતા આનંદ થાય એવી આનન્દકૂટે આવ્યા. આ સોળમી ટૂંકને દૂરથી દેખીને, 'કયા ભગવાનની હશે આ ટૂંક!' એમ પ્રશ્ન ઊઠે તેનો જવાબ આપવા માટે, જે ભગવાનની આ ટૂંક છે તેમના જીવંત ચિહ્નો ટૂંકની આસપાસ ઘૂમી રહ્યા છે; છલંગ મારીને ઠેકાઠેક કરતા ને યાત્રિકોને દેખીને આનંદથી કૂદતા એ ચિહ્નો દેખીને ખબર પડી જાય છે કે આ ટૂંક અભિનન્દન ભગવાનની છે.

अभिनन्दन जिनराजका आनंदकूट है जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (१६)

'આનન્દ કૂટ'.... 'આનંદનું શિખર!' કેવું મજાનું નામ! ને કેવું સરસ ધામ! આ મંગળ નામ ને મંગળ ધામ ચૈતન્યના પરમ આનંદનું સ્મરણ કરાવે છે. અહો, ચૈતન્યના પૂર્ણ અતીન્દ્રિય આનંદસહિત અભિનંદનસ્વામી અહીં બિરાજતા હતા તેથી આ ટૂંક પણ 'આનંદ'મય બની ગઈ. અભિનંદનસ્વામીની એ આનંદદશા અભિનંદનીય છે ને એના પ્રતાપે આ ટૂંક પણ અભિનંદનીય બની ગઈ છે. એ આનંદમૂર્તિ ભગવાનના ચરણસાન્નિધ્યથી અરે! આ પથ્થરના પહાડો પણ 'આનંદ' નામ પામ્યા તો પછી એ ભગવાનના ધ્યાનવડે ચૈતન્યઆત્મા આનંદમય બને એમાં શું આશ્ચર્ય!

આ આનંદટૂંકેથી અભિનંદનસ્વામી વૈશાખ સુદ છઠ્ઠે પરમ આનંદમય અને અભિનંદનીય એવા સિદ્ધપદને પામ્યા. અભિનંદનસ્વામીના આ આનંદધામમાંથી ૭૨ કોડાકોડી ૭૦ કરોડ ૭૦ લાખ ૪૨ હજાર ને ૭૦૦ મુનિવરો આનંદધામમાં

(–સિદ્ધાલયમાં) સિધાવ્યા છે. શિખરજીની ટૂંકોના આવા સરસ નામો તથા ત્યાંથી મુક્તિ પામેલા મુનિવરોની મોટી સંખ્યા, અને દરેક ટૂંકની નવી નવી પ્રાકૃતિક શોભા, તેના અવલોકનથી ગુરુદેવ વગેરેને ઘણી પ્રસન્નતા થતી હતી. કયાં વિચરી રહ્યા છીએ એ પણ ભૂલાઇ જતું હતું. દુન્યવી વાતાવરણથી પાર અહા! જાણે સિદ્ધભગવંતોના ધામમાં ફરી રહ્યા છીએ, ને ગુરુદેવ સિદ્ધભગવંતોનો દેશ દેખાડી રહ્યા છે. 'જાણે સિદ્ધસભામાં આવી બેઠા.' સમ્મેદશિખરનો મહિમા પ્રસિદ્ધ છે કે "એકવાર વંદે જો કોઈ, તાહિ નરક–પશુગતિ નહિ હોઈ"–અરે, નરક–પશુગતિ તો દૂર રહો, અનંતા ઋષિમુનિઓની આ ધ્યાનભૂમિને નીહાળતાં સંસાર આખો ભૂલાઈ જાય છે ને સિદ્ધપદમાં જ મન લાગી જાય છે; સિદ્ધપ્રભુમાં જેનું મન લાગ્યું તેને સંસાર જ આખો છૂટી જાય છે—પછી નરક–તિર્યંચગતિની શી વાત !!

આ આનંદટૂંક એ પૂર્વદિશાની છેલ્લી ટૂંક. એ આનંદટૂંકે આનંદથી અભિનંદનસ્વામીને અભિનંદીને ૧૬ ટૂંકની યાત્રા પૂર્ણ કરી. શાશ્વત તીર્થધામના ને તીર્થંકરોના જયનાદથી આખો યાત્રાસંઘ ગાજી ઊઠયો; પર્વતે પણ પડઘા પાડીને એનું અભિવાદન કર્યું. એ રીતે પૂર્વ તરફની યાત્રા પૂર્ણ થતાં હવે પશ્ચિમ તરફની નવટૂંકની યાત્રા બાકી રહી. પશ્ચિમ તરફ પાછા ફરતાં પહેલાં વચ્ચે 'જલમંદિર' આવે છે. આ જલમંદિર યાત્રિકોના વિશ્રામસ્થાન જેવું છે. પૂર્વદિશાનો વિજય કર્યા બાદ યાત્રિક અહીં જરા વિસામો લઇને પછી પશ્ચિમદિશાના વિજય માટે હાથમાં લાકડી લઇને પ્રસ્થાન કરે છે. પશ્ચિમ તરફ જતાં વચ્ચે પહેલી ટૂંક ફરીને આવે છે, એટલે અહીં સુધીની તીર્થવંદના લગભગ પ્રદક્ષિણા આકારની બની જાય છે.

પહેલાં તો, થોડે દૂરથી ટૂંક દેખાતાં વેંત યાત્રિકો હર્ષિત થઇને દોડે છે કે આ સત્તરમી ટૂંક આવી. પણ જ્યાં નજીક જઇને જુએ છે ત્યાં ક્ષોભ અને આશ્ચર્ય વચ્ચે બોલી ઊઠે છે કે અરે, આ તો પહેલાં દર્શન કર્યા હતા એ જ ટૂંક! આ શું ? એ જ ટૂંક ફરીને! બીજા જાણકાર યાત્રિક ખૂલાસો કરે છે કે હા ભાઈ, શિખરજીની ટૂંકોની રચના જ એવી છે કે દર્શન કરતાં કરતાં ફરીને આ સ્થાન બીજી વાર આવે છે. આ જાણીને પોતે માર્ગ ભૂલ્યા નથી–એમ નક્કી થતાં યાત્રિક હર્ષપૂર્વક ફરીને એ ટૂંકની વંદના કરવા લાગી જાય છે. અહીં

ફરીને ગણધરભગવંતોના ચરણકમળના દર્શન કરતાં આનંદ થાય છે. ભક્તિથી ગણધરોના ચરણસ્પર્શ કરતાં એમ થાય છે કે અહો, ગણધરો! આ સેવક ઉપર તમારી પરમ પ્રસન્નતા છે; આપના ચરણપ્રસાદથી આ સેવક સુખપૂર્વક સિદ્ધિ-માર્ગને સાધે છે. અહો, ભગવાનના ગણધરો ભગવાન પાસે આવીને ભગવાન જેવા જ થઇ ગયા, મોક્ષમાં પણ ભગવાનની સાથે જ ગયા, ને અત્યારે ઉપર સિદ્ધાલયમાં બધાય એક સાથે બિરાજે છે. તેમ હે ભગવંતો! આપના ચરણ-શરણમાં આવેલો આ બાળક પણ આપના જેવો જ થવાનો છે. અત્યારે તો પામર છું પણ આપના ચરણની ભક્તિના પ્રસાદથી અલ્પકાળમાં આપના જેવો જ થવાના કોલકરાર કરું છું. હે પ્રભુ! તારી પૂર્ણતા ને મારી શરૂઆત-એટલું જ અંતર છે.

એ રીતે ફરીને ગણધરટૂંકને વંદીને, હવે પશ્ચિમ તરફ આગળ વધતાં યાત્રિકને ઊંચી ઊંચી સુવર્ણભદ્રટૂંક નજર સામે જ રહ્યા કરે છે...ને જાણે એ ટૂંક સાદ પાડીને યાત્રિકને બોલાવી રહી છે. દૂરથી પણ એ ભવ્ય ઉન્નત ટૂંકનું દર્શન યાત્રિકના આત્માને આહ્લાદિત કરે છે. જેમ સમકિતી-સાધકને મોક્ષનું દર્શન આનંદકારી છે તેમ આ મોક્ષધામનું દર્શન યાત્રિકને આનંદકારી છે. અહા, આખા પહાડનું કુદરતી સૌન્દર્ય,-જાણે કે મુનિવરોની આત્મસાધના દેખ્યાની પ્રસન્નતા હજીયે આ પહાડ અનુભવી રહ્યો હોય! અહીં વિચરતાં, સ્વરૂપમાં ઝૂલનાર એ સન્તોનું જીવન જ્ઞાનમાં તરવરે છે, ને મુમુક્ષુહૃદયમાં એ દશાની ભાવના જાગે છે; એટલે મુખમાંથી સહેજે ઉદ્ગાર નીકળી જાય છે કે—

ચાલો....ચાલો...એ સિદ્ધજીવન-આદર્શ આજે ઉરમાં ભરીએ.
ચાલો...ચાલો....એ આત્મજીવન-આદર્શ આજે ઉરમાં ભરીએ.

અહા, જ્ઞાનીસંતોના હૃદય તો અહીં સંયમભાવનાથી ખીલી ઊઠે છે, ને રત્નત્રયભાવનાના એ દશ્યો દેખીને યાત્રિકોના રોમરાય ઉલ્લસી જાય છે...અહા, ધન્ય જીવન ને ધન્ય અવસર કે આવા વીતરાગીભાવો જોવા મળ્યા.

—આમ ધન્યતા અનુભવતા યાત્રિકો તીર્થધામની વંદના કરી રહ્યા છે. 'સમ્મેદશિખર સોહામણું રળિયામણું' રે... સિદ્ધયા તીર્થંકર વીસ તીરથ તે નમું રે...' એમ સ્તુતિમાં તો ગાતા, પરંતુ આજે તો એ સોહામણા-રળિયામણા

શિખરજીધામને સાક્ષાત્ નીહાળવાનો ને ગુરુદેવ સાથે તે ધામમાં વિચરવાનો સોનેરી અવસર આવ્યો છે, એટલે એ સ્તુતિ વડે શિખરજી ધામને પ્રત્યક્ષ વંદના કરતાં આજે અનેરો હર્ષ થાય છે. આમ હર્ષનાદ અને જયનાદપૂર્વક મંગલ ગીત ગાતાં ગાતાં એક ટૂંકથી બીજી ટૂંકે જઇ રહ્યા છીએ. યાત્રિકોની વણઝાર એટલી લાંબી છે કે જાણે પારસટૂંક અને જલમંદિર વચ્ચે એક સાંકળ રચાઈ ગઇ હોય! તીર્થધામમાં યાત્રિકોની આટલી લાંબી હારમાળા દેખીને નીચેની પંક્તિ સહેજે યાદ આવે છે—

કોના પગલે પગલે ચાલે મુક્તિની વણઝાર?
કહાનગુરુના પગલે ચાલે યાત્રિકની વણઝાર...
સમ્મેદશિખરના તીરથધામમાં કેવી છે વણઝાર?
'સિદ્ધગિરિના યાત્રિક' કેરી શોભે આ વણઝાર...

પરોઢિયે અઢી વાગ્યાથી પહાડ ચઢીને, લગભગ છ વાગે ટૂંકોની યાત્રા શરૂ કરેલી, તે અત્યારે લગભગ ૧૧ વાગ્યા છે; પાંચ કલાકમાં ૧૬ ટૂંકોની યાત્રા થઇ. પહેલી જ્ઞાનધર ટૂંક, પછી મિત્રધર, નાટક, સંબલ, સંકુલ, સુપ્રભ, મોહન, નિરજર, લલિત, આદિનાથપ્રભુની ટૂંક, વિદ્યુત, સ્વયંપ્રભ, ધવલ, વાસુપૂજ્યપ્રભુની ટૂંક અને આનંદટૂંક –એ પ્રમાણે ૧૬ ટૂંકની આનંદકારી યાત્રા કરીને હવે ૧૭મી, ધર્મનાથપ્રભુની સુદત્તવરટૂંક તરફ જઇ રહ્યા છીએ. જેઠ સુદ ચોથે ધર્મનાથ ભગવાને જ્યાં ધર્મસાધના સંપૂર્ણ કરી એવી આ ટૂંક તરફ જતાં ધર્મભાવનાઓ જાગે છે.

धर्मनाथ जिनराजका कूट सुदत्तवर जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (१७)

આ ટૂંકથી ધર્મનાથ જિનેન્દ્રાદિ ૨૯ કોડાકોડ, ૧૯ કરોડ, ૯ લાખ, ૯ હજાર ને ૭૯૫ મુનિવરો સિદ્ધિ પામ્યા છે; તેમની અર્ચના કરીને ૧૮મી ટૂંકે આવ્યા—

सुमतिनाथ जिनराजका अविचलकूट है जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (१८)

સુમતિનાથ ભગવાનની આ અવિચલ ટૂંક ચૈત્ર સુદ ૧૧ના રોજ ભગવાનના મોક્ષકલ્યાણકથી પાવન થઇ છે. કુલ ૧ કોડાકોડી ૮૪ કરોડ ૭૨ લાખ ૮૧ હજાર



મુક્તિની વણઝાર....


શાંતિનાથ ભગવાનની ટૂંક

ને ૭૦૦ મુનિ આ ટૂંકેથી મોક્ષ પધાર્યા છે. ઇન્દ્ર આવીને ભગવાનના મોક્ષકલ્યાણક ઊજવે છે ને ત્યાં વજ્રથી ચિહ્ન કરે છે. એ તો પ્રસિદ્ધ છે કે સમ્મેદશિખર શાશ્વતતીર્થ છે અને તેની નીચે શાશ્વત સાથિયો છે.

પ્રશ્ન :-અમુક વર્ષ પહેલાં શિખરજીના દર્શન કરેલા તેમાં અને અત્યારનામાં ઘણો ફેર પડી ગયો છે. પર્વતની રચનામાં તેમ જ ઝાડી વગેરેમાં ઘણા ફેરફાર નજરે પડે છે, તો તે શાશ્વત કઇ રીતે કહેવાય ?

ઉત્તર :-જંબુદ્વીપની જે મૂળ પૃથ્વી છે તેનું નામ ચિત્રાપૃથ્વી છે, અને અત્યારે જે પૃથ્વીની વધઘટ દેખાય છે તે તો ચિત્રાપૃથ્વી ઉપર નવા જામેલા પડ છે. ભરતક્ષેત્ર વગેરેમાં જ્યારે ( પાંચમા આરાના છેડે ) કાળનું ખાસ પરિવર્તન (પ્રલય) થાય છે ત્યારે વિશિષ્ટ વરસાદ અને પવનથી ચિત્રાપૃથ્વીના ઉપલા પડ છૂટીને વીખેરાઇ જાય છે, તેની સાથે બધી કૃત્રિમ રચનાઓ પણ નષ્ટ થઇ જાય છે ને મૂળ ચિત્રાપૃથ્વી ખુલ્લી થાય છે; તે પૃથ્વી સ્ફટિક જેવી ઊજવળ છે; તેના ઉપર મેરુપર્વત, સમ્મેદશિખર પર્વત વગેરે શાશ્વત રચનાઓ કાયમ રહે છે. તેમાં અયોધ્યાના સ્થાને અને સમ્મેદશિખર પર્વત નીચે શાશ્વત સ્વસ્તિક છે. આ રીતે સમ્મેદશિખર શાશ્વત તીર્થ છે. જેમ તીર્થંકરોના જન્મનું શાશ્વત તીર્થ અયોધ્યા છે, ને જન્માભિષેકનું શાશ્વત તીર્થ મેરુપર્વત છે, તેમ મોક્ષનું શાશ્વત તીર્થ સમ્મેદશિખર છે. અહા, આ ભરતક્ષેત્રનું મહાન તીર્થ અચિંત્ય મહિમાવંત છે; ખરેખર, જીવનમાં તેની યાત્રા જરૂર કરવા જેવી છે. ફરીફરીને પણ એની યાત્રા કરતાં આનંદ થાય છે. ગમે તેટલી વાર તેની યાત્રા કરીએ તોપણ કંટાળો નથી લાગતો,-જેમ જિનેન્દ્રદેવનું સમવસરણ ગમે તેટલી વાર જોઇએ તોપણ કંટાળો નથી આવતો; ઊલટું, જિનેન્દ્રદેવનું સમવસરણ ફરી ફરીને જોવાનું મન થાય છે તેમ શિખરજી તીર્થની ફરી ફરીને યાત્રા કરવાનું મન થાય છે.

હવે, સામે દેખાતી ઊંચી ઊંચી સુવર્ણભદ્ર ટૂંક યાત્રિકોને ખૂબ જ આકર્ષી રહી છે અને ઝડપથી ત્યાં પહોંચવા યાત્રિકનું દીલ તલસી રહ્યું છે, તેથી ઝડપભેર યાત્રા ચાલી રહી છે. પારસપ્રભુની ટૂંકે પહોંચવા માટે હવે વચ્ચે છ જ ટૂંકો બાકી છે. જેમ સાધક સિદ્ધિને ઝંખે અને તેની પરિણતિ ઝડપભેર તે તરફ દોડે તેમ યાત્રિકોની નજર એ પારસ ટૂંક ઉપર મંડાયેલી હતી અને ઝડપથી તે તરફ જઇ રહ્યા હતા. મોક્ષ તરફ જતાં વચ્ચે જેમ શાંતિની આનંદકારી ભૂમિકાઓ આવે છે તેમ અહીં પણ વચ્ચે શાંતિનાથ ભગવાનની આનંદકારી ટૂંક આવી. એ


ટૂંકનું નામ 'કુંદપ્રભ ટૂંક'. વાહ, કેવું સરસ નામ! નામ સાંભળતાં જ જાણે કુંદકુંદપ્રભુ અહીં પધાર્યા હોય–એવો હર્ષ થાય છે. બીજી ટૂંકો કરતાં આ ટૂંકની દેરી વિશાળ છે. કોઈ કોઇ ટૂંકો પરના ચરણપાદુકા ખુલ્લા આકાશ નીચે છે, તો કોઈ કોઇ ઠેકાણે દેરીની અંદર છે. આ કુંદપ્રભટૂંકની વિશાળ દેરીમાં અંદર પ્રવેશતાં જ એકદમ શીતળ શાંતિ અનુભવાય છે; યાત્રિકનું ચિત્ત અહીં ઠરે છે ને બે ઘડી બેસી રહેવાનું મન થાય છે. આ ઓગણીસમી ટૂંકેથી શાંતિનાથ ભગવાન વૈશાખ વદ ૧૪ના રોજ મુક્તિ પામ્યા. ભગવાન જે દિવસે જન્મ્યા તે જ દિવસે મુનિ થયા ને તે જ દિવસે મુક્તિ પામ્યા. આ ટૂંકેથી કુલ ૯ ક્રોડાક્રોડ ૯ લાખ ૯ હજાર ને ૯૯૯ મુનિવરો મુક્તિમાં પધાર્યા છે. તેમને અર્ઘ ચડાવીને પૂજન કર્યું.—

शांतिनाथ जिनराजका कुंदप्रभकूट है जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (१९)

અહા, શિખરજીની યાત્રામાં નવી નવી ટૂંકે નવો નવો આહ્લાદ જાગે છે. યાત્રિકને એમ થાય છે કે, ભવોભવનાં પુણ્ય ભેગા થયા કે આવા મહાન તીર્થના દર્શન થયા ને આવા મહાન સંતોનો યોગ મળ્યો. ખરેખર, સંસારના સર્વ કલેશો ભૂલાવી દેવા માટે જગતમાં બે વસ્તુ મહાન શરણભૂત છે–એક તો સંત અને બીજું તીર્થ. આ સંબંધમાં એક કવિનું ગઝલપદ યાદ આવે છે–

સદા સંસારનો દરિયો તુફાની રેની અંધારો,
દીવાદાંડી સમા બે ત્યાં અડગ છે સંત ને તીર્થો.
ભૂલ્યાના ભોમિયા એ છે, વિસામો થાકનારાનો,
ડુબ્યાના તારનારા બે સફળ છે સંત ને તીર્થો.

સર્વે જિજ્ઞાસુઓને અનુભવની વાત છે કે સંતના શરણમાં જીવનના સર્વ કલેશો ભૂલાઇ જાય છે ને જીવન આનંદિત બને છે. એ જ રીતે તીર્થધામમાં જતાં પણ જીવનના કલેશો ભૂલાઈ જાય છે ને આરાધક જીવોની આત્મસાધના પ્રત્યે બહુમાન જાગીને પોતાને પણ આરાધનાનો ઉત્સાહ પ્રગટે છે. સંત ધર્માત્મા પોતે ભાવરૂપ તીર્થ છે ને તેઓ જે ભૂમિમાં વિચર્યા તે સ્થાપના તીર્થ છે. સમ્ય-



મંગલ તીર્થયાત્રા (૩૫૬)



મંગલ તીર્થયાત્રા (૩૫૭)

ગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પૂર્ણ તીર્થના મહિમાની તો શી વાત! પરંતુ માત્ર સમ્યગ્દર્શનધારક સંત ધર્માત્માનો પણ કેટલો અગાધ મહિમા છે તે 'ભગવતી આરાધના' તથા સમયસાર વગેરે અનેક શાસ્ત્રોમાં બતાવ્યું છે. વીતરાગી આચાર્યોએ સમ્યગ્દૃષ્ટિનો જે મહિમા કર્યો છે તે વાંચતાં પણ જિજ્ઞાસુને રોમેરોમે અત્યંત પ્રસન્નતા થાય છે તો એવા ધર્માત્મારૂપ તીર્થના સાક્ષાત્ દર્શનની શી વાત! આ કાળે તો સાક્ષાત્ ભગવાનના દર્શન જેટલો જ ધર્માત્માના દર્શનનો મહિમા છે. અહા, આત્માનો સાક્ષાત્કાર પામેલા જીવોની મુદ્રાનું સાક્ષાત્ દર્શન પ્રાપ્ત થવું તે પરમાત્માનો સાક્ષાત્કાર થવા સમાન છે. જેમ તીર્થના દર્શન માટે જીવો ગમે તેટલી મુશકેલી હોંશથી ભોગવીને પણ તીર્થયાત્રા કરે છે તેમ આત્માર્થી જીવો ધર્માત્માના દર્શન અને સત્સંગ માટે જગતની ગમે તેવી મુશકેલીને પણ હોંશથી ભોગવીને ધર્માત્માનો સાક્ષાત્કાર કરે છે. સાક્ષાત્ ધર્માત્મા પ્રત્યે પરમ પ્રીતિ–ભક્તિરૂપ ઉલ્લાસભાવ ન જાગે તેને તીર્થ પ્રત્યેનો પણ ખરો ઉલ્લાસભાવ હોતો નથી. ધર્માત્મા પ્રત્યેની ભક્તિ વગરનો તીર્થમહિમા એ તો ભાવલિંગ વગરના દ્રવ્યલિંગ સમાન છે. તીર્થનો સંબંધ તો ધર્માત્માના ગુણો સાથે છે. ધર્માત્માની ઓળખાણ અને બહુમાનપૂર્વક જ ખરી તીર્થયાત્રા થાય છે; કેમકે જગતમાં જે કોઇ પણ તીર્થ હોય તે કોઇ પણ આરાધક સંતના નિમિત્તે તીર્થ બન્યું હોય છે. તો પછી જ્યાં આરાધકસંત પોતે સાક્ષાત્ બિરાજતા હોય તે સ્થાન તીર્થધામ તરીકે પૂજાય–એમાં શું આશ્ચર્ય છે! ધર્માત્મા જ્યાં જ્યાં બિરાજે છે, જ્યાં જ્યાં વિચરે છે તે બધુંય તીર્થ જ છે. તેમનાં વચનો પણ તીર્થ જ છે, તેમનો દેહ પણ તીર્થ છે ને તેમનો આત્મા પણ તીર્થ છે; જે કાળમાં તે વિચરે તે કાળ પણ તીર્થ છે. જગતમાં સંતો અને તીર્થો એ બંને વસ્તુ મહાન કહી છે; આજે તો જગતની બંને મહાન વસ્તુઓ એક સાથે પ્રાપ્ત થઇ....ત્યાં મુમુક્ષુના હર્ષની શી વાત! આવો મહાન પાવન સોનેરી સુયોગ આધુનિક દુનિયામાં આ ભારત સિવાય બીજે ક્યાંય નથી. અહા, વિશ્વના શ્રેષ્ઠ સુયોગની પ્રાપ્તિથી આનંદિત થયેલો મુમુક્ષુ ભવોભવના બંધનને ક્ષણમાં ઢીલા કરી નાખે છે ને મુક્તિના પુરુષાર્થ પ્રત્યે તેનું પરિણમન થાય છે.

સન્તો અને તીર્થોનો ગમે તેટલો મહિમા લખવા છતાં લેખકને સંતોષ નથી થતો, કેમ કે સંતો અને તીર્થોનો અગાધ મહિમા તેમના સાક્ષાત્ સેવન વડે જ ખ્યાલમાં આવી શકે છે; એનું વર્ણન શબ્દોથી પૂરું નથી પડતું. જેમ ચૈતન્યના

અગાધ મહિમાને પકડવા માટે ઈન્દ્રિય-મનના વિકલ્પોને ગમે તેટલા દોડાવો પણ અંતે તો ચૈતન્યની અગાધતા પાસે થાકી થાકીને તે પાછા જ ફરે છે; અતીન્દ્રિયતા વડે જ ચૈતન્યની અગાધતાના ઊંડાણ મપાય છે; તેમ સંતો અને તીર્થોના મહિમા સંબંધમાં ગમે તેટલું લખવા છતાં અંતે કલમ થાકી જાય છે ને એમ થાય છે કે અરે, લખાણમાં તો એ મહિમા કઇ રીતે ઊતરી શકે? સાક્ષાત્ સંતોનો તો કેટલો બધો મહિમા ને શબ્દોમાં તો કેટલું થોડું આવે! -યાત્રામાં તો કેટલું બધું જોયું-અનુભવ્યું ને લખાણમાં કેટલું થોડું આવ્યું! એમ લેખનમાં અતૃપ્તિ જ રહ્યા કરે છે. સંતના સમાગમની ને તીર્થયાત્રાની ખરી મોજ તેમના સાક્ષાત્કાર વડે જ માણી શકાય એવી છે. અને એ મોજ ગુરુપ્રતાપે આજે ઘણા યાત્રિકો માણી રહ્યા છે.-કયા સ્થળે?-કે સમ્મેદશિખર જેવા શાશ્વત તીર્થ-ધામમાં શાન્તિનાથ ભગવાનની ટૂંક ઉપર, ફાગણ સુદ સાતમના દિવસે (તા. ૮-૩-૧૯૫૭). ગુરુદેવ સાથેની આ મં....ગ....લ....તી....ર્થ....યા....ત્રા સંસારના સર્વ કલેશોને ભૂલાવી દે છે, સર્વ થાકને ઉતારી દે છે, ને સિદ્ધપદ સાથે મૈત્રી કરાવે છે:

સિદ્ધપ્રભુ સાથે મેં તો બાંધી છે પ્રીતડી,
સંસાર અસાર મારે તારી છે ગોઠડી.....

—આવા ભાવોનું રટન કરતાં કરતાં શિખરજી તીર્થધામની યાત્રા થાય છે. શાંતિનાથપ્રભુની ટૂંકે ઘણા ભાવથી દર્શન-વંદનાદિ કરીને હવે વીસમી ટૂંકે આવ્યા. વીસમી ટૂંક છે વીરપ્રભુની—

महावीर जिन सिद्ध भये पावापुरसे जोय
मन वच तन कर पूजहूं शिखर नमुं पद दोय (२०)

વીરપ્રભુ આસો વદ ૧૪ની પાછલી રાત્રે પાવાપુરીથી મુક્તિ પામ્યા તેમ જ બીજા ૨૬ મુનિવરો અહીંથી મોક્ષ પામ્યા છે. હમણાં જ (પાંચ દિવસ પહેલાં જ) એ સિદ્ધિધામની ઉમંગભરી યાત્રા કરી આવ્યા છીએ; એનાં સ્મરણો હજી હૃદયમાં ગૂંજી રહ્યા છે. ત્યાં તો અહીં ફરીને વીરપ્રભુની ટૂંકના દર્શન થતાં ઘણો આનંદ થયો. ત્યાં યાત્રા કરીને હવે સાતમા સુપાર્શ્વપ્રભુની ટૂંકે આવ્યા. આ એકવીસમી ટૂંકનું નામ પ્રભાસકૂટ. અહીંથી સુપાર્શ્વનાથપ્રભુ સહિત ૪૯ કોડાકોડ ૮૪ કરોડ ૭૨ લાખ ૭ હજાર ને ૭૪૨ મુનિવરો મુક્તિ પામ્યા છે. આજે જ ભગવાનના

મોક્ષકલ્યાણકનો દિવસ છે એમ સમજીને આ સુપાર્શ્વપ્રભુની ટૂંકે વિશેષ ભક્તિ-પૂજનાદિ કર્યા —

सुपार्श्वनाथ जिनराजका प्रभासकूट है जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (२१)


આ પ્રભાસ ટૂંકે આવતાં અનેરો ઉત્સાહ હતો; જાણે 'આજે'જ ભગવાન અહીંથી મોક્ષ પામ્યા હોય એવા ઉત્સાહથી આ ટૂંકે પૂજન-ભક્તિ થયા. [ જો કે સુપાર્શ્વપ્રભુના મોક્ષકલ્યાણકનો દિવસ તો મહા વદ સાતમ (શાસ્ત્રીય ફાગણ વદ સાતમ)નો છે, પરંતુ તીર્થપૂજાના પુસ્તકમાં ફાગણ સુદ સાતમનો ઉલ્લેખ છે, એટલે ચંદ્રપ્રભુની જેમ આ સુપાર્શ્વપ્રભુની ટૂંકે પણ આજે જ તેમનો મોક્ષકલ્યાણક સમજીને ઉલ્લાસપૂર્વક પૂજનાદિ કરવામાં આવ્યા હતા. ] સુપાર્શ્વપ્રભુની ટૂંક આવતાં જ યાત્રિકો હર્ષથી જયજયકાર કરવા લાગ્યા. આખી ટૂંક યાત્રિકોથી ભરચક હતી. કોઇકે કહી દીધું કે આજે આ ભગવાનના મોક્ષનો દિવસ છે...બસ ! પવનની જેમ યાત્રિકોમાં એ વાત પ્રસરી ગઇ, અને આજે જ ભગવાનના મોક્ષ-કલ્યાણકનો દિવસ સમજીને સૌ હર્ષ વ્યક્ત કરવા લાગ્યા. હજી તો ગુરુદેવ પ્રભુચરણોમાં વંદન કરે છે ત્યાં કોઇક યાત્રિકે ગુરુદેવના હાથમાં પાણીનો કલશ આપ્યો, ને ગુરુદેવે પ્રમોદથી સુપાર્શ્વપ્રભુના ચરણોનો અભિષેક કર્યો. સમ્મેદશિખરમાં ગુરુદેવના સુહસ્તે અભિષેક દેખીને યાત્રિકોમાં ઘણો હર્ષનાદ છવાઈ ગયો. અભિષેક પછી ઉલ્લાસપૂર્વક પૂજન કરીને સૌએ અર્ઘ ચડાવ્યો ને બેનશ્રી-બેને થોડીવાર ભક્તિ કરાવી, તેમાં ભગવાનના મોક્ષની તથા યાત્રાના આનંદની વધાઈ વ્યક્ત કરી —

મારા નાથની વધાઈ આજે છે મારા નાથની વધાઇ આંહી છે...
એના જયનાદ ગગનમાં ગાજે છે....મારા નાથની વધાઇ આજે છે...
ગુરુદેવ હસ્તે અભિષેક થાયે છે...સુપાર્શ્વનાથની વધાઇ આજે છે...
સમ્મેદશિખર ધામ કેવા સોહે છે! ગુરુદેવ સાથે યાત્રા થાયે છે....
સેવકનાં હૈયા હરખે ઊછળે છે....મારા નાથની વધાઇ આજે છે...

આ ટૂંક પર મંગલવધાઈનો હર્ષનાદ સાંભળીને પાછળ રહી ગયેલા થાકેલા યાત્રિકો પણ દોડતા આવી પહોંચ્યા. યાત્રાસંઘ આ ટૂંકે થોડીવાર બેઠો; સૌ યાત્રિકો

ઈન્તેજાર હતા કે હવે શું થશે! ત્યાં ગુરુદેવે ભાવપૂર્વક આંખો મીંચીને અધ્યાત્મભાવના શરૂ કરી. મોક્ષની ટૂંકે મોક્ષના કારણરૂપ અધ્યાત્મભાવનાનો પ્રવાહ ગુરુદેવના શ્રીમુખથી વહી રહ્યો છે.—

હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુ માત્ર નથી અરે.



ફરીફરી એ ભાવના ઘૂંટતાં વચ્ચે ગુરુદેવે કહ્યું: જુઓ, આ શુદ્ધાત્માની ભાવના! ગીરનારની યાત્રા વખતે (સં. ૧૯૯૬માં) પાંચમી ટૂંકે આ ભાવના બોલ્યા હતા. પછી ટૂંક સામે જોઇને ભાવપૂર્વક ગુરુદેવે કહ્યું-જુઓ, ભગવાને અયોગીપદ અહીં અને આજે જ પ્રગટ કર્યું, અહીં જ ભગવાન સિદ્ધ થયા અને અહીંથી જ સમશ્રેણીએ સિદ્ધાલયમાં ઊર્ધ્વગમન કર્યું. અત્યારે બરાબર ઉપર અનંત સિદ્ધભગવંતોની સાથે બિરાજે છે. અહા! ચૈતન્યગોળો દેહથી અત્યંત ભિન્ન પડી ગયો, ને સર્વ પરભાવો છૂટી ગયા-એ ચૈતન્યદશાની શી વાત! અહીં એ સિદ્ધપદનાં સ્મરણ થાય છે ને તેની ભાવના ભાવવા જેવી છે. આવા સિદ્ધપદની ઓળખાણ અને ભાવના માટે આ યાત્રા છે.-આમ ગુરુદેવે ભક્તિભીના હૃદયે ઘણો મહિમા કર્યો, એ સાંભળીને યાત્રિકોનું અંતર પરમાત્માના સ્મરણમાં એકાગ્ર થઇને નમી પડ્યું. અહા, એ પરમાત્માની પૂર્ણાનંદદશાની શી વાત! એ અચિંત્યદશાનો જેવો મહિમા સાધક કરી શકશે એવો અજ્ઞાની નહિ કરી શકે. કેવી હતી ભગવાનની દશા!....કે-

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં
ભવનાં બીજ તણો આત્યંતિક નાશ જો.
સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો....

—આવી અપૂર્વ સર્વજ્ઞદશા તો ભગવાનને ઘણા વર્ષ પહેલાં પ્રગટી ગઇ હતી; ને એ સર્વજ્ઞતા સહિત વિચરતા વિચરતા દિવ્યધ્વનિવડે જગતના અસંખ્ય જીવોને પ્રતિબોધતા-પ્રતિબોધતા, આયુષ્યનો અલ્પકાળ બાકી રહ્યો ત્યારે ભગવાન અહીં સમ્મેદશિખરધામમાં પધાર્યા અને ચોથા શુકલધ્યાનદ્વારા ૧૪મું અયોગી ગુણસ્થાન પ્રગટ કર્યું. કેવું એ ગુણસ્થાન?....કે—

મન વચન કાયા ને કર્મની વર્ગણા
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો,
એવું અયોગી ગુણસ્થાનક અહીં વર્તતું
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો....

અહા! ભગવાનને અયોગી ગુણસ્થાન અહીં પ્રગટ્યું હતું. જ્યાં ભગવાન અયોગીપદ પામ્યા એ જ સ્થાને બેઠા બેઠા આજે સાધકોની સાથે યાત્રિકો પણ

એ જ પદની ભાવના ભાવી રહ્યા છે કે 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે!' સાધકોનો સાથ...અને સિદ્ધપદની ભાવના;.. સિદ્ધદશાનું ક્ષેત્ર અને આજે જ સિદ્ધ-પદનો સમય....વાહ, કેવો મંગળ અવસર!

સુપાર્શ્વપ્રભુના ચરણ સામે નજર ઢાળીને ગુરુદેવ વૈરાગ્યરસઝરતી મધુરી વાણીથી આ ભાવના ગાઇ રહ્યા છે, ને એ સાંભળીને બેનશ્રી–બેનની પણ ભક્તિ ઉભરાઈ જાય છે. અહા, આ વખતના ભાવો! ઉપશાંતરસનું કેવું વાતવરણ પ્રસરી ગયું છે! યાત્રિકો તો આ દૃશ્ય દેખીને સ્તબ્ધ બની ગયા છે. ક્ષણ પહેલાંના હર્ષના કોલહલને બદલે એકદમ શાંતિ પ્રસરી ગઇ છે. પરમાત્મપદની ભાવનાના પ્રવાહમાં વચ્ચે ગુરુદેવ કહે: જુઓ, આવી દશા ભગવાને અહીં જ પ્રગટ કરી હતી, તેનાં અહીં સ્મરણ થાય છે.-આમ કહીને સિદ્ધપદને યાદ કરતાં કરતાં ને વૈરાગ્યરસમાં ઝૂલતાં ઝૂલતાં ગુરુદેવ બીજી કડી બોલ્યા—

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો....
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદરૂપ જો....અપૂર્વ૦

આવી દશામાં અલ્પકાળ બિરાજીને, અને પાંચ લઘુસ્વર (अ इ उ ऋ लृ) બોલાય એટલા તે કાળમાં તો ચોથા વ્યુપરતક્રિયાનિવર્તિધ્યાન વડે બાકીની ૮૫ પ્રકૃતિઓને ક્ષય કરીને ભગવાન સર્વ કર્મરહિત મુક્ત થયા... આજે જ અને આ ક્ષેત્રે જ ભગવાન અભૂતપૂર્વ સિદ્ધપદ પામ્યા...વાહ, ધન્ય ધન્ય એ દશા! ધન્ય ધન્ય એ કાળ! ને ધન્ય ધન્ય આ ભૂમિ! ભગવાન જેવા સિદ્ધ થયા કે તે જ સમયે સ્વાભાવિક ઊર્ધ્વગમન કરીને લોકના સર્વોત્કૃષ્ટ સ્થાને પધાર્યા. ભગવાનના એ મુક્તિગમન પ્રસંગનું વર્ણન ભગવાનના મુક્તિધામમાં જ બેઠાબેઠા ગુરુદેવના શ્રીમુખથી યાત્રિકો સાંભળી રહ્યા છે: એવું લાગે છે કે જાણે આપણી નજર સામે જ ભગવાનનું મુક્તિગમન થઇ રહ્યું હોય! —

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો,
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો....અપૂર્વ૦



સુપાર્શ્વ ટૂંક



મંગલ તીર્થયાત્રા (૩૬૩)

ગુરુદેવે પ્રમોદથી કહ્યું: આવી દશા ભગવાને અહીંથી જ પ્રગટ કરી હતી, મોક્ષદશાનું–સિદ્ધાલયમાં જવા માટેનું ઊર્ધ્વગમન ભગવાને આજ સ્થાનેથી કર્યું હતું. આપણને યાદ રહી જશે કે યાત્રામાં અહીં આવા સિદ્ધપદને યાદ કરીને તેની ભાવના ભાવી હતી. હજારો યાત્રિકો ગુરુદેવની આ ભાવનામાં સાથ પૂરાવી રહ્યા હતા

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો...
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો..
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે !

આ પ્રમાણે સુપાર્શ્વપ્રભુની ટૂંકે ઘણા ભક્તિભાવપૂર્વક ગુરુદેવ સાથે ભાવના ભાવતા બેઠા હતા; ત્યાંથી ઊઠવાનું મન થતું ન હતું. પરંતુ ઊંચી ઊંચી સુવર્ણભદ્ર ટૂંક પરથી પાર્શ્વપ્રભુના સાદ સંભળાઇ રહ્યા હતા કે આ ટૂંકે જલદી આવો. અગિયાર તો વાગી ગયા હતા ને હજી સૌથી ઊંચી મુખ્ય ટૂંકની યાત્રા બાકી હતી; એટલે છેવટે યાત્રિકોએ આ ટૂંકેથી જયજયકારપૂર્વક પ્રસ્થાન કર્યું. ટૂંકને ત્યાં રહેવા દીધી પરંતુ ત્યાં ભાવેલી ભાવનાઓને તો સાથે જ લેતા આવ્યા. પૂ. બેનશ્રી–બેન તેમજ બીજા સેંકડો યાત્રિકોએ ઘણા જ પ્રમોદથી જયજયકાર કરીને યાત્રાનો હર્ષ વ્યક્ત કર્યો....એ જયનાદથી પહાડ ગૂંજી રહ્યો જેના પડઘા હજી પણ સંભળાય છે —

બોલિયે...સુપાર્શ્વનાથ ભગવાનકી જય હો....
બોલિયે....સમ્મેદશિખર સિદ્ધિધામકી જય હો....
બોલિયે...આજ કે મહામંગળ સોનેરી દિનકી જય હો...
બોલિયે....ગુરુદેવ સાથે અપૂર્વ તીર્થયાત્રાકી જય હો...
બોલિયે....ગુરુદેવે ભાવેલી સિદ્ધપદની ભાવનાકી જય હો....
બોલિયે...અનંતાનંત સિદ્ધભગવાનકી જય હો....
બોલિયે...સિદ્ધપદ–સાધક સર્વે સંતોકી જય હો...

યાત્રિકો ખૂબ જ જોરથી જયનાદ પોકારતા હતા...વાહ ભઈ વાહ! પ્રિય પાઠક! તું પણ આ ટૂંકથી આગળ વધતાં પહેલાં એકવાર મોટેથી બોલ—

## શાશ્વતસિદ્ધિધામ સમ્મેદશિખરકી જય હો....

—ને પૂર્વ તરફ હાથ જોડીને એ તીર્થરાજને નમન કર...પછી ચાલ બીજી ટૂંકે.-



આ ટૂંક છે વિમલનાથ ભગવાનની. બાવીસમી આ ટૂંકનું નામ સુવીરટૂંક. લ્યો હાથમાં અર્ઘ, ને કરો એનાં પૂજન!—

विमलनाथ जिनराजका कूट सुवीर है जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (२२)

ભગવાન વિમલનાથ જેઠ વદ આઠમના રોજ અહીંથી મુક્તિ પામ્યા. કુલ ૭૦ ક્રોડાક્રોડી ૬૦ લાખ ૬ હજાર ને ૭૪૨ મુનિઓ આ ટૂંકેથી વિમલપદને પામ્યા, અને તેમના પદકમળના પ્રતાપથી આ ટૂંક 'વિમળ' બની. એવી આ વિમલટૂંકે વિમળભાવ સહિત દર્શન-વંદન કરીને 'સિદ્ધવરકૂટ' આવ્યા.

પાઠક! 'સિદ્ધવરકૂટ'નું નામ સાંભળતાં જ તને નૌકાવિહારવાળું સિદ્ધવરકૂટ યાદ આવ્યું હશે. અહા, કેવી આનંદભરી હતી એ યાત્રા! ત્યાંથી બે ચક્રવર્તી, દસ કામદેવ ને સાડાત્રણ કરોડ મુનિવરો મુક્તિ પામ્યા છે. પરંતુ અત્યારે આપણે જે સિદ્ધવરકૂટ ઉપર છીએ તે તો સમ્મેદશિખર ઉપરનું સિદ્ધવરકૂટ.-જાણે સિદ્ધ-ભગવંતોનું ઊંચું શિખર! સમ્મેદશિખરની આ ૨૩મી ટૂંક ઉપરથી ૧,૮૦,૫૪,૦૦૦૦૦ મુનિવરો લોકશિખરે સીધાવ્યા છે. બીજા તીર્થંકર શ્રી અજિતનાથ ભગવાન ચૈત્ર સુદ પાંચમના રોજ અહીંથી મુક્તિ પામ્યા છે.

अजितनाथ जिनराजका सिद्धवरकूट है जेह
मन वच तन कर पूजहूं शिखरसम्मेद यजेह (४)

પાર્શ્વપ્રભુની સુવર્ણભદ્રટૂંકે જલ્દી પહોંચવાની ધૂનમાં ગુરુદેવે યાત્રા જરાક ઝડપી બનાવી છે, આમ છતાં દર્શન, વંદન, ચરણસ્પર્શ, અર્ઘ અને જયકાર—એમ પંચવિધ યાત્રા દરેક ટૂંકે થાય છે; એક ટૂંકથી બીજી ટૂંક વચ્ચેના અંતરાળમાં ચાલતાં ચાલતાં ભક્તિ કરતા, જેથી ભક્તિની ધૂન ચડતાં ચાલવાનો થાક ઊતરી જતો.—

તુમસે લગની લાગી જિનવર તુમસે લગની લાગી....
શાશ્વત તીર્થ નયણે નીહાળી તુમસે લગની લાગી....
સમ્મેદશિખરમાં ગુરુજી પધાર્યા આનંદભેરી વાગી....
ભક્તિથી અમ હૈયા ઊછળે તીર્થધામ નીહાળી....તુમસે૦
જિનેશ્વરના ધામ નીરખતા જિનવર આજે ભેટ્યા...
વિદેહસરખા સમ્મેદશિખરજી શાશ્વતધામ નીહાળ્યા....તુમસે૦

આનંદપૂર્વક ભક્તિ ગાતાં ગાતાં ૨૪મી ટૂંકે આવી પહોંચ્યા. આ ટૂંક નેમનાથ ભગવાનની છે. નેમનાથભગવાન સૌરાષ્ટ્ર દેશના ગીરનાર પર્વત ઉપરથી અષાડ સુદ સાતમના રોજ મુક્તિ પામ્યા છે. ગીરનાર ઉપર તેમના ત્રણ કલ્યાણક થયા છે; ને આ ટૂંકની દેરીમાં પ્રભુના ચરણપાદુકાની ત્રણ જોડી સ્થાપિત છે; શ્યામવર્ણા પ્રભુના શુકલવર્ણા પગલાં શોભી રહ્યા છે. આ ટૂંકે આવતાં એમ થાય છે કે અહો, આ તો આપણા સૌરાષ્ટ્રના ભગવાનની ટૂંક! આનંદથી એ ટૂંકે દર્શન કરીને અર્ઘ ચડાવ્યો.—

नेमिनाथ जिन सिद्ध भये सिद्धक्षेत्र गिरनार
मन वच तन कर पूजहूं भवदधि पार उतार (२४)

ગીરનાર ઉપરથી માત્ર નેમનાથપ્રભુ જ નહિ પરંતુ શંભુ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ આદિ કૃષ્ણકુમારો સહિત ૭૨ કરોડ ને સાતસો મુનિઓ મુક્તિ પામ્યા છે, તેનું પણ અહીં સ્મરણ થાય છે. વાહ, ધન્ય સૌરાષ્ટ્રની એ ધરા! કે જ્યાંથી ૭૨ કરોડ મુનિવરો મુક્તિ પામ્યા, જ્યાંથી નેમનાથ અને રાજીમતીએ જગતને વૈરાગ્યનો સંદેશ આપ્યો...ને સંસારના મોહપાશ તોડાવ્યા....આજે પણ 'સૌરાષ્ટ્રભૂમિ

સંતજનોથી શોભી રહી છે.—આમ ગૌરવસહિત નેમનાથપ્રભુના સ્મરણપૂર્વક સૌરાષ્ટ્રના યાત્રિકોએ નેમનાથ-ટૂંકની યાત્રા કરી; ને હવે છેલ્લી એક જ ટૂંક બાકી રહી ત્યાં પહોંચવા માટે જયકારપૂર્વક પ્રસ્થાન કર્યું. આનંદપૂર્વક યાત્રા પૂરી થવાને હવે એક જ ટૂંક બાકી છે; યાત્રિકોનો હર્ષ સમાતો નથી, અરસપરસ સૌ પોતાનો હર્ષ વ્યક્ત કરી રહ્યા છે. ગુરુદેવ પણ પ્રસન્નતાપૂર્વક યાત્રાની ચર્ચા કરી રહ્યા છે. સાધકસખીઓ આનંદપૂર્વક યાત્રા કરતાં જાણે કહે છે કે—

ચલો સખી વહાં જઇએ જહાં સિદ્ધોનાં ધામ,
યાત્રા કરીને સાધીએ નિજ રત્નત્રયનાં કામ.
યાત્રા ગુરુજી સાથમાં આનંદ અપરંપાર,
સિદ્ધપ્રભુને ધ્યાવતાં સખી! જઇએ ભવોદધિ પાર.

અહા, શિખરજીના આ પાવન દૃશ્યો! ને પાવન ચરણો!– જાણે કે મુમુક્ષુ યાત્રિકને મોક્ષમાં આવવા નિમંત્રી રહ્યા છે. સામે દેખાતી ભવ્ય ઉન્નત સુવર્ણભદ્ર-ટૂંકનું શિખર સાધકોને સાદ પાડીને સત્કારી રહ્યું છે. મીઠી આંખે એ સિદ્ધિધામને દેખતાં સાધકના હૃદયના મનોરથ આજ સફળ થયા છે....ને ભવની ભાવઠ ભાંગી ગઈ છે. ગુરુપ્રતાપે ને મહાભાગ્યે આવા તીર્થના યાત્રા થાય છે. ઊંચા-નીચા રસ્તાઓ ઓળંગતા ઓળંગતા યાત્રિકો ગાઈ રહ્યા છે કે –

ભક્તિ ભરીને અમે સુવર્ણપુરીથી આવ્યા યાત્રાને કાજ રે...ધન્ય દિન આજે ઊગ્યો રે....
સદ્‌ગુરુદેવના પરમ પ્રતાપથી યાત્રા અપૂર્વ થાય આજ રે....ધન્ય દિન આજે ઊગ્યો રે....
સમ્મેદશિખરના પવિત્ર ધામમાં વિચર્યા તીર્થંકર અનંત રે...ધન્ય દિન આજે ઊગ્યો રે....
ધન્ય તીર્થંકર ધન્ય સમોસણ ધન્ય ધન્ય આ ધામ રે...ધન્ય દિન આજે ઊગ્યો રે..
શાશ્વત તીર્થને નયણે નીહાળી જીવન ધન્ય આજ થાય રે...ધન્ય દિન આજે ઊગ્યો રે....

પૂજ્ય શ્રી ચંપાબેન-શાંતાબેન આ તીર્થની આખી ભૂમિ નીરખી નીરખીને ખૂબ જ પ્રસન્ન થતા હતા, ને અનંત તીર્થંકરો–સંતોને સ્મરણમાં લાવીને વારંવાર ગાતા હતા કે—



સખી ! આજે સોના સમોરે સૂરજ ઊગીયો રે....
આજે યાત્રા થાયે ગુરુજી સાથમાં રે....આજે....

卐

તુજ પાદપંકજ અહીં થયા આ દેશને પણ ધન્ય છે,
તે માત કુળ જ વંદ્ય છે તે ગામ પૂરને ધન્ય છે.
તારા કર્યા દર્શન અરે, આ જીવન અમ કૃતકૃત્ય છે,
તુજ પાદથી સ્પર્શાઇ એવી આ ધૂલીને પણ ધન્ય છે.

એ પ્રમાણે ગાતાં ગાતાં ત્યાંની રજને ભક્તિપૂર્વક પોતાના મસ્તકે ચડાવતાં ને બીજા યાત્રિકોને પણ તે પાવન રજ સ્વહસ્તે આપતા; અને તે વખતે નીચેના શ્લોકનું સ્મરણ થતું કે-તીર્થના માર્ગની રજને પામીને મનુષ્ય રજરહિત થઈ જાય છે, તીર્થમાં ભ્રમણ કરતાં જીવને ભ્રમણ થતું નથી, તીર્થને માટે ખર્ચવામાં આવતી સમ્પદા સ્થિર થઈ જાય છે અને તીર્થનાથની પૂજા કરતાં આ યાત્રિક જગતથી પૂજ્ય બને છે.

"श्री तीर्थपान्थरजसा विरजी भवन्ति,
तीर्थेषु विभ्रमणतो न भवे भ्रमन्ति,
तीर्थव्ययादिह नराः स्थिरसम्पदः स्युः
पूज्या भवन्ति जगदीशमथार्चयन्तः ॥"

અહો, આચાર્યોએ તીર્થની પવિત્રતાનું કેવું મધુર ભાવભીનું વર્ણન કર્યું છે! ગુરુદેવ સાથે યાત્રા વખતે યાત્રિકને ખરેખર એવા જ ભાવો ઉલ્લસતા હતા. તીર્થની પવિત્રતા મહાન છે. એક તો ધર્માત્મા સંત, અને બીજું તીર્થધામ, એ બે વસ્તુ જગતમાં મહાન છે. સંત તે જંગમતીર્થ છે ને સિદ્ધિધામ વગેરે તીર્થ તે સ્થાવર તીર્થ છે; એવા તીર્થોની ચરણરજને મસ્તકે ચડાવતાં મોહરજ દૂર ભાગે છે; મોક્ષધામમાં ભ્રમણ કરતાં કરતાં ભવભ્રમણથી છૂટકારાની ભાવના જાગે છે; તીર્થધામમાં લક્ષ્મી ખરચતાં એમ લાગે છે કે મારી જીવનની કમાણી સફળ થઇ, મારી સમ્પત્તિનો ઉત્તમ સદુપયોગ થયો; અને જિનેન્દ્રદેવ પ્રત્યે તથા તેમના માર્ગરૂપ રત્નત્રયતીર્થ પ્રત્યે પરમ ભક્તિ–બહુમાન જાગે છે, મોક્ષ પ્રત્યે સંવેગ (ઉત્સાહ) જાગે છે ને સંસારથી નિર્વેગ (વૈરાગ્ય) થાય છે. તીર્થયાત્રાના આવા મધુર ફળનો સાક્ષાત્કાર કરતા કરતા યાત્રિકો પારસ પ્રભુની ટૂંક તરફ જઇ રહ્યા છે. ઊંચેનીચે ને ચારે બાજુ તીર્થધામની શોભા નીહાળતા પારસટૂંકે પહોંચ્યા. છેલ્લે છેલ્લે જાણે યાત્રિકોની કસોટી કરવી હોય એમ આ ટૂંકે પચાસ જેટલા

પગથિયા છે....પરંતુ યાત્રિક જેનું નામ !! એ થાકે નહિ, હિંમત હારે નહિ, પ્રતિકૂળતાથી ડરે નહિ; વૃદ્ધ યાત્રિકો પણ લાકડીના ટેકે ડગુમગુ કરતા પચાસેક પગથિયા ઓળંગીને પહોંચ્યા પાર્શ્વપ્રભુના દ્વારે. બસ, આ પારસ પ્રભુની ટૂંકે આવતાં જ યાત્રિકને યાત્રાની અનેરી તૃપ્તિ અનુભવાય છે....યાત્રાના ભાવો અહીં પરાકાષ્ટાએ પહોંચે છે; અત્યારે શિખરજી મહાતીર્થની સર્વોચ્ચ ટૂંક પર અમે ઊભા છીએ-એવા ગૌરવથી એનું હૃદય પુલકિત થાય છે; પરંતુ, ચારે બાજુ ગીચ ઝાડી ને ભવ્ય પહાડોથી ઘેરાયેલા આ મહાતીર્થધામની અત્યંત ભવ્યતા ને વિશાળતા સામે નજર કરતાં એના ગૌરવ પાસે યાત્રિકનું હૃદય ઝૂકી પડે છે...ને મનોમન અનંતવાર નમસ્કાર થઈ જાય છે.

ઊંચી ઊંચી આ સુવર્ણભદ્ર ટૂંક...જાણે શિખરજીનો સોનેરી કળશ હોય એવી શોભી રહી છે; એની સોપાનશ્રેણી ચડતાં જાણે મોક્ષની શ્રેણીએ ચડતા હોઈએ એવો આહ્‌લાદ થાય છે. સમ્મેદશિખર એટલે જાણે મોક્ષમહેલમાં જવાની સીધી સીડી! અહીંથી મોક્ષની નીસરણી સમાન સીધી શ્રેણી માંડીને અનંતા જીવો સિદ્ધાલયમાં સિધાવ્યા છે. એવા આ સ્થાનમાં અત્યારે આપણે ગુરુદેવ સાથે ઊભા છીએ. સમ્મેદશિખર એટલે ભારતનું સર્વોચ્ચ તીર્થ, અને તેની પણ સર્વોચ્ચ ટૂંક એવી આ સુવર્ણભદ્રટૂંક, ત્યાં ભારતના સર્વોચ્ચ સંતની સાથે યાત્રા કરતાં યાત્રિકોને જે આનંદોલ્લાસ જાગે છે તે જીવનભર નહિ ભૂલાય. જીવનમાં ભાગ્યે જ જોવા કે સાંભળવા મળે એવા ધર્માત્માના ઉત્કૃષ્ટ ભક્તિભાવો ને ભાવનાઓ અહીં સાક્ષાત્ જોવા ને સાંભળવા મળ્યા છે. યાત્રિકોના હૃદયમાંથી શિખરજીના દર્શનનો આનંદ ઊભરાય છે—

આજ ગિરિરાજ નિહારા.... ધનભાગ્ય હમારા...આજ૦
શ્રી સમ્મેદ નામ હૈ જાકો...ભૂપર તીરથ પ્યારા...આજ૦
યહાં વીસ જિન મુક્તિ પધારે, અવર મુનીશ અપારા,
આર્યભૂમિ શિખામણિ સોહે, સુરનર મુનિમન પ્યારા....આજ૦
તહાં સ્થિર યોગ ધાર યોગીશ્વર નિજ પર તત્ત્વ વિચારા,
નિજ સ્વભાવમેં લીન હોય કર સકલ વિભાવ નિવારા....આજ૦
દો હજાર તેરહ વિક્રમકે ચંદ્રપ્રભુ મોક્ષ દિના,
કહાનગુરુ સાથ વંદન કરતે આનંદ ભરભર પીના....આજ૦





—આજ ગિરિરાજ નિહારા



સુવર્ણભદ્ર ટૂંક

શિખરજીના અપાર મહિમા સંબંધમાં જે વાંચેલું, જે સાંભળેલું ને જેની ભાવના ભાવેલી તે બધું આજે નજરે નીહાળી રહ્યા છીએ; જેમ જ્ઞાની પાસેથી સાંભળેલું, શાસ્ત્રમાં વાંચેલું ને મનમાં ભાવેલું ચૈતન્યતત્ત્વ અંતરમાં નજરે નીહાળતાં મુમુક્ષુ આનંદિત થાય, તેમ શિખરજીધામને નજરે નીહાળીને યાત્રિક આનંદિત થાય છે.—એવો આહ્લાદ જાગે છે કે જાણે હમણાં જ અહીં જ આત્માની ઉત્કૃષ્ટ ધૂન જગાડીને કૃતકૃત્યદશા પ્રગટ કરી લઈએ. મુમુક્ષુને અહીં આત્મરસ ઉત્કૃષ્ટપણે ઘોળાય છે. જેમ અધ્યાત્મના અનુભવમાં મસ્ત મુનિઓને માટે વન-ગૂફા યોગ્ય નિવાસધામ છે તેમ અધ્યાત્મની ઊંડી ભાવનાને માટે આ અધ્યાત્મ તીર્થધામ સર્વ પ્રકારે યોગ્ય છે, અને તેમાંય આધ્યાત્મિક સન્તોનો સાથ મળી ગયો પછી તો પૂછવું જ શું!

વહાલા પાઠક! સુવર્ણભદ્રટૂંકની યાત્રાનું વર્ણન વાંચવા માટે તારું હૃદય અધીર થતું હશે; પરંતુ, શિખરજીધામ એવું અલૌકિક છે કે તેના પ્રત્યેની ઉર્મિઓ રોકી શકાતી નથી, હૃદયમાં હજારો-લાખો ઉર્મિઓ જાગે છે. ચાલો, એ ઉર્મિભર હૃદયે પહેલાં સુવર્ણભદ્રટૂંકની વંદના કરી લઈએ—

## पार्श्वनाथ जिनराजका स्वर्णभद्र है कूट
## मन वच तन कर पूजहूं जाउं करमसे छूट (२५)

ૐ હ્રીં શ્રી સમ્મેદશિખર-સિદ્ધિધામમેં સુવર્ણભદ્રટૂંક પર ફાગણ સુદ સપ્તમી દિને ગુરુદેવકી સાથ યાત્રામહોત્સવમેં પાર્શ્વનાથ જિનેન્દ્ર આદિ કરોડો મુનિવરોંકે ચરણ-કમલપૂજનાર્થં મહા અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

પાર્શ્વનાથપ્રભુની આ ૨૫મી ટૂંક ઉપરથી ૮૨,૮૫,૪૫,૭૪૨ મુનિવરો મુક્તિ પામ્યા છે. પાર્શ્વનાથપ્રભુ શ્રાવણ સુદ સાતમના રોજ મુક્તિ પામ્યા છે; એ દિવસને 'મોક્ષસપ્તમી' કહેવાય છે. આ તીર્થધામમાંથી મોક્ષ પામનારા તીર્થંકરોમાં પાર્શ્વનાથ ભગવાન છેલ્લા છે, તેથી આ પહાડનું નામ પણ ભગવાનના નામ ઉપરથી 'પારસનાથ હીલ' તરીકે હાલમાં પ્રસિદ્ધ છે; અહીંના રેલ્વેસ્ટેશનનું નામ પણ 'પારસનાથ' છે.

સમ્મેદશિખરની આ સૌથી ઊંચી સુવર્ણભદ્ર ટૂંક ઉપર એક શિખરબંધ મંદિર છે. અનેક માઇલો દૂરથી સૌથી પહેલાં એનાં દર્શન થાય છે. આ મંદિરની વેદીકા પર પાર્શ્વનાથપ્રભુના શ્યામવર્ણા ચરણપાદૂકા સ્થાપિત છે. ઇતિહાસકારો કહે છે કે પહેલાં આ મંદિરમાં પાર્શ્વનાથપ્રભુના દિ. પ્રતિમાજી હતા. " जैनतीर्थ और उनकी यात्रा " માં બાબુ કામતાપ્રસાદજી આ સંબંધમાં લખે છે કે-' સમ્મેદાચલ યહ મહા પવિત્ર તથા અત્યન્ત પ્રાચીન સિદ્ધક્ષેત્ર હૈ, જિસકી વન્દના કરના પ્રત્યેક જૈની અપના અહોભાગ્ય સમઝતા હૈ. અનન્તાનન્ત મુનિગણ યહાંસે મુક્ત હુએ હૈ. અનન્ત તીર્થંકર ભગવાન અપની અમૃતવાણી ઔર દિવ્યદર્શનસે ઇસ તીર્થકો પવિત્ર બના ચૂકે હૈ. ઇસ યુગકે અજિતનાથાદિ વીસ તીર્થંકર ભગવાન યહાંસે મોક્ષ પધારે હૈ. નિઃસંદેહ ઇસ તીર્થરાજકી મહિમા અપાર હૈ. ઇન્દ્રાદિક દેવ ઉસકી વન્દના કરકે અપના જીવન સફલ હુઆ સમઝતે હૈ."

" ઈસ સિદ્ધાચલ પર દેવેન્દ્રને આકર જિનેન્દ્ર ભગવાનકી નિર્વાણભૂમિયાં ચિહ્નિત કર દી થી, ઉન સ્થાનોં પર સુંદર શિખરેં ચરણચિહ્ન સહિત નિર્માણ કી ગઈ થી. કહતે હૈ કિ સમ્રાટ શ્રેણિકકે સમયમેં ( એટલે કે મહાવીર ભગવાનના વખતમાં ) વે અતીવ જીર્ણશીર્ણ અવસ્થામેં થી યહ દેખકર ઉન્હોંને સ્વયં ઉનકા જીર્ણોદ્ધાર ઔર ભવ્ય ટોંકે નિર્માણ કરા દી. સં. ૧૬૧૯ મેં યહાંપર દિ. જૈનિયોંકા એક મહાન જિનબિંબ પ્રતિષ્ઠાઉત્સવ હુઆ થા. પહેલે પાલગંજકે રાજા ઇસ તીર્થકી દેખભાલ કરતે થે...પાર્શ્વનાથકી ટોંકવાલે મંદિરમેં દિગંબર જૈનપ્રતિમા હી પ્રાચીનકાલસે રહી હૈ. " Image of PARSVANATH to represent the saint sitting naked in the attitude of maditation. "-H. H Risley. Statisticial Act of Bengal XVI 207 ff.

ઉપરોક્ત ઉલ્લેખ પરથી જણાય છે કે આ પાર્શ્વપ્રભુની ટૂંકે પહેલાં જિન-પ્રતિમા હતા, પરંતુ હાલમાં તો માત્ર ચરણપાદૂકા જ છે. આ પાર્શ્વનાથ ટૂંક પરથી આખાય પર્વતનું દશ્ય બહુ જ સોહામણું લાગે છે; ચંદ્રપ્રભુની ટૂંક વગેરે અનેક ટૂંકો અહીંથી દેખાય છે. દરિયાના સ્તર કરતાં ૪૪૮૦ ફૂટ ઊંચે પાર્શ્વપ્રભુના ચરણપાદૂકાને સૌ આનંદથી ભેટ્યા ને ભક્તિથી અર્ઘ ચડાવ્યો; પછી પ્રભુના ચરણસ્પર્શ કરીને આનંદથી ગાતાં ગાતાં પ્રદક્ષિણા દીધી—

જય પારસ જય પારસ જય પારસ દેવા...
સમ્મેદશિખર પર આપ બિરાજો હો દેવનકે દેવા....જય૦
બનારસીમેં જન્મ લિયા પ્રભો આનંદ મંગલકારા...
સમ્મેદશિખરસેં મોક્ષ પધારે વંદન આજ અમારા...જય૦

પહેલાં આ મંદિરનો અંદરનો ભાગ વિશાળ હતો, પરંતુ હવે તેમાં ફેરફાર કરી નાખેલ હોવાથી અંદર જગ્યા સાંકડી છે. અંદર ભક્તિ કરવા માટે યાત્રિકોનો સમાવેશ થાય તેમ ન હતો તેથી ટૂંકની પાસે બહારના ચોગાનમાં ભક્તિ કરવામાં આવી હતી. પાર્શ્વપ્રભુની આ ટૂંકની વંદના પૂરી થતાં સમ્મેદશિખર તીર્થધામની પચીસે ટૂંકની વંદના પૂરી થઈ, ને યાત્રિકોએ ઘણા મહાન હર્ષપૂર્વક જયજયકારથી પહાડને ગજાવી મુકયો—

બોલિયે...પાર્શ્વનાથ ભગવાનકી જય હો.
બોલિયે...અનંત તીર્થંકર ભગવાનકી જય હો.

બોલિયે મહાન તીર્થધામ સમ્મેદશિખરકી જય હો.
બોલિયે...અનન્તાનંત મુનીવરોંકી જય હો.


બોલિયે...અપૂર્વ યાત્રા કરાવનાર કહાનગુરુદેવકી જય હો.
બોલિયે...સર્વે આત્મ સાધક સન્તોંકી જય હો.

બોલિયે...આનંદમંગલકારી યાત્રા ભક્તિકી જય હો.


卐

—આમ જયજયકાર કરીને મંદિરની બહાર આવતાં ઘણા યાત્રિકોને એમ લાગ્યું કે યાત્રા પૂરી થઈ ગઈ, એટલે તેઓ તો પહાડ ઊતરવા માંડ્યા. પરંતુ, ભક્તિનો એક મહાન પ્રસંગ તો હજી બાકી હતો; આખા શિખરજી તીર્થની યાત્રાનો હર્ષ વ્યક્ત કરનારી ભક્તિ હજી બાકી હતી. સમ્મેદશિખરની પચીસે ટૂંકની યાત્રા પૂર્ણ કરીને તેના સર્વોચ્ચ શિખર–સુવર્ણશિખર ઉપર યાત્રિકો બેઠા, ને ગુરુદેવ યાત્રિકો સાથે યાત્રાના આનંદની ચર્ચાવાર્તા કરવા લાગ્યા. એ વખતનું દૃશ્ય સુંદર હતું. જેમ ધર્મકાળમાં કે વિદેહક્ષેત્રમાં કોઈ મહાન આચાર્ય-સંત

ચારેકોર સેંકડો મુનિઓના સમૂહ વચ્ચે બિરાજતા હોય ને આનંદપૂર્વક ચૈતન્યની ચર્ચા કરતા હોય–એ દૃશ્ય કેવા અદ્‌ભુત હોય! તેમ અહીં પણ સિદ્ધિધામના શિખર પર સેંકડો મુમુક્ષુ યાત્રિકોની વચ્ચે બિરાજમાન ગુરુદેવ જેવા સન્ત યાત્રાની આનંદકારી ચર્ચા કરીને અધ્યાત્મરસનું પોષણ કરતા હતા—એ દૃશ્ય અદ્‌ભુત હતું. એ વાતાવરણમાં સિદ્ધભગવંતો અને કેવળીભગવંતોનો સમૂહ તેમ જ સાધક મુનિવરોનો સમૂહ પણ જાણે અહીં જ અત્યારે આ યાત્રામહોત્સવમાં પધાર્યા હોય...ને તેમની મંડળીમાં જ સૌ બેઠા હોઈએ,–એમ તેમનાં સ્મરણો જાગતા હતા. એ સ્મરણો હૃદયમાં ખૂબ જ ભક્તિ જગાડતા હતા. અહીં પ્રથમ ગુરુદેવે પ્રસન્નતાપૂર્વક ભક્તિ કરાવી. સમ્મેદશિખર જેવું તીર્થ અને ગુરુદેવ જેવા યાત્રિક... પછી ભક્તિમાં શું ખામી રહે! તીર્થંકરો આ ભૂમિમાં વિચરે છે ને ચારણમુનિઓ અહીં જિનવંદના કરવા આવે છે–એવા એવા વર્ણનથી ભરપૂર પૂ. બેનશ્રીબેને બનાવેલું ગાયન ગુરુદેવના શ્રીમુખથી ભક્તિદ્વારા સાંભળીને યાત્રિકોને તીર્થંકરો અને મુનિઓના સાક્ષાત્ દર્શન જેવો આહ્‌લાદ થતો હતો; અને એમ થતું કે અહો, આપણા જીવનનો આ દિવસ ધન્ય છે કે ગુરુદેવ સાથે આવા ઉત્તમ ભાવથી આવા મહાન તીર્થની યાત્રા થઈ. ગુરુદેવને પણ આજે ભક્તિની કોઈ અનેરી ઉર્મિઓ ઉલ્લસી રહી છે. જેમ પ્રભુના સમવસરણમાં બેઠેલા જીવને ત્યાંથી ખસવાનું જરાય દિલ ન થાય તેમ ગુરુદેવ સાથે સિદ્ધભૂમિની ટોચપર બેઠેલા યાત્રિકોને પણ નીચે ઉતરવાનું દિલ થતું નથી. બસ, જાણે અહીં જ રહીને સિદ્ધભગવંતોની ઉપાસના જ કરવાની હોય... ને એ સિવાય બીજું કોઈ કાર્ય જ જીવનમાં ન હોય–એવી લયલીનતાથી ગુરુદેવે ભક્તિ કરાવી. 'પાર્શ્વજિણંદને પ્રીતથી નિત્ય વંદું' —ઈત્યાદિ સ્તવન જેમ જેમ ગવાતાં ગયાં તેમ તેમ ભક્તિનો રંગ વધતો ગયો...ગુરુદેવના મુખથી વહેતું વૈરાગ્યથી ભરેલું ભક્તિનું ઝરણું...તેના શાંતરસમાં મગ્ન બેનશ્રી-બેન વગેરેને એમ થતું હતું કે અહા! આવી મધુર ભક્તિ સાંભળ્યા જ કરીએ...બીજા અનેક યાત્રિકો પણ આવી સરસ યાત્રા ભક્તિ થઈ તે સંબંધી પોતાનો ઉલ્લાસ અને પ્રમોદ ગુરુદેવ સમક્ષ વ્યક્ત કરતા હતા. આખાય યાત્રાસંઘમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો હતો....પરંતુ ગુરુદેવનું ધ્યાન તો શિખરજીધામની ભક્તિમાં જ મશગુલ હતું...હૃદયના ઊંડા ઉમળકાથી બે સ્તવન ગવડાવીને પછી ગુરુદેવે બહેનોને ભક્તિ કરાવવાનું કહ્યું. અને પૂ. બેનશ્રી-બેને ઘણા જ ભક્તિભાવથી બે સ્તવનો ગવડાવ્યા:—



મંગલ તીર્થયાત્રા (૩૭૨)



વિચરંતા ચોવીસ જિનને વંદું ભાવે............................
શાશ્વતા જિનધામને વંદું ભાવે, શાશ્વતા સિદ્ધિધામને વંદું ભાવે....
સમ્મેદશિખરની અદ્‌ભુત એવી શોભા, હાંરે જીહાં વિચરંતા જિનદેવા,
હાંરે ગણધર-મુનિવર કરે જસ સેવા, હાંરે દેખું ધન્ય એ દશ્ય...
...વિચરંતા ચોવીસ જિનને વંદું ભાવે....
....શાશ્વતા સિદ્ધિધામને વંદું ભાવે...
(અને બીજું સ્તવન હતું ભગવાનની લગનીનું—)

તુમસે લગની લાગી જીનવર તુમસે લગની લાગી
સંમેત શીખરમાં ગુરુજી પધાર્યા, આનંદ ભેરી વાગી
ભક્તિથી અમ હૈયાં ઉછળે તીર્થધામ નીહાળી-તુમસે.
જીનેશ્વરના ધામ નીરખતા જીનવર આજે ભેટ્યા
વિદેહ સરખા સમેતશીખરજી શાશ્વત ધામ નીહાળ્યા તુમસે.
પાવન જીનના ચરણ કમળથી કણ કણ પાવનકારી
સમેતશીખરના ભુમી તળમાં સ્વસ્તીક મંગળકારી-તુમસે.
સાદી અનંતનો સાદજ ગુરુજી લગની તારી લાગી
નાચ્યે ગુરુજી સંગે રહીએ ચરણોની બલીહારી-તુમસે.

આમ સમ્મેદશિખરની સુવર્ણભદ્ર નામની સર્વોચ્ચ ટૂંક ઉપર ભાવભીની ભકિત થઇ. જેમ જ્ઞાન પછીનો વૈરાગ્ય જુદી જાતનો હોય છે તેમ ગુરુદેવ સાથેની યાત્રા પછીની આ ભકિત પણ જુદી જાતની હતી. યાત્રિકોની સાથે પર્વતે પણ પડઘા પાડી પાડીને એ ભક્તિમાં સાથ પુરાવ્યો. આજની ભકિત જોતાં એમ થતું હતું કે વાહ! પરોક્ષ જિનવરો પ્રત્યે પણ સાધકોને આટલી ભકિત ઉલ્લસે છે, તો પ્રત્યક્ષ જિનવરની શી વાત!! ગુરુદેવને આજની સમ્મેદશિખરતીર્થની યાત્રાભકિતમાં કેવો અદ્‌ભુત આહ્‌લાદ આવ્યો... એનું અનુમાન તો આ ઉપરથી જ થઇ જાય છે કે-જેવી યાત્રા અને ભકિત પૂરી થઇ કે તરત યાત્રાની પૂર્ણતાના ઉલ્લાસમાં તેમણે નીચે મુજબ જે બોલાવી—

સમ્મેદશિખરજી તીર્થધામકી.......જય હો.
શ્રી ચંદ્રપ્રભુ ભગવાનકી.......જય હો.
શ્રી પારસનાથ ભગવાનકી......જય હો.
શ્રી શાશ્વત નિર્વાણધામકી.......જય હો.

૧૮ વર્ષના પરિચયમાં કના ખ્યાલ પ્રમાણે પૂ. ગુરુદેવે પોતે જે...બોલાવી હોય એવા ફકત ત્રણ પ્રસંગો બન્યા છે: સૌથી પહેલીવાર સં. ૨૦૦૫ માં માગસર વદ આઠમે જ્યારે પ્રવચનમાં (આઠમી વખત) સમયસારની સમાપ્તિ થઈ ત્યારે ગુરુદેવે 'સમયસાર ભગવાનની જય' બોલાવી હતી. બીજી વાર સં. ૨૦૧૦ માં ગીરનારયાત્રા વખતે ગીરનાર પરના જિનમંદિરમાં 'ગીરનારગિરિ પર ત્રણ કલ્યાણકપ્રાપ્ત નેમિનાથ ભગવાનની જય' બોલાવી હતી અને ત્રીજીવાર આજે સં. ૨૦૧૩ માં ફાગણ સુદ સાતમે સમ્મેદશિખરની સુવર્ણભદ્રટૂંક પર ગુરુદેવે જે બોલાવી હતી. અહા! આવી મહાન તીર્થયાત્રાનો અત્યંત પ્રમોદ ગુરુદેવે જયકારવડે વ્યકત કર્યો.. ... એ જયનાદ હજારો યાત્રિકોએ ખૂબજ ઉમંગથી ઝીલ્યો, ને યાત્રિકોના હૃદયમાંથી એ જયનાદના પડઘા ઊઠ્યા કે—

## સમ્મેદશિખર સિદ્ધિધામની અપૂર્વ યાત્રા કરાવનાર
## ગુરુદેવનો જય હો

卐 卐

પછી ત્યાં યાત્રાસંબંધી ચર્ચાવાર્તા ચાલી ને શિખરજી તીર્થનો ઘણો મહિમા કર્યો. ગુરુદેવના શ્રીમુખથી શિખરજીનો પરમ મહિમા અને સિદ્ધપદની ઊંચીઊંચી ભાવનાઓ સાંભળીને યાત્રિકોના હૈયા આનંદથી ડોલી ઊઠ્યા હતા. આનંદકારી યાત્રાની પૂર્ણતાના ઉલ્લાસતરંગો ચારેકોર ફેલાઈ ગયા હતા. અહા, જાણે ગુરુદેવ સાથે સિદ્ધ-ભગવાનને ભેટી આવ્યા ને હવે તો બસ ! એ સિદ્ધપદની આરાધનામય જ આપણું જીવન બની જાય–એવી ઉર્મિઓ અંતરમાં વેદાતી હતી. બેનશ્રી–બેન બંનેએ પણ કહ્યું કે ગુરુદેવના પ્રતાપે અદ્ભુત યાત્રા થઈ. અહા! આ યાત્રાની શી વાત કરવી? કેટલાક આનંદકારી પ્રસંગો એવા હોય છે કે વાણીથી જે વ્યક્ત થઈ શકતા નથી. એવો જ જીવનનો આ યાત્રાનો ધન્ય પ્રસંગ છે. અહીં મુરબ્બીશ્રી નાનાલાલભાઈ, રામજીભાઈ,

ખીમચંદભાઈ, આનંદભાઈ જસાણી, મૂળજીભાઇ, પ્રભુદાસભાઇ તથા રતિભાઇ ઘીયા, નેમિચંદજી પાટની, ભાઈશ્રી હિંમતભાઇ તથા વજુભાઇ, બ્રહ્મચારી ભાઇઓ, બ્રહ્મચારી બહેનો તેમજ ઘણા ગામોમાંથી આવેલા સંખ્યાબંધ યાત્રિકભાઇ–બહેનો ગુરુદેવ સાથે થયેલી અપૂર્વ યાત્રાનો આનંદ અનુભવતા હતા, ને જીવનને સફળ માનતા હતા.

રાતના બે વાગ્યાથી શિખરજી પર ચડ્યા છીએ, પચ્ચીસે ટૂંકની યાત્રા ઘણા આનંદોલ્લાસથી પૂરી કરી છે, પરંતુ ગુરુદેવ સાથે યાત્રા કરતાં તીર્થભક્તિનો એવો રંગ ચડ્યો છે કે હવે પહાડ પરથી નીચે ઉતરવું ગમતું નથી. જેમ ખરા આત્માર્થીને ચૈતન્યનો એવો રંગ ચડે કે પરભાવમાં કયાંય તેને ગમે નહિ, તેમ યાત્રિકોને તીર્થધામ છોડીને બીજે કયાંય જવું ગમતું નથી. અહા, જાણે તીર્થધામમાં જ રહીએ ને સાધકભાવના રંગથી આત્માને રંગી દઇએ. અનંતા સાધકોએ જ્યાં નિજપદને સાધ્યું–એવી આ સાધનાભૂમિમાં આવ્યા છીએ તો અહીં જ નિજપદને સાધી લઈએ ! આવી અકથ્ય ઊંડી ઊર્મિઓ જાગતી હતી.

શાશ્વત સિદ્ધિધામ સમ્મેદશિખરજીને ભેટવાની ભાવના ઘણા ઉલ્લાસપૂર્વક પૂરી કરીને ગુરુદેવે પર્વતપરથી નીચે ઉતરવાની શરૂઆત કરી. હૃદયામાં ભરેલા યાત્રાના સંસ્કાર હૃદયના ભણકારાની સાથે ધબધબ થતા હતા....યાત્રાનો પવિત્ર પ્રસંગ જીવનમાં સદાય યાદ રહેશે ને સિદ્ધિપંથની પુનિત પ્રેરણા સદા આપ્યા કરશે–આવી લાગણી બધા યાત્રિકોમાં દેખાતી હતી. અહો સિદ્ધભગવંતો ! આજે ૧૨ કલાક મેં આપના પવિત્ર ધામમાં વાસ કર્યો...આપની પવિત્ર સિદ્ધભૂમિના સ્પર્શનથી મારો આત્મા પાવન થયો....મને આપના પવિત્ર માર્ગની પ્રાપ્તિ થઇ....ને દુનિયા તો જાણે કયાંય ભૂલાઇ ગઈ ! અનંતા તીર્થંકર ભગવંતોની અને સંતોની પવિત્ર ચરણરજને ફરીફરી મસ્તકે ચઢાવીને તીર્થરાજનું બહુમાન કર્યું, એટલું જ નહીં–'આ પણ તીર્થનો અંશ છે અને તેને જ્યારે જોઈશું ત્યારે તીર્થનું જ સ્મરણ થશે' એમ કલ્પીને ત્યાંની ચરણરજને બહુમાનપૂર્વક સાથે લઇ લીધી.

ગુરુદેવ સાથે આ સિદ્ધિધામની યાત્રા એવા ભાવથી થઇ–જાણે કે અદૃશ્ય એવા સિદ્ધભગવંતોને દૃશ્યમાન કર્યા.. સિદ્ધિધામમાં વિચરતા મુમુક્ષુહૃદયમાં પગલે પગલે સિદ્ધસ્વરૂપનો સાક્ષાત્ ચિતાર ખડો થતો હતો...ને જાણે કે પોતે એ સિદ્ધોની મંડળી વચ્ચે જ બેઠા હોય એવા અચિંત્યભાવો સાધકોને ઉલ્લસતા હતા. આવા ધામમાંથી ઉતરતાં પહેલાં એકવાર ફરીને નયન ભરીભરીને શિખરજીનું

અવલોકન કર્યું ને હૃદયમાં તેનો અચિંત્યમહિમા ભર્યો : વાહ શિખરજી ધામ! તમારું સ્થાન ભારતના તીર્થોમાં સર્વોત્કૃષ્ટ છે. અનંત ચોવીસીના અનંત તીર્થંકરો ને અનંતા મુનીશ્વરોએ અહીંથી સિદ્ધપદ સાધ્યું છે, ને તેમની સાધનાના પ્રતાપે અહીંથી કાંકરી કાંકરી પૂજનિક બની ગઇ છે. ચારે બાજુ છવાયેલો આ આખો ગૌરવપૂંજ અહીં સુવર્ણભદ્રટૂંક પરથી નજરસમક્ષ દેખાય છે, અહીંથી જાણે કે સિદ્ધલોક બહુ જ નજીક હોય એવું લાગે છે, ને અનંતા સિદ્ધો તથા તેમની સાધના સ્મૃતિમાં આવે છે; જીવનમાં ન ભૂલાય એવી ઉચ્ચ ભાવનાઓ હૃદયમાં કોતરાઇ જાય છે. ઉતરતા પહેલાં સૌએ ફરીફરીને એ પાવનસિદ્ધિધામને નમસ્કાર કર્યા... અયોગી ભગવંતોની આ ભૂમિને નમસ્કાર! સિદ્ધભૂમિને નમસ્કાર! અહા કેવો પવિત્ર દેશ! હે ભગવાન! તમારા દેશમાં આવીને હું દુનિયાને ભૂલી ગયો. દુનિયાનાં દુઃખો દૂર થઈ ગયા....આત્મા સાધકભાવ તરફ જાગ્યો. છેલ્લે નમસ્કારમંત્રના શાંતિજાપ કરીને મંગલ જયનાદ કરતા કરતા, ઘંટનાદ ગજાવતાં ગજાવતાં ને ફરીફરીને આ તીર્થની યાત્રા કરવાની ભાવના ભાવતાં ભાવતાં, ભગવાન સાથે નિકટમુક્તિના કોલકરાર કરીને આનંદથી યાત્રા પૂરી કરી.

ઉતરતાં ઉતરતાં સૌ યાત્રિકો અરસપરસ આનંદભરી ચર્ચા કરતા કહેતાં કે વાહ! યાત્રા તો અદ્ભુત થઇ... ટૂંકે ટૂંકે અનેરા ભાવો ઉલ્લસતા હતા ....ધર્માત્માને સિદ્ધપ્રભુ પ્રત્યે કેવી પરમ અદ્ભુત ભક્તિ હોય તે આજે જોવા મળ્યું... ભૂખ–તરસ કે થાક તો યાદ પણ આવતા ન હતા.... સમવસરણમાં ભૂખ–તરસ કે થાક ક્યાંથી લાગે! આવી યાત્રા મહાન ભાગ્યથી જ થાય છે. જેમ તીર્થંકર સાથે તે કાળના જે ગણધરાદિ મુનિઓ ને શ્રાવકો વિચરતા હશે તેમને કેવો આનંદ થતો હશે! તેમ અહીં પણ યાત્રિકોને ગુરુદેવ સાથે તીર્થધામમાં વિચરતા આનંદ થતો હતો. જાણે પૂર્વનાં દૃશ્યો જ વર્તમાન નજરે તરવરતા હતા. ગુરુદેવ પણ પ્રમોદથી કહેતા કે આજે જીવનનો આ એક અગત્યનો પ્રસંગ બન્યો; તે યાદગાર બની રહેશે. યાત્રા ઘણી સરસ થઇ. યાત્રાના આનંદમંગળ ગાતાં ગાતાં સૌ નીચે ઉતરી રહ્યા હતા, ઉતરતાં ઉતરતાં શિખરજીની શોભા નીહાળતાં આંખો ઠરતી હતી... સમ્મેદશિખર પર્વત બહુ મોટો વિશાળ અને ભવ્ય છે...એની દિવ્ય પ્રાકૃતિક શોભા અનેરી છે, રસ્તા ભારે ગીચ ઝાડીવાળા છે. બે મિનિટનું અંતર હોય તોય માણસો એકબીજાને જોઇ ન શકે. તેમાં ય ટૂંકી કેડીના રસ્તા તો એવી ગીચ ઝાડી વચ્ચેથી પસાર થાય છે કે જાણે ઊંડી ગૂફામાં ચાલતા હોઇએ તેવું લાગે. ઠેર ઠેર કેળાં વગેરેનાં ઝાડો ઊગેલાં છે, તે ઉપરાંત હરડે

વગેરે હજારો પ્રકારની ઔષધિ અને રંગબેરંગી પુષ્પલતાઓ ચારે બાજુ છવાયેલી છે. રસ્તામાં ઠેરઠેર ધ્યાનયોગ્ય સ્થળો છે ...તે આજે ધ્યાનસ્થ મુનિવરો વગર ખાલી સૂનાં સૂનાં લાગે છે. અહા, મુનિવરો અહીં બિરાજતા હોય....કોઈક મુનિભગવંત મળી જાય....તો અહીં જ રહી જઈએ ને ચૈતન્યની અનુભૂતિને સાધીએ–આવી ઉર્મિઓથી ઘડીભર તો પગ શિખરજી પર થંભી જાય છે. તીર્થભૂમિની એ પાવન ઝાડી ને પહાડી જોતાં એમ લાગે છે કે શિખરજી આપણું જ તીર્થધામ છે. એ કાંઈ પરદેશ નથી. આ તો આપણા અનંતા તીર્થંકરોનો સ્વદેશ છે... આપણા ધર્મપિતાનું આ સાધનાધામ છે.... અનંતા તીર્થંકરો–મુનિઓ અહીં વિચર્યા છે, ને આત્માના પરમાત્મપદને અહીંથી સાધ્યું છે. વાહ ધન્ય છે આ ભૂમિને! આવી ભૂમિમાં આરાધક જીવોને તો આરાધનાની ઉર્મિઓ જાગે છે, ને પ્રમોદપૂર્વક ચૈતન્યની ચર્ચાવાર્તા કરે છે. મુનિઓના ધામમાં આવીને મુનિ જેવા થઈએ, કેવળજ્ઞાન સાધીએ ને સિદ્ધરૂપ બનીએ –એવી ઉત્તમ ભાવનાઓ જાગે છે. આ તીર્થભૂમિ પણ યાત્રિકને એવી જ પ્રેરણા આપી રહી છે કે હે યાત્રિક, હવે તો બસ! જીવનમાં આત્મધ્યાન કરીકરીને આત્માને સાધવો એ જ કરવાનું છે.... એ જ આદર્શ છે, એ જ ધ્યેય છે. જો કે આવી ભાવના સાથે ઝડપથી પહાડ ઉતરાતો હતો, પરંતુ મુમુક્ષુનું મન પહાડ ઉતરવામાં ન હતું.....મુમુક્ષુનું મન તો આવી ઉત્તમ ભાવનાઓમાં રોકાયેલું હતું... ને પહાડ ઉતરવાનું કામ તો પગ કરતા હતા. એકેએક યાત્રિકના હૃદય યાત્રાના ઉલ્લાસથી ઉછળતા હતા. પહાડ ચડતી વખતે ગુરુદેવનો સાથ હતો અને પહાડ ઉતરવામાં પણ ગુરુદેવ સાથે હોવાથી યાત્રિકોને અનેરો આનંદ આવતો હતો. સફળ યાત્રાની પ્રસન્નતા સૌના મુખ ઉપર છવાયેલી હતી ને વચનદ્વારા પણ સૌ હર્ષ અને ભક્તિ વ્યક્ત કરતા હતા.

અહા, આ યાત્રા તો વીતરાગીભાવનાનો એક મહોત્સવ હતો. ત્યાં તીર્થભક્તિનાં તોરણ બંધાયા હતા ને સંયમભાવનાના વાજાં વાગતાં હતાં. જીવનભર ન ભૂલાય એવી આ ઉત્તમયાત્રા જેમના પ્રતાપે થઈ તેમના ઉપકારને પણ યાત્રિકો ભવોભવમાં નહિ ભૂલે. —સદાય એની હૃદયસીતારમાંથી ઝણકાર ઊઠ્યા કરશે કે—

એવા સંતની ચરણરજને મારે શિર ચઢાવું....
હું સેવક છું એ સંતોનો મારે પણ ત્યાં જાવું....
સોહે સંમેદશિખરનાં ધામ...ભાવે કરતાં યાત્રા...આજે ઉલ્લસે આતમરામ

યાત્રાની પૂર્ણતા પ્રસંગે ભક્તયાત્રિકોના હૃદયમાં એવું વેદન થાય છે કે, હે ભગવંતો ! હે અનંત જિનેન્દ્રો ! આપના આ પવિત્ર મુક્તિધામની યાત્રા કરવાની અમારી ભાવના આજે પૂરી થઇ....અમારા મનોરથ આજ સફળ થયા.. ભગવંતોનો આજે ભેટો થયો.. હે ગુરુદેવ ! આપનો આ જીવનમાં પરમ ઉપકાર છે...આજે આ મહામંગળ શાશ્વત તીર્થધામની યાત્રા થઇ તે આત્માના હિતનું કારણ છે

આનંદ–મહોત્સવપૂર્વક યાત્રા કરીને પહાડ પરથી ઉતરી રહેલા ગુરુદેવ જ્યારે રંગબેરંગી પુષ્પઝાડી વચ્ચેથી પસાર થતા ત્યારે સુંદર પુષ્પોથી ઝૂલતા પર્વત ઉપરનાં વૃક્ષો એવા સુશોભિત લાગતા કે જાણે પર્વત ગુરુદેવને પુષ્પાંજલિ ચડાવીને આવકારતો હોય ને ફરીને વેલાવેલા યાત્રા કરવા પધારજો–એવું આમંત્રણ આપતો હોય. ઉન્નત શિખરો ને ગીચ ઝાડીઓથી છવાયેલા ધીરગંભીર ઉપશાંત દૃશ્યો 'અહીં ભગવાન વિચર્યા છે' એમ પ્રતીત કરાવતા હતા. નમતી સાંજનું ઉપશાંત વાતાવરણ, મુનિઓના ધ્યાનથી પાવન થયેલી ભૂમિ, ચારેકોર પહાડોની વચ્ચે વનની નીરવ શાંતિ....એ બધું સંતોની ધ્યાનદશાને યાદ કરાવતું હતું: અહો, અમારા ધર્મપિતા અહીં પરમાત્મધ્યાન કરતા. હે મારા નાથ ! હું તારો પુત્ર, તારા પગલે પગલે તારી પાસે આવું છું. ગુરુદેવને પણ ઘણી પ્રસન્નતાપૂર્વક આવી ભાવનાંઓ જાગતી હતી. આમ, ભગવંતોની પવિત્ર ભૂમિ જોતાં જોતાં, મુનિઓની ધ્યાનદશાને યાદ કરતા કરતા, ને આત્મહિતની ભાવનાઓ ભાવતાં ભાવતાં પર્વત પરથી ઉતરતા હતા. લગભગ ત્રણેક માઇલ પર શ્વેતાંબર તથા દિગંબર બંનેના વિશ્રામસ્થાન આવે છે, ત્યાં યાત્રિકોને ભાતું પણ અપાય છે...તથા બાજુમાં વહેતું એક ઝરણું પર્વતની પ્રાકૃતિક શોભામાં વધારો કરે છે. મંગળગીત ગાતાં ગાતાં લગભગ બે વાગે સૌ નીચે આવી પહોંચ્યા...હર્ષભર્યા જયઘોષથી શિખરજીની તળેટી ગૂંજી ઊઠી.... પરોઢિયે બે વાગે સિદ્ધિધામમાં ગયેલા તે બપોરે બે વાગે નીચે આવ્યા... અહા, ૧૨ કલાક આજનો દિવસ તો જાણે સિદ્ધભગવંતોના દેશમાં જઇ આવ્યા.


હે સિદ્ધભગવંતો ! હે તીર્થંકર ભગવંતો ! હે ગણધરાદિ મુનિવરો ! આ 'મંગલતીર્થયાત્રા'માં આપશ્રીના પવિત્ર મોક્ષધામમાં જાગેલી આત્મહિતની ઉલ્લાસકારી ભાવનાઓ અખંડપણે જાગતી રહીને આત્મહિતના માર્ગમાં આગળ લઈ જાઓ.

મહામંગળ સમ્મેદશિખર શાશ્વત સિદ્ધિધામને નમસ્કાર હો....
સમ્મેદશિખરથી સિદ્ધિપ્રાપ્ત અનંત સિદ્ધભગવંતોને નમસ્કાર હો...

સમ્મેદશિખર સિદ્ધિધામની 'મંગલતીર્થયાત્રા' કરાવનાર કહાન ગુરુદેવને નમસ્કાર હો..
આત્મહિતકારી "મં...ગ...લ...તી...ર્થ...યા...ત્રા"નો જય હો....જય હો...જય હો...


સમ્મેદશિખરધામની મંગલ તીર્થયાત્રા કરીને નીચે આવ્યા બાદ યાત્રિકો આખોય દિવસ ને રાતે પણ યાત્રાની જ ધૂનમાં રહ્યા, જ્યાં જુઓ ત્યાં એનું જ રટણ ને એની જ ચર્ચા. રાત્રે ભક્તિ થઈ હતી તેમાં પણ યાત્રાનો હર્ષોલ્લાસ અને તીર્થધામ પ્રત્યે પરમ ભક્તિ વ્યક્ત થતા હતા. બીજે દિવસે ( ફાગણ સુદ આઠમના રોજ) આખો દિવસ પૂજન-પ્રવચન ભક્તિ વગેરેમાં પસાર થયો; બધાય કાર્યક્રમોમાં યાત્રાનો આનંદ વ્યક્ત થતો હતો. ગુરુદેવ પ્રવચનમાં પણ વારંવાર યાત્રાના પ્રમોદપૂર્વક તીર્થમહિમા કરતા હતા.... "વાહ, શિખરજી ઉપર અનંતા સિદ્ધભગવંતો બિરાજે છે; એ સિદ્ધભગવંતોનું ત્યાં સ્મરણ થતું હતું ...એ જ આત્માનું ધ્યેય છે, ને એના સ્મરણ માટે આ યાત્રા છે. યાત્રા તો અલૌકિક થઈ... લોકોનો ઉત્સાહ પણ ઘણો હતો. આ યાત્રા તો જીવનમાં યાદ રહી જશે." આવી યાદગાર અને મહિમાવંત તીર્થયાત્રાને હૃદયમાં ભરીને, હવે આપણે અંગ દેશના એક અતિ સુંદર તીર્થધામમાં જઈએ.

# ચંપાપુરી–મંદારગિરિ તીર્થધામ





સમ્મેદશિખર મધુવનથી લગભગ ૧૬૦ માઇલ દૂર વાસુપૂજ્ય ભગવાનના પંચકલ્યાણકનું પાવનધામ ચંપાપુરી (ભાગલપુર) આવેલું છે....ગંગાકિનારે આવેલું એ એક **મનોહર** રળિયામણું તીર્થસ્થાન છે. ફાગણ સુદ ૯ ની સવારે ગુરુદેવે તથા યાત્રાસંઘે વાસુપૂજ્ય ભગવાનના પાંચ કલ્યાણકધામની યાત્રા કરવા ચંપાપુરી–ભાગલપુર તરફ પ્રસ્થાન કર્યું. સવારમાં મધુવનથી પ્રસ્થાન કરીને ગીરડીહ ગામે શ્રી રામચંદશેઠને ત્યાં થોડીવાર રોકાયા. રામચંદશેઠ ગુરુદેવના પરિચયથી ખૂબ પ્રભાવિત થયા. વચ્ચે દેવઘર મુકામે આહાર કરીને બપોરે સાડાત્રણ વાગે ભાગલપુર પહોંચ્યા, ત્યાં જિનમંદિરમાં દર્શન કર્યા. તેમાં કેટલીક જૂની પ્રતિમાઓની આકૃતિઓ દેખીને ગુરુદેવને પ્રસન્નતા થઇ. ત્યાંની પ્રતિમાઓને ગુરુદેવ ઘણીવાર યાદ કરે છે.

ફાગણ સુદ ૧૦ ની સવારે ગુરુદેવ તથા યાત્રિકો ભાગલપુરથી બે માઇલ દૂર ચંપાપુર (નાથનગર) જિનમંદિરના દર્શને પધાર્યા... અહીં વિશાળ મંદિરમાં પાંચ વેદી છે, તથા




ભાગલપુર





ચંપાપુરી



ચાર ખૂણે ચાર મોટા ( સોએક ફૂટ ઊંચા ) સ્તંભ છે -જેમાંથી અત્યારે બે સ્તંભ છે. અહીં વાસુપૂજ્યસ્વામીના કલ્યાણકધામમાં યાત્રિકોએ આનંદથી દર્શન તથા પૂજન કર્યું ... તથા વાસુપૂજ્ય ભગવાનનો અભિષેક થયો... અભિષેક વખતે એક આનંદકારી પ્રસંગ બન્યો : ગુરુદેવે પણ ભગવાનનો અભિષેક ભક્તિપૂર્વક કર્યો... યાત્રા દરમિયાન બડવાનીમાં, પાવાપુરીમાં ને શિખરજીની સુપાર્શ્વટૂંક ઉપર ગુરુદેવે પ્રભુચરણોનો અભિષેક કર્યો હતો, ને અહીં તો સાક્ષાત્ વાસુપૂજ્ય ભગવાનના પ્રતિમાનો અભિષેક કર્યો. ગુરુદેવના જીવનમાં આ નવીનતા હતી, ને ગુરુદેવને પોતાને તેનો કોઇ અનેરો પ્રમોદ હતો. ગુરુદેવના સુહસ્તે જિનેન્દ્ર ભગવાનના અભિષેકનો આ પહેલો જ પ્રસંગ દેખીને સૌને ઘણો હર્ષ થયો. મહાન હર્ષ અને જયજયકારથી વાતાવરણ ગાજી ઊઠયું. જાણે ભગવાનના જન્માભિષેકનું દૃશ્ય દેખતા હોય! એવો સૌને આનંદ થયો. શેઠશ્રી નાનાલાલભાઇ વગેરેને પણ ઘણી પ્રસન્નતા થઇ ને આ પ્રસંગની ખુશાલીમાં ફંડની શરૂઆત થતાં લગભગ બે હજાર રૂપિયાનું ફંડ તે જ વખતે થયું; ને આ ફંડના ઉપયોગ વડે અહીં જ્યાં પૂ. ગુરુદેવનો ઉતારો હતો તે મકાનનો જિર્ણોદ્ધાર કરવાનું નક્કી થયું. અહીં એક ઝાડ ઉપર લીંડીપીપરનો વેલો હતો; ગુરુદેવ પ્રવચનમાં આત્માની શક્તિ સમજાવવા માટે ઘણીવાર ૬૪ પહોરી લીંડીપીપરનો દાખલો આપે છે, પણ તેનો વેલો અહીં પહેલીવાર જોયો....ગુરુદેવે યાત્રિકોનું ધ્યાન તે તરફ ખેંચ્યું. ને ત્યારપછી જ્યારે જ્યારે પ્રવચનમાં લીંડીપીપરનો દાખલો આવે ત્યારે ત્યારે ગુરુદેવ ચંપાપુરીના એ વેલાને યાદ કરે છે. આ ચંપાપુરીની યાત્રા થતાં આપણી યાત્રામાં કુલ ૧૪ ભગવંતોના જન્મધામ, ૧૪ સિદ્ધિધામ તથા એકંદર ૨૦ તીર્થોની યાત્રા થઇ.

ચંપાપુરીમાં દર્શન-પૂજન-અભિષેક કરીને સૌ ભાગલપુર આવ્યા, ત્યાં સ્વાગત થયું, તથા પ્રવચન બાદ ગુરુદેવને ભાગલપુરના જૈનસમાજ તરફથી અભિનંદનપત્ર આપવામાં આવ્યું. રાત્રે જિનમંદિરમાં ભક્તિ થઇ હતી. ગુરુદેવે વાસુપૂજ્ય ભગવાનનું સ્તવન ગવડાવ્યું હતું—

વાસુપૂજ્ય જિનનાથને ભાવે વંદું...હાં રે ભાવે વંદું રે ભાવે વંદું...વાસુ૦
હાં રે એ તો ત્રિભુવનનાથ બિરાજે, હાં રે થયા દરિશણ નાથ..........વાસુ૦
ચંપાપુરી નગરી બહુ બહુ સોહે, હાં રે તિહાં વાસુપૂજ્યજી બિરાજે,
હાં રે પંચકલ્યાણકમહોત્સવ ઉજવાયે, હાં રે સુરનર ઇન્દ્રોનાં ટોળાં ઉતરે,
— હાં રે ધન્ય માત ને તાત......વાસુ૦

બાળબ્રહ્મચારી વાસુપૂજ્યજી સ્વામી, હાંરે ત્રણ ભુવનના છો જગનામી,
હાં રે મુનિનાથના અંતરજામી, હાં રે ત્રિભુવનના શણગાર.........વાસુ૦
— હાં રે સેવકના શણગાર..........વાસુ૦

ચંપાપુરી નગરી પાવનકારી (મનોહારી), હાં રે પ્રભુના પંચકલ્યાણક ભારી,
હાં રે ગર્ભ-જન્મ-દીક્ષા મંગળકારી, હાં રે એ તો પાવન દૃશ્ય....વાસુ૦
— હાં રે એ તો અદ્‌ભુત દૃશ્ય...વાસુ૦


કેવળ કલ્યાણકે શકેન્દ્ર અહીં ઉતરે, હાં રે પ્રભુના સમવસરણ રચાવે,
હાં રે પ્રભુના દિવ્યધ્વનિનાદ ગાજે, હાં રે સહુને આનંદ થાય...વાસુ૦

શૈલેશી કરણે પ્રભુજી અહો વળીયા, હાંરે સમશ્રેણીએ પ્રભુજી ચડીયા,
હાં રે પ્રભુ સિદ્ધિધામને વરીઆ, આજે દેખ્યા તીરથધામ....... વાસુ૦
— હાં રે રાખો સેવકને સાથ...વાસુ૦

ગુરુજી પ્રતાપે ( સંત પ્રતાપે ) નીરખ્યા ધામ...વાસુપૂજ્ય જિનરાજને ભાવે વંદું.
ગુરુજી પ્રતાપે યાત્રા થાય–વાસુ૦ ગુરુજીની સાથે યાત્રા થાય......વાસુ૦

( છેલ્લી કડીમાં કેટલાક શબ્દો ફેરવીને ગુરુદેવે ગવડાવ્યું હતું. ગુરુદેવની ભાવભીની ભક્તિ સાંભળીને સૌ પ્રસન્ન થયા હતા. ત્યાર પછી બેનશ્રી-બેને પણ આનંદકારી ભક્તિ કરાવી હતી. )

# મંદારગિરિ સિદ્ધિધામની યાત્રા



( મંદારગિરિકી ટોચ પર દેખિયે )

બીજે દીવસે ( ફાગણ સુદ ૧૧ની ) સવારમાં સંઘસહિત ગુરુદેવ મંદારગિરિ સિદ્ધિધામની યાત્રા કરવા પધાર્યા. ભાગલપુરથી લગભગ ત્રીસેક માઇલ દૂર મંદારગિરિ પર્વત આવેલો છે. આ પર્વત ઉપર વાસુપૂજ્ય ભગવાનના દીક્ષા–કેવળ તથા મોક્ષકલ્યાણક થયા છે; ભાદરવા શુદ ૧૪ (અનંત ચતુર્દશી)ના મહાન દિવસે ભગવાન અહીંથી અનંત સિદ્ધોના ધામમાં સીધાવ્યા. આ મંદારગિરિ પર્વત સુંદર રળિયામણો છે, પર્વતની ગોદમાં આવેલું રમણીય સરોવર તેની પ્રાકૃતિક શોભામાં ઓર વધારો કરે છે. આસપાસનું વાતાવરણ ઘણું રમણીય ને શાંત છે. શ્રવણ બેલગોલમાં બાહુબલીપ્રભુના ઇન્દ્રગિરિ પહાડની જેમ એક જ પથ્થરનો આખો પહાડ છે ને પગથીયા પણ તેમાંથી જ કોતરેલા છે. પહાડનું ચઢાણ


સુગમ છે. વીસેક મિનિટમાં ઉપર પહોંચી જવાય છે. આનંદથી ભક્તિ કરતાં કરતાં સૌ ઉપર પહોંચ્યા. રસ્તામાં સરોવર વગેરે ઘણા સુંદર દશ્યો આવે છે. જેમ સૌરાષ્ટ્રમાં ગિરનાર એ એક બાલબ્રહ્મચારી ભગવાનના ત્રણ કલ્યાણકનું ધામ છે તેમ બંગ પાસેના અંગ દેશમાં આ મંદારગિરિ પણ એક બાલબ્રહ્મચારી ભગવાનના ત્રણકલ્યાણકનું ધામ છે. કલ્યાણકભૂમિની શોભા કોઇ અનેરી છે. ઉપર નજર કરતાં બરાબર સામે વાસુપૂજ્ય ભગવાનનું મંદિર એવું દેખાય છે કે જાણે ભગવાન સાદ પાડીને યાત્રિકને બોલાવી રહ્યા હોય! પહાડ ચડતાં ચડતાં સાધકોને સંયમદશાની ભાવનાઓ જાગે છે.

આમ ભાવના ભાવતાં ભાવતાં ને ભક્તિ કરતાં કરતાં ભગવાનના કલ્યાણકધામમાં આવી પહોંચ્યા. અહીં બાજુ બાજુમાં બે મંદિરો છે...એ સિવાય આખા પહાડનું વાતાવરણ એવું શાંત છે કે મુનિની નિર્વિકલ્પદશાનું સ્મરણ કરાવે છે. એક મંદિરમાં ત્રણ જોડી ચરણપાદુકા છે–જે ભગવાનના ત્રણ કલ્યાણક સૂચવે છે, ને બીજા મંદિરમાં એક ચરણપાદુકા છે. આ મંદિરમાં મોક્ષકલ્યાણકધામ ગણાય છે, અથવા ગણધરદેવના ચરણપાદુકા હોવાનું પણ કોઈ કહે છે. અહીં આનંદપૂર્વક દર્શન–પૂજન તથા અભિષેક કર્યા.


श्री वासुपूज्य जिनेन्द्रने गर्भजन्म लिया चंपापुरी ।
श्री तपसु ज्ञान अरन्य शैल मंदारतें शिवतीय वरी ॥

ॐ હ્રીં શ્રી વાસુપૂજ્ય પંચકલ્યાણકધામ પૂજનાર્થે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા...


મંદિરની બહાર સરસ ગૂફા જેવું ગંભીર વાતાવરણ છે. જાણે મુનિઓનો નિવાસ! આવા ધામો દેખીને ગુરુદેવ ઘણા પ્રમોદથી યાત્રા કરતા, ને ગુરુદેવના ભાવો દેખીને દરેક ઠેકાણે પૂ. બેનશ્રી–બેન પણ આહ્લાદપૂર્વક ભક્તિ કરાવતા હતા. નિશ્ચય-વ્યવહાર સહિતના અનેરા ભાવો ગુરુદેવ સાથેની યાત્રામાં જોવા મળતા. બંને મંદિરોમાં ભાવથી દર્શન–પૂજન કરીને બહાર આવતાં ભગવાનની ધ્યાનભૂમિ આવે છે, તે તપકલ્યાણકનું સ્થાન ગણાય છે. એક મોટી શિલાનું ઢાંકણ છે ને નીચે પોલાણમાં ગૂફા જેવું છે; અંદર પ્રવેશ કરતાં જ ભગવાનના પવિત્ર ચરણકમલ પર્વત ઉપર જ કોતરેલા દેખાય છે. આ મોટા અને પ્રાચીન ચરણપાદુકાના દર્શનથી ઘણો હર્ષ થયો. અહા, વાસુપૂજ્ય ભગવાન અહીં આત્મધ્યાન કરતા કરતા નિર્વિકલ્પ આનંદમાં ઝૂલતા હતા. ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઈને એ બારમા ભગવાને ઉત્કૃષ્ટ સાધકભાવરૂપ બારમું ગુણસ્થાન અહીં પ્રગટાવ્યું ને પછી ક્ષણવારમાં કેવળજ્ઞાન પ્રગટાવીને પોતે સાધ્યરૂપ થયા. એવા ઉત્તમ ભાવોનું આ સ્થાન જોતાં મુમુક્ષુનો આત્મા ઠરી જાય છે, ને બાહ્ય ભાવોથી ઉદાસીન ચિદાનંદસ્વરૂપ આત્માનું સ્મરણ તથા ધ્યાનની ઉર્મિઓ જાગે છે.



મંગલ તીર્થયાત્રા (૩૮૪)



ભાગલપુરના ભગવાન



લીંડીપીપરનો વેલો (જુઓ પાનું ૩૮૧)

અહા, ગુરુદેવ સાથે આ પંચકલ્યાણકધામની યાત્રા કરતાં આનંદ થતો હતો. ભગવાનના પાંચે કલ્યાણકનું આ ધામ જોતાં ' પંચકલ્યાણક 'ના પ્રસન્નકારી સ્મરણથી ગુરુદેવને પણ અનેક આનંદભરી ઉર્મિઓ જાગતી હતી, ને અહીંના ગુરુદેવના વિશિષ્ટ ઉદ્‌ગારો સાંભળીને યાત્રિકો બહુ જ પ્રસન્ન થતા હતા.


ઉત્સવ કિય પનવાર જહાં સુરગણયુત હરિ આય
જજોં સુથલ વાસુપૂજ્ય સુત ચંપાપુર હર્ષાય....

આ રીતે આજે ફાગણ સુદ ૧૧ના મંગલદિને, ચંપાપુરી તીર્થધામમાં, કહાનગુરુ સાથે, પંચકલ્યાણક તીર્થધામની આનંદકારી યાત્રા થઈ.... યાત્રિકો કહેતા કે વાહ ! આજનો દિવસ સોનેરી છે. શ્રાવણ વદ બીજના દિવસે વાસુપૂજ્ય ભગવાન જ્યાં કેવળજ્ઞાન પામ્યા એવા આ ચંપાપુરી પવિત્રધામમાં, ફાગણ સુદ ૧૧ના દિવસે કહાનગુરુ સાથે શાંતિદાતાર યાત્રા થઈ. ગુરુદેવ સાથેની આજની યાત્રાના મધુર સંભારણા યાદગાર બની રહેશે. આમ યાત્રા કરીને પછી હર્ષપૂર્વક મંગલગીત ગાતાં ગાતાં સૌ નીચે ઉતરવા માંડ્યા. .. ગુરુદેવ પણ આજની યાત્રાનો અનેરો આનંદ વ્યક્ત કરતા હતા. પૂ. બેનશ્રી-બેન ગવડાવતા હતા કે—

આજ મારે સોના સમો રે સૂરજ ઉગીયો રે...
મારે યાત્રા થઈ ગુરુજીની સાથ...... મારે.......

સિદ્ધિધામની આજની આ આનંદકારી યાત્રાના સંભારણાં હૃદયપટમાં કોતરીને સૌ યાત્રિકોએ ગુરુદેવ સાથે પાછા સમ્મેદશિખરધામ તરફ પ્રસ્થાન કર્યું ને સાંજે સમ્મેદશિખર મધુવનમાં આવી પહોંચ્યા.


ચંપાપુરી સિદ્ધિધામથી પંચકલ્યાણકપ્રાપ્ત વાસુપૂજ્યભગવાનને નમસ્કાર હો.
ચંપાપુરી તીર્થધામની યાત્રા કરાવનાર કહાનગુરુદેવને નમસ્કાર હો.





# શિખરજીની છાયા–મધુવનમાં

ફરીને શિખરજીની છાયામાં આવ્યા........ અહા, આ સિદ્ધિધામની છાયા મુમુક્ષુને અધ્યાત્મના તરંગ જગાડે છે ........ફરીફરીને જાણે શિખરજી ઉપર જઇએ ને જગત ન દેખે એવા કોઇ અગમ્ય સ્થાનમાં આત્મસાધનામાં મશગુલ બની જઇએ —એવી ઉર્મિઓ સાધક-હૃદયમાં જાગે છે.

આ ઉત્સવ પ્રસંગે મધુવનમાં ફાગણ સુદ ૧૨-૧૩ના રોજ સાગર (મધ્ય પ્રદેશ)ના શ્રી ગણેશ દિ. જૈન સંસ્કૃત વિદ્યાલયે પોતાનો સુવર્ણ જયંતિ મહોત્સવ રાખેલ હતો. આ વિદ્યાલયમાં ૨૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. મધુવનથી ૫૫૦ માઇલ જેટલું દૂર હોવા છતાં તેનો સુવર્ણજયંતિમહોત્સવ અહીં યાત્રામહોત્સવ પ્રસંગે ઉજવાયો, તેના વિવિધ કાર્યક્રમોથી સૌને પ્રસન્નતા થઇ. ફા. સુ. ૧૩ની સવારમાં જિનમંદિરમાં સમૂહપૂજન બાદ, આસ્રવ અને આત્માની ભિન્નતા ઉપર ગુરુદેવનું સુંદર પ્રવચન થયું; ત્યારબાદ ગણેશપ્રસાદજી વર્ણીજીએ કહ્યું કે "મૈં ક્યા બોલું? આપને આસ્રવકે ઉપર જો વિવેચન કિયા ઉસમેં શંકાકો કોઇ સ્થાન નહીં રહતા, फिर भी શંકા હો કિસીકો તો સમાધાન કર લેના. ચર્ચા કરના અચ્છા હૈ ભૈયા!" આજે બપોરે ભક્તિનો કાર્યક્રમ હતો. ભક્તિમાં ગુરુદેવ પણ અવારનવાર પ્રમોદપૂર્વક સ્તવનો ગવડાવતા હતા. ભક્તિમાં વચ્ચે વચ્ચે ભરતચક્રીની આદિનાથ પ્રત્યેની ભક્તિનું, તથા ઋષભનિર્વાણ વગેરેનું વર્ણન કરતા; તે ઉપરાંત કુંદકુંદપ્રભુની સીમંધર ભગવાન પ્રત્યેની મહાભક્તિને યાદ કરાવીને કહેતા કે અહો, કુંદકુંદાચાર્ય જેવા સંતને પણ તીર્થની યાત્રાનો ને ભક્તિનો ભાવ આવ્યો હતો. તેઓ સદેહે વિદેહક્ષેત્રે જઇને સાક્ષાત સીમંધર પરમાત્માની યાત્રા કરી આવ્યા હતા. આવા આવા ઉદ્‌ગારો દ્વારા પોતે પણ તીર્થયાત્રાનો પ્રમોદ તથા તીર્થભક્તિ વ્યક્ત કરતા હતા. ભક્તિ પછી સાંજે ભગવાનની રથયાત્રા નીકળી હતી; તેમાં બાબુભાઇ વગેરે ગુજરાતના ભાઇઓ તથા અનેક યાત્રિકો ઉલ્લાસથી નાચી ઉઠ્યા હતા. પાંડુકશિલાની સન્મુખ શિખરજીની અનેક ટૂંકોનું નયનાભિરામ દર્શન સૌને પ્રસન્નતા ઉપજાવતું હતું. રાત્રે સાગરવિદ્યાલયની સુવર્ણજયંતિ નિમિત્તે સાગર વિદ્યાલયનો કાર્યક્રમ હતો, જેમાં ગુરુદેવ પણ પધાર્યા હતા.







મધુવનની આ રથયાત્રામાં સારથી તરીકે પોરબંદરના ઉત્સાહી શેઠશ્રી ભૂરાભાઈ બેઠેલા છે....તેમણે આ યાત્રામહોત્સવ ફંડમાં રૂા. દસહજાર આપ્યા હતા....યાત્રા પછી બે-ત્રણ વર્ષ બાદ તેઓ સ્વર્ગવાસ પામી ગયા. તેમનું કુટુંબ ધર્મપ્રેમમાં સારો ઉત્સાહ ધરાવે છે.



ફાગણ સુદ ૧૪ની સવારે શિખરજી સિદ્ધિધામના સમૂહપૂજનનો આનંદકારી પ્રસંગ બન્યો. પાંડુકશિલાનું સ્થાન–જ્યાંથી શિખરજીનું અતિશય મનોહર દૃશ્ય દેખાય છે તથા તેની દરેક ટૂંકોનાં સ્પષ્ટ દર્શન થાય છે ત્યાં ઘણા ઉત્સાહથી પૂજા થઈ. પૂજન પ્રસંગે ગુરુદેવ પણ પધાર્યા હતા, ને યાત્રિકસંઘના સેંકડો માણસો હતા. અહા, સન્મુખ ઊભેલું અડોલ સિદ્ધિધામ યાત્રિકના અંતરમાં અનેરો આહ્લાદ જગાડતું હતું. અનંતા તીર્થંકરોના નિર્વાણ-માર્ગના સાક્ષીરૂપ આ નિર્વાણધામના દર્શનથી જ્ઞાનીજનોના આત્મપ્રદેશોમાં અપૂર્વ વૈરાગ્યની ધારા ઉપડે છે... પૂજન બાદ સમ્મેદશિખરધામની આરતિ પણ ઉત્સાહથી થઈ હતી

આરતિ ઉતારું હું તો શાશ્વત તીર્થધામકી...
શાશ્વત તીર્થધામકી સમ્મેદ શિખર ધામકી...આરતિ...

ને આરતિ પછી પૂજાની પૂર્ણતા પ્રસંગે પૂ. બેનોએ હૃદયોર્મિથી જયજયકાર કર્યા .. ભક્તોએ આનંદથી તેમાં સાથ પૂરાવ્યો.... વહાલા પાઠક! તું પણ અત્યારે ભક્તિથી તેમાં સાથ પૂરાવજે—

બોલિયે અનંત જિનેશ્વરોંકી ...જય....
બોલિયે અનંત સિદ્ધ ભગવંતોકી .. જય...
બોલિયે અનંત મુનીશ્વરોંકી ...જય...
બોલિયે શાશ્વત તીર્થધામકી ....જય....

હવે આવી ફાગણ સુદ પૂર્ણિમા.... આઠ આઠ દિવસથી ગુરુદેવ સાથે આ મહાન તીર્થધામમાં રહ્યા... મંગલ તીર્થયાત્રા કરી... સિદ્ધોનું સ્મરણ કર્યું... આરાધનાના માર્ગની ભાવના ભાવી... મહાન પૂજન-ભક્તિ કર્યા... આમ અનેક પ્રકારે પૂ. ગુરુદેવ વગેરે સાથે જીવનનો લહાવો લીધો. આજે અષ્ટાહ્નિકાનો છેલ્લો દિવસ.... શિખરજીધામમાં પણ છેલ્લો દિવસ.... આવતી કાલે તો અહીંથી બીજે પ્રસ્થાન કરવાનું થશે.... એટલે શિખરજીધામ પ્રત્યે આજે લાગણીપૂર્વક સૌ દર્શન કરતા... આજના પ્રવચનમાં પણ ગુરુદેવ વારંવાર સમ્મેદશિખર સિદ્ધિધામનો મહિમા કરતા... વારંવાર તે તરફ નિર્દેશ કરી કરીને કહેતા કે 'અહા! અનંતા સિદ્ધભગવંતો અહીંથી સિદ્ધપદ પામ્યા છે. તેઓ અત્યારે ઉપર જ બિરાજી રહ્યા છે, ને સાદિ અનંતકાળ સુધી ત્યાં જ બિરાજમાન રહેશે.' અહા, આ સમ્મેદ-શિખર! ભારતનું પહેલા નંબરનું તીર્થ! બીજી ચીજો ભલે આશ્ચર્યકારી ગણાતી હોય, પરંતુ અહીંના દર્શનની સાથે એ કોઈને સરખાવી ન શકાય. તાજમહેલ કે કોહીનૂર હીરો

વગેરે ચીજોનું સરાગી દર્શન તો સામાન્ય પ્રવાસીઓને માત્ર ક્ષણિક આવેશની ઉર્મિઓ જગાડે છે, જ્યારે આનું વીતરાગીદર્શન તો મુમુક્ષુહૃદયમાં એવું જડાઈ જાય છે કે આખું જીવન તદાકાર કરી નાખવાનું મન થઇ જાય છે. આધુનિક દુનિયાના કોઇપણ પહાડ કે કોઈપણ તીર્થ કરતાં એની ગૌરવગાથા અજોડ છે. એકવાર પણ એને જોયા પછી યાત્રિકનું હૃદય ફરીફરી એનાં દર્શન કરવા તથા એ પાવનભૂમિમાં રહેવા માટે તલસે છે. આવા આ અજોડ તીર્થધામમાં પૂર્ણિમાની રાત્રે અજોડ ભક્તિ થઇ. કહાનગુરુસંઘના હજાર યાત્રિકોનો સમૂહ જિનેન્દ્રભક્તિમાં તન્મય થઇને હર્ષથી નાચી ઊઠ્યો હતો.... જેને જોતાં રોમરોમ ઉલ્લસી જાય એવી એ જિનેન્દ્રભક્તિ હતી. જાણે સમવસરણમાં જ પ્રભુ સન્મુખ ભક્તિ કરતા હોઇએ....એવા ઉમંગથી બેનશ્રીબેન ભક્તિ કરાવતા હતા. અને પછી ગુરુદેવે અપૂર્વ ભાવભીની ભક્તિ કરાવી– એ વખતનું દૃશ્ય અદ્ભુત હતું. સૌ કહેતા કે વાહ ! આજે તો અપૂર્વ ભક્તિભાવો જોવા મળ્યા.... ભક્તમંડળ હર્ષથી નાચી ઊઠ્યું .. પંડિતો આશ્ચર્ય પામ્યા.... આજ પૂર્ણિમા હોવાથી ભક્તિના સમુદ્રમાં ભરતી આવી હતી... ભક્તિનો દરિયો ઊછળી રહ્યો હતો... કોઇ ચામરથી તો કોઇ દાંડીયા રાસથી, કોઇ મંજીરાથી તો કોઇ કરતાલથી, કોઇ ઘૂઘરાથી તો કોઇ દીપથી, કોઈ પગથી તો કોઇ હાથથી -જેને જે વાજિંત્ર હાથ આવ્યું તેનાથી સૌ ભક્તિ કરવા લાગ્યા. સિદ્ધભૂમિમાં પ્રભુનો દરબાર આનંદમંગળથી ગાજી રહ્યો. સાધક સન્તો દ્વારા નિશ્ચયસહિતની ભક્તિનો અનેરો રંગ જામ્યો હતો. આજે ફાગણ સુદ પૂનમે ખરેખર " રંગ મચ્યો જિનદ્વાર ". અષ્ટાહ્નિકા આજે પૂરી થતી હતી. તીર્થધામમાં સંઘનો પણ આજે છેલ્લો ( ૧૧મો ) દિવસ હતો. આ અષ્ટાહ્નિકાનો ઉત્સવ ગુરુદેવ સાથે શાશ્વત તીર્થમાં ઉજવાયો.

અહા, જ્યાં ધર્માત્મા બિરાજતા હોય ત્યાં નિતનિત કેવા આનંદમંગળ ઉત્સવ બને છે! તે દેખીને હૃદય આનંદિત થાય છે, જેટલા યાત્રિકોએ આ યાત્રાના સ્મરણોની નોંધ કરી હશે તે સર્વેની નોંધમાં એક વસ્તુ તો મુખ્ય તરી આવશે કે ગુરુદેવ સાથેની આવી મંગળ તીર્થયાત્રા મહાભાગ્યે જ થાય છે.

તુમસે લગની લાગી જિનવર તુમસે લગની લાગી...
અનંત ચોવીશીની તીર્થભૂમિમાં તુમસે લગની લાગી...
સમ્મેદશિખરમાં ગુરુજી પધાર્યા આનંદભેરી વાગી....
ભક્તિથી અમ હૈયા ઊછળે તીર્થધામ નીહાળી...તુમસે.






સમ્મેદશિખરમાં ગુરુજી પધાર્યા આનંદભેરી વાગી,
ભક્તિથી અમ હૈયા ઊછળે તીર્થધામ નીહાળી...



મધુવનમાં 'ગુરુદેવ ભક્તિ ગવડાવી રહ્યા છે.



"વાહવા...જી...વાહવા!" (દેખો પૃ. ૩૬૦)

આવા આવા સ્તવનો ભગવાનની લગનીપૂર્વક પૂ. બેનશ્રીબેન ગવડાવતા હતા, અને 'ફળિયા હો પ્રભુ ફળિયા મનોરથ મુજ" એ ભક્તિ જોતાં ખ્યાલ આવતો હતો કે તેઓશ્રીને સમ્મેદશિખર-શાશ્વત તીર્થની યાત્રાના કેવા મનોરથ ઘૂંટાયા હશે! આજે તો એ મનોરથ સિદ્ધ થયા એટલે ઘણો હર્ષોલ્લાસ હતો. અહા, ગુરુદેવ સાથે નિર્વાણભૂમિ નીહાળવાના મનોરથ આજે આનંદથી ફળીભૂત થયા! ગુરુદેવ પણ ગવડાવતા કે—

શિખરજી દીસે છે આજના રળિયામણા
દીઠા મેં સિદ્ધગિરિ ધામ જો...ગિરિવર ભેટ્યા અલબેલડા
પાવન ગિરિવર દર્શન કરતાં
સિદ્ધયાં અમારાં કાજ રે...ગિરિવર ભેટ્યા અલબેલડા

—આ ઉપરાંત, બીજા પણ અનેક સ્તવનો ગવાયા હતા જેમાંના કેટલાક નીચે મુજબ છે-

* "અબ સુણો સહુ સન્દેશ પ્રભુ આદેશ,
સદા સુખકારા........જીવનમેં વોહી સહારા...."
* મૈં તેરે ઢીગ આયા રે...પારસ તેરે ઢીગ આયા....
* મનહર તેરી સુરતિયાં....મસ્ત હુઆ મન મેરા...મસ્ત હુઆ મન મેરા...
* આવો આવો શ્રી પારસનાથ અમ ઘેર આવો રે....
મેં ભેટ્યા શાશ્વત ધામ જોઈ જોઈ હરખું રે....
* એકવાર બોલો પાર્શ્વનાથ અબોલડા શાને લીધા છે....
* મારા નાથની વધાઇ આજે છે....પાર્શ્વનાથની વધાઇ આજે છે....
આજે સ્વર્ગથી દેવો આવે છે....આવી સમ્મેદશિખરને વધાવે છે...

શાશ્વત તીર્થમાં દોઢ બે કલાક સુધી અભૂતપૂર્વ ભક્તિનો જે પ્રસંગ બન્યો તેનું વર્ણન કરવાની કલમની શક્તિ નથી...એકેએક યાત્રિક જગતને ભૂલીને ભક્તિમાં મસ્ત બની ગયો હતો...દોઢ કલાકમાં તો કેટલાય સ્તવનો ગવાયા. પૂ. ગુરુદેવે પણ વારંવાર ભક્તિના ઉમળકાથી અનેક સ્તવનો ગવડાવ્યા. કેટલાય ભક્તો નાચી ઊઠ્યા. અદ્ભુત ધૂન જામી. લોકો તો આશ્ચર્યથી થંભી જ ગયા. ભક્તિના અવાજથી આકર્ષાઇને દૂરદૂરથી ઘણા માણસો ત્યાં ભક્તિ જોવા માટે દોડી આવ્યા.

આનંદકારી યાત્રામહોત્સવની ખુશાલીમાં છેલ્લે અદ્‌ભુત આનંદમંગલવધાઇ ગવડાવી–ને "વાહવા જી વાહવા" ના હર્ષભર્યા નાદથી હજારો યાત્રિકોએ એ વધાઈ ઝીલી—

વામાદેવી બેટા જાયો બાજત વધાઇયાં....વાહવા જી વાહવા...
અશ્વસેન રાજા ઘર બાજત વધાઇયાં...વાહવા જી વાહવા .
શાશ્વત તીર્થધામમેં બાજત વધાઇયાં....વાહવા જી વાહવા....
સમ્મેદશિખર ધામમેં બાજત વધાઇયાં...વાહવા જી વાહવા...
તીર્થંકર મોક્ષ ગયે બાજત વધાઇયાં....વાહવા જી વાહવા...
મુનિવરો સિદ્ધ ગયે બાજત વધાઇયાં....વાહવા જી વાહવા....
શાશ્વતધામકા દર્શન પાયા બાજત વધાઇયાં....વાહવા જી વાહવા...
ગુરુવર સંગે યાત્રા પાઇયા બાજત વધાઈયાં....વાહવા જી વાહવા...
મનોવાંછિત ભાવ પૂરાયા બાજત વધાઈયાં....વાહવા જી વાહવા...
સિદ્ધપ્રભુકા દર્શન પાયા બાજત વધાઇયાં...વાહવા જી વાહવા...
આનંદમંગળ શાશ્વત ધામમેં બાજત વધાઇયાં...વાહવા જી વાહવા...

આવી આનંદમંગળકારી વધાઇપૂર્વક જ્યારે પૂ. બેનશ્રી–બેને ભક્તિ પૂરી કરી ત્યારે ભક્તયાત્રિકોના હૃદય પણ આનંદિત થઇને પુકારી ઉઠ્યા કે—

અપૂર્વ ભક્તિ આજ દેખી........વાહવા જી વાહવા....
અદ્‌ભૂત આનંદ ઉલ્લસ્યો આજ.......વાહવા જી વાહવા...
સંતજનોની સાથમાં...................વાહવા જી વાહવા....
અનંત મુનિધામમાં....................વાહવા જી વાહવા....
મોક્ષપુરીના ધામમાં....................વાહવા જી વાહવા....
જલદી પાછા આવશું....................વાહવા જી વાહવા...
ફરી ફરી ભેટશું.........................વાહવા જી વાહવા...
ગુરુજીની સાથમાં.......................વાહવા જી વાહવા....
શાશ્વત તીર્થધામમાં....................વાહવા જી વાહવા...
રત્નત્રય પામશું.........................વાહવા જી વાહવા...
ભવભ્રમણ ટાળશું.......................વાહવા જી વાહવા...
ને સિદ્ધપદ પામશું...................વાહવા વા જી .... વહા

આવી ઉત્તમ ભાવનાઓપૂર્વક અનહદ જયનાદ વચ્ચે ભક્તિ પૂરી થઇ...વહાલા પાઠક ! તું પણ તીર્થભક્તિના ઉમંગથી નીચેના જયનાદમાં સાથ પૂરાવ—

બોલિયે શાશ્વત સમ્મેતશિખર સિદ્ધિધામકી....જય હો...
બોલિયે પારસનાથ ભગવાનકી.................જય હો...
બોલિયે અનંતા તીર્થંકર ભગવંતોકી..........જય હો...
બોલિયે અનંતા મુનીશ્વર ભગવંતોકી..........જય હો...
બોલિયે ઉપર બિરાજમાન અનંત સિદ્ધભગવંતોકી જય હો....
બોલિયે ગુરુદેવ સાથે અપૂર્વ યાત્રા-ભક્તિકી........જય હો...
બોલિયે મહાન તીર્થયાત્રા કરાવનાર કહાનગુરુકી....જય હો....



# ઋજુવાલિકાને તીરે

હવે આવતીકાલે તો શિખરજીધામથી પ્રસ્થાન થવાનું છે. ત્યાર પહેલાં શિખરજીની પાડોશમાં આવેલ એક પાવનધામનું થોડુંક અવલોકન કરી લઇએ. મધુવનથી દસેક માઇલ દૂર ઋજુવાલિકા નદીને કિનારે મહાવીરપ્રભુના કેવળજ્ઞાનની પવિત્રભૂમિ છે. આ નદીના કિનારે પ્રભુજીએ અપ્રતિહત ધ્યાન ધરીને ક્ષપકશ્રેણી માંડીને વૈશાખ સુદ દસમે કેવળજ્ઞાન લીધું છે. નદીકિનારે ખુલ્લા આકાશ નીચે ભગવાનની ધ્યાનભૂમિ—જ્ઞાનભૂમિ શોભી રહી છે, અને ખળખળ કરતી વહેતી મોટી નદી ભગવાનની મંગલકથા કલરવ કરતી સુમધુર નાદથી સંભળાવી રહી છે. ઋજુનદી જાણે કે આપણી સાધર્મીબેન હોય-કે-નિર્મળ મનવાળી અર્જિકા હોય, ને આપણા જેવા સાધર્મીને દેખીને આનંદપૂર્વક ભગવાનની જીવનગાથા સંભળાવતી હોય ! ત્યાં નદી સાથે ઘણી વાતો કરવાની સ્ફૂરણા થાય છે : અરે નદીબેન ! તેં તો મારા વીરપ્રભુને નજરે નીહાળ્યા છે, ભગવાનના વખતથી તું તો અહીં જ છો... મને બતાવ તો ખરી કે મારા વીરપ્રભુ કયાં ધ્યાનમાં ઊભા હતા ? કેવી રીતે ક્ષપકશ્રેણી માંડી....ને કેવી રીતે કેવળજ્ઞાન લઇને ગગનવિહારી થયા ? ત્યારે નદીબહેન કહે છે—જુઓ, અહીં ભગવાન ધ્યાનમાં બિરાજતા હતા...વૈશાખ સુદ દસમે ભગવાન ચૈતન્યપિંડમાં લીન થઇને ક્ષપકશ્રેણી ઉપર બેસીને કેવળજ્ઞાન પામ્યા, ને ગગનવિહારી થયા....ત્યારે ઇન્દ્રો જયજયકાર કરતા અહીં આવ્યા હતા ને હું પણ આનંદતરંગથી ઉછળતી હતી.

આજે ભગવાનના વિયોગમાં નદી ઉદાસ ને ઉપશાંત દેખાય છે...અહો, આ નદી પણ ભગવાનના ચરણસાન્નિધ્યથી પાવન થઈ છે....આવી આ ઋજુકાનદીને કિનારે કેવળજ્ઞાન-ભૂમિમાં ભક્તોએ ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકનું ભક્તિથી સ્મરણ કર્યું :—

સકલ પ્રત્યક્ષ જ્ઞાન અહીં પાયો, સકલ ચરાચર વસ્તુ લખાયો;
પશુ નર દેવ સુપૂજન આયે, હમ ઇત મંજુલ મંગલ ગાયે,
ભક્તજનો સૌ પૂજન આયે, દિવ્યધ્વનિ સુન સમકિત પાયે...

—એમ ભાવનાપૂર્વક ભગવાનની ચરણરજને શિરે ચડાવી...કેવળજ્ઞાનનું ધામ જોતાં મુમુક્ષુહૃદયમાં કેવળજ્ઞાનનો અચિંત્યમહિમા સ્ફૂરે છે. અહો, ભગવાને પરમાત્મદશા અહીં



યાત્રા....પહેલાં....

સં. ૨૦૦૫ વીંછીયા-પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે સમ્મેદશિખરજીની રચના થયેલી....તેના દર્શનનું એક દશ્ય. શિખરજીના દર્શનની કેવી ભાવનાઓ હતી તે આમાં દેખાય છે.





પ્રગટ કરી...સાતિશય સાતમું ગુણસ્થાન પ્રગટાવીને પછી ક્ષપકશ્રેણીમાં ચડ્યા....ને આઠ—નવ—દસ—બાર ને તેર—એ બધા ગુણસ્થાનો ભગવાને અહીં જ પ્રગટ કર્યા.

અહીં પરાજય કરીને ચારિત્રમોહનો, આવ્યા ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો,
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા....અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો.
મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી, સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો,
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઇ, પ્રગટાવ્યું નિજ કેવળજ્ઞાન નિધાન જો.
ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ અહીં, ભવનાં બીજ તણો આત્યંતિક નાશ જો,
સર્વ ભાવ જ્ઞાતાદૃષ્ટા સહ શુદ્ધતા, કૃતકૃત્યપ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.

જાણે હમણાં જ ભગવાન અહીં ધ્યાનમાં સ્થિત હોય...ને ક્ષપકશ્રેણીવડે ભવનો નાશ કરતા હોય ! સ્વઅનંતચતુષ્ટય કેવળજ્ઞાન—કેવળદર્શન—અનંતવીર્ય ને અનંતસુખ ભગવાને આજ ઠેકાણે પ્રગટ કર્યા. જ્ઞાનાદિની ભાવનાપૂર્વક વીરપ્રભુના જ્ઞાનધામનું અવલોકન કરીને હવે પાછા મોક્ષધામ—મધુવનમાં આવીએ...ને પ્રસ્થાન પહેલાં એક પ્રભાવશાળી પ્રસંગ શું બન્યો તે જોઇએ :

આજે ફાગણ વદ એકમે સવારમાં ભાવભીના ચિત્તે શિખરજીના તથા જિનમંદિરોના દર્શન-પૂજન બાદ ગુરુદેવનું પ્રવચન થયું ને બપોરે અહીંથી પ્રસ્થાન થવાનો કાર્યક્રમ જાહેર થયો. પ્રવચન પછી ઈંદોરના પંડિત શ્રી બંસીધરજી સિદ્ધાંતશાસ્ત્રીએ પોતાના ભાષણમાં કમાલ કરી...તેમણે હિંમતપૂર્વક ગદગદવાણીથી સ્પષ્ટ જાહેર કર્યું કે—"અનંત ચોવીશીના તીર્થંકરો અને આચાર્યોએ સત્ય દિગંબર જૈનધર્મને—અર્થાત્ મોક્ષમાર્ગને—પ્રગટ કરનારો જે સન્દેશ સંભળાવ્યો તે જ આમની (કાનજીસ્વામીની) વાણીમાં આપણા સાંભળવામાં આવી રહ્યો છે....મહાવીર ભગવાને જે કહ્યું અને કુંદકુંદાદિ આચાર્યોએ જે કહ્યું તે જ આજે આ મહારાજશ્રી પ્રસિદ્ધ કરી રહ્યા છે...આપની વાણીમાં તીર્થંકરોનું અને કુંદકુંદસ્વામીનું જ હૃદય હતું....આપની દૃષ્ટિથી જે તત્ત્વ પ્રતિપાદિત થાય છે તે જગતને માટે કલ્યાણકારી છે." (પૂરા ભાષણ માટે જુઓ ગુજરાતી—આત્મધર્મ: અંક ૧૬૪)


પંડિતજીના આ ભાવભીના ઉદ્‌ગારોથી સારી સભામાં હર્ષનું વાતાવરણ છવાઇ ગયું હતું; ઉપસ્થિત ત્યાગીઓ અને વિદ્વાનો સૌ આશ્ચર્યવિભોર બની ગયા હતા. આખું વાતાવરણ કોઇ જુદા જ ઢંગમાં પલટાઇ ગયું હતું. ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષમહોદય શ્રી પં. ફૂલચંદ્રજીએ તથા સાગરવિદ્યાલયના મંત્રી શ્રી પં. મુન્નાલાલજીએ પણ પોતાના ભાષણમાં ભાવભીની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી. આ ભાષણો માટે

જુઓ આત્મધર્મ અંક ૧૬૪) તેરાપંથી કોઠીના મેનેજરે કહ્યું કે હમ આપકી પૂરી સેવા નહિ કર સકે....ઇતના બડા પ્રબંધ જીવનમેં કભી નહિ કિયા, યહ પહલા હી પ્રસંગ થા. આમ કલ્પનાતીત હર્ષોલ્લાસપૂર્વક શિખરજીધામના કાર્યક્રમો પૂર્ણ થયા. મહાન આનંદપૂર્વક શાશ્વત સિદ્ધિધામનો યાત્રામહોત્સવ ઉજવાયો....અપાર તીર્થભક્તિથી, પૂ. ગુરુદેવના મહાન ઉપકારની ઉર્મિઓથી, આત્મહિતની પાવન ભાવનાઓથી ને મંગળતીર્થયાત્રાના મધુર સ્મરણોથી અસંખ્ય આત્મપ્રદેશોનો ભંડાર ભરીભરીને યાત્રાસંઘે પ્રસ્થાનની તૈયારી કરવા માંડી. અગિયાર દિવસ ભગવાનના દેશમાં વસ્યા ને જાણે ભગવાનમય થઈ ગયા... તેથી હવે આ ભગવાનના મોક્ષનો દેશ છોડીને બીજે જતાં ગમતું ન હતું' આ સિદ્ધિધામની મંગલછાયા જાણે આશ્વાસન આપતી હતી કે ફરીફરીને આથી પણ ઊંચા ભાવે આ સિદ્ધિધામની મંગલયાત્રા થશે ને આત્મસાધનાનો લાભ થશે. છેવટે ભક્તિથી શિર નમાવીને, ચરણરજ મસ્તકે ચઢાવીને 'હે નાથ! ફરી વહેલા વહેલા દર્શન દેજો ને આ બાળકોનાં આત્મકલ્યાણના કોડ પૂરા કરજો" એવી પ્રાર્થનાપૂર્વક વિદાય લીધી.

અનંત સિદ્ધભગવંતોને નમસ્કાર હો.
શાશ્વત સિદ્ધિધામ સમ્મેદશિખરજીને નમસ્કાર હો.
સિદ્ધિપથપથિક સાધક સન્તોને નમસ્કાર હો.








સમ્મેદશિખર વંદું સદા સિદ્ધપ્રભુ ઉર ધાર,
અનંત તીર્થંકર સિદ્ધ થયા મુનિઓનો નહિ પાર.
સાધકસંતથી શોભતું અચિંત્ય તીર્થ જગમાંય,
રત્નત્રયની ભાવના યાત્રા કરતાં થાય.
એકવીસ સૈકે વિક્રમે શુભ તેરમી સાલ,
ફાગણ શુકલા સપ્તમી ચંદ્ર-મોક્ષ કલ્યાણ.
બે હજાર યાત્રિક એ વંદ્યા સિદ્ધગિરિધામ,
અંતરના બહુ ભાવથી સાધક સંતની સાથ.
નમું ગુરુવર કહાનને નમું શ્રુતિ, મુજ માત,
સંતચરણ સેવું સદા પામું પદ ઉપશાંત.
હરિ ચહે અમૃત પદ અચિર શાંતિ ભરપૂર,
તે જયવંત રહે સદા બાજે આનંદ તૂર.



પરમપાવન તીર્થયાત્રાના કોડ પૂરા કરીને, અનેક દિવસ સિદ્ધિધામમાં રહીને, હવે અહીંથી પ્રસ્થાન કરવાનો સમય આવ્યો. ભક્તિભર્યા હૈયે સિદ્ધિધામને ફરી ફરી ઘૂંટણભર નમસ્કાર કરીને, ચરણરજ મસ્તકે ચઢાવીને સૌ મોટરમાં ને બસોમાં બેઠા.... "સમ્મેદશિખર સિદ્ધિધામનો જય હો"–એવા જયકાર સાથે મોટરો જમશેદપુર તરફ ચાલી...પરંતુ યાત્રિકોનાં હૃદય તો હજી સમ્મેદશિખરજીમાં જ થંભી ગયા હતા...નયનોની મીટ પણ એ તરફ જ હતી...માઇલોના માઇલો સુધી–જ્યાં સુધી સમ્મેદશિખરજી ધામના દર્શન થયા ત્યાં સુધી નજર ખેંચીખેંચીને એકીટસે સિદ્ધિધામનાં દર્શન કર્યા જ કર્યા... મોટર ક્યાં જાય છે તેનું લક્ષ ન રહ્યું. સૌ સમ્મેદશિખર ધામનો મહિમા–ભક્તિ અને યાત્રાની ચર્ચામાં મશગુલ હતા. ગુરુદેવ પણ વારંવાર સમ્મેદશિખર તરફ નજર લંબાવીને તેનો મહિમા કરતા હતા. ફરી ફરીને એ સિદ્ધભૂમિના દર્શન માટે ઝંખતાહૃદયે સાંજે છ વાગે જમશેદપુર પહોંચ્યા. અહીં આવતાં એમ થતું કે જાણે ભગવાનના દેશથી દૂર દૂર કોઇ અજાણ્યા દેશમાં આવી પડ્યા ! યાત્રાની ધૂનના સંસ્કાર હજી હૃદયમાં તાજા જ હતા તેથી યાત્રિકોનું દિલ બીજે લાગતું ન હતું.

## જમશેદપુર

જમશેદપુરનો કાર્યક્રમ પહેલેથી નિશ્ચિત ન હતો, પણ કામાણી ભાઇઓ તથા સૌ. હેમકુંવરબેનના ખાસ લાગણીભર્યા આગ્રહને લીધે ત્યાંનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. પૂ. ગુરુદેવ અને સંઘ જમશેદપુર પધારતાં શેઠશ્રી નરભેરામભાઈની આગેવાનીમાં ત્યાંના ગુજરાતી સમાજે ઉમંગભર્યું સ્વાગત કર્યું, ને પ્રેમપૂર્વક સંઘની બધી વ્યવસ્થા કરી... સૌને એમ હતું કે અહો, અમારા ગુજરાતી સાધર્મીઓ આટલા દૂરદેશથી અમારે આંગણે ક્યાંથી ! જમશેદપુરમાં બે ત્રણ માઈલ દૂર એક ટેકરી ઉપર દિગંબર જૈન ચૈત્યાલય છે ત્યાં દર્શન કરવા ગયા હતા...અહીંના ભારતપ્રસિદ્ધ તાતાના સ્ટીલ ઉદ્યોગના કારખાના જોવા માટે પણ ગુરુદેવ તેમજ યાત્રિકો ગયા હતા....જ્યાં લોખંડના રસના ધોધ પડતા....તથા લોખંડ ગાળવાની ભઠ્ઠીઓ હતી... ગુરુદેવ ઘણીવાર આ જમશેદપુરની ભઠ્ઠીનું દૃષ્ટાંત આપતાં, તે ભઠ્ઠી અહીં નજરે જોતાં સૌને વૈરાગ્ય સ્ફૂરતો હતો કે અરે ! નરકનાં દુઃખ કેવા હશે!! ને કારખાનાંની ધમાલ જોતાં એમ થતું હતું કે ક્યાં સમ્મેદશિખરની ઉપશમરસઝરતી શાંતિ ! ને ક્યાં અહીંનો ધમધમાટ !! પૂ. ગુરુદેવ સંઘસહિત બે દિવસ જમશેદપુર રહ્યા, તે દરમિયાન કામાણી કુટુંબે ઘણો ઉત્સાહ બતાવ્યો, ગુજરાતના સંઘને દેખીને ગુજરાતી સમાજ પણ ઘણો હર્ષિત થયો; ને સૌએ પ્રવચન વગેરેનો લાભ લીધો.

—०—

# ઝરીઆ તથા ધનબાદ


( ફાગણ વદ ત્રીજ )

જમશેદપુરથી પ્રસ્થાન કરીને પૂ. ગુરુદેવ ઝરીઆ તથા ધનબાદ પધાર્યા. અહીં સોરબી-વાળા શાંતિલાલ ઉમિયાશંકર વગેરે ભાઈઓએ ઉત્સાહથી સંઘની વ્યવસ્થા કરી હતી. ઝરીઆમાં પૂ. ગુરુદેવનું પ્રવચન થયું હતું. અહીં કોલસાની ખાણો, સીંદરીનું ખાતરનું કારખાનું વગેરેનું અવલોકન કર્યું. આકાશમાં તારના દોરડાના આધારે કોલસાના ડબ્બા એક સ્થળેથી બીજે સ્થળે ઇલેકટ્રિક યોજનાથી જતા તે પણ જોયું.... તે વખતે કુંદકુંદ-પ્રભુનું આકાશગમન યાદ આવતું. યાત્રાની ધૂનને લીધે કારખાના વગેરે જોવામાં ક્યાંય ચિત્ત નહોતું ચોંટતું. કોલસાની ખાણો જોવા માટે લીફ્ટમાં બેસીને ૨૦૦/૩૦૦ ફૂટ ઊંડા જમીનમાં ઊતરતા ત્યારે જાણે કોઈ ઊંડી ગૂફામાં જતા હોઈએ –એવો ભાવ થતો હતો. ૩૦૦ ફૂટ ઊંડે જમીનના પેટાળમાં ચારે બાજુ સેંકડો ફૂટ લાંબા રસ્તાઓ હતા, તેની ચારે બાજુ કોલસાનાં જ દળ. તે ખોદતા જાય ને ઊંડીઊંડી ગૂફાઓ થતી જાય. ત્યાં એકદમ ઘોર અંધારું; દુનિયા શું છે ને ક્યાં છે તેની હવા પણ ત્યાં ન આવે. એ બધું જોઈને પાછા લીફ્ટદ્વારા ઊર્ધ્વ-ગમન કરીને ઉપર આવ્યા; ગુજરાતથી હજારો માઈલ દૂર વસતા ગુર્જરબંધુઓ યાત્રાસંઘના ગુજરાતી ભાઈઓને દેખીને બહુ પ્રમોદિત થતા.... અને ' જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાંત્યાં ગુજરાત 'નું વાત્સલ્યભર્યું વાતાવરણ સરજાઈ જતું. આ રીતે ધનબાદ તથા ઝરીઆનો એક દિવસનો કાર્યક્રમ પૂરો કરીને કલકત્તા તરફ પ્રસ્થાન કર્યું. કેટલાક યાત્રિકો કલકત્તા વહેલા પહોંચ્યા હતા ને ગુરુદેવ આસનસોલ તથા ચેન્સુરા થઈને ફાગણ વદ ચોથે કલકત્તા પધાર્યા, ને બેલગછીયામાં રાત રહ્યા.




# કલકત્તા શહેર


કલકત્તા: ભારતનું આ સૌથી મોટું શહેર; ૬૦ લાખની એની વસતી...ભારતના સૌથી મોટા તીર્થની યાત્રા કરીને ભારતના સંત આ ભારતના મોટા શહેરમાં સંઘસહિત પધાર્યા...ત્યારે કલકત્તાના મુમુક્ષુસમાજે ઉત્સાહભર્યું ભવ્ય સ્વાગત કર્યું. મારવાડી તેમજ ગુજરાતી બધા ભાઈઓએ તેમાં હોંશથી ભાગ લીધો....સ્વાગતપ્રમુખ શ્રી શાંતિપ્રસાદજી શાહુ હતા તથા ઉપપ્રમુખ શ્રી ગજરાજજી ગંગવાલ હતા. આ ઉપરાંત શેઠશ્રી વછરાજજી ગંગવાલ અને તેમના ભાઈઓ, તેમજ મુમુક્ષુમંડળના પ્રમુખશ્રી મોહનલાલજી પાટની, વીરચંદભાઈ શાહ વગેરે ઘણા આગેવાન ભાઈઓએ બહુ જ ઉત્સાહપૂર્વક સંઘની આગતા-સ્વાગતાની તૈયારી કરી હતી. અહીં સંઘનો મુકામ લગભગ દસ દિવસ રહ્યો હતો. સ્વાગતમાં વચ્ચે જિનમંદિરના દર્શન કરતા કરતા મહમદઅલી-પાર્કમાં બાંધેલા સુસજ્જિત મંડપમાં આવ્યા. ત્યાં પાંચ છ હજાર શ્રોતાજનોની ભવ્ય સભામાં ગુરુદેવે મંગલપ્રવચન કર્યું. અહા ! ગુરુદેવ કલકત્તામાં !! અને ગુરુદેવની વાણીની મધુરવર્ષા કલકત્તાના આંગણે !....એ દૃશ્ય દેખીને મુમુક્ષુઓના હૃદય હર્ષથી તરબોળ બની જતા હતા. કયાં કલકત્તાનગરીનું ધમાલિયું જીવન....ને કયાં આ ઉપશાંતરસઝરતી વાણી !! મુનિવરો પ્રત્યેની પરમ ભક્તિથી છલકાતા અધ્યાત્મપ્રવચનો સાંભળીને ગજરાજજીશેઠ વગેરે અનેક શ્રોતાજનો વારંવાર બહુ પ્રમોદ બતાવતા હતા....પ્રવચનસભા વખતે પાઘડીસહિત પચરંગી પોષાકમાં સજ્જ મારવાડી બંધુઓ, અને ટોપી વગેરે સાદા પોષાકમાં સજ્જ ગુજરાતી-બંધુઓ-એવું મિશ્ર સભાનું વાતાવરણ નજરે પડતું હતું. અને નિશ્ચય-વ્યવહારની સંધિ-સહિત અનેકાન્તના રહસ્યથી ભરપૂર પ્રવચનો સાંભળીને સૌ પ્રસન્ન થતા ને અનેક જીવોની શંકા દૂર થતી. સુરતના 'જૈનમિત્ર'ના સંપાદક શ્રી મૂલચંદ કિસનદાસ કાપડિયાજીએ તો ભાષણમાં કહ્યું હતું કે આત્માનું અને નવતત્ત્વનું આવું વિવેચન મેં ૫૦ વર્ષમાં કદી સાંભળ્યું નથી. યાત્રિકો હંમેશાં સવારે જિનમંદિરમાં પૂજન કરતા; રાત્રે ભક્તિનો કે



કલકત્તા-સ્વાગત







તત્ત્વચર્ચાનો કાર્યક્રમ રહેતો; યાત્રાસંઘમાં પૂ. બેનશ્રીબેન દ્વારા થતી ભાવભીની ભક્તિ જોઈને સૌ આશ્ચર્યમુગ્ધ બની જતા ...લોકો બોલતા કે આવી ભક્તિ અમે કદી જોઈ નથી. ફાગણ વદ સાતમની રાત્રે બેલગછીયા-મંદિરમાં તત્ત્વચર્ચા હતી....અહીં હવે તીર્થયાત્રાના મુખ્ય પ્રસંગો પૂર્ણ થઇ ગયા તેથી હવે પછીનો કાર્યક્રમ કઈ રીતે ગોઠવવો તેની ચર્ચા-વિચારણા ચાલતી હતી...એકવાર તો એમ પણ થતું હતું કે અહીંથી સીધા જ સોનગઢ પહોંચી જવું....પણ પછી દીર્ઘદૃષ્ટિથી વિચારતાં વચ્ચેના અનેક શહેરોને પણ લાભ મળે ને ભારતવ્યાપી પ્રભાવના થાય તે હેતુથી વચ્ચેના મુખ્ય મુખ્ય સ્થળોનો ઝડપી પ્રવાસથી નવો કાર્યક્રમ ગોઠવાયો.

હવે આપણે કલકત્તા નગરીનું થોડુંક અવલોકન કરી લઇએ કલકત્તા જેવા ભારતના સૌથી મોટા શહેરમાં (જ્યાં ૬૦ લાખની વસતી અને તેમાં લગભગ ૨૦/૨૫ હજાર જૈનો-વસે છે ત્યાં) ચાર દિ. જિનમંદિરો છે, તેમાં બેલગછીયાનું મંદિર સૌથી મોટું ને પ્રસિદ્ધ છે (જેનું વર્ણન આગળ ઉપર જોઇશું). બીજું (લોઅર ચિત્તપુર રોડમાં) નયા-મંદિર છે તે પણ મોટું ને સુંદર છે. આ મંદિરમાં જતાં જ સુવર્ણદેહી આદિનાથ ભગવાનનાં દર્શન થાય છે. મહા સુંદર જાણે સોનાનાં જ ભગવાન! ભગવાનની સૌમ્ય પ્રશાંત મુદ્રાના દર્શનથી મન પ્રસન્ન થાય છે. વળી બાજુમાં ત્રણ પીઠિકારૂપ સમવસરણ, ને તેના ઉપર ચૌમુખી ચાંદીના ચંદ્રપ્રભુ બિરાજે છે, તે પણ દર્શનીય છે. ત્રીજું મંદિર પુરાની વાડીમાં બડામંદિર કહેવાય છે, તેમાં રથયાત્રા વગેરેનો અનેક ઠાઠ છે (આ ઠાઠમાઠ સહિત કલ-કત્તાની જે વિશ્વપ્રસિદ્ધ રથયાત્રા કારતક સુદ પૂર્ણિમાએ નીકળે છે તેની વિગત આપણે આગળ જોઇશું.) ચોથું મંદિર પંચાયતીમંદિર ચાવલપટીમાં છે, જેમાં સ્વાગત વખતે દર્શન કરવા ગુરુદેવ પધાર્યા હતા.

અહીં શ્વેતાંબર સમાજનું રાયબદ્રીદાસજીનું મંદિર કલાકારીગરીમાં ખાસ પ્રસિદ્ધ છે. કલકત્તાથી દસેક માઇલ દૂર (બોટોનિકલ ગાર્ડનમાં) વિશાળ વડલો છે તે જોવા ગુરુદેવ સહિત ઘણા યાત્રિકો ગયા હતા...અહીંના એક મ્યુઝીયમમાં જૂના જિનમંદિરના કેટલાક ભાગો તથા દિગંબર જિનપ્રતિમા વગેરે અનેક જોવાલાયક વસ્તુઓ જોઇ. અમરતલા વગેરેના યાદગાર સ્થળો જોતાં આનંદ થયો. અહીં શહેરમાં ઇલેક્ટ્રીક ટ્રામ ચાલે છે.... યાત્રિકોએ હવે ઘરભણી જતાં પહેલાં આ મહાન યાત્રાના સંભારણા તરીકે સગાંસ્નેહીઓને આપવા માટે આ મોટા શહેરમાંથી વિધવિધ વસ્તુઓની ખરીદી કરી.

ગુરુદેવના બન્ને વખતના પ્રવચનો ઉપરાંત હંમેશા જિનમંદિરમાં દર્શન-પૂજન તથા ભક્તિનો કાર્યક્રમ રહેતો. છઠ્ઠની રાત્રે નયામંદિરમાં ખૂબ ભક્તિ થઇ હતી. આઠમ તથા નોમની રાત્રે બેલગછીયા મંદિરમાં અદ્ભુત ભક્તિ થઇ હતી. પહેલાં પૂ. ગુરુદેવે વૈરાગ્ય-ભર્યા સ્તવનો ગવડાવ્યા હતા—

(૧) મારા નેમ પિયા ગિરનારી ચાલ્યા મત કોઈ રોક લગા જો...હાં મત કોઈ રોક લગા જો.
(૨) જબ ચલે ગયે ગિરનાર મેરે ભગવાન...ઓ મેરી સહેલી...મૈં કૈસે રહૂં અકેલી....

ત્યારબાદ બેનશ્રીબેને "તુમસે લાગી લગન લે લો અપની શરણ....પારસ પ્યારા..." "તૂંહી હૈ પારસ પ્યારા રે" અને "મેરે મન મંદિરમેં આજ પધારો પારસનાથ ભગવાન" એ સ્તવનો ગવડાવ્યા હતા. ગુજરાતી ભાષામાં સ્તવન સાંભળવાની ત્યાંના મારવાડી સમાજની ખાસ માગણીથી નીચેનું સ્તવન ઘણી જ ભક્તિની ધૂનથી ગવાયું હતું–

એકવાર બોલો પાર્શ્વનાથ અબોલડા શાને લીધા છે!
ભક્ત બેઠા છે તુમ પાસ અબોલડા શાને લીધા છે!

વચ્ચે હિંદીમાં તેનો ભાવાર્થ સમજાવતાં ગુરુદેવે કહ્યું: દેખો, ઇસમેં ભગવાનકો વિનતિ કી જા રહી હૈ કિ ભગવાન! આપ બોલો!! એકવાર બોલો! આપ કયોં નહિ બોલતે? મૌન કયોં હૈ? આપકે ભક્ત આપકી સામને બેઠા હૈ ઔર વિનતિ કરતા હૈ –અબ તો બોલો! બોલના હી પડેગા.. હે પ્રભો! આપકે મિલનેસે મેરે લિયે યહ પંચમ નહિ કિન્તુ ચોથા હી કાલ હૈ... અબ દિવ્યધ્વનિ છોડો... –સ્તવનનો આવો મજાનો ભાવાર્થ સમજીને હજારો ભક્તો ઘણા પ્રસન્ન થયા ને ભક્તિનો રંગ જામ્યો.... પૂ. બેનશ્રીબેને જોસદાર ધૂન ઉપાડી—

ગુરુદેવ મારા વિનતિ કરે છે... વાણી છોડોને વીતરાગ... અબોલડા છોડો પ્રભુજી!
સમ્મેદશિખર નિર્વાણધામના દર્શન કીધા બહુ ભાવે.... અબોલડા છોડો પ્રભુજી!
સમ્મેદશિખર શાશ્વતધામની યાત્રા કીધી બહુ ભાવે.... અબોલડા છોડો પ્રભુજી!

ભક્તિની એવી ધૂન જામી હતી કે હમણાં જાણે ભગવાન બોલશે ને સર્વાંગેથી ધ્વનિના નાદ ગાજી ઊઠશે... એવું વાતાવરણ લાગતું હતું. આખુંય મંદિર ચિક્કાર ભરાઇ ગયું હતું ને બહાર પણ ભક્તોની ભીડ જામી હતી. બેલગછીયાનું પાર્શ્વનાથ ભગવાનનું આ જિન-મંદિર શહેરથી બેત્રણ માઇલ દૂર ઉપવન જેવા ઉપશાંત રમણીય વાતાવરણમાં બહુ જ

રળિયામણું લાગે છે; વિશાળ જગ્યામાં બગીચાઓ ને ફૂવારાઓની વચ્ચે જિનમંદિર દેવ-વિમાન જેવું શોભે છે. મોટા ચોકમાં એક બાજુ કૈલાસપર્વતની રચના છે. મંદિરની અંદર પાર્શ્વનાથપ્રભુના પૂર્વભવોના સુંદર વૈરાગ્યપ્રેરક દૃશ્યો છે.... ભગવાનની મુદ્રા પણ ઉપશાંત-રસપ્રેરક છે. જ્ઞાન ધ્યાન માટેનું સરસ સ્થાન છે. એક દિવસ અહીં બેલગછીયામાં સંઘનું જમણ રાખવામાં આવ્યું હતું. રાત્રે જિનમંદિરમાં ભક્તિ પછી, આ લેખક તથા બીજા કેટલાક યાત્રિકો -જેઓ કારણવશાત્ ગુરુદેવ સાથે ચંપાપુરીની યાત્રામાં જઈ શકયા ન હતા તેઓ ટ્રેઇનમાં ચંપાપુરી યાત્રા માટે ગયેલા, ને ચંપાપુરીમાં ફાગણ વદ ૧૦ના રોજ મંદાર-ગિરિ તીર્થધામની આનંદકારી યાત્રા કરી. કલકત્તાથી ચંપાપુરી (ભાગલપુર) લગભગ ૨૫૦ માઇલ છે.

કલકત્તાબંદર ગંગાનદીના કિનારે વસેલું છે....અહીં નજીકમાં જ ગંગાનદી બંગાળના ઉપસાગરને ભેટે છે...ફાગણ વદ દસમના દિને યાત્રિકોનો ગંગાવિહાર થયો-જે અપૂર્વ હતો. આમ કલકત્તામાં જો કે યાત્રાનો પ્રસંગ ન હતો તોપણ વિધવિધ પ્રસંગોમાં યાત્રાનાં તાજાં સ્મરણો સૌને આનંદિત કરતા. કલકત્તામાં આઠ દિવસ તો થઇ ગયા....હવે ફાગણ વદ તેરસે આપણો સંઘ એક સુંદર ગિરિગૂફાના સ્થળે જાય છે....કલ્પના કરો જોઇએ-કયાં જતો હશે ? મનરૂપી પંખીને કલ્પનારૂપી ગગનમાં ઊડાડો. તો ખ્યાલ આવશે કે ગગનવિહાર કરીને ગુરુદેવ કયા તીર્થમાં જઇ રહ્યા છે !



# ખંડગિરિ-ઉદયગિરિ તીર્થની યાત્રા

[ ફાગણ વદ ૧૩ ]

બિહારના મુખ્ય તીર્થોની આપણે યાત્રા કરી, બંગાળ પ્રદેશનું મુખ્ય શહેર જોયું, અંગદેશના તીર્થ ચંપાપુરીની યાત્રા કરી.......હવે આ પુસ્તક બિહાર ને બંગાળની પાસે આવેલા કલિંગ (ઓરિસ્સા) પ્રાંતના એક ઐતિહાસિક સિદ્ધક્ષેત્રમાં આપણને લઇ જાય છે, કલિંગદેશનું મુખ્ય શહેર ભુવનેશ્વર કલકત્તાથી લગભગ ૨૫૦ માઇલ દૂર છે, ત્યાંથી ૪-૫ માઇલ દૂર ખંડગિરિ ને ઉદયગિરિ એવી બે પહાડી છે. પર્વતમાંથી ખોદેલી અનેક જૈન-ગૂફાઓ અને તેમાં કોતરેલા જૈનપ્રતિમાઓથી ભરપૂર આ પહાડી ઉપર ભગવાન મહાવીરનું સમવસરણ આવ્યું હતું...ત્યાર પહેલાં પણ જશરથ રાજાના પુત્રો તેમજ પાંચસો મુનિઓ અહીંથી મુક્તિ પામ્યા છે તેથી આ સિદ્ધક્ષેત્ર છે. આ ઉપરાંત ભગવાન મહાવીર પછી લગભગ ૨૦૦ વર્ષ બાદ થયેલા કલિંગચક્રવર્તી જૈનસમ્રાટ એલ. ખારવેલ-જેઓ જૈનધર્મના પરમભક્ત હતા-તેમણે તથા તેમના રાણીએ આ પર્વતોમાં અનેક ગૂફાઓ, પ્રતિમાઓ અને લેખો કોતરાવ્યા છે, જેમાં ઉદયગિરિ ઉપર હાથીગૂફાની ઉપરનો મોટો શિલાલેખ ખાસ પ્રસિદ્ધ છે. જૈનધર્મની મહત્તાથી ભરેલા આ શિલાલેખોનું અવલોકન કરવા ભારતના એક વખતના રાષ્ટ્રપ્રમુખ ડો. રાજેન્દ્રપ્રસાદ તથા વડા પ્રધાન પં. જવાહરલાલ નહેરુ વગેરે આવી ગયા છે. ભારતના સમુદ્રકિનારાનું પ્રસિદ્ધ રમણીય સ્થળ જગન્નાથપુરી અહીંથી માત્ર ૨૦ ગાઉ દૂર છે...ખંડગિરિ-ઉદયગિરિ એ દિગંબર જૈનતીર્થધામ છે; બે હજાર વર્ષ કરતાં વધુ પ્રાચીન આ પહાડી ઉપર માત્ર દિગંબર પ્રતિમાઓ જ-તીર્થંકરોના અને મુનિઓનાં કોતરેલા છે.

પાઠક! આટલો પરિચય વાંચ્યા પછી હવે તને એ ખંડગિરિ-ઉદયગિરિ સિદ્ધક્ષેત્રમાં જવાની ઉત્કંઠા જાગી હશે....ચાલો આપણે ત્યાં જઇએ. પણ ગુરુદેવ સાથે વિમાનમાં તો માત્ર ૨૭ સીટની જ જગ્યા છે ને યાત્રિકો તો સેંકડો છે એટલે બીજા યાત્રિકો કલકત્તાથી ભુવનેશ્વરની ૯ રૂા. ની ટિકિટ કઢાવીને રેલ્વેથી ફાગણ વદ ૧૨ ની રાત્રે રવાના થયા...ને મુનિવરોના મંગલગીત ગાતાંગાતાં ટ્રેન ઉપડી—

હિલમિલકર સબ ભક્તો ચાલો ખંડગિરિકે ધામમેં...
હિલમિલકર સબ યાત્રા ચાલો મુનિવરોકે ધામમેં....
આત્મસ્વરૂપના ધ્યાન જ ધરીને....ચોવીસપ્રભુકી સ્તુતિ કરીને....
કુમતલિંગકા ખંડ ઊડાયા...ચંદપ્રભુ અદ્ભુત પ્રગટયા...
ઐસે તીરથધામમેં....સંતજનોકી સાથમેં....હિલમિલકર૦
પાંચશતક મુનિકી સિધ્ધ ભૂમિ...ગિરિગૂફા છે ત્યાં બહુ જુની,
આત્મશાંતિના ભાવ ભરેલી....સંતજનોની પાવનભૂમિ....
ઐસે પાવનધામમેં...સંતજનોકે સાથમેં...હિલમિલકર૦

તેરસની સવારમાં ટ્રેઇન ભુવનેશ્વર પહોંચી ને ત્યાંથી ખંડગિરિ-ઉદયગિરિ પહાડની તળેટીમાં ધર્મશાળામાં આવ્યા....સૌ નાહી ધોઇ જિનેન્દ્રદેવના દર્શન કરી, ખંડગિરિ-ઉદયગિરિનું અવલોકન કરી, ભુવનેશ્વર-વિમાની મથક પર ગુરુદેવનું વિમાન આવવાની રાહ જોતા બેઠા......

આ બાજુ કલકત્તામાં ડમડમ વિમાની મથકેથી સવારે સાત વાગે ગુરુદેવનું ખાસ વિમાન ઉપડવાની તૈયારી થઇ રહી હતી. આ વિમાનમાં કુલ ૨૭ યાત્રિકો હતા. વિમાનની ટિકિટ રૂા. ૭૦/- હતી. ગુરુદેવ સાથે તીર્થયાત્રા નિમિત્તે ગગનવિહારના પ્રસંગે સૌને ઘણો પ્રમોદ હતો. ગુરુદેવ સાથે વિમાનમાં શેઠ ગજરાજજી ગંગવાલના પુત્ર પન્નાલાલજી શેઠ મોહનલાલ કાળીદાસ જસાણી, શેઠ મલુકચંદ છોટાલાલ અને બીજા કેટલાક ભાઇ-બહેનો હતા.

વિમાનમથક ઉપર સેંકડો ભક્તોએ જયનાદપૂર્વક વિદાય આપી ને વિમાન ઘરઘરાટ કરતું આકાશમાં ઊડ્યું. પૂ. ગુરુદેવ સાથેના ગગનવિહાર વખતે કુંદકુંદપ્રભુની ગગનવિહારી વિદેહયાત્રાનાં મધુર સ્મરણો જાગતા હતા... અને પૂ. બેનશ્રીબેન વિમાનની અંદર ઘણા ઉત્સાહથી ભક્તિ કરાવતા હતા.


જય બોલો જય બોલો શ્રી મુનિવરધામકી જય બોલો....
જય બોલો જય બોલો ગુરુદેવ સાથે યાત્રાકી જય બોલો....
જય બોલો જય બોલો વિમાનયાત્રાકી જય બોલો....

નીચે દરિયો દેખાતો હતો. બંગાળના સમુદ્ર ઉપરથી લગભગ ચાર હજાર ફૂટ ઊંચે વિમાન પસાર થતું હતું, ત્યારે જાણે કે ગુરુદેવ સાથે ભવસાગરને તરતા હોઈએ –એવી ઊર્મિ જાગતી હતી. આ ગગનયાત્રાની આનંદકારી યાદી માટે ગુરુદેવના હસ્તાક્ષર ચાલતા વિમાને કરાવ્યા. જમીનથી ચાર હજાર ફૂટ ઊંચે આકાશમાં ગુરુદેવે પ્રમોદથી નીચે પ્રમાણે હસ્તાક્ષર કર્યા—




આમ આનંદથી ગગનવિહાર કરીને એક કલાકમાં તો વિમાન ભુવનેશ્વર આવી પહોંચ્યું. ભુવનેશ્વરના વિમાનીમથકે કાગને ડોળે વિમાનની વાટ જોઈ રહેલા સેંકડો યાત્રિકોએ ગગનવિહારી ગુરુદેવનું ગગનભેદી જયનાદવડે સ્વાગત કર્યું.... ગુરુદેવ પ્રસન્નચિત્ત હતા. સૌ ધર્મશાળાએ આવ્યા, ને ગુરુદેવ તો તરત જ તૈયાર થઈને યાત્રા માટે ભક્તોની રાહ જોતા ઊભા. થોડીવારમાં સૌ ભક્તો તૈયાર થઈને આવી પહોંચ્યા ને ગુરુદેવ સાથે આનંદપૂર્વક પ્રસ્થાન કર્યું.

ધર્મશાળાની બાજુમાં જ સામસામી બે પહાડી છેઃ એકનું નામ ખંડગિરિ ને બીજીનું નામ ઉદયગિરિ ( જેનું પ્રાચીન નામ કુમારીપર્વત છે ). આ પર્વત ઉપરથી ભગવાન મહાવીરે ઉડીસા પ્રાંતની જનતાને દિવ્યધ્વનિનું અમૃતપાન કરાવ્યું હતું તેથી આ પાવનતીર્થ છે. તથા જશરથ રાજાના પુત્ર વગેરે ૫૦૦ મુનિવરોનું આ સિદ્ધિધામ છે. એકવાર દ્વાદશાંગ-





વાણીના ઉદ્ધાર માટે અહીં શ્રમણસંઘ એકત્ર થયો હતો. આવા આ પ્રાચીન તીર્થધામની યાત્રા કરવા ગુરુદેવ સાથે યાત્રિકો જઇ રહ્યા છે. પહેલાં ખંડગિરિ ઉપર આવ્યા....આ પર્વત લગભગ ૧૨૫ ફૂટ ઊંચો છે. મુનિભક્તિ ગાતાંગાતાં પા ઘડીમાં ઉપર પહોંચી ગયા.... ઉપર શું હશે તે જોવાની સૌને ઉત્કંઠા હતી .. આ પર્વત ઉપર બે મંદિરો તથા પાંચેક વિશાળ ગૂફાઓ ( પર્વતમાંથી કોતરેલી ) છે. જિનમંદિરમાં બિરાજમાન આદિનાથ ભગવાન વગેરે પ્રાચીન જિનબિંબોનાં દર્શન કરીને પૂજન કર્યું... થોડીવાર સૌ શાંતિથી બેઠા.... ને પછી મુનિવરોના ઉપશાંતધામમાં જાણે નજર સામે મુનિવરો બિરાજતા હોય એવા ભાવથી ગુરુદેવે ભક્તિ ગવડાવી—


ઐસે મુનિવર દેખે વનમેં.... જાકે રાગદ્વેષ નહિ તનમેં....
શીતકાલ દરિયાકે કિનારે.... એજી ધીર ધરે ધ્યાનનમેં....ઐસે....
ગ્રીષમકાલ પર્વતકે ઉપર.... એજી મગન રહે ધ્યાનનમેં...ઐસે...
વર્ષાકાલ તરૂતલ ઠાડે... એજી બુંદ સહે છિનછિનમેં....ઐસે..
ઐસે મુનિકો મૈં નિતપ્રતિ ધ્યાઉં... એજી દેત ઢોક ચરણનમેં....ઐસે...

બાજુના બીજા મંદિરમાં પાર્શ્વનાથપ્રભુની ૧૨ ફૂટ ઊંચી ખડગાસન પ્રતિમા વીતરાગ-ધ્યાનનો સન્દેશ આપી રહી છે...ત્યાં પણ આનંદથી દર્શન કરીને સૌએ અર્ઘ ચડાવ્યો.... ને પછી ખંડગિરિની ગૂફાઓ જોઈ..એક ગૂફામાં ૨૪ ભગવંતો કોતરેલા છે; બીજી ગૂફામાં નવ જિનબિંબ તથા તેની નીચે નવગ્રહના નવ દેવતા કોતરવામાં આવ્યા છે...બીજી અનેક ગૂફાઓમાં પણ જિનબિંબ, પંચપરમેષ્ઠી તથા મુનિવરો વગેરે પર્વતની દિવાલોમાં જ કોતરેલા છે. આખો પર્વત ઠેર ઠેર જિનેન્દ્રમહિમાને પ્રસિદ્ધ કરી રહ્યો છે. આ ગૂફાઓ જોઇને ગુરુદેવ વગેરે સૌ પ્રસન્ન થયા. કોઇ કોઇ ગૂફાઓ ખાલી પણ હતી. આ ગૂફાઓ જોતાં ગિરિગૂફાવાસી સંતોનું જીવન યાદ આવતું...."ધન્ય મુનીશ્વર આતમહિતમેં છોડ દિયા પરિવાર..." એવી ભક્તિ ગાતાં ગાતાં પૂ. બેનશ્રીબેન ભાવપૂર્વક ગૂફાઓનું અવલોકન કરતા હતા. ૨૪ ભગવંતોની ગૂફામાં પણ એ સ્તવન ગવડાવ્યું હતું. ભગવંતો, ગૂફાઓ તથા આસપાસના ઉપશાંત વાતાવરણનું નિરીક્ષણ કરીને પ્રસન્નતાપૂર્વક બાજુની બીજી પહાડી પર આવ્યા.

આ ઉદયગિરિ પહાડ ઉપર ખાસ મંદિર નથી, પણ ગૂફાઓની વિશેષતા છે. તથા અહીંથી ૫૦૦ મુનિવરો મુક્તિ પામ્યા છે તેનું કોઇ જુદું સ્થાન નથી તેથી આખાય પર્વ-


તને જ સિદ્ધક્ષેત્ર સમજીને તેની યાત્રા કરી. આ ઉદયગિરિ પર્વત લગભગ ૧૧૦ ફૂટઊંચો છે ને તેનો વિસ્તાર ઘણો છે. ગુરુદેવ સાથે ગૂફાઓ જોતાંજોતાં પહાડ ઉપર ચાલ્યા જતા હતા.... કોઈક ગૂફામાં ગરીને થોડીવાર બેસી જતા હતા...મુનિવરોના તથા સંતોના ધ્યાનનું સ્મરણ કરતા...તેની ભાવના ભાવતા...સિદ્ધપરમાત્માને યાદ કરતા....ગુરુદેવ પણ વારંવાર બહુમાનથી સંતોનું સ્મરણ કરતા હતા. જતાં જતાં રસ્તામાં સુંદર ઝાડીવાળું રમણીય સ્થાન આવ્યું, સૌને ત્યાં બેસવાનું મન થઈ ગયું. ગુરુદેવ કહે : બેસો, અહીં સુંદર સ્થાન છે...આવા સ્થાનમાં મુનિઓ ધ્યાન લગાવીને બેઠા હોય-આમ કહીને ગુરુદેવ એક શિલાને આસન બનાવીને બેઠા ને સૌ ભક્તજનો પણ શાંતિપૂર્વક ગુરુચરણોમાં બેસી ગયા. થોડી વાર તો વાતાવરણ એકદમ ઉપશાંત બની ગયું,—જાણે સૌ ધ્યાન ધરવા બેઠા. ગુરુદેવ કહે : જુઓ, કેવું સરસ શાંતિનું ધામ છે....ધ્યાન ધરવાનું મન થઈ જાય તેવું છે. સંતોના ધામમાં...ગુરુચરણોમાં બેઠેલું ભક્તમંડળ પણ બહુ પ્રસન્ન હતું. બધા કહેતા કે અહીંથી તો ઊઠવાનું મન થતું નથી. પણ હજી પર્વતના ઘણા ભાગની યાત્રા બાકી હતી, તેથી થોડીવાર બેસીને પછી ગૂફાઓ જોતા જોતા આગળ ચાલ્યા. કોઈ કોઈ ગૂફામાં પ્રતિમાજી કોતરેલા નજરે પડી જતા ત્યારે વિશેષ આનંદ થતો. એક ગૂફામાંથી (બહાર આવ્યા વિના) બીજી ગૂફામાં જવાય એ રીતે અનેક ગૂફાઓ એકબીજા સાથે સંકળાયેલી હતી. એટલે એક ગૂફાના દ્વારે કોઈ બોલે તો તેનો ધ્વનિ દૂરદૂરની બીજી ગૂફાઓ સુધી ટેલિફોનની જેમ સંભળાય; ત્યાં બોલીબોલીને સૌ અખતરા કરતા...યાત્રિકને ઊંડી ઊંડી ગૂફામાં બેસવાનું બહુ ગમતું. કોઈ ગૂફામાં જિનેન્દ્રભગવાન કોતરેલા બિરાજતા હોય ત્યાં યાત્રિક તેમની પાસે જઈને બેસી જાય,—ગૂફાવાસી સંતોને યાદ કરે, એ સંતોના શુદ્ધાત્મધ્યાનનું ભક્તિથી સ્મરણ કરે...એમના ધ્યાનના ધ્યેયભૂત સિદ્ધપદને ચિંતવે. અહા, એ સિદ્ધસ્વરૂપનું ચિંતન! એના ધ્યાનમાં સંતોને થતું આનંદનું અચિંત્ય વેદન! !—એ બધાનું સ્મરણ અને બહુ જ ભાવના થતી. અહા ! જેવું ઊંડું આત્મચિંતન એવી જ ઊંડી ગૂફા. તે ઊંડી ગૂફા જાણે દર્શાવી રહી છે કે આત્મામાં અંદર ઊંડા ઊતરીને થતા આત્મચિંતનનું ઘણું સામર્થ્ય છે. આ ગૂફાવાસ સંતોના સહવાસ જેવો આનંદ આપતો હતો. આ ગૂફાવાસ એ યાત્રાનું એક ખાસ ઊર્મિભર્યું સંભારણું છે. આ મુનિવરોના ધામની યાત્રામાં ભક્તિ ઉપરાંત વૈરાગ્યભરેલા ઉપશાંત વાતાવરણની પ્રધાનતા હતી, અને એ ઉપશાંત વાતાવરણ આત્માર્થીને જ્ઞાનવૈરાગ્યની ને આત્મધ્યાનની પ્રેરણા આપતું હતું.

હવે અહીંની પ્રસિદ્ધ હાથીગૂફા પાસે આવી પહોંચ્યા. આ હાથીગૂફાના દ્વારની બંને બાજુ હાથી કોતરેલા છે, અને દ્વારની ઉપર પર્વતની મોટી છતમાં કલિંગનરેશ જૈનસમ્રાટ





ખંડગિરિ–ઉદયગિરિ ગૂફામાં કોતરેલા જિનબિંબો



હાથીગૂફા (ઉદયગિરિ)



–હાથી ગૂફામાં બેઠા છીએ

ખારવેલે કોતરાવેલો એક મોટો લેખ લગભગ ૨૦ ફૂટ લાંબો ને ૭-૮ ફૂટ પહોળો છે તેમાં જૈનધર્મની મહત્તા છે, શરૂઆતમાં 卐 સાથીઓ (ઉપસેલો) કોતરેલો છે. લગભગ ૨૨૦૦ વર્ષ જૂનો (એટલે વીરપ્રભુ પછી ૩૦૦ વર્ષ બાદનો, ને કુંદકુંદાચાર્યદેવથી પણ બસો વર્ષ પૂર્વેનો) આ પ્રાચીન શિલાલેખ ઐતિહાસિક દૃષ્ટિએ બહુ મહત્વનો છે. તેનું અવલોકન કરીને સૌ ગૂફામાં પ્રવેશ્યા....

અત્યારે (ફાગણ વદ તેરસના દસ વાગે) આપણે કલિંગ દેશમાં ઉદયગિરિપર્વત ઉપ રની હાથીગૂફામાં ગુરુદેવ સાથે બેઠા છીએ. હાથીગૂફા લગભગ ૩૦ ફૂટ પહોળી, વીસ ફૂટ ઊંડી ને દસેક ફૂટ ઊંચી છે. ગૂફાની અંદરની છત ઉપર કોઈ સંતોના મોટા ચરણચિન્હ કોતરેલા છે. ગૂફામાં એક તરફ ઓટલા જેવો ભાગ છે ત્યાં કહાનગુરુ બેઠા છે. આસપાસ સૌ યાત્રિક ભક્તો બેઠા છીએ, ને શાંતચિત્તે આસપાસના શાંતિભર્યા વાતાવરણનું અવલોકન કરીએ છીએ. પૂ. ગુરુદેવને આ ગૂફાનું આવું વાતાવરણ જોઇને ઘણી પ્રસન્નતા થાય છે ને હૈયામાં સંતોનું સ્મરણ જાગતાં અંદરના વિચારમાં ઊતરી જાય છે. ગૂફામાં ગુરુદેવ સાથે ભક્તો બેસેલા એ દૃશ્ય બહુ ભાવવાહી હતું. અહીંની યાત્રાના કેટલાક સ્મરણો ખંડગિરિ-ઉદયગિરિની ગૂફામાં બેઠાબેઠા જ લખાયેલા છે. થોડીવાર ગૂફાની, યાત્રાની અને મુનિદશાના મહિમાની ચર્ચા કરીને પછી ભક્તિ શરૂ થઈ—

મૈં નિત ઊઠ ધ્યાઉં ગુણ ગાઉં.... પરમ દિગંબર સાધુ.... પરમ દિગંબર સાધુ
મહાવ્રતધારી... ધારી.... મહાવ્રતધારી...
ઐસે પરમ તપોનિધિ જહાં જહાં જાતે હૈ જાતે હૈ,
પરમ શાંતિ સુખ લાભ જીવ સબ પાતે હૈ પાતે હૈ.
ભવ ભવમેં સૌભાગ્ય મિલે, ગુરુપદ પૂજું ધ્યાઉં... ગુરુપદ પૂજું ધ્યાવું
ભવજલતારી તારી... ભવજલતારી.

હાથીગૂફામાં સંત મુનિવરોની અદ્‌ભુત ભક્તિ થઈ, અને પછી... આપણી આ "મંગલ તીર્થયાત્રા"ની સાથે સાથે જ "મોક્ષની મંગલયાત્રા"નો પણ પ્રારંભ થાય... એવી ભાવના-પૂર્વક ખંડગિરિ-ઉદયગિરિ સિદ્ધિધામની યાત્રા પૂર્ણ કરીને આનંદમંગળ ગાતાં ગાતાં દસ મિનિટમાં સૌ નીચે આવી પહોંચ્યા.

કલિંગદેશના ખંડગિરિ-ઉદયગિરિ સિદ્ધિધામને નમસ્કાર હો.

સિદ્ધિધામથી સિદ્ધપદપ્રાપ્ત જશરથનંદન આદિ મુનિવરોને નમસ્કાર હો.

આ નવીન સિદ્ધિધામની યાત્રા કરાવનાર કહાનગુરુને નમસ્કાર હો.

卐 卐 卐


આનંદપૂર્વક આ સિદ્ધિધામની યાત્રા કરીને સૌ ધર્મશાળામાં આવ્યા ને યાત્રાસંઘે તદ્દન સાદું ભોજન કર્યું... કેળાં. સંતરાં વગેરે ફળ ખાધા....ને ધર્મશાળામાં ઝાડ નીચે વિશ્રામ કર્યો. ત્યારબાદ બપોરે સૌ વિમાનમથક ઉપર આવી પહોંચ્યા....લગભગ અઢી વાગે ગુરુદેવ પધાર્યા ને ગગનવિહાર માટે વિમાનમાં બેઠા. ત્રણ વાગે સેંકડો યાત્રિકોના જયજયનાદની સાથે ઘરઘરાટવડે પોતાનો સાથ પૂરાવતું વિમાન ઊડ્યું....સેંકડો યાત્રિકો નીચે ઊભા ઊભા ઊંચી નજરે એ ગગનવિહાર જોઇ રહ્યા....સાંજે ગુરુદેવ ઉડીસા (ઓરિસ્સા)ની રાજધાનીમાંથી બંગાળની રાજધાનીમાં આવી પહોંચ્યા.

ભુવનેશ્વરમાં કેટલાક યાત્રિકો ભુવનેશ્વરનું પ્રખ્યાત શિવમંદિર જોવા ગયેલા. આ શિવમંદિર માટે એમ સાંભળવામાં આવ્યું કે સમન્તભદ્રસ્વામીની સ્તુતિના બળે ચંદ્રપ્રભસ્વામીની મૂર્તિ પ્રગટવાનો ઐતિહાસિક પ્રસંગ આ મંદિરમાં જ બનેલો....ને તેના અમુક સ્થાનોમાં તીરાડો આજેય દેખાય છે...પૂજારીલોકો મંદિરના અમુક ભાગથી આગળ કોઇને પ્રવેશવા દેતા નથી. અને જૈનોને તેઓ "ચંદા પ્રભુકો માનનેવાલા" એમ કહીને ઓળખે છે. (સમન્તભદ્રસ્વામીની સ્તુતિના બળે ચંદ્રપ્રભુભગવાન પ્રગટવાનો પ્રસંગ બનારસ-કાશીમાં થયો હોવાનું પણ કેટલાક કહે છે.) ખંડગિરિ-ઉદયગિરિ પાસે ધર્મશાળા સિવાય બીજી વસતી ખાસ નથી, કાંઇ ચીજવસ્તુઓ પણ મળતી નથી. પૂ. ગુરુદેવ વગેરે વિમાનના યાત્રિકોને વિદાય આપીને બાકીના ટ્રેઇનમાં જનારા યાત્રિકો ધર્મશાળાએ આવ્યા ને ગુરુદેવ વગરના સુનમુન વાતાવરણમાં યાત્રાની ચર્ચા કરતા બેઠા....કેટલાક યાત્રિકો ફરીને ખંડગિરિ-ઉદયગિરિ પર ગયા... થોડીવાર પહેલાં ગાજતી ગુફાઓ અત્યારે શાંત હતી. મુનિગુફાનું એ શાંત-નિર્જન વાતાવરણ અધ્યાત્મપ્રેરક હતું ને સમયસારની ગાથાઓને યાદ કરાવતું હતું....રાતે નવ વાગે ટ્રેઇનદ્વારા ભુવનેશ્વરથી કલકત્તા તરફ રવાના થયા...યાત્રામાં ઘણીવાર આ રીતે રસ્તાના પ્રવાસમાં જ રાત જતી....લગભગ ૧૨-૧ વાગ્યા સુધી મોટરમાં પ્રવાસ કરવાનું તો ઘણી વખત બનતું, પણ યાત્રાના ઉલ્લાસમાં ને ઉલ્લાસમાં થાકને કોઇ ગણકારતું નહિ. જ્યાં બે ચાર દિવસ રોકવાનું થાય ને આરામ જેવો જરાક ટાઇમ મળે ત્યારે સૌને ખૂબ જ ચડેલા થાકનો ખ્યાલ આવતો....ફાગણ વદ ૧૪ ની સવારમાં યાત્રિકો કલકત્તા પહોંચી ગયા...ગુરુદેવ તો ગઇકાલે સાંજે પાંચ વાગે કલકત્તા પહોંચી ગયા હતા.


હવે આ ફાગણ વદ ૧૪ એ કલકત્તાનો છેલ્લો દિવસ છે ને આવતી કાલે તો અહીંથી પ્રસ્થાન કરીને ઝડપી પ્રવાસથી ઘરભણી જવાનું છે...ગુરુદેવે છેલ્લા દિવસે સુંદર ભાવભીનાં પ્રવચનો કર્યાં. પ્રવચન બાદ શેઠશ્રી શાંતિપ્રસાદજી જૈન તથા શેઠશ્રી ગજરાજજી ગંગવાલ



શેઠશ્રી નવનીતલાલ સી. ઝવેરી (J. P.) તેઓશ્રી સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટનું પ્રમુખપદ શોભાવી રહ્યા છે, અને સત્ય તત્ત્વજ્ઞાનને લગતા સાહિત્યની પ્રભાવના માટે ખાસ તમન્ના ધરાવે છે. સાહિત્ય પ્રચારમાં તેમનો ઉદાર ફાળો છે. બાલસાહિત્યના તેઓ ખાસ હિમાયતી છે.



શેઠ શ્રી નાનાલાલભાઈ પૂ. ગુરુદેવ પાસે પ્રમોદ વ્યક્ત કરતાં કહે છે કે: અહો ગુરુદેવ! આપના પ્રતાપે મહાન તીર્થોની અલૌકિક યાત્રા થઈ. (રાજકોટ, સોનગઢ, મુંબઈ વગેરે અનેક સ્થળોએ ધાર્મિક કાર્યોમાં મુરબ્બીશ્રી નાનાલાલભાઈનો અને તેમના કુટુંબનો મહત્ત્વનો ફાળો છે.)



કલકત્તા–
નૌકાવિહાર
ફો. ૧. ૧૦

વગેરેએ ભક્તિપૂર્વક ભાવભીના સુંદર ભાષણોદ્વારા ગુરુદેવનું બહુમાન કર્યું. ત્યારબાદ કલકત્તાના મુમુક્ષુસમાજ તરફથી સ્વાગતાધ્યક્ષ શ્રી શાંતિપ્રસાદજીના હસ્તે ગુરુદેવને અભિનંદનપત્ર અર્પણ કરવામાં આવ્યું. આમ કલકત્તાનો ૧૦ દિવસનો કાર્યક્રમ એકંદર બહુ સારી રીતે પાર પડયો. કલકત્તામાં મુકામ દરમિયાન શેઠશ્રી વછરાજજી ગંગવાલ (જેમને સોનગઢમાં ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમ બંધાવેલ છે તેઓ) તથા તેમના ધર્મપત્ની સૌ. મનફૂલાબેન અને તેમના કુટુંબીજનોને ઘણો ઉત્સાહ હતો....સોનગઢ-આશ્રમના બેનોને પોતાને ઘેર આવેલા દેખીને તેમને બહુ વાત્સલ્યભાવ અને પ્રમોદ થતો હતો. પૂ. ગુરુદેવનો આહાર વછરાજજી શેઠને ત્યાં થયેલ; તે ઉપરાંત શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહુ, શેઠ મોહનલાલજી પાટની, ભાઇશ્રી વીરચંદભાઇ, મૂલચંદભાઇ ઝોબાલિયા વગેરેના ઘેર પણ ગુરુદેવ આહાર માટે પધાર્યા હતા ને આવા દૂર દેશમાં ગુરુદેવના પગલા પોતાના આંગણે થતાં સૌએ ઘણો ભક્તિભાવ બતાવ્યો હતો. ગુરુદેવ સાથે આવા મહાન તીર્થોની આવી સરસ ભાવભીની યાત્રા થઇ તેથી શેઠશ્રી નાનાલાલભાઈ, જડાવબહેન વગેરે સમસ્ત જસાણી કુટુંબને તેમજ તલકશીભાઈ, મણિલાલભાઈ, પ્રેમચંદભાઈ, દલીચંદ હકુભાઇ સંઘવી, ચુનિલાલ હઠીસંગ શેઠ વગેરે સૌને ઘણો પ્રમોદ થયો હતો. યાત્રાસંઘના લોકો યાત્રાની યાદગીરી માટે વિધવિધ વસ્તુની ખરીદીમાં, ને સગાંસ્નેહીઓને મળવાની ધમાલમાં હતા....હવે અહીંથી સંઘના ઘણા ભાઇ-બેનો જુદા પડવાના હતા, તેથી ત્રણ માસ સાથે રહેલા યાત્રિકો સ્નેહપૂર્વક લાગણીભીના હૃદયે એક-બીજાને હળીમળીને વિદાય લેતા હતા...એ બધા દૃશ્યો લાગણીભર્યા હતા. બાકી રહેલા સંઘે ફાગણ વદ અમાસની સવારમાં પ્રસ્થાનની તૈયારી કરી. પરંતુ—કલકત્તા છોડતા પહેલાં હજી આપણે બે બાબતને અહીં યાદ કરવાની છે-એક તો કલકત્તાની કાર્તિકી પૂર્ણિમાની પ્રસિદ્ધ રથયાત્રા; અને બીજું સોનગઢથી કલકત્તા સુધીમાં થયેલી અત્યારસુધીની યાત્રા.

## કલકત્તાની કાર્તિકી પૂર્ણિમાની રથયાત્રા

કલકત્તામાં દર વર્ષે કાર્તિકી પૂર્ણિમાએ શ્વેતાંબર દિગંબર બંનેની સંયુક્ત ભવ્ય રથયાત્રા નીકળે છે, કલકત્તાની આ એક વિશેષતા છે. આ રથયાત્રા દોઢસો વર્ષથી નીકળે છે ને દેશભરમાં ખૂબ પ્રસિદ્ધ છે. તે રથયાત્રા જોવા માટે દેશભરના હજારો યાત્રિકો અહીં એકઠા થાય છે. સંતજનોના પ્રતાપે આ પુસ્તકના લેખકને પણ સં. ૨૦૧૦માં એ રથયાત્રા નજરે જોવાનું ને તેમાં ભાગ લેવાનું સદ્ભાગ્ય સાંપડયું હતું; તે વખતે એ રથયાત્રાને સાક્ષાત્ નીહાળતાં નીહાળતાં તેના વર્ણનની જે નોંધ કરેલી તેમાંથી યોગ્યભાગ અહીં આપ્યો છે—

(કારતક સુદ ૧૪) અમારી ટ્રેઈન લગભગ ૧૨ વાગે કલકત્તાના હાવરા સ્ટેશને પહોંચી; રસ્તામાં એક જિનમંદિરમાં મહાસુંદર જાણે સોનાનાં જ હોય એવા ભગવાનના દર્શન કરીને ઉતારે પહોંચ્યા. બીજા દિવસે રથયાત્રા હતી. રાત્રે અદ્‌ભુત શણગારેલી કલકત્તાનગરી જોઈ. બરાબર કાલે જ રશિયન વડાપ્રધાન બલ્ગેનીન વગેરે વિદેશી મહેમાનો આવવાના હોવાથી આખા શહેરને ખૂબ શણગાર્યું હતું. આ શણગાર જોઇને એમ થતું કે અરે, એક રાજકીય મહેમાન આવતાં પણ દેશ આખામાં કોલાહલ ને નગર આખામાં આવો શણગાર થાય છે તો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનો જન્મ થતાં આખા વિશ્વમાં આનંદનો કોલાહલ થાય ને આખી નગરી સોનાની રચાય એમાં શું નવાઈ! એ કલ્યાણકપ્રસંગો જાણે કે પ્રત્યક્ષીભૂત થતા હતા. રાત્રે લાખો દીવડાના ઝગઝગાટમાં નગરીની શોભા અનેરી હતી. બીજે દિવસે સવારમાં બડા મંદિરે ગયા ત્યારે રથયાત્રાની તૈયારી થતી હતી... ચારેકોર રથ-ગંધકૂટિ-ધ્વજાઓ-ઇન્દ્રધ્વજો-પાલખીઓ-છડી-ચામર ઝરિયન પોષાક વગેરેનો ઠાઠ જોઇને ઘણો હર્ષ થતો હતો. હજી તો રથયાત્રામાં જિનેન્દ્ર ભગવાનને દિવ્ય વૈભવ સહિત વિહાર કરતાં જોશું ત્યારે તો જિનેન્દ્રમહિમામાં તરબોળ થશું.... આજે આખી કલકત્તાનગરી અદ્‌ભુત રીતે શોભી રહી છે, -ઠેરઠેર દરવાજા, ધજાપતાકા, લાઇટ, તોરણ વગેરેથી શોભે છે. -જાણે કે ભગવાનના શ્રીવિહાર માટે જ નગરી કુદરતી શણગારાતી હોય! અમે આવ્યા ને કુદરતે આવો શણગાર થયો... ને આવા શણગારથી ભરેલી નગરીમાંથી જિનેન્દ્રદેવના વૈભવસહિત રથયાત્રા નીકળશે -તેના દર્શન થશે, -તે અમારું ઘણું મોટું સદ્‌ભાગ્ય છે... આજે આખું શહેર આનંદથી ખળભળી ઊઠ્યું છે.... અહીં લાખો જીવો ભગવાનની રથયાત્રા જોવા ઊભરાયા છે....

કાર્તિકી પૂનમની સવારે નવ વાગે રથયાત્રા શરૂ થઇ. શ્વેતાંબર અને દિગંબર બંનેની રથયાત્રા અમુક સ્થળે ભેગી થઇ જાય છે, ને કેટલોક વખત સુધી સાથે જ ચાલે છે. અહા, શી એ દિવ્ય રથયાત્રા!! શો એનો મહાન ઠાઠમાઠ! જાણે જિનેન્દ્રભગવાનનો સાક્ષાત વિહાર...અને જૈનભક્તોની બેસુમાર ભીડ! બસ, ધર્મકાળ જ લાગતો હતો. પહેલાં તો એક સ્થળે ઊભા ઊભા આખી રથયાત્રા જોઇ લીધી પછી ભક્તિપૂર્વક તેમાં જોડાઇ ગયા. પચીસ હજાર માણસોથી ઉભરાતી લગભગ એક માઇલ લાંબી ને એક છેડાથી બીજો છેડો આવતાં અડધી કલાક લાગે એવી રથયાત્રાના રથમાં શ્રી વાસુપૂજ્ય ભગવાન બિરાજતા હતા. પ્રભુજીની સાથે ચાલતાં અહો! જાણે ભગવાનની સાથે વિહાર કરવાનું સૌભાગ્ય મળ્યું ભગવાનનો આવો અપાર વૈભવ જોઇને ભક્તિ ઊછળતી હતી, ને ખૂબ ઉમળકો આવતો હતો. આસપાસના સાધર્મીઓ સહિત પ્રસન્નતાથી ઘણી ઘણી ભક્તિ કરી. ચાલતી રથયાત્રાએ ઘણા ભક્તો રથમાં રૂપિયા ભેટ ધરતા ને ધૂપપૂજા કરતા...રથયાત્રાના બંને છેડે




શેઠ ભૂરાલાલ ભૂદરજી ( પોરબંદર )

ગુરુદેવની સાથે યાત્રાપ્રવાસમાં તેઓ સાથે જ હતા. સં. ૨૦૧૫ ની બાહુબલીયાત્રામાં પણ તેઓ સાથે જ હતા. ગુરુદેવના થોડા વર્ષોના પરિચયમાં પણ તેઓએ ઘણો ઉત્સાહ બતાવ્યો હતો. ને યાત્રાસંઘ માટે તેમણે અસાધારણ ઉત્સાહ બતાવીને રૂા. દશ હજાર જેવી ઉમદા રકમનો ફાળો આપ્યો હતો.

સં. ૨૦૧૬ ના કારતક વદ એકમે તેઓ સ્વર્ગવાસ પામી ગયા.

卐



શેઠશ્રી વછરાજજી ગંગવાલ (લાડનૂ) કલકત્તા

આ યાત્રાપ્રવાસમાં ગુરુદેવને માટે તેમણે પોતાની મોટરનો ખાસ બંદોબસ્ત કર્યો હતો; તેમજ ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમના બહેનો માટે એક મોટરબસનો પણ બંદોબસ્ત તેમણે પોતાના તરફથી કર્યો હતો. ગુરુદેવ લાડનૂ અને કલકત્તા પધાર્યા ત્યારે તેમણે અને તેમના કુટુંબે ઘણો હર્ષોલ્લાસ બતાવ્યો હતો. યાત્રાસંઘમાં તેઓ સાથે જ હતા. તેમના નાનાબંધુ શ્રી ગજરાજજી ગંગવાલ કલકત્તાની સ્વાગતસમિતિના ઉપાધ્યક્ષ હતા.

卐

વાયરલેસસંદેશ સહિત પોલીસવાન સાથે જ રહેતી. રથયાત્રાની શરૂઆતનો મોટો ઇન્દ્ર-ધ્વજ એટલો ઊંચો હતો કે તેને નમાવ્યા વિના પસાર કરવા માટે ક્યાંક ક્યાંક તારના દોરડાં કઢાવી નાખવા પડતા.

એક તરફ રશિયન મહેમાનોના સ્વાગતની ભીડ! ને બીજી તરફ શ્રી જિનેન્દ્રદેવની આ રથયાત્રાની ભીડ! લાખો માણસોની બેસુમાર ભીડ હતી. જ્યાં જુઓ ત્યાં માણસ... માણસ... ને માણસ. લાખો માણસો અને શણગારનો તો પાર જ નહીં. તે દેખીને ભગવાનનું સમવસરણ યાદ આવતું હતું. શ્રીપ્રભુજી વિહાર કરતા કરતા બેલગછીયા મંદિરે (પાર્શ્વનાથપ્રભુકા વનમંદિરે) પધાર્યા. અહો, ભગવાનની આવી રથયાત્રા જોઇને હું તો આનંદથી ચકચૂર થઇ ગયો. નાનકડા હૈયામાં ન સમાતો એ મહાન ઉલ્લાસ આંખમાંથી હર્ષાશ્રુરૂપે બહાર આવતો હતો. ભગવાનની રથયાત્રા આવી સરસ વૈભવવંતી,—તો પછી સાક્ષાત્ જિનેન્દ્રના શ્રીવિહારનો વૈભવ તો નાના મગજની કલ્પનામાં ક્યાંથી સમાય? પ્રભુજીના વૈભવને સાક્ષાત્ જોયો છે એવા સંતો જ આવી રથયાત્રા વગેરેના મહાન ઉલ્લાસને પૂરો માણી શકે. આ રથયાત્રા જોતાં એમ થતું હતું કે જ્યારે અકલંકસ્વામીદ્વારા જૈનધર્મનો વિજય થયો અને રાણીએ પૂરા ઠાઠમાઠથી રાજ્યમાં જિનેન્દ્રભગવાનની જે ભવ્ય રથયાત્રા કાઢી,-જેને જોઇને અનેક જીવો સમ્યક્ત્વ પામી ગયા....તે રથયાત્રા કેવી હશે? રથયાત્રામાં આવેલા સમસ્ત જૈનસંઘને જમવાનું બેલગછીયા મંદિરે હતું....એ સાધર્મી સંઘના જમણનું દ્રશ્ય જોતાં વાત્સલ્ય થતું હતું. બેલગછીયામંદિર સુંદર અને મનોહર છે. મોટો ચોક, બગીચાઓ, સરોવર જેવો મોટો હોજ, અનેક ફૂવારા, લાઇટો, ધજાપતાકા, વગેરેથી સુશોભિત છે...એક બાજુ કૈલાસ-પર્વતની રચના છે. પર્વત ઉપર સુંદર દેરી છે, ગૂફા છે, પર્વત ઉપર એક તરફથી ચડીને બીજી તરફ ઉતરાય છે, ફરતી પાણીની ખાઇ છે, ને પર્વત ઉપરથી પાણીનો ધોધ પડે છે. વળી કૈલાસ ઉપર ૨૪ ભગવાન બતાવવા માટે ૨૪ લાઇટો ગોઠવી હતી...તે દ્રશ્ય બહુ સુંદર હતું. અહીંના મંદિરમાં શ્રી પાર્શ્વનાથપ્રભુ મૂળનાયક છે, તે ઉપરાંત ચંદ્રપ્રભ વગેરે ભગવંતો બિરાજમાન છે. અને પાર્શ્વનાથપ્રભુના દસ ભવોના સુંદર ચિત્રો છે...તેમાં કમઠ ઉપસર્ગ કરે છે ને ભગવાન ધ્યાનમાં સ્થિર છે તે દ્રશ્ય સરસ ભાવવાહી છે.

—આવા જિનમંદિરે ઠાઠમાઠપૂર્વક મારા નાથની સવારી ગાજતાંવાજતાં આવી પહોંચી ને ચારેકોર જયજયકાર ગાજી ઊઠ્યા, ભગવાનની સવારીનો વૈભવ નીચે મુજબ હતો—

(૧) સૌથી પહેલાં મોટાં વાજાં મંગળનાદે ગાજતા હતા (૨) ધજાઓ (૩) ધાતુનો

મોટો રથ ( ૪ ) ચાર ઇન્દ્રધ્વજ ( ૫ ) મંગળવાજાં ( બીજા ) ( ૬ ) ઐરાવત હાથી, –સફેદ ઘણો સુંદર છે, ને ઉપર સોનાની અંબાડી છે, આ હાથી સૂંઢથી ચામર ઢાળે છે. ( ૭ ) રથ-સુંદર, મોટો મંદિર જેવો; અગાઉ આ રથમાં પ્રભુજીને બિરાજમાન કરતા, હવે નવો રથ બનાવ્યો છે. ( ૮ ) અનેક ધજાઓ ( ૯ ) ગંધકૂટિ મેરુ જેવી ( ૧૦ ) બેન્ડવાજાં ( ત્રીજા ) ( ૧૧ ) ચાંદીનો ઐરાવત હાથી નાનો ( ૧૨ ) ગંધકૂટિ ચાંદીની ( ૧૩ ) અનેક મોટી ધજાઓ જરીની ( ૧૪ ) ભજનવિભાગ, મંડળીઓની ભક્તિ ( ૧૫ ) ધજા–ધજા ( સેંકડો ) ( ૧૬ ) ગંધકૂટિ ચાંદી સોનાની ( ૧૭ ) ધજાઓ જરીની ( ૧૮ ) ગંધકૂટિ ચાંદીની ( ૧૯ ) ધજાઓ જરીની ( ૨૦ ) વાજાં–મોટી બેન્ડપાર્ટી (ચોથી) ( ૨૧ ) સોનાચાંદીની ગંધકૂટિ –તેમાં ચારે બાજુ કલ્પવૃક્ષ જેવું, તેમાં કળશ ૧૦૮ ( ૨૨ ) ગંધકૂટિ ચાંદીની ( ૨૩ ) ધજાઓ (૨૪) પાલખી-સોના–ચાંદીની ( ૨૫ ) ધજાઓ ( ૨૬ ) ગંધકૂટિ ( ૨૭ ) કળશોનો ઇન્દ્રધ્વજ–કલ્પ-વૃક્ષ જેવો ( ૨૮ ) ઝરીની ધજાઓ મોટી, કિંમતી ( ૨૯ ) ગંધકૂટિની રચના, બે માળના મંદિર જેવું દૃશ્ય ( ૩૩ ) ધજાઓ ( ૩૪ ) તોરણ ચાંદીનું ( ૩૫ ) ઘણા મોટા બેન્ડવાજાં ઇન્દ્ર જેવા નં. ૫ ( ૩૬ ) કળશોનો ઇન્દ્રધ્વજ, સેંકડો કળશ ( ૩૭ ) છડી ચાંદીની ૬૪ જેટલી ( ૩૮ ) સોનાચાંદીની ગંધકૂટિ ( ૩૯ ) છડી ( ૪૦ ) તોરણ મોટું સોનાચાંદીનું ( ૪૧ ) બેન્ડ-વાજાં ઘણા મોટા નં. ૬ ( ૪૨ ) ચોસઠ ચામર-ટીંગાતા ( ૪૩ ) છડી ( ૪૪ ) ચાંદીનો મોટો કળશ ( ૪૫ ) ધૂપદાન જેમાં ધૂપક્ષેપણ કરીને રથયાત્રા વખતે ધૂપપૂજા કરતા. હજારો ભક્તો-સહિત આટલો વૈભવ ઠાઠમાઠથી ને જિનેન્દ્રભક્તિના જયનાદથી પસાર થયા પછી હવે આવ્યો

**શ્રી જિનેન્દ્ર દેવનો મહાન ભવ્ય રથ...સોને મઢેલો ને હીરલે જડેલો...**

રથને બે સુંદર અશ્વ હતા. તે અશ્વ ઉપરના પટ્ટા વગેરે હજારો રૂપિયાની કિંમતના ઝરીના હતા. રથમાં શ્રી વાસુપૂજ્ય ભગવાન બિરાજતા હતા. ચારે બાજુ ઇન્દ્રો ચામર ઢાળતા; છત્ર સોનાચાંદીના અને રત્નો જડેલા હતા... હીરા-માણેકની માળાઓ ઝૂલતી હતી. રથ સારથિ વગેરેથી સુસજ્જ હતો. અહો ! આ રથયાત્રાની શોભા ! જગતની વિભૂતિ જિનેન્દ્રદેવના ચરણમાં એકઠી થઈ હતી. જિનેન્દ્રદેવનો વૈભવ જોતાં આત્મવૈભવ પ્રત્યે ઉલ્લાસ ઊછળતો હતો ને અંતરમાં થતું કે વાહ ! મારો પ્યારો જૈનધર્મ ! રથયાત્રામા પણ આવો આનંદ... તો સાક્ષાત કલ્યાણકના આનંદની શી વાત ! !

કલ્યાણક કાળ પ્રત્યક્ષ પ્રભુકો લખેં જે સુરનર ઘને
તિહ સમયકી આનંદ મહિમા કહત કયોં મુખસેં બને !

અહો, જિનેન્દ્રવૈભવનું દર્શન મને આત્મવૈભવની પ્રાપ્તિ કરાવો.

( ઇતિ રથયાત્રા વર્ણન ) જય જિનેન્દ્ર

એ રીતે કલકત્તાની ભવ્ય રથયાત્રાનું અવલોકન કર્યું; હવે આગળ વધતાં પહેલાં અત્યારસુધીમાં આપણે જે જે તીર્થોની મંગલયાત્રા કરી અને ગુરુદેવ અવારનવાર જેને યાદ કરે છે તેનું થોડુંક સ્મરણ કરી લઈએ :

સૌથી પહેલાં હર્ષપ્રસંગ એ બન્યો કે સં. ૨૦૧૨ના શ્રાવણ સુદ એકમે ગુરુદેવે સમ્મેદ-શિખરજીની યાત્રાએ જવાના નિર્ણયની વધામણી આપી... ને મુમુક્ષુમંડળમાં હર્ષ છવાઈ ગયો... પછી સં. ૨૦૧૩ના કારતક સુદ ૧૨ના રોજ નૂતન જિનમંદિરમાં ભગવાન નેમિ-નાથસ્વામીની પુનઃપ્રતિષ્ઠા કરી.... ને કારતક સુદ પૂર્ણિમાએ યાત્રા માટે સોનગઢથી મંગલ-પ્રસ્થાન કર્યું.

સોનગઢથી વલ્લભીપુર, પાટણા, બરવાળા, પોલારપુર-ભીમનાથ, ધંધૂકા, ખડોલ, ફેદરા, બોળાદ, સાબરમતી નૌકાવિહાર કરીને ગોલાણા, ખંભાત-વડવા, બોરસદ, અગાસ, છાણી, વડોદરા, ઈટોલા, મીયાંગામ, પાલેજમાં વેદીપ્રતિષ્ઠા કરીને ભરૂચ, સજોદ, અંકલેશ્વર, કીમ, સૂરત, કતારગાંવ, પલસાણા, નવસારી, ચીખલી, વલસાડ, વાપી, તલાસરી-વનવિહાર, કાસા, મનોર, ખુપરી, અંબાડી, ભીમંડી, શિવ થઈને માગશર વદ ૧૪ના રોજ ગુરુદેવ મુંબઈ શહેરમાં પધાર્યા.

મુંબઈનગરીમાં પંદર દિવસ રહીને, પોષ સુદ પૂર્ણિમાના સુપ્રભાતે મંગળતીર્થયાત્રા માટે પ્રસ્થાન કરીને, ભીમંડી થઈને ગજપંથા અને માંગીતુંગી સિદ્ધક્ષેત્રોની યાત્રા કરી; પછી ધૂલિઆશહેર થઈને બડવાની સિદ્ધક્ષેત્રની યાત્રા કરી, કુંદકુંદપ્રભુને ભેટ્યા; ૮૪ ફૂટના ભગવાન દેખ્યા....પાવાગિર-ઉન સિદ્ધક્ષેત્રના ભોંયરામાં ત્રિપુટી-ભગવાન દેખ્યા...ખંડવા અને સનાવદ થઈને, આનંદકારી નૌકાવિહારપૂર્વક સિદ્ધવરકૂટ-સિદ્ધિધામની યાત્રા કરીને પછી ઇંદોર આવ્યા...


ઇંદોર પછી ઉજ્જૈન, સોનકચ્છ થઈને ભોપાલ, કુરાના, નરસિંહગઢ, મક્ષી-પાર્શ્વનાથ, સારંગપુર-વનભોજન કરીને બ્યાવરા ને રાઘવગઢ થઈને ગૂનાશહેર આવ્યા...બજરંગઢ, બદરવાસ-કોલારસ-સેસઈ ને શિવપુરી થઈને ઝાંસી, પછી લલિતપુર, થુબોનજી, ચન્દેરી, બબીના-તાલહબેટ, થઈને સિદ્ધક્ષેત્ર સોનાગિરિ આવ્યા ને પર્વત ઉપર ૧૭ મંદિરોની યાત્રા કરી. ગ્વાલિયર-લશ્કર, ધોલપુર થઈને આગ્રાશહેર આવ્યા.

પછી સૌરીપુર તીર્થધામમાં નેમિનાથ પ્રભુની યાત્રા કરી, મથુરા સિદ્ધક્ષેત્રમાં જંબૂ-સ્વામી અને સપ્તર્ષિભગવંતોના દર્શન કર્યા. મુંબઈથી નીકળ્યાને આજે એક મહિનો થયો ....ને આઠ તો સિદ્ધક્ષેત્રોની યાત્રા થઈ. વાહ !

પછી ફિરોઝાબાદ, મૈનપુર, કાનપુર અને લખનૌ થઇને ધર્મનાથસ્વામીના જન્મધામ રત્નપુરીની યાત્રા કરીને, જગપ્રસિદ્ધ, જગવંદ્ય, શાશ્વત તીર્થધામ અયોધ્યામાં આવ્યા... પાંચ તીર્થંકરોના જન્મધામની યાત્રા કરીને બનારસ (કાશી) આવ્યા... ચંદ્રપુરી, સિંહપુરીની યાત્રા કરી; પાર્શ્વ અને સુપાર્શ્વપ્રભુના જન્મધામોની યાત્રા કરી; પછી ડાલમીઆનગર થઇને પટના શહેરમાં સુદર્શન સિદ્ધિધામની વંદના કરી....ને પછી આવ્યા આનંદકારી; સ્થાનમાં.... ક્યાં ? —ભગવાનના સમવસરણમાં... રાજગૃહીનગરીમાં.

માહ વદ ૧૪ તથા અમાસના રોજ વિપુલાચલ, રત્નાગિરિ, ઉદયગિરિ, શ્રમણગિરિ અને વૈભારગિરિ –એ પાંચ પહાડીની યાત્રા કરીને કુંડલપુર તથા નાલંદા થઇને, પ્રસિદ્ધ સિદ્ધિધામ પાવાપુરીમાં આવ્યા... જલમંદિરની યાત્રા કરી... પછી ગૌતમ સિદ્ધિધામ ગુણાવામાં આવ્યા ... ને ગયાશહેર થઇને પરમ ધ્યેયરૂપ એવા શાશ્વતસિદ્ધિધામ સમ્મેદશિખર પહોંચ્યા.... એ પાવન તીર્થના દર્શનથી આનંદ–આનંદ છવાઈ ગયો... ઇસરી જઈ આવ્યા. ને ફાગણ સુદ સાતમે તો કેવી મજાની ભાવભીની મંગલતીર્થયાત્રા કરી !! વાહ ભઇ વાહ ! એ પચીસ ટૂંકની યાત્રાના ઉમંગભર્યા સંભારણાં હજીયે હૃદયમાં ભર્યા છે. જીવનભર ન ખૂટે એવું એ ભાતું છે.... યાત્રાનું એ અમર સંભારણું સાધકભાવની મધુરી પ્રેરણા આપી રહ્યું છે !

સમ્મેદશિખર-મધુવનમાં યાત્રા ભક્તિપૂજન ખૂબ કર્યાં. વચ્ચે ચંપાપુરી પણ જઈ આવ્યા, ભાગલપુર થઇને મંદારગિરિ સિદ્ધિધામની યાત્રા કરી –ફાગણ સુદ અગિયારસે. પછી ચાર દિ' સમ્મેદશિખરજીમાં રહી, છેલ્લે દિવસે અજોડ ભક્તિ કરીને, ફાગણ વદ એકમે પ્રસ્થાન કર્યું... જમશેદપુર, ધનબાદ-ઝરીઆ થઇને કલકત્તા આવ્યા છીએ ....ખંડગિરિ ને ઉદયગિરિની આકાશગામિની યાત્રા પણ કરી આવ્યા... અત્યારે હવે કલકત્તાથી દિલ્હી તરફના ઝડપી પ્રસ્થાનની નોબત વાગી રહી છે.... પાઠક ! તારા હૃદયમાં હજી શિખરજીના સંભારણાં જાગે છે ને ! તો હજી પણ હમણાં જ તને એકદમ નજીકથી એ પાવન તીર્થધામના દર્શન થશે. ચાલ... તું મોટરમાં બેસીજા ..



# કલકત્તાથી દિલ્હી તરફ

" પૂ. શ્રી કાનજીસ્વામી દિ. જૈન તીર્થયાત્રાસંઘે " પોષ સુદ પુનમથી ફાગણ વદ ૦)) સુધીના અઢી માસમાં મુંબઈથી કલકત્તા સુધીનો પ્રવાસ કરીને અનેક સિદ્ધક્ષેત્રો, તીર્થધામો અને બીજા સ્થળોની મંગળ તીર્થયાત્રા કરી; ને ફાગણ વદ અમાસે કલકત્તાથી પ્રસ્થાન કર્યું. હવે દિલ્હી તરફ જતાં વચ્ચે ડાલમીઆનગર, બનારસ, કાનપુર વગેરે કેટલાક ગામો –જે પહેલી વખતના પ્રવાસમાં આવેલા તે જ –ફરીને આવતા હતા; તેથી ત્યાં ક્યાંય વિશેષ રોકાવાનો કાર્યક્રમ ન હતો; માત્ર ભોજનપૂરતા કે આરામપૂરતા રોકાઈને ઝડપથી પ્રવાસ કરવાનો હતો. પૂ. ગુરુદેવની ' કલ્યાણવર્ષિણી ' મોટર તો વહેલી સવારમાં જયજયકારપૂર્વક કલકત્તાથી આસનસોલ તરફ ઊપડી; ' સતસેવિની ' પણ ઊપડી. આશ્રમવાળી બસ વછરાજજી શેઠના બંગલે એકાદ કલાક રોકાઈને લગભગ નવ વાગે ઊપડી. કલકત્તાથી આસનસોલનો રસ્તો સમ્મેદશિખર પહાડની તદ્દન નજીકમાંથી જ પસાર થાય છે, એટલે અનેક માઈલો સુધી શિખરજીધામનું સ્પષ્ટ દર્શન થયા કરે છે... એને દેખીદેખીને ગુરુદેવના અંતરમાં અનેરી ઉર્મિઓ જાગતી હતી... અહા! જીવનમાં આ તીર્થની યાત્રા અલૌકિક થઈ... તીર્થનાં દશ્યો ખૂબ જ ભાવભીનાં હતા.... એ દશ્યો જોતાં સિદ્ધોનું અને તીર્થંકરોનું સ્મરણ થતું હતું... આવી આવી અંતરની ઉર્મિસહિત શિખરજીના દર્શન કરતાં કરતાં ગુરુદેવ આસનસોલ પહોંચ્યા.... ને ત્યાંથી ચોપારન પહોંચ્યા. સતસેવિનીના યાત્રિકો પણ સમ્મેદશિખરજીના નીકટદર્શનથી ખૂબ જ પ્રસન્નતાપૂર્વક ભક્તિ કરતા હતા... પાછળ રહેલી આશ્રમની બસ સમ્મેદશિખર પાસેથી આનંદપૂર્વક ભક્તિ કરતાં કરતાં પસાર થતી હતી. અહા, ફરીફરીને આ પવિત્ર તીર્થના દર્શન કરતાં કેવો હર્ષોલ્લાસ થાય છે! લગભગ ૨૫ માઈલ સુધી દર્શન થયા કરે છે.... ત્યાંથી નજર હટતી જ નથી. નજર તો સમ્મેદશિખરજીમાં થંભી ગઈ પણ મોટર થંભતી ન હતી.... પહાડના પાછળના ભાગની પ્રદક્ષિણા કરતી કરતી મોટર એકદમ તળેટી નજીક આવી ગઈ... પાછળની છ-સાત ટૂંકો સ્પષ્ટ દેખાવા લાગી. પારસટૂંકનું મંદિર એકદમ સ્પષ્ટ દેખાતું હતું. આમ પાવન તીર્થને નીહાળતાં નીહાળતાં સાંજના લગભગ પાંચ વાગે આનંદથી પસાર થઈ રહ્યા હતા ત્યાં તો અચાનક ટાયર તૂટવાથી મોટર થંભી ગઈ.... થંભી તો ગઈ પણ બરાબર શિખરજીધામની સામે જ આવીને થંભી, એટલે શિખરજીધામના દર્શનથી યાત્રિકોને પ્રસન્નતા થઈ... જેમ વનજંગલમાં ભૂલા પડેલા આત્માર્થીને કોઈ મુનિરાજના દર્શન થઈ જતાં હર્ષ થાય, તેવો હર્ષ અહીં

યાત્રિકોને શિખરજીના દર્શનથી થયો. સૌએ નીચે ઊતરીને ભક્તિપૂર્વક એ ઉન્નત-તીર્થરાજને નમસ્કાર કર્યા. એની નીકટ જઇને ખૂબ ભક્તિ કરી.... અઢી કલાક ત્યાં રોકાયા ....સાંજનું ભોજન પણ ત્યાં જ કર્યું. શિખરજીની ગોદમાં બેઠા બેઠા, આ પાવનધામથી મોક્ષ પધારેલા આત્મધ્યાની સંતોને ખૂબ ખૂબ યાદ કર્યા... મોક્ષની ઉત્તમ ભાવનાઓ ભાવી. અહા, સંધ્યાના શાંત-ઉપશાંત વાતાવરણમાં શિખરજીનું દૃશ્ય કેવું સરસ હતું!! વિશાળતા ને પવિત્રતાનો એ પૂંજ મોક્ષસાધક સન્તોના માર્ગની પ્રેરણા આપી રહ્યો છે. અહીં જાગેલી ઉર્મિઓ શિખરજીની ગોદમાં જ બેઠાબેઠા છ-સાત પાનાં ભરીને લખી. રાત્રે લગભગ ૮ વાગે બસ ચાલુ થઇ.... થોડી જ વારમાં ઇસરી આવ્યું....અહીં 'કલ્યાણવર્ષિણી'ના સમાચાર મળ્યા ને 'સતસેવિની'નો પણ ભેટો થઇ ગયો,... તેથી આનંદિત થઇને આગળ વધ્યા ને રાતે અમાસના અંધકારમાં ચોપારન પહોંચ્યા... ત્યાં રાત રોકાઇને બીજે દિવસે સવારમાં આગળ પ્રસ્થાન કર્યું.

બપોરે ડાલમીઆનગર પહોંચ્યા. વચ્ચે સોન નદીનો બેત્રણ માઇલ લાંબો પૂલ આવ્યો. આ પૂલ ઓળંગવા માટે ખાસ રેલ્વેની વ્યવસ્થા છે. મોટરો અને બસ વગેરે વાહનો પણ રેલના ડબ્બામાં ચડાવીને પૂલ ઓળંગીને ડાલમીઆનગર પહોંચ્યા....ત્યાં જિનેન્દ્રદર્શન કરીને તથા અલ્પાહાર કરીને થોડીવારમાં પ્રસ્થાન કર્યું. યાત્રિકોની બસ ૩૫ માઇલ સુધી ગુરુદેવની મોટરની સાથે રહી, ને અંતે પાછળ રહી ગઇ; ઝડપી મુસાફરી કરીને બનારસ આવ્યા; ત્યાં જિનેન્દ્રદર્શન તથા સાંજના ભોજનની વિધિ પતાવીને રાત્રે અલ્લાહાબાદ પહોંચ્યા. વચ્ચે લગભગ એક માઇલ લાંબો મોટો પૂલ આવે છે. અલ્લાહાબાદ નજીકમાં ગંગા-જમના ને સરસ્વતીનો ત્રિવેણીસંગમ થાય છે, તે સ્થાન 'પ્રયાગ' તીર્થ તરીકે પ્રસિદ્ધ છે. કિલ્લાની અંદરના એક ઝાડને 'અક્ષય વટવૃક્ષ' કહેવાય છે. અહીં ભગવાન શ્રી આદિનાથ સ્વામીની તપોભૂમિ છે. ઝડપી પ્રવાસને કારણે એ પ્રયાગ તીર્થનું સ્થાન જોવાનો અવસર ન મળ્યો. ભગવાનના એ પાવન તીર્થધામને ભક્તિપૂર્વક પરોક્ષ નમસ્કાર કરીને તથા ધર્મશાળાના મંદિરોના દર્શન કરીને બીજે દિવસે સવારમાં પ્રસ્થાન કરીને કાનપુર આવ્યા. શિખરજી તરફ જતી વખતના પ્રવાસમાં આ કાનપુરનો કાર્યક્રમ બે દિવસને બદલે એક જ દિવસનો રહેલો તેથી કાનપુરની જનતા ફરીને ગુરુદેવના દર્શન માટે તાલાવેલ હતી. આજે ગુરુદેવ ફરીથી પધારતાં ત્યાંની જનતાને ઘણો હર્ષ થયો. ચૈત્ર સુદ એકમની બપોરે પૂ. ગુરુદેવ કાનપુરથી કુરાવલી પધાર્યા; ત્યાં હજારોની માનવ-મેદનીએ ચર્ચામાં ભાગ લીધો હતો. સતસેવિનીના યાત્રિકો પણ ગુરુદેવની ચર્ચા સાંભળવા રોકાયા હતા. અહીં એટા ગામથી ઘણા માણસો જયજયકારપૂર્વક ગુરુદેવને એટા પધારવાની

વિનતિ કરવા આવ્યા હતા. ગુરુદેવ એ વિનતિ સ્વીકારીને બીજે દિવસે બપોરે એટા પધાર્યા હતા. એટાના જૈનસમાજે બહુ ઉત્સાહ બતાવ્યો હતો ને ગુરુદેવે અડધો કલાક પ્રવચન કર્યું હતું. ત્યાંથી ખૂરજા થઈને, વચ્ચે એક ગામના ડાકબંગલામાં આહાર કરીને, હસ્તિનાપુર તરફ પ્રસ્થાન કર્યું. કલ્યાણવર્ષિણી મોટરના અને સત્સેવિની મોટરના યાત્રિકો સાંજે હસ્તિનાપુર પહોંચી ગયા હતા. હસ્તિનાપુર જતાં રસ્તામાં ભગવાનના જન્મકલ્યાણકને યાદ કરીને યાત્રિકો પારણાઝૂલન ગાતા હતા. હસ્તિનાપુર તીર્થધામની યાત્રા ગુરુદેવે ચૈત્ર સુદ બીજે કરી.

## હસ્તિનાપુર તીર્થધામની યાત્રા

卐 卐 卐 卐

ઉત્તર પ્રદેશનું આ પાવન તીર્થધામ હસ્તિનાપુર અનેક ઐતિહાસિક પાવન પ્રસંગોથી ભરેલું છે. સૌથી પહેલાં યુગની આદિમાં ભગવાન ઋષભમુનિરાજ આ ભૂમિમાં વિચર્યા ને વર્ષ ઉપરાંતના ઉપવાસ બાદ, આ યુગમાં સૌથી પહેલા આહારદાનનો પ્રસંગ ભગવાનના ભવોભવના સાથિદાર આ હસ્તિનાપુરના યુવરાજ શ્રી શ્રેયાંસકુમારને ત્યાં બન્યો. અક્ષયત્રીજ જેવા મહાન પર્વની ઉત્પત્તિનું આ સ્થાન જોતાં અસંખ્યવર્ષો પહેલાંના એ પ્રસંગો તાજા થતા હતા... પછી શાંતિનાથ-કુંથુનાથ ને અરનાથ એ ત્રણ ચક્રવર્તી-તીર્થંકરો આ પાવનભૂમિમાં અવતર્યા; તેમણે આ ભૂમિમાં ચક્રવર્તીપદ છોડી છોડીને ચૈતન્યનું સર્વજ્ઞપદ સાધ્યું. અહા, જાણે ચક્રવતીપદ સાધી સાધીને તેને છોડવાની પરંપરા આ ભૂમિમાં ચાલી. પછીના તીર્થંકર શ્રી મલ્લિનાથ ભગવાનનું સમવસરણ પણ અહીં આવ્યું હતું. પાંડવરાજ જેવા ધર્માત્માઓની આ રાજધાની હતી. અકંપન સ્વામીના ૭૦૦ મુનિઓના સંઘથી આ ભૂમિ પાવન થઈ છે. ભરતચક્રવર્તીના સેનાપતિ અને આદિનાથ પ્રભુના ધર્મદિવાન રાજા જયકુમાર તેમજ અકંપનરાજા વગેરે અનેક મોટા મોટા મોક્ષગામી મહાપુરુષો આ ભૂમિમાં થયા છે. શાંતિનાથ ભગવાન જ્યારે પૂર્વે ત્રીજા ભવમાં વિદેહક્ષેત્રમાં ઘનરથતીર્થંકરના પુત્ર મેઘરથ હતા ત્યારે બે કુકડાના (દેવ થયેલા) જીવોએ ઉપકારબુદ્ધિથી તેમને અઢીદ્વીપના તીર્થોની યાત્રા કરાવી હતી, તે વખતે વિમાનમાંથી હસ્તિનાપુર બતાવતાં કહ્યું હતું કે ત્રીજા ભવે જ્યારે આપ ભરતક્ષેત્રના ૧૬મા તીર્થંકર થશો ત્યારે આપના જન્મથી આ નગરી પાવન થશે. (પૂરી કથા માટે જુઓ આત્મધર્મ અંક ૧૭૭) આવું આવું વર્ણન પુરાણમાંથી વાંચતી વખતે એ હસ્તિનાપુરીનગરી જોવા હૃદય તલસતું હતું. આજે ગુરુદેવના પ્રતાપે એ હસ્તિનાપુર

તીર્થની સાક્ષાત્‌યાત્રા કરતાં સૌને ઘણો આનંદ થયો. દિલ્હીથી પણ અનેક ભાઈઓ યાત્રામાં ભાગ લેવા આવ્યા હતા.

કુરુજાંગલ દેશના આ હસ્તિનાપુર તીર્થમાં એક વિશાળ ધર્મશાળા તથા તેમાં જ વિશાળ જિનમંદિર છે; મંદિરમાં શાંતિનાથ–કુંથુનાથ–અરનાથ તથા આદિનાથ અને મહાવીર ભગવાન બિરાજે છે. આસપાસ જંગલ જેવું પ્રાચીન વાતાવરણ છે. ધર્મશાળાથી લગભગ બે માઈલ દૂર કલ્યાણકભૂમિના જુદા જુદા ચાર સ્થાનો છે ને તેમાં શાંતિનાથ–કુંથુનાથ-અરનાથ તથા મલ્લિનાથ ભગવંતોના કલ્યાણકચિહ્ન તરીકે ઉપસેલા સ્વસ્તિકની સ્થાપના છે. અહો, એક તો ચક્રવર્તી ને વળી તીર્થંકર–એવી બબ્બે ઉત્તમપદવીના ધારક ત્રણ ત્રણ ભગવંતોના ચારચાર કલ્યાણક ઉપરાઉપર આ ભૂમિમાં થયા વાહ, ધન્ય. આ ભૂમિ! ગુરુદેવ સાથે આવા તીર્થસ્થાનના દર્શન કરતાં, ભક્તિથી અર્ઘ ચઢાવતાં ને ઉમંગથી યાત્રા કરતાં યાત્રિકોને ઘણો આનંદ થતો હતો. અયોધ્યાની જેમ અહીં પણ કોઈ પર્વત ઉપરની યાત્રા નથી પણ જમીન ઉપર જ યાત્રા છે. એક ભગવાનની ટૂંકની યાત્રા કરીને બીજા ભગવાનની ટૂંકે જતાં રસ્તામાં ભગવાનની ભક્તિ અને જયકાર ચાલુ રહેતા. મલ્લિનાથ ભગવાન વગેરેની ટૂંકે ગુરુદેવે પણ ભક્તિ ગવડાવી હતી. અહો, ત્રણત્રણ તીર્થંકરોએ અહીં ચક્રવર્તીના નિધાનને તરણાંની જેમ છોડીને ચૈતન્યના નિધાન સાધ્યા ને ધર્મના ચક્રવર્તી થયા. ઇન્દ્રો પણ અહીં આવી આવીને એ ધર્મચક્રીના ચરણોમાં નમી પડ્યા. આવા સ્મરણો સાથે યાત્રિકોએ ભાવપૂર્વક દરેક ટૂંકની પ્રદક્ષિણા કરી; ને આનંદથી યાત્રા કરીને સૌ ધર્મશાળાએ આવ્યા.

શાંતિનાથ–કુંથુનાથ–અરનાથ ભગવંતોને નમસ્કાર હો.
આદિનાથ ભગવાન તથા મલ્લિનાથ ભગવાનને નમસ્કાર હો.
હસ્તિનાપુર તીર્થધામની યાત્રા કરાવનાર કહાનગુરુને નમસ્કાર હો.

卐 卐 卐 卐

આનંદથી યાત્રા કરીને ધર્મશાળાએ આવ્યા બાદ ગુરુદેવ આહાર માટે પધાર્યા અને આ તીર્થભૂમિમાં ગુરુદેવના આહારદાનનો લાભ મળતાં પૂ. બેનશ્રી–બેનને ઘણો હર્ષ થયો. બપોરે જિનમંદિરમાં શાંતિનાથ વગેરે ભગવંતોની ખૂબ જ ભક્તિ કરી. પછી પૂ. ગુરુદેવે પદ્મનંદીપચ્ચીસીના દાનઅધિકાર ઉપર પ્રવચન કર્યું. જેમાં ભગવાન આદિનાથ મુનિરાજના આહારદાન-પ્રસંગનું ભાવભીનું વર્ણન સાંભળતાં ભક્તિથી રોમરોમ ઉલ્લસતા હતા. ભગવાન આદિનાથ પ્રભુનું જીવનચરિત્ર, શ્રેયાંસકુમારના જીવ સાથે અનેક ભવનો સંબંધ, હસ્તિ-

નાપુરમાં પ્રભુને દેખતાં જ જાતિસ્મરણજ્ઞાન અને પછી આહારદાન એ બધું વર્ણન, તેમ જ ત્રણ ત્રણ ચક્રવતી તીર્થંકરો નવનિધાન છોડી–છોડીને આત્માને સાધવા ચાલી નીકળ્યા–તેનું વર્ણન આ હસ્તિનાપુરમાં બેઠાબેઠા સાંભળતાં ઘણા ભાવો ઉલ્લસતા હતા. આ તીર્થ-સ્થાન ગુરુદેવને ઘણું ગમ્યું હતું... તેથી કેટલીક ટૂંકની ફરીવાર યાત્રા કરવા ગયા હતા, ને કહેતા હતા કે સ્થાન બહુ સારું છે; આ તીર્થસ્થાનની પણ યાત્રા થઈ ગઈ તે સારું થયું. ભગવાનના જન્મધામમાં "ગોદી લે લે..." વગેરે ભક્તિ પણ આનંદથી કરી.-આમ આનંદથી હસ્તિનાપુર તીર્થધામની યાત્રા કરીને સંઘે દિલ્હી તરફ પ્રસ્થાન કર્યું. વચ્ચે મોદી-નગરમાં શ્રી જિનમંદિરમાં કમલાસન પર બિરાજમાન જિનેન્દ્ર ભગવાનના દર્શન કરીને ચૈત્ર સુદ ચોથના રોજ ગુરુદેવ દિલ્હી પધાર્યા.

卐

## ભારતની રાજધાની—
## દિલ્હી શહેરમાં

ચૈત્ર સુદ ચોથ (તા. ૪-૪-૧૯૫૭)ના રોજ પૂ.ગુરુદેવ દિલ્હી પધારતાં મુમુક્ષુમંડળસહિત ત્રણેક હજાર માણસોએ ભવ્ય સ્વાગત કર્યું. સ્વાગતપ્રમુખ લાલા રાજકૃષ્ણ જૈન હતા તથા ફર્સ્ટકલાસ મેજિસ્ટ્રેટ શ્રી કાન્તાબેન જૈશીરામ પ્રધાનમંત્રાણિ હતા. સ્વાગત લાલમંદિરે આવ્યું ને ત્યાં મંગલપ્રવચન થયું. પ્રવચન માટે પરેડ મેદાનમાં ખાસ મંડપ બાંધવામાં આવ્યો હતો. પ્રવચનમાં શ્રી ઉછરંગભાઈ ઢેબર (તત્કાલિન કોંગ્રેસપ્રમુખ તથા સૌરાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન) પણ આવતા હતા ને ગુરુદેવ પ્રત્યે તેમણે ઘણો ભક્તિભાવ બતાવ્યો હતો તેમણે દિલ્હીમાં ગુરુદેવનું ભાવભીનું સ્વાગતપ્રવચન કરેલ (જે ગુજરાતી આત્મધર્મ અંક ૧૮૨માં છપાયેલ છે). ગુરુદેવ દિલ્હી પધારતાં દિલ્હી મુમુક્ષુમંડળના બધા ભાઈઓને ખૂબ જ ઉત્સાહ હતો. ગુરુદેવનો ઉતારો વીરસેવા મંદિરના નવા ભવનમાં હતો; ત્યાં શ્રી જુગલ-કિશોરજી મુખ્તાર વગેરેએ પ્રમોદ બતાવ્યો હતો. શ્રી ઢેબરભાઈએ બપોરે ખાસ મુલાકાત લઇને અનેકવિધ ચર્ચા કરી હતી, તથા ગુરુદેવે તેમને સોનગઢની મુખ્ય વ્યક્તિઓનો પરિચય આપ્યો હતો. ચૈત્ર સુદ સાતમે વીરસેવામંદિરમાં, વીરસેવામંદિર તરફથી તથા

ભારતવર્ષીય દિ. જૈન પરિષદ તરફથી પં. જુગલકિશોરજી મુખ્તારના અધ્યક્ષપદે ગુરુદેવના સન્માનનો સમારોહ થયો હતો, તેમાં ગુરુદેવને અભિનંદનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું; અભિનંદનસમારોહ બાદ ગુરુદેવે કહ્યું કે સ્વભાવનું સ્મરણ ને વિભાવોનું વિસ્મરણ એ જ માંગલિક છે; ને એ જ સંતોના આશીર્વાદ છે. શ્રી તારાચંદજી પ્રેમી, પ્રેમચંદજી શેઠ (જૈના વોચ કું. વાળા) વગેરેએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો. દિલ્હી મુમુક્ષુમંડળ તરફથી પણ એક અભિનંદનપત્ર આપવામાં આવ્યું હતું. પ્રવચન પછી મંડપમાં જિનેન્દ્રભગવાનને બિરાજમાન કરીને ભક્તિ થતી હતી; ભાવભીની ભક્તિનો કાર્યક્રમ દેખીને સૌ પ્રસન્ન થતા હતા, " નવભારત ટાઇમ્સ " વગેરે પત્રોએ ગુરુદેવના કાર્યક્રમોની તથા ઢેબરભાઇના ભાષણ વગેરેની ભાવભીની નોંધ લીધી હતી.

ભારતની આ રાજધાની પાંડવોના વખતમાં "ઇન્દ્રપ્રસ્થ" કહેવાતી; પ્રાચીનકાળથી આ એક ગૌરવશાળી નગરી રહી છે, ને અહીં જૈનધર્મનો પહેલેથી સારો પ્રભાવ છે. અનેક વિશાળ જિનમંદિરોથી આ નગરી શોભી રહી છે. લાલ કિલ્લાની સામે લાલમંદિર તથા ધર્મપુરાનું નયામંદિર ખાસ પ્રસિદ્ધ છે. નયામંદિર સં. ૧૮૫૭માં શરૂ થયું તે પાંચ લાખ રૂપિયાના ખર્ચે (જે જમાનામાં મજૂરની રોજી બે આના હતી તે જમાનામાં) સાત વર્ષમાં તૈયાર થયું છે. આ મંદિરની મુખ્ય વેદીમાં સાચા બહુમૂલ્ય પાષાણનું મીનાકારી કામ તથા વેલબૂટાની બારીક કોતરણી અનુપમ છે. વિદેશના પ્રવાસીઓ પણ આ વેદીની કારીગરી જોવા આવે છે. સવા લાખ રૂપિયાની વેદી ઉપર શોભતા દસ હજારના રમણીયકમળ ઉપર જિનેન્દ્રદેવ આદિનાથ ભગવાન બિરાજે છે. વેદીની ચારે દીવાલો પર પૌરાણિક પ્રસંગોના સુંદર ભાવભીનાં દૃશ્યો છે. આ સિવાય બીજા પણ અનેક મંદિરોનાં દર્શન ગુરુદેવ સાથે કર્યા. કોઇ મંદિરમાં નંદીશ્વરના બાવન જિનાલયોની સુંદર રચના છે. કોઇ મંદિરમાં કાચના કિંમતી ઝુમરો ઝુલી રહ્યા છે, જાણે હાથ પસારીને ભગવાનને અભિવંદી રહ્યા હોય! કોઈ મંદિરમાં અનેક સ્ફટિક પ્રતિમાઓ શોભી રહ્યા છે. જિનમંદિરોના દર્શન ઉપરાંત દિલ્હીના કેટલાક જોવાલાયક સ્થળો રાષ્ટ્રપતિભવન, રેડિયોહાઉસ, સંસદભવન, લાલકિલ્લો, કુતુબમિનાર વગેરે પણ જોયા...પણ યાત્રાના મહાન પવિત્ર સ્થળો જોયા પછી આવી લૌકિકવસ્તુઓ જોવામાં યાત્રિકોનું દીલ ખૂંચતું ન હતું... ને એમ થતું કે બસ હવે તો જગતના પદાર્થો જોઇ જોઇને થાકી ગયા! હવે તો મોક્ષસાધક સંતોની અંતરંગ આરાધનાને જોઇને તે તરફ વૃત્તિને વાળીએ કુતુબમિનારની પાસે પ્રાચીન ખંડેરો છે તે સ્પષ્ટપણે જિનમંદિરોના અવશેષો છે, તેની છતો ઉપર તથા થાંભલા ઉપર અનેક સ્થળે જિનપ્રતિમાઓ કોતરેલા આજે પણ નજરે પડે છે.– આ બધાનું અવલોકન કર્યું.

# સહરાનપુર

ચૈત્ર સુદ સાતમની સાંજે પૂ. ગુરુદેવે દિલ્હીથી સહરાનપુર તરફ પ્રસ્થાન કર્યું. વચ્ચે મુઝફ્ફરનગરમાં રાત રહ્યા. ગુરુદેવ મુઝફ્ફરનગર પધારતાં ત્યાંના હજારો માણસોએ દોઢ માઇલ લાંબુ ઉત્સાહઘેલું સ્વાગત કર્યું. પ્રવાસમાં કેટલેક ઠેકાણે રસ્તામાં ઉભેલા ભાઇઓ સંઘની મોટરોને પણ રોકતા ને કહેતા કે ખડે રહો, ચા પાની પીતા જાવ. એવો તેમનો પ્રેમ હતો. કેટલાક યાત્રિકો દિલ્હીથી ટ્રેઇનદ્વારા અહીં આવ્યા હતા. હિમાલયપર્વત અહીંથી બહુ દૂર નથી; હિમાલયની ઠંડી હવા અહીં દેખાતી હતી. અહીં ૧૨ જેટલા જિનમંદિરો અને એક હજાર જેટલા જૈનોના ઘર છે –જે બધા જ દિગંબરસમાજના છે. નૂતન જિનમંદિર ભવ્ય છે. તેમાં વિશાળ પ્રતિમાઓ બિરાજે છે. અનેક મંદિરોના દર્શન કરતાં આનંદ થયો. ગુરુદેવ પધારતાં આસપાસના અનેક ગામોથી હજારો માણસો આવ્યા હતા ને આખો દિવસ મોટા મેળા જેવું વાતાવરણ રહ્યું હતું.... લોકોનો ઉત્સાહ અનેરો હતો. બપોરે એક વાગે ભરચક મંદિરમાં પૂ. બેનશ્રીબેને જોસદાર ભક્તિ કરાવી હતી. બપોરના પ્રવચનમાં પાંચ છ હજાર માણસો હતા ને સમયસારનો પહેલો કળશ વંચાયો હતો. પ્રવચન બાદ જૈનસમાજ તરફથી બાબુ જંબુપ્રસાદજીએ અભિનંદનપત્ર આપ્યું હતું. ઠેરઠેર અજાણ્યા જેવા ગામોમાં પણ હજારોની સંખ્યામાં આવો ઉત્સાહી જૈનસમાજ દેખીને હર્ષ અને વાત્સલ્યની લાગણીઓ જાગતી હતી. સહરાનપુર જવાનો કાર્યક્રમ પહેલાં ન હતો પણ ત્યાંના સમાજના અતિઆગ્રહને લીધે પાછળથી તે કાર્યક્રમ ગોઠવાયો હતો; અડધા દિવસનો કાર્યક્રમ પણ ઘણા ઉત્સાહથી ઉજવાયો.

બપોરના પ્રવચન બાદ ગુરુદેવે સહરાનપુરથી દિલ્હી તરફ પ્રસ્થાન કર્યું, વચ્ચે રસ્તાના નાના નાના ગામમાં ઘણા દિગંબર જૈન ભાઇઓ મોટરની સામે આવીને ઊભા રહેતા અને કહેતા કે સ્વામીજી, થોડા પ્રવચન કરતા જાવ. સ્વામીજી મોટરમાંથી નીચે ઊતરીને સડકની બાજુમાં થોડીવાર પ્રવચન પણ આપતા. કેટલેક સ્થળે તો આજુબાજુના ઘણા ગામોમાંથી ગુરુદેવના દર્શનાર્થે ગાડા જોડીજોડીને ભાઈ–બહેનો આવતા, અને રસ્તા વચ્ચે મોટર ઊભી રખાવીને ગુરુદેવના દર્શન કરી હર્ષ માનતા, ઠેરઠેર ગુરુદેવનો આવો પ્રભાવ જોઇને ભક્તોને ઘણો આનંદ થતો કે વાહ! ગુરુદેવનો પ્રભાવ! સાંજે ખતૌલી ગામે પધારતાં હજારો લોકો

દર્શન-સ્વાગત માટે ઉમટ્યા. જો કે ગુરુદેવના દર્શન, સ્વાગત અને પ્રવચન માટે લોકોની ઘણી ભાવના હતી ને અતિશય ઉત્સાહ તથા બેસુમાર ભીડ હતી, પણ ટાઈમ ન હોવાથી ત્યાંથી પ્રસ્થાન કરીને રાત્રે દિલ્હી આવી પહોંચ્યા. બીજે દિવસે સંઘે દિલ્હીથી પ્રસ્થાન કર્યું. ઉત્તર પ્રદેશમાંથી હવે રાજસ્થાન તરફ ચાલ્યા.. હવે સૌને ઝટ સૌરાષ્ટ્રમાં પહોંચવાની ધૂન હતી....સોનગઢના ભક્તજનો રોજ દિવસો ગણીગણીને ગુરુદેવના પધારવાની વાટ જોઈ રહ્યા હતા....

## અલ્વર ( ચૈત્ર સુદ ૧૦ )

દિલ્હીથી પ્રસ્થાન કરીને અલ્વર આવ્યા....ત્યાંના જૈનસમાજે ઉમંગભર્યું સ્વાગત કર્યું. અહીં ૧૩ જેટલા જિનમંદિરો છે. તેમાં એક મંદિર ઘણું ભવ્ય ને રળિયામણું છે. પાંચ બાલબ્રહ્મચારી ભગવંતોના એક સાથે ખડ્ગાસન પ્રતિમા, તેમજ બીજા અનેક ભગવંતો બિરાજમાન છે. આ ઉપરાંત આ મંદિરમાં ભાવવાહી ચિત્રો ઘણા છે. અકલંક-નિકલંક, કુમુદચંદ્રદ્વારા જિનમંદિરની રક્ષા (જે પ્રસંગે તેમણે કલ્યાણમંદિર-પાર્શ્વનાથસ્તોત્ર રચ્યું તે પ્રસંગનું દૃશ્ય), આહારદાન, તિર્યંચોદ્વારા અનુમોદના, અંજનાને જંગલમાં મુનિદર્શન, વગેરે દૃશ્યોથી મંદિરનું વાતાવરણ બહુ ભાવવાહી લાગે છે. પ્રવચન વગેરેમાં પણ અહીંના સંઘે ઘણો પ્રેમ અને ઉત્સાહ બતાવ્યો....ભોજનાદિ બાદ અહીંથી પ્રસ્થાન કરીને યાત્રિકો જયપુર આવ્યા...ને ગુરુદેવ આમેરમાં રોકાયા.

આમેર એ જયપુરની પ્રાચીન રાજધાની છે. હાલ તે ખંડિત જેવી દશામાં હોવા છતાં ઠેરઠેર વિખરાયેલો વૈભવ નજરે પડે છે. અહીંનો શાસ્ત્રભંડાર તથા કિલ્લો પ્રસિદ્ધ છે. અહીં સાત પ્રાચીન જૈન મંદિરો છે. એક મંદિરમાં નેમનાથપ્રભુના અતિભાવવાહી બદામી રંગના પ્રતિમા છે. તેમના ચક્ષુના ઉપશાંતભાવ ખાસ દર્શનીય અને ધ્યાનપ્રેરક છે. બીજા એક મંદિરમાં (છાવડાજીકા મંદિરમાં) સીમંધર ભગવાનના પ્રતિમા છે. એક મંદિર નાની પહાડી ઉપર છે. આ બધા મંદિરોનાં દર્શન કર્યાં. ને પછી ભારતના રળિયામણા શહેર જયપુર આવ્યા...(આજે ચૈત્ર સુદ ૧૦ એટલે સોનગઢમાં માનસ્તંભની પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ, બરાબર એ જ દિવસે યાત્રિકો માનસ્તંભની આ જન્મભૂમિમાં આવ્યા.)

卐

# જ ય પુ ર

જયપુર...જૈનોના વૈભવથી ભરપૂર આ નગરી....અનેક ભવ્ય જિનમંદિરોથી શોભી રહી છે. કદાચ ભારતમાં સૌથી વધુ જિનમંદિરો આ શહેરમાં હશે, ને આ નગરીમાં માણસો કરતા જિનબિંબોની સંખ્યા વધારે હશે. જૈનધર્મની જાહોજલાલીવાળા આ જૈન–ધામમાં, જૈનધર્મના એક સંત આજે પધારી રહ્યા છે. ગુરુદેવ પધારતાં નગરીના આગેવાન ગૃહસ્થોએ ભાવપૂર્વક સ્વાગત કર્યું. પાંચ છ હજાર માણસો સ્વાગતમાં ઊમટી પડ્યા હતા. સાંગાનેર દરવાજેથી ઝવેરી બજાર, ત્રિપોલિયાબજાર, ચૌડા રસ્તા, અને અજમેર ગેઇટ થઈને રામલીલા મેદાનમાં ખાસ મંડપમાં સ્વાગતસરઘસ આવ્યું. સ્વાગત વખતે જયપુરના મોટા રસ્તાઓ માણસોની ભીડથી ઉભરાઇ ગયા હતા ને એ પહોળા રસ્તા આજે સાંકડા લાગતા હતા. ઊંચી ઊંચી અટારીઓ દર્શકોથી ઊભરાતી હતી, ને ભારતની સૌથી સુશોભિત એવી આ નગરીની શોભા આજે ઓર વધી ગઇ હતી. પૂ. ગુરુદેવ જ્યારે મુંબઇ હતા ત્યારે જયપુરથી ૩૦૦ જેટલા પ્રતિષ્ઠિત સજ્જનોની સહીથી ગુરુદેવને જયપુર પધારવા માટે વિનંતિ આવી હતી. સાત આઠ હજાર માણસોથી ઊભરાતા મંડપમાં ગુરુદેવે મંગળપ્રવચન કરતાં કહ્યું કે સર્વજ્ઞનો ધર્મ મંગળરૂપ છે. સર્વજ્ઞના ધર્મને શરણરૂપ જાણીને હે જીવ! તું બહુમાનપૂર્વક તેની આરાધના કર... એનાથી તારું અનાથપણું ટળી જશે ને તું સનાથ થશે. જયપુરના અનેક જિનમંદિરો દર્શનીય છે, ત્યાં સૌ યાત્રિકો પોતપોતાની અનુકૂળતા મુજબ દર્શન કરવા ગયા. પૂ. ગુરુદેવ પણ બપોરના ટાઇમે ઘણા મંદિરોમાં દર્શન કરવા જતા હતા. રાત્રે દીવાનજીકા બડા મંદિરમાં ખૂબ જ ભાવભીની ભક્તિ થતી હતી. ત્યાં પાંચ ફૂટ મોટા આદિનાથ પ્રભુ વગેરે ત્રણ ભગવંતો બિરાજી રહ્યા છે. ભક્તિ વખતે મંદિરનો મોટો ચોક બે હજાર ઉપરાંત માનવમેદનીથી ચિક્કાર ભરાઈ જતો હતો. અહીં ભક્તિમાં પૂ. બેનશ્રી–બેનને અનેરા ભાવો ઉલ્લસતા હતા.

આ જયપુર રાજ્યમાં અનેક જૈન દીવાનો થઇ ગયા છે. તેમ જ અનેક વિદ્વાન પંડિતો પણ અહીં થઈ ગયા છે, ને શાસ્ત્રસ્વાધ્યાય વગેરેની પ્રવૃત્તિ અહીં વિશેષ છે. પંડિત જયચંદ્રજી, પં. ટોડરમલ્લજી વગેરે વિદ્વાનો અહીં થઇ ગયા છે. જયચંદ્રજીએ સમયસારની હિંદી ટીકાના અંતમાં આ નગરીનો ઉલ્લેખ કર્યો છે. બીજી વિશેષતા એ છે કે મોટા ભાગના વીતરાગી જિનબિંબોની આ નિર્માણભૂમિ છે; અહીં જિનબિંબોનું ઘડતર થતું હોય તે જોવા

લાયક છે. માનસ્તંભ વગેરેના કારીગર શ્રી મૂલચંદ રામચંદ નાઠાને ત્યાં મૂર્તિની કળા જોઇને ગુરુદેવ પ્રસન્ન થયા હતા. સૌરાષ્ટ્રમાં પ્રતિષ્ઠિત થયેલા લગભગ બધા જ જિનબિંબો અને માનસ્તંભ આ જયપુરમાં જ તૈયાર થયેલા છે. ગુરુદેવ સંઘસહિત જયપુર પધારતાં મીઠાલાલજી શેઠી, મહેન્દ્રકુમાર શેઠી તેમજ બીજા અનેક ભાઇઓને ઘણી ખુશી થઇ હતી.

ઝવેરીબજારમાં બડામંદિર, તથા બીજું એક મંદિર જેમાં ચોવીસ ભગવંતો (દરેક ભગવાનના વર્ણ પ્રમાણે રંગના) છે, તથા સ્ફટિકના એક ફૂટ જેવડા મોટા ત્રણ પ્રતિમાજી છે, તેનાં દર્શન કર્યાં. એક મંદિર જેના ભોંયરામાં ૨૪ ભગવંતો બિરાજમાન છે, તેનાં દર્શન કરતાં જાણે કે બધા તીર્થંકરો ગૂફામાં બેઠાબેઠા આત્મધ્યાનમાં લીન હોય -એવા ભાવો ઉલ્લસે છે ને એકેક ભગવાનની સન્મુખ જઇને ધ્યાનમાં બેસી જઇએ એવી ઉર્મિઓ જાગે છે. બધા ભગવંતો પુરાણા ને એકસરખી મુદ્રાવાળા (લગભગ ચાર ફૂટના) છે. આ પ્રતિમા ઉપર નજર પડતાં જ તે તરફ હાથ લંબાવીને ગુરુદેવના મુખમાંથી "વાહ" એવા ઉદ્ગાર નીકળી પડ્યા! ગુરુદેવની સાથે આ ચોવીસી ભગવંતોના દર્શન કરતાં સૌને ઘણી પ્રસન્નતા થઈ ને ભક્તિથી અર્ઘ ચડાવ્યો. મંદિરોનાં દર્શન કરતાં કરતાં ભક્તિ પણ ગાતા જતા હતા. ગોપાલાજીકા રાસ્તા ઉપરના મંદિરમાં દસેક ફૂટના મહાવીરભગવાન પણ ગુરુદેવને બહુ ગમ્યા. બડા મંદિરજીની બાજુમાં બે મંદિરો છે, તેમાં એક મંદિર તેના કોતરણી કામ માટે રાજસ્થાનમાં વખણાય છે, —તેના ભોંયરામાં અનેક સુંદર પ્રતિમાઓ છે. ઝવેરી બજારમાં ઘીવાલોંકા રાસ્તા -વૃદ્ધિચંદજીકા મંદિરમાં પં. ટોડરમલ્લજીના પોતાના હસ્તલિખિત અનેક ગ્રંથો છે, તેમાંથી મોક્ષમાર્ગ-પ્રકાશકની મૂળપ્રત પૂ. ગુરુદેવે હાથમાં લઇને, તેનો થોડોક ભાગ વાંચ્યો હતો, ને પં. ટોડરમલ્લજીનો મહિમા કર્યો હતો. કહે છે કે પં. ટોડરમલ્લજી આ મંદિરમાં બેસીને શાસ્ત્રો લખતા હતા. અહીંના બીજા મંદિરોમાં પણ અનેક સુંદર સચિત્ર હસ્તલિખિત ગ્રંથો છે. બેત્રણ માઇલ દૂર ખાનિયાજીમાં મંદિર છે તે પણ દર્શનીય છે.

જયપુરના સમાજે ઘણા ભાવથી સંઘની સરસ આગતા સ્વાગતા કરી હતી. ચૈત્ર સુદ ૧૨ની રાત્રે અહીં એક વિશાળ મહિલાસમ્મેલન યોજાયું હતું; તેમાં ૧૨-૧૩ હજાર બહેનો ઉપસ્થિત હતા. આ મહિલા સમ્મેલનમાં આશીર્વાદરૂપે ગુરુદેવે દશેક મિનિટ ઘણુંજ સરસ પ્રવચન કર્યું હતું. તેમાં કહ્યું હતું કે 'આનો આત્મા પણ પોતાના આત્માનો સુધાર કરી શકે છે; પૂર્વે આત્માનું ભાન કરનારી અનેક સ્ત્રીઓ થઇ ગઇ છે ને અત્યારે પણ એવી સ્ત્રીઓ છે. સર્વાર્થસિદ્ધિના દેવો-કે જેઓ મનુષ્ય થઇને સીધા મોક્ષ પામવાના છે તેઓને ચોથી ભૂમિકા છે, અને ધર્માત્મા સ્ત્રીઓ પોતાના આત્માના આનંદનું સ્વસંવેદન કરીને દેવથી પણ ઊંચી ભૂમિકા

(પાંચમું ગુણસ્થાન) પ્રગટ કરી શકે છે...આત્માનું ભાન કરવું તે જ ખરા આશીર્વાદ છે. આત્માનું ભાન કરે તેને ફરીને આવો સ્ત્રીઅવતાર મળે નહિ. આત્માનું સ્વસંવેદન કરો એ જ અમારા આશીર્વાદ છે. (પૂરા પ્રવચન માટે જુઓ આત્મધર્મ અંક ૧૭૮) ગુરુદેવનું આ પ્રવચન સાંભળીને સભામાં સૌને ઘણી પ્રસન્નતા થઈ.

ચૈત્ર સુદ તેરસના રોજ ભગવાન મહાવીરપ્રભુનો જન્મકલ્યાણક મહોત્સવ ઘણા ઉલ્લાસથી ઊજવાયો. સવારમાં ૬ાા થી ૯ાા સુધી જન્મોત્સવ નિમિત્તે જિનેન્દ્રભગવાનની ભવ્ય સવારી નીકળી જેમાં આગળ હાથી ઉપર ઝંડો ફરકતો હતો ને દસેક હજાર માણસોએ ભાગ લીધો હતો. વીરપ્રભુનાં ગુણગાન ગાતું ગાતું આ સરઘસ મંડપમાં આવ્યું, ત્યાં ઝંડારોપણ થયું. જૈનધ્વજની છાયામાં વીરપ્રભુના ગુણગાન કરવા ભેગા થયેલા હજારો જૈનોનો મોટો મેળો બહુ જ શોભતો હતો. ગુરુદેવે પણ મહાવીરભગવાનના જીવન પર પ્રકાશ પાડીને તેમની અંતરંગ આત્મસાધનાનું સ્વરૂપ સમજાવ્યું હતું. આજે વહેલી સવારમાં ગુરુદેવ તથા યાત્રિકો પદ્મપુરા જઈને પદ્મપ્રભુના દર્શન કરી આવ્યા હતા. અહીં જમીનમાંથી પ્રતિમા નીકળેલ છે ને એક મોટું વિશાળ મંદિર બંધાય છે. ત્યાં દર્શન કરીને પાછા ફરતાં શિવરાજપુરના તથા સાંગાનેરના પ્રાચીન મંદિરોના પણ દર્શન કર્યા. સાંગાનેર પણ જુની રાજધાનીનું શહેર હતું. ત્યાં પ્રાચીન જિનમંદિરો તથા અનેક જિનબિંબો છે. ત્યાં દર્શન કરીને જયપુર–મહાવીરજન્મોત્સવમાં સામેલ થઈ ગયા. બપોરે પ્રવચન પછી જિનેન્દ્રદેવનો મહાઅભિષેક થયો હતો તથા ભક્તિ થઈ હતી. રાત્રે લગભગ દસ–બાર હજાર માણસોની ભવ્ય સભામાં રાજસ્થાનના મુખ્યપ્રધાન મોહનલાલજી સુખડીયા તથા ગૃહપ્રધાન વગેરે પણ ઉપસ્થિત હતા, ને ગુરુદેવે વીરપ્રભુનો "અહિંસા પરમો ધર્મઃ"નો સન્દેશ સમજાવ્યો હતો.

આજે સંઘનું ભોજન શેઠ સુંદરલાલજી ડોલીયાને ત્યાં હતું. તેમને ત્યાં ચૈત્યાલયમાં સુંદર કિંમતી હીરા–માણેક–પન્ના–મુંગા વગેરેના તેમજ સોના–ચાંદીના ૨૦ ભગવંતો બિરાજે છે. સોનાના સિંહાસન ને સ્ફટિકના છત્ર સહિત જિનેન્દ્રદેવના દર્શનથી બહુ આનંદ થયો. પૂર્વે જેની પ્રશંસા સાંભળીને દર્શનની ઝંખના જાગેલી તેમના સાક્ષાત્ દર્શન થતાં હૈયું હર્ષથી નાચી ઊઠ્યું....ને આનંદથી ભક્તિ કરી. તેમનું સંગ્રહાલય પણ સ્ફટિકના પ્રતિમાજી વગેરે અનેક કિંમતી વસ્તુઓથી શોભી રહ્યું છે. આ ઉપરાંત જયપુરમાં અનેક જોવાલાયક સ્થળો છે. મ્યુઝિયમમાં પ્રાચીન માનસ્તંભના અવશેષો તથા જિનપ્રતિમાઓ વગેરે છે.

યાત્રાસંઘ જયપુરમાં કુલ ચાર દિવસ રહ્યો. જયપુરનો કાર્યક્રમ આનંદથી પૂરો કરીને અને ત્યાંનો વિપુલ જૈનવૈભવ નીહાળીને ચૈત્ર સુદ ૧૪ની સાંજે અલીગઢ તરફ પ્રસ્થાન કર્યું. સંઘના પ્રસ્થાન વખતે વાત્સલ્યભરી વિદાયનું દૃશ્ય ભાવભીનું હતું...

# અલીગઢ–ટોંક

જયપુરથી અલીગઢ તરફ પ્રસ્થાન કરતાં વચ્ચે નીવઈ ગામે તાજા પ્રતિષ્ઠિત થયેલા મંદિર અને માનસ્તંભનાં દર્શન કર્યા; માનસ્તંભમાં ઉપરની ચાર દિશામાં આદિનાથ, ચંદ્રપ્રભુ, શાંતિનાથ અને મહાવીર ભગવાન બિરાજે છે. સીડી અને મંચદ્વારા ઠેઠ માનસ્તંભ ઉપર ચડીને ભગવાનનાં દર્શન કરતાં આનંદ થયો; બીજા પણ ત્રણ મંદિરો સુંદર છે. એકમાં તો સોનગઢ જેવા જ ત્રણ ભગવંતો બિરાજે છે. ત્યારબાદ આગળ જતાં ટોંક ગામમાં જમીનમાંથી નીકળેલા ૨૬ જિનબિંબોના દર્શન કર્યા, ગુરુદેવ રાત્રે ટોંક રહીને બીજે દિવસે સવારમાં અલીગઢ પધાર્યા. અલીગઢમાં શ્રી દીપચંદજી શેઠિયા વગેરેની વિનંતિથી ગુરુદેવ પધાર્યા હતા. ગુરુદેવ પધારતાં સૌને ઘણો હર્ષ થયો, ને ભાવથી સ્વાગત કર્યું. જિનમંદિરનાં દર્શન કર્યા. અહીં ખાસ મંડપમાં ગુરુદેવનું પ્રવચન થયું. ગુરુદેવનો આહાર શ્રી દીપચંદજી શેઠીયાને ત્યાં હતો. આસપાસના અનેક ગામથી ગાડાં જોડીજોડીને માણસો અહીં ગુરુદેવનાં દર્શન કરવા તથા પ્રવચન સાંભળવા આવેલ. પ્રવચન પછી સંઘે અજમેર તરફ પ્રસ્થાન કર્યું. ગુરુદેવ રાતે નસીરાબાદ રોકાયા હતા.

# અજમેર

ચૈત્ર વદ એકમે પૂ. ગુરુદેવ અજમેર પધારતાં ભાવભીનું સ્વાગત થયું. આ સંબંધી સમાચાર આપતાં અજમેરના "आज़ाद" સાપ્તાહિકે લખ્યું હતું કે ता. १५ अप्रैलको भारतके महान आध्यात्मिक सन्त श्री कानजीस्वामी का नगरमें अभूतपूर्व स्वागत हूआ, तथा विशाल जुलूस निकाला गया जिसमें लगभग १० हजार व्यक्ति सम्मिलित थे. जुलूसके रास्तेमें स्थानस्थानपर नागरिकों द्वारा पुष्पवृष्टि की गई, तथा विशेषरूपसे दरगाहके उपर से मुसलमान बन्धुओंने स्वामीजीके स्वागतमें जो फूलवर्षा की, विशेष महत्त्व भ्रातृभावना व एक ऐतिहासिक घटना है. लगभग २०० वर्ष पूर्व भी मुसलमान बंधुओंने जैनसंतको इसी प्रकार अपने यहां विशेष सन्मान दिया था × × × × अजमेरके इतिहासमें इतना विशाल जुलूस प्रथम वार देखनेको मिला × × × पुष्पवर्षासे रास्ता सुगंधसे महक उठा, × × × ×

बाजारमें जो चांदी व गोटेके क्रमशः द्वार बनाये गये थे वह भी विशेष उल्लेखनीय है। —
આ રીતે અજમેરમાં ભવ્ય ઐતિહાસિક સ્વાગત થયું. આ પ્રસંગે બહારથી પણ હજારો માણસો આવેલા. પ્રવચન માટે બડા ધડાજીકી નસિયામાં વિશાળ મંડપ બાંધ્યો હતો. પ્રવચન સાંભળીને સૌ ખુશી થયા હતા. ત્યાં સ્વાગતગીત અને મંગલપ્રવચન બાદ શેઠ શ્રી ભાગચંદજી સોનીએ ભાવભીનું સ્વાગતપ્રવચન કર્યું હતું. તેમાં તેમણે જૈનધર્મનો, સમ્યગ્દર્શનનો અને આત્મજ્ઞાનીસંતનો મહિમા કરીને પછી કહ્યું હતું કે "હમારા સૌભાગ્ય હૈ કિ આત્મતત્ત્વકી ઇતની વિશદ વ સુંદર વ્યાખ્યા કરનેવાલે સન્તકા અજમેરમેં પધારના હૂઆ હૈ."

અહીં અજમેરમાં અનેક ભવ્ય જિનમંદિરો છે; તેમાં સૌથી મુખ્ય મંદિર સોનીજીકી નસિયાં તરીકે પ્રસિદ્ધ છે. તે મંદિરના દર્શન કરવા જતાં દૂરથી ૮૨ ફૂટ ઊંચા માનસ્તંભનો ગગનગામી ભાગ દેખાયો ને તેના ઉપર બિરાજમાન જિનેન્દ્રદેવના દર્શન થયા. આ માનસ્તંભમાં ઉપર આદિનાથ, ચંદ્રપ્રભુ, શાંતિનાથ તથા મહાવીરપ્રભુ બિરાજે છે, ને નીચે ચારે દિશામાં આદિનાથપ્રભુ ખડ્ગાસને શોભી રહ્યા છે. પછી મંદિરમાં પ્રવેશ કરતાં જ પાંચ ફૂટ મોટા ભવ્ય સૌમ્ય અને પ્રસન્નમુદ્રાવંત આદિનાથ ભગવાનના દર્શનથી હૃદય તૃપ્ત–તૃપ્ત થાય છે. આ ઉપરાંત બીજા અનેક પ્રતિમાઓ પણ છે,—જેમાં એક પન્નાના તથા એક સોનાના પ્રતિમાજી પૂ. ગુરુદેવના હસ્તે સૌરાષ્ટ્રમાં પ્રતિષ્ઠિત થયેલા છે. મંદિરની દિવાલો ઉપર ભાવભીનાં પૌરાણિક ચિત્રો છે; તેમાં ખૂબ જ પ્રિય એવા શ્રી આદિનાથ ભગવાનના દસ પૂર્વભવોનાં ચિત્રો દેખીને ઘણો આનંદ થયો. બે મુનિઓદ્વારા આદિનાથપ્રભુના જીવને ભોગભૂમિમાં સમ્યકત્વની પ્રાપ્તિ વગેરે દશ્યો નીહાળતાં આત્મા રોમાંચિત થતો હતો, ને અનેક ભાવનાઓ જાગતી હતી. પછી આ મંદિરમાં અપાર વૈભવસંપન્ન અયોધ્યાપુરીની રચના જોઈ. સોનીજીની ચાર પેઢીથી ચાલી આવતી આ અદ્ભુત રચના જોતાં જ ભક્તહૃદયમાંથી આનંદપૂર્વક ઉદ્ગાર નીકળી જાય છે કે વાહ! જિનેન્દ્રવૈભવની આવી રચના કરાવવા બદલ સોનીજીના વંશને ધન્ય છે! મોટા મોટા મારવાડી પગથિયા ચડીને થાકયા થાકયા જ્યાં ઉપર પહોંચીએ ત્યાં તો અયોધ્યાપુરીની એકસામટી વિધવિધ રચના ને ભવ્ય શોભા જોતાં જ ચિત્ત ત્યાં લાગી જાય છે ને પગથિયાનો થાક ભૂલાઇ જાય છે—જેમ સાધ્યની સિદ્ધિ થતાં સાધકદશાના વિકલ્પોના થાક અલોપ થઈ જાય છે તેમ. વિશાળ હોલમાં અયોધ્યાનગરીની તથા આદિનાથ પ્રભુના ગર્ભ–જન્મ–તપકલ્યાણકની સુંદર રચના શાસ્ત્રોક્ત રીતે કરેલી છે. આટલી બધી રચના

જોતાં ઘડીભર તો દર્શકને એમ થઈ જાય છે કે પહેલાં આ જોઉં કે પહેલાં આ જોઉં ! અયોધ્યાનો મોટો રાજમહેલ-સોનાનો, મરુદેવીમાતાજી, ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક-તેમાં ભગવાનનો જન્મ, જન્માભિષેકનું જુલૂસ, પારણું, મેરુ ઉપર અભિષેક-એ બધા પ્રસંગો બતાવ્યા છે. જન્માભિષેકના જુલૂસની રચના જોવાલાયક છે; કોઇ હાથી ઉપર બેઠેલા છે તો કોઈ ઘોડા ઉપર બેઠેલા છે, કોઇ બેલગાડીમાં ભજન કરે છે તેવી ભજનમંડળી બેઠેલી છે, કોઇ પોતાના મકાનની છતમાંથી જન્માભિષેકની સવારી જુએ છે. આ બધો ભાવભીનો દેખાવ ઘણો આશ્ચર્યકારી છે. મેરુપર્વત મોટો સરસ ને ઊંચો છે, તેને ફરતા તેર દ્વીપ તથા તેના શાશ્વત જિનાલયો પણ બતાવ્યા છે. તેમાં પંચમહાવિદેહની રચના જોઇ, સીતા-સીતોદા વગેરે નદીઓ જોઇ, સીમંધરાદિ વીસે ભગવંતોના દેશ જોયા; અહો ! જાણે વિદેહના વીસ તીર્થંકરો એક સાથે અહીંથી દેખાતા હતા. પાંચ મેરુ અને નંદીશ્વરના જિનાલયોની રચના પણ બહુ સારી લાગે છે. ઇન્દ્રો પાંચમા સમુદ્રમાંથી પાણીના કળશ ભરીભરીને મેરુ ઉપર ભગવાનનો જન્માભિષેક કરે છે.- એ પણ સ્પષ્ટ બતાવ્યું છે. મહારાજા ઋષભદેવની સભામાં નીલાંજસા દેવીનું નૃત્ય ને દેહવિલય, પ્રભુનો વૈરાગ્ય, દીક્ષા, ધ્યાન, વર્ષીતપ અને આહારદાન -એ બધા પ્રસંગો બતાવ્યા છે; ને તે રચના જોતાં તે તે કલ્યાણક નજરસમક્ષ તરવરે છે.

પછી ભગવાનને કેવળજ્ઞાન થાય છે ને ભગવાન બીજે વિહાર કરે છે -તેથી સમવસરણ આ મંદિરથી દૂર બીજે ઠેકાણે રચ્યું છે. સમવસરણમાં કિંમતી રચના છે; ત્યાં ત્રણ પીઠિકા છે, ને દરેક પીઠિકા ઉપર સ્ફટિકના મોટા ચાર-ચાર ભગવંતો બિરાજે છે. તે સિવાય બીજા પણ સ્ફટિકના ભગવંતો બાજુમાં જ બિરાજે છે. આ સમવસરણની રચના પણ ઘણી અદ્‌ભુત છે, તે જોતાં મુમુક્ષુહૃદય આનંદિત થાય છે.

પાંચમું નિર્વાણકલ્યાણક —કૈલાસગિરિની રચના નસિયાજીમાં નીચેના ભાગમાં છે. આ રીતે અહીં "અયોધ્યાનગરી"ના અને આદિનાથપ્રભુના પાંચે કલ્યાણકના દર્શન થયા. ગુરુદેવ સાથે ઘણા ભાવપૂર્વક નીરખીનીરખીને આ બધા પાવન દશ્યો જોયા. તે જોતાં જૈનશાસનનો આખો વૈભવ નજરસમક્ષ પથરાયેલો દેખાય છે ને ઘણી પ્રસન્નતા થાય છે. સર્વ સંઘ અને પૂ. બેનશ્રી-બેન પણ ખૂબ પ્રસન્નતાપૂર્વક બધી રચના વિગતવાર અવલોકતા હતા. ઉપરના માળે જઇને જોતાં નીચેની બધી રચના એક સાથે દેખાય છે, તે દેખાવ ઘણો સુંદર લાગે છે. ઉપરની છતમાં મેરુને ફરતા સૂર્ય-ચંદ્ર-નક્ષત્રો વગેરેની પણ શાસ્ત્રોક્ત પ્રમાણસર આકર્ષક રચના છે. આ બધી રચના દેખીને ગુરુદેવને પણ બહુ પ્રમોદ થતો હતો ને ભગ-

વાનના જીવનપ્રસંગો જોતાં તેમને અનેરા ભાવો ઉલ્લસતા હતા. નીચેના ભાગમાં જિનેન્દ્ર ભગવાનની રથયાત્રાનો ઠાઠમાઠ ને વૈભવ છે. મોટા મોટા કિંમતી કળામય ચાર પાંચ રથ, હાથી-ઘોડા-પાલખી વગેરે અનેક સામગ્રી છે, એક ઐરાવત હાથી બહુ સુંદર છે. આ બધી સામગ્રીના ઠાઠમાઠપૂર્વક જ્યારે જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા નીકળે ત્યારે તે ખૂબ દર્શનીય હોય છે. બપોરે પ્રવચન પછી જિનેન્દ્રઅભિષેક થયો હતો. ભજનમંડળીના ભાઈઓએ મંગલવધાઈ ગાઇ હતી.... અહીંના જૈનઔષધાલયનો હીરક જયંતિમહોત્સવ પણ આ દિવસોમાં ઊજવાયો હતો; તે ઉપરાંત મહાવીર પુસ્તકાલય વગેરે જોવા પણ ગુરુદેવ પધાર્યા હતા. રાત્રે સોનીજીના નસિયામાં અદ્‌ભુત ભક્તિ થઇ હતી. ભજનમંડળીના ભજન-નૃત્ય ઉપરાંત પૂ. બેનશ્રીબેને પણ ભક્તિ કરાવી હતી, તેમાં-

આવો આવો સીમંધરનાથ અમઘેર આવો રે....
આવો આવો શ્રી આદિનાથ અમઘેર આવો રે ..
રૂડા ભક્તિવત્સલ ભગવંત નાથ! પધારો ને...

—એ સ્તવન વખતે તો અનેરી અદ્‌ભુત ધૂન જામી હતી. હજારો લોકો પ્રસન્નતાપૂર્વક એ ભક્તિ સાંભળવા ખૂબ આતુર હતા. રાત્રે ફરીને ઇલેક્ટ્રિક પ્રકાશમાં ગુરુદેવ સાથે અયોધ્યાપુરીની રચનાના દર્શન કર્યા. તે પ્રકાશમાં એ દૃશ્યોની અનેરી શોભા દેખાય છે. ફરી-ફરીને એ દૃશ્યો જોતાં આનંદ થાય છે. અજમેરથી પાંચેક માઈલ દૂર પુષ્કર તળાવ છે, તેના કિનારે મહાવીરભગવાનનું જિનમંદિર છે. બીજે દિવસે પણ ગુરુદેવના પ્રવચન વગેરેનો અજમેરની જનતાએ ઉત્સાહથી લાભ લીધો. ગુરુદેવનું આહારદાન સર ભાગચંદજી શેઠ વગેરેને ત્યાં થયું હતું. ગુરુદેવ અજમેર પધારતાં ભજનમંડળીના સભ્યોને પણ ઘણો ઉત્સાહ હતો. સાંજે અજમેરથી લાડનૂ તરફ પ્રસ્થાન કર્યું હતું. લાડનૂના શેઠ શ્રી તોલારામજી, વછરાજજી, ગજરાજજી વગેરે ગંગવાલ ભાઇઓના આગ્રહને લીધે ત્યાંનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. યાત્રિકો બસમાં ભક્તિ કરતાં કરતાં રાત્રે લાડનૂ જઇ રહ્યા હતા. જો કે રસ્તો ખરાબ હતો પણ રસ્તામાં ભક્તિ ચાલતી હોવાથી પ્રવાસ આનંદકારી હતો. યાત્રામાં આવા પ્રકારના પ્રવાસ વખતે કોઇવાર મોડી રાત્રે બસમાં બધા યાત્રિકો ઝોકા ખાતા હોય ત્યાં એકાએક જંગલ તરફ નજર કરીને પૂ. બેનશ્રીબેન ( જાણે કે મુનિને નજરે દેખતા હોય એવા ભાવથી) ભક્તિ ગાતા,-એ સાંભળીને યાત્રિકો ઝબકી ઊઠતા ને હોંસથી એ ભક્તિ ઝીલી લેતા—

ઐસે મુનિવર દેખે વનમેં જાકે રાગદ્વેષ નહીં તનમેં....
ઐસે મુનિવર દેખે વનમેં જાકે નીંદ નહીં નૈનનમેં....
આઠોં પહોર રહે જાગૃતમેં....એજી કેલિ કરે આનંદ મેં....
—એજી કેલિ કરે આતમ મેં...
રાત્રિ ચારોં પહોર ધ્યાનનમેં...ઐસી ધન્ય દશા મુનિવરકી....
ઐસે મુનિકો મૈં નિત પ્રાત ધ્યાવું...મૈં ભી મુનિવરઝટ બન જાઉં...

—આમ અડધી રાતે મુનિવરોનો સાક્ષાત્કાર કરાવીને સૌને જગાડતા અને મુનિવરોની જાગૃતદશાનો ઘણો ઘણો મહિમા સમજાવતા. યાત્રિકો ભક્તિ કરતાં કરતાં રાત્રે લાડનૂ પહોંચ્યા.

## લા ડ નૂ

ચૈત્ર વદ બીજ : સવારમાં જિનમંદિરમાં સમૂહ પૂજન થયું હતું. ત્યારબાદ પૂ. ગુરુદેવ લાડનૂ શહેર પધારતાં સૌએ ઘણા ઉત્સાહથી ભવ્ય સ્વાગત કર્યું. અહીં એક પ્રાચીન જિનમંદિર જમીનમાંથી નીકળેલું છે. આ પ્રાચીન મંદિર ખૂબ કારીગરીવાળું છે. તથા તેના પ્રતિમાજી પણ ખૂબ મનોજ્ઞ છે. આ મંદિર ઉપરાંત શહેરથી અડધોક માઇલ દૂર સુખદેવ આશ્રમ ગંગવાલભાઇઓ તરફથી બંધાવવામાં આવેલ છે; તે આશ્રમમાં સંગમરમરનું એક ભવ્ય જિનાલય લગભગ પંદર લાખ રૂપિયાના ખર્ચે બંધાતું હતું. જિનાલયની સન્મુખ ભવ્ય માનસ્તંભ પણ થયેલ છે. આ જિનમંદિરમાં આરસનું એક તોરણ ખૂબ જ નકશી કામવાળું લગભગ રૂા. ૧૮૦૦૦/ની કિંમતમાં થયેલું છે. તે વખતે આ જિનમંદિર વગેરેનું કામ ચાલતું હતું. ગુરુદેવનું પ્રવચન પણ ત્યાં રાખવામાં આવ્યું હતું. શહેરથી એકાદ માઇલ દૂર મંગલપુરામાં એકાન્ત સ્થળ છે, ત્યાં જિનમંદિરનાં દર્શન કરવા સૌ ગયા હતા, તથા ત્યાં ભક્તિ પણ થઇ હતી. દરેક કાર્યક્રમોથી સૌને ઘણી પ્રસન્નતા થઇ હતી. શેઠશ્રી ગજરાજજી ગંગવાલે માનપત્ર અર્પણ કરતાં પહેલાં ભાષણમાં કહ્યું હતું કે "મહારાજજીનો ઉદ્દેશ તો તીર્થયાત્રા છે. ભગવાનના કલ્યાણકધામ અને ધ્યાનભૂમિ વગેરેનું નિરીક્ષણ કરવા માટે તેઓ સંઘ સહિત આ તરફ પધાર્યા, અને ભવ્ય જીવોને ઉપદેશ આપીને કલ્યાણના પથ ઉપર લગાડ્યા. આ મરુભૂમિ (મારવાડ)માં પ્રવાસથી ઘણા જીવોને કલ્યાણપથ ઉપર

લગાડ્યા છે. આપનો ઝૂકાવ આત્મા તરફ છે, તે જ મહત્વશાળી છે, તેનું અમારે અનુકરણ કરવા જેવું છે....”

અહીંથી ૨૦-૨૫ માઇલ દૂર સુજાનગઢમાં સમવસરણ વગેરેની પ્રશંસા સાંભળીને યાત્રિકો ત્યાં દર્શન કરવા ગયા હતા. અહીં મહાવીર પ્રભુના સમવસરણની સુંદર રચના છે. પંચાયતી મંદિરમાં ચાંદીના ૨૦ જેટલા પ્રતિમા છે. માનસ્તંભવાળા નસિયાજીમાં નેમનાથ પ્રભુની પ્રતિમા સુંદર છે.—આ બધાના દર્શનથી ગુરુદેવ વગેરેને પ્રસન્નતા થઈ. ત્યાં દર્શન કરીને પાછા લાડનૂ આવી ગયા હતા. લાડનૂમાં સંઘ બે દિવસ રહ્યો. તે દરમિયાન ઘણા ઉત્સાહથી આગતાસ્વાગતા કરી. ચૈત્ર વદ છઠ્ઠની સવારમાં યાત્રાસંઘે કૂચામન તરફ પ્રસ્થાન કર્યું. રસ્તામાં આખો સંઘ ભેગો હોવાથી સૌને આનંદ થતો હતો.

## કૂ ચા મ ન

અહીં સવારમાં ધાર્યા કરતાં વહેલા પહોંચી ગયા. પ્રવચન બાદ ગાજતેવાજતે ગુરુદેવ સહિત આખો સંઘ જિનમંદિરોના દર્શન કરવા ચાલ્યો. આ રીતે ગાતાંગાતાં ભક્તિપૂર્વક જિનમંદિરોના દર્શન કરતાં હર્ષ થયો. એક શ્રાવકને ત્યાં ચાંદીનો રથ વગેરે હતું તે પણ જોયું. બપોરે પ્રવચન બાદ અભિનંદનપત્ર અપાયું. અને સાંજે ભોજન બાદ સૌએ પ્રસ્થાન કર્યું. વચ્ચે રૂપમગઢમાં પ્રાચીન પ્રતિમાઓના દર્શન કરીને રાત્રે કિસનગઢ પહોંચ્યાં.

## કિ સ ન ગ ઢ

પૂ. ગુરુદેવ કિસનગઢ પધારતાં રાત્રે સ્વાગત નિમિત્તે વિદ્યાર્થીઓએ ખાસ કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં સ્વાગતગીત, મહાવીરજી નાટક, સર્પનૃત્ય, કમલ-ભ્રમરનૃત્ય વગેરે કાર્યક્રમો હતા. પહેલાં શ્રી નેમિચંદજી પાટની વગેરે અહીં રહેતા હતા. ગુરુદેવનો ઉતારો શ્રી લાડુલાલજીને ત્યાં હતો, તેથી તેમને ઘણી પ્રસન્નતા થઇ હતી. બીજે દિવસે સવારમાં પૂજન–પ્રવચનાદિ બાદ શહેરના મંદિરોનાં દર્શન કર્યાં. બપોરે ગુરુદેવે અહીંની સ્કૂલનું અવલોકન કર્યું તથા સન્મતિ–વાંચનાલયનું ઉદ્‌ઘાટન કર્યું. પછી સુંદર ભક્તિ થઈ હતી. અહીં એક દિવસના કાર્યક્રમમાં સંઘની આગતાસ્વાગતા સારી કરી હતી.

કિસનગઢથી સાંજે પ્રસ્થાન કરીને ભક્તિ કરતાં કરતાં અજમેર આવ્યા હતા. ત્યાં રાત્રે નસિયાજીમાં માનસ્તંભ પાસેના ચોકમાં દોઢ કલાક સુધી ઘણી ભાવભીની ભક્તિ થઇ હતી.

અજમેરની ભજનમંડળીના ખાસ કાર્યક્રમ ઉપરાંત, "આવો આવો સીમંધરનાથ (આદીનાથ) અમઘેર આવો રે.... એ ગુજરાતી ગાયન ફરીને સાંભળવાની સમાજની ખાસ માગણીથી પૂ. બેનશ્રીબેને એ સ્તવન ગવડાવ્યું હતું.

ભજનમંડળીની વિનંતિથી પૂ. ગુરુદેવે પણ નીચેનું ભાવભીનું સ્તવન ગવડાવ્યું હતું–

ધન્ય દિવસ ધન્ય આજનો ધન્ય ધન્ય ઘડી તેહ,
ધન્ય સમય પ્રભુ માહરો, દરિશણ દીઠું આજ
મન લાગ્યું રે મારા નાથજી...

ગુરુદેવના મુખથી ભાવભીની જિનેન્દ્રભક્તિ સાંભળીને શેઠ ભાગચંદજી સોની વગેરે સૌને ઘણી પ્રસન્નતા થઇ, ને આનંદભર્યા વાતાવરણ સહિત કાર્યક્રમ સમાપ્ત થયો.

બ્યાવર : ચૈત્ર વદ સાતમની સવારે અજમેરથી બ્યાવર તરફ પ્રસ્થાન કર્યું. આજે અજમેરની ભજન મંડળી વગેરે પણ યાત્રાસંઘની સાથે હોવાથી પ્રવાસમાં ભક્તિ ચાલુ જ રહેતી. ભક્તિ કરતાં કરતાં બ્યાવર પહોંચ્યા. પુષ્પવૃષ્ટિ વગેરે દ્વારા ભવ્ય સ્વાગત થયું. સ્વાગતગાન તથા પ્રવચન બાદ સૌએ જિનમંદિરોના દર્શન કર્યા. બપોરે પણ પ્રવચન થયું હતું; તેમાં ઘણા લોકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. અહીંથી સંઘ શિવગંજ ગયો હતો. ગુરુદેવ પાલી ગામમાં રાત રહ્યા હતા.

શિવગંજમાં ભાઈશ્રી શુકનરાજજીએ ઉત્સાહપૂર્વક સંઘની વ્યવસ્થા કરી હતી. દર્શન-પૂજન માટે અજમેરથી ચાંદીના જિનપ્રતિમાને અહીં બિરાજમાન કર્યા હતા. સવારમાં ગુરુદેવ પધારતાં ઉત્સાહથી સ્વાગત થયું હતું. પ્રવચન વગેરેમાં લોકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. અહીંથી સંઘ જાવાલ ગયો હતો; જાવાલમાં ભોજન બાદ તરત ત્યાંથી આબુ તરફ પ્રસ્થાન કર્યું હતું. (જાવાલ સંબંધી વિશેષ વિગત આબુના કાર્યક્રમ પછી જોઇશું.)

## આબુ

જાવાલથી શિરોહી થઇને ત્રણ વાગે યાત્રાસંઘ આબુ પહોંચ્યો, ને તે જ વખતે બસદ્વારા પર્વતારોહણ કરીને ઉપર પહોંચ્યો. વાંકીચૂકી સડકથી પર્વત ચડતાં વચ્ચે પહાડીનાં રમણીય દશ્યો દેખાતા હતા. સાડાપાંચ વાગે ઉપર પહોંચ્યા ને જિનમંદિરના દર્શન કર્યા

બીજે દિવસે સવારમાં દેલવાડાના મંદિરો જોયા. વિમલશાનું મંદિર, વસ્તુપાલ તેજપાલનું મંદિર વગેરે અને શ્વેતાંબર મંદિરની પ્રસિદ્ધ કોતરણી જોઈ. અનેક શ્વેતાંબર મંદિરોની વચ્ચે એક દિગંબર મંદિર છે ત્યાં દર્શન-પૂજન કર્યા. અહીં યાત્રાસંબંધી બીજો કોઇ ખાસ કાર્યક્રમ ન હતો. બપોરે ગુરુદેવ પાસે યાત્રા વગેરે સંબંધી ચર્ચાવિચારણા થઇ હતી. સાંજે નખીતળાવ તથા સૂર્યાસ્ત વખતનું દૃશ્ય (Sunset point) જોવા ગયા હતા. રાત્રે જિનમંદિરમાં ભક્તિ કરી હતી. બીજે દિવસે સવારમાં આબુથી ૪ માઈલ દૂર અચલગઢ જોવા ગયા હતા.

બપોરે પૂ. ગુરુદેવનું પ્રવચન ચાલતું હતું ને શ્રોતાજનો આબુ ઉપર એ પ્રવચન સાંભળી રહ્યા હતા... ત્યારે... અચાનક શોરબકોર થયો ને 'કાનજીસ્વામી કી જે' કરતાં સેંકડો માણસો આવતા દેખાયા. -શેનો હતો એ શોરબકોર? એ શોરબકોર હતો જાવાલની જનતાનો. પરમ દિવસે પૂ. ગુરુદેવ જાવાલનો કાર્યક્રમ રદ કરીને આબુ આવ્યા તેથી ત્યાંની જનતાનું હૃદય ગદગદિત થઇ ગયું ને કોઈપણ રીતે ગુરુદેવ તથા સંઘને ફરીને જાવાલ લઇ આવવા એમ તેણે નક્કી કર્યું; તે માટે ગામની ૩૬ કોમના આગેવાન માણસો તથા ત્યાંના ઠાકોર સાહેબ સહિત સો જેટલા ભાઇઓ વિનંતિ કરવા આબુ આવ્યા ને સભા વચ્ચે હૃદયને હચમચાવી નાંખે એવી ગદગદવાણીથી વિનતિ કરતાં કહ્યું કે મહારાજ! આપના ચાલ્યા જવાથી અમારા ગામમાં અશાંતિ થઇ ગઇ છે, આપ ફરીને અમારા ગામમાં પધારશો ને આપની વાણી સંભળાવશો ત્યારે જ અમારા ગામમાં શાંતિ થશે; માટે આપ સંઘસહિત જરૂર પધારો. વિરોધ કરનારા ભાઇઓએ પણ ઉભા થઇને ગદગદભાવે ભૂલની માફી માંગીને વિનંતિમાં સાથ પૂરાવ્યો. ને ગુરુદેવે સંઘની સલાહ લઇને હા પાડી. જાવાલની જનતા ખુશ-ખુશ થઈ ગઇ ને તરત જાવાલ જવા માટેની તૈયારી કરીને સંઘે પ્રસ્થાન કર્યું.

## જાવાલમાં પુનરાગમન

જાવાલ જવા માટે આબુ ઉપરથી ઉતરતી વખતે બસમાં સંતમુનિઓની ભક્તિ કરતા હતા; આનંદથી પ્રવાસ થતો હતો. રાત્રે ૧૨ વાગે તો હજી અડધે રસ્તે હતા. સંઘ રાત્રે બે વાગે જાવાલ પહોંચી ગયો. બીજે દિવસે સવારે ગુરુદેવ પધારતાં જાવાલની જનતાએ અત્યંત ઉલ્લાસપૂર્વક કેસર અને કંકુ છાંટીને ભવ્ય સ્વાગત કર્યું. આ ભાવભીનો પ્રસંગ દેખીને યાત્રિકો કહેતા કે જાવાલ હવે આવાલ બની ગયું. જાવાલમાં પૂ. ગુરુદેવને ફરીથી દેખીને નગરીની જનતા ખુશખુશ થઇ ગઇ હતી. આ પ્રસંગના વર્ણનની એક પત્રિકા

જાવાલની જનતાએ છપાવેલી,-જેમાં જાવાલના ઠાકોર સાહેબ તથા ૩૬ કોમના આગેવાનોની સહી હતી. પત્રિકાનું લખાણ નીચે મુજબ હતું—

जावाल (सिरोही)में सत्‌गुरुदेव श्री कानजीस्वामीका भव्य स्वागत।

जैन ही नहीं, ३६ जातिके लोगोंने अधिक संख्यामें जुलूसके साथ स्वागत किया

જાવાલ તા. ૨૩–૪–૫૭ કો આધ્યાત્મિક ઉપદેશક શ્રી કાનજી સ્વામી કો શ્રી ઋષભચન્દજી કપુરચન્દજી જાવાલ વાલે ને યહાં પધારને કે લિયે આમંત્રિત કિયા થા. આપકા સંઘ સમ્મેદશિખર આદિ ધાર્મિક તીર્થો મેં ઘૂમતા હુઆ યહાં જાવાલ મેં તા. ૨૩–૪–૫૭ કો પધારે. આપકે ભવ્ય સ્વાગત્ હેતુ શ્રી ઋષભચન્દજી ને ભવ્ય સમારોહ કિયા. મંડપ-રચના કી છટા અદ્વિતીય થી. સ્વામીજી કે સુસ્વાગતહેતુ પ્રાતઃ ૬ાા બજે બડા જુલૂસ નિકાલા ગયા જીસમેં ગાંવ કે સમસ્ત જાતિ કે લોગ સામેલ થે. જુલસ મેં બેંડ, સામયાના, ધ્વજ આદિ કા સમ્પૂર્ણ સમાવેશ કિયા ગયા થા; જુલુસ બાજાર મેં હોતા હુઆ ગલિયો મેં ઘૂમકર જ્યોંહી મંડપ કે સમીપ પ્રવચન કરને હેતુ આયા ત્યોંહી ૫-૬ વિરોધી લોગોં ને અશાંતિ ફેલાના શુરૂ કિયા, સ્વામિજી કે વિરુદ્ધ નારે લગાયે ગયે, યહ દેખકર સ્વામીજી પ્રવચન ન દેકર સીધે શ્રી રીકવચન્દજી કે ઘર ચલે ગયે, ઔર લોગોં કો શાંતિપૂર્વક રહને કે લિયે ઉપદેશ દિયા. અન્ય સમસ્ત જાતિ કે લોગોં ને આપકો પ્રવચન દેને હેતૂ અતિ આગ્રહ કિયા ઔર કહા કિ હમ કુછ વિરોધિયોં કો યહાંસે હટા દેતે હૈ. પરન્તુ સ્વામીજીને સભી નાગરિક કો શાંતિ ગ્રહણ કરને કા ઉપદેશ દિયા, આપને ફરમાયા કિ એસા કરને સે ગાંવ મેં અશાંતિ એવં વૈમનસ્ય ફૈલ જાયગા. આપ સભી મેરે લિયે બરાબર હૈ. મૈં કિસી કી આત્મા કો દુઃખ નહીં કરના ચાહતા. ઇસકે પશ્ચાત ગ્યારહ બજે સ્વામીજીને યહાં કા કાર્યક્રમ અધુરા છોડકર ભોજનાદિ સે નિવૃત હોકર સંઘસહિત માઉન્ટઆબુ પ્રસ્થાન કિયા.

આપકે પ્રસ્થાન બાદ યહાં કે નાગરિકો મેં એક આત્મયોગી ત્યાગી મહાત્મા કે વાપસ ચલે જાને સે બડી ગ્લાનિ પૈદા હો ગઇ. રાત્રિ કો ૯ બજે કે સભી લોગોં ને એકત્રિત હોકર યહ નિર્ણય કિયા કિ ગુરુદેવ શ્રી કાનજી સ્વામી કો પુનઃ જાવાલ મેં લાયા જાય ઔર ઉનકે અમૃતરૂપી વચનોં કા પાન કિયા જાય. સમસ્ત ૩૬ જાતિ કે લોગોં ને દો બસ ઔર ચાર મોટરકાર મંગવાઇ ઔર સબેરે ૬ાા બજે યહાં સે લગભગ ૧૦૦ મનુષ્યો ને ૬૬ મીલ પ્રસ્થાન કિયા જીસમેં ગાંવ કે ઠાકુર સાહબ ભી સાથ મેં થે. સબ ને મોંટઆબુ

પહુંચકર સત્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી કો અનુનય વિનય કી એવં પુનઃ જાવાલ પધાર કર જનતા કી અશાંતિ દૂર કરને એવં જિજ્ઞાસા કો તૃપ્ત કરને હેતુ પ્રાર્થના કી. લોગો કી ભાવુકતા એવં અસીમ પ્રેમ દેખકર ગુરુદેવને જનતા કી પ્રાર્થના સ્વીકૃત કરકે કૃતાર્થ કિયા ઔર અપના આગેકા પ્રોગ્રામ સ્થગિત રખા.

કેવલ એક રાત્રિ મેં સમસ્ત નાગરિકો કે સંગઠન સે મંડપ આદિ સમસ્ત કાર્યક્રમ કા પુનઃ નિર્માણ કિયા ગયા. તા. ૨૬–૪–૫૭ કો પુનઃ આપકા ભવ્ય સ્વાગત્ જાવાલ કે તમામ જાતિ કે લોગો દ્વારા સમ્પન્ન હુઆ. પ્રાતઃ ૬ાા બજે ગાંવ કે કરીબ ૪૦૦૦ વ્યક્તિયોં દ્વારા આપકા સ્વાગત કિયા ગયા. બેન્ડ, ઢોલ નગારોં કી ધ્વની આકાશમંડલ મેં ગુંજ રહી થી. (કેશર–કંકુ છંટાતા હતા.) જુલૂસ સારે ગાંવમેં નિકાલા ગયા ઔર શાંતિપૂર્વક સમ્પન્ન હુઆ. ફિર આપ મંડપ મેં પધારે. લોગોં કી જયજયકાર સે સારા મંડપ ગુંજ ગયા. આપને જનતા કો આત્મધર્મ કે વિષય મે ઉપદેશ દિયે. સત્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી કે અમૃતતૂલ્ય મધુર વાણી કો સુનકર સમસ્ત શ્રોતાઓકા મન પ્રફુલિત હો ગયા. સબ ને એક સ્વર સે આપકી મુક્ત કંઠ સે પ્રશંસા કી. આપકે વિરોધિયોં ને ભી આપકા પ્રવચન સુનકર દિલકા ભેદ નિકાલ દિયા ઔર વે ભી આપકે ઉપદેશાત્મક પ્રવચનો કે પ્રતિ શ્રદ્ધાવાન હો ગયે. અન્ત મેં સ્થાનીય ઠાકુર સાહબ રાજ શ્રી સુમરસિંહજી ને શ્રી સત્‌ગુરુદેવ કે ચરણ કમલો મેં પત્રપુષ્પ કે રૂપમેં રૂ. ૨૫) સમર્પિતકર અપની આત્મા કો કૃતકૃત્ય માના એવં સ્વામીજી કે સાથ મેં આયે હુએ યાત્રિયોં કો સ્થાનીય એવં અન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિયોં કી ઓરસે સ્વાગત સ્વરૂપ મેં એક એક રૂપીયે કે સાથ એક એક શ્રીફળ ભેટ રૂપ મેં દિયા ગયા. અન્ત મેં સ્વામીજી કો એક ઘંટા ફિર પ્રવચન દેને હેતુ જનતા ને સાનુનય આગ્રહ કિયા પરન્તુ સ્વામીજી ને સમયાભાવ સે સ્વીકાર કરના ઉચીત નહી સમજા. તત્પશ્ચાત્ દોપ-હર કો એક બજે જાવાલ સે સ્થાનીય એવં અન્ય સજ્જનો કે જયઘોષ કે સાથ આપકા મંગલમય પ્રસ્થાન હુઆ.

## જાવાલથી તારંગા

જાવાલમાં શાંતિનું ઉમંગભર્યું વાતાવરણ પ્રસરાવીને. અને ભાવભીની વિદાય લઇને ગુરુદેવ સહિત યાત્રિકોએ આબુ તરફ પ્રસ્થાન કર્યું. આજે મોટરબસની છેલ્લી મુસાફરી હોવાથી, પ્રવાસમાં મોટરબસમાં ગવાતા ખાસ સ્તવનો (પાર લગા...પાર લગા...વગેરે) ફરી ફરીને ગાઇ લીધા. વચ્ચે શિરોહી પછી એક ગામ આવ્યું તેનું નામ 'સ્વરૂપગંજ' ત્યાં 'સ્વરૂપ વિલાસ' પણ છે. આગળ જતાં મોટી આંમલીના ઝાડ આવ્યા. યાત્રાસંઘ ચાર વાગે આબુ સ્ટેશન આવી પહોંચ્યો. સ્ટેશનથી થોડે દૂર દિ. જૈનધર્મશાળા તથા જિન-

મંદિર છે, ત્યાં દર્શન કરીને, તથા ભોજન કરીને, બજારમાંથી ખરીદી કરતા કરતા સૌ સ્ટેશન આવ્યા, ને પોણાનવ વાગે તારંગા સિદ્ધિધામના જયજયકારપૂર્વક ટ્રેઈન ઉપડી. વચ્ચે મહેસાણા સ્ટેશનની પાસે ચૈત્યાલયના દર્શન કર્યા....મહેસાણાથી બીજે દિવસે ૧૧ વાગે ટ્રેઈન ઉપડી ને બે વાગે તારંગા સ્ટેશન પહોંચ્યા, અહીંથી તારંગા હિલ (પહાડ) પાંચેક માઈલ દૂર છે. સ્ટેશન ઉપર ધર્મશાળામાં જિનદેવના દર્શન કરીને તથા વધારાનો સામાન ત્યાં રાખીને, બસદ્વારા આખો યાત્રિક સંઘ તારંગાહીલ પહોંચ્યો.


# તા રં ગા સિ દ્ધિ ધા મ

તારંગાધામ બહુ સરસ છે; પહાડ ઉપર જ ધર્મશાળા તથા મંદિરો છે. પર્વત ઉપર બે શિખર છે (૧) કોટિશિલા અને (૨) સિદ્ધશિલા. અહીંથી વરદત્ત-સાગરદત્ત વગેરે સાડા ત્રણ કરોડ મુનિવરો મુક્તિ પામ્યા છે. સામસામી બે પહાડી સુંદર અને રમણીય છે. બે પર્વતની વચ્ચે ધર્મશાળા માનસ્તંભ-મંદિરો અને તળાવ છે, સાધનાનું શાંતધામ છે. –આવા શાંત મુનિધામમાં ગુરુદેવ સાથે આવ્યા. ધર્મશાળાની બાજુમાં ઉપશાંત વાતાવરણથી ભરેલી ગૂફા છે તે જોઇ. ગુરુદેવને આ ગૂફા જોતાં શાંત-શાંત ભાવોની ઉર્મિઓ જાગતી. ગુરુદેવના શ્રીમુખેથી ગૂફાના વખાણ સાંભળીને સૌ યાત્રિકો પણ તે ગૂફા જોવા ગયા હતા. ગૂફાનું વાતાવરણ જોઇને સૌને પ્રસન્નતા થઇ. ધર્મશાળાની બાજુમાં જિનમંદિર છે, ત્યાં રાત્રે ભક્તિ થઈ. શરૂઆતમાં સંભવનાથસ્વામીના સ્તવન બાદ, બેનશ્રીબેને બીજું વૈરાગ્યરસઝરતું સ્તવન ગવડાવ્યું, એ વખતે ગુરુદેવ પણ વૈરાગ્યની ધૂનમાં ઝૂલતા હતા.—

જંગલ વસાવ્યું રે જોગીએ...તજી તનડાની આશજી,
વાત ન ગમે રે આ વિશ્વની આઠે પહોર ઉદાસજી...જંગલ૦
ધન્ય ધન્ય સાગરદત્ત આદિ મુનિ...શુદ્ધ સ્વરૂપ નિગ્રંથજી...
તારંગાથી એ સિદ્ધ થયા.. પામ્યા સિદ્ધ સ્વરૂપ....જંગલ૦
—તેને કરું નમનજી જંગલ૦

ભક્તિ વખતે વીતરાગી વનવાસી નિર્ગ્રંથ સન્તોના ચરણમાં બહુ જ ભક્તિથી શિર ઝૂકી પડતું.... વાહ સંત, ધન્ય તારી વિદેહીદશા ! એ ધન્યદશાને યોગ્ય શાંત-વીતરાગપરિણતિ તો મુનિઓની જ છે; અને ગૂફા વગેરે કુદરતી ઉપશાંત-મુક્તસ્થાન પણ મુનિઓનું જ રહેઠાણ છે. —આવા પ્રકારે મુનિદશાના મહિમાનું રટણ કરતાં કરતાં.... આ સિદ્ધિધામની યાત્રાની ભાવના સાથે યાત્રિકો સૂતા....

# તારંગા સિદ્ધિધામની યાત્રા



ચૈત્ર વદ ૧૪ : સવારમાં વહેલા ઊઠીને ગુરુદેવે અને યાત્રિકોએ સિદ્ધિધામની યાત્રા માટે મુનિવરોના જયનાદપૂર્વક પ્રસ્થાન કર્યું. પહેલાં 'કોટિશિલા' ઉપર ગયા. પહાડ ચડતાં લગભગ અડધો કલાક લાગે છે. પહાડનું ચઢાણ કંઇક કઠણ છે. પણ કુદરતનાં દૃશ્યો અતિશય રમણીય છે. આબુ કરતાંય આ પર્વતની રચના વધુ ચિત્તાકર્ષક છે. ધર્મશાળાની પાછળથી પર્વત ઉપર જવાનો રસ્તો છે. બહાર નીકળતાં જ એક નાનું રળિયામણું સરોવર આવે છે. પર્વત ચડતાં ચડતાં વચ્ચે રમણિય ગૂફા જેવા સ્થળો આવે છે; કયાંક કયાંક ગૂફામાં થઈને રસ્તો પસાર થાય છે. ગુરુદેવ વગેરે સાથે 'મુનિવરોની ધ્યાનભૂમિકી જય' બોલા-

વતા જ્યારે ગૂફામાંથી પસાર થતા ત્યારે વૈરાગ્યભર્યું દશ્ય જોઇને યાત્રિકો આનન્દિત થતા. આમ ગિરિગૂફામાંથી પસાર થતા થતા છ વાગે પહાડ ઉપર પહોંચી ગયા. ત્યાં પાર્શ્વનાથ-પ્રભુના દર્શન કરીને અર્ઘ ચડાવ્યો ને પછી ગુરુદેવે 'ઐસે મુનિવર દેખે વનમેં' એ સ્તવન ગવડાવીને મુનિવરોની ભક્તિ કરાવી. પછી મુનિવરોના બીજા સ્તવનો દ્વારા પણ વરદત્ત–સાગરદત્તાદિ મુનિવરોની ભક્તિ થઈ. બાજુની દેરીમાં નેમિનાથ ભગવાનના ખડગાસનપ્રતિમા છે તથા વરદત્તમુનિ— જેઓ શ્રી નેમપ્રભુના ગણધર હતા ને જેમણે નેમપ્રભુને પ્રથમ આહાર દાન દીધું હતું -તેમનાં પગલાં પણ (ઘણું કરીને) હતા. અહીં જવા માટે રસ્તામાં સુંદર ગૂફામાર્ગ આવે છે. એવા માર્ગેથી પસાર થતાં સૌને પ્રસન્નતા થતી હતી ને વારંવાર સન્તો –મુનિઓના જયનાદથી ગૂફા ગૂંજી ઉઠતી. કોટિશિલાની યાત્રા પૂરી કરીને આનંદપૂર્વક મુનિ-વરોની ભક્તિ ગાતા ગાતા સાડા છ વાગે નીચે ઉતરી ગયા.

થોડીવાર આરામ કરીને સવા સાત વાગે 'સિદ્ધશિલા' ઉપર જવા માંડયું. પૂ. ગુરુ-દેવ, સર્વ યાત્રિકો ને પૂ. બેનશ્રીબેન બધાય સાથે હતા ને ભક્તિથી ગાતાંગાતાં રમણીય પહાડની મોટીમોટી શિલાઓ ઓળંગતા–ઓળંગતા સિદ્ધશિલા તરફ જતા હતા. યાત્રિકોને એમ થતું કે અહા, સિદ્ધશિલાએ જઇ રહ્યા છીએ. વચ્ચે બાહુબલી ભગવાનના બે પ્રતિમા, એક ચૌમુખીપ્રતિમા, તથા મુનિઓનાં ચરણપાદુકા આવ્યા ત્યાં દર્શન કરીને અર્ઘ ચડાવ્યો. પછી આગળ જતાં થોડીવારે સિદ્ધશિલાએ આવી પહોંચ્યા. આ સિદ્ધશિલા લોકાગ્રની નહિ પણ તારંગાની ટોચ ઉપરની; છતાં અહીં પણ એવું લાગતું હતું કે જાણે સંસારને છોડીને સિદ્ધોના શાંતધામમાં આવ્યા. આ સિદ્ધશિલા પર મલ્લિનાથપ્રભુના ખડગાસન પ્રતિમા તથા મુનિવરોના ચરણકમળ છે. દર્શન કરીને સિદ્ધિગામી સંતોની પૂજા કરી—

वरदत्तादिक ऊंठ कोटि मुनि जानिये।
मुक्ति गये तारंगागिरिसे मानिये॥
तिन सबको शिर नाय सु पूजा ठानिये।
भवदधि तारन जान सु विरद बखानिये॥

વરદત્તાદિ સાડાત્રણ કરોડ મુનિવરો જ્યાંથી સિદ્ધશિલા પર સિધાવ્યા છે એવી આ 'સિદ્ધશિલા' પર સિદ્ધપદસાધક સન્તોએ કરાવેલી સિદ્ધભગવંતોની અચિંત્ય સ્તુતિદ્વારા જાણે સિદ્ધોનો સાક્ષાત્કાર થતો હતો—

સુખ સમ્યક્ દર્શન જ્ઞાન લહા, અગુરુલઘુ સૂક્ષમ વીર્ય મહા,
અવગાહ અબાધ અઘાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો.

સિદ્ધભૂમિમાં સિદ્ધભગવંતોની આ સ્તુતિ બહુ શોભતી હતી; પછી બીજું એક સ્તવન સિદ્ધભગવાનનું ઘણા ભાવથી ગવાયું—

બહુ વિનયથી વંદું સિદ્ધને સિદ્ધિદાતા
સુખ અમિત અનંતે શાંતિમાં છેક રાતા...

—કોણ ગવડાવતું હતું એ સ્તવન ? ગુરુદેવ સિદ્ધસ્વરૂપની લયલીનતામાં એ ગવડાવતા હતા. આ રીતે સિદ્ધપદસાધક સંતોદ્વારા સિદ્ધભૂમિમાં સિદ્ધભગવાનની સ્તુતિ થઇ તેના વડે યાત્રિકોને સિદ્ધપદપ્રાપ્તિની પ્રેરણા મળી. સ્તુતિ બાદ એ સાધનાભૂમિની આસ-પાસના કુદરતી વાતાવરણનું અવલોકન કર્યું ને યાત્રિકો સાથે ગુરુદેવે બધાય તીર્થધામોને યાદ કર્યા. એક પછી એક તીર્થોથી યાદી સાંભળતાં આનંદ થતો હતો. આ રીતે મંગલ-તીર્થયાત્રાના આ પ્રવાસમાં આ છેલ્લું તીર્થ પૂરું કરીને, મંગલગીત ગાતાંગાતાં સૌએ પ્રદક્ષિણા કરી—

મુનિઓનાં ધામ આ અદ્‌ભુત લાગે છે,
અદ્‌ભુત લાગે છે મુનિ ધ્યાન રે...સિદ્ધિધામ ભેટ્યા અલબેલડા.
ગુરુવર સાથે સિદ્ધિધામ ભેટતાં,
નવનવા તીર્થની મંગલયાત્રા કરતાં,
આનંદ ઉલ્લસી જાય રે...સિદ્ધિધામ ભેટ્યા અલબેલડા...

આમ આનંદપૂર્વક આ તારંગાસિદ્ધિધામની યાત્રા કરીને, ઉલ્લાસગીત ગાતાં ગાતાં ઝડપભેર સૌ નીચે ઊતર્યા. સાડાનવ વાગે નીચે પહોંચ્યા ને તીર્થયાત્રાનો ભેગો થયેલો અપારઆનંદ અનહદ જયનાદવડે વ્યક્ત કર્યો. ગુરુદેવ સાથે અનેક તીર્થોની આવી સરસ મહાન તીર્થયાત્રા થઇ તેથી યાત્રિકોનો હર્ષોલ્લાસ અદ્‌ભુત હતો.

તારંગાસિદ્ધિધામથી સિદ્ધપદપ્રાપ્ત સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો.
તારંગા સિદ્ધિધામની યાત્રા કરાવનાર કહાનગુરુને નમસ્કાર હો.

卐

નીચે આવીને તળેટીમાં ( પહાડ ઉપર જ ) મંદિરોમાં દર્શન કર્યા. તેમાં સંભવનાથ વગેરે ભગવંતો બિરાજે છે. ચાલીસેક ફૂટ ઊંચો માનસ્તંભ પણ છે [ જે રૂા. ૨૮૦૦ માં થયેલો છે. ] તેમાં ઉપર ખડગાસન તથા નીચે પદ્માસન ભગવંતો છે. મંદિર પાસેની ગૂફામાં ગુરુદેવ

અવારનવાર ફરવા જતા. બપોરે સંભવનાથજિનાલયના મંડપમાં પ્રવચન થયું; તેમાં, મંગલતીર્થયાત્રા-મહોત્સવનું છેલ્લું તીર્થ આજે પૂર્ણ થતું હોવાથી ગુરુદેવે શાંતિનાથ-ભગવાનની ભાવભીની સ્તુતિ વાંચી. અહીં સવારના આહારદાનનો લાભ શેઠ જીવણભાઈ વખારીઆને મળ્યો તથા સાંજના આહારદાનનો લાભ બ્ર. બહેનોને મળ્યો હતો. દિગંબર મંદિરની બાજુમાં એક મોટું શ્વેતાંબર મંદિર ૧૪૨ ફૂટ ઊંચું છે. મંદિરની આજુબાજુમાં કુદરતી ગૂફાઓ છે. એક ગૂફાનું નામ 'વરદત્તગૂફા' છે, તે પણ જોઇ; ગુરુદેવ તેમાં થોડીવાર બેઠા. જિનમંદિરમાં ભક્તિ થઇ હતી. શરૂઆતમાં શાંતિનાથભગવાનની સ્તુતિ બાદ યાત્રા-મહોત્સવને અનુલક્ષીને નીચેનું સ્તવન ગવડાવ્યું હતું—

આજ મારા હૃદયમાં આનંદ સાગર ઊછળે,
સર્વ તીર્થના દર્શનવડે સંસાર તાપ સહુ ટળે,
શાશ્વત તીર્થનાં દર્શનવડે આનંદસાગર ઊછળે,
ગુરુદેવ સંગે યાત્રા કરતાં સંસારતાપ સહુ ટળે.

છેવટે, 'આજ મારે જિનવરજીકે શરણો....' અને 'બન્યો મારે યાહી ઘડીમેં રંગ....' એ સ્તવનો ગવાયા ને ભક્તિ પૂરી થઇ....ને યાત્રાની પૂર્ણતા નિમિત્તે આનંદપૂર્વક જયજયકારથી તીર્થધામ ગાજી ઊઠ્યું—

બોલિયે......સર્વે તીર્થધામકી જે....
"સર્વે ભગવંતોની કૃપાકી.......જે...."
ભારતના યાત્રા મહોત્સવકી......જે...
સર્વે તીર્થધામની યાત્રા કરવનાર
મંગલમૂર્તિ ગુરુદેવકી....જે...

ચૈત્ર વદ અમાસ (તા. ૨૪-૯-૫૭): આજે યાત્રાના તીર્થોની સમાપ્તિ થાય છે. સવારમાં તારંગાસિદ્ધક્ષેત્ર પરના જિનમંદિરમાં યાત્રિકોએ સમૂહપૂજન કર્યું; તેમાં સમ્મેદ-શિખર આદિ નિર્વાણક્ષેત્રોની પૂજા ઘણા ઉલ્લાસથી થઈ ને તેના ઉપર "વાહવા....જી.... વાહવા...." દ્વારા અદ્ભુત ભક્તિનો કળશ ચઢાવ્યો—

જિનવર પ્રભુનાં દર્શન કર્યાં.. વાહવા....જી...વાહવા...
ગુરુદેવ સાથે યાત્રા થઈ...વાહવા....જી...વાહવા...
ઘણા ઘણા તીર્થો દેખ્યા...વાહવા...જી...વાહવા...

સંત મુનિનાં ધામ દેખ્યા....વાહવા...જી...વાહવા...
ફરી ફરીને યાત્રા થાય...વાહવા.. જી...વાહવા...
ભક્તોનાં કોડ પૂરા થાય ...વાહવા...જી ..વાહવા...

ભક્તિ પછી ગુરુદેવે અડધી કલાક પ્રવચન કર્યું; ત્યારબાદ શેઠ જીવણલાલ વખારિઆએ ખૂબ પ્રમોદ વ્યક્ત કરીને ગુરુદેવને ફરી તારંગા પધારવા વિનતિ કરી હતી. આમ યાત્રા-મહોત્સવ પૂર્ણ થતાં સૌ હવે ઘરભણી જવા માટે ઉત્સુક હતા. ભોજન કરીને ૧૧ વાગે બસદ્વારા પર્વત ઉપરથી ઊતરીને સ્ટેશન પહોંચ્યા, તારંગાથી ટ્રેઇનદ્વારા સૌ મહેસાણા થઈને અમદાવાદ આવ્યા.

★ ★ ★

## અ મ દા વા દ

વૈશાખ સુદ એકમની સવારમાં અમદાવાદમાં ૪—૫ હજારની જનતાએ ધામધૂમથી પૂ. ગુરુદેવનું ભવ્ય સ્વાગત કર્યું. ગુરુદેવ મહાન મંગળ તીર્થયાત્રા કરીને પધારતા હોવાથી ને બીજે જ દિવસે અમદાવાદના આંગણે તેઓશ્રીની ૬૮મી જન્મ જયંતિનો ઉત્સવ હોવાથી અમદાવાદના ભાઇઓ મલુકચંદભાઇ વગેરે સૌને ઘણો ઉલ્લાસ હતો. પ્રવચન વગેરે માટે એક સુંદર વિશાળ મંડપ બનાવવામાં આવ્યો હતો, તેમાં જિનેન્દ્ર ભગવાનને પણ બિરાજમાન કર્યા હતા. ગુરુદેવના મંગલાચરણ બાદ શ્રી મણિલાલ જેસંગભાઇ શેઠે સ્વાગતપ્રવચનરૂપે ટૂંકું વક્તવ્ય કર્યું હતું. બપોરના પ્રવચનમાં ૫–૬ હજાર માણસો થતા, ને રાત્રે ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

## વૈ શા ખ સુ દ બી જ


આજે કહાનગુરુનો ૬૮મો મંગલ જન્મોત્સવ! સવારમાં મંગલનાદથી મંડપ ગૂંજતો હતો. જિનેન્દ્રદેવની સમૂહપૂજા બાદ બેન્ડવાજાં સહિત ગાતાંગાતાં સૌ ભક્તો ગુરુદેવને મંડપમાં તેડી લાવ્યા. ત્યાં ઉત્સાહભર્યા વાતાવરણ વચ્ચે “ગુરુરાજની વધાઇ આજે છે” ઇત્યાદિ મંગલવધાઇ પૂ. બેનશ્રીબેને ગવડાવી હતી, ગુરુદેવના પ્રવચન પછી દેશોદેશના અભિનંદન

સન્દેશા વંચાયા, ને મુમુક્ષુ ભક્તોએ અભિનંદનરૂપે ભાષણ કર્યા. ૬૮ની રકમોનું ફંડ થયું. બપોરે ૨૪ તીર્થંકરોની સ્તુતિ ઉપર ( પદ્મનંદીમાંથી ) ભક્તિભીનું પ્રવચન થયું. સાંજે અનેક દીપકોથી ઝગઝગતા મંડપમાં જન્મોત્સવ નિમિત્તે ભક્તિ થઇ. આ રીતે ગુરુદેવનો જન્મોત્સવ પોતાની નગરીમાં ઉજવવાનું ભાગ્ય અમદાવાદને મળતાં ત્યાંના અનેક ભક્તજનોને ઘણી ખુશી થઇ. અહીં ગુરુદેવ સાથે યાત્રિકોએ અનેક જિનમંદિરોનાં દર્શન કર્યા. એક મંદિરના ભોંયરામાં પણ પ્રતિમાઓ બિરાજે છે.

ગુરુદેવ સાથે મંગલ તીર્થોની આનંદકારી યાત્રા કરીને તથા ૬૮મો જન્મોત્સવ ઉજવીને ઘણાખરા યાત્રિકો વૈશાખ સુદ ત્રીજે સોનગઢ આવ્યા......ને સુવર્ણધામમાં ગુરુદેવના સ્વાગતની ભાવભીની તૈયારી થવા લાગી. સાડાપાંચ માસથી સૂનું પડેલું સુવર્ણધામ ફરીને પ્રસન્ન વાતાવરણથી ખીલી ઊઠયું....યાત્રા કરીને સાડાપાંચ મહિને સોનગઢમાં પગ મુકતાં ને સીમંધરનાથને નીહાળતાં કોઇ અનેરો પ્રમોદ ને અનેરી શાંતિ થતી હતી. ગુરુદેવ વૈશાખ સુદ ત્રીજ અને ચોથ પણ અમદાવાદમાં રહ્યા, ને અમદાવાદનો ચાર દિવસનો કાર્યક્રમ પૂરો થતાં વૈશાખ સુદ પાંચમે પોલારપુર પધાર્યા....ને વૈશાખ સુદ છઠ્ઠે—

## તીર્થધામ સોનગઢમાં

**વૈશાખ સુદ છઠ્ઠ**:—આજે સુવર્ણપુરીમાં સોનાનો સૂરજ ઊગ્યો છે. ભારતના સમ્મેદશિખર વગેરે મહાન તીર્થોની મંગલ તીર્થયાત્રા કરીને અને અજોડ પ્રભાવના કરીને ગુરુદેવ આજે પુનઃ સોનગઢ પધારી રહ્યા છે, ભક્તોએ હોંશથી સુવર્ણપુરીને ઠાઠમાઠથી શણગારી છે. ઠેરઠેર આસોપાલવનાં તોરણ, મંડપ, દરવાજા, ધજા-વાવટા, રંગોળી, તૂઇના હાર ને ચાંદીના દરવાજાથી શોભતી સુવર્ણપુરી આજ ગુરુદેવનું સ્વાગત કરવા અધીર બની છે, ભક્તો વાતલડી જોઈ રહ્યા છે. થોડીવારમાં સા...રે...ગ...મ...ના મધુર સૂર વગાડતી 'કલ્યાણવર્ષિણી' આવી પહોંચી ને ગુરુદેવ સુવર્ણધામમાં પધાર્યા. બેન્ડવાજાથી ને જયજયકારથી સુવર્ણધામ ગૂંજી ઊઠયું. સૌએ અંતરના ઉમળકાથી ગુરુદેવનું ભવ્ય સ્વાગત કર્યું. માનસ્તંભને દૂર દેખતાં ગુરુદેવે ભાવથી નમસ્કાર કર્યા...સૌથી પહેલાં જિનમંદિરમાં આવીને ગુરુદેવે સીમંધરનાથના દર્શન કર્યા. અનેક તીર્થોને ભેટીને આજે પોણા છ મહિના બાદ સીમંધરનાથના દર્શન કરતાં ગુરુદેવનું ચિત્ત ભક્તિથી ભીંજાઇ રહ્યું હતું. પિતા-પુત્રના મિલનનું એ દૃશ્ય અનેરું હતું. એકીટસે દર્શન કરી કરીને પછી ગુરુદેવે રત્નમિશ્રિત અર્ઘ ચડાવ્યો. પછી સ્વાધ્યાયમંદિરમાં આવીને ગુરુદેવે માંગળિક



પિતા-પુત્રના મિલનનું એ દૃશ્ય અનેરું હતું.

અનેક તીર્થોની યાત્રા કરીને પોણા છ મહિના બાદ સીમંધરનાથના દર્શન કરતાં ગુરુદેવનું ચિત્ત ભક્તિથી ભીંજાઇ રહ્યું હતું.




ભાઈશ્રી હિંમતલાલ જે. શાહ સોનગઢમાં સ્વાગતપ્રવચન કરી રહ્યા છે; જેઓ પૂ. બેનશ્રી ચંપાબેનના એક બંધુ છે ને સમયસારાદિ અનેક પરમ શાસ્ત્રોના અનુવાદ દ્વારા જૈન શાસનની અમૂલ્ય સેવા ઉપરાંત જેમણે પોતાની મુમુક્ષુતાથી સર્વત્ર સુંદર સુવાસ પ્રસરાવી છે.

સંભળાવ્યું....માંગળિકમાં બહુમાનપૂર્વક તીર્થોને પણ યાદ કર્યાં, યાત્રાનો પ્રમોદ વ્યક્ત કર્યો. પછી સ્વાગત-ગીત તથા સ્વાગત-ભાષણ થયું. ભાઈશ્રી હિંમતભાઈએ ઘણું ભાવભર્યું સ્વાગત-ભાષણ કર્યું હતું ને એવી ભાવના વ્યક્ત કરી હતી કે ગુરુદેવના ચરણોની છાયામાં નિશદિન રહીએ ને આત્મહિત સાધીએ. છેવટે પૂ. બેનશ્રી-બેને હાર્દિક ઉર્મિભર્યું સ્વાગત-ગીત ગવડાવીને જયજયકાર કર્યા હતા. આમ જયજયકારપૂર્વક શ્રી સમ્મેદશિખર આદિ તીર્થધામોની મંગલ તીર્થયાત્રાનો મહોત્સવ પૂર્ણ થયો.

અનંત સિદ્ધભગવંતોનો જય હો...

પંચ પરમેષ્ઠી ભગવંતોનો જય હો...

સર્વે કલ્યાણક તીર્થધામોનો જય હો....

અપૂર્વ યાત્રા કરાવનાર ગુરુદેવનો જય હો..


ગુરુદેવ સાથેની મંગલ તીર્થયાત્રાનો જય હો...



## 卐 મંગલતીર્થયાત્રાનો ઉપસંહાર 卐

અનેક તીર્થોની ઉમંગભરી યાત્રા કરીને આવ્યા બાદ સ્વાધ્યાયમંદિરમાં માંગળિકમાં અપૂર્વ શાંતિથી ગુરુદેવે કહ્યું કે આત્માનો જ્ઞાન-આનંદસ્વભાવ છે તે મંગળરૂપ છે. એવા સ્વભાવને ઓળખીને અને સાધીને જેઓ સર્વજ્ઞ અરહંત પરમાત્મા થયા તેઓ મંગળરૂપ, શરણરૂપ ને ઉત્તમ છે. સિદ્ધભગવાન વિદેહી મુક્ત પરમાત્મા તે પણ મંગળ શરણ ને ઉત્તમ છે. સાધુ એટલે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન કરીને તેને સાધનારા સન્તો તે પણ મંગળ શરણ ને ઉત્તમ છે; તથા સર્વજ્ઞ ભગવાને કહેલો આત્માનો પરમસ્વભાવ —જેમાં પરમ આનંદ અને શાંતિ ભરેલા છે —તે મંગળ શરણ ને ઉત્તમ છે. જ્ઞાયકભાવ—પરમ-પારિણામિક સ્વભાવ તે ત્રિકાળ મંગળરૂપ છે ને તેના આશ્રયે પ્રગટેલી સમ્યગ્દર્શનાદિ નિર્મળપરિણતિરૂપ ધર્મ તે મંગળ શરણ અને ઉત્તમ છે. આવા પરમભાવની શ્રદ્ધા-જ્ઞાન રમણતા વડે સંસારથી તરાય છે તેથી તે ખરું તીર્થ છે. ને જ્યાંથી ભગવાન મોક્ષ પધાર્યા એવા તીર્થની યાત્રાનો -બહુમાનનો ભાવ તે શુભભાવ છે -એ વ્યવહારતીર્થ છે. આનંદ-ભાવ-શાંતિભાવ એ તો આત્માનો અંતરનો પરમ સ્વભાવ છે, તેની રુચિ-જ્ઞાન-રમણતા તે મોક્ષના કારણરૂપ મંગલતીર્થ છે. પોણા છ મહિનામાં છ હજાર માઇલ ફરીને અનેક તીર્થોની યાત્રા કરી, તેની પૂર્ણતામાં આ માંગળિક કર્યું, ગુરુદેવનું આ માંગળિક સાંભળીને હર્ષ ભર્યા જયકારથી સભા ગૂંજી ઊઠી.

બપોરના પ્રવચનમાં શુદ્ધાત્મભાવનારૂપ સંવરઅધિકારની શરૂઆત કરતાં ગુરુદેવે વારંવાર તીર્થયાત્રાને યાદ કરીને ભાવપૂર્વક કહ્યું કે પોણા છ મહિના ભારતમાં યાત્રા કરીને આવ્યા...હવે આ સંવરની અપૂર્વ શરૂઆત થાય છે; “ હું શુદ્ધ જ્ઞાનાનંદથી પરિપૂર્ણ છું ”—એવી અંતરદૃષ્ટિના પરિણમનરૂપ જે સંવર તે મંગળ છે. જીંદગીમાં આટલા તીર્થો ને આવી યાત્રા પહેલીવાર થઇ. ઓહો ! ઠેરઠેર પુરાતન મંદિરો ને હજારો પ્રતિમાઓ જોયા. આ એક ઐતિહાસિક યાત્રા થઇ. માણસોનો ઉત્સાહ ઘણો હતો. સર્વજ્ઞ પરમાત્માના મંદિરો, તીર્થસ્થાનો, જન્મસ્થાનો, મોક્ષસ્થાનો -એ બધા પ્રત્યે ભક્તિનો ભાવ ઊછળે,—એવા શુભભાવ ભૂમિકાને યોગ્ય હોય છે. ધર્મીની મૂળ અંતરદૃષ્ટિ તો ચિદાનંદસ્વભાવમાં છે—તેના બળે સંવર થાય છે. આ સિવાય બીજો કોઇ પંથ નથી. જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા તરફ વળીને જેઓ પરમાત્મા થયા—એવા સન્તોને-ધર્માત્માઓને મારા હૃદયમાં ધારીને



તીર્થયાત્રા પછી સોનગઢના શાંત વાતાવરણમાં નિર્વિકલ્પ અનુભૂતિની પ્રેરક ચૈતન્યની આનંદકારી વાર્તાનું શ્રવણ કોઇ અનેરી તૃપ્તિ આપતું હતું. અનેક દિવસ સુધી બીજે ચિત્ત ચોંટતું ન હતું. તીર્થોના આનંદકારી સ્મરણો, ત્યાં વિચરેલા આરાધક સન્તો, તેમની આરાધનાના પ્રસંગો—એ બધાનું સ્મરણ જાગતાં... એમ થતું કે જાણે સિદ્ધભગવંતોના દેશમાં જઈ આવ્યા.... હે ગુરુદેવ આપની સાથે થયેલી આ અદ્ભુત ને આનંદકારી તીર્થયાત્રા અમને આત્મહિતના પંથે પરિણમન કરાવો.

હું નમસ્કાર કરું છું-એમ કહીને અપૂર્વ સંવર-અધિકાર શરૂ થાય છે. યાત્રા મહોત્સવ કરીને આ ભક્તિના માણેકસ્તંભ રોપાય છે. 'સ્વભાવ તે હું ને પરભાવ તે હું નહિ' —એમ ભેદજ્ઞાનવડે એકવાર આત્મા જાગ્યો ત્યાં સંવરજ્યોત જાગી, તેને રોકનાર કોઈ નથી. એ સંવરે સદા વિજય મેળવ્યો છે... સંવરદશા 'પ્રગટી તે પ્રગટી.... હવે મોક્ષ લીધે છૂટકો. સમ્યગ્દર્શન થયું ત્યાં મોક્ષના અપ્રતિહત માણેકસ્થંભ આત્મામાં રોપાઈ ગયા. ભાઇ, આવો ભાવ પ્રગટ કર તે અપૂર્વ મંગળ છે...

ગુરુદેવના પ્રવચન પછી જિનમંદિરમાં સીમંધર ભગવાનની સન્મુખ જે ભક્તિ થઇ તે અપૂર્વ હતી... ગુરુદેવ સાથે થયેલી તીર્થયાત્રાનો અપાર આનંદ પૂ. બેનશ્રીબેન ભક્તિદ્વારા વ્યક્ત કરતા હતા. આજે આખોય દિવસ મહાન ઉત્સવ જેવું ઉમંગભર્યું વાતાવરણ રહ્યું હતું. મુમુક્ષુઓના મુખેથી ઘેરઘેર ને ઠેરઠેર યાત્રાની આનંદભરી વાર્તા સંભળાતી હતી. ખરેખર ગુરુદેવ સાથેની આ તીર્થયાત્રા એ મુમુક્ષુજીવનનો એક ઉલ્લાસકારી પ્રસંગ હતો. તીર્થોના આનંદકારી સ્મરણો, ત્યાં વિચરેલા આરાધક સન્તો, તેમની આરાધનાના પ્રસંગો— એ બધાયનું સ્મરણ જાગતાં હૃદયમાં એમ થતું કે આ બધોય ગુરુદેવનો અચિંત્ય ઉપકાર છે કે તેમના પ્રતાપે આવા મંગળ પ્રસંગો પ્રાપ્ત થાય છે. ને આવી તીર્થયાત્રા પછી સોનગઢના શાંત વાતાવરણમાં નિર્વિકલ્પ અનુભૂતિની પ્રેરક ચૈતન્યની આનંદકારી વાર્તાનું શ્રવણ કોઈ અનેરી તૃપ્તિ આપતું હતું....શુદ્ધાત્માની ભાવના સાંભળતાં એમ થતું કે જે સિદ્ધભગવંતોના દેશમાં જઈ આવ્યા તે સિદ્ધભગવંતો પાસે પહોંચવાનો નિકટ માર્ગ ગુરુદેવ દેખાડી રહ્યા છે. અનેક દિવસો સુધી તો યાત્રાની ધૂનમાં બીજે ચિત્ત ચોંટતું ન હતું. ચર્ચા વગેરેમાં રોજ રોજ ગુરુદેવ મહિમાપૂર્વક તીર્થોને યાદ કરતા...ભક્તિમાં પણ એના ભણકાર વાગતા... તીર્થયાત્રાથી જીવનમાં કોઇ નવીન રંગ ઉમેરાયો હતો. કોઈ કોઈવાર બહેનોના વાંચન વખતે પૂ. બેનશ્રીબેન પૂ. ગુરુદેવ સાથેની યાત્રાના પ્રસંગોનું ભાવભીનું વર્ણન કરતા ત્યારે શ્રોતાઓને યાત્રા જેવો જ પ્રમોદ થતો. અહા, ઠેર ઠેર એ જિનેન્દ્ર ભગવંતો-એ સમ્મેદ-શિખરધામનું મહા પવિત્ર પરમ ઉપશાંત વાતાવરણ, એ પાવાપુરી ને એ રાજગૃહી, એ અયોધ્યા ને એ ચંપાપુરી ... એ બધુંય ચિત્તમાં સાક્ષાત્‌ની જેમ જ વર્ત્યા કરે છે. પોણા છ માસ સુધી તીર્થોના સંગમાં જાણે આ સંસારનો અવતાર જ ભૂલાઈ ગયો. હે ગુરુદેવ! આપની સાથે થયેલી આ અદ્દ્ભુત ને આનંદકારી તીર્થયાત્રા અમને આત્મહિતના પંથે પરિણમન કરાવો.

ગુરુદેવ સાથેની આ અભૂતપૂર્વ તીર્થયાત્રામાં શરૂઆતમાં સવા પાંચસો યાત્રિકો હતા ને શિખરજી વગેરેની યાત્રાપ્રસંગે બેહજાર જેટલા યાત્રિકો હતા... ૮ મોટી બસો અને

૪૦ જેટલી મોટરોમાં યાત્રાસંઘ જ્યારે પસાર થતો ત્યારે એ મહિમાવંત દૃશ્ય દેખીને લોકો આશ્ચર્યથી મુગ્ધ બનતા... યાત્રાસંઘમાં માત્ર સૌરાષ્ટ્રના જ નહિ પણ ભારતભરના અનેક પ્રાંતના અગ્રગણ્ય માણસો હતા .. છ હજાર માઈલના આ યાત્રાપ્રવાસ દરમિયાન સામાન્ય અંદાજ અનુસાર દસ લાખ માણસોએ હર્ષપૂર્વક ગુરુદેવનો ધર્મસન્દેશ સાંભળ્યો હશે ને એક કરોડ માણસોએ ગુરુદેવના દર્શન કર્યા હશે. યાત્રાસંઘ જ્યાંજ્યાં જતો ત્યાંત્યાં જૈનસમાજ ગુરુદેવનું ને સંઘનું જે વાત્સલ્યની ઉર્મિથી સન્માન કરતા તે દેખીને તેમના પ્રત્યે ધન્યવાદના ઉદ્‌ગાર નીકળી પડતા. ઠેરઠેર જૈનસમાજના ધૂરંધર વિદ્વાનો અને આગેવાનોદ્વારા ગુરુદેવનું જે બહુમાન થતું તે ઉપરથી ગુરુદેવનો આવો ભારતવ્યાપી પ્રભાવ જોઈને ઘણો હર્ષ થતો. ગુરુદેવે કરાવેલી આ મહાન તીર્થયાત્રાના વર્ણન દ્વારા રત્નત્રયની આરાધનાથી પાવન થયેલા તીર્થોનો, અને રત્નત્રયસાધક સન્તોનો મહિમા જગતમાં પ્રસિદ્ધ થાય –એવા મુખ્ય ઉદ્દેશથી, તીર્થો અને સન્તો પ્રત્યેની ભક્તિપૂર્વક આ પુસ્તક તૈયાર થયું છે. ખરેખર તો સમ્યગ્દર્શનાદિરૂપ પરિણમીને ભવસાગરથી તરી રહેલા જીવો તે સ્વયં 'તીર્થ' છે, ને એવા મંગલ–તીર્થસ્વરૂપ સંતના ચરણોમાં વસતો મુમુક્ષુ પોતાનું આખુંય જીવન જ યાત્રામય સમજે છે. અહા, જે સન્તોની ચરણરજે પહાડોને પૂજ્ય બનાવ્યા તે સન્તોના સાક્ષાત ચરણની શી વાત! સંતમાં બધુંય સમાય છે; એના હૃદયમાં ભગવાન છે, એની વાણીમાં શાસ્ત્ર છે, એની કૃપાદૃષ્ટિમાં કલ્યાણ છે ને જ્યાં એનાં ચરણ છે ત્યાં તીર્થ છે. આથી આરાધક જીવોના દર્શનને પણ તીર્થયાત્રા જ ગણવામાં આવી છે. આવા અપાર મહિમાવંત તીર્થસ્વરૂપ પૂ. ગુરુદેવ જેવા સંતચરણની શીતલ છાયામાં નિશદિન રહીને આત્મહિત સાધીએ એવી ભાવના સાથે આ મંગળમય તીર્થયાત્રા સમાપ્ત થાય છે.

હે જિનેન્દ્ર ભગવંતો! હે સિદ્ધભગવંતો! હે રત્નત્રયધારક સંતો!
આપના આત્મવૈભવને ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

હે તીર્થધામો, જિનાલયો, જિનબિંબો અને જિનવાણી દેવી!
આપને સૌને પણ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

હે પરમ કરુણાથી આત્મહિતના પંથે દોરનાર ગુરુદેવ!
આપના ચરણમાં ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

હે પરમ ઉપકારી વાત્સલ્યવંતા પૂજ્ય માતાઓ!
આપના ચરણોમાં પણ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

હે મારા સાધર્મી બન્ધુઓ! આ આનંદ પ્રસંગે
તમને સૌને પણ ઘણા વાત્સલ્યપૂર્વક યાદ કરું છું.

## જય હો જૈન શાસનનો.

## જય હો રત્નત્રય ધર્મનો.

## જય હો દેવગુરુતીર્થનો.

यदर्थमात्रा पदवाक्यहीनं मया प्रमादाद्यदि किंचनोक्तम् ।
तन्मे क्षमित्वा विदधातु देवी सरस्वती केवलबोधलब्धिम् ॥
बोधिः समाधिः परिणामशुद्धिः स्वात्मोपलब्धिः शिवसौख्यसिद्धिः ।
चिन्तामणिं चिन्तित वस्तदाने त्वां वंद्यमानस्य ममास्तु देवी ॥





# 卐 શાશ્વત તીર્થ શ્રી સમ્મેદશિખર સિદ્ધિધામ 卐

## ( પચ્ચીસ ટૂંકની માહિતી )

| ટૂંકનું નામ | કયા ભગવાનની ટૂંક | કેટલા મુનિઓ મોક્ષ પામ્યા | નિર્વાણકલ્યાણક |
|---|---|---|---|
| ૧. જ્ઞાનધર ટૂંક | કુંથુનાથ ભગવાન | ૯૬,૦૦૦૦૦૯૬૩૨૯૬૭૪૨ | વૈશાખ સુદ ૧ |
| ૨. ગણધર ટૂંક | ........ | ...... ... | ...... |
| ૩. મિત્રધર ટૂંક | નમિનાથ ભગવાન | ૯૦૦,૦૦૦૦૧૦૦૪૫૦૭૯૪૨ | ચૈત્ર વદ ૧૪ |
| ૪. નાટક ટૂંક | અરનાથ ભગવાન | ૯૯૯૯૯૯૯૯૯૯ | ચૈત્ર સુદ ૧૧ |
| ૫. સંબલ ટૂંક | મલ્લિનાથ ભગવાન | ૯૬૦૦૦૦૦૦૦ | ફાગણ સુ. ૫ |
| ૬. સંકૂલ ટૂંક | શ્રેયાંસનાથ ભગવાન | ૯૬,૦૦૦૦૦૯૬૯૬૦૯૫૪૨ | શ્રાવણ સુ. ૧૫ |
| ૭. સુપ્રભ ટૂંક | પુષ્પદંત ભગવાન | ૧,૦૦૦૦૦૦૦૯૯૦૭૪૮૦ | આસો સુદ ૮ |
| ૮. મોહન ટૂંક | પદ્મપ્રભ ભગવાન | ૯૯૮૭૪૩૭૨૭ | માહ વદ ૪ |
| ૯. નિર્જર ટૂંક | મુનિસુવ્રત ભગવાન | ૯૯.૦૦૦૦૦૯૭૦૯૦૦૯૯૯ | માહ વદ ૧૨ |
| ૧૦. લલિત ટૂંક | ચંદ્રપ્રભ ભગવાન | ૯૮૪૭૨૮૦૮૪૫૯૫ | ફાગણ સુ. ૭ |
| ૧૧. ઋષભદેવ ટૂંક | ઋષભદેવ ભગવાન | (કૈલાસગિરિથી) ૧૦૦૦૦ | પોષ વદ ૧૪ |
| ૧૨. વિદ્યુતવર ટૂંક | શીતલનાથ ભગવાન | ૧૮,૦૦૦૦૦૪૨૩૨૪૨૯૦૫ | આસો સુદ ૮ |
| ૧૩. સ્વયંભૂ ટૂંક | અનંતનાથ ભગવાન | ૯૬,૦૦૦૦૦૭૦૭૦૭૦૭૦૦ | ફાગણ વદ ૪ |
| ૧૪. ધવલ ટૂંક | સંભવનાથ ભગવાન | ૯,૦૦૦૦૦૦૦૦૭૨૪૨૫૦૦ | ચૈત્ર સુદ ૬ |
| ૧૫. વાસુપૂજ્ય ટૂંક | વાસુપૂજ્ય ભગવાન | (ચંપાપુરીથી) ૧૦૦૦ | ભાદરવા સુદ ૧૪ |
| ૧૬. આનંદ ટૂંક | અભિનંદન ભગવાન | ૭૨,૦૦૦૦૦૭૦૭૦૪૨૭૦૦ | વૈશાખ સુદ ૬ |
| ૧૭. સુદત્તવર ટૂંક | ધર્મનાથ ભગવાન | ૨૯,૦૦૦૦૦૧૯૦૯૦૯૭૯૫ | જેઠ સુદ ૪ |
| ૧૮. અવિચલ ટૂંક | સુમતિનાથ ભગવાન | ૧,૦૦૦૦૦૮૪૭૨૮૧૭૦૦ | ચૈત્ર સુદ ૧૧ |
| ૧૯. કુંદપ્રભ ટૂંક | શાંતિનાથ ભગવાન | ૯,૦૦૦૦૦૦૦૦૯૦૯૯૯૯ | વૈશાખ વદ ૧૪ |
| ૨૦. મહાવીર ટૂંક | મહાવીર ભગવાન | (પાવાપુરીથી) ૨૬ | આસો વદ ૧૪ |
| ૨૧. પ્રભાસ ટૂંક | સુપાર્શ્વનાથ ભગવાન | ૪૯,૦૦૦૦૦૮૪૭૨૦૭૭૪૨ | માહ વદ ૭ |
| ૨૨. સુવીર ટૂંક | વિમલનાથ ભગવાન | ૭૦,૦૦૦૦૦૦૦૬૦૦૬૭૪૨ | જેઠ વદ ૮ |
| ૨૩. સિદ્ધવર ટૂંક | અજિતનાથ ભગવાન | ૧,૮૦૫૪૦૦૦૦૦ | ચૈત્ર સુદ ૫ |
| ૨૪. નમિનાથ ટૂંક | નેમિનાથ ભગવાન | (ગીરનારગિરિથી) ૭૨૦૦૦૦૭૦૦ | અષાડ સુદ ૭ |
| ૨૫. સુવર્ણભદ્ર ટૂંક | પાર્શ્વનાથ ભગવાન | ૮૨૮૪૪૫૭૪૨ | શ્રાવણ સુદ ૭ |

( આ ટૂંકો સંબંધી માહિતીમાં કોઈ કોઇ પ્રતો વચ્ચે ફેરફાર દેખાય છે. તે સંબંધી વિશેષ શોધખોળ થઇ શકી નથી. )

# સ્વા....ગ....ત....ગી....ત

[ વૈશાખ સુદ છઠ્ઠે ગુરુદેવ યાત્રા કરીને સોનગઢ પધાર્યા તે પ્રસંગે બેનશ્રી-બેને ગવડાવેલું ]

ધન્ય મંગળ દિન ઉગીઓ રે લાલ....
ગુરુજી પધાર્યા સુવર્ણધામ જો...પરમ પ્રભાવી નાથ પધારીયા રે લાલ.

ગુણો ગહન ગુરુદેવના રે લાલ....
અદ્વિતીય અવતાર ગુરુદેવ જો...ગુરુજીની જોડ જગે નહિ જડે રે લાલ...

ભારતખંડમાં વિચર્યા રે લાલ...
ઐતિહાસિક યાત્રા અદ્ભુત જો....હોંસે વધાવું ગુરુદેવને રે લાલ...

જ્ઞાન આનંદને સેવતા રે લાલ....
પરમપ્રભાવે જયવિજય થાય જો....ગુરુજીની જોડ જગે નહિ જડે રે લાલ...
જેના સેવનથી જયવિજય થાય જો....ધન્ય મંગલ દિન ઉગીઓ રે લાલ....

પાવન યાત્રાએ ગુરુ સંચર્યા રે લાલ...
પાવન કર્યા હિંદુસ્તાન જો....પાવન ગુરુની મહિમા શું કહું રે લાલ...

ભવ્યોના ટોળાએ ગુરુ વધાવીયા રે લાલ...
એના પગલેપગલે પુષ્પના વરસાદ જો...મોંઘેરી યાત્રા ગુરુદેવની રે લાલ....

સંઘસહિત ગુરુજી ચાલીયા રે લાલ....
સેવકને દેખાડ્યા તીર્થધામ જો...ધન્ય મંગળદિન ઉગીયો રે લાલ...

સમ્મેદશિખરના (શાશ્વતધામના) દર્શન કર્યા રે લાલ...
ભાવેથી ભેટ્યા ભગવાન જો....ધન્ય મંગળદિન ઉગીયો રે લાલ....

સિદ્ધપ્રભુનાં દર્શન કર્યા રે લાલ...
પામવાને સિદ્ધસ્વરૂપ જો...ધન્ય મંગળદિન ઉગીયો રે લાલ...

તીર્થંકરદેવના દર્શન કર્યા રે લાલ...
સાક્ષાત્ ભેટ્યા ભગવાન જો...આજ પધાર્યા સુવર્ણધામમાં રે લાલ...

પાવાપુરી રાજગૃહી રળિયામણા રે લાલ....
અયોધ્યા શાશ્વત ધામ જો....ધન્ય મંગળદિન ઉગીયો રે લાલ....

અનેક તીર્થના દર્શન કર્યા રે લાલ...
અનેક નગરમાં વધાઇ જો...આદર્શ કાર્ય ગુરુદેવના રે લાલ...

જય-વિજય ગુરુદેવનો રે લાલ...
જીવોના જુથ ઉભરાય જો....ધન્ય મંગળદિન ઉગીયો રે લાલ

પાવન ગુરુજી આજ પધારીયા રે લાલ....
પાવન કર્યું છે (આ) મારું ધામ જો...સોનેરી સૂર્ય સુવર્ણધામમાં રે લાલ....

શા શા સ્વાગત કરું તાહરા રે લાલ...
મારું હૈડું આનંદથી ઉભરાય જો...ધન્ય મંગળદિન ઉગીયો રે લાલ....

મીઠા સ્મરણો યાત્રા તણા રે લાલ....
મીઠા જીવનના પ્રસંગ જો....ગુરુજીની જોડ જગે નહિ જડે રે લાલ....

નિત્યે ગુરુજીની ચરણ સેવના રે લાલ....
નિત્યે હોજો ગુરુજીનો સાથ જો...આજે પધાર્યા સુવર્ણધામમાં રે લાલ....

## રા....જ....ગૃ....હી

આશ ધરીને અમે સુવર્ણપુરીથી આવ્યા જાત્રાને કાજ રે....ધન્ય દિન આજે ઊગ્યો રે....

સદ્‌ગુરુદેવના પરમ પ્રતાપથી જાત્રા અપૂર્વ થઇ આજ રે...ધન્ય દિન...

અપૂર્વ કરુણાધારી અમોને જાત્રા કરાવી રૂડી આજ રે....ધન્ય દિન...

રાજગૃહીમાં પ્રભુ વિચર્યા આજે વિચરે છે સાધકસંત રે....ધન્ય દિન....

શ્રી ગુરુ-સંતના ચરણકમળથી ભૂમિ આજે હરખાય રે...ધન્ય દિન...

ધન્ય સીમંધર ધન્ય કુંદકુંદપ્રભુ ધન્ય શ્રી કહાનગુરુરાજ રે....ધન્ય દિન....

ધન્ય સમોસરણ ધન્ય રાજગૃહી ધન્ય સભા નરનાર રે....વીર વાણી અહીં છૂટી રે...

# તીર્થયાત્રા માટે ગુરુદેવનો મંગલ વિહાર

[ કારતક સુદ ૧૪ના રોજ પૂ. બેનશ્રીબેને ગવડાવેલું ભાવભીનું ગીત ]

ભરત ભૂમિમાં સોના સૂરજ ઊગીયો...રે ..જિનજી . ભારત આંગણે પધારે સદ્‌ગુરુદેવ....
આજે દૈવી વાજાં વાગીયા રે...જિનજી !....
સમ્મેદાચલ ઉત્તમ તીર્થરાજ છે રે....તેને ભેટવા જાયે ઉત્તમ ગુરુરાજ....આજે....
હિંદુસ્તાનમાં મંગળ યાત્રા થાય છે રે....મોંઘેરા મારે સદ્‌ગુરુદેવના વિહાર....આજે....
હિંદુસ્તાનમાં પાવન પગલા ગુરુદેવના રે...હિંદ જીવોનાં જાગ્યા સુલટા (મહા)ભાગ્ય....આજે...
ગુરુદેવના વિહારે ભારત નાચશે રે....આવ્યો આવ્યો અદ્‌ભુત યોગીરાજ....આજે....
અનુપમ મૂર્તિ સાક્ષાત્ ગુરુદેવ છે રે....અનુપમ કાર્યો કરે જીવન માંહી....આજે....
ભારત આંગણુ-આંગણુ તોરણો બંધાય છે રે....ભવ્ય જીવોનાં વૃંદો ઊછળી જાય....આજે...
શાશ્વત તીર્થ દર્શને ગુરુ સંચરે રે...એને હૈડામાંહી ઘણી છે હામ....મારે દૈવી....આજે...
ગુરુજીનો સાથ મળવો બહુ દોહીલો રે....મહાભાગ્યે મળ્યો ગુરુજીનો સાથ...આજે
તીર્થયાત્રા ગુરુજી સંગે થશે રે....સેવકોના જન્મ સફળ થાય ... આજે ...
કુમકુમ પગલે ગુરુજી પધારતા રે....આકાશે બહુ દેવદુંદુભી નાદ....આજે...
મંગલકારી ચંદનથી ગુરુચરણો પૂજું રે....હીરલેથી વધાવું ગુરુદેવ....આજે...
દેશોદેશના સજ્જનો ગુરુજીને પૂજશે રે....ભક્તિભાવે સ્વાગત રૂડા થાય....આજે....
ગુરુદેવની ન્યાયવાણી અમર તપો રે....જૈન શાસનમાં વર્તો જય જયકાર...આજે...
વીતરાગી માર્ગ ગુરુજી મારા સ્થાપતા રે...ગુરુદેવનો વર્તો જય જયકાર...આજે....
શાશ્વતયાત્રા શાશ્વત તીરથરાજની રે...શાશ્વત હોજો ગુરુદેવનો સાથ....આજે....

## અ યો ધ્યા

આવો આવો ને સુરનર વૃંદ હરખે આવો રે,
અહીં જન્મ્યા ત્રિભુવનનાથ અયોધ્યાનગરે રે....
નગરી અયોધ્યા ધામ અતિ અતિ સોહે રે,
એની શોભા વરણી ન જાય મનડું મોહે રે....
ત્રણકાળના ત્રિભુવનનાથ અયોધ્યા જન્મે રે,
અનાદિ અનંત (એ) તીર્થધામ કહીએ શું વચણે રે...

જન્મકલ્યાણક અનંતા થાય અયોધ્યા નગરે રે,
એ શાશ્વત છે તીર્થધામ અંતર ઉછળે રે...
અહીં નાભીરાયના નંદ તીર્થંકર બિરાજતા રે,
ઋષભ અજિત સુમતિ અનંત જિણંદ અયોધ્યા જન્મ્યા રે....
આ ભૂમિમાં વિચર્યા જિનદેવ કેલિ કરતા રે....
એ દૃશ્ય અહો અદ્ભુત પાવનકારી રે....
(અનાદિ અનંત પાવનધામ કલ્યાણકારી રે...)
ધન્ય ભૂમિ ધન્ય આ ધામ ધન્ય આ ધૂળને રે....
પુનિત પગલાથી પાવનધામ મંગળકારી રે....
દેવ દેવેન્દ્રોના વૃંદ અહીંયા ઉતરે રે....
જન્મકલ્યાણક ફરી ફરી થાય....અયોધ્યાનગરે રે....
ધન્ય ભાગ્ય અમારા આજ ગુરુવર સંગે રે,
આ શાશ્વત યાત્રા થાય ગુરુજી પ્રતાપે રે....આવો....

## સમ્મેદ શિખર

આજ પધાર્યા આજ પધાર્યા શ્રી ગુરુવરજી આજ પધાર્યા....
આજ પધાર્યા આજ પધાર્યા તીર્થયાત્રા આજ પધાર્યા....
આજ પધાર્યા આજ પધાર્યા....સંમેદાચલ ગુરુ આજ પધાર્યા....
ભક્તજનોના ભાવ પૂરાયા....સંમેદાચલ ગુરુ આજ પધાર્યા....
કુમકુમ પગલે નાથ પધારે, યાત્રા દિને મંગલ થાયે,
ભક્તજનો જયકાર ગાવે....શ્રી ગુરુવરજી આજ પધાર્યા....
શ્રી ગુરુજીએ તીર્થ બતાવ્યા, સિદ્ધિકેરા ધામ બતાવ્યા,
અપૂર્વ યાત્રા ગુરુવર સાથે....સમેદાચલ ગુરુ આજ પધાર્યા....
સમેદાચલ ગિરિ નયણે દેખ્યા, જિનવર પ્રભુના ધામ નીરખ્યા,
સુવર્ણ દિન આજે ઉગ્યા....સંમેદાચલ ગુરુ આજ પધાર્યા....
દેવ દુદુંભી વાજિંત્ર વાગે, શ્રી જિનવરનો મહિમા ગાજે,
દિવ્ય ગંધોદક અમૃત વરસે....સંમેદાચલ ગુરુ આજ પધાર્યા ..
સોના સૂરજ આજે ઉગે તીર્થયાત્રા ગુરુજી પધારે,
સેવકજનના મન હરખાયે...સંમેદાચલ ગુરુ આજે પધાર્યા....

# ચલો....શિખરજી ધામમેં....

હિલમિલકર સબ ભક્તો ચાલો....સમ્મેદશિખર જિનધામમેં....
સમ્મેદશિખર જિનધામમેં..સમ્મેદશિખર જિનધામમેં..ગુરુવરજી કે સાથમેં૦
હિલમિલકર સબ ભક્તો ચાલો સમ્મેદશિખર જિનધામ મેં—

સમ્મેદશિખર કી શોભા ન્યારી, મધુવન છે બહુ મનોહારી,
ઉન્નત શિખર ગગનવિહારી, વનવૃક્ષોં કી ઘટા નીરાળી....
સમ્મેદશિખર જિનધામમેં....હિલમિલ૦


શાશ્વત અકૃત્રિમ તીર્થ સોહંતા, નિર્વાણભૂમિ અનાદિ અનંતા,
અનંતમુનીશ્વરે ધ્યાન લગાયા, અનંત તીર્થંકર મુક્તિ પાયા,
જય પાવન સિદ્ધિ ધામ હૈ (પાવન પાવન ધામ હૈ) હિલમિલ.

ધન્ય દિવસ ધન્ય ભાગ્ય હમારા, આજ અપૂર્વ અવસર આયા,
ગુરુવર સમ્મેદશિખરજી પધાર્યા, ભરતખંડના ભાગ્ય જ જાગ્યા,
હિંદુસ્તાનના ભાગ્ય જ જાગ્યા....જયજય હો ગુરુ કહાનની....હિલમિલ.
ગુરુવર સાથે યાત્રા કરતાં, હર્ષ થાયે અપરંપારા....
જય જય હો ગુરુવર ભગવંતા, નિશદીન હો ગુરુવર કા શરણા,
એ જ અરજ ગુરુદેવને,—એ જ અરજ ભગવંતને....હિલમિલ.



સ મા પ્ત





"श्रेयोमार्गस्य संसिद्धि प्रसादात् परमेष्ठिनाम् ।
संस्मरणो वयं तेषां प्रणमामो मुहुर्मुहुः ॥"





આનંદ પ્રી. પ્રેસ, સ્ટેશન રોડ, ભાવનગર